

# કબીર વિશેષ

સંપાદન

ગોવિંદ ભક્ત

Bhakta.com




RamkabirBhajans.org

# કબીર વિશેષ

સંપાદન
ગોવિંદ ભક્ત

પ્રકાશક
શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ
૪/૪૪૪૬, ખાંગડ શેરી
બેગમપુરા, સુરત ૩૯૫ ૦૦૩

KABIR VISHESH
Articles on Kabir Saheb compiled by Govind Bhakta
Published Shri Ramkabir Mandir Trust, Surat
2007

© સંપાદનનાં ગોવિંદ ભક્ત, ૨૦૦૭

પ્રથમ આવૃત્તિ : મે, ૨૦૦૭

આ સાહિત્યના ચિંતનથી, વળગણોથી દૂર રહેવાની અલગારી વૃત્તિ મળે છે, જડતા દૂર થઈ વિવેક-બુદ્ધિનો વિકાસ થાય છે, અનમોલ જિંદગીને વેડફી મારતા અટકાવે છે. એથી જ આ મૂલ્યવાન વારસો આપણને તેમજ ભાવી પેઢીને ઉપયોગી થઈ પડે તે માટે સચવાયેલો અને હાથવગો રહે તેવી શુભ ભાવના સહ આપના કરકમળમાં

**સાદર, સવિનય, સપ્રેમ**

**સમર્પિત...**

**પ્રકાશક**
શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ
૪/૪૪૪૬, ખાંગડ શેરી,
બેગમપુરા, સુરત ૩૯૫૦૦૩

**મુદ્રક**
પ્રવીણ પ્રિન્ટરી
ખાનપુર, અમદાવાદ

# અ
# ર્પ
# ણ

ખેતી અને ગૌ-ભેંસોના પશુપાલનના ધંધામાં સખત મજૂરીનાં વૈતરાં કરી, શ્રી રામ-કબીરના મંત્રને જીવનમાં ઉતારી સ્વધર્મને નિષ્ઠાપૂર્વક નિભાવી, જેમને પેન-પાટીનો લાભ મળ્યો નથી છતાં સંસ્કાર-સંપત્તિ આપી આપણને જીવનનો માર્ગ બતાવ્યો છે અને આજની કક્ષાએ મૂકી ઊજળા બનાવ્યા છે તેવા આપણા વંદનીય પૂર્વજોને અને કબીરપ્રેમી સર્વ **સાધો**ને સદ્‌ભાવના સાથે સમર્પણ.

**શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ, સુરત**
પ્રમુખશ્રી/ટ્રસ્ટીશ્રીઓ

## એક નોંધ...........

## આભારની........

"ઝાઝા હાથ રળિયામણાં" જે કાર્ય કરવામાં વધારે ને વધારે વ્યક્તિઓ રસ લે અને વધારે માણસોના સહકારથી કામ થાય તે રૂડું જ થાય, સારું થાય અને ફળદાયી બની રહે. આ "કબીર વિશેષ" પુસ્તક પણ એવા જ પ્રકારની પ્રવૃત્તિ છે. આ પ્રવૃત્તિમાં જેમનો સહયોગ સાંપડ્યો છે તેવાં શ્રી રામકબીર ભક્ત સમાજ ઑફ યુ.એસ.એ.ના પ્રમુખશ્રી ભાસ્કરભાઈ, ઉપપ્રમુખશ્રી દીનુભાઈ અને ટ્રસ્ટીશ્રીઓ અને તેમની શાખાઓના પ્રમુખશ્રી, ટ્રસ્ટીઓ તથા કારોબારી સભ્યોનો જેમણે અમને આ પુસ્તક પ્રકાશનમાં સહાયરૂપ થવાની તક આપી તે બદલ આભાર.

**પ્રકાશક** : શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ સુરતના પ્રમુખશ્રી કરશનભાઈ, ઉપપ્રમુખ શ્રી હસુભાઈ, ટ્રસ્ટીશ્રીઓ, મંત્રી તથા કારોબારીના સભ્યોનો જેમણે અમને આ પુસ્તક પ્રકાશનમાં સહાયરૂપ થઈ પુસ્તક પ્રકટ કરવાની તક આપી તે બદલ આભાર.

આપણા વિદ્વાન લેખકો કે જેમણે કબીર સાહિત્યની અણમોલ-અમૂલ્ય સેવા કરી છે અને જેમના લેખોને આ પુસ્તકમાં સમાવવા હું ભાગ્યશાળી થયો છું તેવા દેશ-વિદેશના વંદનીય કબીર સાહિત્યકાર લેખકોનો હાર્દિક આભાર...

છેલ્લાં ૩૧ વર્ષથી અવિરત "કબીરવાણી" પ્રકાશનમાં તેમજ "ભક્તવાણી" યુ.એસ.એ.માં સેવા આપી ચૂકેલા તંત્રીશ્રીઓ તેમ જ હાલમાં સેવા આપી રહેલા તંત્રીશ્રીઓ, સહતંત્રી, કન્વિનરશ્રી, સંચાલક સમિતિ-સભ્યોને અભિનંદન. ઓરણા હાઈસ્કૂલના નિવૃત્ત આચાર્યશ્રી દલપતભાઈ મિસ્ત્રીનો હાર્દિક આભાર. આ પુસ્તકમાં ભૂલ સુધારક તરીકે તેમણે પ્રશંસનીય સેવા આપી છે.

આ પુસ્તક કબીરવાણીના પૂર્વતંત્રી શ્રી પંકજભાઈ ભક્ત મલેકપોર/રૂપવાડા (દેવનગર)ની મદદ દ્વારા સુંદર રીતે પ્રગટ થઈ શક્યું છે.

પ્રિન્ટર્સ, શ્રી ચિંતનભાઈ : આર. આર. શેઠની કંપની, અમદાવાદ. આભાર.

હરહંમેશ જેની સેવા મળતી રહી છે તેવા વડીલ મિત્ર શ્રી વલ્લભભાઈ છો. ભક્ત અને ગુંજનના પ્રકાશક-તંત્રી શ્રી આનંદરાવ લિંગાયત, તેમજ કૉમ્પ્યુટર મદદ જેમની મળતી રહી છે તેવા શ્રી નરેશ ડી. ભક્ત અને કબીરસાહેબના ભજનોના પ્રેરક શ્રી ભીખુભાઈ ડી. ભક્તનો પણ આભારી છું.

ઘરના સદસ્યો, અડધું નહિ મોટા ભાગનું કામ જેને શીરે છે તે પત્ની સુમતિ અને બાળકો શૈલેષ, જયશ્રી, અમીત, ટીના, આનંદ, પૌત્રો જય, શીવ તેમજ ઘરના કુટુંબીજનોનો ઘણો સહારો મળી રહે છે.

નામી-અનામી સર્વે શુભેચ્છકોનો આભાર.

— ગોવિંદભાઈ ભક્ત

॥ રામ ॥

## આશીર્વચન

કબીરસાહેબ અખંડ ભારત અને સમગ્ર આધ્યાત્મિક એકતાના પ્રતીક છે. કબીરસાહેબ હતા એમ હું એટલા માટે નથી કહેતો કારણ કે કબીરસાહેબ પોતાનાં દર્શનથી સહજ અને સરળ વ્યક્તિત્વથી સદૈવ સમાજમાં અમર છે. મારી દૃષ્ટિએ કબીરસાહેબ એક ક્રાંતિકારી યુગપુરુષ છે. રબર સ્ટેમ્પના અક્ષરો અવળા હોય પણ એને છાપતા બધું સવળું બને એમ કબીરસાહેબની વાણી ઊલટી છે, પણ એને હૃદયમાં છાપવામાં આવે તો એ સૂલટી બનીને મોક્ષનું દ્વાર ખોલે છે. કલિયુગના જીવોને સરળ અને સહજ મહત્ત્વની વાતો એઓ કહે છે :

> *"કબીર કહે કમાલ કો દો બાતા સીખ લે*
> *કર સાહેબ કી બંદગી, ભૂખે કો કુછ દે."*

કેટલી મોટી વૈશ્વિક વાત કરી છે ! એવા પરમ સંત ભક્ત પ્રવર્તક કબીરસાહેબને મારા વંદન.

રામ સ્મરણ સાથે.

તા. ૨-૨-૨૦૦૬

(પૂ. મોરારિ બાપુ)

# પરમ પૂજ્ય મા સર્વેશ્વરીનો સંદેશ

સદ્‌ગુરુ, કુળગુરુ શ્રી કબીરસાહેબના ઉપદેશનું દર્પણ બનવાના પ્રયત્નો આપણા પૂર્વજો કરતા આવ્યાં. એને લીધે હજી આજે પણ આ પરંપરા ચાલુ છે એ આપણું સદ્‌ભાગ્ય છે.

શ્રી રામકબીર ભક્ત સમાજ સર્વ ધર્મ સમન્વયનો સંદેશો આપે છે. જેમ નદી સૌની તેમ શ્રી કબીરસાહેબ પણ સૌના છે. એમના જ્ઞાનામૃતના સૌ કોઈ અધિકારી છે, જે પામે તે પરિતૃપ્તિ પામે છે.

*"કબીર યા સંસાર મેં પાંચ રતન હૈ સાર,*
*સાધુમિલન, અટ્ઠ, હરિભજન, દયા, દીન, ઉપકાર."*

શ્રી ગુરુ ભગવંતે પાંચ રત્નોનું દર્શન કરાવ્યું તે બધા જ રત્નો આપણા સમાજને કબીરસાહેબની શાખી, શબ્દ, રમૈની વાણીમાંથી મળી રહે છે. ભક્ત સમાજનાં લગ્ન, મૃત્યુ અને વાર તહેવારોએ શ્રીરામ, શ્રીકૃષ્ણ, કબીરસાહેબ, નરસિંહ વગેરેનાં ભજનો ગવાય છે. આ વિશેષતા સાચે જ વંદનીય છે. આબાલ- વૃદ્ધ સૌના હૃદયમાં ગુંજતી કબીરસાહેબની સાખી :

*"કબીર કહે, કમાલ કો દો બાતા શીખ લે,*
*કર સાહેબ કી બંદગી, ભૂખે કો કુછ દે."*

અહીં હરિ સ્મરણનો મહિમા સાથે ત્યાગ અને દયાની મહત્ત્વની ભાવના રહેલી છે, જે આપણી ગળથૂથીમાં જ છે. વળી સાહેબ કહે છે :

*"નહીં અહંતા આ નિયે હરિ સિંહાસન દેય,*
*જો દિલ રાખે દીનતા, તો સાઈ નીજ કર લેય"*

કોઈને દુઃખ થાય કે કોઈનું સ્વમાન હણાય એવું વર્તન ભક્તજનમાં ક્યાંયે જોવા ન મળે. 'રામકબીર' બોલી પોતાના સાચા-ખોટા વર્તન માટે નમ્રતાપૂર્વક માફી માગી લે. 'આધે મેં સે આધ' કરી જીવી જાણનાર ભક્તજનોના પૂર્વજોના સંસ્કારને હજી પણ આપણો ભક્ત સમાજ જાળવી શક્યો છે.

નિઃસ્વાર્થ, પરોપકાર ભરેલી અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા જનહિતના મંગલ કાર્યો, વ્યક્તિગત કે સામૂહિક રીતે આપણા સમાજમાં થતા જ રહ્યા છે. માનવ મનને શાંતિ મળે, સંતોષ, આનંદ, પ્રસન્નતા, હળવાશ મળે એવી અનેકવિધ પ્રવૃત્તિઓ આપણામાં થતી આવી છે. એ પરોપકારની પવિત્ર પરબડી અસંખ્ય માનવોને પરિતૃપ્ત કરે છે.

શ્રી ગોવિંદભાઈ કબીરસાહેબની વાણીનો, વિવિધ નામાંકિત, અનામી લેખકો, સાહિત્યકારો, બૌદ્ધિકો, સંતો અને સામાન્ય ઉપાસકો દ્વારા લખાયેલા લેખોને વીણી લઈ સમાજને પુસ્તક દ્વારા પીરસી રહ્યા છે. જિજ્ઞાસુઓને 'સાહેબ'ની અમૃતવાણીમાંથી તૃપ્તિ મળી રહો.

સૌનું કલ્યાણ થાઓ.

# ભૂમિકા

**પ્રા. ડૉ. અશ્વિન દેસાઈ**
સુરત.

છેલ્લા ચાર સાડા ચાર દાયકાથી જીવન જીવતાં જીવતાં જીવનને સમજવાની રૂપે સાહિત્યની આંગળી ઝાલી. એક અધ્યાપક અને અદના લેખક તરીકે સાહિત્યના આસ્વાદ અનુશીલનથી જીવનને સમજવા-સમજાવવાના પ્રયત્નો રહ્યા.

સાહિત્ય અને જીવન પરસ્પર સંલગ્ન છે, એ જ રીતે સાહિત્ય અને સમાજ પણ સાહિત્ય અને સમાજ-જીવનને પરસ્પરનાં સંદર્ભે વધુ સારી રીતે સમજી શકાય. એટલી સમજણ સાથે ગુજરાતી ભાષી પ્રજાના વિવિધ સમાજો કે જૂથો સાથે યથાશક્તિ મતિ કેળવણી ને સંસ્કાર સંસ્કૃતિ જતન સંવર્ધન કરવાના પ્રયત્નો કર્યા.

મારા આ સ્વાધ્યાયના અધ્યાયના અનેક તારણો છે. એમાંનું પહેલું તારણ એ છે કે શ્રી રામકબીર ભક્ત સમાજ એક સુગ્રથિત સમાજ છે. એની ગૂંથણીમાં કબીરસાહેબ પ્રત્યેની ભક્તિનાં તાણાવાણા છે. જે વ્યક્તિ, જે સમાજ કે જે પ્રજાને કોઈ એક ધારક બળ મળી રહે તો તે કાળની સામે ટકી શકે છે. ભક્ત સમાજનાં ભક્ત ભાઈ-બહેનોને માટે કબીર સાહિત્ય અને કબીર ભક્તિ કરોડરજ્જુરૂપ ધારક બળ બની રહ્યું છે. આ ધારક બળ પ્રત્યેની ભક્તિનાં કારણો બાર-પંદર દેશમાં વિસ્તરેલો ભક્ત સમાજ ગૂંથાયેલો રહ્યો છે.

સૃષ્ટિમાં જળ હોય ને તે પ્રસરતું રહે તો જીવ અને વનસ્પતિ ટકી શકે. દેહમાં રક્ત ભ્રમણ હોય તો તે દેહ જીવંત રહે. બરાબર આ જ રીતે, જે સમાજ કે પ્રજાજૂથમાં પોતાનાં ધારક બળ એવી વિચારસરણી પ્રચાર-પ્રસાર પામતી રહે તો એ સમાજ જીવંત રહી શકે. ભક્ત સમાજનાં ભાઈ-બહેનોને 'કબીરવાણી' (સામયિક) જીવંતતા પ્રદાન કરતું રહ્યું છે.

ભક્ત સમાજના એક અગ્રણી સંશોધક અને ભૂતપૂર્વ પ્રાધ્યાપક શ્રી ગોવિંદભાઈ ભક્ત કબીરસાહેબ વિશેના દેશી અને પરદેશી વિદ્વાનો દ્વારા લખાયેલા લેખોનું સંપાદન કરી આ ગ્રંથ ભક્ત સમાજનાં ચરણે ધરી રહ્યા છે. આ ગ્રંથ પૂર્વે એમણે વિદેશમાં વસતાં ભક્ત ભાઈ-બહેનો વિશેનું પોતાનું યશસ્વી સંશોધન તો રજૂ કરેલું છે. આ ગ્રંથના આયોજન સંપાદન પાછળ શ્રી ગોવિંદભાઈ ભક્ત (તથા એમના કુટુંબીજનો અને મિત્રો)ની સૂઝ, શ્રમ અને સમજ વ્યક્ત થાય છે.

આ ગ્રંથ પ્રકાશન માટે એ સૌ અભિનંદનના અધિકારી છે, ભક્ત સમાજના એક, વર્ષો જૂના મિત્ર તરીકે શુભેચ્છા પાઠવું છું. ભક્ત સમાજ સાથેની મારી દાયકા જૂની આત્મીયતા મારે માટે એક જીવન-સંપદા છે.

આ સંચયમાં વડીલોની, ગુરુજનોની શુભાષિત વાણી છે. ગુજરાતના જાણીતા પ્રખ્યાત અલ્પખ્યાત લેખકોના લેખોનો સમાવેશ કરવામાં આવ્યો છે. કબીરસાહેબ વિશેના કેટલાંક અંગ્રેજી પુસ્તકોનો મિતાક્ષરી પરિચય પણ આપવામાં આવ્યો છે. આખો સંચય માત્ર ભક્તસમાજના કબીરસાહેબના અનુયાયીઓને જ નહિ પણ સામાન્ય સ્વરૂપની જિજ્ઞાસા સેવનારને પણ ઉપયોગી નીવડશે એવી શ્રદ્ધા સેવવી અસ્થાને નહિ લેખાય.

સાંપ્રત સમયમાં આપણે વૈભવનાં જાળામાં ગૂંચવાતા જઈએ છીએ. માનસિક તાણ અને વિસંવાદિતતાના ભોગ બનતા જઈએ છીએ. સામાજિક અને કૌટુંબિક માળખાને ખૂબ ઝડપથી બદલાતાં અનુભવી આઘાત પામતા જઈએ છીએ. અતિ ઝડપથી જીવવાની ફરજ પડે છે, ગળાકાપ સ્પર્ધાનો સામનો કરવો પડે છે. એક તરફ વિકસતાં જતાં વિશ્વ સાથે તાલ મિલાવવાની ફરજ પડી રહી છે તો બીજી બાજુ આપણા સાંસ્કૃતિક વારસાને અને ગુજરાતી પ્રજા તરીકેનાં કૌટુંબિક સામાજિક જીવનને એટલું તો બદલાતું અનુભવીએ છીએ, આપણી ઓળખ ઝાંખી પડી જવાનો સૂક્ષ્મ સ્વરૂપનો ભય લાગે છે. આ સમય સંદર્ભમાં શ્રી કબીરસાહેબ વિશેના વિવિધ વિદ્વાનોનાં આ સંચયનું વાચન અનુશીલન આપણી આંતરિક આસ્થાનું જતન સંવર્ધન કરી રહે તેમ છે. આ સંચય સંપાદન પુરુષાર્થ દાખવનાર શ્રી ગોવિંદભાઈ ભક્ત, એમના કુટુંબીજનો અને એમના સમગ્ર સહાયક મિત્રવર્તુળને, ભક્ત સમાજના કર્તાહર્તા સૌ વડીલોને વંદન સાથે અભિનંદન પાઠવું છું.

# આર્ષ દ્રષ્ટા કબીર

કબીરસાહેબે છસો વર્ષ પહેલાં જે ધાર્મિક સહિષ્ણુતાની ક્રાંતિ કરેલી તે વિચારધારાની આજે વૈશ્વિક સ્તરે તાતી જરૂરિયાત છે. ભારતમાં જ નહિ બલ્કે વિશ્વમાં પણ કબીરના વિદ્વાન અભ્યાસીઓ પોતાના મનન, ચિંતન ને રસરુચિ મુજબ નિબંધો દ્વારા પ્રગટ કરતા હોય છે. કેટલાક અભ્યાસી વિદ્વાનોના કબીર વિષય આ લેખોને પુસ્તક દ્વારા પ્રકટ કરવાની પ્રેરણા શ્રી રામકબીર ભક્ત સમાજ ઑફ યુ.એસ.એ. અને શ્રી રામકબીર ભક્ત સમાજ ઑફ ભારતના ટ્રસ્ટીઓ તરફથી મળી. આ પુસ્તક તૈયાર કરવા પાછળ મુખ્ય દૃષ્ટિ તો વાચકોને કબીરસાહેબનું વિવિધ સભર ઉત્તમ સાહિત્ય સુલભ થાય એ રહી છે. આશા છે કે વિશાળ કબીર પ્રેમી વાચકવર્ગ આ પ્રકાશન શ્રેણીને આવકારશે.

અમેરિકન બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશનના એક સર્વેક્ષણ મુજબ યુ.એસ.એ.માં વસતા ૯૦ ટકા માણસો કોને કોઈ રીતે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ઈશ્વર અથવા 'God' કે ઈશ્વરી શક્તિ અથવા 'Some Thing' કે જેને તેઓ વાણીથી વર્ણવી શકતા નથી. 'તે' હોવું જોઈએ એમ માને છે અને તેમાં તેઓને શ્રદ્ધા છે. તેઓ માને છે કે 'તે' સારી રીતે જીવવામાં મદદ કરે છે. મારા મતે ભારતમાં ૯૫ ટકાથીએ વધારે આ જ પ્રકારની શ્રદ્ધામાં માનતા હોવા જોઈએ. મુખ્ય તફાવત એ છે કે આ ૯૫ ટકામાંના મોટાભાગનો સમુદાય કોઈક આકાર કે પ્રતિમા કે જેને તેઓ દેવ-દેવીઓ કહે છે, તેમાં તેઓ શ્રદ્ધા ધરાવે છે, તેની તેઓ પૂજા કરે છે અને તે રીતે તેમાં માને છે. જેને વિશ્વ આખું શોધી રહ્યું છે તેને આપણે પણ આ વિચાર વિનિમય દ્વારા લેખોથી આલેખવાનો પ્રયત્ન કરીએ. આપણે કબીરસાહેબને મધ્યમાં રાખી જગતની કેટલીક વિભૂતિઓના સંદર્ભ લઈ કબીરવાણીને સમજવાની કોશિશ કરીશું.

ગીઝનીના બાદશાહ શાહબુદ્દીન ઘોરીએ (૧૧૯૩ એ. ડી.) હિંદ ઉપર ચઢાઈ કરી ત્યારથી ઔરંગઝેબના (૧૭૦૭ એ.ડી.) મૃત્યુ સુધીના સમયમાં ૩૮ વિદેશી બાદશાહો હિંદ પર રાજ કરી ચૂક્યા છે. ગીઝની, ખીલજીએ મંદિરો તોડી મસ્જિદ બનાવડાવી, તૈમુર લંગની ડાયરીની નોંધ મુજબ તે બે કામ માટે હિંદ આવ્યો હતો. (૧) હિંદુ કાફરોને મુસ્લિમ બનાવવા અને (૨) ધનદોલત લૂંટી મુસલમાનોને રાજી કરવા. સિકંદર લોદીએ તો હિંદ ઉપર ભારે અત્યાચાર ગુજાર્યા હતા. હિંદુમાંથી મુસ્લિમમાં ધર્મ પરિવર્તન; ધાર્મિક, સામાજિક અને રાજકીય સત્તાનો આશરો લઈ હિંદુ પ્રજાને અનેક રીતે રંજાડી છે. ૩૦૦ વર્ષ પહેલાં જ દિલ્હી પર રાજ કરનાર ઔરંગઝેબે તો હિંદુ સંસ્કૃતિ, લલિત અને શિલ્પકળાનો નાશ, હિંદુઓ પર અનેક વેરા અને ધર્મ પરિવર્તન દ્વારા દેશને પારાવાર નુકસાન કર્યું છે.

કબીરસાહેબનું કાશીમાં ચૌદમી સદીના અંત (૧૩૯૮ એ.ડી.)માં પ્રાગટ્ય હોવાનો સમય ગણવામાં આવે છે, પંદરમી સદીના અંત કે સોળમી સદીના પ્રારંભને

સતલોક ગમનનો સમય ઉચિત માનવામાં આવે છે, ત્યક્તા વિધવા બ્રાહ્મણીની ગોદે જન્મ લઈ પાલક પિતા મુસ્લિમ વણકર નીમા, નીરૂની ઝૂંપડીમાં તેમનો ઉછેર થયો, જેમ ઈસુએ જોર્ડન રીવરમાં તેના કઝીન જોન પાસે બાપટાઇઝ વિધિ (ધાર્મિક) કરાવી હતી તેમ કબીરસાહેબે રામાનંદને ગુરુ બનાવી 'રામનામ' મંત્રની દીક્ષા લીધી હતી.

કબીરસાહેબે જન્મ ધારણ કર્યો ત્યારથી નિર્વાણ પર્યંત અનોખી ક્રાંતિ કરી છે. ભારતમાં જે જે યુગપુરુષો થયા છે, જેવા કે ભગવાન શ્રીકૃષ્ણ-પૂર્ણ સ્વરૂપે પુરુષોત્તમથી પૂજાય છે, શ્રી રામ મર્યાદા પુરુષોત્તમથી પૂજાય છે. મહાવીર, બુદ્ધ જેવા અવતારો કે જેમણે રાજા-મહારાજાને ત્યાં રાજકુંવરો તરીકે જન્મ લઈ અધર્મીઓનો-દુષ્ટોનો સંહાર કરી ધર્મને ફરી સંસ્થાપિત કરવાનો પ્રયત્ન કર્યો છે. કબીરસાહેબ આથી વિપરિત, મુસ્લિમ વણકર દંપતિને ત્યાં ઊછરી જીવંત પર્યંત શાળ ચલાવી પોતાનું ગુજરાન કર્યું, સાથે એમના દ્વારે આવેલ કોઈ પણ વ્યક્તિ ભોજન કર્યા વિના પાછો ફર્યો નથી. તદ્દન સાધારણ ગામઠી માણસ છે. તેમણે ભણતર અને અભણતાને, ધનવાન અને ગરીબને, ઝૂંપડી અને મહેલને, પંડિત બ્રાહ્મણ કે ચમાર માટે પરમતત્ત્વ એક સમાન છે. એ સૌ કોઈને માટે શક્ય છે એ સનાતન સત્ય પોતાના સ્વઅનુભવે વિશ્વને સિદ્ધ કરી બતાવ્યું.

> કબીરસાહેબે સહિષ્ણુતા, તીખાપણું, સમાજને વ્યંગાત્મક વિનોદ દ્વારા ચાબખા મારવાનું વિશેષ કૌશલ્ય પ્રેમ દ્વારા હસ્તગત કર્યું હતું. તેઓએ આલમ્બન માટે 'રામ' શબ્દ આપ્યો હતો, જેની ઉપાસના દશરથના રામે પણ કરી છે. કબીરવાણી ધર્મ અને સત્ય માટે વ્યક્તિએ તમામ પ્રકારની કૃત્રિમતા ત્યાગી સાચા અને સહજ થવાનું શીખવે છે. આ સત્ય દરેકના અંતરમાં પડેલું છે. જેનો પરિચય પ્રેમ-ભક્તિ અને ધ્યાનમાં થાય છે. નામસ્મરણ માત્ર સત્યને સહિષ્ણુ, કર્મઠ, અન્યને આપી શકે તેવો ઉદ્યમ કરનારો, પરમતત્ત્વ-પરમ જ્યોતિ-નિરાકાર-નિર્ગુણ રામ પ્રત્યે પ્રેમપૂર્વકનો ભક્તિભાવનો આરાધક છે.[1]

મધ્યયુગમાં ભારતના વિવિધ પ્રદેશોમાં ભક્તકવિઓ થઈ ગયા, જેમણે ભક્તિના ગુણગાન ગાયાં; ચૈતન્ય, મીરાંબાઈ, નરસિંહ મહેતા, નામદેવ, તુકારામ, અખો વગેરેએ એકત્વને મહત્ત્વ આપ્યું. આ સૌ ભક્તોમાં કબીર જુદી જ ભાત પાડે છે. એકત્વ તો ખરું જ પરંતુ વિવિધ દષ્ટિકોણથી જોતા કબીરનું વિરાટ વ્યક્તિત્વ અવર્ણીય છે. તેમ છતાં જુદા જુદા વિદ્વાનો, વિચારકો, સાધુ, સંતો, બૌદ્ધિકો, સાક્ષરો, નિરક્ષકો સૌએ પોતપોતાના ચિંતન મુજબ સાહેબને સમજવાનો પ્રયત્ન કર્યો છે અને તે પ્રમાણે તેમને રજૂ કર્યા છે.

> અતિ મુશ્કેલ છે કબીરને કોઈ એક ચોકઠામાં કે ખાનામાં બંધ બેસતા કહી બતાવવાનું. તેમને એક છેડે પકડવા જઈએ તો બીજા છેડે નીકળે એવું તેમનું અકળ-કવિ વ્યક્તિત્વ છે. કશું પરંપરા પ્રાપ્ત આંખો મીંચીને સ્વીકારવાનું

તેમનું વલણ નથી. કબીરના સમયમાં અનેક સંપ્રદાયો, આચાર્યો, જનસમુદાયની વિવેકશૂન્ય ભક્તિ, ચીલાચાલુ વિચાર પદ્ધતિ તે સમયે કબીરના ઉફટી વિચારો પ્રતીતિપૂર્વક, અનેક પ્રકારના અભિનિવેશથી પોતાની અલગ વિચારધારાનો પ્રચાર કરવો. આવું ગજું કબીરનું હતું. કબીર મનુષ્યનિષ્ઠ કવિ છે અને સ્વનિષ્ઠ વિચારક છે. નિખાલસ અને નિર્મળ છે. તેમની નિર્ભ્રાંતિ તેમને સો ટચની નિરપેક્ષતા સુધી લઈ જાય છે, જેથી સત્યને તેઓ પ્રતીતિના રણકા સાથે ઉચ્ચારી શકે છે. ધર્મ અને તેઓએ કરેલ જટાજાળ અને કહેવાતા ધર્મગુરુઓ તેમના પ્રહારોનું સતત લક્ષ બને છે. 'મુલ્લાં' અને 'પંડિત' તેમના વેધક લક્ષ બન્યા. તેમનો આક્રોશ જેટલો તીવ્ર તેટલો વાજબી પણ છે.[૨]

કબીરનું નામ સંત રત્નોમાં સમાજ સુધારક તરીકે મોખરે છે, કબીર ભક્ત-કવિ હોવા ઉપરાંત સફળ સાધક પણ હતા. સંત કબીરના જીવન ને કવન વિશે અનેક દંતકથાઓ વણાયેલી છે. એમનો ભૌતિક જન્મ ? માતા, પિતા, જાતિ, ઉછેર, લગ્ન, સંતાન, કમાલ, કમલી, પત્ની (લોઈ), ગુરૂ, જીવતદાન, સિકંદર અને કાજી શેખજી તેમજ હઠયોગી ગોરખ સાથેના અનેક ચમત્કારિક પ્રસંગો, મગહરમાં સત્‌લોક ગમન-ફૂલોની સમાધિ-કબર વગેરે અનેક મતમતાંતર અને દંતકથાઓ છે. જ્યાં વિરાટ છે ત્યાં અનેક રૂપ છે અને જ્યાં અનેકરૂપ છે ત્યાં અરૂપ છે. ઈસુ ખ્રિસ્તને માટે પણ આવી જ દંતકથા છે. અહીં સત્ય અને ઉપકારક લાગે તે બધું ગ્રાહ્ય, બાકીનું જેમનું છે તે ત્યાં ભલે રહ્યું.

નાતજાતના બંધનોનો ત્યાગ, પ્રખર વિચારક, ક્રાંતિકારી વિદ્વાન નિરક્ષર, મહાયોગી ભક્ત-કવિ, હિંદુ-મુસ્લિમ એકતાના પ્રખર હિમાયતી, પ્રેમ-કરુણાથી ભરપૂર કબીર તત્ત્વનાં પદો અનહદની પારના રહસ્યને, મનની ગહન અનુભૂતિને અને પાર લૌકિક તત્ત્વની ભીતર વસતા પરમરૂપને ઉદ્દેશી રચાયેલાં છે.

અહીં એક વાતની નોંધ લઈશું કે કબીરસાહેબ પ્રતીક કે મૂર્તિપૂજાના વિરોધી હતા કે નહીં ? એ મુદ્દો વિસ્તૃત ચર્ચા માંગી લે છે, તેમ છતાં ઇતિહાસ સાક્ષી પૂરે છે કે સર્વ રીતે તેઓ નિરપેક્ષ હતા. એમણે આડંબર અને ક્રિયાકાંડ, ધર્માંધતા અને આંધળી માન્યતાઓ અને તેનાથી સર્જાયેલા અનિષ્ટોને નાથવા કેટલીક વાતો તેમણે કીમોથેરાપીના રૂપમાં તેજાબી ભાષામાં લોકોને ઊંઘમાંથી જાગૃત કરવા કરી છે.

## સારગ્રાહી સંત શિરોમણિ કબીરસાહેબ :

નર્મદા કિનારે આવેલું શુક્લતીર્થમાં તત્ત્વા અને જીવા નામે બે ભાઈઓ રહેતા હતા. તેમનો એક નિયમ હતો કે જે સંતના ચરણ સ્પર્શથી તેમના આંગણામાં રોપેલી વડની સૂકી ડાળી જીવિત થાય તેમને તેઓ ગુરુ કરશે. કબીરસાહેબે સંવત ૧૪૬૫માં આ સ્થળની મુલાકાત લીધી અને બંને ભાઈઓને આશીર્વચન આપી આ ડાળી જીવંત કરી. આ ડાળીમાંથી આજે પણ ઘટાદાર એકરોમાં પથરાયેલો એ વડ તે કબીરવડ

આજે ભાવિકો માટે યાત્રાનું સ્થાન બન્યું છે.

જ્ઞાનીજી જેઓ તે સમયના દક્ષિણ ગુજરાતના સમર્થ વૈષ્ણવ આચાર્ય હતા, તેઓ આત્મતત્ત્વની ખોજમાં હતા. તેમણે કબીરસાહેબ સાથે સંત સમાગમ કરતા જે રામને તેઓ દશરથ પુત્રથી પૂજતા હતા તેમને તે જ 'રામ'ના પોતાનામાં અને ઘટઘટમાં દર્શન કરાવ્યાં. તેમણે કબીરસાહેબને ગુરુ બનાવતા કબીરસાહેબે વૈષ્ણવ અને કબીરપંથીઓનો વચલો માર્ગ બતાવી જ્ઞાનીજીને 'રામકબીર'નો મંત્ર આપ્યો. જે વૈષ્ણવો જ્ઞાનીજીના આ મંત્રના ઉપાસક થયા તે બધા 'શ્રી રામકબીર ભક્ત' તરીકે ઓળખાયા. આ અનુયાયીઓ કબીરને ગુરુ તરીકે માને છે અને 'રામ'ને ઈશ્વર તરીકે ઉપાસે છે. અહીં રામ અને કૃષ્ણની પ્રેમલક્ષણા ભક્તિનાં ભજનો ગવાય છે. 'રામને દશરથનંદનમાં ન બાંધી રાખતા ઘટઘટમાં વિરાજતા રામ તરીકે જુએ છે. કૃષ્ણની જયંતિમાં તેના હિંડોળા ગાવામાં આવે છે. જે રામ અંતરમાં ઝૂલે છે તેને હિંડોળા રૂપે ઝુલાવી જયંતિ ઉજવાય છે. આ એક એવો ભક્ત સમાજ છે કે જે અદ્વિતીય છે, જે કબીરપંથીઓની વેધકતા અને વૈષ્ણવોની રૂઢીચુસ્તના મધ્યમ મતને અનુસરતો સમાજ છે. રામ અને કૃષ્ણની મૂર્તિ પૂજા નથી. ક્રિયાકાંડ, બાહ્યાચાર, આડંબર નથી તેમ છતાં રામ, કૃષ્ણ, કબીર, મીરાં વગેરેનાં ભજનો ગવાય છે, જેમાં બાહ્યાચાર કે ક્રિયાકાંડનો નિષેધ છે, પણ વૈષ્ણવોની પ્રેમલક્ષણા ભક્તિ એ સમાજનું મુખ્ય અંગ છે. કાંસા-ઢોલકથી પરંપરાથી ગવાતા આવેલાં ભજનો, લગ્ન, મૃત્યુ કે સારામાઠા પ્રસંગે કરવામાં આવે છે. આ પદો, ઋતુ-માસ પ્રમાણે તાલ અને મુખ્ય ૨૩ જેવા રાગો-ઢાળમાં ગાવામાં આવે છે. પદ્મનાભના શિષ્ય ધનરાજ અધ્વર્યુના ૨૮ (અધ્યારુજીના) પદોમાં 'શ્રી રામકબીર ભક્ત' સંપ્રદાયનું જે કાંઈ તત્ત્વજ્ઞાન છે તે તેમાં સમાયેલું છે. કહેવાય છે કે, ચાર વેદ, અઢાર પુરાણ અને છ દર્શનનું તત્ત્વજ્ઞાન આ અઠ્ઠાવીસ પદોમાં છે. એમાં ધનરાજે નિર્ગુણ ભક્તિનો ઉપદેશ તો કરેલો જ છે, છતાં એમાં રામ-કૃષ્ણને પરબ્રહ્મનો અવતાર ગણી એની લીલાઓ ગાય છે. આ પરબ્રહ્મ માટે કબીરસાહેબ કહે છે :

*"સગુણ કી સેવા કરો, નિર્ગુણ કા કુરૂં જ્ઞાન,*
*નિર્ગુણ સગુણ કે પરે, તહેં હમારા ધ્યાન."*

આ રીતે જોઈ શકાય છે કે કબીરસાહેબ સગુણના વિરોધી ન હતા. કબીરસાહેબનો એ પરબ્રહ્મ માટેનો પ્રેમ તો એમની કેટલીક સાખી અને પદોમાં પ્રિયતમ અને પ્રેમિકાના રૂપે તન્મય થયેલો જોવા મળે છે.

**વિશ્વસ્તરે સર્વધર્મ સમભાવ એક નક્કર કોયડો :**

વેદોનો કાળ ઈ. સ. પૂર્વે ૧૦૦૦ (બી.સી.)થી અગાઉનો કાળ ગણાય છે, ત્યારબાદ તે જ સમયમાં ચીનમાં લાઓત્સે અને કન્ફ્યુસિયસ, ઈરાનમાં જરથુષ્ટ્ર,

ગ્રીસમાં સોક્રેટિસ અને પ્લેટો, ભારત વર્ષમાં ઉપનિષદોના ઋષિઓ, બુદ્ધ અને મહાવીર થયા. બે હજાર વર્ષ પહેલાં ઈસુનું આગમન ઈશ્વરના 'પુત્ર' તરીકે થાય છે. સાતમાં સૈકામાં અલ્લાના પયગંબર અલ્લાના સંદેશ વાહક થઈને મક્કામાં જન્મે છે. ઈસુના જન્મ સુધી બધા પ્રવર્તકોની વાણીને પેઢી દર પેઢી કંઠસ્થ કરી. મધ્યયુગમાં એ વાણી પાછળથી ગ્રંથોમાં પરિણમી. કંઠસ્થ કરેલી વાણી અને ગ્રંથસ્થ થતા સુધીના સમય ગાળામાં એ વાણીના જુદા જુદા અર્થઘટનો પણ થયા છે.[૩]

વિશ્વમાં ખ્રિસ્તીઓની સંખ્યા ૧.૯ અબજ છે, મુસલમાનોની સંખ્યા ૧.૨ અબજ જેવી છે, સનાતન હિંદુ ૭૮.૧ કરોડ, બૌદ્ધ ૩૨.૪ કરોડ, જૈન, ૦.૪૪ કરોડ, શીખ ૧.૯ કરોડ[૪] અને કબીર પંથીઓ આશરે ૦.૦૫ કરોડ વિશ્વમાં અનુક્રમે અનુયાયીઓ પથરાયેલા છે. બીજા નાના પંથોનો અહીં સમાવેશ કરતા નથી. આ રીતે જોતા એક વાત સાબિત થાય છે કે હિંદુઓ વિભાજીત છે. હિંદુ ધર્મના કોઈ સ્થાપક નથી. હિંદુ ધર્મમાં એટલી બધી કુમાશ છે કે એનો કોઈ એક સિદ્ધાંત હિંદુઓને એકત્રિત કરી રાખે. કોઈ પણ માણસ હિંદુ થઈ શકે, હિંદુમાંથી કોઈ પણ ધર્મમાં જોડાઈ શકે, જઈ શકે. કોઈ પણ માણસ કોઈ પણ ભગવાનને ભજી શકે. હિંદુ ધર્મ એક જ એવો ધર્મ બિનસાંપ્રદાયિકતાને વરેલો વિશાળ દિલવાળો ધર્મ છે કે બધા ધર્મોને પોતાનામાં સમાવી શકે છે.

વિશ્લેષણથી કહી શકાય કે વિશ્વમાં ૪૯ ટકા ખ્રિસ્તીઓ છે, ૩૧ ટકા મુસ્લિમો છે, સનાતન હિંદુ ૨૦ ટકા જેવા છે.

મનુભાઈ પંચોલી કહેતા કે જોડે તે ધર્મ તોડે તે અધર્મ. ગાંધીએ વીણી વીણીને હિંદુ ધર્મમાં રહેલ ખામીઓ અને ખૂબીઓ તેમની પ્રેમભરી વાણીમાં તારવી બતાવી. પોતે હિંદુ છે પણ અસ્પૃશ્યતા જો હિંદુ ધર્મનો એક ભાગ હોય તો હિંદુ નથી. કબીરસાહેબ કહે છે કે, જો હિંદુઓ 'રામ'ને જ માત્ર ભગવાન ગણવાના હોય અને મુસ્લિમો ખુદાને જ માત્ર અલ્લાહ ગણવાના હોય તો પોતે હિન્દુ પણ નથી. મુસલમાન પણ નથી.

*"હિન્દુ કહોં તો મૈં નહીં મુસલમાન ભી નાહિં,*
*પાંચ તત્ત્વ કા પૂતલા, ગૈવી ખેલૈ માહિં."*

સર્વત્ર વિદ્યમાન બ્રહ્મસ્વરૂપની વાત કરી હિંદુ-મુસ્લિમના સંગઠનની વાત કરે છે. અહીં કબીર ગાંધીએ બહુજન સમાજને ધર્મનો સાચો પરિચય કરાવવાંનો પ્રયત્ન કર્યો છે. કબીરના સમયે આ રીતે હિંદુ અને મુસ્લિમના વાડાથી અલગ વાત કરવી એ બહુ જોખમી વાત ગણાય તેમ છતાં તેમણે કડવું પણ સત્ય કહીને સામાજિક એકતા માટે બહુ જ સહન કર્યું છે. આજના સંદર્ભે જે ધર્મના નામે વૈશ્વિક અશાંતિ છે તેની ચર્ચા કરીએ.

(૧) જીસસે પોતાને ઈશ્વરનો પુત્ર કહ્યો. તેમણે કહ્યું કે હું 'પરમ પિતામાં' સમાયેલો છું અને તે મારામાં સમાયેલો છે. એક જ ઈશ્વર છે. ઈશ્વર સાથે પિતાનો સંબંધ રાખો. (જોન ૧૫ : ૫) જીસસ પોતાને પરમ પિતા લોર્ડના દરબારના 'કિંગ' કહેવડાવતા હતા.[૫] ક્રિશ્ચનો જીસસને જ માનવતાના ઉદ્ધારક અને મસીહા માને છે.

(૨) મહંમદે પોતાને અલ્લાના મેસેન્જર કહ્યા, માટે એની વાણી એ જ અલ્લાની વાણી, એ જ સત્ય અને અંતિમ વાણી છે. એ સિવાય બીજો કોઈ બ્રહ્માંડનો સર્જક નથી. બીજું કોઈ પરમબ્રહ્મ તત્ત્વ નથી, અલ્લા સિવાય બીજા કોઈ પણ અવતાર 'ઉદ્ધારક' છે જ નથી – માન્ય નથી. જે લોકો મુસ્લિમ નથી અને જેઓ આ સાચા ધર્મનું આચરણ કરતા નથી તેઓ સાથે નર્ક જડાયેલું છે એમ ઘણાખરા મુસ્લિમ ધર્મના લોક માને છે. (૫ : ૭૩; ૧૧૨.૧૪; ૩ : ૭૭ કોરાન.)

(૩) હિંદુઓ ભગવદ્ગીતા પ્રમાણે : આ લોક, નાશવંત પુરુષ અને અવિનાશી પુરુષ (જિવાત્માથી) ઉત્પન્ન થયો છે અને તે 'ક્ષર' અને 'અક્ષર'થી પર એવું 'બ્રહ્મ સ્વરૂપ' તે પરમાત્માને નામે ઓળખાય છે, જે ત્રણે લોકોમાં પ્રવેશી સર્વેનું ધારણ પોષણ, નાશ, વિનાશ કરે છે તેમ છતાં અલિપ્ત છે. (અધ્યાય ૧૫ : ૧૬, ૧૭ ગીતા) હિંદુ ધર્મ દરેક વ્યક્તિને સંપૂર્ણ સ્વતંત્રતા બક્ષે છે. દરેક પોતપોતાની રીતે વિચારે, યોગ્ય સુધારા વધારા કરી શકે અને ધર્મના આચરણ કે પ્રસારમાં સ્વસ્થ અને પોતાના નિર્ણયો જાહેર કરી શકે – વર્તી શકે. ઉપરોક્ત ત્રણે ધર્મોની પાયાની નીતિનો અભ્યાસ કરતાં લાગે છે કે ઇસ્લામ સૌથી વધુ કડક-સત્તાશીલ છે. ખ્રિસ્તી ધર્મ થોડો ઉદાર છે. સૌથી ઉદાર હિંદુ ધર્મ છે. આ બધા ધર્મોનો સમન્વય ન થાય ત્યાં સુધી શાંતિની ખોજ મુશ્કેલ છે.

ત્રણે ધર્મો, કોઈ પરમ તત્ત્વ કે જેમાં જીસસ 'કિંગદમ ઑફ ગોડ' કહે છે. ઇસ્લામ જેને 'અલ્લા' કહે છે અને હિંદુઓ જેને 'પરબ્રહ્મ' કહે છે, તેવા પરમતત્ત્વ કે જેને કોઈ સીમા નથી, કોઈ પહેચાન નથી તેમાં માને છે. સવાલનો સવાલ એ છે કે એ પરમ તત્ત્વ સર્વ જીવોમાં એક જ અને બધા ધર્મનું એ એક જ પરમ તત્ત્વ છે તે બધા ધર્મો સ્વીકારવા કે અપનાવવા તૈયાર નથી. એટલે આ ઈશ્વરના જે જુદા જુદા ચોકઠા બનાવ્યા છે તેને અખંડિત કરવા અથવા એકીકરણ થવું ઘટે. આ જો સંભવિત બને તો કબીરસાહેબનો વૈશ્વિક એકેશ્વરવાદ સિદ્ધ થાય.

કબીરસાહેબની સાખીઓ હોય છે તો બે લાઇનની પરંતુ તેઓ બે લાઇનમાં પોતાના જીવનમાં અનુભવેલા સત્યનો નીચોડ એ રીતે રજૂ કરે છે કે તેમના દુહાને સાંભળનારને પોતાની ભ્રમણા, આડંબર, જુનવાણીને છોડી પ્રત્યક્ષ સત્યનો અનુભવ કરાવે છે. આ દુહાઓ કબીરસાહેબ દૈનિક જીવનમાં થતી ક્રિયાઓ ઘટનામાંથી એવી રીતે વીણી લે છે કે ભાવિક સાંભળનાર, ઘટનાને સામાજિક તેમજ ધાર્મિક સંદર્ભે તાદાત્મ્ય અનુભવે છે.

નીચેની શાખીમાં કબીરસાહેબ ઘટનાને આબેહૂબ રજૂ કરે છે.



*ચલતી ચક્કી દેખિકે દિયા કબિરા રોય;*
*દુઈ પટ ભીતર આઈ કે, સાબિત ગયા ન કોઈ.*

કબીરસાહેબ સંસારમાં માનવને ધર્મ-અધર્મ, સદ્દગુણ-દુર્ગુણ, રક્તપાત ઘર્ષણની સંસારચક્રની ચક્કીમાં પિસાતા જોઈ અત્યંત દુઃખ અનુભવે છે. છસો વર્ષ પહેલાં ધાર્મિક અભણતાને કારણે જે માનવ-માનવ વચ્ચે ધર્મને નામે અથડામણો થતી તે પરિસ્થિતિ આજે પણ સુધરી નથી, જે અજ્ઞાનતા આજે પણ મોજુદ છે.

જ્યોર્જ ગ્રસનન કે જેઓ કબીરસાહેબના અભ્યાસી છે. તેનું એક સ્વપ્ન છે કે આવતાં વર્ષોમાં કબીરસાહેબની (૧) પીર કબીર (૨) ધ વૈષ્ણવ કબીર (૩) ચુસ્ત કબીર એવી ત્રણ પ્રણાલિકાઓ થશે. આ બધી પ્રણાલિકાઓનું સંયોજન થઈ ભારત અને પશ્ચિમના 'બ્રેઈન સ્ટોર્મ' એક ઝંઝાવાતી બુદ્ધિ પ્રતિભાઓના સંયુક્ત પ્રયાસથી એક અલગ ભાત પાડતી પ્રણાલિકા થશે, જેમાં આ 'કબીર' ફરિસ્તાના વિશ્વરૂપી એકેશ્વરવાદનો મહિમા ગવાશે. એટલે જ કબીરસાહેબે ૬૦૦ વર્ષ પહેલાં કહ્યું છે :

*"દેખો સબમેં રામ હૈ, એક હી રસભરપૂર,*
*જૈસે ઉખતે સબ બના, ચીની સક્કર ગૂડ."*

આખરે તો એક જ શેરડીના રસની બનેલી સાકર અને ગોળના બધા જ ગુણધર્મો એક છે, રંગ જુદા છે, બાહ્ય પદાર્થ ભિન્ન લાગે છે, અંતરમાં એક 'રામ' રમી રહ્યો છે, જે વિશ્વવ્યાપી છે.

સંપાદક : **ગોવિંદભાઈ ભક્તિભાઈ ભક્ત**

---

**નોંધ** : ૧. આચાર્ય યશવંતભાઈ શુક્લ : બારડોલીના પરિસંવાદમાંથી '૮૯
૨. ભગવતીકુમાર શર્મા – કબીરવાણી પ્રકાશન
૩. ચંદ્રકાંત બક્ષી – વિન્ટેજ વાઇન ગુજરાત ટાઇમ્સ (યુ.એસ.એ.)
૪. ટાઇમ અલમનક '૦૫
૫. F.F. Bruce Bible History Atlas. The Crossroad, Publishing Co. New York NY 1982. P.71

# પ્રસ્તાવના

આમ તો શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ તરફથી સારાં એવાં પુસ્તકો અને કબીર અંગેનું સાહિત્ય પ્રકાશિત થતું જ રહે છે. કબીરને અને તેની વાણીને આપણે અને બધા જ સમાજે સ્વીકાર્યા છે અને તેના વિશેનાં પુસ્તકો અને વાણી વાંચવા જેવા જ નહીં પણ માણવા જેવા હોય છે. જીવન જીવવાની કળા, ભક્તિ અને મુક્તિ માટેના સરળ માર્ગો શ્રી કબીરે બતાવ્યા છે. સમાજને રાહ બતાવનારા અનેક પ્રકાશનો છે અને તેના લેખકોએ પુસ્તકો દ્વારા આમ આદમી સુધી પહોંચવા પ્રયત્નો કર્યા છે તે સહુને શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ અભિનંદન આપે છે અને તેમનો આભાર માને છે. ઘણાં વર્ષો પહેલાં સંસ્કૃતના પ્રોફેસર શ્રી ઈશ્વરભાઈએ પણ કબીરજી અંગે ચાર પુસ્તિકાઓ પ્રકાશિત કરી હતી, જેને સમાજ તરફથી અનેરો પ્રતિસાદ મળ્યો હતો અને આ પુસ્તકો ઉપયોગી નિવડેલાં.

માજી પ્રો. ગોવિંદભાઈએ આ પુસ્તક દ્વારા એક અનોખો પ્રયાસ કર્યો છે. તેમણે કબીરજીની વાણી અને ઉપદેશ માટે સિદ્ધહસ્ત લેખકો અને સાહિત્યકારોના લેખો તેમજ તેમના પોતાના લેખનો આ પુસ્તકમાં સમાવેશ કરી ગાગરમાં સાગર જેવી કૃતિ આપણા માટે તૈયાર કરી છે. એક જ પુસ્તક દ્વારા કબીરવાણી અને સંદેશાને લોકો સુધી પહોંચાડવાનો આ અથાક પ્રયાસ છે.

શ્રી ગોવિંદભાઈ આમ તો આપણા પોતિકા છે. તેઓ સરઈ-ધામણ નવસારીના વતની છે અને હાલમાં અમેરિકામાં સ્થાયી થયા છે. ભારતમાં જ પ્રાઈમરીથી માંડીને ઉચ્ચ શિક્ષણ લીધું. આશરે સાતથી આઠ વર્ષ ગાર્ડા કૉલેજ, નવસારીમાં મેથેમેટિક્સ-સ્ટેટીસ્ટિક્સના પ્રોફેસર તરીકે સેવા આપી અને હાલમાં રિયલ એસ્ટેટ વ્યવસાયમાંથી નિવૃત્ત થઈ ધર્મપત્ની સુમતિબહેન (M.Sc.) પુત્ર શૈલેષ (B.S.,MBA.) Elct. Comp. Eng. પુત્રવધૂ જયશ્રી (B.S.) Occu. Therapist. પુત્ર અમિત (D.M.D) dentist. પૌત્રો – જય, શીવ અને ભર્યુંભાદર્યું સંયુક્ત કુટુંબમાં રહી આવી ધાર્મિક, સામાજિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહે છે.

ભક્ત સમાજમાં રિવાજ પ્રમાણે દરેક ગામમાં મહંતની ગાદીની પ્રથા છે. મહંત એટલે પોતાના ઘરે કબીરજીની ગાદીની સ્થાપના, જ્યાં સવારસાંજ પ્રાર્થના કરે અને કરાવે, ઉત્સવ પ્રસંગે ભજન-કિર્તન તેમજ ધાર્મિક પુસ્તકોનું વાચન અને ગાદી દ્વારા ભક્તિ અને સમાજ સેવાના અનેક કામો અને આયોજનો કરે અને મહંત તેના નિમિત્ત બને. શ્રી ગોવિંદભાઈના વડવાઓ પણ સરઈ ગામના મહંત હતા અને તેમના કુટુંબે આ વારસો સરઈ ગામમાં જાળવી રાખ્યો છે.

આવા કબીરપંથી, મહંત પરિવારના, ધાર્મિક સંસ્કારો સાથે ઉછેર પામેલાં, ઉચ્ચ શિક્ષા પામેલા, પોતાના વ્યવસાયમાં વ્યસ્ત છતાં સમાજને કંઈક આપવાની ધગશવાળા, અનુભવી, લેખનવાચનના અભ્યાસી શ્રી ગોવિંદભાઈએ કબીરજીની વાણી અને ઉપદેશ અંગેનું આ પુસ્તક તૈયાર કરી સમાજની પ્રશંસનીય સેવા કરી છે. સમગ્ર ભક્ત સમાજ વતી અને મારા વતી હું એમને અભિનંદન પાઠવું છું. તેમના પિતાશ્રી સ્વ. પૂ. ભક્તિભાઈ વલ્લભભાઈ ભક્ત પણ સારા જાણીતા ભજનિક, ભજનના રસિયા અને ગવૈયા હતા. તેઓએ પણ વૃદ્ધાવસ્થામાં અમેરિકામાં સ્થાઈ થઈ કબીરવાણી અને ભજનકિર્તન દ્વારા સમાજને સમૃદ્ધ કર્યો હતો.

અમેરિકામાં પણ શ્રી ગોવિંદભાઈ ભક્ત કલ્ચરલ સેંટર નોર્વોક, કેલિફોર્નિયા શ્રી રામકબીર મંદિર કાર્સન યુ.એસ.એ. રાધાકૃષ્ણ મંદિર અને અનેક સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. આવા કબીર સાહિત્યના ઊંડા અભ્યાસી શ્રી ગોવિંદભાઈ સંપાદિત દેશ-વિદેશના વિદ્વાનોના લેખવાળું આ પુસ્તક એક અનમોલ ખજાનો છે. ભવિષ્યની પેઢી તેમાંથી પ્રેરણા મેળવશે. Senior Citizensને જીવનનો નિવૃત્તિ સમય આનંદમય અને સમાજનાં કાર્યોમાં વ્યસ્ત થઈ, ઉત્તમ જીવન જીવવાનો રાહ બતાવશે એવું મારું માનવું છે.

શ્રી ગોવિંદભાઈ પોતાનાં લેખો, પ્રકાશનો અને સેવાપ્રવૃત્તિ દ્વારા સમાજનાં કામો કરતાં રહે તેવી કામના કરું છું અને અભિનંદન પાઠવું છું.

લિ.

**શ્રી કરસનભાઈ લલ્લુભાઈ ભક્ત**

પ્રમુખ/ટ્રસ્ટી

શ્રી રામકબીર મંદિર ટ્રસ્ટ,

બેગમપુરા, ખાંગડ શેરી, સુરત.

## પ્રકાશન ટાણે.....

કબીરસાહેબ વિશે કંઈ કહેવું કે લખવું એ તો સૂર્યની સામે દીપક ધરવા સમાન છે. ઓશો રજનીશજીએ તેમને માટે કહ્યું છે : '**સંતો તો અનેક થઈ ગયા, પરંતુ કબીરજી જેવો ગગન મંડળમાં પૂનમના ચંદ્રની જેમ બિરાજતો, અનુપમ, અદ્વિતીય બીજો કોઈ નહિ !**' કબીરસાહેબ તો આધ્યાત્મિક આકાશના ધ્રુવતારક છે ! હિંદી સાહિત્યાકાશના દેદીપ્યમાન સૂર્ય છે !

કબીરસાહેબની વાણી કે તેમનું ભક્તિ સાહિત્ય કેવળ શબ્દો જ નથી. તેમાં તો રણકે છે નિજી અનુભવ ! એટલે જ તો એ આપણને સ્પર્શે છે. તેમના વ્યક્તિત્વમાં રહેલું એ અદ્ભુત આકર્ષણ પામર જીવને તેમના તરફ ખેંચે છે !

માનવતાના પૂજારી કબીરસાહેબ અંધશ્રદ્ધા, દંભ, બાહ્યાડંબર, કર્મકાંડી, જડ માન્યતાઓ તેમજ વિવિધ સંપ્રદાયોની સંકુચિત માન્યતાઓના વિરોધી હતા. એકતા, પ્રેમ અને ભાઈચારાનો સંદેશો આપતા કબીરસાહેબે માનવને માનવ તરીકે જીવવાનો માર્ગ બતાવ્યો છે. આજે તો સર્વત્ર ધિક્કાર, ઘૃણા, રાગદ્વેષ, ઈર્ષ્યાનું જોર વધતું જાય છે ત્યારે કબીરસાહેબ દ્વારા પ્રદત્ત પ્રેમ અને ભાતૃભાવનો માર્ગ આજે પણ એટલો જ યથાર્થ લાગે છે. તેમનો પ્રેમસંદેશ જીવનમાં ઉતારીને માનવી પોતાનું જીવન સાર્થક કરી શકે છે :

*પોથી પઢ પઢ જગ મૂઆ, પંડિત ભયા ન કોઈ*
*ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સો પંડિત હોઈ !*

કબીરસાહેબ તો યુગદૃષ્ટા ક્રાંતિકારી મહાન વિભૂતિ હતા. તેમની વાણીમાં; તેમના વિચારોમાં અને તેમના વર્તનમાં ક્રાંતિ સમાયેલી હતી. નોબલ પુરસ્કાર વિજેતા ભારતીય **કવિ રવીન્દ્રનાથ ટાગોર** પણ તેમના પ્રતિ આકર્ષાયા હતા ! એટલું જ નહિ પરંતુ કબીરસાહેબની કેટલીક રચનાનો અનુવાદ પણ તેમણે કર્યો છે. અમેરિકન સાહિત્યકાર **રોબર્ટ બ્લીએ** પણ તેમના સાહિત્યનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો છે. તેમના ભક્તિપદોનો ફ્રેન્ચમાં પણ અનુવાદ થયો છે. વિશ્વના અનેક સાહિત્યકારો તેમના પ્રતિ આકર્ષાયા છે અને તેમણે અનેક ભાષામાં તેમના સાહિત્યનો અનુવાદ કરી તેમના સાહિત્યને વિશ્વવ્યાપી બનાવ્યું છે. આપણે માટે એ ગૌરવની વાત છે. તેમનું ભક્તિ સાહિત્ય આજે પણ સમાજને યોગ્ય માર્ગદર્શન પૂરું પાડી રહ્યું છે.

આજના એકવીસમી સદીના માનવીની દશા અને દિશા – બંનેમાં અયોગ્ય, અનિચ્છનીય અને કટુ પરિવર્તન આવી રહ્યું છે ત્યારે જરૂર છે કબીરસાહેબ જેવા ક્રાંતિ દ્રષ્ટા આધ્યાત્મિક પુરુષની કે જે આપણી દશા પણ સુધારે અને આપણી દિશાને પણ યોગ્ય માર્ગે વાળે. તેમની અનુપસ્થિતિમાં તેમના સાહિત્યનો વ્યાપ વધે અને તેમનું સાહિત્ય આજની યુવા પેઢી સુધી પહોંચે; એટલું જ નહિ આજની યુવા પેઢી તેને અપનાવે એવા પ્રયત્નો થાય એ ખૂબ જરૂરી છે. એવા જ સંનિષ્ઠ પ્રયત્નો ભાઈ **શ્રી ગોવિંદભાઈ બી. ભક્ત** દ્વારા થઈ રહ્યા છે ત્યારે સાચે જ તેઓ અભિનંદનને પાત્ર છે. કબીરસાહેબની બહુમુખી પ્રતિભાને યોગ્ય આકાર આપતું સાહિત્ય તેમજ આપણને યોગ્ય માર્ગદર્શન આપતું કબીર સાહિત્ય સંકલિત કરીને તેઓ તેને પુસ્તકાકારે પ્રકાશિત કરી રહ્યા છે, ત્યારે ન કેવળ ભક્ત સમાજ પરંતુ આધ્યાત્મિક પથનો વિશાળ જિજ્ઞાસુ વર્ગ પણ તેમનો ઋણી બનશે. પ્રસ્તુત સાહિત્યને **'કબીર વિશેષ'** નામે પુસ્તકાકારે પ્રકાશિત કરવા પાછળ રહેલા તેમના ખંત, પરિશ્રમ અને કબીરસાહેબ પ્રત્યેની તેમની નિષ્ઠા તેમજ કબીરસાહેબ પ્રત્યેના તેમના આદરભાવની હાર્દિક કદર કરતાં પરમાત્માને હું પ્રાર્થના કરું છું કે જનસેવાના આવાં જ શ્રેષ્ઠ કાર્યો કરવા માટે તેઓ તેમને યોગ્યતા, ક્ષમતા, પાત્રતા પ્રદાન કરે. આ અગાઉ પણ તેમણે 'PATELS' પુસ્તકના પ્રકાશન દ્વારા ગુજરાતી પાટીદાર પટેલ જ્ઞાતિ સંબંધી સર્વેક્ષણાત્મક અભ્યાસને પુસ્તક દ્વારા સમાજમાં વહેતો મૂકવાનું અભિનંદનીય કાર્ય કર્યું હતું ! અભિનંદન ગોવિંદભાઈ !

મને શ્રદ્ધા અને વિશ્વાસ છે કે ભાઈ શ્રી ગોવિંદભાઈ ભક્ત દ્વારા પ્રકાશિત થતું આ પુસ્તક અવશ્ય લોકાદર પામશે, તેમજ અજ્ઞાન અંધારમાં અટવાતા પામર જીવને માટે તે શ્રદ્ધાદીપ બની રહેશે. અંતે કબીરસાહેબના પેલા દોહાને નજર સમક્ષ રાખીએ અને આપણા જીવનને ઉજ્જવળ બનાવીએ એ જ શુભભાવના ! શુભ કામના ! સૌને રામકબીર !

*કબીર...જબ હમ પૈદા હુએ, જગ હસે હમ રોએ*
*ઐસી કરની કર ચલો, હમ હસે જગ રોએ ॥*

**ભાસ્કરભાઈ ધીરજભાઈ ભક્ત**
પ્રમુખ રામકબીર ભક્તસમાજ ઑફ યુ.એસ.એ.

# ભક્તા કલ્ચરલ સેન્ટર
## અમેરિકા






# અનુક્રમ

## ખંડ-૧ : ભારતીય કબીર ચિંતકો


૧. આલોચના – *ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત (બાવાજી)* ૩
૨. કબીરવાણીનાં અજવાળે નિત્ય જીવન પંથ પર... – *પ્રો. ડૉ. અશ્વિન દેસાઈ* ૧૦
૩. પરોઢનું પ્રયાગ – *ભગવતીકુમાર શર્મા* ૧૬
૪. કબીરસાહેબ મધ્યયુગના એક માત્ર સેક્યુલર તથા રેશનલ સંત ૨૦
*રમણ પાઠક 'વાચસ્પતિ'*
૫. કબીર, કબીરશાહ, કબીરદાસ – *ગુણવંત શાહ* ૨૪
૬. નમ્રતા : સર્વ સદ્‌ગુણોની માતા – *ડૉ. કાન્તિલાલ કાલાણી* ૨૮
૭. સામયિક સહચિંતન : રાષ્ટ્રની અસ્મિતાની વર્કશોપ – *સ્વામી સચ્ચિદાનંદ* ૩૩
૮. આધ્યાત્મિક વારસો : કહૈં કબીર – *ભોળાભાઈ પટેલ* ૩૯
૯. કબીરસાહેબની આધ્યાત્મિક વિભાવના – *ડૉ. કાન્તિકુમાર ભટ્ટ* ૫૧
૧૦. કબીરસાહેબની અભેદ દૃષ્ટિ – *અનવર આગેવાન* ૬૧
૧૧. કોમી એકતાના સર્જક સંત કબીર – *ડૉ. (શ્રીમતી) નીરૂપમા અ. પોટા* ૬૭
૧૨. અમૃતરૂપા વાણીનો ઉદ્‌ગાતા કબીર – *ડૉ. રમણલાલ પાઠક* ૭૫
૧૩. રામ : કબીરના અને રામકબીરના – *ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ* ૭૯
૧૪. સંત કબીર, અનોખા મહાન તત્ત્વચિંતક – *દેસાઈ હકૂમતરાય ઝીણાભાઈ* ૯૨
૧૫. સંત કબીર, ગુજરાત અને ભારત : એક ટૂંકું મનન – *ઉશનસ્‌* ૯૭
૧૬. કબીર અને કબીરપંથ – *ચરણદાસ પટેલ* ૧૦૩
૧૭. કબીરનાં નવ રત્ન – *વિનોબા* ૧૦૭
૧૮. કુશળતા કે કુટિલતાને છોડી જે હૈયે છે તેને જ હોઠે
લાવી જીવનમાં તેનું આચરણ કરો – *ચિદાનન્દ : મકરન્દ દવે* ૧૧૧
૧૯. ગુજરાતી સાહિત્ય પર કબીરનો પ્રભાવ – *હર્ષદ સી. રાણા* ૧૧૫
૨૦. સત્યનામ : અંધ-સુ-દર્પણ વેદ પુરાણા ૧૨૬
*– પૂજ્ય મહંતશ્રી જગદીશદાસજી શાસ્ત્રી સાહેબ*
૨૧. સાંપ્રત સમયસંદર્ભમાં સવિશેષ સુસંગત એવો કબીરવાણી સેતુ ૧૩૪
*– 'કબીર' ક્ષિતિમોહન સેન, અનુવાદ : મોહનદાસ પટેલ*
૨૨. કબીર તીર્થ દર્શન – **રાણા નિર્મેશ** ૧૪૧
૨૩. કામ, ક્રોધ, લોભ, મોહથી દૂર હોય તેને જ ભગવાનની
સાચી ઓળખ મળી શકે – *પારસનાથ ચૌધરી* ૧૪૭
૨૪. મધ્યકાલના મર્મી અને ક્રાંતિકારી સંત કબીર – *ડૉ. ચીનુભાઈ નાયક* ૧૫૧

## અનુક્રમ


૨૫. કબીરજી અને વૈષ્ણવી ભક્તિ – સુબોધ વકીલ ૧૫૫
૨૬. બાહ્યાચાર વિશે કબીરસાહેબની વિચારસરણી – જનક ઠાકર ૧૬૮
૨૭. સહજપંથ અને કબીર – ડૉ. વિજય શાસ્ત્રી ૧૭૪
૨૮. કબીરના 'નિર્ગુણ રામ' – ડૉ. વિજય શાસ્ત્રી ૧૭૭
૨૯. કબીરનો યોગ-માર્ગ – કૌશિક કે. ભટ્ટ ૧૮૧
૩૦. સમાજ-સુધારક સંત કબીરજી – પ્રા. સી. બી. ઠાકર ૧૯૩
૩૧. કબીરજીના આરાધ્ય રામ – ડૉ. રમેશ પંડ્યા ૨૦૩
૩૨. કબીરની રહસ્યમય વાણીનું રહસ્ય – પ્રા. વસંત ડી. જાધવ ૨૦૮
૩૩. કબીર સુધા – ઈશ્વરભાઈ પ્ર. પટેલ (બાવાજી) ૨૧૯
૩૪. સદ્‌ગુરુનું શરણું – વિનોદ ખંભોળજા, ૨૨૭
૩૫. કબીરવાણીમાં 'પ્રેમ'નું તત્ત્વ – ડૉ. વિપિનકુમાર કીકાણી ૨૩૦
૩૬. આત્મબોધી સંત કબીર – પ્રો. હરિભાઈ ત્રિવેદી ૨૩૪
૩૭. ત્યાં લગી સાધના સર્વ જૂઠી – પ્રાધ્યા. ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી ૨૩૭
૩૮. કબીરની ભક્તિભાવના – ધીરજભાઈ રેવાભાઈ વણકર ૨૩૯
૩૯. કબીરની વાણી અવળવાણી – પુષ્કરભાઈ ગોકાણી ૨૪૫
૪૦. કહે કબીર દિવાના – ઓશો રજનીશ, અનુવાદ : ડૉ. ધર્મેન્દ્ર ૨૫૦
૪૧. કબીરજીની સાખીઓમાં પ્રેમતત્ત્વ – ડૉ. દક્ષા વ્યાસ ૨૫૩
૪૨. સનાતન કબીરવાણીની પ્રસ્તુતતા – ડૉ. હરરાય ભી. દેસાઈ ૨૫૭
૪૩. પ્રેમ ગલી અતિ સાંકરી – પ્રા. બિપિન પટેલ ૨૬૬
૪૪. સંત કબીર, ગુજરાત અને ભારત : એક ટૂંકું મનન – જયન્ત પાઠક ૨૭૩
૪૫. કબીરનું બૌદ્ધિક સ્તર – ડૉ. અશ્વિની કાપડીઆ ૨૭૬
૪૬. કબીર સાહિત્ય : ઉદાત્ત અંશો – રતિલાલ સાં. નાયક ૨૮૧
૪૭. કબીર વિચારધારા – પ્રા. ડૉ. રેખા ટી. ભટ્ટ ૨૮૬
૪૮. કબીર -- ભક્ત નહીં પણ ભગવાન હતા – પ્રા. જશુભાઈ પટેલ ૨૯૧
૪૯. 'કબીર જંત્રી' વિશે થોડુંક મનન-ચિંતન – પ્રા. કુસુમ પટેલ ૨૯૫
૫૦. કબીરસાહેબ અને હિન્દુ-મુસ્લિમ એકતા – પ્રા. ડૉ. દમયંતી પરમાર ૩૦૩
૫૧. સંતવાણી અને લોકશિક્ષણ – ડૉ. નાથાલાલ ગોહિલ ૩૧૧
૫૨. ક્રાંતિકારી સંત ભક્ત કબીર – ડૉ. અબ્બાસઅલી તાઈ ૩૨૦
૫૩. કબીર જ્યોત – ડૉ. નલિની પી. ગીલીટવાળા ૩૨૬
૫૪. રામ રસ પ્યાલા -- પીવે મતવાલા – ડૉ. નિરંજન રાજ્યગુરુ ૩૩૦

# અનુક્રમ

## ખંડ–૨ : પૂર્વ–પશ્ચિમના કબીર ચિંતકો

### (લેખકના અંગ્રેજી પુસ્તકોમાંથી – ગુજરાતી સંક્ષિપ્ત સાર)


૫૫. Kabir Legends And Ananta-Das's Kabir Parachai (કબીર પૌરાણિક આખ્યાયિકા-દંતકથા અને આનંદદાસની કબીર પરચાઈ-દુહા) ૩૩૭
*David N. Lorezen*

૫૬. The Kabir Book (કબીર બુક) ૩૩૯
***By Robert Bly***

૫૭. A New Look At Kabir (કબીર નવા દૃષ્ટિકોણથી) ૩૪૧
***Krishna P. Bahadur***

૫૮. A Weaver Named Kabir (એક વણકર નામે કબીર) ૩૪૩
***By Charlotte Vaudeville***

૫૯. The Bijak Of Kabir (કબીર બીજક) ૩૪૫
***Translated By : Dr. Linda Hess and Sukdevi Singh***

૬૦. The Path of Spiritual Realization (આત્મ સાક્ષાત્કાર માટેનો એક માર્ગ) ૩૪૭
***Dr. Jagessar Das (M.D.), Canada***
***Edited by Das Jagdish Shastri***

૬૧. Kabir The Great Mystic (રહસ્યમય મહાન કબીર) ૩૪૯
***Isaac A. Ezekiel***

૬૨. One Hundred Poems of Kabir (કબીરનાં સો કાવ્યો) ૩૫૧
**અનુવાદક : રવીન્દ્રનાથ ટાગોર, સહાયક : એવલીન અન્ડરહીલ**


## ખંડ–૩ : 'શ્રી રામ કબીર'ના કબીર ભક્ત ચિંતકો


૬૩. કર્મયોગી-સંન્યાસી શ્રી ઈશ્વરભાઈ ૩૫૫
**સ્વ. સંન્યાસી શ્રી 'બાવાજી'ને હાર્દિક શ્રદ્ધાંજલિ**

૬૪. પ્રેરક સંદેશ ૩૫૭
**લાલિનભાઈ ગો. ભક્ત**

૬૫. કબીરસાહેબનું માર્ગદર્શન ૩૫૮
**છગનભાઈ ભૂલાભાઈ ભક્ત**

# અનુક્રમ


૬૬. મૃત્યુ કબીરની દૃષ્ટિએ ૩૫૯

*વલ્લભભાઈ છોટુભાઈ ભક્ત*

૬૭. કબીર એક ખોજ ૩૬૨

*મહેન્દ્ર બી. ભક્ત*

૬૮. સંત-કવિ કબીરનો શાશ્વત સંદેશ ૩૬૫

*ચંદ્રકાન્તભાઈ ડાહ્યાભાઈ ભક્ત*

૬૯. 'રામકબીર' -- ભાવનમસ્કાર અને નામસ્મરણ ૩૬૭

*માજી તંત્રી : હસમુખભાઈ આર. ભક્ત*

૭૦. ક્રાંતિના મસીહા -- સદ્‌ગુરુ કબીર ૩૭૦

*માજી તંત્રી : પંકજ રમણભાઈ ભક્ત*

૭૧. શ્રી રામકબીર સંપ્રદાય -- વિશ્લેષણ ૩૭૨

*ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત (બાવાજી)*

૭૨. ગુરુ ગુન લીખો ન જાય ૪૦૧

*નટુભાઈ ગો. પટેલ*

૭૩. સંસારમાં એવી રીતે રહેવું જેમ કમળ કીચડમાં રહે છે ૪૦૮

*શ્રીમતી નિરૂપમા જે. ભક્ત.*

૭૪. જીવન ઘડતર ૪૧૧

*છીતુભાઈ ગોરધનભાઈ ભક્ત*

૭૫. હંસન પાર ઉતારહીં ગુરુ ધર્મદાસ પરિવાર ૪૧૪

*પંથ શ્રી હજુર મુદૃંક મણિનામ સાહેબના લેખ હિન્દી ઉપરથી*

*ગુજરાતી : કમલાબેન એમ. ભક્ત*

૭૬. કબીરદાસજીનો રહસ્યવાદ ૪૧૯

*જયશ્રી એમ. ભક્ત*

૭૭. વાવડ ૪૨૧

*'રામ' શબ્દ પર્શિઅન ભાષાનો ખૂબ જ લોકપ્રિય અને પ્રચલિત શબ્દ છે.*

૭૮. સદ્‌ગુરુ સંત કબીર અને રમુજીલાલ મહારાજ ૪૨૩

*ધીરુભાઈ પ્ર. ભક્ત*



સદ્‌ગુરુ કબીરનું
લહરતારામાં પ્રાગટ્ય

નીરુ-નીમાને
સદ્‌ગુરુના
બાલ સ્વરૂપની પ્રાપ્તિ





નીરુ-નીમાને
ઘરે
નામકરણ પ્રસંગ



સ્વામી રામાનંદજી
પાસેથી
દીક્ષા પ્રાપ્તિ



કબીર સાહેબનો
કાજી પંડિત
અને
જનતાને ઉપદેશ



બાદશાહ સિકંદરનો
બળતરાનો
રોગ દુર કર્યો



સિકંદરના દરબારમાં
સાહેબનું સન્માન



સિકંદરના
પીર શેખતકી દ્વારા
સાહેબની કસોટી



મૃત બાળકને
પુર્ન-જીવન બક્ષી
તેનું નામ
કમાલ પાડયું



યોગી ગોરખનાથના
સિધ્ધિ ગર્વનું
મર્દન

સર્વાજિત કમાલી
સંવાદ





કબીર
બીજક સંગ્રહ



મગહરમાં કબીર સાહેબનું અંતર્ધાન



કબીરવડની ઉત્પત્તિ




શ્રી રામકબીર ભકત સમાજની સ્થાપના



કાશીમાં કબીર ચૌરાની સ્થાપના

# અર્પણ


આપના ઉત્તમ કાર્ય અને નિ:સ્વાર્થ સેવાથી સુશોભિત આપની સ્મૃતિ અમારા સૌના અંત:કરણમાં અનંતકાળ સુધી પ્રજ્જવલિત રહેશે. સમાજને વિશાળ વટવૃક્ષ સમાન બનાવી સ્વર્ગસ્થ થયેલા ભક્ત સમાજનાં સૌ સેવાભાવી યુવાનો-વડીલોને શ્રદ્ધાયુક્ત અશ્રુભીની શ્રદ્ધાંજલિ સહ આ પુસ્તક-પરિમલ સમર્પિત.



નોંધ : આ વટવૃક્ષમાં ઘણાં ફોટોગ્રાફ સમાવ્યા છે. અજાણતાં કોઈ ભૂલ થઈ હોય તો ક્ષમા ચાહીએ છીએ.

# અર્પણ

આપના ઉત્તમ કાર્ય અને નિ:સ્વાર્થ સેવાથી સુશોભિત આપની સ્મૃતિ અમારા સૌના અંત:કરણમાં અનંતકાળ સુધી પ્રજ્જવલિત રહેશે. સમાજને વિશાળ વટવૃક્ષ સમાન બનાવી સ્વર્ગસ્થ થયેલા ભક્ત સમાજનાં સૌ સેવાભાવી યુવાનો-વડીલોને શ્રદ્ધાયુક્ત અશ્રુભીની શ્રદ્ધાંજલિ સહ આ પુસ્તક-પરિમલ સમર્પિત.



નોંધ : આ વટવૃક્ષમાં ઘણાં ફોટોગ્રાફ સમાવ્યા છે. અજાણતાં કોઈ ભૂલ થઈ હોય તો ક્ષમા ચાહીએ છીએ.

# ખંડ-૧

# ભારતીય કબીર ચિંતકો

# આલોચના

ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત (બાવાજી)
કપુરા

ભારતના આધ્યાત્મિક સાહિત્યના આકાશમાં સદ્‌ગુરુ કબીર ધ્રુવતારક સમાન છે. આધ્યાત્મિક ક્ષેત્રના પ્રવાસીને યથોચિત માર્ગદર્શન તેમની સ્વાનુભવ સંપન્ન વાણીમાંથી મળી રહે છે. આજે પણ તમામ સંતો, પછી તેઓ હિંદુ હોય કે મુસલમાન-પારસી હોય કે જૈન-બૌદ્ધ હોય કે ખ્રિસ્તી, પોતાની ઉપદેશાત્મક વાણીમાં કબીરની એકાદ સાખી કે પદને અચૂક યાદ કર્યા વિના રહેતા નથી. આવા મહાન સંતના અનેકવિધ પાસાંઓને આવરી લેતા લેખો, સામાન્ય વાચક વર્ગને લક્ષમાં રાખી, એક જ અંકમાં સમાવવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે.

મૂળ તો કલ્યાણના વિશેષ અંક જેવો સાહિત્યિક મૂલ્યવાળો એક વિશેષાંક પ્રગટ કરવાની પ્રેરણા ઘણા વખતથી થયા કરતી હતી. અંકને વૈવિધ્યસભર ને માહિતી પ્રચૂર બનાવવા માટે તજ્જ્ઞ વિદ્વાનોનો સહકાર પણ અનિવાર્ય હતો. છેલ્લા અઢી દાયકાથી વિદ્વાનોના જગતથી વેગળા રહેનારને સહકાર મળી શકે ખરો ? સાથી મિત્રો પણ સાશંક હતા. પરંપરા અનુસાર પ્રથમ તો મેં શ્રદ્ધાથી ગુરુવર્ય પૂજ્ય યોગેશ્વરજીના આશીર્વાદ પ્રાપ્ત કરવા પ્રયત્ન કર્યો. તેમના આશીર્વચન પ્રાપ્ત થયેથી જાણે કે સમસ્યાઓ આપોઆપ ઉકલતી ગઈ ! વિશેષાંકનો ખર્ચ પણ વિશેષ હતો. તેમાં પરદેશ મોકલાતી ૬૫૦ પ્રતોનો ટપાલ ખર્ચ સમગ્ર અંકના છાપકામ કરતાં પણ વધારે ખર્ચાળ હતો. છતાં ટ્રસ્ટીમંડળે સહમતિ સત્વરે પ્રગટ કરી મને પ્રોત્સાહિત કર્યો. ડૉ. કે. સી. ભટ્ટના સહકારથી વિદ્વાનો પાસે વાત પહોંચાડી. બધા જ વિદ્વાન લેખકો એ મિત્ર ભાવે ક્ષણની પણ વાર લગાડ્યા વિના સંમતિ દર્શાવી એટલું જ નહીં પણ મેં આપેલા વિષયો પર લેખો તૈયાર કરી નિયત સમયે મને મોકલી આપ્યા હતા તેની સાભાર નોંધ લીધા વિના રહી શકતો નથી. છેલ્લે છેલ્લે તો ભક્ત સોસાયટી ઑફ યુ.એસ.એ.ના પ્રમુખ શ્રી છગનભાઈ ભુલાભાઈ ભક્તે, પોતાના પિતાની સંવત્સરી સ્મૃતિમાં દાન આપી મારા કાર્યને અત્યંત સરળ બનાવી દીધું. આ બધી ઘટનાઓ આ અંકને ઇશકૃપાની પ્રસાદી રૂપ ગણવા મને પ્રેરિત કરે છે.

નિયતિનું ચક્ર કેટલું સુંદર અને નિયમિત ચાલ્યા કરે છે ! શરદ ઋતુ હોવા છતાં વાદળો પણ થાય છે. ભૂખ્ખર વા વાય તો વાદળ છવાય ! ને ઝાકળી પવન ચાલુ થાય તો આકાશ નિરભ્ર થાય ! છતાં પણ કોઈ માણસ વાદળ દેખી સૂર્ય નથી એમ કહી શકે ખરો ? દરેકને વાદળ પૂંઠે પણ સૂર્ય છે જ તેની ખાતરી છે. તેવી રીતે યુગ-પુરુષ કબીરસાહેબની વાણી સ્વાનુભૂતિજન્ય હોવા છતાં તેની આસપાસ વિવાદનાં વાદળો છવાયાં છે. વાચક વર્ગે પણ વિવાદો પાછળ સત્યનો સૂર્ય છે જ તેની ખાતરી રાખવી પડશે. જો કે સામાન્ય વાચક વર્ગ તો અકળામણ પણ અનુભવે તો આશ્ચર્ય નહિ.

જે વિવાદો થયા છે તે ક્યાં તો દંતકથાને આધાર માની નિર્ણય કરવાની પ્રથાથી થયા છે ને ક્યાં તો વિસંવાદી અર્થઘટનને કારણે થયા છે. અન્ત:સાક્ષ્ય પ્રમાણો શોધવા પાછળ જે દૃષ્ટિ જોઈએ તેનો અભાવ પણ કારણભૂત ગણાય. કબીરવાણીમાં આંતરિક પ્રમાણો શોધીએ ત્યારે કબીરસાહેબે સાખીમાં, પદોમાં કે રમૈનીમાં પોતાની આત્મકથા લખી નથી તે સહુ પ્રથમ લક્ષમાં રાખવાની જરૂર છે. જે સંતો પોતાની જાતને મિટાવી પરમાત્મભાવમાં લવલીન રહેતા હોય તેને સ્વાર્થ ક્યાંથી રહે ? તે તો 'જલા કર ખુદનુમાઈ કો ભસ્મ તન પર લગાતા જા'ની પ્રક્રિયા પૂર્ણ કરી યોગારૂઢ અવસ્થામાં પોતાનું પ્રારબ્ધ નિરાસક્તભાવે નિર્ગમન કરતા હોય છે. તેઓ પોતાની અંગત વાત ક્યારે કરે ? શા માટે કરે ? કબીરસાહેબની કવિતા આત્મવિચારથી સંપન્ન છે તે હકીકતને સ્પષ્ટ કરવા હિન્દી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન ડૉ. ત્રિગુણાયતજી નીચેની પંક્તિ ટાંકે છે :

*લોગ કહે યહ ગીતુ હૈ યહુ નિજ બ્રહ્મવિચાર રે !*

(ક. ગ્રં. પૃ. ૨૭૩)

ડૉ. ત્રિગુણાયતજીની આ દૃષ્ટિ બિલકુલ સાચી છે. કબીર જેવા સિદ્ધ કોટિના વંદનીય સંતને સમજવા માટે આ દૃષ્ટિ અત્યંત ઉપકારક છે. આ દૃષ્ટિથી નિર્ભ્રાન્ત કલ્પનાઓ ને નિરર્થક વિવાદોનો સૂર્યની હાજરીમાં ઝાકળનું અસ્તિત્વ વિલોપ પામે તેમ અંત આવી જાય. જો કે આ જ વિદ્વાન મહાશયે અન્ત:સાક્ષ્યની તપાસણી વખતે અને શબ્દોના અર્થઘટન વખતે, તેમણે જ સ્થાપેલી સિદ્ધાન્તદૃષ્ટિનો સમુચિત ઉપયોગ કર્યો નથી તેથી આશ્ચર્ય પેદા થાય છે. પરિણામે સાહિત્ય જગતના આકાશમાં વિવાદોનાં વાદળો જેટલાં હટી જવા જોઈએ તેટતાં હટી શક્યા નથી. ઉ. ત. 'કબીર કી વિચારધારા' પુસ્તકના પૃ. ૫૦ પર નીચે પ્રમાણેની નોંધ છે :

'કહતે હૈ કિ મહાત્મા કબીરને मसि और कागज કભી હાથ સે નહીં છૂએ થે ! ઉન્હોંને અપની વિદ્યા-વિહીનતા સ્વીકાર કી હૈ ! 'विदिया न पढउ वाद न जान हू' ઐસી દશા મેં ઉનકી બાનિયાં ઉનકે શિષ્યો દ્વારા હી લિખી ગઈ હોગી !

આ નોંધ દ્વારા બે મુદ્દાઓ સ્પષ્ટ થાય છે – એક તો કબીરસાહેબ નિરક્ષર હતા અને બીજા વિદ્યાવિહીન પણ હતા. ખરેખર એ પંડિત દ્વારા વિદ્યાવિહીનતા સિદ્ધ થઈ શકે ખરી ? પંક્તિમાં પ્રયોજાયેલા શબ્દો પર ધ્યાનપૂર્વક વિચાર કરવામાં આવે તો અર્થઘટનમાં મૂળભૂત તફાવત માલૂમ પડશે. 'विदिया' શબ્દ દ્વારા કબીરસાહેબને શું અભિપ્રેત હશે ? પરા-વિદ્યા કે અપરાવિદ્યા ? 'वाद' શબ્દ વિદ્યા શબ્દનો અર્થ સમજવામાં મદદ કરે છે. દ્વૈતવાદ, શુદ્ધાદ્વૈતવાદ, ભેદાભેદવાદ વગેરે. પરમાત્મા સાકાર કે નિરાકારી સગુણ કે નિર્ગુણ ? – વગેરે. તેથી પરાવિદ્યા અભિપ્રેત છે એમ માનવું રહ્યું. કારણ કે પરાવિદ્યામાં ષટ્શાસ્ત્રો – ન્યાય, વૈશેષિક, યોગ, મીમાંસા, સાંખ્ય ને વેદાંત. સાંખ્યમાં પણ બે ભેદ, સેશ્વર સાંખ્યને નિરીશ્વર સાંખ્યનો સમાવેશ થાય છે. મતભેદોએ ઉગ્રતા તથા કટ્ટરતા ધારણ કરી ત્યારે વાદ બન્યા હશે. તેથી તેવી વિદ્યા ને તેવા વાદથી કબીરસાહેબને રસ નથી તે ઉપરોક્ત પંક્તિ દ્વારા સ્પષ્ટ રીતે વ્યક્ત થયું ગણાય. વળી તેવી વિદ્યા ને તેવા વાદથી કબીરસાહેબ અનભિજ્ઞ હતા તે પણ કેવી રીતે કહી શકાય ? અનભિજ્ઞ હોય તો ઉપરોક્ત પંક્તિમાં તેમણે નીરસતા કેવી રીતે વ્યક્ત કરી ? માટે કબીરસાહેબને પરાવિદ્યાનો ખ્યાલ હોવો જ જોઈએ તદુપરાંત, તેમની આ અભિવ્યક્તિમાં વિનમ્રતાના પણ દર્શન થાય છે. પોતે વિદ્યા ને વાદ જાણતા હોવા છતાં તેનાથી તેઓ અજાણ છે તેવું કહેવા પાછળ તેમનો જ્ઞાનગર્ભિત વિનય રહેલો છે. આ રીતે કબીરસાહેબે विदिया ને वाद શબ્દનો વિનિયોગ સભાનપણે જ કર્યો છે તે સ્પષ્ટ થાય છે. હા, विद्या ને भाषा જેવો શબ્દ પ્રયોગ હોત તો ને वादને બદલે અન્ય ઉચિત શબ્દપ્રયોગ હોત તો તેમથી વિદ્યાવિહીનતા સિદ્ધ કરવા માટે ઉપયોગી થાત.

વળી વિદ્યા-વિહીનતા ને નિરક્ષરતા એક અર્થના દ્યોતક શબ્દ નથી. ખરેખર બંને ભિન્ન ભિન્ન અવસ્થાઓ છે. જે નિરક્ષર હોય તે વિદ્યા વગરનો જ હોય એમ કોણ કહી શકે ? સંજોગાધીન ભલે તે નિરક્ષર રહી ગયો હોય છતાં તે અનુભવની વિદ્યાથી સમૃદ્ધ બની શકે છે. અનુભવની વિદ્યાનો મહિમા ઓછો નથી. એથી ઊલટું જે ભણેલો હોય છતાં તે વિદ્યાથી વંચિત પણ હોઈ શકે. માત્ર અક્ષરજ્ઞાન જીવનનું કલ્યાણ કરી શકતું નથી. બંને પ્રકારની વિદ્યા કલ્યાણ માર્ગને માટે અત્યંત આવશ્યક છે. આવી પૂરી સમજ સાથે કબીરસાહેબે 'विद्या न पढउ

बाद न जानहू' એ વિધાન કર્યું લાગે છે. તેથી તેઓ વિદ્યા-વિહીન હતા અને નિરક્ષર પણ હતા એવું અનુમાન કેવી રીતે કરી શકાય ? તેમની નિરક્ષરતા માટે ઉપરોક્ત નોંધમાં બીજી એક સાખીનો નિર્દેશ છે :

*मसि कागद छूयो नहि, कालम गही नहि हाथ ।*
*चारिउ जुगका महातम मुखहि जनाई वात ।।*

અર્થાત્ કાગળ ને કલમનો સ્પર્શ કર્યા વિના જ ચારે યુગનું મહાત્મ્ય મૌખિક જણાવી દીધું.

'કબીરસાહેબ અભણ હતા તેથી તેમણે કલમ તથા કાગળને હાથ પણ અડાડ્યો નથી એમ કહ્યું' — એ અનુમાન મહાપુરુષોને સમજવાની આપણી ઊણપનું પ્રદર્શન કરે છે. કબીરસાહેબનું સાહિત્ય આ અનુમાનને ખોટું ઠેરવે છે. વિદ્વાનો એક તરફ કબીર નિરક્ષર અને વિદ્યા-વિહીન હતા એમ પુરવાર કરવા મથે છે ને બીજી તરફ પૂર્વવત્ સંતયોગીઓની વાણીનું સીધેસીધું સામ્ય કબીરવાણીમાંથી શોધી કાઢી કબીર પર ગોરખ, નામદેવ, જયદેવ વગેરે સંતયોગીઓનો પ્રભાવ સિદ્ધ કરે છે. સિદ્ધાંત સામ્ય, કેટલીક પંક્તિઓનું સામ્ય અને અભિવ્યક્તિની લઢણનું સામ્ય પૂર્વવર્તી સંતસાહિત્યમાંથી શોધી કાઢવામાં આવ્યું છે.

કબીરસાહેબ નિરક્ષર ને વિદ્યા-વિહીન હોય તો પૂર્વવર્તી સંતોનો અભ્યાસ તેમણે કેવી રીતે કર્યો ? સંતોને માત્ર સાંભળવાથી શ્રોતા પર આધ્યાત્મિક પ્રભાવ પડે. પરંતુ વાણીનું સીધેસીધું સામ્ય તો અભ્યાસનિષ્ઠા વિના ઊતરી શકતું નથી. અભ્યાસનિષ્ઠ તે જ થઈ શકે કે જે વિદ્યાસંપન્ન ને સાક્ષર હોય. છતાં વિદ્વાનો કબીરને નિરક્ષર તથા વિદ્યા-વિહીન શા માટે કહેતા હશે તે એક મોટું આશ્ચર્ય છે ! જો તેઓ અભણ હોત તો તેમણે અનેક ગ્રંથો રચ્યા હતા એવું સંશોધન કેવી રીતે શક્ય બન્યું ? કબીરરચિત ગ્રંથોની ગણતરી કોઈ વિદ્વાન આઠની બતાવે છે, કોઈ ૧૪ની બતાવે છે, કોઈ ૪૦ની બતાવે છે, કોઈ ૫૧ની બતાવે છે, કોઈ ૭૧ની બતાવે છે, કોઈ ૭૫ની બતાવે છે તો કોઈ ૮૨ની પણ બતાવે છે. બની શકે કે બધાં જ ગ્રંથો તેમના ન પણ હોય ! છતાં તેમણે ગ્રંથો લખ્યા જ ન હતા એમ તો કેવી રીતે કહી શકાય ? એના કરતાં તેઓ સ્વયંસિદ્ધ સર્જક હતા એમ શા માટે ન માનવું

ઉપરોક્ત પંક્તિઓનો સર્જક કોઈ સામાન્ય વ્યક્તિ નથી. આધ્યાત્મિક ક્ષેત્રના તમામ શિખરોને સર કરનાર એક મહાપુરુષનું આ માર્મિકકથન છે. જેઓ

ત્યારે પ્રતિપાદિત કરે છે કે મારાં કાવ્યો એ માત્ર ગીત નથી પણ પરમતત્ત્વની વિચારણાનું અમૃત છે. તો આપણે અર્થઘટન માટે સજાગ બની જવું જોઈએ. શબ્દ-શક્તિનો વિનિયોગ તેમણે આત્માનુભૂતિની અભિવ્યક્તિ માટે કર્યો છે તે સદાય ખ્યાલમાં રહેવો જોઈએ. વળી, આ તો પદ્ય છે. પદ્યમાં કે કવિતામાં રૂઢ શબ્દોનો ઉપયોગ સર્જક કરે ત્યારે તે શબ્દો પાસે કામ લેતો હોય છે. તે શબ્દનો તો ગુલામ નથી જ. શબ્દોને વિશેષ અર્થ-વ્યંજના પ્રદાન કરી તે સ્વાનુભૂતિની ચમત્કૃતિ જન્ય અભિવ્યક્તિનું વાહન બનાવે છે. તદુપરાંત એ પણ એક આશ્ચર્ય છે કે જે સર્જકની આંતરદશા ઉત્કૃષ્ટપણે વિકાસ પામી હોય તે ઘણે ભાગે તો લખવા કરવા માટે ઉદાસીન પણ હોય છે. આપણા જમાનાના આત્મ સાક્ષાત્કારી મહાપુરુષ શ્રીમદ્ રાજચંદ્ર એક મુમુક્ષુને પોતાની આંતરિક અવસ્થા જણાવતાં લખે છે–

'હવે અમે અમારી દશા કોઈ પણ પ્રકારે કહી શકવાના નથી; તો લખી ક્યાંથી શકીશું ? આપનાં દર્શન થયે જે કંઈ વાણી કહી શકશે તે કહી શકશે, બાકી નિરુપાયતા છે.'

જીવન સાધના-પૃ. ૭૩
(મુકુલભાઈ કલાર્થી)

'मुखहिं जनाई बात' શબ્દો આ દૃષ્ટિએ આપણે સમજીએ તો કબીરસાહેબની આંતર્દશાનો પણ ખ્યાલ આવે. પોતે અભણ હતા તેથી મોઢેથી બધું કહ્યું એવો સ્થૂળ અર્થ ગ્રહણ કરવો ઉચિત નથી. તેવા સર્જક ક્યારેક લોકસંગ્રહને અર્થે લખે તો તે અર્થ ગંભીર જ હોય ! આ દૃષ્ટિએ ઉપરોક્ત સાખીના અર્થગ્રહણને માટે 'સાખી પ્રકરણ'માંથી બીજી ચાર સાખીઓ મદદરૂપ થશે.

(૧) *પઢના લિખના ચાતુરી યે, તો બાત સહેલ*
*કામ દહન મનવશ કરન ગગન ચઢન મુશ્કેલ.*

(૨) *નહિ કાગજ, નહિ લેખની,*
*નિર અક્ષર હૈ સોય;*
*પુસ્તક છાંડિજો બાંચઈ,*
*પંડિત કહિયે સોય !*

(૩) *ચાર વેદ પંડિત પઢૈ,*
*કિયા ન હરિ સે હેત;*
*બાલિ કબીરા લે ગયા,*
*પંડિત ઢૂંઢૈ ખેત !*

(૪) *બાની તો પાની ભરૈ, ચારો વેદ મજૂર;*
*કરની તો ગારા કરૈ, સાહેબકા ઘર દૂર !*

આ સાખીઓ 'કલમ' કે 'કાગજ' તથા 'ચારઉ જુગહા મહાત્તમ' શબ્દના અર્થને સમજવામાં અત્યંત ઉપયોગી બને છે. ચારે યુગનું મહાત્મ્ય કે ચારે વેદના જ્ઞાનનું મહાત્મ્ય હરિનો – આત્માનો – પરિચય થયા પછી જ સમજાય. આત્મવિદ્યા વિના કલમ કાગળ પર જે લખે તે મહાત્મ્ય વિનાનું જ હોય ! ને આત્મવિદ્યા જાણનાર કલમ ને કાગળ વિના થોડા જ શબ્દોમાં ચારે વેદનું રહસ્ય પણ જણાવી શકે ! આ પ્રકારનો અનુભવાત્મક પરિચય કરનાર આત્માને જાણી શકે ને જણાવી પણ શકે. પરંતુ અનુભવાત્મક પરિચય સાધના વિના કેવી રીતે થાય? સાધનાત્મક જીવન ગુરુની સન્નિધિમાં જ ઉત્કૃષ્ટ રીતે પાંગરે તે પણ તેટલું સાચું ! તેથી આત્મિક અનુભવ ને ગુરુનું સાન્નિધ્ય પાયાનું સત્ય છે. તેથી ઉપરોક્ત સાખીને વિશાળ સંદર્ભમાં સમજવું જરૂરી છે. વિદ્વાન સમાલોચક શ્રી માતાપ્રસાદ ગુપ્ત 'કબીર ગ્રંથાવલી' ભૂમિકા પૃ. ૪ પર યોગ્ય રીતે જ કહે છે :

'પ્રાય: યહ સમજા જાતા હૈ કિ કબીર નિરક્ષર થે – લિખને-પઢનેસે ઉન્હેં કોઈ વાસ્તા નહીં થા । સુનસુનાકર હી ઉન્હોંને જ્ઞાનાર્જન કિયા થા । કિન્તુ ઇસસે બઢકર નિરાધાર કથન કોઈ નહીં હો સકતા હૈ, યહ કબીરકી વિચાર ઔર અભિવ્યક્તિ શૈલીકા અધ્યયન કરને સે પૂર્ણત: સ્પષ્ટ હો જાતા હૈ !'

આ રીતે કબીર સાહિત્યમાં અનેક વાદો પ્રવર્તમાન છે, પછી તે સાંપ્રદાયિક સાહિત્ય હોય કે સંશોધિત સાહિત્ય હોય. સાંપ્રદાયિક વિદ્વાનો પણ વિવાદથી પર રહી શક્યા નથી. તેમણે કબીરસાહેબને અયોનિજ ઠેરવવા આકાશપાતાળ એક કર્યા છે. આ જગતમાં જન્મ લેનાર હરકોઈ યોનિમાર્ગે આવે છે જ્યારે કબીર યોનિમાર્ગે નહોતા આવ્યા, તેઓ સ્વયં પ્રગટ થયેલા એવું પ્રતિપાદન કરવામાં આવે છે. ખરેખર તો અયોનિજ ઠેરવવાથી કબીરસાહેબની મહત્તા વધતી નથી. બલકે ઘટે છે. આ યુગમાં તો એવી વાત કરનાર માટે અનાસ્થા જન્મે છે. સાથે સાથે ભક્ત પરિવારોમાં પણ શ્રદ્ધાનો અભાવ વધતો રહે છે, એથી ઊલટું સામાન્ય માનવીમાંથી જે મહામાનવની કક્ષા છે તેને માટે અલૌકિક આદરભાવ જન્મે છે. તેવા મહામાનવને લક્ષમાં રાખી આમજનતા પ્રગતિ માટે પ્રેરણા પ્રાપ્ત કરી શકે છે. વળી આપણે કૃષ્ણને અને રામને બ્રહ્મસ્વરૂપ માનીએ છીએ તેવા મહાપુરુષો જો દેવકીને પેટે કે કૌશલ્યાને પેટે જન્મતા હોય તો કબીર પણ માને પેટે કેમ ન જન્મ્યા હોય ? આ રીતે આયોનિજ ઠેરવવાની વૃથા મહેનત છોડી દેવી જરૂરી છે.

સાંપ્રદાયિક વિદ્વાનો પણ વિસંવાદી અર્થઘટન કરે છે ત્યારે એક પંથમાંથી અનેક પંથ પેદા થાય છે. કબીર નિરીશ્વરવાદી હતા અને વેદ વિરોધી હતા એવું પ્રતિપાદન કરનાર અલગ ચોકો બનાવે છે. કબીર પંથની આ શાખા પારખમત તરીકે પ્રસિદ્ધ પામી છે. પારખ એટલે જે સાચી પરખ કરી શકે છે તે. ખરેખર તેઓ સમ્યક્ પરખ કરી શક્યા નથી તેવી પ્રતીતિ આપણને સ્હેજે થાય એમ છે.

ઉ. ત.

*હિન્દુ કહો તો હૌં નહીં, મુસલમાન ભી નહિ ।*
*પાંચ તત્ત્વકે પૂતલા, ગૈબી ખેલે માંહિ ॥*

આ સાખીને આધારે પારખમતના વિદ્વાનો પોતાની જાતને હિંદુને મુસલમાનથી ભિન્ન માને છે. ઉપરોક્ત સાખીમાં કબીરસાહેબનું મંતવ્ય શાસ્ત્રીય છે. આત્મા જે અગોચર ને અચિંત્ય રૂપ હોવાથી 'ગૈબી' છે તેને કોઈ જાતિ નથી. આત્મા હિન્દુ પણ નથી ને મુસલમાન પણ નથી, એ તો બ્રહ્મસ્વરૂપ જ છે. વેદવાણી પણ સાખ પૂરે છે –

*नाहं मनुष्यो न च देवयक्षौ*
*न ब्राह्मण क्षत्रिय वैश्य शूद्रा ।*
*न ब्रह्मचारी न गृही वनस्थो*
*भिक्षुर्नचाह निजबोधरूप: ।।*

અર્થાત્ – હું મનુષ્ય નથી, દેવયક્ષ નથી, બ્રાહ્મણ નથી, ક્ષત્રિય નથી, વૈશ્ય નથી, શૂદ્ર પણ નથી, બ્રહ્મચારી પણ નથી, ગૃહસ્થી પણ નથી, વનવાસી પણ નથી, ભિખારી પણ નથી – હું તો માત્ર નિજબોધ આત્મસ્વરૂપ છું.

કબીરસાહેબની વાણી શાસ્ત્ર ગ્રંથો સાથે સંવાદી તાલ લેતી સામાન્ય લોકોના હૃદય સુધી પહોંચી હતી છતાં પારખમતના વિદ્વાનો સ્થૂળ અર્થ ગ્રહણ કરવા પ્રયત્ન કરે છે ત્યારે તેઓ કબીરવાણીને ન્યાય આપી શકતા નથી તે સ્પષ્ટ થાય છે.

❑

# કબીરવાણીનાં અજવાળે નિત્ય જીવન પંથ પર...

પ્રો. ડૉ. અશ્વિન દેસાઈ
સુરત

દુનિયાના ઇતિહાસનાં પાનાં ઉથલાવીએ તો ભારતની ભૂમિ અને ઇતિહાસની, અન્ય દેશોની તુલનામાં કઈ વિશેષતા નજરે ચઢે ? વિશ્વના તમામ દેશોમાં રાજાઓની કથા તો અંકિત થયેલી અનિવાર્યપણે જોવા મળવાની. ભારતના ઇતિહાસમાંય રાજા-રજવાડાંઓની વાતો આવે તો ખરી જ. પણ સહેજ સંવેદનશીલ બની એ પાનામાંથી પસાર થનારને સમજાશે કે ભારતની ભૂમિ એ રાજાઓની ભૂમિ તરીકે નહિ પણ સંતોની ભૂમિ તરીકે'વિશેષતા ધરાવે છે. વિશ્વના ઘણા દેશોમાં 'રાજા'ને પ્રભુનો પ્રતિનિધિ માનવામાં આવ્યો છે, જ્યારે ભારતમાં કોઈ સંત, પરિવ્રાજક ઓલિયો ફકીર કે પીર એ પ્રભુનો પ્રતિનિધિ છે. ભારતનાં લોકજીવનને આકાર અને સત્ત્વ અર્પનાર આ સંતો, યોગીઓ અને ભક્તો છે. ઉત્તર ભારતનું લોકજીવન અકબર કરતાંય વિશેષ તો તેના સમકાલીન ને છતાંય શાશ્વતકાલીન એવા તુલસીદાસથી વિશેષ પ્રભાવિત છે. બરાબર એ જ રીતે, સિકંદર લોદીનો રાજા તરીકે આજના ભારતવાસીઓ પર કોઈ પ્રભાવ નથી, જ્યારે એ જ સમયગાળાના એના સમકાલીન કબીરની વાણી આજેય પ્રભાવિત કરે છે. એ શાશ્વતકાલીન છે ! રાજા તત્કાલ છે ને સંત શાશ્વતકાલીન છે એમ જ કહેવું હોય તો કહેવાય. ભારતીય સંતોની પરંપરાથી ભારતીય સંસ્કૃતિનો ઇતિહાસ અન્ય દેશોના ઇતિહાસથી જુદો પડી આવે છે.

ભારતીય સંતોની વાણીનો અર્ક-સાર, મૂળ તત્ત્વ શું ? એ વાણીમાં વ્યક્ત થયેલું મૂળ તત્ત્વ એ જ કે આ જીવ અને શિવ, પિંડ અને બ્રહ્માંડ, આત્મા-પરમાત્મા જુદાં નથી, તત્ત્વતઃ એક છે. માયા કહો કે જ્ઞાનના અભાવે ને અજ્ઞાનના પ્રભાવે એ પૃથક લાગે છે. બાકી જીવનું લક્ષ્ય શિવમાં, આત્માનું લક્ષ્ય પરમાત્મામાં લય પામવાનું છે. પિંડ જે બ્રહ્માંડનો જ અંશ છે તે બ્રહ્માંડમાં જ લય પામે તેમાં જ એની મુક્તિ છે. પણ કોઈ કોઈ વાર એમ લાગે છે કે આ આત્મા પરમાત્માની

વાત તો જાણે રોજ-બ-રોજનાં જીવનથી કેટલી દૂરની છે ! આત્મા પરમાત્મામાં લય પામે તેમાં જીવનમોક્ષ છે, એમ જાણ્યા પછી પણ રોજનાં નિત્ય જીવનમાં તો જાણે એનો કોઈ પ્રભાવ જ વરતાતો નથી. જે લાગણી અને આવેગના ધક્કાથી જીવન જિવાય છે તે તો આત્મા પરમાત્માના જ્ઞાનના પ્રભાવે જાણે કે ઘડાતા જ નથી ! એટલે જ, એનો નિત્ય વ્યવહાર પર પણ પ્રભાવ જણાતો નથી.

કબીરવાણીનો એક ચોક્કસ ભાગ આ આપણા નિત્ય જીવનને ઘડનારો, પ્રેરનારો ને દોરનારો છે. જે ઊર્મિઓના ઉદ્રેક ને ભાવોના પ્રભાવોથી આપણે રોજનું જીવન જીવીએ તેને લક્ષ્ય કરનારો છે. આપણા લાગણીનાં રૂપોને અજવાળનારો છે. આવેગનાં વેગને દિશા આપનારો છે. પ્રાત:કાળથી માંડીને નિદ્રાધીન થતાં સુધીમાં જે જીવન આપણે જીવીએ છીએ એ જીવનને પ્રભાવિત કરનારી આ વાણીનું સેવન જીવનની દશા અને દિશા બેય બદલી શકે છે.

માનવીની ભાવ સૃષ્ટિમાં પ્રેમ એ સર્વોપરી ભાવ છે. કબીરજીએ આ 'અઢી અક્ષર' નો મહિમા કર્યો છે. પ્રેમની અનિવાર્યતા દર્શાવતા સચોટ રીતે કહ્યું છે–

*'જા ઘટ પ્રેમ ન સંચરે સો ઘટ જાન મસાન,*
*જૈસે ખાલ લોહારકી સાંસ લેત બિનુ પ્રાન.'*

પ્રેમ જ પ્રાણરૂપ છે. પ્રેમ વિનાનું શરીર લુહારની ધમણ જેવું નિષ્પ્રાણ છે, પણ આ પ્રેમનો મારગ શૂરાનો મારગ છે. કબીરજી તો કહે છે કે 'અગ્નિની આંચ સહના સુગમ, સુગમ ખડકકી ધાર, નેહ નિભાવન એક રસ મહા કઠિન બ્યોહાર' આ તો મહા કઠિન વ્યવહાર છે. આ પ્રેમ તે પ્રભુ પ્રેમ. એમાં જ સમાઈ જાય વ્યક્તિનો વ્યક્તિ માટેનો પ્રેમ. એ વ્યક્તિનો વ્યક્તિ માટેનો તથા વ્યક્તિનો પ્રભુ માટેનો પ્રેમ હોય છે તેનો સૌથી મોટો શત્રુ છે અહં, અભિમાન. આપણું રોજબરોજનું જીવન આ પ્રેમથી નહિ તેના કરતાંય વિશેષ તો અહંથી પ્રેરાયેલું હોય છે. પ્રેમનાં ઘરમાં 'સીસ ઉતારે' તેને પ્રવેશ મળે છે. આ 'પ્રેમ ન બાડી ઉપજે', 'પ્રેમ ન હાટ બિકાય, રાજા પરજા જેહિ રૂચૈ સીસ દેહ લેઈ જાય.' આપણે તો ઘણી વાર ધન છોડીએ, કદાચ જીવ છોડીએ પણ અહં છોડી શકતા નથી. કબીરજી તો સાફ સાફ કહે છે. 'પ્રેમ પિયાલા જો પિય, સીસ દચ્છિના દેય' શીશની દક્ષિણા – અહંનું વિસર્જન કે રૂપાંતર થાય તો પ્રેમ પામી શકાય.

અહં પ્રેમનો જ નહિ, માણસાઈનો પણ મોટો શત્રુ છે. કબીરજીએ 'નોટિશ' લખેલી છે કે 'કબીરા અપને જીવ તૈં યે દો બાતેં ધોય, માન બડાઈ કારને આછત મૂલ ન ખોય.' સંસારીના ચાર રોગ છે – અભિમાન ત્યાં આપત્તિને શંકા ત્યાં

શોક. 'માન તજ નહિ જાય' તો આ રોગો પણ કેમ કરી જાય ?

આ અહંના એક ધક્કાથી આપણું રોજબરોજનું જીવન એક અંતિમે જઈ બેસે છે ને બીજા ધક્કાથી બીજા છેડે જઈ બેસે છે. અહં વિવેકનો છેદ ઉડાડે છે.

*'જહં ગાહક તહં હાં નહીં હાં જહઁ ગાહક નાહિ,*
*બિન બિબેક ભટકત ફિરે પકરિ શબ્દ કી છાંહિ.'*

જિજ્ઞાસુ અહંભાવી હોતો નથી, સંસારી જીવો અહંના ધક્કા ખાઈ ખાઈને વિવેકવિચાર વિના શબ્દ-મૂળ વસ્તુનો પડછાયો પકડીને ભટકતા ફરે છે.

અહંના હડસેલાથી મુક્ત થવા માટે, અંતિમો વચ્ચે રહેંસાવાને બદલે **મધ્ય-પથનું** અનુસરણ કરવું એમ કબીરજીએ સૂચવ્યું છે. બધુંયે અતિશયતા છોડીને પ્રમાણસરનું જ સારું લાગે. ખૂબ જ જાણીતો એ દૂહો સતત ઘૂંટવા જેવો છે.

*'અતિ કા ભલા ન બોલના, અતિકી ભલી ન ચૂપ,*
*અતિ કા ભલા ન બરસના, અતિકી ભલી ન ધૂપ.'*

રોજ-બ-રોજનું જીવન તો ઘેરાયેલું છે, અહં પ્રેરિત **કામના** પ્રભાવથી રંગાયેલું રહે છે, **ક્રોધથી** અને ક્લિષ્ટ તથા કષ્ટભર્યું થતું રહે છે **લોભ** અને **મોહથી**.

*'કામ ક્રોધ મદ લોભ કી જબ લગ ઘટ મેં ખાન,*
*કહાં મૂર્ખ કહાં પંડિતા દોનો એક સમાન.'*

આ કામ ક્રોધ મદ લોભ મૂર્ખ અને પંડિતને એકસરખા કરી મૂકે છે. મનની કલ્પનાનો જેટલો વિસ્તાર છે તેટલો જ કામનો વિસ્તાર છે. કબીરજી કહે છે –

*'સહ કામી દીપક દસા સોખૈ તેલ નિવાસ,*
*કબીરા હીરા સંતજન સહજૈ સદા પ્રકાશ.'*

પોતાનું તેલ (શક્તિ) પોતે જ શોષી લેનાર દીપક અને કામી જીવનની દશા સરખી જ હોય છે. સંતજન હીરા સમાન છે કારણ કે એમને તો સદાયે કુદરતી, સહજ (પ્રભુનો દીધેલો સ્વાભાવિક) પ્રકાશ પ્રાપ્ત હોય છે.

'કામથી નીપજે ક્રોધ' આ **ક્રોધ** મહદ્ અંશે પ્રગટે છે કુટિલ વાણીમાં – કટુ વચનમાં કબીર કહે છે 'કિયા કરાયા સબ ગયા જબ આયાં હંકાર.' આ 'કુટિલ વચનથી તો અંગે અંગ અંદરથી બળીને ખાખ થઈ જાય છે. આ ક્રોધથી

પ્રેરાયેલાં કટુ વચનની ફાંસ છાતીમાં વાગે છે. એની વેદના કાળજામાં થયા કરે છે. એનું શૂળ કાઢ્યું કઢાય તેમ નથી, એ ગાંઠની જેમ ઊંડે વળગી રહે છે.

આજના મનોવૈજ્ઞાનિકો કહે છે આજના જીવનની તાણનું મુખ્ય કારણ છે ખેંચતાણ. આ ખેંચતાણને એક છેડે છે અહં ને બીજા છેડે છે લોભ. લોભનાં સ્વરૂપને સમજાવતાં કબીર કહે છે –

*'કબીરા ઔંધી ખોપરી, કબહૂં ધાપૈ નાહિ,*
*તીન લોકકી ફાયદા કબ આવૈ ઘર માંહિ.'*

લોભની ઊંધી ખોપરી કદી યે સંતોષાતી નથી ! ત્રણે લોકની સંપત્તિ ઘરમાં લાવવાની મથામણ ને દોડધામમાં ત્રણે લોકની આપત્તિ નોતરી લાવે છે ! લોભ પ્રેરાયેલો છે મોહથી કબીર કહે છે – 'મોહ ફંદ સબ ફાંદિયા' 'મોહ મગન સંસાર.' આ મોહનિદ્રામાંથી જગાડવા કબીરજીએ પાર વિનાની **'ચેતવણી'** આપી છે.

આ 'ચેતવણી'નો મુખ્ય સૂર છે કાળનું ભાન. આ સમય જ રચે છે બળાબળ. 'પાની કેરા બુદબુદા, અસ માનુષકી જાત' એમ કહી કાળનાં સંદર્ભમાં જીવનની ક્ષણિકતા દર્શાવી છે. કાળે જીવનો ચોટલો ઝાલેલો છે એટલે એનો ગર્વ સારો નહિ. 'સેમર ફૂલ' જેવો આ સંસાર છે તે 'દિન દસ કે બ્યોહાર' છે. એમાં જે જૂઠા રંગ છે તે ભૂલવા જેવા નથી. કબીરના દૂહામાં આ 'ચેતવણી'ના દોહાની સંખ્યા ઠીક ઠીક મોટી છે ને એનો સૂર પણ ઠીક પ્રલંબ છે.

એ 'ચેતવણી'નો સૂર ભય પ્રેરવા માટે નથી, પણ જીવને જગાડવા માટે છે. કબીર કહે છે – 'કબીરા સોયા ક્યા કરૈ, જાગનકી કરુ ચૌંપ' **જાગવાની ચાનક રાખ.** જે જાગ્રત છે તે **નિંદા** ન કરે. કારણ કે એ સમજે છે કે–

*'તિનકા કબહું ન નિંદયે જો પાવનતર હોય,*
*કબહું ઊડે આંખિન પરૈ પીર ઘનેરી હોય.'*

જે રોજ-બ-રોજના વ્યવહારમાં જાગ્રત છે તે નિંદા ન કરે પણ આંગણાંમાં કે ઘરમાં નિંદકને નજીક રાખે. એ નિંદા કરીને પાણી કે સાબુ વિના સ્વભાવને નિર્મળ કરે છે. નિંદા કરનાર નિંદા કરે ત્યારે મોટાએ તો **ક્ષમા જ કરવી.** એ કબીરજીની શાણી સલાહ છે. 'છિમા બડન કો ચાહિયે, છોટન કો ઉત્પાત.' સમુદ્રમાં પડેલી વીજળી જેમ સમુદ્રને બાળી શકતી નથી તેમ સંત અને ઉદાર જન પર થતી નિંદા એને બાળી ન શકે.

ડગલે ને પગલે આપણે પૈસાની ખોટ પડતી નથી ત્યારેય ખોટ પડે છે **ધીરજની**. આ ધૈર્ય કેળવવું તે સાધક થવાની દિશામાં પહેલું ડગલું છે. 'ધીરે ધીરે રે મના ધીરે સબ કછુ હોય, માલી સીંચે સો ઘડા ઋતુ આયે ફલ હોય.' આપણા કુદરત વિરુદ્ધ થતાં જીવનમાં આપણને તો ઋતુ વિનાના, અસમયનાં ફળની તૃષ્ણા જ વધતી જાય છે. આ તૃષ્ણા જ અસંતોષ ને અજંપાને જન્મ આપે છે. આ **સંતોષ** અંદરથી ઉપજે તો ઉપજે. અન્યથા અપારપ્રાપ્તિના પરિણામે પણ અજંપો જ રહી જાય. કબીર કહે છે–

*'ગોધન ગજધન બાજિધન ઔર રતન ધનખાન,*
*જબ આવૈ સંતોષ ધન સબ ધન ધૂરિ સમાન.'*

સંતોષરૂપી ધન પ્રાપ્ત થતાં ગોધન, ગજધન, અશ્વધન ધૂળ સમાન લાગે.

આ સંતોષ જેમ અંદરની ઉપજ છે તેમ એ સંતોષને પોષનારી અંદરથી ઊપજ છે **ભક્તિ**. ભક્તિ વિનાનું આત્માપરમાત્માનું એકલું કોરું શુષ્ક જ્ઞાન બહુ દૂર સુધી લઈ જઈ શકે નહિ. આ ભક્તિ દેખાદેખીથી થતી નથી. (મહદ્ અંશે સામાન્ય પૃથક જનની ભક્તિ તો દેખાદેખીનું જ પરિણામ હોય છે !) 'દેખાદેખી ભક્તિ કા કબહૂં ન ચઢસી રંગ.' એમ કહ્યા પછી કબીરજી કહે છે 'દેખાદેખી ભક્તિકા રંગ નહીં ઠહરાય.' એ અંદરનો લગની તો અગ્નિ છે. લગનની તો એ જ કહેવાય જે કદીપણ છૂટે નહિ અને જીવનભર એવી તો લાગેલી જ રહે કે છેક મૃત્યુ આવે ત્યારે શમે. દંભ, કામ, ક્રોધ, લોભ આદિ (અવ)ગુણો હોય ને ન્યાત, જાતને કુળ-આદિ ભેદો હોય ત્યાં ભક્તિ શક્ય નથી. બાહ્ય દેખાડામાં કે નર્યા કર્મકાંડમાંય ભક્તિનો આવિર્ભાવ નથી જ નથી. ભક્તિ માટે અનિવાર્ય છે વિશ્વાસ અને ચિંતાનો અભાવ.

*'કબીરા ક્યા મૈં ચિતહું મમ ચિતે ક્યા હોય,*
*મેરી ચિંતા હરિ કરૈં, ચિંતા મોંહિ ન કોય.'*

આ વિશ્વાસ શ્રદ્ધા જ અનિત્ય જીવનનો શ્વાસ બની રહે ત્યારે શાશ્વત અને સ્થિર જીવન તરફની બારી ઊઘડે. આ શ્રદ્ધા કે વિશ્વાસનો શત્રુ છે સંશય – **દુબિધા**. કબીર કહે છે :

*પઢા ગુના સીખા સભી મિટા ન સંસય સૂલ,*
*કહ કબીર કા સોં કહુ યહ સબ દુઃખકા મૂલ.'*

ભણીભણીને બધું શીખ્યા તોયે સંશયનું મૂળ મટ્યું નહિ – બધાયે દુઃખનું મૂળ આ શંકા જ છે એ કોને સમજાવું ? શંકાથી જ ખેંચતાણ વધે, ને ખેંચતાણથી મળે તે તો લોહી સમાન હોય ! સદ્‌ગુરુ સાંપડે તો શંકા અશેષ થાય ને શ્રદ્ધાવૃદ્ધિ થાય. આ ગુરુ તો સરાણિયા જેવો છે જે મનને ઘસીને ઊજળું કરે, ગુરુરૂપી ધોબી મેલ કાઢે અને ગુરુ તો ઘડવૈયો કુંભાર છે. શિષ્ય ઘડો છે. ગુરુ ટીપી ટીપીને શિષ્યની ત્રુટિઓ દૂર કરે.

*'ગુરુ કુમ્હાર સિષ કુંભ હૈ ગઢ ગઢ કોઢે ખોટ,*
*અન્તર હાથ સહાર દૈ બાહર બાહૈ ચોટ.'*

ઘડાને ઘડતી વખતે ગુરુ અંદરની બાજુએ હૃદયમાં પોતાના હાથનો અખંડ સહારો આપે છે ને બહારની બાજુ ટપકા લગાવે છે. આપણને અંદરનો કે બહારનો સહારો જોઈએ છે પણ બહારના ટપકા ખાવા નથી. તે બની શકે તેમ નથી...

આ રીતે જોતાં લાગે છે કે કબીરવાણી એ રોજબરોજનાં નિત્ય જીવનને ઘડનારી વાણી છે. ભાવસૃષ્ટિને પ્રભાવિત કરનારી વાણી છે. લાગણીની અને આવેગની અશુદ્ધિને ખાળે પખાળે છે. દૈનિક જીવનનાં નાનાંમોટાં કાર્યો વખતે એનું સ્મરણ દિશા સૂચન કરનારું ને વ્યવહાર નિયંત્રણ પ્રેરનારું બની રહે છે. કબીરવાણીમાં પ્રગટ થતાં તત્ત્વજ્ઞાનની, અધ્યાત્મ દૃષ્ટિની, રહસ્યવાદની જેને ગરજ નથી તેવા સાવ પ્રથક જનને પણ કબીરવાણીની આ પ્રેરકતાની ગરજ છે. સંત શબ્દની આંગળી પકડી લઈએ તો નિત્યના વ્યવહારની ગલીકૂંચીમાંથી પણ શાશ્વતની દિશામાં ડગલું માંડી શકાય.

❑

# પરોઢનું પ્રયાગ

ભગવતીકુમાર શર્મા
સુરત

વહેલી સવારનો સમય મને આમેય સર્વાધિક પ્રિય છે. ક્યારેક તો એમ લાગે છે કે મારું ખરેખરું જીવન મોંસૂઝણે આરંભાય છે અને સૂર્ય પૂર્વ દિશામાં ઠરીઠામ થાય ત્યાં સુધીમાં સમાપ્ત થઈ જાય છે ! પછી વહેલી પડજો બીજા દિવસની વહેલી સવાર ! તેમાં એ પરોઢે જો કશુંક સારું વિચારવા, વાંચવા કે સાંભળવા મળે તો પ્રભાતના પાત્રમાં પૂનમની ધવલોજ્જ્વલ ચાંદની ઘોળાઈ જવા જેવો બેવડો ધન્યતાનુભવ થાય.

છેલ્લા કેટલાક દિવસોથી એ અનુભવમાંથી પસાર થવાનું બને છે. તેમાં માધ્યમરૂપ બન્યો છે મારો ટ્રાન્ઝિસ્ટર. જીવ સાહિત્યનો અને વ્યવસાય પત્રકારત્વનો, એટલે રેડિયો પર સમાચારો પણ સાંભળું અને સાહિત્યના કાર્યક્રમોને પણ માણું. સવારે છ વાગ્યે આકાશવાણી પરથી દિવસનું પ્રથમ હિન્દી સમાચાર-બુલેટીન રજૂ થાય. સમાચારવાચક સોચની અસ્થાના હોય, ચન્દ્રિકા જોશી કે વિમલેન્દુ પાંડે : ને સાંભળવાનું મારાથી ભાગ્યે જ ચુકાય. પણ મારી આંખો તો પાંચેક વાગ્યાની ઊઘડી ગઈ હોય. કલાકેક કેમ વિતાવવો ? ટ્રાન્ઝિસ્ટરના નોબ પર આંગળી ફરતી રહે. જે કેન્દ્ર પકડાય અને રસ પડે તે મારા શ્રવણતંત્ર સુધી પહોંચે. એમ કરતાં કરતાં મરાઠીભાષી કાર્યક્રમો આપતું મુંબઈ 'બ' કેન્દ્ર સાંભળવાની ટેવ પડતી ગઈ. બીજા કેટલાંક પણ કેન્દ્રો કરતાં સવારે તે કંઈક વહેલું પણ શરૂ થાય છે. તેમાંયે મારું પ્રમુખ આકર્ષણ તે 'ચિંતન' શીર્ષકની વધુ વાર્તાલાપ શ્રેણી. તે દ્વારા મરાઠી ભાષાથી વધુ ને વધુ પરિચિત થવાનો પણ ઉદ્દેશ ખરો જ. વળી 'ચિંતન'માં ઘણી વાર મરાઠી ભાષાનાં પ્રખ્યાત લેખક-લેખિકાઓના વાર્તાલાપો પણ રજૂ થાય. કદીક વિજયા રાજધ્યલ હોય, કદીક ચન્દ્રકાંત બાંદીવડેકર હોય. અને બીજાં ઘણાં, કોઈક પોતે પઠન કરે, ક્યારેક 'આકાશવાણી'નાં નિવેદક યા નિવેદિકા તે વાંચી સંભળાવે. તેમાંયે જો મેઘા કુલકર્ણી કોઈક વાર્તાલાપનું પઠન કરે તો મારી સવાર, બલકે આખો દિવસ સુધરી જાય ! મેઘાબહેનનો અવાજ, મરાઠી ઉચ્ચારો, સમુચિતપણે સ્વરભાર મૂકવાનું તેમનું કૌશલ : બધું જ ઉચ્ચ સ્તરનું.

પરંતુ હમણાંથી તો આ પ્રસન્નતા નિતાંત ધન્યતામાં પરિણમી છે.

એક વાર બન્યું એવું કે મેં ટ્રાન્સિસ્ટર પર મુંબઈ 'બ' કેન્દ્ર ટ્યૂન કર્યું ત્યારે 'ચિંતન'નો કાર્યક્રમ શરૂ થઈ ગયો હતો જેથી વાર્તાલાપકારના નામની પ્રારંભિક ઉદ્‌ઘોષણા સાંભળવાનું મારાથી ચૂકી જવાયું હતું. પરંતુ વાર્તાલાપકારનો અવાજ, વાચનછટા અને સઘન સાહિત્યિક સ્પર્શનું શ્રવણ અનુભાવન કરતાં જ થયું કે આ અવાજ... આ અવાજ મેં ક્યાંક સાંભળ્યો છે ! થોડીક મિનિટોમાં વાર્તાલાપ પૂરો થયો અને ઉદ્‌ઘોષકે નામ ઉચ્ચાર્યું : મંગેશ પાડગાંવકર. તત્ક્ષણ હૃદયાકાશમાં ઉજાસ પથરાયો. તાળો બરાબર બેઠો. મંગેશ પાડગાંવકર જેવી પ્રતિભા જ હોઈ શકે. માત્ર પાંચ મિનિટમાં શ્રોતાને આલોકિત કરવાનું તેમનું જ ગજું હોય. પઠનની કલાનું અદ્‌ભુત નિદર્શન તો હતું જ. કંઈક પાતળો છતાં ઘૂંટાયેલો અવાજ, પઠનમાં પૂરેપૂરી સ્વસ્થતા અને શબ્દોનું સાદ્યંત ભાવાનુરૂપ ઉચ્ચારણ. ક્યાંય અધરાપણાનું નામોનિશાન નહિ.

અને આવી ઉત્તમ પ્રસ્તુતિ જ્યારે 'કબીરવાણી' રૂપે અવતરે ત્યારે સોનામાં સુગંધ ભળવા જેવો સુયોગ સધાય તેમાં શું આશ્ચર્ય ? કવિતા કબીરસાહેબની, રસાસ્વાદ અને રજૂઆત મંગેશ પાડગાંવકરનાં : મણિકાંચનયોગ કદાચ આને જ કહેતા હશે.

બીજે ભળભાંખળે પણ ફરીથી એ જ અનુભવ. 'આકાશવાણી'નું મુંબઈ 'બ' કેન્દ્ર, 'ચિંતન'ની વાર્તાલાપમાળા, 'કબીરવાણી' મંગેશ પાડગાંવકરની રજૂઆત અને પાંચ મિનિટમાં પૂરી પ્રસન્નતાની બાંયધરી ! સમજાયું; પાડગાંવકર 'કબીરવાણી'ની આખી શ્રેણી રજૂ કરી રહ્યા છે. આજે નાતાલને દિવસે આ લખું છું ત્યારેય મારા પરોઢનો પ્રારંભ તો મંગેશવાણી દ્વારા પ્રસારિત થયેલી 'કબીરવાણી'થી જ થયેલો છે. જેઓને શિયાળાની વહેલી સવારની મીઠી નિંદર કબીર-મંગેશ-પ્રસાદી કરતાં વધુ પ્રિય લાગતી હોય તેઓ સાંજે છ ને દસે પણ આ કાર્યક્રમનું પુનઃ પ્રસારણ સાંભળી શકે. કેબલ ટી.વી.ના વિકૃતિપોષક રાગડાઓથી ત્રાસેલા લોકો માટે તો આ શ્રવણ દેશી દારૂના પીપની અમૃતપિયાલી જેવું નીવડશે.

કબીરના વ્યક્તિત્વ અને તેની કવિતાનાં કેટકેટલાં પાસાંઓને મંગેશભાઈ તેમની વાર્તાલાપશ્રેણીમાં આવરી લે છે ! જેમ કે આજના વાર્તાલાપમાં તેમણે એવું પ્રતિપાદન કર્યું કે કવિ કબીર પોતાનાં કાવ્યો પોતે સુપેરે ગાઈને પણ રજૂ કરતા હોવા જોઈએ. એ તેમનો આત્માનન્દ અને શ્રોતાઓનો શ્રવણાનન્દ. કબીરના સમયમાં દૃશ્યશ્રાવ્ય માધ્યમો ન હતાં. તેનો વસવસો હવે મને ઘેરી વળ્યો છે.

કબીરની કવિતાનું ઊંડાણ આપણે મંગેશની દૃષ્ટિથી માણીએ છીએ ત્યારે આપણી રસનિષ્પત્તિ બેવડાય છે. કબીર નિરીશ્વરવાદી નહોતા, પણ ઈશ્વર પ્રત્યેનો તેમનો દૃષ્ટિકોણ ચીલાચાલુ ભક્તોના ગાડરિયા વલણથી સાવ ભિન્ન હતો. કબીરને ભગવાનથી નહિ, પણ ભગવાનના ભક્તોથી ઘણા મતભેદો હતા. પૂજા, નમાજ, કાબા, કાશી, ભજન-કીર્તન, અઝાન-બાંગ, માળા-તસ્બી આદિ દ્વારા ઈશ્વરને પામવાના પ્રયત્નો કરતા ભક્તો, બંદાઓ વારંવાર કબીરના સપાટામાં આવે છે. કોક મુલ્લાએ અલ્લાહને ઢંઢોળવા, તેમના સુધી પોતાની ઇબાતને પહોંચાડવા અતિ બુલંદ સ્વરે બાંગ પોકારી તો તરત કબીરજી નરમદ સત્યનિષ્ઠ વાણી વહી આવી: અરે, મુલ્લા, તું અલ્લાહ સુધી તારી પ્રાર્થના પહોંચાડવા માટે આટલી મોટી બાંગ શા સારું પોકારે છે ? ભલા માણસ, 'મારો સાહેબ' તો કીડીના પગમાંનાં નેપુરનો રવ સુધ્ધાં સાંભળે છે તો શું તે તારી મૌનસભર પ્રાર્થનાને નહિ સાંભળી શકે ?

ઈશ્વરને પ્રસન્ન કરવા મોટો ઘોંઘાટ કરતાં વાજિંત્રો સાથે ભજનકીર્તનની ધૂન જમાવી બીજા લોકોની શાંતિને ખોરવતા ભક્તો સુધી પણ કબીરની આ વાણી પહોંચે, તેઓ તેના મેળે સમજે તેને અનુસરે તો પછી વિશ્વ એવું પ્રશાંત બની રહે કે જેથી આપણે પણ કોઈક વિરલ ક્ષણે કીડીના પગમાંનાં નૂપુરનો રણકાર સાંભળવા સરળ સૂક્ષ્મ શ્રવણક્ષમતા પ્રાપ્ત કરી શકીએ. અને જો એવી ક્ષમતા આપણે મેળવીએ તો આપણી સમવેદના સર્વવ્યાપી બને.

હિન્દુ-મુસ્લિમ-એકતાની સમસ્યા કબીર માટે કેમ ઊંડી ચિંતા અને નિસબતનો વિષય હતો તે પણ મંગેશ પાડગાંવકરનો સાથે આપણે જાણી શકીએ છીએ. તો જીવન અને જગત વિશેની કબીરની પૂર્ણ નિર્ભ્રાંતિ, બાહ્ય અસારવાદની ભીતરમાં વસતી કબીરની ઊંડી આસ્થા, જાતિવ્યવહારો કબીરનું જ્ઞાન છતાં તે પ્રત્યેની પૂરી અનાસક્તિ આ બધું પાડગાંવકર સદૃષ્ટાંત નિરુપતા જાય છે અને તેમ તેમ કબીરની કવિતાનો પૂરો કસબ શ્રોતા સમક્ષ ઊઘડતો રહે છે.

મંગેશ કબીરની કવિતા બે-ચાર મૂળ હિન્દી પંક્તિઓ ટાંકે છે અને પછી તેનો સમશ્લોકી મરાઠી અનુવાદ રજૂ કરતા જાય છે. તે સાંભળીને એમ લાગે કે કબીરે પોતાની કવિતા મૂળ મરાઠીમાં તો નહિ લખી હોય ? પાડગાંવકરની અનુસર્જન કળાનો ચમત્કાર છે. મંગેશ પોતે પણ એક ઉત્તમ કવિ એટલે કબીરની કવિતાના ભાષાકાર્ય પ્રતિ પણ એમનું ધ્યાન જાય જ. કબીરની કવિતાની બાનીની સરળ સચોટતા, લોક વ્યવહારમાંથી કબીરે ઉપાડેલા શબ્દો અને રૂપકો : સર્વ કાંઈ

મંગેશ પાડગાંવકર ઉદાહરણોની અઢળકતા સાથે ચીંધી બતાવવા જાય અને શ્રોતા ન્યાલ થયાનો અનુભવ કરે.

સમગ્ર સાનુભૂતિ ત્રિગુણિત તો ત્યારે બને છે, કે જ્યારે પાડગાંવકર કબીરનાં દોહા, સાખી, ભજનો, પદોની જોડાજોડ ઔચિત્યપૂર્વક મહારાષ્ટ્રના સંત કવિ તુકારામના અભંગોનાં અવતરણો પણ રજૂ કરતા જાય. સંતોની અનુભૂતિ અને અભિવ્યક્તિ વચ્ચે ક્યારેક કેવું અદ્ભુત સામ્ય હોય છે તે પણ કબીર અને તુકારામજી, મંગેશ દ્વારા રચાતી સહોપરિસ્થિતથી જાણી શકાય છે. કબીર, તુકારામ અને મંગેશ પાડગાંવકર : શ્રોતા પરોઢે પ્રયાગનો અનુભવ કરે તેમાં શું આશ્ચર્ય ?

આપણા ભાવ-પ્રતિભાવ અનુસાર તેના કદમાં વધઘટ થઈ શકે છે. સાચું કહું પ્રત્યેક પરોઢ આટલી જલદીથી વીતી જતી અને છતાં ખીચોખીચ સભરતા છલકાવતી બીજી કોઈ પાંચ મિનિટ મેં આ પહેલાં જીવનમાં નહિ અનુભવી હોય.

(કબીરવાણી જાન્યુ. '૯૯)

❑

# કબીરસાહેબ મધ્યયુગના એક માત્ર સેક્યુલર તથા રેશનલ સંત

રમણ પાઠક 'વાચસ્પતિ'

*જોગી હો કર જટા બઢાવે*
*હાલે મસ્ત રહેતા હય,...*
*માનભાવ હો કર કાલે કપડે,*
*દાઢી-મૂછ મૂંડાતા હય,*
*યું કયા સાહેબ મિલતા હય ?...*

*મુલ્લા હો કર બાંગ પુકારે,*
*વો ક્યા સાહેબ બહેર હય ?...*

*માલા તો મન કી ભલી*
*ઓર સંસારી ભેખ,*
*માલા પહેરે મન સુખી*
*તો બોહરા કે ઘર દેખ !*

સંત કબીરજીને ભારતવર્ષના સર્વપ્રથમ તથા સર્વોચ્ચ એવા રેશનલ, સેક્યુલરિસ્ટ (બિનસાંપ્રદાયિક) સંતવર્ય કહેવા પ્રેરાઉં છું. તેઓ અલબત્ત, મૂળભૂત કે વર્તમાન સંદર્ભે રેશનાલિસ્ટ ન ગણાય, કારણ કે તેઓ આસ્તિક છે, શબ્દમાર્ગી છે. રામનામ-સ્મરણના ઉપદેશક એવા ગુરુફકીર છે. કિંતુ તેઓ એક તાર્કિક અથવા તો તર્કબુદ્ધિવાદી વિચારક છે. જીવનવાદી-વાસ્તવવાદી, પ્રત્યક્ષવાદી ફિલસૂફ છે, અને સર્વ મિથ્યા કર્મકાંડ કે બાહ્ય દેખાવ તથા બાહ્ય આચારના તીવ્ર વિરોધી છે. આપણા ગુજરાતી ચિંતક કવિ અને રેશનલ વાસ્તવવાદી એવા ભક્ત અખાની જેમ જ, કબીર પણ સ્થૂળ આચાર, મિથ્યા, કર્મકાંડ તથા સાધુપણાના પહેરવેશ ઉપર તીવ્ર કટાક્ષપ્રહારનો કોરડો વીંઝે છે. જેથી કબીર એક મોટા સમાજ-સુધારક તરીકે પણ સબળતાથી પ્રગટે છે.

દા. ત. અખો કહે છે કે,

*કથા સૂણી સૂણી ફૂટ્યા કાન,*
*તોયે ન આવ્યું બ્રહ્મજ્ઞાન !*

એ જ રીતે બાહ્યાચારની ઉગ્ર કટાક્ષ-ટીકા કરતાં કબીરસાહેબ કહે છે કે, દાઢી-મૂછ મૂંડાવવાથી યા જટા વધારવાથી તે કાંઈ ઈશ્વર પ્રાપ્ત થાય ખરો ? માળા પહેરવાથી જો વૈરાગ્ય સિદ્ધિ થતો હોય, ઈશ્વર પ્રાપ્ત થતો હોય, તો જા, વોહરાની દુકાનમાં જઈને જો ! ત્યાં તો સંખ્યાબંધ માળાઓ લટકે છે, એટલે ત્યાં તને સાક્ષાત્ પરમાત્માનાં જ દર્શન થશે ! માળા ગળામાં નહિ, અંદર મનમાં ધારણ કરવાથી જ, ઈશ્વરાનુભવની સાચી પ્રાપ્તિ થઈ શકે. આવા સદ્બોધ દ્વારા કબીરસાહેબ એક તાર્કિક બુદ્ધિવાદી, મૂળને જ પકડનારા અને મૂળ તત્ત્વને જ માનનારા સંત સિદ્ધ થાય છે. તો સાથે સાથે જ, તેઓ એક ક્રાંતિકારી સુધારકના સ્વરૂપે પણ પ્રગટે છે. એ જ રીતે કબીરસાહેબનો બિનસાંપ્રદાયિક અથવા તો સર્વધર્મ-સમભાવનો મજબૂત અભિગમ પણ તેઓના અનેક ભજનો-દૂહામાંથી સ્પષ્ટ થાય છે. ઉપર ટાંકેલ પંક્તિઓમાં કેટલી હિંમતપૂર્વક કબીર ઇસ્લામ ધર્મના એક કર્મકાંડનીય એવી જ કટાક્ષમય ટીકા કરે છે. તેઓ કહે છે, 'મુલ્લા બનીને મોટેમોટેથી બાંગ પોકારે છે, તે શું તારો અલ્લા બહેરો છે ? અરે, ખુદા-ઈશ્વર તો એવો સર્વવ્યાપી તથા સર્વજ્ઞ છે કે કીડીના પગે બાંધેલા ઝાંઝરનો ઝણકાર પણ તે સાંભળી શકે છે ! કબીરજી દૃઢપણે માને છે કે, માનવ માત્ર, જીવ માત્ર એકરૂપ છે. અજ્ઞાન તથા માયા, માણસ-માણસ વચ્ચે ભેદભાવ ઉત્પન્ન કરે છે, બાકી સર્વ સમાન છે. કબીરસાહેબને મન હિંદુ-મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ કે જૈન એવા કોઈ ધાર્મિક ભેદભાવ નહોતા. તેઓ પોતે એક દૂહામાં ઉદ્ગારે છે કે, હું કોઈની ય, કોઈ એક વ્યક્તિની યા અમુકતમુક ધર્મની તરફદારી કરતો નથી, કારણ કે મને કોઈનાય પ્રતિ પક્ષપાત કે દ્વેષ નથી. હું માનવ માત્રને સમાન ગણું છું, અને સર્વ ધર્મના અનુયાયીઓના હિતની, ભલાની વાત જ કરું છું : સબ જીવન કે હિત કી ભાખી ! માની કૂખે જન્મનાર સર્વ બાળકનો કોઈ ધર્મ નથી હોતો. આમ સંત કબીર બહુ જ સહજ ભાવે, સંસાર વચ્ચે રહીને સ્થિતપ્રજ્ઞત્વ પ્રાપ્ત કરી શક્યા હતા. તેઓની એવી સ્થિતપ્રજ્ઞતા સેક્યુલર-સર્વધર્મ સમભાવી જ હતી.

હવે રેશનલ-તર્કવાદી, બુદ્ધિવાદી અભિગમમાં કબીરસાહેબ કેવા ઊંચા તથા ઊંડા વિચારક છે, એનાંય કેટલાંક વેધક ઉદાહરણો જોઈએ. તર્કબદ્ધ દલીલમાં કબીરજી સમો બુદ્ધિવાદી સંત તે યુગમાં ભાગ્યે જ અન્ય જોવા મળે છે.

કબીરસાહેબ પ્રશ્ન કરે છે. જો ઈશ્વર મંદિરમાં જ રહેતો હોય, મસ્જિદમાં જ વસતો હોય, તો પછી આ બાકીના સમગ્ર વિશ્વમાં જે ચૈતન્ય વસે છે તે કોણ છે ? બ્રાહ્મણો અગિયારશનો અપવાસ કરે છે. જ્યારે કાજીઓ રમઝાનમાં રોજા રાખે છે. તો શું અગિયારશને દિવસે યા રમઝાનમાં જ અલ્લા-ઈશ્વર જાગૃત હોય છે અને બાકીના સમયમાં શું તે ઊંઘે છે ? કબીર તો રામ અને અલ્લા બંનેનું સંતાન છે. માટે હે ભાઈઓ અને બહેનો, તમે એક જ ઈશ્વરનું નામસ્મરણ કરો ! કબીર હિંદુધર્મની જ્ઞાતિપ્રથા જેવા ભેદભાવ કે ભાગલાને બિલકુલ સ્વીકારતા નહીં. તેઓ કહેતા કે જપતપ, યોગ, અપવાસ કે દાનદક્ષિણા એવા બધા જ આચાર ઈશ્વરની આંતરિક અનુભૂતિ વિના મિથ્યા જ છે. તેઓ હિંદુ-મુસ્લિમ સર્વને એકસરખો જ ઉપદેશ આપતા. તેઓના અનુયાયી શિષ્યવૃંદમાં સર્વ ધર્મના જિજ્ઞાસુ જનો જોડાયલા અને સર્વ ધર્મના સંતો કબીરજીનો આદર કરતા. ન તો ધાર્મિક હેતુસર તેઓશ્રીએ કોઈની ખુશામત કરી છે, યા ન તો કોઈનો તિરસ્કાર કર્યો છે.

એક વાર કેટલાક બ્રાહ્મણો પવિત્ર ગંગાજળની તારીફ કરતાં કહી રહ્યા હતા કે, ગંગા સ્નાનથી સર્વ પાપ ધોવાઈ જાય છે અને આત્મા પવિત્ર થઈ જાય છે. આ સાંભળી કબીરજીએ પોતાના લોટામાં ગંગાજળ ભરીને પેલા બ્રાહ્મણો સમક્ષ તે પીવા માટે ધર્યું. બ્રાહ્મણોએ પોતાનું મુખ તિરસ્કારથી ફેરવી લેતાં કહ્યું, 'હે અવિચારી જણ, તું તો હલકી જાતિનો વણકર છે. તારા લોટાનું પાણી ભ્રષ્ટ કહેવાય, એમ બ્રાહ્મણો એ પીવે તો વટલાઈ જઈએ...'

આવા મિથ્યાકાંડીઓ તથા અતાર્કિક માન્યતાના ચુસ્ત પાલકો એવા બ્રાહ્મણોને કબીરજીએ ફટ દઈને સંભળાવી દીધું કે, 'હે વિદ્વાન બ્રહ્મબંધુઓ, આ પવિત્ર ગંગાજળ તમે કહો છો તેમ, જ્યારે મારા એક ધાતુના લોટાને પવિત્ર નથી કરી શક્યું, તો પછી તેમાં સ્નાન કરવાથી તન અને મન પવિત્ર થઈ જાય એવો તમારો ઉપદેશ સાચો કેમ કરીને મનાય ?'

કબીરજીની આવી તાત્ત્વિક તથા તાર્કિક દલીલના જવાબમાં, પછી પેલા બ્રાહ્મણભાઈઓ શું બોલી શકે ?

આવી જ અન્ય એક સૂચક ઘટના પણ બનેલી : કબીરજીની સુપુત્રી કમલીએ જ્યારે પોતાની જ્ઞાતિ જણાવ્યા વિના જ બ્રાહ્મણોને પાણી પાયું અને પછી એ તો વણકરપુત્રી છે, એની જાણ થતાં જ્યારે બ્રાહ્મણો રોષે ભરાઈને એ બાલાને ઉગ્ર ઠપકો આપવા લાગ્યા, ત્યારે કબીરજીએ તેઓને ઠંડા પાડતાં કહ્યું :

'અરે ભૂદેવો, પાણીમાં તો દેડકાં, માછલાં અને કાચબાય વસે છે. જેઓ

એમાં જ જન્મે છે અને એમાં જ મરે છે. તેઓ એકબીજાનો શિકાર પણ કરે છે, એથી પાણી લોહિયાળ બની જાય છે. આમ છતાં જો પાણી તમારે માટે અપવિત્ર ન બની રહેતું હોય તો પછી, એક માનવ વ્યક્તિના સ્પર્શથી તે કેવી રીતે ભ્રષ્ટ થાય ? માણસ માત્ર, સર્વ પાણી આ ધરતીની એક જ માટીમાંથી તથા એક જ પંચમહાભૂતોમાંથી જન્મ લે છે. તે પછી જ જે વેદો વાંચે તે બ્રાહ્મણ અને કુરાન વાંચે તે મૌલવી – એવાં એવાં ભિન્ન નામ, એવા ભેદો અને ભિન્ન સંપ્રદાયો અસ્તિત્વમાં આવે છે. જે બધી માણસે ઊભી કરેલી મિથ્યા ભ્રમણા જ છે.'

અંત કાળે જ્યારે કબીરસાહેબ વારાણસી છોડી મગહર ચાલ્યા જતા હતા, ત્યારે મોટામોટા પંડિતોએ આવીને તેઓને સમજાવ્યા કે, કાશીનું મરણ તો ઉત્તમ ગણાય. અહીં તો મૃત્યુ પામવાથી સર્વ પાપોનો નાશ થાય છે અને મોક્ષ મળે છે, સ્વર્ગ પ્રાપ્ત થાય છે માટે કાશી છોડીને જશો નહીં !'

જવાબમાં કબીરજી બોલ્યા, 'આ સ્વર્ગ વળી કઈ બલા છે અને નરક તે વળી કયાં બ્રહ્માંડમાં આવ્યું ? અને ઘોર પાપી જણનો ફક્ત કાશીમાં મરવાથી મોક્ષ કેમ કરીને થાય ? ઈશ્વરમય થઈ ગયા પછી, માણસ માટે આવી બધી લાલચો કે ભય-સંશયનો કોઈ જ અર્થ નથી. એ તો બધી અજ્ઞાન માણસોની કપોળકલ્પનાઓ છે.'

સંત કબીરજી સદાય કહેતા રહેતા કે, 'આ કબીર નથી હિંદુ કે નથી મુસ્લિમ !' તેઓ આ કે તે કર્મકાંડનું પાલન પણ કરતાં નહીં. તેઓ ફક્ત રામનામની ચાદર વણીને, સાદું અને પવિત્ર જીવન વ્યતીત કરતા અને સચોટ, તાર્કિક, બુદ્ધિપૂત તથા માનવીય ઉપદેશ પ્રચારીને, કેવળ શબ્દમાર્ગી માનવધર્મની જ પ્રતિષ્ઠા કરતા.

આમ કબીરજી સાચા અર્થમાં એક રેશનલ અભિગમવાળા તર્કબુદ્ધિવાદી તેમ જ સર્વધર્મ સમભાવમાં ચુસ્તપણે માનનારા સેક્યુલર-બિનસાંપ્રદાયિક એવા મહાન માનવસંત થઈ ગયા.

*'વિવેક વિનાનું માનવી, સમજો પશુ સમાન,*
*વાંદરાને પણ છે જુઓ, હાથ પાંવ, મુખ કાન.'*

(કબીરવાણી, ફેબ્રુ. '૦૩)

❑

# કબીર, કબીરશાહ, કબીરદાસ

ગુણવંત શાહ
વડોદરા

સદીઓથી માનવજાતને ત્રણ બાબતો કનડતી આવી છે. જ્ઞાનમાર્ગીઓની શુષ્કતા, કર્મમાર્ગીઓનો વૈતરાપ્રેમ અને ભક્તિમાર્ગીઓનું વેવલાપણું ક્યારેક હઠની કક્ષાએ પહોંચી જાય છે. કબીર જ્ઞાની હતા, કર્મયોગી હતા અને ભક્ત હતા. પંદરમી સદીના ભારતમાં વ્યાપેલા દંભ, પાખંડ અને ભ્રષ્ટાચારને તેઓ આરપાર નીરખી શક્યા, પારખી શક્યા અને પડકારી શક્યા.

ભક્તિ અને ક્રાંતિ એક જ વ્યક્તિમાં ભેગાં થઈ જાય ત્યારે જગતને કબીર મળે છે. ચંદ્રની ચાંદની શીતળતા આપનારી હોય છે. સૂરજનો તડકો પ્રજાળનારો અને જંતુનાશક હોય છે. કબીરમાં તડકો અને ચાંદની સાથોસાથ વસેલાં જણાય છે. એક જ મ્યાનમાં બે તલવારો ન રહી શકે એ કહેવત કબીરે ખોટી પાડી. કબીરમાં ભક્તિની શીતળતા સાથે ક્રાંતિની ઉષ્ણતા પણ હતી. કબીર સમશીતોષ્ણ હતા અને જગતના ખેલને સાક્ષીભાવે સમત્વપૂર્વક જોનારા મરમી (મિસ્ટિક) હતા. મહંત અને મુલ્લાઓને ખુલ્લા પાડવામાં કબીરે કોઈ કસર બાકી રાખી નથી. એ જ કબીર ગાઈ શક્યા : સાધો, સહજ સમાધ ભલી.

કબીર પંદરમી સદીમાં થઈ ગયા. લગભગ પાંચ સદી પછી પણ વહેમ, અંધશ્રદ્ધા અને અજ્ઞાન ઘટવાનું નામ નથી લેતાં. જો કબીરની વાતો દેશના લોકો સુધી પહોંચી હોત તો આજે ગરીબીની પીડા ન હોત. ગરીબીની પીડા કેવી હોય તેનો ખ્યાલ ભક્ત સુદામાની પત્નીના શબ્દોમાં પ્રેમાનંદે આબાદ પ્રગટ કર્યો છે :

*એ જ્ઞાન મને ગમતું નથી, ઋષિરાયજી રે;*
*રુએ બાળક લાવો અન્ન લાગું પાયજી રે.*
*અન્ન વિણ ભજન સૂઝે નહીં, ઋષિરાયજી રે;*
*જીવે અન્ને આખું જગત, લાગું પાયજી રે.*

'સુદામાચરિત્ર'માં સુદામાની પત્ની પતિને એક જગ્યાએ કહે છે : 'હું તો

દરિદ્રસમુદ્રમાં ડૂબી.' પ્રેમાનંદ સત્તરમી સદીમાં (ઈ. સ. ૧૬૪૯થી ૧૭૦૪) થઈ ગયો. ક્યારેક થોડાક પ્રશ્નો પજવી જાય છે. જે દેશમાં ઉપનિષદોની બ્રહ્મવિદ્યાની બોલબાલા હોય ત્યાં આટલું અજ્ઞાન કઈ રીતે ટકી શકે ? જે દેશમાં ગીતાના કર્મયોગનો મહિમા હોય ત્યાં આટલી આળસ કઈ રીતે ટકી શકે ? જે દેશમાં આચાર્યો, સંતો અને મહાત્માઓ સતત માર્ગદર્શન આપતા રહ્યા એ દેશમાં ગુલામી અને ગરીબી આટલી હઠીલી શી રીતે હોઈ શકે ? જવાબ કબીર પાસેથી મળે તેમ છે.

સંત અને મહંત વચ્ચે ભેળસેળ થઈ ગઈ. ફકીર અને મુલ્લા વચ્ચે ભેળસેળ થઈ ગઈ. સેઇન્ટ અને ફાધર વચ્ચે ભેળસેળ થઈ ગઈ. ધર્મ ઈંટચૂનાના સ્થાનકોમાં બંદીવાન બન્યો. પરિણામે ઉપદેશ વધી પડ્યો અને ઉદ્દેશનું વિસ્મરણ થયું. અંધશ્રદ્ધા વધી પડે ત્યારે વિચારનો ઉલાળિયો થઈ જાય અને આચાર કેવળ બાહ્યાચાર બની જાય. વાતો બ્રહ્મચર્યની થઈ અને વ્યવહારમાં દંભચર્ય ! ગરીબી ટકી રહે તે માટે આ બધું જરૂરી છે. મઠાધિપતિઓએ દિવસે ચેલાઓનું અને રાતે ચેલીઓનું શોષણ કર્યું. પ્રજા નિર્માલ્ય બની. આજે પણ કબીરની વાત ક્રાંતિકારી જણાય છે, કારણ કે આપણે હજી ત્યાંના ત્યાં જ છીએ.

આ જગત ભારે વિચિત્ર છે. કબીર કહે છે : આ દુનિયા તો ગાંડી છે, સાચું કહીએ તો મારવા ધસે છે, પરંતુ જૂઠું કહીએ તો માની જાય છે. રવીન્દ્રનાથ ટાગોર એમને વિશ્વધર્મના પુરસ્કર્તા તરીકે બિરદાવે છે. ગાંધીજી એમને હિંદુ ધર્મના સુધારક કહે છે. ભાષાવિદ્ જ્યોર્જ ગ્રીર્સન એમને ખ્રિસ્તી વિચારનો લાભ પામનાર પ્રથમ ભારતીય ગણે છે. કેટલાક લોકોએ એમને પીર તરીકે ઓળખાવી કબીરશાહ કહ્યા અને વૈષ્ણવભક્તોએ એમને કબીરદાસ કહ્યા. ભક્તની બે અવસ્થાઓ હોય છે. ભીતરની મસ્તીને કારણે એ બાદશાહોનો બાદશાહ હોય છે અને પરમેશ્વર (સાહબ) આગળ એ દાસાનુદાસ હોય છે. ભીતરનું ઐશ્વર્ય છલકાય ત્યારે મઢૂલીમાં મહેલની ગરિમા પ્રગટ થાય છે. કબીરને પોતાના 'સાહબ' સિવાય કોઈની સાડાબારી ન ખપે. ભીતરની ભરતી વગર આટલી ચોટદાર પંક્તિઓ ક્યાંથી પ્રગટે ?

*મસ્જિદ મુલ્લા બાંગ પુકારે,*
*ક્યા મેરા સાહિબ બહરા હૈ ?*
*ચીંટી કે પાઁવ ને નેપુર બાજે*
*વો ભી મેરા સાહબ સુનતા હૈ !*

કીડીના પગમાંથી ઝાંઝરનો ધ્વનિ ઊઠે તે પણ ઉપરવાળો સાંભળે, એ કલ્પન જ કેટલું મૌલિક અને ચોટદાર છે ? ધર્મ જ્યારે સ્થાપિત હિત બની જાય અને પુરોહિતોને પનારે પડે ત્યારે એમાં તેજ રહેતું નથી. આવાં સ્થાપિત હિતોને કબીરે નિર્ભયપણે પડકાર્યાં. આપણે એને કબીરક્રાંતિ કહી શકીએ. ધર્મના દુકાનદારોને અને પુણ્યના ઇજારદારોને કબીર આંખના કણાની માફક ખૂંચ્યા.

કબીરને બદનામ કરવા માટે કાવતરું રચાયું. એક ગણિકાને રાત્રે કબીરના ઘરમાં ચૂપકીથી દાખલ કરી દેવામાં આવી. ફજેતી રોકડી બની. કાશીના રાજા સુધી ફરિયાદ પહોંચી. દરબારમાં કબીરની જુબાની લેવામાં આવી. છેક છેલ્લી ઘડીએ ગણિકાનું હૃદયપરિવર્તન થયું અને કબીર કસોટીમાંથી હેમખેમ પાર ઊતર્યા. જેઓ પાખંડની સામે પડે તેઓને બદનામ કરવાની તીવ્ર ઇચ્છા ખાઈબદેલા મઠાધિપતિઓને ૧૦૦૮ વખત થતી હોય છે. આપણા લોકો અફવા પર રાખે એટલી શ્રદ્ધા પોતાની અક્કલ પર નથી રાખતા.

કબીર વિશે વિચારતી વખતે મનમાં ક્યારેક તોફાની ખ્યાલ ઊઠે છે. પંદરમી સદીમાં શરૂ થયેલી કબીરક્રાંતિ જો સફળ થઈ હોત અને દેશના ખૂણે ખૂણે ફેલાઈ ગઈ હોત તો હિંદુ તથા મુસલમાન વચ્ચેના ભેદ ભક્તિમાં ઓગળી ગયા હોત. પાંચ સદી બાદ પણ હિંદુઓ મહંતમુક્ત અને મુસલમાનો મુલ્લામુક્ત થઈ શક્યા નથી. હજી આજે પણ આ બે કોમ વચ્ચે પછાતપણાની હરીફાઈ ચાલી રહી છે. કબીરક્રાંતિ સફળ થઈ હોત તો કદાચ દેશના ભાગલા ન થયા હોત. જે જોડે તે ધર્મ. જે તોડે તે અધર્મ. કબીર આજે પણ જાણે આપણને લલકારી રહ્યા છે : હજી ક્યાં સુધી સહજનો અનાદર કરીને ઈંટચૂના સાથે જડાઈ ગયેલા બનાવટી ધર્મને વળગી રહેવું છે ?

જીવનની શ્વાસયાત્રા તો વગર પ્રયત્ને ચાલતી જ રહે છે. શ્વાસયાત્રા ચાલે અને વિચારયાત્રા ન ચાલે તો ઉત્ક્રાંતિનો લાભ ગુમાવવો પડે. માણસજાત ટકી રહે તેનો કોઈ ઉપાય ખરો ? વિખ્યાત બાયોલોજિસ્ટ જ્યોર્જ વિલિયમ્સ ટૂંકો અને ટચ જવાબ આપે છે, 'તું મારી પીઠ ખજવાળ અને હું તારી પીઠ ખજવાળું.' આદિમાનવે આ ઉપાય અજમાવ્યો તેથી ટકી જવાનું શક્ય બન્યું. ધર્મ પરસ્પરાવલંબન પર ટકી રહે છે અને માણસજાત ધર્મને આધારે ટકી છે. ધારયતિ ઇતિ ધર્મ. આપણે ધર્મની શી વલે કરી છે ?

એક સાવ સાચો બનેલો પ્રસંગ કબીરને સમજવામાં ખપ લાગે તેવો છે. ભારતથી એક એક્સ્પોર્ટ ક્વોલિટીના ભગવાન અમેરિકા ગયેલા. રોડ આઇલેન્ડના એક નગરમાં સત્સંગ ગોઠવાયો. કહેવાતા ભગવાને પગે લાગવા માટે નમેલા

ભક્તોને આશીર્વાદ આપતી વખતે એમના માથામાં પોતાનો જોડો હળવેકથી માર્યો. પછી એ ભગવાનને ખાંસી આવી. એક ભક્તે એમનો ગળફો હથેલીમાં ઝીલી લીધો. સૌભક્તો વારાફરતી તે ગળફો ચાટી ગયા. આવો પૂજ્યભાવ બતાવનારાં કોઈ ગરીબ-ગુરબાં કે અભણ ન હતાં. આ બનાવ જેમને ત્યાં બનેલો, તે ભાઈ મારા દૂરના સગા થાય છે. કબીરસાહેબ પછી પાંચ સદીઓ વીતી ગઈ તોય આપણે ઠેરના ઠેર છીએ.

આપણી વિચારહીનતા અને જડતા કબીર, દયાનંદ, વિવેકાનંદ અને ગાંધીને ગાંઠે તેવી નથી. કદાચ તેથી કબીરે પોતાનું બધું દર્દ એક પંક્તિમાં ઠાલવી દઈને ગાયું : 'સાધો ! યે મુર્દોં કા ગાઁવ.

**એક્સ રે**

ગોરખપુરથી થોડેક દૂર મગહર નામનું ગામ આવેલું છે. પંદરમી સદીમાં લોકો કહેતા કે કાશીમાં મરણ પામનાર સ્વર્ગે જાય અને મગહરમાં મરે તે બીજે જન્મે ગધેડો થાય. કબીર ખાસું લાંબું જીવેલાં. પુરાતન બુચ લખે છે કે તેઓ ૧૨૦ વર્ષ જીવેલા. એ જમાનામાં વૃદ્ધ લોકો મગહર જવાનું ટાળતા. કબીર કાશીમાં જ રહેતા હતા. છેલ્લા દિવસો તેઓ કાશી છોડીને મગહર ગયા અને ત્યાં જ મૃત્યુ પામ્યા. આ હતી કબીરક્રાંતિ. મારે મન મગહર ગામ સાવ જુદા અર્થમાં ક્રાંતિતીર્થ છે. ખોટી માન્યતા તોડવા માટે જ તેમણે આ પગલું લીધેલું. આજે પણ મગહરમાં એમની સમાધિ પાસે મંદિર-મસ્જિદ લગોલગ ઊભાં છે. તીર્થસ્થાનો તો ઘણાં હોય છે, પરંતુ અંધશ્રદ્ધા ટળે તેવા અને વિચાર પ્રેરે તેવા આ તીર્થસ્થાન મગહરની મુલાકાત એક વાર લેવી જોઈએ.

(કાર્ડિયોગ્રામ – અભિયાન, મે '૯૬)

❑

# નમ્રતા : સર્વ સદ્‌ગુણોની માતા

ડૉ. કાન્તિલાલ કાલાણી
મુંબઈ

મનુષ્ય કુટુંબમાં સૌથી મોટો હોય, તેની સમાજમાં જબરી પ્રતિષ્ઠા હોય, વિદ્વાનોમાં તેની ગણતરી થતી હોય, સરસ વક્તા હોય અને લક્ષ્મીદેવીની તેના પર કૃપા હોય, પણ તેનામાં જો નમ્રતા ન હોય તો તેને લોકહૃદયમાં સ્થાન મળતું નથી. સંત કબીરને એટલે તો કહેવું પડ્યું કે –

*બડા હુઆ તો ક્યા હુઆ જૈસે પેડ ખજૂર.*
*પંથી કો છાયા નહીં ફલ લાગૈ અતિ દૂર.*

મોટા માણસ થયા તેથી કોઈનું શું વળ્યું ? એ તો ખજૂરના ઝાડ જેવી વાત છે. વટેમાર્ગુને એનો છાંયો તો મળતો જ નથી અને તેને ફળ થાય તે પણ એટલાં ઊંચાં હોય છે કે પહોંચાય નહિ ! એટલે મનુષ્યે માન કે મોટાઈ પાછળ દોડવા જેવું નહીં, જે લોકો મોટાઈ પાછળ દોડ્યા છે તેમનામાં માણસાઈનાં ભાગ્યે જ દર્શન થાય છે. છતાં સંત કબીર કહે છે કે મોટાઈને બધાય ભજે છે અથવા મોટાઈ ઇચ્છે છે, પણ પ્રભુતાને ભજનારા પ્રભુને ભજતા નથી, પણ જો પ્રભુને ભજે તો પ્રભુતા એની દાસી થઈને પાછળ આવશે. તેમના શબ્દોમાં જોઈએ તો–

*લઘુતા તે પ્રભુતા મિલૈ પ્રભુતા તે પ્રભુ દૂરિ,*
*ચીંટી લૈ શક્કર ચલી હાથી કે સિર ધૂરિ.*

અહીં લઘુતા એટલે નમ્રતા અથવા વિનય. નમ્રતાથી જ પ્રભુતા પ્રાપ્ત થાય છે, પણ માનમોટાઈથી તો પ્રભુ દૂર જ રહે છે. જુઓને, આ ઝીણી કીડી ખાંડ (સારરૂપ વસ્તુ) લઈને દોડતી ચાલી, પણ પેલો હાથી (અહંકારી) એ લેવા જતાં માથે ધૂળ જ ઉડાડે છે.

લોકો કહે છે ખરા કે નમે તે સૌને ગમે, પણ એ વાત પોતાને લાગુ પાડવાની નહીં. પોતાને કોઈ મસ્તક નમાવે તો માણસ રાજી થાય છે, પણ પોતાને

મસ્તક નમાવવાનું આવે ત્યાં આકરું લાગે છે. સમાજમાંથી નમસ્તે કરવાની પ્રથા ધીમે ધીમે નષ્ટ થતી જાય છે અને તેનું સ્થાન હસ્તધૂનને લગભગ લઈ લીધું છે. નમસ્તેમાં બે હાથ જોડી વંદન કરવાનું હોય છે. એમાં મોટા-નાનાનો ભાવ હાજર હોય છે.

પૂજ્યભાવ હોય છે. હસ્તધૂનનમાં સમાનતા હોય છે. એમાં ક્યારેક ઉષ્મા જોવા મળે છે, પણ આદર જોવા મળતો નથી. સમાનતા સાથે આદર અને નમ્રતા ભળે તો સોનામાં સુગંધ ભળી કહેવાય. આવી સમાનતા જ્યાં સમજણ હોય ત્યાં જ આવે.

પ્રત્યેક મનુષ્યમાં પરમાત્માની જ્ઞાનશક્તિ, ઇચ્છાશક્તિ, ક્રિયાશક્તિ અને અજ્ઞાનશક્તિ કાર્ય કરી રહી છે અને આ ચારેય શક્તિઓના ધારક પરમાત્મા સત્તારૂપે સર્વમાં પક્ષકાર થયા વિના વસેલા છે. એ રીતે સર્વ મનુષ્યો સમાન છે. ઊંચ-નીચના ભેદ માનવસર્જિત છે. જન્મથી કોઈ નીચું નથી કે કોઈ ઊંચું નથી. મનુષ્ય તેના કર્મથી સારો કે ખરાબ બને છે.

મનુષ્યની પ્રગતિ કે અવનતિમાં તેનાં કર્મો જ મહત્ત્વનો ભાગ ભજવે છે. કર્મોને કારણે જ મનુષ્યને ઓછી-વત્તી સત્તા પ્રાપ્ત થાય છે. મનુષ્ય-મનુષ્ય વચ્ચે શક્તિનો ભેદ જોવા મળે છે તેના પાયામાં કર્મો છે. અહીં પ્રશ્ન એ થાય કે કર્મો તો લગભગ બધા જ મનુષ્યો કરે છે, તો સમાન કર્મોનાં ફળ સમાન મળવાં જોઈએ ને ? ના, એવું નથી. કર્મની પાછળ કયું પ્રેરકબળ છે, તેમાં કેટલી નિષ્ઠા અને એકાગ્રતા છે, તેમાં કેટલી અને કેવી શક્તિ નિયોજી છે, અન્ય પરિબળો કેટલાં કાર્યરત છે, સાધનો અને સામગ્રી કયા પ્રકારનાં પ્રાપ્ત થયાં છે, આ બધાં પર કર્મનું ફળ અવલંબે છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતા અનુસાર યજ્ઞાર્થે કરેલાં કર્મ સિવાયનાં બીજાં કર્મોથી આ લોકોમાં બંધન પેદા થાય છે. એટલે શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે તે રાગરહિત થઈને યજ્ઞાર્થે કર્મ કરે. અહીં યજ્ઞાર્થે એટલે પરોપકારાર્થે, ઈશ્વરાર્થે કરેલાં કર્મ.

યજ્ઞાર્થે કરેલાં કર્મો સિવાયનાં કર્મો બંધન નિર્માણ કરે છે તેનો અર્થ શું કરવો ? ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરવામાં આવેલાં કર્મો સિવાયનાં કર્મોથી અથવા ઈશ્વરની આરાધનારૂપ કર્મ સિવાયનાં બીજાં કર્મોથી આ લોકમાં બંધન પેદા થાય છે. એનો અર્થ એ થયો કે કામ્ય કર્મો સંસારબંધન નિર્માણ કરે છે અને નિષ્કામ કર્મો બંધન ઊભું કરતાં નથી. જે કર્મો સાથે રાગ-દ્વેષ, હુંપણાનો અને મારાપણાનો ભાવ અથવા કર્તાભાવ જોડાયેલો હોય તે કર્મો નિષ્કામભાવે ન થાય, પણ જે કર્મના કેન્દ્રમાં પરમાત્મા છે અને કર્તા-હર્તા પરમાત્મા છે અને પોતે નિમિત્તમાત્ર

છે એવી સમજણથી કર્મ થાય છે તે કર્મ બોજારૂપ બનતાં નથી અને અભિમાન પણ આવતું નથી, એટલે કે કર્તાભાવ વિનાનાં કર્મો જ મનુષ્યને નિરાભિમાની બનાવે છે.

કર્મના ફળદાતા પરમાત્મા છે એટલું મનુષ્ય સમજી જાય તો તેને અહંકાર નહીં આવે. સૌ સૌનાં કર્મો પ્રમાણે સૌને ફળ મળતાં હોય તો અભિમાન કરવાનો અર્થ નથી. બાવળની પાસેથી કેરીઓની અપેક્ષા ન રાખી શકાય. બાવળ બાવળની રીતે ઉપયોગી છે અને કેરી કેરીની રીતે. બંને પોતાને સ્થાને બરાબર છે. એમ, આ પૃથ્વી પર પ્રત્યેક મનુષ્યને પાત્ર ભજવવાનું હોય છે, અને તે કર્મને દોરડે બંધાયેલો છે, એટલે જેમને અનુકૂળતા પ્રાપ્ત થઈ છે તેમણે નમ્રતા ધારણ કરવી જોઈએ. અને સામી વ્યક્તિને મોટપ આપવી જોઈએ. તેણે મધમાખીની જેમ ગુણગ્રાહક બનવું જોઈએ. મધમાખી જ્યાંથી પણ મધ પ્રાપ્ત થતું હોય ત્યાંથી એકત્રિત કરે છે, તેમ નમ્ર મનુષ્યે જ્યાંથી પણ પ્રાપ્ત થાય ત્યાંથી શુભ વિચારો ગ્રહણ કરવા જોઈએ. ભગવાન દત્તાત્રેયે ચોવીસ ગુરુ કર્યા હતા. એટલે ગમે ત્યાંથી ગુણ ગ્રહણ કરવામાં જોખમ નથી, પણ મનુષ્ય ગુણો ગ્રહણ કરવાને બદલે પોતાની આકાંક્ષાઓને સિદ્ધ કરવા દોડધામ કરી રહ્યો છે. તેનો પોતાનો મહિમા થાય, લોકો તેને મહત્તા આપે, તેની સમાજમાં પ્રતિષ્ઠા થાય, તે જ્યાં જાય ત્યાં તેને ખુરશી મળે, છેક પહેલી હરોળમાં બેસવાનું મળે અને પોતે ઊંચું માથું રાખીને ફરી શકે તેવું ઇચ્છે છે. આવા માણસોને સંત તુલસીદાસની વાણી યાદ કરાવવા જેવી છે. તેમણે કહ્યું છે :

*ઊંચે ઊંચે સબ ચલે, નીચા ચલે ન કોય;*
*તુલસી નીચા જો ચલે, ધ્રુવ સે ઊંચા હોય.*

યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞ કર્યો ત્યારે સૌએ પોતપોતાને ગમતી કામગીરી ઉપાડી લીધી હતી. શ્રીકૃષ્ણે એઠાં પતરાળાં ઊંચકવાનું કાર્ય પસંદ કર્યું હતું. દ્વાપરયુગના જ નહીં, ચારેય યુગના એક સર્વોત્તમ પુરુષની નમ્રતાની તોલે આવે એવું બીજું ઉદાહરણ મળવું દુર્લભ છે.

જેમણે સમજણને પરિપૂર્ણ રીતે સિદ્ધ કરી છે તેઓ જ નમ્ર રહી શકે છે. જેની પાસે વિચારશક્તિ છે, વિવેક છે, પરમાત્મા છે એવો નિશ્ચય છે, વ્યાપકતા અને નિર્મળતા છે, વાણીનો સંયમ છે, પારાવાર ધીરજ છે અને ધારણ કરેલાં નામ અને શરીર પ્રત્યે આસક્તિ કે મોહ નથી તે નમ્રતા ધારણ કરી શકે છે. માણસની કચાશ જ માણસને નમ્ર રહેવા દેતી નથી. મનુષ્યમાં જેમ જેમ

પરિપક્વતા આવતી જાય છે તેમ તેમ તે નમ્ર બનતો જાય છે. ભર્તૃહરિએ સાચું જ કહ્યું છે કે ફળ આવવાથી વૃક્ષો નમી જાય છે, નવાં જળથી મેઘ નમી જાય છે, તેમ સમૃદ્ધિથી સત્પુરુષો નમે છે. પરોપકારીઓનો એ સ્વભાવ જ છે. અર્થાત્ જેમ ફળ આવવાથી વૃક્ષ વગેરે નમ્ર થાય છે, તેમ ઐશ્વર્ય મળતાં પણ સત્પુરુષો નમ્ર બને છે. તેઓ તેમની શક્તિઓ અને મર્યાદાઓ જાણતા હોય છે. વિનોબાજીએ ઉચિત રીતે જ કહ્યું છે કે 'આખરે મનુષ્ય છે કોણ ? તણખલાં હવાની સાથે ઊડે છે, તેવી જ રીતે મનુષ્ય પણ યુગની હવામાં ઊડે છે. શું છે અને ક્યાં જવાનું છે તેની તેને ખબર નથી. હવા જાણે છે કે એણે ક્યાં જવાનું છે.'

તેમ છતાં માણસ ઊંચા કૉલર કરે કે છાતી ફુલાવીને અક્કડ ચાલે ત્યારે એમ લાગે છે કે તેણે સમજણ પચાવી નથી. ન્યુટન જેવો મહાન વિજ્ઞાની પણ મોટી શોધ કર્યા પછી એમ કહે કે હું હજી સાગરને કિનારે પડેલાં છીપલાં વીણી રહ્યો છું. મારે હજી વિશાળ સાગરની શોધખોળ કરવાની બાકી છે, ત્યારે સૂંઠને ગાંગડે પોતાને કરિયાણાના વેપારી ગણાવનારે વિચાર કરવો જોઈએ.

અબુબક હજરત ખલીફા નહોતા બન્યા તે પહેલાં એક બાઈને બકરી દોહી આપતા, એવો પ્રસંગ નોંધાયો છે. પછી તો તેઓ ખલીફા (ઇસ્લામ ધર્મના વડા, ધર્મરક્ષક) બન્યા. બકરીની માલકણને ચિંતા થવા લાગી. તેને થયું : અબુબક હજરત બહુ જ મોટા માણસ બની ગયા. હવે મારી બકરી કોણ દોહી આપશે ? પણ તે હિંમતવાળી હતી તે તેની બકરી લઈ ખલીફા પાસે પહોંચી ગઈ. ખલીફાને ખ્યાલ તો આવી ગયો. તેમણે કહ્યું : 'બહેન, આ બકરી દોહરાવવા માટે લાવી છે ?' બાઈએ કહ્યું : 'હા માલિક, તમે દોહશો તો જ સરખી રીતે દૂધ આપશે.' ખલીફાએ સ્મિત કરીને કહ્યું : 'બહેન, તારે મૂંઝાવાની જરૂર નથી. હું ખલીફા થયો તેથી કાંઈ માણસ મટી ગયો નથી. તારે બિલકુલ સંકોચ રાખવાની જરૂર નથી.'

ઈશ્વરચંદ્ર વિદ્યાસાગરના જીવનનો એક પ્રસંગ છે. ઈશ્વરચંદ્રનું એક જગ્યાએ પ્રવચન હતું. તેમનું પ્રવચન હોય ત્યારે દૂર દૂરનાં ગામોથી લોકો સાંભળવા જતા. એક માણસ તેમનું પ્રવચન સાંભળવા રેલગાડીમાંથી ઊતર્યો. તેની પાસે વધુ સામાન હતો. તેને કુલીની જરૂર હતી. તે ડબ્બાના બારણા પાસે ઊભો રહી 'કુલી કુલી' એમ બૂમો પાડવા માંડ્યો. ત્યાં એક માણસ આવી પહોંચ્યો. તેણે કહ્યું : તમારે કુલીની જરૂર છે ? હું તમારો સામાન ઉપાડી લઉં છું. સાંજના તે પ્રવચન સાંભળવા ગયો ત્યારે તેણે જોયું કે તેનો સામાન ઊંચકનાર ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર

જ હતા અને તેઓ જ તે વખતે પ્રવચન આપી રહ્યા હતા ! આ માણસ ડઘાઈ ગયો. પ્રવચન પૂરું થયા પછી તે તેમની પાસે પહોંચી ગયો અને આકુળવ્યાકુળ થઈ કહેવા લાગ્યો : મને ક્ષમા કરો. આપ જેવા મહાપુરુષ પાસે મેં મજૂરી કરાવડાવી. મેં મોટો અપરાધ કર્યો છે. ઈશ્વરચંદ્રે તેને આશ્વાસન આપતાં કહ્યું : ભાઈ, કોઈ કામ નાનું નથી અને કોઈ કામ મોટું નથી. બધાં જ કામ ભગવાનનાં છે એમ સમજીને તેમને કરવાં જોઈએ.

નમ્રતા અથવા નિરભિમાનપણાના દાખલા ઘણા બધા મળે. મુસલમાન સંતો રાજા સુલેમાન ફારસીનું ઉદાહરણ આપે છે. તેની સેનાએ ક્યાંક પડાવ કર્યો હતો. તે એક દિવસ સાધારણ માણસનો વેશ ધારણ કરી મેદાનમાં ફરવા નીકળ્યો. તે વખતે એક ઘાસ કાપનારો સૈન્યના પડાવ માટે ઘાસ પૂરું પાડવા ગધેડા ઉપર અને પોતાના શિર ઉપર ઘાસનો મોટો ભારો લાદીને જઈ રહ્યો હતો. તેણે સાદા વેશધારી રાજાને વેઠે પકડી લીધો અને તેના શિર પર ઘાસનો ભારો મૂક્યો. સૌ પડાવ પાસે પહોંચ્યા ત્યારે સિપાઈઓ રાજાને ઓળખી ગયા. રાજાને શિરે ઘાસનો ભારો જોઈ તેઓ સ્તબ્ધ થઈ ગયા. ઘાસ કાપનારને પણ પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો. ભારે શિક્ષાના ભયથી તેનું શરીર કંપવા લાગ્યું. તે રાજાના પગમાં પડી આળોટવા લાગ્યો અને કરગરીને કહેવા લાગ્યો : મને ક્રૂરમાં ક્રૂર સજા કરો. મેં ઘોર અપરાધ કર્યો છે, પણ મેં આ અપરાધ ઇરાદાપૂર્વક કર્યો નથી. સાધુ-મહાત્મા જેવા રાજા સુલેમાન ફારસીએ કહ્યું : ભાઈ ! તું ગભરાઈશ નહીં. તારો બિલકુલ વાંક નથી. મારે ત્રણ લાભ મેળવવા હતા એટલે મેં સામાન્ય માણસનો વેશ ધારણ કર્યો હતો : હું રાજા છું એવો મને ગર્વ ન થાય તે માટે હું વેશ પલટો કરું છું, મારે ખોટી લોકલાજનો ભાર નથી રાખવો અને પ્રજાના સુખદુઃખનો જાતે અનુભવ કરવામાં આ વેશ મને અનુકૂળ થાય છે. એટલે જ ઘાસનો બોજો હું અહીં સુધી ઊંચકી લાવ્યો છું. આ અનુભવ થયા પછી તમામ સિપાઈઓ અને અમલદારોને હુકમ કરું છું કે હવેથી કોઈએ કોઈની પાસે વેઠ કરાવવી નહીં અને જાતે મહેનત કરીને જ પોતાનું તેમજ કુટુંબનું ભરણપોષણ કરવું.

(સૌજન્ય : ગુજરાત મિત્ર, મે '૯૬)

❑

# સામયિક સહચિંતન :
# રાષ્ટ્રની અસ્મિતાની વર્કશોપ

સ્વામી સચ્ચિદાનંદ
દંતાલી

આપણે ત્યાં સંતો આવ્યા. બહુ મોટા સંતો. ગુરુ નાનકદેવ, કબીર. આ કોણ છે ? કોઈ સંપ્રદાયો સ્થાપનારા નથી. સુધારકો છે. બીજી તરફ મુસલમાનો આવ્યા. ઇસ્લામ સામે આપણે ટકી નથી શકતા. ઇસ્લામનો એકશ્વરવાદ, સમાનતા, ભ્રાતૃભાવ. અહીં એમાંનું કંઈ જ નહીં. અહીં એકેશ્વરવાદ નથી. તળાવની પાળ પર જુઓ તો દેરીઓ જ દેરીઓ. હું જે ગામમાં રહું છું તેની પણ આ જ દશા. દર વર્ષે એક દેરી બનાવવાની. હું કહું કે શું કામ હવે ? ઘણી છે. તો કહે ના મહારાજ, દેરીઓ તો કરવી જ પડે. પછી આરતી નહીં. દીવો નહીં. ધૂપ નહીં. બસ, દેરીઓ કરી દીધી. પ્રજા ગૂંચવાઈ ગઈ છે. પેલા આવ્યા. એમાંય ખાસ કરીને સૂફીઓ. કોઈ ઝનૂની ન હતા. દરેકમાં બે વર્ગો હોય છે. આપણે ત્યાં સંતો એકદમ ઉદાર. આચાર્યો ઝનૂની. આચાર્યો કહે, આને ન અડાય. આ ન ખવાય. આ ન પીવાય. બીજી તરફ સંતો ઉદાર. નરસિંહ મહેતા હરિજનોનો પ્રસાદ લેવા જાય, પણ દ્વારકાની ગાદી પર બેઠેલા શંકરાચાર્ય ન જાય. એ બ્રાહ્મણ છે. કોઈની રસોઈ ન ખાય. બે ભેદ છે. મુસલમાનોમાં પણ છે. જે મૌલવીઓ છે એ સંકુચિત અને સૂફીઓ બહુ ઉદાર. અમારા દયાનંદબાપુ હતા. એ સૂફીઓની કેટલી વાતો સંભળાવે. બુલંદશાહની કાફીઓ, ફરીદશા, સિંધમાં લતીફશાનાં ભજનો, નાભિમાંથી જાણે પરાવાણી નીકળી રહી છે. આ બધા સુધારકો છે. વર્કશોપના ફોરમૅનો છે. પેલા હાજીઓ હજ કરવા જઈ રહ્યા છે. પેલો એકતારો લઈને એની મસ્તીમાં બેઠો છે. એ ઇબાદતની મસ્તી છે. ભક્તિની મસ્તી છે. એ અંદરથી નાભિમાંથી પ્રગટે છે. આખી દુનિયા દુશ્મન થાય તો થાય. મીરાંબાઈ માટે આખી દુનિયા દુશ્મન. રાણા સામે ટક્કર લીધી. લોકો ગમે તેમ બોલે, પણ અંદર સચ્ચાઈ પડેલી છે. મારા હૃદયમાં સો મક્કા છે. જેને ખોળવા તમે જાઓ છો એ તો અંદર જ છે. મહારાષ્ટ્રમાંથી અડસઠ તીરથ કરવા એક ટુકડી નીકળી. તુકારામને કહ્યું :

'હેંડો યાત્રા કરવા. જન્મારો સફળ થઈ જશે.' તુકારામ કહે છે : 'હું તો નહીં આવી શકું. મારી પાસે પૈસા નથી. શક્તિ નથી. પણ તમે એક કામ કરો. આ તુંબડાને સાથે લઈ જાઓ.' કડવું તુંબડું આપ્યું ને કહ્યું 'મારા વતી એને એકેએક નદીમાં નવડાવજો.' પાડોશી એ તુંબડાને બધાં જ તીર્થસ્થાનોમાં નવડાવે. પોતે પણ નહાય. અડસઠ તીરથ કરીને આવ્યા. તુકારામ કહે 'મારું તુંબડું લાવ્યા ?' પાડોશી કહે 'હા'. 'બધાં જ તીર્થોની નદીમાં નવડાવ્યું ?' કહે 'હા' તુકારામ કહે 'હવે એને કાપો.' કાપ્યું. 'ચાખો.' ચાખ્યું. થૂ થૂ થૂ... 'અરે આ તો કડવું ઝેર છે.' અડસઠ તીરથ કરીને આવ્યું તોપણ તુંબડાની કડવાશ ન ગઈ. એનો અર્થ તીર્થ ફળ્યું જ નથી. એનો અર્થ એ નથી કે તીર્થો ન કરવાં જોઈએ. હજ ન કરવી જોઈએ. પણ કડવાશ જાય તો જ તીર્થ ફળ્યું કહેવાય.

મારો અનુભવ છે કે માણસ વધુમાં વધુ અસહિષ્ણુ તીર્થયાત્રામાં જ થતો હોય છે. ૫-૨૫-૧૦૦ માણસો લઈને જાય. કંઈ ઝઘડા કરે. કંઈ ઝઘડા કરે. ઊતરતા માટે. ચઢવા માટે. બારીએ બેસવા માટે. પથારી માટે. ખાવા માટે. નાસ્તા માટે. ચા માટે. આ તુંબડાં ક્યારેય મીઠાં ન થાય. આ નથી પ્રવાસીઓ, નથી યાત્રાળુઓ. આ તો બસ ફરવા નીકળ્યા છે.

કંબીર કોણ છે ? કોઈ ધર્મગુરુ નથી. સુધારક છે. પાછળના લોકોએ એને ધર્મગુરુ માની લીધા. કાશીમાં રહે. કાશીમાં સુલતાનોનું રાજ્ય. કટ્ટર લોકોનું રાજ્ય. એક તરફ મૌલવીઓ. બીજી તરફ પંડિતો. ક્ષત્રિયોના ઘરમાં જન્મ્યો નથી. રાજવી કુટુંબનું બૅકગ્રાઉન્ડ નથી. આ તો ત્યજી દેવાયેલું બાળક છે. કોઈનું પાપ છે. નીરુ અને નિશા નામના મુસ્લિમ દંપતીએ એને અપનાવ્યું. ઉછેરીને મોટું કર્યું. એને કયો સત્સંગ મળ્યો ? એને રામનામ ક્યાંથી આવડ્યું. કબીરને લખવું પડ્યું :

*કબીર તેરી ઝોંપડી, ગલખટ્ટોં કે પાસ,*<br>
*કરેગા વો પાયેગા, તૂં ક્યોં ઉદાસ ?*

પાડોશીઓ પણ એવા. સવાર થાય એટલે ગાળો બોલે. બકરાં કાપે. ત્રાસી ગયો.

આપણે એક એવી માન્યતા લઈને બેઠા છીએ કે મહાન પુરુષને ત્યાં જ મહાન પુરુષ જન્મે. સારા ઘરમાં સારું બાળક જન્મે. ના, અપવાદ છે. ગાંધીને ત્યાં ગાંધી ન જન્મ્યો. ગાંધીના કેટલા છોકરા ક્યાં રહે છે, કંઈ ખબર નથી. બિલકુલ સામાન્ય માણસો થઈ ગયા. મારી એક માન્યતા છે. અત્યંત ધર્મચુસ્ત

માણસો હોય છે ને ત્યાં વંઠી ગયેલા છોકરાં જન્મતા હોય છે. સંશોધન કરજો. એનું એક કારણ છે. બચપણથી જ એ એમના પર ત્રાસ ગુજારતા હોય છે. સંડાસ જઈ આવ્યો ? હાથ ધોઈ લે. નાહી લે. આમ ન થાય. તેમ ન થાય. આ ખવાય, આ ન ખવાય. ડુંગળી ન ખવાય. પછી એ લારી પર જઈને ખાશે. પછી ડુંગળી જ નહીં, બધું જ ખાશે. છોકરાના મનમાં એક વિદ્રોહવૃત્તિ જાગે છે. એક જ ઇચ્છા હોય છે. આમાંથી ક્યારે છૂટું ? જેવો એ પોતાના પગ પર ઊભો રહેતાં શીખ્યો, તેવો એ વિદ્રોહ કરી દેતો હોય છે. અતિશય નિયંત્રણને કારણે આવું બને છે. એનો અર્થ એ નથી કે બાળક પર નિયંત્રણ ન રાખો, પણ બાળક પર જુલમ ન કરો. નહિતર એ વિદ્રોહકારી થશે. એને પ્રેમથી સમજાવો. એ જાતે સ્વીકારે એ રીતે એનું ઘડતર કરો. કઠોર નિયંત્રણ પ્રત્યાઘાત ઊભો કરશે. એટલે કબીર થયા. કબીરે લોકોને કહ્યું એકેશ્વર. એક જ બ્રહ્મ.

એક પાદરીનો બી.બી.સી. પર ઇન્ટરવ્યૂ હતો. પાદરીને પૂછ્યું : 'ત્રીસ વર્ષથી તમે રાજસ્થાનમાં રહી ગામડામાં ધર્મનો પ્રચાર કરો છો. તમને હિંદુ ધર્મમાંથી શું મળ્યું ?' પેલો પાદરી કહે : 'મને હિંદુ ધર્મ પાસેથી ખાસ કરીને કબીર પાસેથી ઘણી સારી વાતો મળી.' પછી કબીરનો એક દોહરો કહે છે :

*સબ ધરતી કાગઝ કરું, કલમ કરું વનરાય,*
*સબ સમુદ્ર શાહી કરું, હરિગુણ લિખ્યો ન જાય.*

કબીરનો એકેશ્વરવાદ. એક બ્રહ્મ. એક પરમાત્મા.

*હરિ કો ભજે સો હરિ કો હોઈ*
*જાત પાંત પૂછે નાહીં કોઈ.*

આ વર્કશૉપનો ફોરમૅન છે. જો આ ફોરમૅન ન થયા હોત તો ?

પેટલાદ આવજો. પેટલાદમાં બે હજાર ઘર વાઘરીઓનાં છે. મોટા ભાગના મુસ્લિમોથી દબાયેલા. એમને હિંદુ રાખનારો કબીરનો સાધુ છે. એ એમને ત્યાં આવે. કંઠીઓ બાંધે. ભજન ગાય. જમે. એનો સ્વીકાર કરે. એને હિંદુ રાખનાર કબીર છે. કોઈ બીજા શંકરાચાર્ય તો એને ઘેર પગ મૂકવા તૈયાર નથી. કોણ સુધારક છે ? કોણ ફોરમૅન છે ? કોના આધારે ધર્મ ટકે છે ? કબીરને આટલો ઊંચો આદર્શ આપનાર કોણ છે ? રામાનંદ સ્વામી. કાશીમાં વૈરાગી વૈષ્ણવ સંપ્રદાયના મહાન પુરુષ. રામનો મંત્ર બધાને માટે. રામનો દરબાર બધાને માટે. એમણે નવ શિષ્યો બનાવ્યા. નવેનવ શૂદ્રો. રોહીદાસ રામાનંદનો શિષ્ય. મીરાંબાઈ

પણ. આ ફોરમૅન છે. જો આ ફોરમૅન ન થયા હોત તો ઉપરની મુઠ્ઠીભર પ્રજા જ તમે રહી ગયા હોત. આવો, મારા દરવાજા બધાને માટે ખુલ્લા છે. લોકો નિંદા કરે. ભ્રષ્ટ છે. પતીત છે. અશુદ્ધ છે. વટલાઈ ગયો છે. વટલાઈ જનારા જ ધર્મનું રક્ષણ કરતા હોય છે, જ્યારે નહીં વટવાયેલા તો ધર્મનો નાશ કરતા હતા. મારી વાતને જરા ઊંડાણથી સમજજો. બૂમો પાડવાથી ધર્મનું રક્ષણ નથી થવાનું. તમારે તમારી ફૅક્ટરીમાં બગડેલા પાર્ટ્સ, બેરિંગ બદલવાના છે. એ કામ ફોરમૅન દ્વારા કરવાનું છે. ગુરુ નાનકદેવ થયા. નાનકદેવે બધે યાત્રા કરી. અફઘાનિસ્તાન ગયા. મુસ્લિમને ત્યાં મસ્જિદમાં ઊતરી શકે છે. એને કોઈ નડ્યા નહીં. એને કશો વાંધો ન આવ્યો.

હું ઘણી વાર પરદેશ જાઉં છું. તમને નવાઈ લાગશે આપણાં મોટા ભાગનાં મંદિરો ચર્ચમાં બનેલાં છે. એમણે ચર્ચો છોડી દીધાં. એટલા માટે કે એ પોષાતાં નથી. એટલા માટે નથી પોષાતાં કે કોઈ આવતું નથી. મોટાં આલીશાન ચર્ચો ખાલી પડ્યાં છે. પાટિયું માર્યું છે : ઑફિસો માટે વેચવાનું છે. ત્યાં મોટો ટૅક્સ લાગે છે. આટલો મોટો ટૅક્સ ભરવો ક્યાંથી ? એટલે વેચવાં છે. પહેલાં ફક્ત ઑફિસો માટે આપતા. મંદિરો માટે ન આપતા. અંગ્રેજો ડાહ્યા. વિચાર્યું કે હિંદુઓ એમનું મંદિર બનાવતા હોય તો બનાવવા દોને. આપણે આવી કલ્પના કરી શકીએ ? આપણે આવું સહન કરી શકીએ ? પેલાઓ ખુશીથી આપે છે; કારણ કે એમનામાં ધર્માંધતા નથી, ઝનૂન નથી. મારે એક એવા ચર્ચમાં જવાનું થયું જેમાં અડધા ભાગમાં ચર્ચ હતું, અડધા ભાગમાં મંદિર હતું. આ લોકોનું ધર્મઝનૂન ઊતર્યું એનું આ પરિણામ. આપણા મંદિરની અંદર કોઈને અડધું ચર્ચ બનાવવા દઈએ ખરા કે ?

ગાંધીજીએ બહુ સારો પ્રયત્ન કર્યો. સર્વધર્મસમભાવ. હમણાં સુધી અફઘાનિસ્તાનમાં અડધા ભાગમાં ગુરુદ્વારા અને અડધા ભાગમાં મસ્જિદ હતી. ત્યાં કોઈનાં શિંગડાં નથી લડતાં. માત્ર ભારતમાં જ લડે છે. એમાંથી વગર જોઈતા અનેક પ્રશ્નો ઊભા થાય છે. પ્રજા અટવાઈ ગઈ છે. ગુરુ નાનકદેવ ફરતા ફરતા કોઈ મસ્જિદમાં ગયા. રાત્રે સૂઈ ગયા. એમણે ખુદા તરફ પોતાના પગ રાખેલા. એ તો ફકીર. ફકીરની મસ્તી હોય છે. મૌલવીએ આવીને જોયું. કહે 'આ તરફ પગ રાખો છો ? આ તો ખુદાનું દ્વાર છે. ઘર છે.' નાનકે સૂતાં સૂતાં જવાબ આપ્યો : 'જે દિશામાં ખુદા ન હોય એ તરફ મારા પગ કરી દો.' મૌલવીએ પગ ઊંચકીને બીજી તરફ ફેરવ્યા. ત્યાં એને ખુદા દેખાયા. આ કરામત છે. જ્ઞાનમાર્ગ છે. સમજણ છે.

ત્યાંના રાજાએ સરસ દોહો કહ્યો છે :

*નાનક નશા નામ કા,*
*ચઢા રહે અડ જાય,*
*ગાંજા, ભાંગ, અફિણ,*
*શામ ખાય સુબહ ઊતર જાય.*

આવા સુધારકોએ ધર્મનું રક્ષણ કર્યું છે.

ગાંધીજી એકદમ વ્યવહારુ. એમની આત્મકથા 'સત્યના પ્રયોગો' વાંચજો. અંગ્રેજો સામે લડે છે, પણ અંગ્રેજોને ગાળો નથી દેતા. એ મજૂરોની હડતાળ પડાવે છે, પણ કસ્તૂરભાઈ લાલભાઈ સામે ગુસ્સો નહીં. સારા સંબંધો. ગાંધીજી પાસેથી આ શીખવા જેવી વાત છે. અસ્પૃશ્યતાનું આંદોલન ચલાવે છે. પણ બ્રાહ્મણો કે ધર્મગુરુઓ પ્રત્યે દુશ્મનાવટ નહીં. કડવાશ નહીં. કાશી ગયા. પંડિતોને હાથ જોડ્યા. પંડિતો કહે 'અસ્પૃશ્યતા શાસ્ત્રોમાં છે. તું શું શાસ્ત્ર જાણે ?' ગાંધીજી કહે, 'હું શાસ્ત્ર નથી જાણતો. પણ ભગવાનનું શાસ્ત્ર, ભગવાનની ભાષા જાણું છું.' કોઈ ન માન્યું. નિરાશ થઈને પાછા આવ્યા, પણ કોઈને ગાળો ન આપી. શીખવા જેવી આ વસ્તુ છે. ગાંધીજીએ એવા ફોરમૅન તરીકે કામ કર્યું કે ધર્મમાં સુધારો થયો. સ્ત્રીજાગૃતિ, કન્યા કેળવણી, વિધવાવિવાહ, આંતરજ્ઞાતીય લગ્ન, મંદિરમાં બધાને દર્શનની છૂટ વગેરે સુધારા થયા. સૌથી મોટી વાત એ કે ગાંધીજીના ભગવાન એકદમ બિનખર્ચાળ. જ્યાં જગ્યા મળે ત્યાં, ખુલ્લા ખેતરમાં કે મેદાનમાં પ્રાર્થના કરવાની. અબીલગુલાલ, ચંદનચોખા કશું જ નહીં. પલાંઠી વાળીને બેસી જવાનું. યાદ કરો, તમારા ઋષિને દર્ભાસન પર બેસવાનું અને સંધ્યા કરવાની. એવું જ ગાંધીનું.

વચ્ચે થોડો વખત એવો આવ્યો જેમાં ભગવાનને ખર્ચાળ બનાવી દીધા. ભગવાન ઊઠે ત્યારથી એને કેસરસ્નાન, બાળભોગ, રાજભોગ, અન્નકૂટના થાળ પર થાળ. એટલે કરસનદાસ માણેકને લખવું પડ્યું.

*તે દિન આંસુભીનાં રે*
*હરિનાં લોચનિયાં મેં દીઠાં.*

બધું કરજો, પણ કદી મંદિરમાં દુકાન ન થવા દેજો. દુકાનમાં મંદિર ભલે થતું. તો વાહ વાહ. પણ આપણાં નસીબ ફૂટ્યાં છે. કોઈ મંદિર દુકાન વગરનું નહીં ! પૂજારી આવનારને જ જોતો હોય છે. હવે તો કઈ ગાડી લઈને આવ્યા

છો એના ઉપરથી તમારું સ્વાગત થતું હોય છે ! મંદિરને દુકાન બનાવવાથી અંદર બેઠેલા દેવો નિસ્તેજ થઈ જશે. મુસલમાનો પાસેથી શીખી શકો. નમાજ પડે છે ત્યારે કેટલી બધી શાંતિ, શિસ્ત અને વ્યવસ્થા હોય છે ! હું ઇચ્છું કે આપણે ત્યાં એક એવો ફોરમૅન થાય જે આપણને શીખવે કે શાંતિથી, શિસ્તબદ્ધ રીતે દર્શન કેમ થાય ? ટોકરા બહુ ખખડાવ્યા. હવે શાંતિની જરૂર છે. ગાંધીજીએ આમાં સુધારો કર્યો. પ્રાર્થના કરો. ઈશ્વર પર નિષ્ઠા રાખો. પણ એને મોંઘો, ખર્ચાળ ન બનાવો. એમ કરવાથી એ પૈસાદારોનો, ધનવાનોનો આશ્રિત થઈ જશે.

પ્રેમ હોય તો શબરીના એંઠાં બોર ખાશે. પ્રેમ હોય તો વિદુરની ભાજી ખાશે. પ્રેમ હોય તો કરમાબાઈનો ખીચડો ખાશે.

આજે હિંદુ ધર્મ ઉપર સૌથી મોટું આક્રમણ અંધશ્રદ્ધાનું છે. આટલું આક્રમણ ગાંધીજીના સમયમાં ન હતું. આજે ગામેગામ તાંત્રિકો, જ્યોતિષીઓ, ભુવાઓ, ડાકલાવાળાઓ છે. કયા મંદિરમાં વધુ ભીડ ! જ્યાં ચમત્કારો થતા હોય ત્યાં. તળાજામાં કયા માતાજી હતા ? પાર્વતીમા. ઘણા લોકોને દીકરા આપ્યા ! આ ધર્મ નથી. અંધશ્રદ્ધા છે. અંધશ્રદ્ધા એ ધર્મનો દુશ્મન છે. તમારે ધર્મનું રક્ષણ કરવું હોય તો વિધર્મીઓથી જેટલો ભય નથી એટલો ભય આ તમારી જાતથી છે. સતત સુધારો કરી શકશો તો આ અંધશ્રદ્ધાને રોકી શકશો. જેવું છે તેવું ચાલવા દેશો તો તમને કોઈ બચાવી નહીં શકે. એટલે સજ્જનો, મારે આપને એક જ વાત કહેવી છે. ધર્મનું રક્ષણ કરવું હોય તો એક ફોરમૅનની જરૂર છે. એવી મશીનરીની જરૂર છે જે એમાં સતત સુધારો કરતી રહે. કર્યા કરે.

(અખંડ આનંદ, ડિસેમ્બર '૯૪.
ઘેલાણી કેળવણી ટ્રસ્ટ : સાવરકુંડલાને ઉપક્રમે આપેલ વ્યાખ્યાન,
ટૂંકસાર : મોહન દાંડીકરના સંકલનમાંથી)

❑

# આધ્યાત્મિક વારસો : કહૈં કબીર

ભોળાભાઈ પટેલ
અમદાવાદ

૧૯૧૩માં રવીન્દ્રનાથ ઠાકુરને તેમના કાવ્યગ્રંથ 'ગીતાંજલિ' માટે નોબેલ પારિતોષક મળતાં તેઓ રાતોરાત વિશ્વવિખ્યાત થઈ ગયા. ગીતાંજલિનાં કાવ્યોનું ભારે સ્વાગત થયું અને દેશવિદેશની ભાષામાં એના અનુવાદો અને એની વિવેચના થવા લાગી. ગીતાંજલિમાં ભક્તિ-કાવ્યોની પ્રધાનતા છે. એ વાંચી પશ્ચિમના કેટલાક વિદ્વાનોએ કહ્યું કે ટાગોરની આ રચના પર ઈસાઈ ધર્મનો પ્રભાવ છે.

વાસ્તવમાં ગીતાંજલિનાં કાવ્યો રવીન્દ્રનાથની નિજી આધ્યાત્મિક અનુભૂતિમાંથી પ્રસવેલાં છે. પરંતુ તેમાં ઉપનિષદ આદિની ભારતીય દાર્શનિક પરંપરા, વૈષ્ણવ પરંપરા, મધ્યકાલીન સંતબાઉલની પરંપરા ભળી ગયેલી છે. ટાગોરને ઈસાઈ ધર્મ સુધી જવાની જરૂર નહોતી. પરંતુ પાશ્ચાત્ય વિવેચકોના આ અભિપ્રાયનો પ્રતિવાદ કેવી રીતે કરવો ? કેવી રીતે એમને કહેવું કે આ તો મારા જ દેશની આધ્યાત્મિક પરંપરામાંથી થયેલી ઉપલબ્ધિ છે.

સીધો વિવાદ કરવાને બદલે રવીન્દ્રનાથે શાંતિનિકેતનના તેમના અંતેવાસી આચાર્ય ક્ષિતિમોહન સેને સંપાદિત કરેલા 'કબીર' નામે ચાર ખંડના બંગાળી ગ્રંથમાં સંચિત કબીરનાં પદોમાંથી એકસો પદો પસંદ કરી Hundred Poems of Kabir નામથી અંગ્રેજી અનુવાદ ૧૯૧૬માં મૅકમિલન દ્વારા જ પ્રકટ કર્યો. એમને એમ સૂચિત કરવું હતું કે ગીતાંજલિને કબીર જેવા સંત કવિઓનો કાવ્યવારસો મળેલો છે.

અંગ્રેજી કવિ એઝરા પાઉન્ડ, જેણે ગીતાંજલિનાં કાવ્યોને વિશ્વસ્તરે ચમકાવવામાં મુખ્ય ફાળો આપેલો, તેમણે કબીરનાં કાવ્યોના અનુવાદ વાંચી કહ્યું : Why did he(Tagore) translate Kabir. now who will read him ?

પાઉન્ડના ઉદ્ગારમાં એવો અર્થ વાંચી શકાય કે, ગીતાંજલિ પર ઘણું બધું કબીર જેવા રહસ્યવાદી કવિઓનો પ્રભાવ છે, પરંતુ કબીર પક્ષે કહી શકાય કે પાંચસો વર્ષ પછી પણ સંત કબીરની કવિતા ગીતાંજલિકારની સમકાલીન બની

શકે છે અને એઝરા પાઉન્ડ જેવા એક જુદી જ સંસ્કૃતિના ઉન્નતભ્રુ આધુનિક કાવ્યજ્ઞને સ્પર્શી શકે છે. આપણને તો સ્પર્શે એમાં નવાઈ શી ?

સમયની રીતે જોઈએ તો કબીરદાસને લગભગ છસો વર્ષ થયાં. લગભગ એટલા માટે કોઈ મધ્યકાલીન અનેક સંતો, કવિઓની જેમ કબીરના જન્મસમય વિશે કે જન્મસ્થળ વિશે કે જીવન વિશે અધિકૃત રીતે કહેવાના કોઈ આધાર નથી. કબીરપંથની પરંપરામાં અને સંશોધકોની શોધમાં ફેર પડવાના, જન્મ વિશે, જન્મવર્ષ વિશે નક્કીપણે એટલે કહેવાય કે કશું નક્કી થઈ શકે એમ નથી.

કબીર કઈ જ્ઞાતિમાં જન્મ્યા હતા ? કબીર વિશે આવું પૂછવું એ કબીરના જીવન સંદેશને જ જાણે નકારવાની વાત છે. કબીરને ને જાતિને શું — જેણે જીવનભર જાતિભેદ પર પ્રહારો કર્યા, કઠોરતમ શબ્દોમાં ક્યારેક તો બધી જ જાતિઓ સમાન છે, એટલે એમણે એક સાખીમાં કહ્યું છે :

*જાતિ ન પૂછો સાધુ કી પૂછિ લીજિયે જ્ઞાન,*
*મોલ કરો તરવાર કા પડા રહન દો મ્યાન.*

જાતિ તો માત્ર મ્યાન છે, બાહ્ય આવરણ છે, ભલે સુંદર, પણ ખરી ચીજ તો અંદરની તલવાર છે. સાધુનું જ્ઞાન એ જ એની ઉચ્ચતા. કબીર જ નહિ, મધ્યકાળના બધા સાધુસંતો કબીર જેવી જ વાત કહી ગયા છે. ખરી વાત એ છે કે બ્રાહ્મણ પરંપરાના આધિપત્યને ફગાવી દેતા હોય તેમ મધ્યકાળમાં અનેક સંતો નીચી ગણાતી જાતિમાંથી પેદા થયા છે. એટલે સાધુની જાતિ ન પૂછવી.

કબીર કહે છે :

*સન્તન જાત ન પૂછો નિરગુનિયાઁ*
*સાધ બ્રાહ્મન સાધુ છત્તરી, સાધૈ જાતિ બનિયાઁ*
*સાધનમાં છત્તીસ કૌમ હૈં ટેઢી તોર પુછનિયાઁ*
*સાધૈ નાઉ સાધૈ ધોબી, સાધ જિત હૈ બરિયાઁ*
*સાધનમાઁ રૈદાસ સન્ત હૈં, સુપચઋષિ સો ભઁગિયાઁ*
*હિન્દુ-તર્ક દુઈ દીન બને હૈં, કછૂ નહીં પહચનિયાઁ*

સાધુની જાતિ પૂછનારાને કબીર કહે છે કે સાધુઓમાં તો છત્રીસ કોમોના સંતો છે. તારો પ્રશ્ન જ ખોટો છે. હિન્દુ કે મુસલમાન — જાતિની પૃચ્છા કરનારને કશી ખબર જ નથી.

કબીર આ વાતને ઉગ્ર આક્રમક વાણીમાં પણ મૂકે છે. પોતાને ઉચ્ચ ગણતા બ્રાહ્મણને પૂછે છે :

*જો તૂં બ્રાહ્મણ બ્રાહ્મણી જાયો*
*આન વારસે ક્યોં ન આયો ?*

જો તું બ્રાહ્મણીથી જન્મ્યો છે, તો હે બ્રાહ્મણ તું પણ અન્ય સામાન્ય માનવની જેમ માની કૂખથી જ જન્મ્યો શા માટે, બીજે માર્ગે કેમ ન જન્મ્યો ?

છતાં કબીરને જાતિ ઓળખના કોઈ ખાનામાં રાખવાના હોય તો ક્યાં રાખવા ? કબીર હિન્દુ હતા ? મુસલમાન હતા ? આ પ્રશ્નોના ઉત્તર પણ સહેલા નથી. એમની સમગ્ર વાણી પણ અભ્યાસીને દ્વિધામાં રાખે છે. વિધવા કુમારિકા બ્રાહ્મણીના પેટે જન્મેલા કબીર મુસલમાન જુલાહા કુળમાં મોટા થયા — જાણે એનો મધ્યમ માર્ગ શોધી કઢાય છે. કબીરપંથીઓની માન્યતા પ્રમાણે તો કબીર તો 'પ્રકટ' થયા હતા, અર્થાત્ અવતારી હતા.

પરંતુ એટલું તો સ્પષ્ટ થાય છે કે કબીર મુસલમાન જુલાહા કુળમાં હતા. નીરુ અને નીમા એમનાં માતાપિતા હતાં. મધ્યકાળમાં અનેક નીચી ગણાતી જાતિઓએ ક્યાંક દાબથી, ક્યાંક લોભથી કે ક્યાંક સ્વેચ્છાએ સમૂહમાં ઇસ્લામનો સ્વીકાર કર્યો છે. કબીરના પૂર્વ પુરુષો પણ હિન્દુ જાતિના હશે એવું અનુમાન કરી શકાય. કબીરની વાણીમાં એ પરંપરા પણ જોવા મળે છે.

કબીરનું જન્મસ્થળ કયું એ અંગે ભલે વિવાદ હોય, પણ કબીરે જીવનનો મોટો ભાગ કાશીમાં ગાળ્યો હશે, અને કાશી એટલે બધા ધર્મોની પૂરી. આદિકાળથી એ ભારતીય ધર્મસંસ્કૃતિનું કેન્દ્ર છે. મધ્યકાળમાં પણ તેમ જ હતું. અનેક ધર્માચાર્યો, સંતો, ભક્તોના કાશી સાથે સંબંધ છે. કાશી મોક્ષપુરી માનવામાં આવે છે. કાશીમાં મરનાર મોક્ષમાં જાય છે, એટલે અંત ટાણે પણ કાશીગમન કરનારની સંખ્યા ઓછી ન હોય. ભલે કાશી વિશ્વનાથની આ નગરી હોય, પણ એને વિશે કોઈની કટૂક્તિ છે કે એ મુમૂર્ષુઓ અને મૃતકોની નગરી છે.

— 'City of dying and deads' :

પરંતુ કબીરને કાશીમાં મરવાથી પ્રાપ્ત થતો મોક્ષ જોઈતો નહોતો. આવા અંધવિશ્વાસમાં એ માનતા ન હોય, પણ એ જરા જુદી રીતે કહે છે કે કાશીમાં મરવાથી મને મોક્ષ મળવાનો હોય, તો મેં આખી જિંદગી જે રામની ઉપાસના કરી, તે રામ પર કોણ ભરોંસો રાખશે. હું ગમે ત્યાં મરું, પણ રામ પ્રત્યેની મારી ભક્તિને કારણે મોક્ષ મેળવવાનો અધિકારી છું. એટલે અંતિમ દિવસોમાં એ

મગહર જઈને રહ્યા, જ્યાં મરનાર નરકમાં જાય છે – એમ મનાતું. કબીરે પોતાના વર્તન અને વાણીથી એ માન્યતાને નકારી કાઢી હતી :

કબીરે કહ્યું :

*લોકા મતિ કે ભોંરા રે,*
*જો કાસી તન તજૈ કબીરા,*
*તો રામહિં કહા નિહોરા રે !*

મધ્યકાળમાં સમગ્ર દેશમાં ભક્તિનો જે જુવાળ આવ્યો, તેમાં કબીર એક રીતે અનન્ય છે. કબીરના અભ્યાસી હજારીપ્રસાદ દ્વિવેદીએ કહ્યું છે કે હિન્દી સાહિત્યનાં હજાર વર્ષના ઇતિહાસમાં કબીર જેવું કોઈ વ્યક્તિત્વ પેદા થયું નથી. તુલસીદાસ છે, પણ કબીર તો અલગ જ છે. ભારતના મધ્યભૂ ભાગ જેવા સમગ્ર હિન્દી ભાષી વિસ્તારના મધ્યકાલીન ભક્તિ સાહિત્યની વાત કરીએ તો આપણને બે મુખ્ય ધારા જોવા મળે છે :

(૧) ભક્તિની સગુણ કાવ્યધારા
(૨) નિર્ગુણ કાવ્યધારા

સગુણ કાવ્યધારામાં પણ મુખ્ય બે ઉપધારા છે :

(૧) રામાશ્રયી કાવ્યધારા
(૨) કૃષ્ણાશ્રયી કાવ્યધારા

રામાશ્રયી કાવ્યધારાના મુખ્ય કવિ તે રામચરિતમાનસના રચયિતા તુલસીદાસ, જ્યારે કૃષ્ણાશ્રયી શાખાના મુખ્ય કવિ સૂરસાગરના રચયિતા સુરદાસ અને તેમના પછી નંદદાસ, કૃષ્ણદાસ આદિ વલ્લભસંપ્રદાયના અષ્ટ છાપ કવિઓ અને મીરાં રસખાન આદિ.

નિર્ગુણ કાવ્યધારામાં પણ બે ઉપધારા છે :

(૧) જ્ઞાનાશ્રયી નિર્ગુણ કાવ્યધારા
(૨) પ્રેમાશ્રયી સૂફી કાવ્યધારા

જ્ઞાનાશ્રયી નિર્ગુણ કાવ્યધારાના પ્રતિનિધિ કવિ કબીર છે, જ્યારે પ્રેમાશ્રયી સૂફી કાવ્યધારાના પ્રતિનિધિ કવિ મલિક મુહમ્મદ જાયસી છે. સૂફી ધારા ઇસ્લામની એક શાખા કહી શકાય. સૂફી સાથે પોતાનાં વર્તન અને વાણીથી અનેક હિન્દુ અનુયાયીઓ પ્રાપ્ત કર્યા હતા. જાયસી જેવા સૂફી કવિઓએ હિન્દુ કથાનકો લઈને દોહા-ચોપાઈમાં 'પદ્માવત' લખ્યું. દોહા-ચોપાઈ અને અવધીભાષાના વિનિયોગ પરત્વે એ તુલસીનાય પુરોગામી.

પરંતુ આ સિવાય પૂર્વભારતમાં કવિ જયદેવના ગીત ગોવિંદને પગલે મૈથિલ-કોકિલ કવિ વિદ્યાપતિ અને તે પછી ચંડીદાસ આદિ કૃષ્ણ કવિઓની એક પરંપરા શરૂ થઈ તેણે વ્રજબોલીમાં કૃષ્ણકવિતા લખી છે. ચૈતન્યનો આવિર્ભાવ પૂર્વભારતના ધાર્મિક પુનરુત્થાનની એક પ્રધાન ઘટના છે. ગૌડીય વૈષ્ણવ કાવ્યધારાના ચૈતન્ય પ્રાણકેન્દ્ર છે.

છેક ઇશાન ભારતમાં શંકરદેવ અને માધવદેવ થયા અને તેમણે અસમમાં વૈષ્ણવ ધર્મની સ્થાપના કરી, ભાગવતની પ્રાણપ્રતિષ્ઠા કરી, ગામેગામ નામઘરોની સ્થાપના દ્વારા એક વ્યવસ્થિત ધર્મ સંગઠન ઊભું કર્યું, તે પરંપરા આજે પણ અસમમાં જીવંત છે.

આપણે ત્યાં નરસિંહ મહેતા આવ્યા. નરસિંહની કૃષ્ણ કવિતા ભારતમાં જેવી પહોંચવી જોઈએ એવી પહોંચી નથી. એમની કક્ષાના બહુ ઓછા ભક્તકવિઓ હશે. એમની પછી જ્ઞાની કવિ અખો અને બીજા અનેક ભક્તકવિઓ આવ્યા. મહારાષ્ટ્રમાં જ્ઞાનેશ્વર અને નામદેવ, એકનાથ અને તુકારામ આવ્યા.

ભક્તિજુવાળનું આ પ્રભવસ્થાન ક્યાં છે ? ઘણા વિદ્વાનોનું માનવું છે કે દેશમાં જેમ જેમ મુસલમાનોનું શાસન, ઇસ્લામનો પ્રસાર થવા લાગ્યો, તેમ તેમ પરાજિત હિન્દુ પ્રજા ધર્મનું શરણું લેતી ગઈ. 'હિન્દી સાહિત્ય કા ઇતિહાસ'ના લેખક રામચંદ્ર શુક્લ અને બીજા અનેક વિદ્વાનો આ તર્કની પુષ્ટિ કરે છે, પણ હજારીપ્રસાદ દ્વિવેદી ભારતીય ચિંતન પરંપરાનો આલેખ આપતાં કહે છે : 'હું ભાર દઈને કહેવા માગું છું કે આ દેશમાં ઇસ્લામ ન પણ આવ્યો હોત તોય આપણી ભક્તિ સાહિત્યની બાર આની તો એવી જ હોત જેવી આજે છે. ગમે તેમ પણ મધ્યકાલની આ ભક્તિ પરંપરાએ સમગ્ર દેશની પ્રજાને નવજીવન આપવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ઉમાશંકર જોશીના શબ્દો અહીં આ સંદર્ભે ટાંકવા જેવા છે :

"આપણા દેશના મધ્યકાલીન ઇતિહાસના હૃદયસ્થાને સંતો વિરાજે છે. ભારતનો સંસ્કૃતિ આત્મા જુદી જુદી દેશભાષાઓની સંત કવિતા દ્વારા પ્રકટ થયો હતો. નવા આવેલા કૌવતભર્યા ઇસ્લામ સામે, ખખડી ગયેલા હિંદુ ધર્મને નવું બળ આપી ટકાવી રાખનાર ભક્તિનો જુવાળ આ સમયમાં આવ્યો છે."

આ સંત-ભક્તની પરંપરામાં કબીર ક્યાં છે ? કબીરમાં નાથ-સિદ્ધની યૌગિક પરંપરા પણ છે. એમણે કુંડલિની જાગ્રત કરી અનાહત (અનહદ)નાદ પણ સાંભળ્યો છે. તો નિર્ગુણ 'રામ' નામનો મહિમા પણ કર્યો છે. કહે છે રામાનંદે કબીરને નામદીક્ષા આપી હતી. મધ્યકાળમાં રામાનંદનું એક ધર્મસંસ્થાપક તરીકે

મહત્ત્વનું સ્થાન છે. ભક્તિની પરંપરા તેઓ ભાગવતની સર્જનભૂમિ દક્ષિણમાંથી લઈ આવ્યા હતા :

*ભક્તિ દ્રવિડ ઊપજી, લાયે રામાનંદ*
*પ્રકટ કિયા કબીરને સપ્તદ્વીપ – નવ ખંડ*

એક વાર સ્વામી રામાનંદ ભરભાંખળે પોતાના શિષ્યો સાથે ગંગાસ્નાન માટે જતા હતા અને ઘાટના પગથિયે કોઈને એમના પગ અથડાતાં 'રામ નામ કહ' એવો ઉદ્‌ગાર નીકળ્યો. પગ જેમને અથડાયો તે કબીર હતા, અને એ રીતે રામાનંદથી દીક્ષિત થયા એવી કિંવદન્તી છે. આ કિંવદન્તીને મહત્ત્વ ન આપવા છતાં, કબીર સાહિત્યના ઘણા અધ્યેતા રામાનંદ અને કબીરના સમયગાળાની ગણતરી કરી માને છે કે રામાનંદની ઉત્તર વયે યુવા કબીર એમના શિષ્ય થયા હશે. 'કાસીમેં હમ પ્રગટ ભયે હૈં, રામાનંદ ચિતાએ' એવી ઉક્તિ પણ કબીર દ્વારા કહેવાયેલી માનવામાં આવે છે. પરંતુ મધ્યકાલીન હિન્દી સાહિત્યનાં અભ્યાસી ફ્રેંચ વિદુષી શાર્લોત વોદવિલ – જેમણે તુલસીદાસ પર અને કબીર પર આજીવન અધ્યયન કર્યું છે તેમનો મત જુદો છે.

કબીર નામે જુલાહા – A Weaver Named Kabir (1993) નામના તેમના ગ્રંથમાં પોતાનાં સંશોધનોને આધારે તેમણે લખ્યું છે કે કબીર ન તો રામાનંદી છે, ન તો રામાનંદથી દીક્ષિત છે. તેમણે એ પણ લખ્યું છે કે કબીર ઘરગૃહસ્થી છોડી 'વૈરાગી' પણ થયા નહોતા.

કબીર જુલાહાનું કામ કરતા. વણેલું કાપડ વેચીને ગુજરાન ચલાવતા પણ 'ઘર જોડવાની' માયામાં પડ્યા નથી. એમણે એક સાખીમાં કહ્યું છે :

*સાંઈ ઇતના દીજિયે જામે કુટુમ્બ સમાય*
*મૈં ભી ભૂખા ન રહૂઁ સાધુ ન ભૂખા જાય.*

પોતાની પત્નીને શાહુકારને ત્યાં મોકલીને પણ અતિથિધર્મ કબીરે પાળ્યાની વાયકા પણ જાણીતી છે. ધનસંચયમાં તો એ પડે જ શાના ? કબીરે કહ્યું છે :

*પાની બાઢે નાવ મેં, ઘર મેં બાઢે દામ,*
*દોનો હાથ ઉલીચિયે યહી સજ્જન કા કામ.*

કબીરમાં એક પ્રકારની 'અક્ખડતા' છે, જે સરહપા આદિ સિદ્ધ કે ગોરખનાથ આદિ નાથોનો વારસો હશે. એટલે એમના પૂર્વવર્તી હઠયોગીઓ કે

આપણા ભક્તકવિ અખાની જેમ મૂર્તિપૂજા, દંભ, પાખંડ, બાહ્યાચાર, આભડછેટ આદિ પર નિર્ભીક રીતે પ્રહાર કરે છે. એ રીતે એમની વાણીનો કેટલોક અંશ ખંડનાત્મક છે. તેઓ પંડિત, કાજી, મુલ્લાં, અવધૂત — આ બધા એમના વ્યંગ્ય-વિદ્રૂપથી બચ્યા નથી. આ સૌની મર્યાદાઓ કબીરે જોઈ જાણી છે. હિન્દુ કે ઇસ્લામ ધર્મના બાહ્યાચારો જોઈ કહ્યું છે :

*અરે ઇન દુનુ રાહ ન પાઈ*
*હિંદૂ અપની કરૈ બડાઈ ગાગર છુનન ન દેઈ.*
*વેસ્યા કે પાયનતર સોવૈ યહ દેખો હિન્દુઆઈ.*
*મુસલમાન કે પીર-ઓલિયા મુર્ગી-મુર્ગા ખાઈ.*
*ખાલા કેરી બેટી વ્યાહૈં ઘરહિ મેં કરૈ સગાઈ...*
*હિંદુ કી હિંદુવાઈ દેખી તુરૂકન કી તુરૂકાઈ*
*કહૈં કબીર સુનો ભાઈ સાધો કૌન રાહ હ્વૈ જાઈ.*

કબીરને મતે બાહ્ય વિધિવિધાનમાં ડૂબેલા હિન્દુ હોય કે મુસલમાન — એમને સાચો માર્ગ મળ્યો નથી. આવા કબીરનો તથા કથિત પંડિતો સાથે મેળ કેવી રીતે પડે ? પંડિતને કહે છે :

*તેરા મેરા મનુઆઁ કૈસે ઇક હોઈ રે*
*મૈં કહતા હૌં આઁખિન દેખી, તૂ કહતા કાગદ કી દેખી*
*મૈં કહતા સુરઝાવનહારી, તૂ રાખ્યો ઉરઝાઈ રે*
*મૈં કહતા તૂ જાગત રહિયો, તૂ રહતા હૈ સોઈ રે*
*મૈં કહતા નિર્મોહી રહિયો, તૂ જાતા હૈ મોહી રે...*

કબીરને અભિપ્સિત છે એક સદાચારી મનુષ્યનું જીવન. આજની દૃષ્ટિએ કહીએ તો કબીરની દૃષ્ટિ 'માનવતાવાદી' છે. (અલબત્ત આ તેમની એક બાજુ છે, કબીર ઊંડે ઊંડેથી એક રહસ્યવાદી-મર્મી ભક્ત છે.) એ માનવતાવાદ સૌ મનુષ્યોને સરખા ગણે છે. તેઓ કહે છે કે કોઈ જાતિ કે વર્ણમાં જન્મ લેવાથી વ્યક્તિ શ્રેષ્ઠ બની જતી નથી, એ માટે તો એણે ઉત્તમ કર્મો કરવાં પડે છે. હિંદુ મૂર્તિપૂજા કરીને અને તુર્ક (મુસલમાન) હજ કરીને નિરર્થક જીવન વિતાવે છે. આવાં કર્મકાંડને બદલે કબીર પ્રેમમાર્ગ પર ચાલવાનો ઉપદેશ આપે છે. તેઓ વ્યક્તિની ઇમાનદારી પર ભાર મૂકે છે. સાચો ધાર્મિક હિન્દુ કે મુસલમાન એ છે — 'જિસકા દુરુસ (દુરસ્ત) રહૈ ઇમાન.'

કેટલીક સાખીઓમાં કબીરે માનવધર્મની કેવી સહજ રીતે વ્યાખ્યા કરી દીધી છે ?

*જો તોકો કાઁટા બુવૈ તાહિ બોવ તૂ ફૂલ*
*તો કો ફૂલ કે ફૂલ હૈ વાકો હૈ તિરસૂલ*

તને કાંટો વગાડનારને પણ તું તો ફૂલ જ ધર. એથી તને તો ફૂલ જ રહેશે, પણ (પરિતાપને કારણે) તેં ધરેલું ફૂલ સામાને ત્રિશૂલ બની જશે.

એટલે તો કબીર 'પ્રેમના અઢી અક્ષર' ભણવાનું કહી ગયા છે. પોથી વાંચી વાંચીને મરી જવાથી પંડિત (જ્ઞાતા) થવાતું નથી, પંડિત થવા માટે તો માત્ર પ્રેમના અઢી અક્ષર પઢવાના છે :

*પોથી પઢિ પઢિ જગ મુઆ પંડિત ભયા ન કોય*
*ઢાઈ અક્ષર પ્રેમ કા પઢે સો પંડિત હોય.*

આ પ્રેમ એમના એક જાણીતા પદ 'ઘૂઁઘટ કા પટ ખોલ'માં વિશિષ્ટ રીતે વ્યક્ત થયો છે. એ પદમાં કબીર કહે છે કે તારા ઘૂંઘટને હટાવીશ તો તને 'પ્રિય' એટલે કે પ્રભુ મળશે. રૂપકની ભાષા ખોલીને કહીએ તો માયાનું મિથ્યા આવરણ હટાવીને જોવાની આ વાત છે. પદની બીજી પંક્તિમાં કબીર કહે છે કે પ્રત્યેક ઘટમાં એ પ્રભુ વસે છે એટલે કોઈને પણ કટુ વચન કહેતાં ઘટમાં રહેલા પ્રભુને જ કષ્ટ પહોંચવાનું છે. કટુ કહેનારના ઘટમાં રહેનાર પ્રભુને પણ કષ્ટ થવાનું છે :

*તો કો પીવ મિલેંગે ઘૂઁઘટ કા પટ ખોલ રે*
*ઘટ ઘટ મેં વહ સાંઈ રમતા કટુક વચન મત બોલ રે...*

રવીન્દ્રનાથની અંગ્રેજી ગીતાંજલિના ચોથા કાવ્યમાં આ ભાવ આ રીતે પ્રકટ થાય છે :

*Life of my life, I shall ever try to*
*Keep my body pure, Knowing that thy*
*Living touch is upon all my limbs...*
*I shall ever try to drive all evils*
*away from my heart and keep my love*
*in flower, knowing that thou hast thy*
*seat in the inmost shrine of my heart...*

'હે પ્રાણેશ્વર, મારાં સકલ અંગો ઉપર રાતદિન તારો સ્પર્શ લાગેલો જ છે, એ સદા યાદ રાખી મારું શરીર હું પવિત્ર રાખીશ... મારા હૃદયમાં તારું અચલ આસન છે, એ ધ્યાનમાં રાખી, સઘળા કુટિલ દ્વેષને અને સર્વ અમંગળને હું હાંકી કાઢીશ, — પ્રેમને સદા પ્રફુલ્લ અને નિર્મલ રાખીશ.

(મૂળ બંગાળીમાંથી અનુ. નગીનદાસ પારેખ)

હૃદયમાં વસેલા પ્રભુ વિશેની વાત કબીરના અને કવીન્દ્ર-રવીન્દ્રનાં પદોમાં જાણે એક તરંગદૈર્ધ્ય (વેવલેન્થ) પરથી ન કહેવાતી હોય ! અલબત્ત, બન્નેની ઈશ્વર વિશેની વિભાવના જુદી જુદી હોવાની. કબીર પહેલાં ભક્ત છે, પછી કવિ. રવીન્દ્રનાથ પહેલાં કવિ છે અને પછી ભક્ત. એટલે જરા જાડી ભાષામાં કહીએ તો કબીરને માટે કવિતા તો આડપેદાશ છે, ભક્તિ જ પ્રધાન છે. રવીન્દ્રનાથને માટે ભક્તિભાવ કાવ્યસામગ્રી છે.

કબીરમાં અને રવીન્દ્રનાથમાં ઈશ્વર 'પીવ' અર્થાત્ પ્રિયતમાના રૂપમાં પણ આવે છે. આ પ્રિયને મળવાનો તલસાટ બંને કવિઓમાં તીવ્રરૂપે નિરુપાયો છે. કબીરની ભક્તિ 'વિરહભક્તિ' છે, જે આપણને મીરાં જેવી કવયિત્રીમાં પણ જોવા મળે છે. રવીન્દ્રનાથમાં પણ આ વિરહભક્તિ છે; પરંતુ ભેદ ત્યાં છે કે રવીન્દ્રનાથમાં ઈશ્વર પણ ક્વચિત્ વિરહી છે અને એ સ્વયં પ્રિયભક્તના અભિસારે નીકળી પડે છે. એ ભક્તને મળવા વ્યાકુળ છે. કબીરમાં ભક્તની વ્યાકુળતા પ્રધાન છે.

*તલ ફૈ બિન બાલમ મોરજિયા*
*દિન નહિં ચૈન રાત નહિં નિંદિયા*
*તલફ તલફ કે ભોર કિયા*
*નૈન થક્તિ ભયે પંથ ન સૂઝૈ*
*સાઁઈ બેદરદી સુધ ન લિયા*
*કહત કબીર સુનો ભાઈ સાધો*
*હરો પીર દુઃખ જોર કિયા.*

જાણે કે શુદ્ધ પ્રેમકાવ્ય. ભક્ત-ઈશ્વરના પ્રેમસંબંધની અભિવ્યક્તિ વિશ્વભરના ભક્ત કવિઓએ માનવીય પ્રેમની પરિભાષા દ્વારા જ કરી છે. નર-નારીનો પ્રેમ પ્રેમનું ઘનિષ્ઠતમ રૂપ છે. એટલે એ પ્રેમ જે પદાવલિમાં વ્યક્ત થાય છે, એ જ પદાવલિમાં ભગવત્પ્રેમ પણ. ઉપર્યુક્ત પદમાં ભક્તની પરમાત્મા પ્રત્યેની વિરહાનુભૂતિની વાત છે, પણ કોઈ વિરહિણી નાયિકાની ઉક્તિરૂપે છે.

એથી ભક્તકવિને પોતાની વાત ભાવક સુધી પહોંચાડવાનું સહેલું પડે છે.

જુઓ રવીન્દ્રનાથમાં પણ :

*Clouds heap upon clouds, and it darkens.*
*Ah, love, why dost thou let me wait*
*outside at the door all alone ?...*
*If thou showest me not thy face, if*
*thou leavest me wholly aside, I know not,*
*how I am to pass these long rainy hours.*
*I keep gazing on the far-away gloom of the sky, and my heart wanders, waiting*
*with restless wid.*

આકાશમાં મેઘ પર મેઘ ખડકાયા છે અને ભક્ત પ્રિયતમ પ્રભુના દરવાજે બહાર એકલો બેસી પ્રતીક્ષા કરે છે, એ પ્રિય દર્શન ન આપે તો વર્ષાની આ વેળા કેવી રીતે વીતે ? એટલે ભક્ત આંખ પસારીને તાકી રહે છે ને પ્રાણ તોફાની પવનમાં રડતા ફરે છે.

ટાગોરે પોતાના બીજા એક કાવ્યમાં કહ્યું છે કે, હે પ્રિય (પ્રભુ) દિવસ રાત જોઉં છું કે ભુવનેભુવનમાં તારો જ વિરહ વ્યાપ્ત છે, વિભિન્ન રૂપો ધરીને કબીરે વિરહને રાજાની ઉપાધિ આપતાં કહ્યું છે :

*બિરહા બિરહા મત કહૌ બિરહા હૈ સુલતાન*
*જા ઘટ બિરહ ન સંચરૈ તા ઘટ જાન મસાન*

વિરહ તો સુલતાન છે, રાજરાજેશ્વર છે, જે હૃદયમાં વિરહનો અનુભવ નથી, તે હૃદય નહીં પણ મસાણ છે.

આ વિરહ એક વાર મિલનનો સ્વાદ પામ્યા પછી અનુભવાય. કબીરમાં પ્રિય સાથે મિલનના આનંદની મસ્તી અનેક પદો-સાખીઓમાં છે.

*કબીરા પ્યાલા પ્રેમ કા અંતર દિયા લગાય*
*રોમ રોમ મેં રમિ રહ્યા, ઔર અમલ ક્યા ખાય ?*

અલબત્ત, આ પ્યાલો 'હરિરસ'નો છે :

*હરિરસ પીયા જાણિયા, જે કબ હૂઁ ન જાઈ ખુમાર,*
*એક વાર હરિરસ પીધો પછી એની ખુમારી જતી નથી.*

કબીરના આ પ્રેમરસને 'મિસ્ટિસિઝમ' અથવા રહસ્યવાદને નામે ઓળખવામાં આવે છે, જેમાં આત્મા પરમાત્માની શોધમાં વ્યાકુળ બની નીકળી પડે છે, અને અંતે એને પામીને એનામાં સમાઈ જાય છે. આત્મા-પરમાત્માની આ ગોષ્ઠિ પ્રિયા-પ્રિયતમની, દુલહન-દુલહાની ગોષ્ઠિ રૂપે અભિવ્યક્ત થાય છે.

*નિસદિન સાલૈ ઘાવ, નીંદ આવૈ નહીં*
*પિયા મિલન કી આસ, તૈહર ભાવૈ નહીં.*

એક સાખીમાં કહે છે કે હે પ્રિય તું એક વાર આ આંખમાં આવી જા, તું જેવો આવે કે આંખ મીંચી દઉં – પછી હું કોઈને ના જોઉં, પણ તનેય કોઈને ના જોવા દઉં. પ્રિયજન સહજ ઇષત્ ઈર્ષ્યાભાવ પણ અહીં માધુર્ય બની પ્રકટ થાય છે :

*નૈના અંતરિ આવ તૂઁ, જ્યૂં હૌં નૈન ઝઁપેઉં*
*ના હૌં દેખૌં ઔર કૂં, નાં તુઝ દેખન દેઊં*

પરંતુ પ્રેમકાવ્યમાં કબીરને અર્થપલટતાં વાર નથી થતી. દુલહનને પ્રિયના ઘરે જવાનું છે, તે જવાનું છે. પછી રોવાનું, ગાવાનું કે બહાના કાઢવાનું શું ? અંતે તો પ્રિય વિના અન્ય ઠેકાણું નથી. છેલ્લી લીટી વાંચતા જ અર્થભાર બદલાઈ જવાની પ્રતીતિ સહૃદયને થશે :

*દુલહિની તોહિ પિય કે ઘર જાના*
*કાહે રોવો કાહે ગાવો, કાહે કરત બહાના.*
*કાહે પહિર્યો હરિ હરિ ચુરિયાઁ, પહિર્યો પ્રેમ કા બાના*
*કહૈં કબીર સુનો ભાઈ સાધો, બિન પિયા નાહિં ઠિકાના*

આ વાત જરા જુદી રીતે અન્ય બહુ જાણીતા એક પદમાં કબીરે આમ કહી છે :

*કર લે સિંગાર ચતુર અલબેલી*
*સાજન કે ઘર જાના હોગા.*
*નહાલે ધોલે સિસ ગુંથા લે,*
*ફિર વહાઁ સે નહીં આના હોગા.*

પ્રિય મિલનને માટે શૃંગાર કરી લેવાની વાત તો ખરી, પણ સાજને ઘેરથી જે પાછા નહીં આવવાની વાત છે — એમાં છે કબીર-સ્પર્શ. એ વિશે જરા વિચારીએ કે આપણા મનમાં વાત સ્પષ્ટ થઈ જાય છે.*

(અખંડ આનંદ, જુલાઈ-ઑગસ્ટ '૯૯)

❑

* લેખમાં ઘણાંખરાં અવતરણ હજારીપ્રસાદ દ્વિવેદીના 'કબીર' ગ્રંથમાંથી છે. ક્યાંક ઘણા સમયથી કંઠસ્થ છે, તેમાંથી છે. કોઈ પાઠ સાથે મેળવી જોયાં નથી.

# કબીરસાહેબની આધ્યાત્મિક વિભાવના

ડૉ. કાન્તિકુમાર ભટ્ટ

કબીરસાહેબે એમની વાણીમાં ધર્મસંપ્રદાયોનો વિરોધ એટલા માટે કર્યો હતો કે, લોકો આરાધ્યને સ્થાને બાહ્યાચાર તથા કર્મકાંડને મહત્ત્વ આપતા હતા. મૂર્તિમાં આરોપિત પરમતત્ત્વને બદલે મૂર્તિને જ બધું માની લેતા હતા, એટલે જ એમને મૂર્તિનો પણ વિરોધ કરવો પડ્યો હતો. અને ધનરાજે પોતાના કીર્તનોમાં એટલા માટે સ્પષ્ટતા કરી કે – 'મૂરતમાંહીં અમૂરત ધ્યાઈએ.' કબીર કહે છે કે મૂર્તિપૂજાથી મનુષ્યની ભ્રાંતિ દૂર થતી નથી. 'સેવે સાલિગરામ કુ મનકી ભ્રાંતિ ન જાઈ ।' એમણે સ્વીકાર કર્યો છે કે સદ્‌ગુરુ કૃપાથી જ એમની ભ્રાંતિનો બોજ ઊતરી ગયો, નહીં તો એ પણ પથ્થરની પૂજા કરતા હોત.

*'हम भी पाहन पूजते, होते बन के रोज ।*
*सद्‌गुरु की किरपा भई, डार्या सिर पे बोज ।।'*

સાધનાના માર્ગની સાથે સાથે કબીરે ભક્તિ પદ્ધતિને પણ ઈશ્વરપ્રાપ્તિ માટે અત્યંત મહત્ત્વનું સ્થાન આપ્યું છે. એટલે જ એમને નિર્ગુણ ભક્તિમાં ઉપાસ્યમાં ગુણોની સ્થાપના કરવી પડી છે. કારણ કે પ્રેમને આધાર કે આલંબનની જરૂર પડે છે. કબીરે એ પરમતત્ત્વ સાથે માતા, પિતા તથા પતિના સંબંધો પ્રયોજ્યા છે. એ કહે છે, 'हरि जननी मैं बालक तेरा, कस नहीं बक्षहुं अवगुण मेरा ।'

સ્વામી રામાનંદ કબીરસાહેબના ગુરુ હતા, એટલે સ્વાભાવિક રીતે જ એમના પ્રભાવથી કબીરે રામનું નામ અને વૈષ્ણવ ભક્તિ પદ્ધતિ અપનાવી હતી. સ્વામીજીની અનન્ય ભક્તિનો કબીરે એમની વાણીમાં સ્વીકાર કર્યો છે. કબીરનું તત્ત્વજ્ઞાન સત્સંગ-પ્રાપ્ત હતું. કબીરે આરાધ્ય તરીકે નિર્ગુણ બ્રહ્મનો સ્વીકાર કર્યો હતો, પરંતુ એમણે બ્રહ્મતત્ત્વને અનેક નામથી વ્યક્ત કર્યો છે. એ કહે છે કે આ બધી રઘુનાથની માયા છે, અહીં રઘુનાથ એટલે દશરથપુત્ર નહીં, પણ વેદાંતિઓના પરબ્રહ્મ આમ કબીરસાહેબ નિર્ગુણ બ્રહ્મને નિરાકાર નિસ્સીમ સમજે છે, પણ તે નિર્વિષય નથી તેથી કબીરસાહેબે એનામાં ગુણોનું આરોપણ કર્યું છે.

કબીરસાહેબને એકેશ્વરવાદ, અદ્વૈતવાદ, વિષિષ્ઠાદ્વૈત કે દ્વૈતાદ્વૈત જેવા કોઈ પણ એક વાદમાં બાંધી શકાય એમ નથી, કેમ કે એમનાં વિધાનો ક્યારેક એ બધાના વિરોધી જણાય છે. એનું કારણ એમના વિચારોની અસ્થિરતા નથી, પણ એમની ભક્તિ અને સાધનાનો સમન્વય છે. એ માનતા હતા કે ઈશ્વરનો સાક્ષાત્કાર અનુભૂતિગમ્ય છે. એમાં વિરોધાભાસ નથી. ભક્તિની દુનિયામાં એ સંભવિત છે. એ ભક્તિનો પ્રભાવ સ્વામી રામાનંદ દ્વારા કબીરસાહેબ પર પડ્યો હતો.

*'भक्ति द्रविड उपजी लाये रामानंद ।*
*परगट किया कबीरने सप्तद्वीप नवखंड ।।'*

કબીર સંસારને અસાર માને છે. મનુષ્યનું શરીર નશ્વર છે, એ છેવટે પંચમહાભૂતોમાં મળી જવાનું છે. એ પાણીના પરપોટા જેવું છે. જેમ પ્રભાત થતા તારાગણ અદૃશ્ય થઈ જાય છે, એમ એ પણ પરપોટાની જેમ ફરી જાય છે. 'देखत ही छिप जायेगा, ज्यों तारा परभात ।।' કબીર કહે છે, એમાં આત્મરૂપી પક્ષી પવન જેવું છે. એટલે આત્મા શરીરમાં રહે છે, મનુષ્યનું શરીર દસ દરવાજાનું પીંજરું છે. એ જ એક આશ્ચર્ય છે, મહીંથી નીકળી જાય તો તેમાં આશ્ચર્ય શું ?

*'दस द्वारे का पींजरा, तामें पंछी पौन ।*
*रहेबे को अजरज है, जावै तो अचरज कौन ।।'*

કબીરે શરીરને પાંચ તત્ત્વોની બનેલી ચૂંદડીની ઉપમા આપી છે. એ ચૂંદડી પિયરથી આવી છે અને અહીં સંસારરૂપી સાસરિયામાં મન ખોવાઈ ગયું છે. અહીં જે ડાઘ લાગ્યો છે, તે જ્ઞાનરૂપી સાબુથી પણ જતો નથી. કબીર કહે છે કે સાહેબ જ્યારે અપનાવી લેશે, ત્યારે જ આ સંસારનો મોહ છૂટી જશે.

આમ કબીરસાહેબને રામના નામની દીક્ષા સ્વામી રામાનંદ પાસેથી મળી હોય એમ લાગે છે. પરંતુ એમની રામનામની વિભાવના સ્વામીજી કરતાં જુદી હતી. કબીરના રામ દશરથ પુત્ર રામ નહીં, પણ પરબ્રહ્મ પરમાત્મા હતા. કબીરે પોતે એની સ્પષ્ટતા કરતાં કહ્યું છે, 'दशरथ सुत तिहु लोक बखाना रामनामका मरम है आना ।।' કબીરે જે નિર્ગુણ બ્રહ્મની આરાધના કરી હતી, તેને એમણે રામનું નામ આપ્યું હતું. 'निर्गुण राम जपहुं रे भाई'નો ઉપદેશ એમણે આપ્યો હતો.

સગુણ તથા નિર્ગુણની દૃષ્ટિથી તો કબીરસાહેબના રામ સગુણ અને નિર્ગુણ બન્નેની ઉપર છે.

કબીરે પરિબ્રહ્મ માટે રામ, રહીમ, અલ્લાહ, સત્ય, ગોવિંદ, કેશવ તથા હરિ વગેરે શબ્દોનો પ્રયોગ કર્યો છે. એ કહે છે, अपरंपार का नाउं अनंत ।। રામકબીર સંપ્રદાયમાં પણ એ જ સૈદ્ધાંતિક પરંપરાને સ્વીકારી છે.

*'કૃષ્ણ ગોવિંદ મુરાર તું, પાર લે આત્મા એહ,*
*હરિ પુરુષોત્તમ પરબ્રહ્મ, વિષ્ણુ નારાયણ દેવ ।'* કડવું -૨

અનેક નામોમાં કબીરસાહેબને પ્રિય નામ 'રામ' છે, એટલે એ કહે છે :

*'रामका नाम संसार में सार है, रामका नाम अमृतबानी ।*
*राम के नाम ते कोटि पातक तरे, रामका नाम विश्वास मानी ।।'*

કબીરે એની સાથે દાંપત્યભાવની અભિવ્યક્તિ કરી છે. એ રામ કબીરના પતિ છે અને પોતે રામની પત્ની છે :

*'राम मोरे पिव मैं रामकी बहुरिया ।*
*राम बडे मैं छूटक लहुरिया ।।'*

એ રામ અજર અમર છે, નિર્ગુણ છે એટલે એને મૃત્યુ નથી. પરમાત્મા અમર્ત્ય છે તો પછી આત્માને મૃત્યુ ક્યાંથી હોય ? એ શ્રદ્ધાથી કબીર કહે છે. राम मरी है तो हम भी मरी है, राम न मरी है, तो हम काहे को मरी है ?' એટલે કબીરે આત્માને 'આતમારામ' કહ્યો છે.

બ્રહ્મ અને જીવન વચ્ચેના સંબંધને સમજાવવા કબીરે એક મનમોહક શબ્દચિત્રો પ્રસ્તુત કર્યા છે. મનુષ્યને કમલની અને બ્રહ્મને જલની ઉપમા આપી એ કહે છે, કમલનો જલમાં વાસ છે, તે જ એની ઉત્પત્તિ છે, ત્યાં જ એ પોષાય છે અને વિવિધ રૂપરંગ ધારણ કરે છે. એની શીતલતા આગળ કોઈ તાપ ટકી શકતો નથી. જે એનો આધાર લે છે, તેનું મૃત્યુ કદી થતું નથી.

*'काहे रो नलिनी ! तू कुम्हलानी, तेरे नाल सरोवर पानी।*
*जल में उत्पत्ति, जल में बास, जल में नलिनी तोर निवास ।।'*

એ જ રીતે કુંભ અને જલનું દૃષ્ટાંત આપી એ કહે છે, ઘડો કૂવામાં જઈ

પાણીમાં ડૂબે છે ત્યારે અંદર અને બહાર પાણી જ પાણી છે. બહાર કાઢીએ ત્યારે ઘડા રૂપી શરીરમાં પાણી રૂપી આત્મા અલગ થાય છે, પણ એ માટીનો ઘડો કૂવામાં અથડાતા તૂટી જાય તો બહારના પાણી – પરમાત્મા – સાથે અંદરના પાણી-આત્માનું મિલન થઈ એક થઈ જાય છે.

*'कुंभ में जब है, जल में कुंभ है, बाहर भीतर पानी ।*
*फूटा कुंभ जल जल ही समाना, यही तर्थ्य कहयो ज्ञानी ।।'*

સોનાના આભૂષણો કર્યાં પછી એને વિવિધ નામ આપીએ છીએ, પણ ભંગાવીએ ત્યારે પાછું સોનાનું સોનું થઈ જાય છે. એ જ રીતે પાણીને હિમનું દૃષ્ટાંત આપતાં કબીર કહે છે, પાણીનું ઠંડી પડતાં હિમ થાય છે. પણ ફરી પાછું તે પાણી બની જાય છે તેમ આત્મા પરમાત્મામાં મળી જાય છે, અને ફરી પાછો સ્વતંત્રરૂપ ધારણ કરે છે.

*'पानी ही ते हिम भया, हिम हौ गया बिलाई ।*
*जो कुछ था सोई भया, अब कुछ कहा न जाई ।।'*

આ સંસાર આપણો મૂળ દેશ નથી. જે મૂળ દેશ છે તે અગમ્ય છે. ત્યાં વાટ અને તેલ વિના પણ દીવો બળતો હોય છે, આપણે ત્યાંના નિવાસી છીએ.

*'हम बासी उस देस के जहाँ अगम्य का खेल ।*
*दीप जरै अगम्यका, बिन बाती बिन तेल ।।'*

એ દેશના નિવાસી થવા માટે આ દેશની તમામ માયા છોડી દેવી પડે. કબીર કહે છે કે જે માથું ઉતારી નીચે મૂકે અને તેના પર પોતાનો પગ મૂકે એવા હોય તે મારી સાથે આવે.

*'सिस उतारि भूंई धरै, ता पर राखे पाँव ।*
*दास कबीर यों कहे, एसा हो सो आव ।।'*

પરમતત્ત્વની પ્રાપ્તિ માટે સૌ પ્રથમ માણસને પોતાનો અહમ્ ઓગાળી નાખવો પડે છે. જ્યાં સુધી મનુષ્યમાં 'હું' હોય છે ત્યાં સુધી હરિ આવતો નથી. જ્યારે હરિ આવે છે, ત્યારે 'હું' રહેતો નથી. કબીર કહે છે, 'जब मैं था, तब हरि नहीं, हरि है, मैं नाहि ।' રહીમે પણ એ જ કહ્યું હતું કે એક મ્યાનમાં

બે તલવાર રહી શકતી નથી. 'હું'નો ત્યાગ કરીએ તો જ હરિમય થઈ જવાય, નહીં તો હરિ એનાથી દૂર ભાગી જાય છે. ભક્ત ભગવાનની ભક્તિ કરતાં કરતાં ભગવાનમય બની જાય છે અને પોતાને ભૂલી જાય છે. પછી એને સર્વત્ર હરિ અને હરિલીલાનાં જ દર્શન થાય છે. કબીર એ પ્રક્રિયાને આ પ્રમાણે સમજાવે છે :

*'तू तू करता तू भया, मुझ में रही न हूं ।*
*वारी फेरी चली गई, जित देखों तित तू ।।'*

ભક્ત પોતાના અસ્તિત્વને ભૂલી ઈશ્વરના નામે ગમે તે બલિદાન દેતાં અચકાતો નથી, કારણ કે એની વસ્તુ એને સોંપી દેતાં અચકાય શા માટે ?

*मेरा मुझ में कुछ नहीं, जो कुछ है सो तोर ।*
*तेरा तुझको सौंपते, क्या लगन है मोर ।।'*

કબીરસાહેબ કહે છે કે પરમતત્ત્વની અનુભૂતિ ભક્તિ કરવાથી થાય છે. જ્ઞાનથી પરમતત્ત્વનો પરિચય થાય, પણ અનુભૂતિ તો પ્રેમથી જ થાય. કબીર તો કહે છે કે જે પ્રેમ શબ્દના અઢી અક્ષર ભણી ગયો, એ જ ખરો જ્ઞાની છે. પ્રેમની અનુભૂતિ અનિર્વચનીય છે, એ લખવાની વાત નથી. વરરાજા અને કન્યાનું મિલન થાય છે, ત્યારે જેમ બધી જાન જોયા કરે છે તેમ આત્મા પરમાત્માના મિલનને સંસાર જોયા કરે છે.

*'लिखा लिखी है नहीं देखा देखी बात ।*
*दुल्हा दुल्हन मिल गये, फिकी पडी बारात ।।'*

પરમતત્ત્વની એ અનિર્વચનીય અનુભૂતિને કબીરસાહેબે गुंगेका गुड કહીને ઓળખાવી છે. ગુંગાને ગોળ ખવડાવી પૂછો કે ગોળ કેવો લાગ્યો ! ત્યારે એ તમને ગોળની મીઠાશ સમજાવી શકાતો નથી તેથી કબીરસાહેબે કહ્યું હતું :

*'गुंगे केरी सर्करा, खावै और मुसकाई ।'*

વિદ્વાનોએ એને રહસ્યાનુભૂતિ ગણી કબીરને રહસ્યવાદી કવિ કહ્યા હતા. પરમતત્ત્વ નિર્ગુણ નિરાકર નિરંજન છે. તેની સાથેના સંબંધોની અભિવ્યક્તિ રહસ્ય છે. આદર્શ પુરુષોમાં પરમતત્ત્વનું આરોપણ એક રહસ્ય છે. મૂર્તિને પરમાત્મા માનવામાં મૂળમાં પણ એ જ રહસ્યભાવના છે. ઋગ્વેદમાં 'यो नः पिता

जनिता यो विधाता ।' કહીને પરમતત્ત્વનું સ્મરણ કરવામાં આવ્યું છે. કબીરે પણ 'बाप रामराया अब हूँ सरन तुम्हारी ।' તથા 'हरि जननी मैं बालक तैरा ।' કહી પરમતત્ત્વ સાથે રહસ્યમય સંબંધ વ્યક્ત કર્યો છે.

વૈષ્ણવોની સગુણ ભક્તિમાં જે માધુર્યભાવનાં દર્શન થાય છે, તે કબીર અને બીજા સૂફી-સંતોની વાણીમાં પણ જોવા મળે છે. અંતર એ છે કે સૂફીઓએ જીવને આશિક તથા બ્રહ્મને માશુક કહ્યા છે. જ્યારે કબીરની વાણીમાં વૈષ્ણવોની પરંપરા છે, દાર્શનિકોએ પરમાત્માને પુરુષ અને જગતને સ્ત્રીરૂપ પ્રકૃતિ કહી છે. માધુર્યભાવમાં પરમાત્માને પ્રિયતમના રૂપમાં અને સમસ્ત જગતને પ્રિયતમાના રૂપમાં જોવામાં આવ્યું છે. મીરાંએ જેમ ગિરધર ગોપાલને એકલાને જ પુરુષ માન્યો હતો, તેમ કબીરે એક માત્ર અવિનાશી બ્રહ્મને પતિ માન્યો છે.

*'कहे कबीर ब्याही चले हैं, पुरुष एक अविनाशी ।'*

દાંપત્યભાવની અભિવ્યક્તિમાં કબીરસાહેબે મિલન તથા વિયોગ બન્ને દશાઓનું વર્ણન કર્યું છે. એ કહે છે, એ દિવસ ક્યારે આવશે કે જેને લીધે અમે આ દેહ ધારણ કર્યો છે, એને આલિંગન કરીએ. જ્યાં સુધી પિયુ પ્રાપ્ત થતા નથી ત્યાં સુધી વિરહના દુખમાં એ દુખી છે, પરંતુ કબીર કહે છે કે વેદનાના ઘા વેઠ્યા વિના પ્રભુ પ્રાપ્ત થતો નથી.

*'हंसि हंसि कंथ न पाए, जिन पाया तिन रोई ।।'*

ભક્ત પોતાના આરાધ્યને મળવા એટલો અધીર છે કે પ્રિયતમના આવવાનો માર્ગ જોતાં જોતાં એની આંખોમાં ઝાંખ વળી ગઈ છે. અને રામને પોકારી પોકારીને એની જીભે છાલાં પણ પડી ગયાં છે.

*'आंखडियाँ झांई पडी, पंथ निहारी निहारी ।*
*जीभलडी छाला पडा, राम पुकारी पुकारी ।।'*

એક વખત પણ જો એને એનો પ્રિયતમ મળી જશે, તો ભક્ત એને પોતાની આંખોમાં પાંપણ ઢાળી કેદ કરી દેશે, જેથી કોઈ એને દેખે નહીં અને એ પણ કોઈને જોઈ નહીં શકે.

*'नैना अंदर आव तू, ज्यूँ हौं नैंन झपेऊं ।*
*ना हौं देखू और कू, ना तुझे देखन देऊं ।।'*

સ્વામી હોવાથી રામાનંદની વૈષ્ણવ ભક્તિના સંસ્કાર કબીરસાહેબની ભક્તિ પદ્ધતિ પર દેખાય છે. પરંતુ કબીરના રામ નિર્ગુણ રામ હોવાથી એ રૂપાતીત રામ ભક્તિનો આધાર બની શકે ખરા ! મનુષ્યના મનમાં ભગવત વિષયક જે પ્રેમ છે એ જ ભક્તિ છે. જીવ પરમાત્માનો જ એક અંશ છે. ભ્રમવશ એ પોતાને અલગ માને છે અને પરમાત્માને શોધે છે. કબીરે કહ્યું છે કે તું મને ક્યાં શોધે છે ? હું મંદિર, મસ્જિદ કાબા કે કાશીમાં નથી, હું તો તારામાં જ વસેલો છું. એને જાગૃત કરે તો એ જ 'આતમરામ' બની જાય છે.

દરિયાની લહેર અને દરિયાનું પાણી જુદાં નથી. ઉપર ઊઠે છે તો લહેર કહેવાય છે. અને પાછી નીચે પડે ત્યારે દરિયો બની જાય છે, માત્ર નામમાં ફેર છે. આત્માને પરમાત્માના મિલનની ઉત્કટ ઇચ્છા છે, એને એ પોતાનો પ્રિયતમ માને છે, એના સિવાય અન્ય કોઈને સ્વીકારતો નથી. અનન્યભક્તિની અભિવ્યક્તિ કબીરની નીચેની પંક્તિઓમાં દૃષ્ટવ્ય છે :

*'मैं अबला पियु पियु करुं, निर्गुण मेरा पिव ।*
*शून्य सनेही राम बिन, देखूं और न जिव ।।'*

રામના વિરહમાં ભક્ત તડપે છે. એને દિવસે ચૈન મળતું નથી અને રાતે નીંદ આવતી નથી, તડપી તડપીને એણે સવાર પાડી છે, 'दिन नहीं चैन, रात नहीं निदिया, तलफ तलफ के भोर किया ।'

ભક્તમાં સહજ સ્વાભાવિક વિનયભાવના હોય છે. તુલસીદાસે વિનયની અભિવ્યક્તિમાં આખી વિનયપત્રિકા લખી હતી. સૂરદાસ પોતાને કુટીલ, ખલ, કામી અને નમકહરામી કહે છે.

*'मों सम कौन कुटिल खल कामी ।*
*जेहि तनु दियो ताहि बिसराओ, एसो नोनहरामी ।।'*

તેમ કબીરે પણ પોતાની જાતને રામના કૂતરા તરીકે ઓળખાવી છે. રામ એના માલિક છે. ગળામાં રામની સાંકળ છે. એ જેમ અને જ્યાં ખેંચી જાય છે, ત્યાં એ જાય છે.

*'कबीरा कूता राम का मोतिया मेरा नाँउ ।*
*गलं रामकी जेबडी, जित खेंचो, तित जाउं ।।'*

રામકબીરસંપ્રદાયની સ્થાપના કબીરસાહેબના પટ્ટશિષ્ય જ્ઞાનીજી મહારાજે કરી હતી. તેથી સંપ્રદાયના કીર્તનોમાં જે તત્ત્વજ્ઞાન છે તે કબીરસાહેબની વૈચારિક પરંપરાનું છે. એ ૨૮ કીર્તનોનો લેખક ધનરાજ કબીરસાહેબના એક અન્ય શિષ્ય પદ્મનાભનો શિષ્ય હતો. તેથી એનાં કીર્તનોમાં પણ કબીરસાહેબના વિચારોનું પ્રતિબિંબ દેખાય છે. ધનરાજે લખ્યું છે કે વેદ-પુરાણ, સ્મૃતિ, ષટ્દર્શન — બધાનો સાર એક ચૈતન્ય પરિબ્રહ્મ છે. એનું મૂળ રૂપ નિરંજન નિરાકાર છે, પણ એ ભક્તો માટે અવતાર ધારણ કરી સાકાર બને છે, પછી ભલે એનાં નામ જુદાં જુદાં હોય.

*'કૃષ્ણ, ગોવિંદ, મુરાર તું, પાર લે આત્મા એહ ।*
*હરિ પુરુષોત્તમ પર બ્રહ્મ, વિષ્ણુ નારાયણ દેવ ॥' કડવું -૨*

બ્રહ્મના નિરંજન નિરાકાર સ્વરૂપ વિશે ધનરાજે લખ્યું છે કે બ્રહ્મ નિરંજન નિરાકાર છે. જેના મુખમાં ચૌદ બ્રહ્માંડ વસતાં હોય, એને ફૂલ પાંખડી શી રીતે ચઢાવું ?

*'જીરે કોને ચઢાવું ફૂલ પાંખડી, જેને ચૌદ ભૂવન મુખ માંહે ।' સોરંગી*

એ પરબ્રહ્મ જરા, મરણ, દુઃખ અને ભયનું ભંજન કરે છે અને મુનિઓના ચિત્તનું રંજન કરે છે, એવા નિરંજનનું સ્મરણ કરો. એ અરૂપ છે, દેહ વિહોણો છે, છતાં શ્યામ સલુણો થઈ દહીં ખાવા હઠ કરે છે.

*'स्यामल परिब्रह्म देह विहोणो, मही कारण हठ मांडे सलुणो ।' પૃથ્વીધોળ*

આમ ધનરાજે પરિબ્રહ્મ અરૂપ એટલે દેહ વિહોણો કહ્યો છે અને સાથે સાથે 'શ્યામલ' પણ કહ્યો છે. જેને રૂપ નથી, એ શ્યામ કઈ રીતે હોઈ શકે ? એ રહસ્ય છે અને એ કબીરની રહસ્યવાદી પરંપરા છે. નિર્ગુણ સાથે સગુણનો સમન્વય છે, અથવા કબીર કહે છે તેમ એ સગુણ નિર્ગુણથી પણ ઉપર છે. આત્મા અને પરમાત્માના સંબંધને પણ ધનરાજે કબીરસાહેબની પરંપરામાં જલ અને કુંભનું દૃષ્ટાંત આપી વર્ણવ્યો છે, 'પિંડ બ્રહ્માંડમાં ભરી રહ્યો રે, જેમ જલમાં કુંભ' હરખભુવન. એ જ પરંપરામાં ધનરાજે પરમાત્માને માતા અને પિતાના રૂપકો આપી ઓળખાવ્યા છે.

'તું જનની ને તાત તું રે, તુજ વિણ અવર ન કોઈ ।' શોકભુવન. આતમા

પરમાત્મા વચ્ચેના સંબંધને એણે પણ દાંપત્યભાવમાં અભિવ્યક્ત કર્યો છે.

*'प्रकृति पुरुष एम बोलतां, टूटयो पूर्व स्नेह ।*
*आत्मा परिब्रह्म जई मळ्यो, पंच भाग थई देह ।।'* विनति ।।

કબીરની વૈષ્ણવભક્તિની પરંપરા ધનરાજે જાળવી રાખી છે. એ તમામ ભક્તોને વૈષ્ણવજન કહે છે, 'વૈષ્ણવજન, સહુ સાંભળો, રાજા પરિબ્રહ્મનું બોલ્યું', ધનરાજે પોતાને માટે પણ વૈષ્ણવ શબ્દનો પ્રયોગ કર્યો છે, 'એમ વિનવે વૈષ્ણવ હરિજીનો દાસ' તથા 'ભણે વૈષ્ણવ વાર દસમી, અવતરસે આ વાર ।' વાડીનો રાસ.

આમ પોતાને વૈષ્ણવ કહેવા છતાં એ કોઈ વૈષ્ણવ સંપ્રદાયનો ભક્ત નથી. એ મૂર્તિમાં માનતો નથી. રામ કે કૃષ્ણ કોઈ અવતારની ભક્તિ એ કરે છે, પણ એની મૂર્તિની પૂજાને સ્વીકારતો નથી. એણે સ્પષ્ટ લખ્યું છે :

*'मूर्ति विना परमात्मा ध्याईए, अवर प्रपंच कीजे नहीं ए।'* — વેદપુરાણ

એને રામ તથા કૃષ્ણમાં કોઈ ભેદ નથી. જે રામ છે એ જ કૃષ્ણ છે, બન્નેમાં કોઈ અંતર નથી. 'વાડીના રાસ'માં એ કહે છે, 'રામ તું જ, કૃષ્ણ તું જ નહીં પરાક્રમ પાર ।'

કબીરની ભક્તિનો માર્ગ સાધનાત્મક છે છતાં એમાં પ્રિયને મળવાની વ્યાકુળતા છે, પ્રિયતમ પર અતૂટ શ્રદ્ધા છે, આત્મસમર્પણનો પ્રબળ ભાવ છે, પ્રિયની પ્રાપ્તિ સહજસાધ્ય નથી, કઠોર સાધના અને કોમળ ભક્તિનો સમન્વય છે. દુઃખ તથા દ્વંદ્વની ઉપર ભ્રમ તથા ભ્રાંતિથી દૂર એકરસ પ્રેમનો પુરુષાર્થ છે.

એ પ્રેમથી પ્રકાશિત સૃષ્ટિનું પરમાનંદનું વર્ણન કબીરે આ શબ્દોમાં કર્યું છે :

*'गगन की गुफा, तहँ गेव का चांदना, उदय और का नाम नांही ।*
*दिन औं रैन तहँ नेक नहीं पारुए, प्रेम परकास के सिधुं मांही ।*
*सदा आनंद दुख द्वंद्व व्यापे नहीं, पूरनानंद भरपूर देखा ।*
*भर्म और भ्राति तहँ नेक आवे नहीं, कहे कबीर रस एक पेरवा ।।'*

આ પરમધામના પરમાનંદમાં મસ્તી એવી છવાઈ જાય છે કે ભક્તને બીજી કોઈ ચાહ રહેતી નથી, એટલે તમામ ચિંતાઓને છોડી એનું મન મસ્ત થઈ જાય

છે. કબીર કહે છે, જેને કંઈ જ ન જોઈતું હોય એ તો બાદશાહોનો પણ બાદશાહ છે. હરિરસનો નશો જ એવો છે, કે ચઢ્યા પછી ઊતરતો નથી, એ મસ્તીમાં ભક્તને પોતાના શરીરની સુધ પણ રહેતી નથી.

કબીર કહે છે, 'सिस दिया फिर रोना क्या रे ?'

કબીરની વાણીમાં ઘણા બધા વાદોનો સમન્વય છે. સર્વ ધર્મ સમન્વય છે, જાતિભેદ નથી, માનવ માનવ વચ્ચે સમાનતાની ભાવના છે, અહેતુક પ્રેમની અભિવ્યંજના છે, બ્રાહ્ય આચારોનો વિરોધ છે, ધર્મ પુસ્તકોના ઉપદેશનો ઉચ્છેદ છે, આત્માનુભૂતિનો આધાર છે, એની પ્રેમભક્તિનું પાત્ર માનવ છે. ક્યાંય સંભ્રમ નથી, સાહજિકતા છે. રામરાયા પરનો અતૂટ વિશ્વાસ છ. જાતિ કુલ કે ધર્મનું કોઈ મહત્ત્વ નથી, નિષ્કામ ભક્તિના અહાલેક છે. આત્માનુભૂતિના માર્ગ પર ચાલવાનો દૃઢ સંકલ્પ છે તેથી 'अपनी राह तू चले कवीरा ।' એ કહે છે. તુલસીદાસે કહ્યું હતું 'अगुनहि सगुनहि नहीं कछु भेदा ।' તેમ કબીરની વાણીમાં પણ સગુણ-નિર્ગુણનો સંઘર્ષ નથી, કારણ કબીરનો ઉપાસ્ય સગુણ અને નિર્ગુણ બન્નેની ઉપર છે. તમામ પ્રકારની ઉપાસનાના સારરૂપ કબીરે નિષ્કામભક્તિનો ઉપદેશ આપ્યો છે :

*'और कर्म सब कर्म है, भक्ति कर्म निष्काम ।*
*कहे कबीर पुकारिकै, भक्ति करो तजी भर्म ।।'*

❑

# કબીરસાહેબની અભેદ દૃષ્ટિ

**અનવર આગેવાન**
ગોંડલ

આ સૃષ્ટિની રચના કોણે કરી છે ? તે પ્રશ્ન તો આદિકાળથી જ મનુષ્ય સામે રહેલો છે. આ ગંભીર પ્રશ્ન પર ઋષિ, મહર્ષિ અને સંતોએ ઘણો પ્રકાશ પાડ્યો છે અને લોકોને આ સવાલનો જવાબ સમજાવવા પ્રયત્ન કર્યો છે. દરેક વિચારક એવા નિષ્કર્ષ પર પહોંચ્યા છે કે આ સૃષ્ટિની પાછળ કોઈ અવ્યક્ત સત્તાનો હાથ છે. એનું કોઈ રૂપ નથી, કોઈ સ્થળ નથી, એ સર્વવ્યાપક છે.

દરેક કાળમાં ચિંતક-વિચારક આપણને કહેતા આવ્યા છે કે આ જગત ઘણું જ વિશાળ છે અને તેના સર્જનહાર આ જગતથી દૂર નથી બેઠા. કોઈ ચિંતકે આજ સુધી એમ નથી કહ્યું કે, જુઓ અમુક એક જગ્યાએ સૃષ્ટિના સર્જનહાર બેઠા છે. હા, તે લોકો એમ કહે છે કે આ સૃષ્ટિના સર્જક કણ-કણમાં જગતના દરેક રૂપમાં રહેલા છે. જગતમાં તેમના અસ્તિત્વ વગરની કોઈ વસ્તુ નથી.

ઘણા લોકો એમ પણ કહે છે કે જ્યારે સૃષ્ટિના સર્જકનું કોઈ રૂપ આપણે જોઈ શકતા નથી તો પછી તેના માટે પરેશાન થવાની શી જરૂર છે ? જગતની જે કોઈ વસ્તુથી તમે આનંદ મેળવી શકો એનો ઉપયોગ કરો. સૃષ્ટિ પણ આનંદ માટે જ છે. એમાંથી જેટલો શક્ય હોય તેટલો આનંદ માણો. આ વિચારોને એક કરતાં દરેક ચિંતકો એ અયોગ્ય માન્યા છે. લોકોએ એમ પણ જણાવ્યું છે કે જગતમાં દરેક મનુષ્ય એક સરખા નથી હોતા. કોઈ દુઃખી છે, કોઈ સુખી છે. કોઈની પાસે થોડા પૈસા છે. કોઈની પાસે પુષ્કળ પૈસા છે. કોઈ સંતાનપ્રાપ્તિ માટે તલશે છે, કોઈ સંતાનને કારણે પરેશાન છે. આ રીતે મનુષ્ય વચ્ચેની વિષમતા આપણને કોઈ વિશેષ રહસ્ય સૂચવે છે અને તે રહસ્ય એ છે કે દરેક મનુષ્યનું આ જીવન પ્રથમ જીવન નથી. આપણે આપણાં જન્માંતરનાં આધારે જ આજે આ રૂપે છીએ અને જ્યાં સુધી આપણાં કર્મબંધનથી છૂટકારો નથી મેળવતા ત્યાં સુધી પરમાનંદ મળી શકતો નથી.

આપણે મનુષ્ય છીએ, સૃષ્ટિના સર્વોન્નત જીવ છીએ. આપણામાં મન રહેલું છે. આથી જ આપણે માનવ કહેવાઈએ છીએ. આપણે આપણા મનના આધારે

જ સંસારની ગૂંચવણ ઉકેલવી જોઈએ. આપણું મન પહેલા અંતર્જગતમાં કાંઈક વિચારે છે. પછી બાહ્ય જગતમાં કર્મ-સંપાદન કરે છે. આથી આપણે-આપણું માનસિક ચિંતન શક્તિ વધારવી જરૂરી છે. તો જ આપણે 'સત્ય'ને સમજી શકીશું. આ સત્યને સમજવા માટે આપણે સંતોનો સમાગમ કરવો જોઈએ. સંતોની વાણીનો અભ્યાસ કરવો જોઈએ. અને એ પ્રમાણે કર્મ પણ કરવું જોઈએ. સંત કબીર કહે છે :

*રામ, રહીમ, કરીમ કેશવ,*
*અલ્લાહ રામ અનિ સોઈ,*
*વેદ કુરાન વિસંભર એ કૈ,*
*ઔર ન દુજા કોઈ.*

માનવ અમુક સમુદાયમાં વહેંચાઈ જઈને સૃષ્ટિકર્તાને અલગ-અલગ નામથી ઓળખે છે અને એક સમુદાયના લોકો પોતાના ઈશ્વરના નામમાં બીજાનાં ઈશ્વર-નામનો જે ભેદ માને છે. તે સૂચવતાં સંત કબીર કહે છે —

જે રામ છે એ જ રહીમ છે. જે કરીમ છે તે જ કેશવ છે. જે અલ્લાહ છે એ જ રામ છે અને એ જ સનાતન સત્ય છે. વેદ-કુરાન બંને એક જ વિશ્વંભર પરમાત્માના ગુણ ગાય છે. બીજી કોઈ સત્તા આ જગતમાં નથી. આપણે આપણા સમાજમાં નકામા આ માટે ઝઘડા કરીએ છીએ અને એનાથી બચવા માટે કબીર સમજાવે છે.

*તુરક મસીતિ દેહરે હિન્દુ*
*દુહુદાં રામ ખુદાઈ,*
*જહાં મસીતિ દેહરા નાહીં*
*તહ કિસકા ઠકુરાઈ ?*

મુસલમાન પોતાના ખુદાનું સ્થાન મસ્જિદ ગણે છે. હિંદુ પોતાના રામનો વાસ મંદિર ગણે છે. જરા વિચારો કે જ્યાં મસ્જિદ નથી અને મંદિર નથી તે જગ્યાનો માલિક કોણ ? શું મંદિર-મસ્જિદ સિવાયના દરેક સ્થાન રામ અને ખુદા વિનાના છે ? આ રીતે ધાર્મિક-મઝહબી ઝઘડાએ આપણામાં પ્રેમને સ્થાને ઘૃણા ક્રોધ જેવા દોષો જન્માવ્યા છે. જે રીતે 'અમે મોટા' કે 'અમે મોટા' આ સ્પર્ધામાં આપણે આપણી વિવેકબુદ્ધિ ખોઈ બેસીએ છીએ. ધર્મ મતભેદ નથી કરતો. એ તો આપણને એ જ કહે છે કે જગતનો દરેક મનુષ્ય સુખ મેળવવા માટે જીવે

છે. પરંતુ દરેકના સુખનો માપદંડ એના સ્વભાવ પર આધાર રાખે છે. કોઈ મદ્યપાન કરવામાં સુખ મેળવે છે, કોઈ ચોરી કરીને જ પોતાને સુખી ગણે છે. કોઈ રામ-નામ ભજવામાં સુખ મેળવે છે. તો કોઈ પરોપકાર કરવામાં જ સુખ માને છે. પરંતુ ધર્મ આપણને સમજાવે છે કે જાગતિક સુખ ક્ષુદ્ર સુખ છે. એ આપણને સાચું સુખ ન આપી શકે. દરેક માટે જે સુખ ગણાતું હોય એ જ સાચું સુખ કહેવાય. અને એ છે આનંદ ઘન પરમાત્માનાં દર્શન. પરમાત્મા મંદિર કે મસ્જિદમાં ક્યાંય નથી તે તો દરેક સ્થાને છે. આથી જગતની કોઈ વસ્તુને પ્રેમ પણ ન કરો કે ઘૃણા પણ ન કરો. પરંતુ યથા સમય વસ્તુઓનો યોગ્ય ઉપયોગ કરો. આ વાત સમજાવતા કબીર કહે છે–

*મોકો કહાં ઢુંઢે બંદે*
*મૈં તેરે પાસ મેં*
*ના મૈં દેવલા ના મૈં મસ્જિદ*
*ના કાબે કૈલાશ મૈં.*

પરમ પિતા પરમેશ્વર તરફથી કબીર માનવીને સાવધાન કરતાં કહે છે કે મને તમે ક્યાં શોધો છો ? હું તો તમારી પાસે છું. મને પામવા માટે તમારે દેવાલય કે મસ્જિદ જવાની જરૂર નથી કે કાબા અથવા કૈલાશ જવાની પણ જરૂર નથી.

કબીર સમજાવે છે કે ભગવાનને મેળવવા માટે જે લોકો તીર્થયાત્રા કરે છે તે પરમાત્માની અસલિયત સમજતા નથી. જ્યારે પરમાત્મા દરેક જગ્યાએ વસે છે ત્યારે તેને મેળવવા માટે દરેક જગ્યાએ ભટકવાની જરૂર શું છે ? આપણે જ્યાં છીએ ત્યાં જ બેસીને પરમાત્માનાં દર્શન કરી શકીએ. કબીર કહે છે–

*એક પવન, એક હી પાની.*
*એક જ્યોતિ સંસારા,*
*એક હિ ખાકિ ગડે સબ માંડે*
*એક હી સરજનહારા*

આખા જગતમાં એક જ જ્યોતિ ઝગમગે છે. એક પવન આખા જગતમાં વહે છે. એક જ જળ આખા જગતમાં સીંચે છે. એક જ માટી આખા જગતનો આધાર છે. એક જ કુંભારે જગતને જુદા જુદા રૂપમાં ઘડ્યા છે. કહેવાનું તાત્પર્ય એ જ છે કે જગતના વિભિન્ન રૂપ પાંચ તત્ત્વોથી બનેલાં છે અને આ તત્ત્વો દરેક

માટે એક સરખા છે. એક જ હિંદુને પણ પ્રકાશ આપે છે અને મુસલમાનને પણ. એક જ હવા હિંદુના ઘરમાં પણ છે અને મુસલમાનના પણ. આથી જગતના પ્રત્યેક રૂપને 'એના' વિનાના સમજવા એ અજ્ઞાનતા છે. કબીરના શબ્દોમાં—

*એક નજર નિરંજન સબ હી ઘર દેખે*
*ઊંચ-નીચ અંતર નહીં સબ એકે દેખે.*

પરમાત્મા એક જ દૃષ્ટિથી દરેકને જુએ છે. એમની દૃષ્ટિમાં ઊંચ-નીચનો કોઈ ભેદ નથી. સૃષ્ટિની દરેક વસ્તુ તેની નજરમાં એકસરખી છે. મનુષ્ય મનુષ્યમાં કોઈ ભેદ નથી. કર્મ-બંધન જ એમાં ભેદભાવ કરે. કબીર આપણને સ્પષ્ટ સમજાવે છે—

*કોમ છતીસ એક હી જાત*
*બ્રહ્મ બીજ કા સકલપારા,*
*ઊંચ-નીચ ઇસ વિધિ હૈ લોઈ,*
*કર્મ-કુકર્મ કહા દે સોઈ.*

આ સમસ્ત જગત બ્રહ્મ બીજથી જ ઉત્પન્ન થયું છે, એથી દરેક જાત એક જ છે. છતાંય જે સુકર્મ કરે તે ઊંચ અને કુકર્મ કરે છે તે નીચ છે. સંસારની દરેક વસ્તુઓ બ્રહ્મના લક્ષણ સ્વરૂપે વિભિન્ન રૂપોમાં આપણી સામે છે. પરંતુ આ બધું 'એક'નો વિસ્તાર હોવાથી અલગ-અલગ જાત કહી શકાય નહીં. અર્થાત જન્મથી તો બધા એક જ છે. પરંતુ કર્મ તેને અલગ-અલગ તારવે છે. આ વાત બીજી રીતે સમજાવતાં કબીર કહે છે—

*તુમ કત બ્રાહ્મણ હમ કત સુદ ?*
*હમ કત લેહુ તુમ કત દૂધ ?*

સમાજમાં વ્યાપેલ ભેદ બુદ્ધિ કે, 'અમે બ્રાહ્મણ છીએ, તમે શૂદ્ર છો.' આ રીતની ભાવના તરફ ધ્યાન દોરતાં તે પ્રશ્ન કરે છે કે તમે બ્રાહ્મણ છો તો તે કઈ રીતે ? અને અમે શૂદ્ર છીએ તો તે કઈ રીતે ? એ તો કહો ? શું તમારા શરીરમાં દૂધ વહે છે અને અમારા શરીરમાં લોહી વહે છે ? તાત્પર્ય એ જ છે કે મનુષ્ય એક જ રક્તમાંસના બનેલા છે. આથી જન્મથી જ કોઈ બ્રાહ્મણ કે શૂદ્ર હોત તો એમાં જન્મથી જ ભેદ હોત. હવે આપણને એ જોવા મળે છે. જન્મ વેળા બંનેમાં કોઈ ભેદ હોતા નથી અને બંનેના શરીરમાં લોહી જ વહે છે. તો

પછી આપણી વચ્ચે આ પડદો આ ભેદ શા માટે ?

*હમ સબ થાહિ*
*સકલ હમ માહિ*
*હમતે ઔર દુસરા નાહિ.*

આપણે દરેકમાં છીએ અને દરેક આપણામાં, આપણાથી ભિન્ન એવી કોઈ બીજી વસ્તુ નથી. તાત્પર્ય એ છે કે આત્મા એક છે અને એ જ સંસારમાં વિભિન્ન રૂપે રહેલો છે, દૂધનું એક ટીપું અને ઘડો ભરીને દૂધ આ બંને વચ્ચે પ્રમાણમાં ફેર હોઈ શકે પરંતુ જે ઘડો ભરેલા દૂધમાં છે એ જ ગુણ એક ટીપામાં પણ છે. આથી કબીર કહે છે કે, જો આપણે બ્રહ્મ જ્યોતિ હોઈએ તો આપણે જ બધામાં છીએ અને બધા આપણામાં છે. છતાંય આ સ્વરૂપ પામવા માટે આપણે સાધના કરવી પડશે. એટલે તો એમણે આ વાત કેટલા સુંદર શબ્દોમાં કહી છે–

*ઘૂંઘટ કા પટ ખોલ રે.*
*તોહે પીવ મિલેગે.....*

જ્યાં સુધી તમે કર્મ-બંધન (સંસ્કારરૂપી આવરણ)રૂપી ઘૂંઘટ નહીં ખોલો, જ્યાં સુધી તમારા સંસ્કાર ક્ષય નથી થઈ જતા ત્યાં સુધી તમે સાંસારિક વિષયોનાં પ્રલોભનથી બચી નથી શકતા અને જગતની વાસ્તવિકતાનું જ્ઞાન તમને થઈ શકતું નથી. પરંતુ જ્યારે તમે સંસારના રહસ્યને જાણી લેશો અને માયા (પ્રકૃતિ)ના રૂપી ઘૂંઘટને દૂર કરશો ત્યારે તે સત્યનો સાક્ષાત્કાર હશે અને પ્રિયનું મિલન થશે. જેમ ઘૂંઘટ દૂર કર્યા પછી પ્રિય-દર્શન થાય છે એ જ રીતે માયારૂપી ઘૂંઘટનું આવરણ દૂર થવાથી પરમ સત્યનું મિલન થાય છે. એના પર કોઈનો કંઈ અધિકાર નથી. સૌ માનવી માટે તે સમાન છે. ઘૂંઘટ દૂર કરવા જે પ્રયત્નશીલ છે તે પ્રિય-દર્શનના અધિકારી છે.

કબીરના શબ્દો–

*પ્રેમ ન બાડી ઉપજે*
*પ્રેમ ન હાટ બિકાય*
*રાની પરની જેહ રૂચે*
*સીસ દેઈ લે જાય.*

પ્રેમ (ભક્તિ) ન તો ખેતર-વાડીમાં ઊગે છે અને ન તો બજારમાં વેચાય છે. રાજા હોય કે પ્રજા જે કોઈ પ્રેમ-રસ મેળવવાની ઇચ્છા રાખે છે તેણે પોતાનું ન્યોછાવર કરી દેવું પડે છે ત્યારે જ તેને પ્રેમરસનો સ્વાદ મળશે. પ્રેમ અથવા ભક્તિમાં એકરસ થવું પડે છે, અર્થાત પોતાનું સર્વસ્વ ત્યાગવું પડે છે. 'હું છું' એ ભાવના જ્યાં સુધી છે ત્યાં સુધી પરમાત્માનું દર્શન શક્ય નથી. પરમાત્માને મેળવવા તેણે 'હુંપણા'નો ત્યાગ કરવો પડે. અહમ્‌નો પરિત્યાગ કરવો પડે.

(કબીરવાણી, જાન્યુઆરી '૯૭)

❑

# કોમી એકતાના સર્જક સંત કબીર

ડૉ. (શ્રીમતી) નીરૂપમા અ. પોટા
નવસારી

ધર્મનો વિનાશ થાય ત્યારે અત્યાચારથી પીડિત માનવતાનો કરુણ પોકાર સાંભળી ભગવાન જન્મ લે છે એ શાશ્વત સત્ય છે. એ હકીકત ભારતીય જનતાને પરિસ્થિતિઓથી ઝૂઝવા માટે હંમેશ સંબળ આપે છે. ઇતિહાસ સાક્ષી છે કે જ્યારે જ્યારે માનવી સમાજ અને દેશ ઉપર સંકટ તોળાય છે ત્યારે એક મહાન શક્તિ પ્રેરકરૂપ બની સહાયભૂત નીવડે છે. 'મહાપુરુષનો જન્મ એ યુગની માંગ છે.' આ ઉક્તિ સંત કબીર માટે અક્ષરસઃ ચરિતાર્થ થાય છે. પરિસ્થિતિઓએ કબીરને એવા પ્રખર અને પ્રચંડ બનાવી દીધા હતા કે એમાં સમાજના બાહ્યાચાર વ્યર્થાડંબર જાતે જ વિલીન થઈ ગયા. એણે ભારતીય લોક માનસનું નેતૃત્વ એવા સમયમાં કરેલ જ્યારે એને એવા કર્ણધારની જરૂર હતી જે વિવિધ ધર્મ-સાધનાઓ, વિરોધી ભાવનાઓના કેન્દ્રબિંદુ અને સમન્વય સ્થળ બની એનું માર્ગદર્શન કરી શકે.

વાસ્તવમાં કબીર સ્વતઃ પ્રસૂન એવા વન્યકુસુમ છે જે વનની નિશ્ચળતા અને અકૃત્રિમતા લઈને પણ વનમાં ઉત્પન્ન નથી થતો બલ્કિ એવા સ્થળે ઉત્પન્ન થાય છે, જ્યાં દુર્ગંધમય વનસ્પતિનું વાતાવરણ છે. પણ આ કુસુમના વિકાસથી આની સૌરભ દુર્ગંધમય વાતાવરણને સુરભિત બનાવી દે છે. સંત કબીર સમાજની વિષમ પરિસ્થિતિઓના પંકમાં ઉત્પન્ન એવા પંકજ છે જે 'પદ્મપત્રાભિવામ્યસિ'ના આદર્શ સ્વરૂપ જે સરોવરમાં જન્મે એને નિર્મળ કરી દે.

સંત કબીરના આવિર્ભાવના સમયે ભારતીય ઇતિહાસમાં ઇસ્લામ જેવા એક સુસંગઠિત સંપ્રદાયના આગમનની અભૂતપૂર્વ ઘટના બની ચૂકી હતી. કબીરના આગમન પૂર્વે જ હિંદુ ધર્મ ઉપર સંકટનાં વાદળો છવાઈ ગયેલાં હતાં. ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવતું આવી વિષમ પરિસ્થિતિઓ સર્જાઈ હતી.

સંત કબીરની સામયિક પરિસ્થિતિઓને પરિણામે ભારતીય જીવન અને સમાજમાં નીચે દર્શાવેલ પ્રભાવ જોવામાં આવ્યા.

ધર્મ સુધારણાની ભાવના જાગૃત થઈ. પરિણામ સ્વરૂપે ગોરખનાથે નાથપંથ

અને દક્ષિણમાં લિંગાયતપંથ અસ્તિત્વમાં આવ્યા. આ પંથોનું લક્ષ્ય હિંદુ ધર્મ અને ઇસ્લામમાં સામંજસ્ય સ્થાપિત કરવાનો હતો. સંત કબીરની વિચારધારા પણ સમન્વયાત્મક દૃષ્ટિકોણ સાથે પ્રવાહિત થઈ.

હિંદુ સમાજ નિરાશ અને નિરુત્સાહિત થઈ ગયેલો આવી જ એકાધિત્મકતા અને નિવૃત્યાત્મકતાથી પ્રેરાઈને નિર્ગુણ બ્રહ્મની ઉપાસના શરૂ થઈ. સંત કબીરના સાહિત્ય ('વાણી')માં આ બધી ભાવનાઓ સંશક્તરૂપમાં પ્રસ્તુત થઈ છે કે જેથી જનતા પોતાનું મનોનુકૂલ સંબલ પામી શકે. આથી જ કબીર કાવ્ય લોકમાનસને નિકટ આવ્યો અને જનપ્રિય થઈ શક્યો.

સંત કબીરના યુગમાં ચારેકોર બાહ્યાડંબરની બોલબાલા હતી. બધાં ક્ષેત્રોમાં અવ્યવસ્થા અને વિશ્રૃંખલતા પ્રસરી રહી હતી. એક બાજુ યવન અહીં વિજેતાના રૂપમાં ગૌરવ લઈ રહ્યા હતા, તો બીજી બાજુ હિંદુ જનતા પરાજિત જાતિના રૂપમાં હેયતા અને નિરાશા અનુભવી રહી હતી.

વર્ણાશ્રમ વ્યવસ્થા હિંદુ ધર્મના સ્તંભરૂપે આલેખાય છે. યવનોના આક્રમણની સાથે આ ભાવના વધુ દૃઢ થતી જતી હતી. પરિણામે હિંદુ અને મુસલમાનોની વચ્ચે ભેદભાવના વધવા લાગી. દ્વિજ, શૂદ્ર અને મ્લેચ્છોની છાયાની ઘૃણા કરતા હતા. સંત કબીરના સમયમાં આ ભેદભાવનાની પ્રતિક્રિયાની શરૂઆત થઈ ગઈ હતી. હિંદુ સમાજ હિનાવસ્થા અનુભવી રહ્યો હતો. સામાન્ય જનતામાં શિક્ષાના અભાવે અંધવિશ્વાસ અને આડંબર ઘર કરી ચૂક્યા હતા. હિંદુ સમાજના આવા વિકૃતરૂપ સામે સંત કબીરનો આત્મા વિદ્રોહ કરી ઊઠ્યો અને આજ ભાવનાની અભિવ્યક્તિ એમની વાણીના માધ્યમથી મુખરિત થઈ.

ભારતીય સમાજ વ્યવસ્થાનું આદિસ્રોત મનુનો લખેલ શ્લોક મનાય છે. જેણે બ્રાહ્મણ, ક્ષત્રીય, વૈશ્ય અને શૂદ્રને માન્યતા આપી.

*બ્રાહ્મણોઽસ્ય મુખ માસાદ્વાહૂ રાજન્યઃ કૃતઃ ।*
*અરૂ તદસ્ય યદ્વૈશ્યૈઃ પદ્મા શૂદ્રો અનયતઃ ॥*

વર્ણાશ્રમ ધર્મના ધર્માચાર્યો એ મુસ્લિમ શાસકોના યુગમાં પોતાની સુરક્ષા માટે સામાજિક નિયમોને વધુ સંકુચિત અને રૂઢિગતતા આપી પોતાની રક્ષા તો કરી પણ હિન્દુસમાજના મોટા ભાગની તેઓ રક્ષા કરવામાં નિષ્ફળ રહ્યા. સમાજમાં જુદી જુદી જાતની ધાર્મિક સાધનાઓ પ્રચલિત હતી. એક એ જે ઉચ્ચ વર્ગમાં માન્ય અને પ્રચલિત હતી. બીજું એ જેમાં નિમ્નવર્ગ રુચિ રાખતા હતા. વૈદિકધારાને અંતર્ગત આવનાર સાધનાઓ ઉચ્ચવર્ગને પ્રશ્રય આપતી હતી. વેદ

વિરોધી સાધનાઓના દ્વાર સમાજના દરેક વર્ગ માટે ઉઘાડા હતા. આ બંને શ્રેણીની સાધનાઓ અને સંપ્રદાયોમાં વૈષ્ણવ સંપ્રદાય, શૈવ સંપ્રદાય, શક્તિ સંપ્રદાય, બૌદ્ધ અને જૈન સંપ્રદાય વિશેષ પ્રસિદ્ધ હતા. આ વખતે હિંદુ ધર્મના દરેક સંપ્રદાયમાં બાહ્યાચાર અને વ્યર્થના કર્મકાંડ થતા હતા. જેને લીધે જનતા બી ગઈ હતી. તોપણ હિંદુ કહેવડાવવા માટે એ લોકોને એવાં આચરણો પ્રમાણે નિષ્ઠાપૂર્વક પાલન કરવાની ફરજ પડી. પાખંડ એવી હદ સુધી પહોંચી ગયેલો હતો કે ધર્મની વ્યાપક ભાવનાઓ અને ઉદાત્ત અર્થ, જપ, માળા, છાયા, તિલક અને મૂર્તિપૂજા સુધી જ સીમિત થઈ ગયેલો. સવર્ણ હિંદુ અવર્ણો ઉપર ઘોર અત્યાચાર કરતા હતા જેથી એ લોકોને જીવન જીવવાનું ભારે પડી ગયેલું હતું. શૂદ્રની છાયા પડે તોપણ સ્નાનની વ્યવસ્થા ધર્મના ઠેકેદારોએ કરી રાખી હતી. આવી સ્થિતિમાં અવર્ણ હિંદુઓ માટે એક માત્ર ઉપાય હતો કે જે ધર્મ એ લોકોને સમ્માનપૂર્વક પ્રતિષ્ઠા આપે તે જ સ્વીકારી લેવો. ઇસ્લામે આ લોકોને આદર પ્રતિષ્ઠા આપી, જેથી આ વર્ગ આ તરફ આકર્ષાયા. તે સ્વાભાવિક પ્રક્રિયા હતી. જો હિંદુ ધર્મે દલિતવર્ગને આટલી હદ સુધી તિરસ્કૃત અને ઉપેક્ષિત નહીં કર્યો હોત તો ભારતીય જનતા સહજ ધર્મ પરિવર્તન નહીં કરત. આવા વિકટ સમયમાં રામાનંદ, કબીર વગેરે સંતોએ બંને જ્ઞાતિઓને એક સૂત્રે બાંધવા પ્રયત્ન કરેલ.

સંયોગથી સંત કબીર આવી યુગ સંધિના વચ્ચે ઉત્પન્ન થયા હતા કે જેને અમે વિવિધ ધર્મ સાધનાઓનો ચોક કહી શકીએ. એમને સૌભાગ્યવશ સંયોગ પણ સારો મળેલો હતો. એ મુસલમાન થઈને પણ વાસ્તવમાં મુસલમાન ન હતા. એ હિંદુ થઈને પણ વાસ્તવમાં હિંદુ ન હતા. સાધુ થઈને સાધુ નહોતા. કબીર આવા મિલન બિંદુ ઉપર ઊભા હતા. જ્યાંથી એક બાજુ હિન્દુત્વ નીકળી જાય છે, બીજી બાજુ મુસલમાનત્વ, જ્યાં એક બાજુ જ્ઞાન નીકળી જાય તો બીજી બાજુ અશિક્ષા. જ્યાં એક બાજુ યોગમાર્ગ નીકળી જાય છે તો બીજી બાજુ ભક્તિમાર્ગ જ્યાંથી એક બાજુ નિર્ગુણભાવના નીકળી જાય છે, તો બીજી બાજુ સગુણ ભાવના સાધના એ પ્રશાંત ચોક ઉપર ઊભા હતા. જ્યાંથી બે બાજુ જોઈ શકતા હતા. એમને બંનેના ગુણદોષ સ્પષ્ટ દેખાતા હતા. કબીરે એક બાજુ ધર્માધિકારી લોકોને પ્રતાડના આપી હતી. બીજી બાજુ વિવિધ ધર્મોના ગુણદોષોને સૂક્ષ્મપણે જોયા જેથી સમાજની આંખો ઊઘડી ગઈ. એમનો કોઈ વિરોધ ન કરી શક્યા.

સંત કબીરે માનવ માનવમાં ભેદભાવ પેદા કરનાર, બાહ્યાડંબરો, મજહબો, રૂઢિઓ અને અંધવિશ્વાસો સામે આવો રૂખ અપનાવ્યો જે બીજા કોઈ સાધુ સંતે નહિ, જન્મજાત જ્ઞાતિને કબીરે સ્વીકારેલ નહિ. એની વાણીમાં આ જ સ્વરો

ગૂંજતા રહ્યા કે અમે હરિની નિર્મળ જ્યોતિના સ્ફુલિંગ છીએ. અમારામાં ન તો પ્રકાશનો ભેદ છે ન વર્ણનો. જન્મથી દરેક માનવી સમાન છે. જ્ઞાતિ ભેદ તો જન્મ પછી સમાજ અને ધાર્મિક વ્યવસ્થાએ નિર્મિત કરેલ છે. સંત કબીરની માન્યતા છે કે જો જ્ઞાતિભેદ છે તો વિભિન્ન જ્ઞાતિઓની જન્મપ્રક્રિયાને જુદી જુદી કેમ નથી બનાવી ? એ બ્રાહ્મણ અને મુસલમાનના ભેદને પણ સ્વીકારતા નહોતા. એમણે બંનેને સંબોધીને કહ્યું છે–

*'જો તૂ બ્રાહ્મણ બ્રાહ્મનિ જાયા, તો આન*
*રાહ હૈ ક્યોં નહીં આયા ।*
*જો તૂ તુરકની જાયા તો ભીતર ખતના ક્યોં*
*ન કરાયા ॥'*

આ જ કારણ છે કે વર્ણવ્યવસ્થાને અસ્વાભાવિક અને વર્ગ સ્વાર્થ સમર્થિત આલેખી છે. આ સિવાય અસ્પૃશ્યતા અને અપવિત્રતાની ભાવનાને પ્રશ્રય દેનાર શાસ્ત્રીય વિધાનની કટુ આલોચના કરી હતી. સંત કબીરની માન્યતા હતી કે જો જળ-સ્થળ જન્મ-મરણમાં (છૂત) અસ્પર્શતા છે તો પછી પવિત્રતા માટે બીજી જગ્યા ક્યાં રહે છે ?

*'કાહે કો કીજૈ પાંડે છોતિવિચારા, છોતિ હિસે ઉપના સૂદા ।*
*હમારે કૈસે લોહૂ, તુમ્હારે કૈસે દૂધ, તુમ્હ કૈસે બ્રાહ્મણ પાંડે*
*હમ કૈસે સૂદા ॥'*

*'છોતિ છોતિ કરતા તુમ્હહિં જા એ તો ગર્ભવાસ કાહે હો આયે ।*
*જનમત છોતિ મરત હી છોતિ, કહે કબીર હરિ કી નિર્મળ જ્યોતિ ॥'*

સંત કબીરે નીચતાનો સંબંધ વ્યવસાય સાથે પણ નહોતો સ્વીકારેલ. એની દૃષ્ટિએ કોઈ પણ વ્યવસાય હીન નથી.

*'Work is worship."*

*'નહીં કો ઊંચા, નહીં કો નીચા, જાકામંડ તાહીકા સીંચા'*

સંત કબીરની માન્યતા હતી કે કુદરતે એ બધાને એકસરખા ઉપકરણ આપેલ છે. ત્યારે ભેદ-ભાવ કેમ ? કેમ ઊંચ-નીચની ખાઈ ખોદીને માનવી-માનવી વચ્ચે ઘૃણાનો વ્યાપાર ચલાવવાના પ્રયત્નો થાય છે ? એમની દૃષ્ટિમાં બ્રાહ્મણ અને શૂદ્રમાં કુદરતનો કંઈ ભેદ નથી.

'એક જોતિ તૈ સબ ઉપજા કૌન બ્રાહ્મણ કૌન સૂદા'
એક બુંદ એક મલમૂ-ત્તર એક ચામ એક ગૂદા ॥

હિંદુ સમાજમાં અસ્પૃશ્યતાની ભાવના અતિક્રમણ કરી ગઈ હતી. સંત કબીરની દૃષ્ટિ આ બાજુ ગઈ અને એણે કહ્યું—

'એકૈ પવન એક હી પાની, કરી રસોઈ ન્યારી જાની ।
માટી સૂ માટી લે પોતી લાગી કહૌ કહૌઁ છૂઁ છીતી
ધરતી લીપિ પવિતર કીની, છોતિ ઉપાય લીક બિમિહીન્હિ
યા કા હમ સૂ કહો વિચારા, ક્યૂં ભવ તિરિ હીં ઇહિ આચારા ॥'

સંત કબીર જ એવા માનવી હતા, જે ભારતીય સમાજની જ્ઞાતિ-વ્યવસ્થામાં એકતાની ભાવના સ્થાપિત કરી શકે અને નિર્ભીકપણે કહી શકે, 'જાતિ-પાઁતિ માને નહીં કોઈ હરિકો ભજે સૌ હરિકા હોઈ'

સંત કબીરે વર્ણવ્યવસ્થા ઇસ્લામ અને હિંદુધર્મના બાહ્યાડંબરનો સખત વિરોધ કરી જનતાને કોમી એકતાના સૂત્રમાં બાંધવાનું પવિત્ર કામ કરેલ.

સંત કબીર એવા સંત હતા જેણે વર્ણવ્યવસ્થા, ઇસ્લામ હિન્દુ ધર્મ જ્ઞાતિ વ્યવસ્થા ઊંચ-નીચની ભેદભાવના માણસના માનસથી દૂર કરી અને એના સ્થાને કોમી-એકતાની ભાવના પ્રતિષ્ઠિત કરેલ. બીજા શબ્દોમાં કહીએ તો સંત કબીર જ કોમી એકતાના સર્જક હતા. જેણે ચારેકોર પ્રસરેલ કોમી દાવાનળનું શમન કરી કોમી એકતાના સુદૃઢ બીજનું કાર્ય કરેલ. ભેદભાવની સીમાને તોડી એક જ ભાવ ધારામાં પ્રવાહિત કરવાની શક્તિ કબીરના કાવ્યમાં અપૂર્વ હતી. વિદેશી વિદ્વાન વેસ કરે 'કબીર એન્ડ હીઝ કબીરપંથ'માં લખેલ છે. 'કબીર કી શિક્ષામેં હમકો હિંદુઓ ઔર મુસલમાનોં કે બીચ કી સીમા તોડને કા યત્નદૃષ્ટિ ગત હોતા હૈ' 'કબીરને શેખ સે પ્રાર્થના કી હૈ કી વે ઉનકો યહ વર દે કિ વે હિંદુઓ ઔર મુસલમાનોં કે બીચ કે ઉન ધાર્મિક વિરોધોં કો દૂર કર સકે જો ઉનકો પરસ્પર અલગ કરતે હૈં ।'

ઉપરોક્ત મંતવ્યથી સ્પષ્ટ થાય છે કે સંત કબીર પોતાના સમયમાં ચોમેર ફેલાયેલી કોમી અને સાંપ્રદાયિક વૈમનસ્યની આગમાં ક્યાંક કોમી એકતારૂપી ખીલેલા એવા સુમન હતા. જેણે પોતાની સૌરભથી પરસ્પર સદ્‌ભાવના જાગૃત કરી સાંપ્રદાયિક અને કોમવાદના ઘૂઘવતા ખારા સમંદરમાં સંત કબીર મીઠા તેના પાણીની આવી બુંદ પણ હોય છે તે સહેજે સ્વીકારી લેવાય.

ધાર્મિક અને સામાજિક ક્ષેત્રોમાં સંત કબીરે 'એકત્વવાદ'નો ધ્વજ ફરકાવેલ એકતાની સ્થાપના માટે એમનો સંદેશ હતો. બધા એક જ પિતાના સંતાન છે. એક જ કર્તા એ બધાના સર્જક છે.

'હિંદુ તુરક કા કરતાઅકે, તા ગતિ લખી ન જાઈ ।
હમારે રામ, રહીમ, કરીમ કે સો અલહ રામ સતિ સોઈ ।

મંદિર-મસ્જિદ, પૂર્વ-પશ્ચિમનો ભેદ સત્યને વિભાજિત કરી શકે નહીં અનેક નામ અને ધર્માચાર છે. સર્વવ્યાપક સત્યને મંદિર અને મસ્જિદમાં સીમિત કરી શકતા નથી. જે કહે છે કે ખુદા મસ્જિદમાં છે અને રામ મંદિરમાં — એવા લોકોના ભ્રમને સંત કબીરે પોતાની વાણીથી ધરાશાયી કરી દીધેલ છે.

'તુરક મસીતિ દે હૂઁ હિન્દુ, દહૂઁકા રામ ખુદાઈ,
જહા મસીતિ દેહુરા ના હીં, તહાં કાકી ઠકુરાઈ.

શું એક જ તત્ત્વમાં ભેદ થઈ શકે ?

'વ્યાપક બ્રહ્મ સબનિમેં એકૈં કો પંડિત કો જોગી ?
હમ સબ માઁ હિ સકલ હમ માંહી, હમ થે ઓર દૂસરા નાંહીં ।'

મુસલમાન કહૈ એક ખુદાઈ, કબીર કો સ્વામી-ઘટિ રહ્યો સમાઈ

'કહૈ કબીરા દાસ ફકીરા, અપની રાહ ચલિ ભાઈ ।
હિન્દુ તુરક કા કરતા એકૈ, તા ગતિ લખિ ન જાઈ ॥

સંત કબીર એકતાના અનન્ય પૂજારી હતા. એની દૃષ્ટિમાં વેશ-ભૂષા મૌલિક એકતાને કદી નષ્ટ કરી શકે નહિ–

'કૃતમ સુનિત્ય ઓર જનેઉ, હિન્દુ તુરક ન જાનૈભેઉ ।'

સંત કબીર હંમેશ એક જ ભાવનામાં વિરમતા હતા.

લાલી મેરે લાલકી જિત દેખો તિત લાલ ।
લાલી દેખન હીં ગઈ, મૈં ભી હો ગઈ લાલ ॥

વ્યાવહારિક જીવનમાં કબીર એકતા અને સદ્‌ભાવનાની જ અપેક્ષા રાખતા હતા.

નાભાદાસ....મહત્ત્વપૂર્ણ યોગદાન છે.

સંત કબીરે જન્મપર્યંત એકતા અને સદ્‌ભાવના પ્રત્યે પોતાની વાણીના માધ્યમથી લોકમાનસને જાગૃત કરેલ. એટલું જ નહિ 'ઘટના એકતા માટે એક અમર સંદેશ બની ચૂકી છે' સંત કબીરના દેહાવસાન પછી એમના અંતિમ સંસ્કાર માટે હિંદુ અને મુસ્લિમ બંને જ્ઞાતિઓમાં વિવાદ છેડાઈ ગયેલ. (કાશીરાજ અને વિરસિંહ) હિંદુ ઇચ્છતા હતા કે સંત કબીરના શબનું વિધિવત દાહ સંસ્કાર થાય અને મુસલમાનો ઇચ્છતા હતા કે મુસ્લિમ આચારને પ્રમાણે દફનાવવામાં આવે. આ વિવાદ ચાલુ હતો ત્યાં શવમૈલથી ઢાંકેલ સંત કબીરનું શબ લુપ્ત થાય છે એમ જોવામાં આવ્યું. શવ મૈલ હટાવીને જોયું તો ત્યાં થોડાંક ફૂલ જ જોવા મળ્યાં. હિંદુ અને મુસલમાનો બંનેએ ફૂલો અડધા અડધા વહેંચી લીધા. હિંદુઓએ ફૂલોને બાળી અને એની ભસ્મ કાશીમાં પધરાવી. એના ઉપર સંત કબીર ચોક ઉપર સ્મૃતિ સમાધિ બનાવી. મુસલમાનોએ મજહરમાં જ સંત કબીરનાં ફૂલો ઉપર કબ્ર બનાવી. આ બંને સ્થળ ઉપર કબીરપંથીઓના તીર્થસ્થાન બની ગયા. સંત કબીરે જીવ્યા ત્યાં સુધી જ નહિ (બલ્કી) શરીર તજીને પણ હિંદુઓ અને મુસલમાનોના કોમી એકતાના વિવાદને સમાપ્ત કરી દીધેલ.

આજ ક્યાં છે એવા સંત ? જે એકતા સ્થાપિત કરી શકે. આજ ફરીથી આવા જ વ્યક્તિત્વની તાતી જરૂર છે.

ભક્તમાત્રના રચયિતા નાભાદાસે સંત કબીરના મૂલ્યાંકન વિષે સરસ અભિપ્રાય આપેલ છે.

> *'કબીર કાનિ રાખઈ નહીં, વર્ણાશ્રમ ષટ દરસની ।*
> *ભક્તિ વિમુખ જો ધર્મ સોઈ અધરમ કરિ ગાયૌ ।*
> *જોગ, જગ્ય, જપ, દાન, ભજન, બિનુ તુચ્છ દિખાયૌ,*
> *હિન્દુ તુરક પ્રમાન રમૈની સબદી સાખી,*
> *પક્ષપાત નહિ બચત સબહિં કે હિત કી ભાખી ।'*

કોમી એકતાના સર્જક સંત કબીર દરેક રીતે પક્ષપાત રહિત જીવન જીવવાનો અમર સંદેશ આપેલો. એ પોતે કોઈ નાતના મતમતાંતરના બંધનમાં બંધાયેલા નહોતા તેથી જ સ્વતંત્ર ઉપદ્રષ્ટા બની શક્યા. આટલાં વર્ષો પછી પણ આજે આજના યુગ પરિવેશમાં સંત કબીરની વાણીના સ્વરની અપેક્ષા છે. જે દરેકના માનસમાં ઊંડાણ સુધી પ્રવેશી કોમી એકતાની ભાવનાને સુદઢ બળ આપે.

આજે ચારેકોર કોમવાદ, સંપ્રદાયવાદનો ઝેરી અગ્નિ ભભૂકી રહ્યો છે. જેણે

સમગ્ર વાતાવરણને દૂષિત બનાવ્યું છે. આજે કોમવાદરૂપી ઝેરી અગ્નિના શમન માટે સંત કબીર જેવા મહાન વ્યક્તિત્વની તાતી જરૂર છે. સંત કબીર જેવી નિર્ભિકતાથી દરેક ક્ષેત્રે, દરેક જ્ઞાતિ, વ્યક્તિ, સંપ્રદાય સમાજ અને દેશને વિશ્વબંધુત્વની ભાવનારૂપી રાગાત્મક મણિઓની સુદૃઢ માળા તૈયાર કરેલી છે, જેને કોઈ તોડી ન શકે. વિધિસર પ્રગટાવેલ જ્ઞાનદીપને માયા મોહરૂપી પવન ઓલવી શકે પણ ચિંતામણિ રૂપી ભક્તિના દીવાને કોઈ ઓળખી શકે નહીં. એવી જ વિચારધારા સંત કબીરે આપી હતી. જેમાં 'વસુધૈવકુટુમ્બકમ'ની ભાવના સાથે વાસ્તવિકતાના બોધની સમજ હતી. કોમી એકતાના બીજારોપણમાં સંત કબીરનું મહત્ત્વપૂર્ણ યોગદાન છે.

આજના યુગમાં સંત કબીર જેવા મહાન પ્રભાવી વ્યક્તિની જરૂર છે. આજે ભારતની સ્થિતિ વિષમ છે. સુરક્ષાની ભાવના લુપ્તપ્રાય થઈ ગઈ છે. આવા વિકટ સમયમાં ફરીથી કોમી એકતાના સર્જક સંત કબીર ફરીથી ભારતભૂમિ ઉપર અવતીર્ણ થાય એવી જનમાનસને પ્રતીતિ થઈ રહી છે. ભારતના આવા મહાન, સંત કબીર પ્રાતઃસ્મરણીય, અનુકરણીય અને ભારત માટે હંમેશા પથપ્રદર્શકરૂપે અમર રહેશે.

(કબીરવાણી, જાન્યુઆરી '૯૭)

❑

# અમૃતરૂપા વાણીનો ઉદ્‌ગાતા કબીર

ડૉ. રમણલાલ પાઠક
વડોદરા

સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં નિરુપિત મહાકાવ્યનાં લક્ષણો અનુસાર પ્રબંધકાવ્ય જે લખી શકે તેને જ મહાકવિ કહી શકાય એવા મતાગ્રહી વિદ્વાનોને કબીર માટે મહાકવિ અભિધાનનો પ્રયોગ કરવામાં આવે છે તે કઠે છે. કારણ કે કબીરનું સમસ્ત કવિકર્મ જુદા જુદા છંદો-ગીતો અર્થાત્ મુક્તકોમાં વ્યક્ત થયું છે.

અલંકાર, રીતિ, ધ્વનિ વગેરે કાવ્યશાસ્ત્રીય સંપ્રદાયોમાં નિરુપિત કાવ્યલક્ષણોના આધારે કબીર-કાવ્યનું મૂલ્યાંકન કરનારા વિવેચકો કબીરની રચનાઓમાં અલંકારાદિ કાવ્યોપકરણોના સુષ્ઠુ વિન્યાસનો અભાવ નિહાળીને કબીર માટે મહાકવિ વિશેષણ તો શું કવિ શબ્દ સુધ્ધાંય વાપરવાનું પસંદ કરતા નથી.

પરંતુ કબીરની કેટલીય કાવ્યરચનાઓ જે દિવ્યવાણી કક્ષાની છે તેનું મૂળ હાર્દ પામવાની તત્પરતાથી, ધીરજપૂર્વક અને તલસ્પર્શી અનુશીલન કરવામાં આવે છે ત્યારે પ્રતીતિ થાય છે કે જગતના સર્જન, વિકાસ અને વિલયનું રહસ્ય દર્શન કરનારા ઋષિઓ માટે વેદોમાં मंत्रदृष्टा અને आर्षदृष्टाના અર્થમાં જે कवि : શબ્દનો પ્રયોગ થયો છે તે કબીર માટે યથાયોગ્ય છે. કબીર માટે कवि અભિધાનથી ઊણો ઊતરે એવો બીજો શબ્દ-પ્રયોગ થઈ શકે એમ નથી. કારણ કે કબીરે જે તત્ત્વની અનુભૂતિ અને અભિવ્યક્તિ કરી છે તે શાસ્ત્ર-પોથીઓના અભ્યાસથી સાધ્ય નથી થયું. કબીરે તો કાગળ અને કલમ સુધ્ધાં પકડ્યાં નથી ! પોથીઓનું પોપટ રટણ કરનારાઓને વાર્યા પણ છે. લૌકિક-સ્થૂળ ચક્ષુઓ માટે જે પરમ અગોચર છે તેનું પોતાની સહજ આંતર સ્ફુરણા, આત્મજાગૃતિ અર્થાત દિવ્યચક્ષુ વડે કબીરે ક્રાંતદર્શન કર્યું છે, એટલું જ નહિ તેને સાર્થક શબ્દોમાં રમણીયરૂપે આપણી સમક્ષ અભિવ્યંજિત પણ કર્યું છે.

*ज्यौ नैननि मैं पूतरी,*
*त्यौं खालिक घट मांहिं ।*
*मूरखि लोग न जांनहीं,*
*बाहरी ढूंढन जांहि ।।*
*दीठा है तो कस कहूँ,*
*कहै न कोई पतिआई ।*
*हरि जैसा तेसा रहै,*
*तुं हरखि हरखि गुन गाई ।।*

જે ભક્તોને ગુરુકૃપાના બળે કે આત્મ-જાગૃતિનાં પુણ્યે રસસ્વરૂપી બ્રહ્મ (रसो वै सः) નો साक्षात्कार થાય છે, એ સાક્ષાત્કારના પરિણામે આનંદ (ब्रह्मानन्द सहोदरः)ના ઘૂંટડા જેમણે પીધા છે, જે ब्रह्म ने यहो वाचो निवर्तन्ते अप्राप्य मनसासह કહેવામાં આવ્યું છે. કબીરના પોતાના શબ્દોમાં—

*जाकै मुंह माथा नहीं, नाहीं रूप कुरूप ।*
*पुरुष वास तैं पातरा, एसा तत्त अनूप ।।*

તેને યોગ્ય શબ્દ દ્વારા સફળતાથી અભિવ્યક્ત કરી બતાવ્યું છે તેવા ब्राह्मी साहित्यकार માટે कवीश्वर શબ્દનો પ્રયોગ નહિ કરીએ તો તેમના कविकर्मની શ્રેષ્ઠતાને અન્ય કયા શબ્દથી આપણે ઓળખી શકીશું ?

સામાન્ય અને કેટલીય વાર તો નિમ્નકક્ષાના પ્રાણાવેગોને, શૂદ્ર મનોભાવોને અને શાસ્ત્રની કથાવાર્તાઓને તુક ઓજ ચાતુરી અને ઝડઝમકોથી શણગારેલી 'પુષ્પિતવાણી'માં રજૂ કરીને કવિ તરીકે પોતાને ખપાવવાની હોંશ રાખનારાઓની સંખ્યા શંકરાચાર્યના જમાનામાંય ઓછી નહોતી. मुक्ति નહિ પરંતુ વાક્યવિલાસ અને કૌશલ દ્વારા સંસારની મુક્તિમાં રચ્યાપચ્યા રહેનારા કવિઓ માટે તેમણે વિવેક ચૂડામણિમાં કહ્યું છે :

*वागौखरी शब्दझरी शास्त्राख्याने च कौशलम् ।*
*वैदुष्यं विदुषां तद्वत् भुक्तये न तु मुक्तये ।।*

વક્રોક્તિ સમ્પ્રદાયના આચાર્ય વામને પણ આવા કવિમન્યમાનાને कविबुवः કહ્યા છે. આવા કહેવાતા કવિઓ બ્રહ્મ અને તેના રસાસ્વાદથી શૂન્ય એવી

અબ્રહ્મન્ય વાતોના કથન-ગાયનમાં મગન હોય છે. આવા કવિઓ માટે કહેવાયું છે કે તેઓ છોતરાં સાથે ધાન (ડાંગર-અનાજ) ખાનારા હોય છે. सतुणाभ्य-वहार्रा' અર્થાત્ નિર્મળ અક્ષત તત્ત્વનો આસ્વાદ તેઓ કરી શકતા જ હોતા નથી. સાચા ભક્તો અને બ્રહ્મજ્ઞાનીઓ પોતાની જાતને આવા કવિઓથી ભિન્ન માનતા હોય છે. માટે જ નરસિંહ મહેતાએ ગાયું છે : 'ભક્ત કવિ રખે ગણો એક' અખાએ પણ કહ્યું છે : 'જ્ઞાનીને કવિમાં ન ગણીશ.' પોતાના સમયનાં कवयिता-कविता કવિઓ કે જેમને મૂલતત્ત્વની ઝાંખીય થઈ નથી અને જેઓ માત્ર કાવ્યના બાહ્યક્લેવરની સાજસજ્જામાં રાચતા રહે છે તેમને ફટકારતાં કબીરે કહ્યું છે :

*कवित पढि पढि कविता मूए,*
*कापड़ी केदार जाई ।*
*केश लुचि लुचि मरे वरतीआ,*
*इनमें किनहुं न पाई ।।*

કબીરની કેટલીય કૃતિઓ તો અનહદના ઘરની વાણી છે. કબીરે જે સંપ્રાપ્ત કરી છે તે અત્યંત ઉચ્ચ, ઉદાત્ત અને બૃહત્ છે. અરૂપ અને અકથ્ય એવા બ્રહ્મને રસાત્મક શબ્દોમાં રમણીય રૂપે અભિવ્યક્ત કરવાનું જે કઠિનમાં કઠિન કાર્ય છે તેને કબીરે અત્યંત ઋજુતાથી સંપન્ન કર્યું છે. રૂપ દ્વારા અરૂપની અભિવ્યક્તિ, કથન દ્વારા અકથ્યની અભિવ્યંજના ઉત્કૃષ્ટ કાવ્યમાં જ સંસિદ્ધ થયેલી હોય છે. આવી ઉત્કૃષ્ટ કવિતાને મહાકવિ ભવભૂતિએ ઉત્તરરામચરિતમાં अमृत रूपा માનીને તેને આત્માની કલા કહી છે. કબીરની રચનાઓ અમૃતરૂપા વાણીનું ઉત્તમ નિદર્શન છે. કબીરની વાણીમાં 'આત્માની કલા' અભિવ્યક્ત થઈ છે.

*सोई आखर सोई बैन,*
*जन जूजुवा नचवंत ।*
*सोई एक मेलै लवनि,*
*अमी रसाइन हंत ।*

દરરોજની ભાષાના શબ્દો અને વાક્યોને દરેક વ્યક્તિ જુદી જુદી રીતે વાપરતી હોય છે. પરંતુ જ્યારે એમાં કોઈ लवनि – લાવણ્ય(સૌન્દર્ય)ને મેળવી દે છે ત્યારે તે દરરોજના શબ્દો 'અમૃત રસાયણ' બની જતા હોય છે. કબીરે આપણી રોજબરોજની ભાષાને પણ સ્વ પ્રતિભાએ અને આંતરરસે લાવણ્યસભર

કરીને અમૃતમય ને અમર બનાવી દીધી છે. વ્યાસ, વાલ્મીકિ, કાલિદાસ, કબીર કે રવીન્દ્રનાથ જેવા અમૃતરૂપા વાણીના ઉદ્‌ગાતાઓ જ્યારે જે ભાષાને આત્માનંદની અભિવ્યક્તિ માટે માધ્યમ તરીકે સ્વીકારે છે ત્યારે તે ભાષા પોતે રોમાંચિત થઈને આમ્રમંજરીની જેમ મ્હોરી ઊઠે છે. એટલું જ નહિ સહધર્મિણીની પેઠે કાવ્ય – પુરુષનું સહજ અનુસરણ કરતી રહે છે. કબીરની ભાષાનું સૌન્દર્ય એ તેની કવિ તરીકેની ઉદાત્ત અનુભૂતિઓ, સહજ આંતરસ્ફુરણાઓ ને ભવ્ય ભાવોમાં રહેલું છે. સરલ તરલ ભાષા માધુર્ય અને ઉદાત્ત ભાવ સૌંદર્યના સુંદર ઉદાહરણરૂપ એકબે સાખીઓ જોઈએ :

*तूं तूं करता तूं भया, मुझमें रही न हूं ।*
*वारी तेने नांउ परि, जित देखौ तित तूं ।।*

'હું (अहंता) નહિ પરંતુ એક માત્ર તું (ब्रह्म) જ છે. તું જ છે તું જ છે એવું રટતાં રટતાં હું (કબીર) તું થઈ ગયો. મારામાં મારાપણું કશુંય રહ્યું નહિ. મેં પોતાની જાતને તારા નામ ઉપર ન્યોછાવર કરી દીધી હોવાથી હવે હું જ્યાં જોઉં છું ત્યાં એક માત્ર તું જ તું જ તું જ જણાય છે.

*लाली मेरे लाल की जित देखौ तित लाल*
*लाली देखन मैं गई मैं भी हो गई लाल ।*

પ્રેમયોગ અથવા ભક્તિયોગની આ એક એવી ઉચ્ચ અવસ્થા છે જે મહાયોગીઓને સમાધિમાં સુલભ હોય છે. ગોપીમાં જ્યારે પોતાના આરાધ્ય પ્રત્યે પૂર્ણ સ્નેહ પ્રગટ થાય છે ત્યારે તે સ્વ-ભાન ભૂલીને તેની સાથે એકરૂપ થઈ જાય છે. જ્યારે તેનામાં તન્મયીભવન થાય છે ત્યારે માથા ઉપર મટુકી મૂકીને દહીં વેચવા નીકળી છે એ વાત ગોપી ભૂલી જાય છે અને 'હાંરે કોઈ માધવ લ્યો, માધવ લ્યો' પુકાર્યા કરે છે. કબીરને પણ હરિરસની હરિ સાથેના તાદાત્મ્યભાવની ખુમારી ચઢી છે અને તેથી તે તનની સાર-સંભાર ભૂલીને નશામાં ચૂર થઈને ઘૂમ્યા કરે છે :

*हरिरस पीया जांनिए, जे उतरे नांहि खुमारि ।*
*मैमंता घूमत फिरै, नांही तन की सारि ।।*

❑

# રામ : કબીરના અને રામકબીરના

ડૉ. ઈશ્વરચંદ્ર દેસાઈ
માંડવી

આ સદીના એક પ્રખર તત્ત્વદૃષ્ટા ઓશો રજનીશજીના મતે 'કબીર એક આગ, એક ક્રાંતિ છે જે સદીઓના વીત્યા છતાં જીવંત છે.' આવું જ ગુજરાતમાં કબીરના પ્રભાવ વિષે દર્શાવવું હોય તો 'રામકબીર' ને આગળ ધરીને કહી શકાય કે આ એક એવી સામાજિક ક્રાંતિ છે જે સદીઓને વીંધીને વધુ ને વધુ દૃઢતાથી કાઠું કાઢતી જાય છે. આમ તો કબીરના તત્ત્વદર્શનને કેવળ અખા પરંપરાના સંતોએ જ નથી અપનાવ્યું. રવિ ભાણની પરંપરાથી માંડીને ઉદા ધર્મ અને રામ કબીરમાં પણ એ આખારિત થયું છે. તે જ રીતે કબીરના સંવેદનના તારનું સ્પન્દન રવિસાહેબથી માંડી દાસી જીવણ સુધી ઝણઝણાતી ફેલાવી શક્યું છે અને એમનો આક્રોશ તથા વ્યંગ ભોજા ભગતના ચાબખાથી માંડી અખા તથા હાળેસાહેબનાં અનેક પદોમાં વીંઝણાં વીંઝતો રહ્યો છે. કબીર સમસ્ત ગુજરાતી સંત-ભક્તિ સાહિત્યના સાગરને આંદોલિત કરતા રહ્યા છે. એના ઉછાળ ભાવોના હોય કે આક્રોશના, એના તલસાટ વિયોગના હોય કે મિલનાતુરતાના – સર્વત્ર કબીરનું બિંબ ઝળકતું જોવા મળે જ ! જરૂર છે કેવળ દૃષ્ટિની !!

આમ તો કબીર વ્યવસાયે ભલે જુલાહા રહ્યા, એઓ કોરા 'જુલાહા' જ ન હતા. એ કેવળ સુતરના તાંતણાને વણી જાણનાર વણકર જ ન હતા. એમણે તો હૃદયના અને મનના, ભાવનાના અને ચિંતનના, બહારના અને ભીતરના, તન અને મન આત્માના તાણાવાણાને વણી ગૂંથીને માનવ જીવનરૂપી વારસને દૃઢતા બક્ષી. એટલું જ નહિ તત્કાલીન મુસ્લિમ શાસનના હિંદુત્વ વિરોધી વલણને પરિણામે શિથિલ બનેલા સમાજ-વરગ્રના તાણાવાણાને પણ તાકાત બક્ષી તેમ જ એ તાણાને વાણાના વણાટમાં સુખમન યા સમન્વયના તારથી અવનવી ભાત ઉપસાવી. જેણે તત્કાલીન સમાજને નૂતન આત્મબળની અને પૂરક પ્રાણવાયુની અનેરી ભેટ ધરી.

કબીરની ક્રાંતિના મૂળમાં છે રામ ! રામની ઉપાસના – નિર્ગુણ રામની

ઉપાસના એ કબીરની અનુપમ ભેટ છે. નિર્ગુણ રામ, મૂર્તિ વિહીન રામ યા અમૂર્ત રામને ઉપાસ્ય બનાવી તેની આરાધનાની અનોખી પદ્ધતિની ભેટ ધરીને મંદિરના અને મૂર્તિના, રામના ને શ્યામના યજ્ઞના અને યાત્રાના ભેદભાવોથી પર જીવને શિવ બનવાની અનોખી પદ્ધતિની ભેટ આપી જે આજ પર્યન્ત ગુજરાતના ભક્તિ પ્રવાહમાં અંતઃસાલેલા રૂપે, સરસ્વતીની પેઠે પ્રવાહમાન થતી રહેતી વરતાય છે.

આમ તો આ દેશમાં યુગોથી રામત્વની રમણીયતા સર્વત્ર વ્યાપ્ત છે. પરંતુ મધ્યકાલીન જડવાદિતામાં આ રામત્વ મૂર્તિમાં ઠરીને ઠિંગરાઈ ગયું. એ અવતારી રૂપ ધરી દિવ્યતાના એવા ઉન્નત શિખરે એવું જઈ વસ્યું કે સાધારણ જન એને આંબવાની હામ પણ ભીડી ન શક્યો. એ થીજી ગયેલા – ઠિંગરાઈ ગયેલા ભક્ત વત્સલ સ્વરૂપને જડમૂળથી ઝંઝોડીને ગંગાધરાની પેઠે મસ્તક પર ઝીલીને કબીરજીએ રામરસની ગંગાનું લોક-હૃદયની ધરા પર અવતરણ કરાવ્યું. પરિણામે સામાન્યમાં સામાન્ય જનહૃદય પણ ભક્તિ અને નામસ્મરણનાં સ્ફુરણથી અંકુરિત થઈને લીલુંછમ બની ગયું.

કબીરે રામના રામત્વને વિરાટતાની સાથે વ્યાપકતા પ્રદાપ્ત કરી, તો ઊંચાઈની સાથે ઊંડાણ પણ બક્ષ્યું. રામને એક અનોખું, ઉદાર વ્યાપક છતાં સર્વપ્રિય એવું સ્વરૂપ સાંપડ્યું, જે સરળતાથી લોકહૈયે આવીને વસી ગયું. આમ છતાં કબીરજીને મન તો એ સ્વરૂપ વિશિષ્ટ જ રહ્યું. એમણે પોતે એ સંદર્ભે કહ્યું છે કે :

*'રામહિં જાનેં, રામ પીછાણે,*
*બૂઝે વિરલા કોઈ'*

કબીરજી જેવા કોઈ વિરલા જ આ રામતત્ત્વને પિછાણી શક્યા છે. રામ સંદર્ભે કબીરજીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે :

*'દશરથસુત તિહું લોક બખાના*
*રામ નામકા મરમ હૈ આના'*

દશરથપુત્ર રામનાં ત્રણે લોક-સ્વર્ગ, પૃથ્વી અને પાતાળમાં ભલે વખાણ થતાં, રામનામનો મર્મ તો અનેરો જ છે, ન્યારો જ છે, કંઈક અલગ જ છે.

આપણે મન રામનું સ્વરૂપ કેવું છે ?

એક ધાર્મિક, કર્તવ્યનિષ્ઠ, શૂરવીર, પરદુઃખભંજન, ન્યાયી, પરાક્રમી, સત્યનિષ્ઠ, નિઃસ્વાર્થી, પ્રેમાળ, પિતૃભક્ત, ગુરુભક્ત, દૃઢવ્રતી, નિષ્પક્ષપાતી,

તેજસ્વી, કડક શાસ્તા, જીવનયજ્ઞના યજમાન, દૃઢનિશ્ચયી, ધીરગંભીર, મર્યાદા પુરુષોત્તમ !

રામનું આ સ્વરૂપ કબીરકાળ સુધી તો વાલ્મીકિ, કાલીદાસ તેમ જ ભવભૂતિના ભવ્ય વારસારૂપે ભેટ મળ્યું. એ ન્યાયે – રામની રૂપ માધુરી શ્રદ્ધા, વિનમ્રતા, શરણાગત અને સમર્પણની પ્રેરક છે તો ભવભૂતિનું 'વજ્રાતદપિ કઠોરાણી, મૃદુનિ કુસુમાદપિ' આજે પણ આપણે મન માનવીય આદર્શની ઊંચાઈ છે.

એમના દેહ સૌંદર્યના માપદંડો ઉન્નત સ્કંધ, વિશાળ વક્ષ, આજાનુભુજ તો અતીતની વાત બની ગયાં છે પરંતુ નીલ વર્ણ, કામદેવ સમી શોભા, શંખ જેવી ગ્રીવા, ઉન્નત લલાટ હજીયે આકર્ષણ જમાવી શકે એમ છે.

એમના ધર્મજ્ઞ, કૃતજ્ઞ, સત્યભાષી, દૃઢસંકલ્પ, જિતક્રોધ, ધૃતિ, મતિ, નીતિ, સુચિ, શારસજ્ઞ, ઇન્દ્રિયજેતા-ના આદર્શ આદ્યાપિપર્યન્ત સુગ્રાહ્ય છે. તો શારીરિક, માનસિક બળનો સમન્વય; સાહસ, ધીરતા, દૃઢતા જેવાં મનોબળ; ઓજ પ્રતાપ, તેજ સમાં આત્મિક બળ; સત્ય, દાન, તપ, ત્યાગ જેવા ઉન્નત ગુણો – ટૂંકમાં સંસારના સર્વ ગુણોની પરાકાષ્ઠા એટલે રામ ! સૌ આદર્શોનું, સત્ત્વનું, સદ્‌ગુણોનું ગુરુશિખર એટલે રામ !

કબીરજી રામના આ લોક પ્રચલિત રૂપથી કંઈ અજાણ ન હતા ! પરંતુ એઓ તો મૂળે જ ક્રાંતદૃષ્ટા ! એમની દૃષ્ટિ 'એક્સ રે' સમી જ નહિ પણ 'લેસર' કિરણો સમી પારગામી ! એ તો અદ્‌ભુત સંત. જોકે સાચા સંત તો અદ્‌ભુત જ હોવાના. પરંતુ કબીર તો સહુ અદ્‌ભુતોમાં પણ અદ્‌ભુત ! અજોડ અને અદ્વિતીય ! ભક્તમાલમાં નાભા દાસજીએ કબીરજી અંગે યથાર્થ જ લખ્યું છે કે–

*'આરૂઢ દેખી હવૈ જગત,*
*પરમુખ દેખી નહીં તની.'*

કબીરે પોતે જે તે સ્થિતિમાં આરૂઢ થઈને જે જોયું, જે અનુભવ્યું તે જ કહ્યું. પારકાના મુખે કહેવાયેલી વાતો એમણે દોહરાવી નથી. એઓ તો પંડિતોને પણ સાફ સુણાવે છે કે–

*'તૂ કહતા કાગદકી લેખી,*
*મૈં કહતા આંખિનકી દેખી !'*

સીધી ને સ્પષ્ટ વાત ! જરા પણ ઉધાર નહિ કે ઊછીનું નહિ. જાત અનુભવનું સીધું સચોટ નિરૂપણ. આત્માનુભવની કસોટીએ કસાઈને જે સોનું ઠર્યું

તે જ તેમણે વાણીમાં વણીને લોકોને વહેંચ્યું. પરિણામે એના પર દેશની કે પ્રદેશની માટી ચઢવા ન પામી કે કાળનાં પડ એને ઢાંકવા ન પામ્યાં. દેશ અને કાળની આરપાર સદા પ્રફુલ્લ, સદાયે તગતગતી, સદાય તરવરતી તેજ તર્રાર વાણી ! એમની દરેક વાત અનોખી, પ્રત્યેક વાણી અનૂઠી ! આજ કારણે એમના રામનો મર્મ પણ અનેરો જ હોય ને !

કબીરના રામ અવતારી રામ નથી. કબીરના રામ એટલે અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, નાથોના શૂન્યવાદ કે યોગના નિરંજનવાદની સીમામાં ન બંધાનાર 'પરમ તત્ત્વ !' વાદોના કોઈ પણ વાડા કે વર્તુળમાં ન બંધાય એવા સ્વાનુભૂત 'રામ !' અને વળી આ રામનું સ્વરૂપ પણ કેવું ?

કબીર પોતે હતાં બહુશ્રુત. કાશી જેવી પાવન નગરીમાં ઊછર્યા. ત્યાં અનેક ધર્મપુરુષોનો સંગ માણ્યો. આંખ-કાન-મન ખુલ્લાં રાખીને જીવનદૃષ્ટિ કેળવી. જેટલું ગળે ઊતર્યું તેને ભાવજગતમાં સંઘર્યું. સ્વાનુભૂતિએ રૂપ અને આકાર ઘડ્યા. એમાં જનસાધારણની આશા, આકાંક્ષા અને અપેક્ષાઓના રંગો ભળ્યા. પરિણામે એમના રામ બન્યા અનોખા !

કબીરના રામ અવતારી રામ નથી એની યાદ અપાવતાં એઓ ફરીફરીને કહે છે કે :

*'ના દસરથ ઘર ઔતરી બાબા,*
*ના લંકાકા રાવ સતાવા !'*

એ રામ તો પરમ ચૈતન્યના પર્યાય છે. ભલે એ દશરથના ઘરે અવતર્યા ન હોય, લંકાપતિને ભલે સતાવ્યા ન હોય પરંતુ એ પરબ્રહ્મથી અલગ પણ નથી. એ અનંત નામરૂપધારી છે છતાં નામ કે રૂપથી રહિત છે. સમસ્ત વિશ્વમાં વ્યાપ્ત હોવા છતાં એ તેનાથી અલિપ્ત છે. એ વર્ણરહિત છે છતાં ઘટઘટમાં સમાયેલા છે. પિંડ અને બ્રહ્માંડમાં એમનો જ પ્રકાશ છે છતાં એઓ તેનાથી પણ અળગા છે. એના નથી આદિ કે નથી અંત, એ નથી નિર્ગુણ કે નથી સગુણ. એ તો અલખ નિરંજન, શૂન્યથી પણ અલગ એવા એ રામ તો રામ જ છે, નિરૂપણ છે. ભલા એમને કોની સાથે સરખાવવા ? હારીથાકીને કબીરજી કહે છે :

*'બહુ વિચાર કહિ દેખિયા,*
*કોઈ ન સારિખ રામ.'*

આવા રામની ગતિ તો અવિગત ગતિ છે. એને સમજવી મુશ્કેલ છે તો

એનું વર્ણન તો વળી ઓર મુશ્કેલ ! એ ઇન્દ્રિયગમ્ય નથી, અગમ્ય છે તેમ છતાં ભાવગમ્ય તો અવશ્ય છે. એ નિર્ગુણ છે, નિરાકાર છે, પરમતત્ત્વ છે, કોઈ મૂર્તિમાં સમાઈ શકે એવા નથી. એ તો ઘટ ઘટ વ્યાપી, જડચેતન વ્યાપી, લોક પરલોક ત્રિલોક વ્યાપી છે. એ ત્રિગુણાતીત છે. દ્વૈત, અદ્વૈત વિલક્ષણા છે, ભાવ-અભાવથી વિમુક્ત છે. અલખ, અગોચર, અગમ્ય છે તેમ છતાં ભાવગમ્ય અવશ્ય છે.

કબીરના રામ એટલે આતમરામ. એમનું આત્મવાદી વલણ લગભગ સર્વત્ર વ્યક્ત થતું જણાય છે. એ જ સર્જનહાર છે એવી પ્રતીતિ થતાં એઓ સ્પષ્ટપણે ગાય છે કે :

*'મારું મન માન્યું રમતાં રામસું*
*ભજી લો ને સર્જન હારજી.'*

મનની ગતિ અનેરી હોય છે. એ આશા તૃષ્ણામાં અટકી જાય છે અને આપણા પર મનનું શાસન ચાલતું જણાય છે. આ 'કાયાનગર'નો વસવાટ મનની આશા પર ટકે છે. એ નગરને સોળ ખાઈ, દસ દરવાજા અને બાવન કીંગારા છે. ત્રણસોને સાઠ દોરાથી એના કોટ ચણાયેલા છે. આ ગઢ ઉપર રાજા રામનું રાજ છે. શરીર પર મન શાસન ચલાવતું રહે ત્યાં સુધી પ્રભુપરાયણ થવાનું નથી. મન રામમાં માની જાય, રામના રંગે આંતરબાહ્ય રંગાઈ જાય. રામ રંગે અંગેઅંગ રંગાય જાય ત્યારે રામની અલખની લેહ લાગી જાય અને રામનું રાજ સર્વત્ર છવાઈ જાય.

તત્ત્વદૃષ્ટા કબીરે અત્યંત ભાવસભર હૈયે, ભક્તિભાવથી ભીંજાઈને, રામરંગથી નીંગળતા હૃદયે રામની ઉપાસના કરી અને જે તત્ત્વ સાંપડ્યું તે રજૂ કરતાં ઉપદેશ્યું કે :

*'રામ સુમર, રામ સુમર, રામ સુમર ભાઈ !*
*રામનામ સુમરન, બિના બૂડત ભવ માંહી ॥*

એમણે જણાવ્યું કે રામનામમાં એવી તાકાત છે કે બીજા કોઈ સાધનને અપનાવાવની જરૂર જ ન રહે.

*રામનામ જબ લિયો મનતે રામનામ જબ લિયો ।*
*જોગ જજ્ઞ જપ તપ વ્રત તીરથ સકળ સમર્પણ કિયો ॥*

આમ તો શાસ્ત્રમાં ઈશ્વર પ્રાપ્તિના અનેક માર્ગો છે. જેવા કે યોગ, યજ્ઞ, તપ, વ્રત, તીર્થયાત્રા વગેરે. એ સઘળા માર્ગોનું લક્ષ્ય પણ એક જ છે. પરંતુ જો મનથી, મનનથી, મનને પૂરેપૂરો રંગીને રામનામ લેવાય તો અન્ય માર્ગો અપનાવવાની જરૂર જ નથી રહેતી. કબીરના મતે તો–

*કહે કબીર સોઈ જન ઉગર્યા*
*જિન સમર્યા શ્રી રઘુરાઈ !*

જેણે અંતરથી રામને સ્મર્યા તેનો જન્મ સફળ ! તે તો પાર જ ઊતરી ગયા અને જનમ-જનમના ફેરામાંથી ઊગરી ગયા માનજો.

નામસ્મરણ કરતાં જાઓ તેમ તેમ આંતરવિકારો સમતા જાય છે, આંતરમળ ઠરતો જાય, હૃદય નિર્મળ થતું જાય અને નિર્મળા હૈયાંને પછી 'લોલીન' થતાં વાર કેવી ?

રામનામ તો ત્રિલોકનું સાર તત્ત્વ છે. એ તો એવું અજોડ સાધન છે જે સકળ મળોને જ નષ્ટ નથી કરાતું, અંતરને માંજી માંજીને ઊજળું બનાવી દે છે અને જ્યાં રામનામ જ ઝળહળતું હોય ત્યાં વળી ભય કેવો ? સઘળા ભય નિર્મૂળ થઈ જાય, સમગ્ર વિકારો નિર્વિકાર બની જાય, સંપૂર્ણ વાસનાઓ નષ્ટ થઈ અંતર નિર્વસન રહી જાય ! આથી કબીરજી ક્યારેક આશ્વસ્ત સ્વરે સમજાવે છે કે :

*રામ ભજન સે કુશલ પડી.*

તો ક્યારેક એની મહિમા વર્ણવતાં કહે છે :

*રાજા રામ જપોં મેરે ભાઈ*
*જાકેં ચૌદ લોક બડાઈ*

કબીરજીના મતે જનમ જનમના ફેરા ટાળવાનું ઉત્તમ સાધન એટલે નામજપ, ભવસાગર તરવાની એકમાત્ર નૌકા એટલે રામનામ, સૌ તત્ત્વોનું સારતત્ત્વ એટલે રામનામ–

*રામનામ તત્ત્વસાર જગતમેં*
*ભજી લો બારંબાર*

રામનામમાં અપાર અને અગાધ શક્તિ સમાયેલી છે. રામ તો કરુણા

સાગર છે. નાનકડી સેવાને અને અંતરના સમર્પણને અનેક ઘણા ભાવથી સ્વીકારીને તેને મેરુ સમાન માની લે છે.

*સેવા અલપ મેરુ સમ માનૈ*
*કરુણાસિંધુ અયોધ્યા નાયક*

સનકાદિ પણ રામનામ જપીને અમર થઈ ગયા. આવા ઓ રામનામની ભેટ સ્વયં કબીર કહે છે તેમ કૃપાથી જ મળે—

*કહૈ કબીર કિરપા કરી મોંયે*
*દીનાનાથ દિયો*

'ભક્તમાલ'માં નાભાદસજી પણ નામ-સ્મરણની શ્રેષ્ઠતા વર્ણવતા કહે છે :

*નામ મહાનિધિ મંત્ર, નામ હી સેવા પૂજા ।*
*જપ તપ તીરથ નામ, નામ બિના ઔર ન દૂજા ॥*

અનેક કસોટીઓ પર કસી કસીને કબીરજી તો સ્પષ્ટપણે કહે છે કે :

*'પરખત પરખત પરખિયા, રામનામ તત્ત્વસાર ॥'*

આમ છતાં રામનામના પોપટિયા જાપથી કંઈ જ ન વળે ! ભલેને પંડિતો અજામિલને અંત ઘડીએ પુત્ર 'નારાયણ'નું નામ બોલ્યા માત્રથી મુક્તિ મળ્યાની વાત કરતા હોય ! એ કદી શક્ય જ નથી.

પાળેલો પોપટ પાંજરામાં ભલે 'સીતારામ' 'સીતારામ' રટતો રહે, એને વનમાં છૂટો મૂકી જુઓ એ તો પાંજરાના બંધનની પેઠે જ 'સીતારામ'નાં બંધનમાંથી મુક્તિની પાંખ ફફડાવીને એના સાથી બંધુઓ જેવા જ ઉલ્લાસના અવાજો કાઢતો ફરવાનો !

ભલો 'ખાંડ' કહ્યા માત્રથી મોં મીઠું મધ જેવું થતું ભાળ્યું છે ? 'અગ્નિ'ના નામ માત્રથી પગ દઝાતા સાંભળ્યા છે ? 'જળ'નું નામ લીધા માત્રથી કદી તરસ છીપાતી અનુભવી છે ખરી ? 'ભોજન' કહ્યા માત્રથી જો ભૂખ ભાગી જતી હોય તો તો દુનિયા તરી જાય !

તે જ રીતે 'રામ' કહ્યા માત્રથી કોઈની સદ્‌ગતિ થતી નથી. રામનામ તો

સમજીને લેવાનું હોય, મનને વિશુદ્ધ બનાવીને લેવાનું હોય. અંતરના મળને, અંદરના અનિષ્ટને ખંખેરીને લેવાનું હોય. કબીરજી સ્પષ્ટપણે ચેતવે છે કે :

'બિન દેખ બિનુ અરસ પરસ બિનુ, નામ લિયે કા હોઈ
ધન કે કહે ધનિક જો હોઈ, નિર્ધન રહે ન કોઈ
સાચી પ્રીતિ વિષય માયા સે, હરિ ભગતન કી હાંસી
કહહિ કબીર એક રામ ભજન બિનુ બાંધે જમપુર જાંસી.'

ખરેખર તો રામરસ જ મુક્તિ દાતા છે. રામરસ એટલે રામભક્તિનો રસ. એ રસ પીવો હોય તો સંસાર સુખનું વળગણ ત્યજવું પડે, સ્વર્ગ સુખની પણ કામના ત્યજવી પડે. સદ્દગુરુ પાસે જઈ, સદ્દગુરુની આજ્ઞા મુજબ જીવન ઢાળવું પડે. પ્રેમમય હૈયાથી સ્વરૂપ પીછાણી લઈએ ત્યારે જ રામરસનું પાન કરવા મળે. અને આ રામરસ તો પાર ઉતારી દે એવો અમીરસ છે.

તે સબ તિરે રામ રસ સ્વાદી ।
કહૈ કબીર બૂડે બકવાદી ॥

આ 'રામરસ' પીવા માટે તો રામની રંગે રંગાઈ જવું પડે. આપણે 'પિંજરાના સુવા' છીએ. લીલાં અટાક શીમળાનાં ફળની રાતદિવસ માવજત કરી કરીને હરખપદુડા થયા કરીએ છીએ. પણ કદીક એ ફળને ચાંચ વાગી જાય ને ફળ ફાટી જાય છે ત્યારે રૂના મુલાયલ રેસા હવામાં ઊડી ઊડીને ગાયબ થઈ જાય છે ને આપણી ચાંચમાં રસનો છાંટોય નથી આવતો ત્યારે નિરાશાનો પાર રહેતો નથી–

સેમર સુવના સેઈયા, દ્વૈઢુકી આસ ।
ઢેંઢી ફૂટી ચટાક દઈ, સુવના ચલા નિરાસ ॥

તો પછી આપણે લીલા ચટાક ફળની જ માવજતમાં મસ્ત રહેવું છે કે 'રામરસ'ને માણવો છે ? પસંદ અપની અપની !

કેમ કે આ 'રામરસ' રસ્તામાં પડેલો નથી. રામતત્ત્વને પામવાનું કામ સહેલું નથી. રામની ભક્તિ, રામની સાધના તો ખાંડાની ધાર પર ચાલવા સમાન છે. એ કાયરનું કામ નથી. માથા સાટે મળે એવી એ દોહયલી ચીજ છે. કબીરજી એને માટે મરજીવા થવાને નોતરે છે. કહે છે :

*ભગતિ દુહેલી રામ કી, નહિ કાયરકા કામ ।*
*સીસ ઉતારૈ હાથિ કરિ, સો લેસી હરિ નામ ॥*

કબીર આથી જ રામને આંખોમાં આંખો પરોવીને એને ભીતરમાં રોમ રોમમાં સમાવી લઈને રામમય બની જવાનો ઉપદેશે છે.

કબીર સ્વયં તો રામની સાથે જાત જાતના રિશ્તા બાંધતા ફરે છે. ક્યારેક પોતાને રામના 'કુતિયા' જણાવી 'મુતિયા' નામ ધારણ કરે છે અને ગળે રામની 'જેવડી' (રસ્સી) હોવાથી રામ જ્યાં ખેંચે ત્યાં જતા હોવાની સંપૂર્ણ શરણાગતિના અને સમર્પણના ભાવ દર્શાવે છે તો કોઈક ભાવવિહ્વળ પળે આત્માને રામની 'દુલ્હન' બનાવીને આત્મા-પરમાત્મા વચ્ચે દાંપત્યની રેશમ ડોર ગૂંથી દે છે. જો કે એઓ સ્પષ્ટપણે કહે છે કે વાસનાના પંકથી પાકેલ હૃદયમાં રામ ક્યારેય ન આવે. વિષયવાસના દીપકમાં તો પતિંગાની પેઠે એ જલી જ જાય છે. વિષય-રસ, લોભ, લાલચ, મોહ, દ્વેષ, ઈર્ષા, અસૂયા, એ બધાં ડૂબવાનાં માધ્યમો છે. આ અપાર ભવસાગરને તરી જવાની તુંબડી તો રામનામ જ અને પાર ઊતરી જવાની નેમ હોય તો રામનામની નૌકા જ પકડવી પડે.

કબીરના રામ ભલે સ્થૂળ દેહધારી ન હોય, ભલે એ મૂર્તિરૂપથી રૂપાયિત ન હોય, એમનામાં ભરપૂર ગુણ અને અપાર સામર્થ્ય છે. એઓ અંતર્યામી, શરણાગત વત્સલ અને કરુણાનિધાન છે. એમને પામવા અંતરના પ્રેમને વિયોગની ભઠ્ઠીમાં જલાવવો પડે. વિરહની આગમાં જલી તપીને જ એ અગ્નિપથની યાત્રા શક્ય બને. કબીરનું હૈયું, કબીરનાં તનબદન, એમનાં રોમરોમ બેચેનીથી તડપી-તલસીને રામને ઝંખે છે. નથી એને દિવસે ચેન પડતું કે નથી રાત્રે કળ વળતી. નથી ધૂપમાં હૂંફ કે નથી છાયામાં શીતળતા—

*કબીર બિછુ રે રામ સોં,*
*ના સુખ ધૂપ ન છાંહિ ।*

કબીરનો વિરહ એ લૌકિક જુદાઈ નથી, એ તો આધ્યાત્મિક અલગાવ છે, આત્માને પરમાત્માથી વિ-યોગ વિયુક્તપણું છે. લૌકિક વિરહ તો કાજળ આંજીને સિંદૂરના સાજનાં કામણ કરીને પતિનો રાગ જીતી લઈ શકે પણ અહીં કેવા સાજ ને વળી કોને કાજ ?

*કબીરા રેખ સિંદૂર કી, કાજલ દિયા ન જાય ।*
*નૈન રમઈયા રમિ રહ્યા, દૂજા કહાં સમાય ॥*

આવું છે અહીં તાદાત્મ્ય ! આવી છે તદાકારતા, એકાકારિતા, રામમયતા ! એને માટે તો અંગોઅંગનું, રોમરોમનું, રામમય થવું જરૂરી છે. ઇન્દ્રિયો અંતર્મુખી થાય, રોમેરોમ 'પીવ, પીવ' કરે, તનને મન રામરંગે રંગાઈ, રસાઈને રામરંગી બની જાય ત્યારે 'રામ રસાયણ' યા 'રામ રતન' પ્રાપ્ત થાય. અને એકવાર આ રત્ન લાધી ગયું તો 'અમોલક' વસ્તુ જ નહિ 'જનમ જનમની પુંજી' મળી ગઈ સમજો. એ રતન મળતાં મન રામમય બનીને રામમાં જ લય પામી જાય છે. અને એ પછી રામની જે કૃપા અવતરે તો ભલભલા જડ પથ્થરો પણ પાર !

કબીરની મૂંઝવણ પાર ઊતરવાની નથી. એ તો રામમયતામાં રાચતાં છતાં અનોખો મૂંઝારો અનુભવે છે. એ છે–

*'મેરા મન સુમિરે રામકું,*
*મેરા મન રામહિ આહિ ।*
*અબ મન રામહિ હ્વૈ રહા,*
*સીસ નવાવૌં કાહિ ॥*

એ તો રામનામ રટતાં રટતાં રામમય જ નહિ પ્રત્યક્ષ રામ જ બની ગયા. ભલા, હવે કોની આગળ શિર ઝુકાવવું ? કોને શરણે જવું ? કોને સમર્પિત થવું ?

આવી લય દશા, આવું રામત્વ, આવી રામમયતા રામના હૈયાને પણ સ્પર્શ્યા વિના રહે ખરી ? જ્યારે એમના 'રોમ રોમ પીઉ પીઉ કરી ઊઠ્યાં' જ્યારે રોમ રોમમાં સમજ સ્પંદન કરી રહ્યા હોય જ્યારે શ્વાસે શ્વાસે રામ રામના અજપા જાપ જપાતા રહ્યા હોય ત્યારે ભલા રામનું હૃદય પણ ઝાલ્યું રહે ખરું ?

રામના પ્રેમની વર્ષા વરસી ઊઠી, અંતરતમ ભીના ભેજથી ભીંજાઈ ગયાં અને સમસ્ત આંતરસૃષ્ટિ ફણગાઈ, ફાલીને હરિયાળી બની ગઈ, પ્રણયનાં કૂણાં મુલાયમ અંકુર રોમરોમમાં ફણગી ઊઠ્યાં. આતમચૂંદડી પ્રેમરસથી નીંગળી ને તરબોળ બની ગઈ અને પછી તો આત્મા સાથે રામનો દિવ્ય વિવાહ રચાયો ત્યારે આત્મામાં સુરાવલિ ગુંજી–

*દુલહિન ગાવહું મંગલાચાર ।*
*હમ ઘરિ આયે રાજા રામ ભરતાર ॥*

એક અવિનાશી પુરુષની પ્રાપ્તિ ! અસીમ સાથે એકાકાર ! હવે ભલા સીમા કે મર્યાદા ક્યાં રહી ? બુંદ સાથે સમુદ્રના મિલનની અને સમુદ્રમાં બુંદને વિલયની

એ ક્ષણને કયા શબ્દમાં વર્ણવવી ? જાણે ગૂંગાએ મીઠાઈ ખાધી. એ બિચારો મધુરપને શી રીતે વર્ણવે ? મધુરપે તો એના અંગે અંગને રોમાંચિત કરી દીધાં ! એના હોઠોમાં કે ગાલ પર જ નહિ, આંખોમાં અને અંગોમાં પણ માધુર્ય રેલાવી દે જે જોનારને પણ સ્પર્શી જાય–

*અવિગત અકથ અનુપમ દેખ્યા,*
*કહતાં કહ્યાં ન જાઈ !*
*સૈન કરે મન હી મન રહ સૈં,*
*ગૂંગે જાનિ મીઠાઈ ॥*

આમ કબીર રામ એટલે પિંડે પિંડમાં વ્યાપેલા બ્રહ્મ ! રોમે રોમમાં રમી રહેલા રામ ! અંગે અંગમાં જીવંતતા રેડતું પ્રાણતત્ત્વ ! અણુએ અણુમાં આંદોલિત થતું અમર તત્ત્વ !!

રામકબીરના રામ ભલા આથી અલગ હોઈ શકે ખરા ?

'રામ કબીર'ના પ્રવર્તક કબીર-શિષ્ય જ્ઞાનીજી છે. સ્વામી બ્રહ્મલીનજીના મતે દર્શન કરાવનાર કબીર છે. એ પરથી 'રામકબીર' શબ્દ પ્રયોજાયો. 'રામકબીર' સંપ્રદાયના આમ સ્થાપક જ્ઞાનીજી બન્યા, એના મુખ્ય પ્રવર્તક બન્યા પદ્માનંદજી અને રવિસાહેબે સૌરાષ્ટ્ર, કચ્છ ઉપરાંત કાનમમાં એને દૃઢ કર્યો જ્યારે ઉદાપંથ શાખા પ્રવર્તક જીવણજી મહારાજે કાનમ ઉપરાંત દક્ષિણ ગુજરાતના પાટીદારોમાં એને સ્થિરતા બક્ષી.

'રામકબીર' શબ્દ રામ અને કબીરનો અભેદ દર્શાવે છે. સ્વયં કબીરજીએ કહ્યું કે–

*'રામકબીરા એક ભયે હૈં, કોઈ ન સકે પિછાની.'*

આમાં આત્મા-પરમાત્માના ઐક્યનો નિર્દેશ છે. જીવણજી એને વધુ સ્પષ્ટ કરતાં જણાવે છે કે–

*કોઈ બરાબર જીવણા, ભગતરાજ રણધીર ।*
*કાશીવાસી કબીરજી, સરજુતીર રઘુવીર ॥*

રામ આત્મસ્વરૂપ છે તો કબીરજી પ્રેમ સ્વરૂપ છે. એક નિર્ગુણ છે તો બીજા સગુણા રામ રૂપરેખ વિહીન આદિપુરુષ છે. એમણે જ કળિયુગમાં કબીરનું શરીર

ધારણ કર્યું એટલું જ નહિ જગતને તારવા માટે એમણે શ્રીરામનું નામ લીધું. અન્યથા કબીરજીનામાં જ સાક્ષાત્ ભગવાન રામનું ધામ હતું. જ્ઞાનીજી પણ આવા જ ભાવને વ્યક્ત કરતાં કહે છે :

*'જ્ઞાની જૈસા રામ હૈ, તૈસા હી ગુરૂ જોય.'*

આજ આધારે રામકબીર નામ પડ્યું અને ઉભયના સમન્વયથી તો કળિયુગ પણ પ્રકાશવંતો બની રહ્યો–

*'રામકબીરા હો રહા, કલિયુગમેં પ્રકાશ.'*

આ સંપ્રદાયમાં રામ અને કૃષ્ણના અવતારોનો વિરોધ નથી. એમનાં જીવન અને કાર્યોનાં ગુણગાન ગવાય છે પરંતુ રામ કે કૃષ્ણની મૂર્તિની પૂજા થતી નથી. નિષેધોની યાદી અહીં ખાસ્સી લાંબી છે પરંતુ એને સમજ્યા વિના સંપ્રદાયને કે સંપ્રદાયના રામને સમજી શકાય નહિ. આ સંપ્રદાયની નિષેધ સૂચિ એક રીતે એની માન્યતાનાં ઊંડાણ અને ઉદારતાનાં પરિચાયક છે. એમાં – 'તપ નહિ, તીર્થ નહિ, વ્રત નહિ, યોગ નહિ, યજ્ઞ નહિ, ધ્યાન નહિ, મૌન નહિ, અર્ઘ્ય નહિ, અધ્યાપન નહિ, હોમ નહિ, આરાધના નહિ, શ્રદ્ધા નહિ, બ્રાહ્મણ નહિ, ગ્રહશાંતિ નહિ, વિધિ નહિ, કર્મકાંડ નહિ, ગ્રહ-જાપ નહિ.' તો પછી છે શું ?

એમાં માત્ર ચાર વ્રતો સૂચવ્યાં છે :

(૧) રામનામ (૨) ગુરુસેવા (૩) પ્રાર્થના અને (૪) સત્સંગ.

અહીં નામરૂપની ભક્તિનો મહિમા છે. કબીરનો આત્મા રામરૂપ હતો જ્યારે, કબીર સ્વયં પ્રેમરૂપ હતા. એક વિશ્વનું પાલન કરે છે જ્યારે બીજું શરીર ગુણગાન યા ભજન માટેનું છે. એક ભક્તની ભીડ ભાંગનાર છે તો બીજા ભક્તરાજ છે. સરયુતટ વાસી રામ એ જ કાશીવાસી કબીર છે. શુદ્ધાચાર સંપ્રદાયનો પાયો છે. પર્વો, ઉત્સવો, કાંડોને ભજન ભક્તિથી ધ્વનિત કરીને, ભક્તિ રસની છોળો ઉછાળીને પ્રસંગોની રસમય ઉજવણી એ સંપ્રદાયની પ્રવૃત્તિ છે. કર્મકાંડના આધાર વિના સીધા 'હરિફળ'ની પ્રાપ્તિનો કૂદકો એ 'ઉદા' નામની સાર્થકતા છે. અહીં રામ અને કબીર ઈશ્વર અને સદ્ગુરુ વચ્ચે આમ અભેદ સ્થપાઈ જાય છે.

નામસ્મરણ 'રામકબીર'નું કરોડરજ્જુ છે. સંપ્રદાયના એક જાણીતા સંત ધનરાજ અધ્વર્યુ નામ મહિમાને પરમાનંદ દાતા જ નહિ, પરમધામવાસની

'નિશ્ચલવાસની' સાધના ગણાવે છે. એમની દૃષ્ટિએ 'રામ તે અધિક રામકર નામા' જ નહિ. રામનામ લેનાર ભક્ત તો રામથીયે અદકેરો ગણાય.

અહીં નામ જ મંત્ર મહાનિધિ છે, નામ જ સેવા પૂજા છે, નામ જ જપ તપ તીરથ છે, નામ જ સર્વસ્વ છે : 'નામ બિન ઔર ન દૂજા' રામનામ જ તત્ત્વસાર છે. અહીં તો વૈષ્ણવો જેવી જ "અનીન" (અનન્ય, અજોડ) ભક્તિ છે અને આવી ભક્તિ કરનાર અનીન ભક્ત તો ન્યારો જ હોવાનો કેમ કે એ તો પતિવ્રતાની પેઠે એક "રામ"ને જ આરાધવાનો.

જીવણજી વર્ણવે છે કે બ્રહ્મનું મૂળ રૂપ નિર્ગુણ જ છે પરંતુ આ સઘળો ત્રિગુણ વિસ્તાર એમનો જ છે. અને એ સર્વ ગુણો એમને જ સેવે છે. કોઈ સાકારને સેવે છે તો કોઈ નિરાકારને પરંતુ –

*હમારે એ વ્રત જીવણા, જે સીતાપતિ કો નામ*
*પરંતુ એમને મન રામ અને કૃષ્ણમાં અભેદ છે*
*રઘુપતિ યદુપતિ જીવણા, દોય હમારે રામ.*

આથી રામકબીરમાં કૃષ્ણના ઉમેરણની જરૂર ન પડી.

આમ રામકબીરનાં રામ ઘટઘટ વ્યાપી આતમરામ છે એને 'રામ' યા 'કૃષ્ણ' ગમે તે નામ આપો એ એક જ છે. રામ સત્યપુરુષ છે. કબીર રામના અવતાર છે છતાં અહીં મૂર્તિ નથી. અહીં હિંડોલા અવશ્ય ગવાય છે પણ કોઈ મૂર્તિ ઝુલાવાતી નથી. અહીં આરતી થતી કે કરાતી નથી પણ ગવાય છે અવશ્ય! અહીં રામ પરબ્રહ્મ છે નિર્ગણ સગુણથી પર છે પરંતુ તેમની લીલાના ગાન હોંશ અને જોશથી દેવદેવી વચ્ચે જુદાઈ નથી. દેવદેવીના નામની ખેંચતાણ નથી. પરમ તત્ત્વની એકતા જ સર્વોપરિ છે અને તેથી દૃઢ માન્યતા છે કે

*'सर्वदेव नमस्कार परब्रह्म प्रति गच्छति'*

❑

# સંત કબીર, અનોખા મહાન તત્વચિંતક

દેસાઈ હકૂમતરાય ઝીણાભાઈ
બનારસ

આમેય ભારત સંતોની ભૂમિ છે. સંતસંસ્કૃતિ એ ભારતીય સંસ્કૃતિનો એક વિશેષ પ્રવાહ પ્રાચીનકાળથી વહેતો આવ્યો છે. અલબત્ત, એ પ્રવાહમાં ઉત્તરોત્તર તત્ત્વચિંતનનો અભાવ હોય અને માત્ર ક્રિયાકાંડનો જ મહિમા સર્વોપરી હોય તેવા સંતોએ આ પ્રવાહને પ્રદૂષિત કર્યો છે ખરો. આથી જ સંતોના સંતસમા સંત કબીર મારા સૌથી પ્રિય સંત જ નહિ, પણ જગતના ચોકમાં થઈ ગયેલા અને આજે એ મહાલતા મહાન તત્ત્વચિંતકોમાં મારા પ્રિય તત્ત્વચિંતક છે. પરદેશમાં સોક્રેટિસ, પ્લેટો, થોરો, રસેલ વગેરે તત્ત્વચિંતકોના વચનોમાં કંઈ ને કંઈ બોધ રહેલો જ હોય છે, તેમ કબીરજીનું સમગ્ર સાહિત્ય પદેપદે અમૂલ્ય ચિંતનથી સભર છે. આથી જ એઓ મારા મન ભારતના એક અનોખા, અણમોલ, અનન્ય મહાન ફ્રેન્ડ ફિલોશોફર અને ગાઇડ જ રહ્યા છે.

કબીરપંથ કોઈ સંપ્રદાય નથી, પણ માનવધર્મની તેજસ્વી જ્યોત છે. કબીરજી જાતે તો પંથપ્રવર્તક હતા જ નહિ, છતાં સમગ્ર ભારતમાં 'કબીરપંથ'ની બાબતમાં સમાન પરિસ્થિતિ છે એ ક્યારે કોના વડે ક્યાંથી આરંભાયો તેનું હજી પ્રતીતિજનક સંશોધન કરાયું હોય એવું અમારી જાણમાં નથી. હાં અમે એટલું જાણીએ છીએ કે કબીરસાહેબના ચારેક શિષ્યોએ કદાચ પંથપ્રવર્તક લેખે પ્રદાન કર્યું હોય. સ્વામી રામાનંદની લોકભાષાને ઘેરઘેર પહોંચાડી હોય તો તે કબીરજીએ. ભારતની પ્રત્યેક પ્રાદેશિક ભાષાના પ્રાણ બની ચૂકેલા કબીરજીના સાહિત્યને ભારતની શિક્ષણ વ્યવસ્થામાં જેટલી હદે સ્થાન અપાવું જોઈતું હતું તે અપાયું નથી તે મારા જેવાને તો કઠે છે. કહે છે કે કબીરજીના ચાર શિષ્યો પૈકીના એક નામે ધર્મદાસ, અમારા સૂરતના સગરામપુરામાં જે ગાદી સ્થાપેલ તે આજે એ સ્થળે કબીર મંદિર છે ખરું ! આ સ્થળે કહે છે કે કબીરપંથના સંદર્ભે સારું એવું સાહિત્ય સંગ્રહાયેલું છે. આ સંગ્રહાયેલ સાહિત્ય પ્રાપ્ત કરીને, આ સ્થળે તમામ સંપ્રદાયોથી પર, તમામ મહાનધર્મોના અર્કરૂપ 'માનવધર્મ'નું કબીરમંદિર

બની રહે તે માટે અમે કરેલા પ્રયાસો ફળ્યા નથી તેનો અમને રંજ છે. સૂરતમાં પ્રથમ ગાદી સ્થપાઈ હોય, કબીરવાણી ને વિચારનો પ્રભાવ દ. ગુજરાતમાં સારો એવો હતો ને છે. મારા વતનની પાસે તાલુકા વલસાડના સોનીવાડીમાં કબીરપંથીઓની ભજનમંડળી હતી. એને ગામોગામ બોલાવાતી. માત્ર કર્ણ મધુર જ નહિ પણ દિલ ને દિમાગને સદાને માટે સતેજ કરી દે તેવાં ભજનો જે બાળપણ ને કુમાર અવસ્થામાં સાંભળેલાં તે આજે યે મનમાં રમ્યા કરે છે. આ ભજનોમાં વ્યક્ત થતાં ચિંતને જ મને કબીરજીનો ચાહક બનાવેલ અને રાખ્યો છે.

કબીરજી એકવાર ગંગાકિનારે રહેતા સંતની ઝૂંપડીમાં ઉછરેલી કન્યાં લોઈને ત્યાં પહોંચી ગયા ! કબીરજીના પ્રભાવથી મોહિત થયેલા લોઈએ પૂછ્યું કે—

'આપ કોણ છો ?'
'કબીર.' કબીરે કહ્યું.
'તમારી જાત કઈ ?'
'કબીર.'
'આપનો સંપ્રદાય કયો ?'
'કબીર.'

જવાબો સાંભળી લોઈ ભક્ત બની જઈ કબીર સાથે જ પદયાત્રી બની ગયેલ. ખૂબ સૂચક છે આ ઘટના. કબીરને મન એક જ જ્ઞાત જે જાત હતી અને સૌ જાતોમાં મોટી જાત સૌ ધર્મોમાં માનવજાત અને એક જ મહાન ધર્મ હતો 'માનવધર્મ'. આમ કબીર એટલે કબીર. કબીરને તોલે આવે તેવા સંતની આજના ભારતને તો ખૂબ ખૂબ જરૂર છે.

કબીરના સાહિત્યમાં વેદ-ઉપનિષદ ને ગીતાના જ્ઞાનના પડઘા પડ્યા જ કરે છે. કુરાનની કલમોના સાચા અર્થના રણકારો સંભળાય છે. સામાન્ય જનને સીધી-સરળ ભાષામાં તત્ત્વજ્ઞાન અને માનવતાનો જેવો બોધ 'કબીરવાચનામૃત'માં મળે છે તેવો ક્યાંયે મળતો નથી. સાંપ્રદાયિક ધાર્મિકતાને વરેલા માનવીઓને અન્ય ધર્મના અનુયાયીઓ પ્રત્યે સમભાવથી વર્તન કરવા, જે તે ધર્મના અનુયાયીઓને સર્વ પાપમૂલક કાર્યોનો નિષેધ ફરમાવવા અને જે તે ધર્મના ભક્તોને કે અનુયાયીઓને વિશાળ દૃષ્ટિકોણ રાખી પરસ્પર ભાઈચારાથી વર્તવાની વિશેષ શૈલીમાં સર્જેલા 'કબીર બીજક', 'કબીર વચનામૃત', 'કબીર જત્રો'. કબીરજી એ જ જે પ્રકાશ પાથરેલ છે તેની આજના ભારતને જેટલી જરૂર છે તેટલી કોઈ

કાળે ના હતી ! આજે એ કબીરાના એ શબ્દો પ્રત્યેક ભારતીયજનની જીભે રમતા રહેવા જોઈએ, કયા શબ્દો ?

*'કબીરા ખડા બજારમેં માગે સબકી ખેર,*
*નહીં કિસીસે દોસ્તી, નહીં કાહુસે બૈર.*
*ના કાહુસે બૈર, જ્ઞાનકી અલખ જગાવે,*
*ભૂલા ભટકા જો હોય, રાહ તાહી બતલાવે.*
*બીચ સડક કે માંહિ, ઝૂઠ કો ફોડે ભંડા,*
*બિન પૈસા બિન દાસ, જ્ઞાન કા મારે દંડા.'*

જ્ઞાનના દંડા પણ કેવા ? જે બીજાની પીડા નથી જાણતો તો પીરા નામને પાત્ર શાનો ? બળજબરીથી વટલાવવું એ ધર્માચરણ નથી, અત્યાચાર છે ! દિવસે રોજા રાખે અને રાતે ગાયની હત્યા કરે તો કદીયે ખુદા ખુશ થાય કેમ ? આવા પ્રશ્નો પૂછી સીધી સચોટ કબીરવાણી આમજનને સોંસરી ઊતરી જતી હોય છે. સંતોના આ સંતે આજે ભારતમાં સંતોની ભરમાર વધી ગઈ છે તેને સંભાળવા જાણે કહ્યું હોય તેમ કહ્યું છે કે—

*'સાધુ ભયા તો કયા હુઆ, માલા પહિરી ચાર,*
*બાહર ભેષ બનાઈઆ, ભીતર ભરી ભંગાર.'*

ભગવાં પહેરે કંઈ સાધુ થઈ ન જવાય ! બહાર ભગવા વેશ ને ભીતર મનમાં કામ, કુટિલતા વગેરેનો ભંગાર ભર્યો હોય તેવાને સાધુ કહેવાય ખરા ? સાધુતાથી સાધુ સોહે, વેશથી નહિ ! કેવી સચોટ છે કબીરબાની.

આજના સમાજનો કેવો માહોલ છે ?

એક જ વાક્યમાં કહેવું હોય તો પ્રત્યેક વ્યક્તિ મહદ્ અંશે પોતાની ફરજ ચૂકે અને બીજાને તેમની ફરજપાલન કરાવવા બૂમરાણ મચાવ્યા કરે. પોતાની જવાબદારીમાંથી છટકી જવું, અને જ્યારે કર્તવ્ય અદા કરવાનું હોય ત્યારે 'પલાયનવાદી' જ બની જાય ! શું આજે સંતાન મા-બાપ પ્રત્યેની ફરજ નથી ચૂકતાં અને મા-બાપો સંતાન પ્રત્યેની ? તબીબો દર્દી પ્રત્યેની ફરજ ચૂકી જાય છે તો વકીલો અસીલ પ્રત્યેની. શિક્ષક શિષ્ય પ્રત્યેની ને શિષ્ય શિક્ષક પ્રત્યેની. ટૂંકમાં પ્રત્યેક ક્ષેત્રમાં કર્તવ્યચૂક થવાથી સમાજમાં અશાંતિ છે, અવ્યવસ્થા છે. ભ્રષ્ટ વ્યવહાર છે. ભાવનાથી કર્તવ્ય જ મહાન છે એ સત્યની જ ઉપેક્ષા થાય ત્યાં વિવિધ સમસ્યાઓ જ ઉપસ્થિત થયા વિના નહિ રહે. આથી જ સંત કબીરે

પોતાના ધર્મને-ફરજને-કર્તવ્યને જ વળગી રહેવા કહે છે કે–

*અપને અપને ધર્મ મેં સબ દૃઢ હય સબ કાલ,*
*નિજ ધર્મ જો આપને ગ્રહો, સહેજે ભયો નિહાલ.*

કબીરજી કહે છે કે માણસ સિવાયના સર્વ કુદરતી તત્ત્વો પોત-પોતાના ધર્મમાં કર્તવ્યમાં દૃઢ છે. માત્ર માણસ જ પોતાના સ્વાર્થમાં અંધ બની તેના 'નિજ ધર્મો' ચૂકી જાય છે. 'નીજ ધર્મો'નું પાલન કરો, સહેજે નિહાલ થઈ જશો ! આ છે કબીરના જીવનકાર્યનો પેગામ.

કહીએ છીએ આપણે કે 'ધારણ કરે તે ધર્મ' પણ શું ધારણ કરે તો. નીતિને માર્ગે ધારણ કરી રાખે અને માનવીને અનીતિને માર્ગે જતો અટકાવે તે છે ધર્મ. ધર્મનો આવો વિશાળ અર્થ આપણે સમજીએ છીએ ખરા ? ધર્મ તે જે માનવીનું ધારણ-રક્ષણ કરે છે. ધર્મ એટલે કોઈ સંપ્રદાય નહિ, પરંતુ ધર્મ એટલે વ્યક્તિએ કરવા યોગ્ય કર્તવ્ય. દરેક વ્યક્તિદીઠ દરેકનો ધર્મ-ફરજ-કર્તવ્ય અલગ અલગ હોય શકે, અને તેથી 'નિજધર્મ જો આપન ગ્રહો' એવો જ ધર્મનો અર્થ કબીરજીને અભિપ્રેત છે.

જો પ્રત્યેક વ્યક્તિ પોત-પોતાના નિજધર્મો કર્તવ્યોનું પાલન કરશે તો જ સમાજમાં શાંતિ, સુખ અને સુવ્યવસ્થા સ્થપાશે. જો શિક્ષક શિક્ષકનું કર્તવ્ય ચૂકી જાય, રાજા કે નેતા પોતાનું કર્તવ્ય ચૂકી જાય એમ પ્રત્યેક વ્યક્તિ પોત પોતાનાં કર્તવ્ય ચૂકી જાય તો સમાજમાં અનીતિ ફેલાય તેથી સમાજનો શતમુખ વિનિપાત થયા વિના નહિ રહે ! શું આજે દુંનિયાભરના વિવિધ સમાજોની વિનિપાતી માહોલ નથી શું ? આથી જ આજના જેટલી કબીરબોધની પ્રસ્તુતા કોઈ કાળેય ના હતી. ગીતામાં પણ ક્યાં નથી કહેવાયું કે શ્રેયાન સ્વધર્મા વિગુણ: પરધર્મા ત્સ્વનુષ્ઠિતાત્ । પારકો ધર્મ કે કર્તવ્ય આચરવું સરળ હોય, અને નિજધર્મ મુશ્કેલ અને ઓછો લાભકર્તા હોય છતાં માણસે પોતાના જ ધર્મને કર્તવ્યને કલ્યાણકારક માની પાળવો જ જોઈએ. આથી જ કબીરજીએ કહ્યું છે કે વ્યક્તિ પોતાના સ્વાભાવિક ધર્મોનું-કર્તવ્યનું-ફરજોનું પાલન કરશે તો પોતે અને સમાજ બંને સુખી થશે. ગીતામાં પણ ક્યાં નથી કહેવાયું કે–

**॥ સ્વે-સ્વે કર્મણ્યભિરત: સસિદ્ધિં લભતે નર: ॥**

આનો અર્થ એ કે પોતપોતાના સ્વાભાવિક કર્મોમાં કર્તવ્યોમાં રત રહેલો મનુષ્ય ઉત્તમ સિદ્ધિ-મોક્ષ-પામે જ છે. 'ધર્મો રક્ષતિ રક્ષિત:'નો ખરો અર્થ એ છે

કે 'જે ધર્મની રક્ષા કરે છે, તેની ધર્મ રક્ષા કરે છે.' દરેક વ્યક્તિ પોતાના સ્વાભાવિક કર્તવ્યનું પાલન કરે તો દરેક જણ 'સ્વ'નું સુખ કરતાં 'સર્વ'નું સુખ થાય તેવા પ્રયત્નો કરશે અને તેથી સમાજનું સર્વાધિક ઉત્થાન થશે જ. એક તત્ત્વચિંતક લેખે કબીરનું આ વિશિષ્ટ પ્રદાન છે.

આપણને સૌને પણ પોતાનાં કર્તવ્યો નિજ ધર્મોનું પાલન કરીને ઉત્તમ વિવિધ પ્રાપ્ત કરવાનો પરમાત્મા શક્તિ આપે એ જ પ્રાર્થના.

*જૈસી પ્રીતિ કુટુમ્બ કી, તૈસી ગુરુ સોં હોય*
*કહેં કબીર તા દાસ કો, પલા ન પકડે હોય*

વૈષ્ણવો જેવી જ 'અનીન' (અનન્ય, અજોડ) ભક્તિ છે અને આવી ભક્તિ કરનાર અનીન ભક્ત તો ન્યારો જ હોવાનો કેમ કે એ તો પતિવ્રતાની પેઠે એક 'રામ' ને જ આરાધવાનો.

જીવણજી વર્ણવે છે કે બ્રહ્મનું મૂળ રૂપ નિર્ગુણ જ છે પરંતુ આ સઘળો ત્રિગુણ વિસ્તાર એમનો જ છે. અને એ સર્વે ગુણો એમને જ સેવે છે. કોઈ સાકારને સેવે છે તો કોઈ નિરાકારને પરંતુ–

*હમારે એ વ્રત જીવણા, જે સીતાપતિ કો નામ*
પરંતુ એમને મન રામ અને કૃષ્ણમાં અભેદ છે
રઘુપતિ યદુપતિ જીવણા, દોય હમારે રામ.

આથી રામકબીરમાં કૃષ્ણના ઉમેરણની જરૂર ન પડી.

આમ રામકબીરના રામ ઘટઘટ વ્યાપી આતમરામ છે. એને 'રામ' યા 'કૃષ્ણ' ગમે તે નામ આપો એ એક જ છે. રામ સત્યપુરુષ છે. કબીર રામના અવતાર છે છતાં અહીં મૂર્તિ નથી. અહીં હિંડોલા અવશ્ય ગવાય છે પણ કોઈ મૂર્તિ ઝુલાવાતી નથી. અહીં આરતી થતી કે કરાતી નથી પણ ગવાય છે અવશ્ય ! અહીં રામ પર બ્રહ્મ છે નિર્ગુણ સગુણથી પર છે પરંતુ તેમની લીલાના ગાન હોંશ અને જોશથી દેવદેવી વચ્ચે જુદાઈ નથી. દેવદેવીના નામની ખેંચતાણ નથી. પરમ તત્ત્વની એકતા જ સર્વોપરી છે અને તેથી દૃઢ માન્યતા છે કે–

*'सर्वदेव नमस्कार परब्रह्म प्रति गच्छति'*

(કબીરવાણી, ઑક્ટોબર '૯૯)

❑

# સંત કબીર, ગુજરાત અને ભારત : એક ટૂંકું મનન

ઉશનસ્
વલસાડ

આપણા ભારતીય સાહિત્યમાં ને જીવનમાં અધ્યાત્મ ચિંતનની મુખ્ય બે ધારાઓ સતત વહેતી રહી છે (૧) સગુણ અને (૨) નિર્ગુણ. આ નિર્ગુણ ધારામાં ભારતભરના એક શ્રેષ્ઠ સંતકવિ તે શ્રી કબીર છે. એ ચૌદમી (ઈ. સ. ૧૩૯૮-૧૫૧૮ = ૧૨૦ વર્ષ) સદીમાં ઉત્તર પ્રદેશના કાશી તીર્થ ધામે પ્રગટ્યા હતા; જન્મે તે હિન્દુ હતા એમ લાગે છે ને મુસ્લિમ વણકરના કુટુમ્બમાં ઊછર્યા હતા; ને એમના મૃત્યુ પ્રસંગે હિન્દુ-મુસ્લિમ બંનેને અનુકૂળ આવે એ રીતે ફૂલોના ઢગલામાં પલટાઈ ગયા હતા, એવી બધી વાતો ભારતીય સમાજમાં જાણીતી છે. કબીરજીમાં હિન્દુ-મુસ્લિમ તત્ત્વજ્ઞાનનો સહજ રીતે થયેલો સમન્વય જોઈ શકાય; ઇસ્લામનો એકેશ્વરવાદ અને હિન્દુ ફિલસૂફીનો નિર્ગુણવાદ બંનેના તાણાવાણે એમણે સમન્વિત (Composite) એવું ઘટ્ટ-ટકાઉ ને ભાતીગળ સંસ્કૃતિવસ્ત્ર વણ્યું છે જે આપણી નવા ભારતની ઓળખ માટે રાજમાર્ગ બની રહ્યું છે.

મુસ્લિમ સંપર્ક કરી ને આપણે ત્યાં ઉત્તર ભારતમાં જે સમન્વયકાર સંત કવિઓ થઈ ગયા એમાં ગુરુનાનક, કબીર, સંત રવિદાસ, દાદુ અને પ્રાણનાથ વગેરે મુખ્ય છે. આ બધાયમાં શ્રેષ્ઠ કવિ અને સંત તો કબીરજી જ હતા એ નિર્વિવાદ છે; હવે પછી ભારતનો સમન્વિત ધર્મ જે સ્વરૂપે આદર્શ રહેશે તેમાં કબીર તત્ત્વજ્ઞાનનો મોટો ફાળો હશે એ નક્કી; અને એ પણ સાચું છે કે કબીર તત્ત્વજ્ઞાનની ભાષા, પરિભાષા અને પ્રતીકાદિ ઘણું બધું હિન્દુધર્મના તત્ત્વજ્ઞાન જેવું જ છે; એનું એક કારણ ગળથૂથીમાં જ તેમના હિન્દુ કુટુમ્બમાં જન્મ, કાશી જેવા હિન્દુ ધર્મ તીર્થમાં ઉછેર તથા છેવટે એમણે રામાનંદ સ્વામીનું ગુરુત્વ સ્વીકાર્યું છે એનો પણ ફાળો છે; કાશીના કોઈ મુસ્લિમ વણકર કુટુમ્બમાં ઉછેર થવાથી એમનું પરમાત્માનું એકત્વ છે એ ઇસ્લામનો મહત્ત્વનો પ્રભાવ છે. જો કે ભારતીય વેદો-

ઉપનિષદોમાં પરમાત્માનું એકત્વ છે જ પણ મધ્યયુગમાં તે ઓછું ને ઓછું થઈ ગયું હતું. ત્યારે ઇસ્લામે તેને ફરીથી અધોરેખિત કરી આપ્યું છે; ઈસુની ૧૮મી સદીમાં ભારત ફરીથી એક ત્રીજા ધર્મબળના પ્રભાવમાં આવે છે, તે છે ખ્રિસ્તીધર્મ; અને વળી પાછી ધર્મ સમન્વયની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. ઇસ્લામને કારણે ગુજરાતમાં દયાનંદ સરસ્વતી આર્યસમાજ નામનો મૂર્તિપૂજા વિરોધી સંપ્રદાય સ્થાપે છે જે ગુજરાત બહાર ઉત્તર ભારતમાં સવિશેષ પ્રસર્યો છે; એવો જ ખ્રિસ્તી ધર્મ પ્રભાને ગુજરાત-મહારાષ્ટ્રમાં પ્રાર્થનાસમાજ સ્થપાયો છે જે ખ્રિસ્તીધર્મની પ્રાર્થના પદ્ધતિને અનુસરે છે; બંગાળમાં બ્રહ્મોસમાજ સ્થપાય છે જે વેદોમાં 'બ્રહ્મ' તત્ત્વને જ માને છે જે પુરાણોના દેવદેવતામાં માનતો નથી; પ્રાર્થનાસમાજના મુખ્ય કવિ તરીકે ગુજરાતમાં નરસિંહરાવ દિવેટિયા છે તો બ્રહ્મોસમાજના બંગાળી કવિ તરીકે રવીન્દ્રનાથનેય ગણવા પડે એમ છે; રવીન્દ્રનાથની 'ગીતાંજલિ'માં જે પ્રેમની આરઝૂ છે તે કૃષ્ણ કે રામની નથી. પણ ઉપનિષદના બ્રહ્મ માટે જિવાત્માની આરત છે; કૃષ્ણ માટે ગોપીની છે એવી તે નથી એ ખાસ નોંધપાત્ર છે. આર્યસમાજ પ્રભાવિત ખાસ કોઈ ગુજરાતી કવિતાધારા પ્રગટી નથી. એ પણ નોંધ થાય છે એટલે કે એક સમન્વય ક્રિયા ભારતમાં ઇસ્લામી શાસન વખતે જન્મી છે ને બીજી અંગ્રેજી પશ્ચિમી પ્રભાવથી જન્મી છે. મુસ્લિમયુગના સમન્વયકાર શ્રેષ્ઠ કવિ સંત શ્રી કબીર છે. 'કબીર' શબ્દ પણ મુસ્લિમ અસરનું જોર પ્રગટ કરે છે. 'કબીર' એટલે મહાન; 'અકબર' અને 'કબીર'નો એક જ અર્થ થાય છે 'મહાન'; ખ્રિસ્તી ધર્મ પ્રભાવનો બીજો સમન્વયયુગ બેઠો છે તેમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ પોતે જો કે મૂર્તિપૂજક સનાતની છે પણ બધા જ ધર્મો એક જ પ્રભુને પામવાના ફાંટા છે. એ વાત એમણે કબીરાદિની જેમ જ બુલંદીથી કહી છે. આમ રામકૃષ્ણ પરમહંસની ફિલસૂફી એક જ પરમાત્માને પામવા જુદા જુદા ધર્મો એ માર્ગો છે; જવાનું છે તે તો પેલા એક અમૂર્ત નિર્ગુણ નિરાકાર પરમાત્મા તરફ જ; આના મૂળ છેક આપણા વેદાન્તમાં રહ્યાં છે 'ઈકઃ સન્ વિપ્રાઃ બહુધા વદન્તિ' તે પોતે તો એક જ છે પણ વિદ્વાનો તેને અનેકરૂપે નિરુપે છે. અને આ સૂત્ર ભારતની સર્વ ભાષાના વેદાન્તી સંત કવિઓએ મૂળાધાર તરીકે સ્વીકારીને પોતાની સંતવાણીમાં ગાયા કર્યું છે.

આપણે ત્યાં આપણા આદિ કવિ ગણાતા નરસિંહ મહેતાના પ્રભાતિયાનો પણ આ જ મૂળભૂત ઉદ્‌ગાર છે :

*'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ*
*જૂજવે રૂપ અનંત ભાસે*
*ઘાટ ઘડ્યા પછી નામરૂપ જૂજવાં*
*અંતે તો હેમનું હેમ હોય.'*

નરસિંહ મહેતાના તત્ત્વજ્ઞાનનાં પદોમાં ને કબીરનાં પદોમાં આ એક ઈશ્વરની વાત ઊડીને આંખે વળગે એવી રીતે પ્રસરી છે; આ જો સાચું હોય તો પછી કબીરની માફક જ નરસિંહ કહે છે કે 'ગ્રંથ ગરબડ કરી, વાત ના ખરી કરી' અને આ વાત ગુજરાતના ૧૭મી સદીના જ્ઞાની કવિ અખામાં તો તે પરાકાષ્ઠાએ પહોંચી છે; અખો કબીરની જેમ ગુજરાતની ભાષાના શ્રેષ્ઠ નિર્ગુણમાર્ગી જ્ઞાની કવિ છે; કબીરની પેઠે એ પણ ગુરુની શોધમાં હતા. કબીરને રામાનંદ સાધુ કાશીમાં ભેટી જાય છે ને તે તેમનું શિષ્યત્વ સ્વીકારે છે, જ્યારે અખાને કોઈ સાચો ગુરુ પ્રાપ્ત થતો નથી ને તે પછી તો દંભી ગુરુઓ ઉપર તૂટી જ પડે છે.

*'ગુરુ કીધા મેં ગોકુલ નાથ*
*ઘરડા બળદને ઘાલી નાથ*
*ધન હર રે ધોકો નવ હરા*
*એવા ગુરુ શું કરે કલ્યાણ ?'*

એમ તે કહે છે ને છેવટે તારવે છે કે 'ગુરુ થા તારો તું જ' ગુજરાતમાં તો ખરાબ ગુરુઓ સાથે આ ગાળામાં જેહાદ જ જામી છે. ભોજો ભગત ને બીજા એવા ભગત કવિઓ પાખંડી ગુરુઓ ઉપર 'ચાબખા' મારવામાં જરાય ઓછા ઊતર્યા નથી.

કબીરે ચૌદમી સદીમાં આપણા પ્રજાજીવનમાં વહેમ, ખોટા રીતરિવાજો ઉપર ટીકા કરવામાં બાકી રાખ્યું નથી. અંધશ્રદ્ધા, અનેક દેવો, મૂર્તિપૂજા જેવી અનેક પાખંડી ટેવો ઉપર એ સતત પ્રહાર કરે છે; પરમાત્મા એક જ છે, સાચો ગુરુ જ પરમાત્મા તરફ દોરે છે; આપણા વહેમો આપણને ખોટે રસ્તે લઈ જાય છે; એ વાત અખાની જેમ જ તેના પૂર્વે કબીરે પ્રભાવાત્મક રીતે કરી છે. અખાના છપ્પા છે તો કબીરની સાખીઓ-દોહા છે; પણ વાત સરખી જ છે. કબીરની માફક અખો પણ આપણા એક મોટા સમાજસુધારક હતા. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા વિદ્વાન વિવેચક ચિંતક તો અખો કબીરની બરાબરીનો બલકે ગુજરાતી ક્યાંક તો

ચઢિયાતો ગુજરાતી કવિ છે એમ કહેતા હતા; પણ કબીરે છેવટે આપણા રવીન્દ્રનાથ ઠાકુરનું પણ ધ્યાન ખેંચ્યું હતું ને Hundred Poems of Kabir નામે કબીરનાં પદોનું સંપાદન કરી તેને અખિલ ભારતીય ને અખિલ જાગતિક કક્ષાએ એમ મોટા સંત કવિ તરીકે મૂકી આપ્યો છે. એવું અખા વિશે આપણા ગુજરાતમાં કોઈએ ન કર્યું ને અખો માત્ર ગુજરાતનો જ્ઞાની સુધારક સંત કવિ જ રહી ગયો, બાકી અખામાં અખિલ ભારતીય કક્ષાની, જાગતિક કક્ષાની કવિવાણી છે જ.

હવે આપણે થોડુંક એવું કબીર કાવ્ય દ્રવ્ય આસ્વાદીયે; મરણ વિશે એક પદમાં તે આમ કહે છે :

*'જમકા અજબ તડાકા બે, તું ક્યા જાને લરકા બે*
*તેંતીસ કોટી દેવ ભી મર ગયે પડે કાલ કી ફાંસી'*

તેની કેટલીક પંક્તિઓ તો કહેવતો બની ગઈ છે ને પ્રજાનો વારસો બનીને ઠરી છે.

*'મુખડા ક્યા દેખો દરપન મે*
*તેરે દયા ધરમ નહિ મન મેં*
*પાની મેં મીન પિયાસી*
*મોહેં સુન સુન આવત હાંસી.'*

ધર્મના મિથ્યા ઝગડા વિશે તે આમ કહે છે–

*'હિન્દુ કહે વો રામ હમારા, મુસલમીન રહેમાના*
*આપસમેં દોઉ લડ લડ મૂવે.'*

મૂર્તિપૂજા ઉપરનો ચાબખો જુઓ–

*'આતમ માર પાષન કુ પૂજે ઉનકો કોન ગિનાના જી કો ઉનમે ચલા નહિ જાનાજી'*

કબીર રામાનંદ સ્વામીના શિષ્ય હતા તેથી કે હિન્દુઓમાં સૌથી લોકપ્રિય નામ 'રામનું છે તેથી તે 'રામ સુમર રામ સુમર, રામ સુમર ભાઈ !' કહે છે ત્યારે તે કોઈ અવતાર રામની વાત કરતા નથી.

કબીરના 'રામ' તો ખુદ પરમાત્મા જ છે. જેમ મીરાં જો કે કૃષ્ણભક્ત હતી છતાં તે–

*'રામ રમકડું જડ્યું રે રાણાજી મને રામ રમકડું જડિયું'*

કહે જ છે. તેવું જ કબીરના રામનું નામ છે. એવું જ આપણા રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીમાં 'રામ' નામનો મહિમા છે. તે કહેતા હતા કે મારો રામ તે દશરથપુત્ર નથી, પણ જે બધે જ રમે છે તે રામ એટલે કે પરમાત્મા પોતે જ છે. આવું બધું કબીરમાં હિન્દુ જેવું છે તો

*'મૈં ગુલામ, મૈં ગુલામ, મૈં ગુલામ તેરા તું હૈ સાહેબ.'*

એવા ઉદ્ગારો પણ છે. જે ઇસ્લામની અસર છે.

ઉપર જોયું તેમ તે પોતાના પદમાં 'અલ્લા'નો પણ તે ઉલ્લેખ કરે છે ઇસ્લામના અલ્લાહ કેવા છે ? કબીર કહે છે–

*'રૂપ નહીં, રંગ નહીં, વર્ણ નહીં છયા નિરાકાર નિર્ગુણ પ્રભુ'*

આમ કબીરમાં હિન્દુ મુસ્લિમ ધર્મનો ભાષા સમન્વય પણ છે; ક્યારેક તે શાંકર વેદાન્ત જેવી પણ વાત કરે છે 'જગત હૈ રેન કા સપના'

પોતે વણકર કુટુમ્બમાં ઊછર્યા હતા તેથી 'તાણાવાણા'ની ને ચાદર વણાટની વાત પણ એક ઉત્તમ પ્રતીકરૂપે કબીરની કવિતામાં આવે છે 'ઝીની ઝીની બુની ચદરિયા' એમાં એમની રૂપક શક્તિ શ્રેષ્ઠ રીતે ખીલી ઊઠી છે તે જોઈ શકાશે. હિન્દી કવિતામાં મધ્યકાળમાં દુહો 'દસમો વેદ'ની જેમ ખીલી ઊઠ્યો છે; શું તુલસીમાં કે શું કબીરમાં ક્યારેક તો બંને સમાન રીતે વાત ઘૂંટતા હોય એમ દુહામાં લાગે છે. કબીરનો આ ખૂબ જાણીતો દુહો છે.

*'કબીર કહે કમાલ કુ દો બાતાં લીખ લે*
*કર સાહેબ કી બંદગી, ભૂખે કો અન્ન દે.'*

આ મધ્યયુગના આપણા જ્ઞાની નિર્ગુણ ભક્તિના સંત કવિઓની ઝીણી ધીરજપૂર્વકની તપાસ પછી આપણું આખું વેદાન્ત એવી સહજવાણીમાં કેવું ઊતરી આવ્યું છે એનો એક આખો આલેખ મેળવી શકાય તેમ છે. જેમ પ્રેમલક્ષણા ભક્તિના સગુણ ભક્તિમાર્ગી કવિઓનું પણ આખું વૈષ્ણવભક્તિનું વેદાન્ત એવા ભારતીયભાષાના કવિઓમાંથી તારવી શકાય તેમ આ નિર્ગુણ ભક્તિના કવિઓનું વેદાન્ત પણ વ્યવસ્થિત રીતે તારવી શકાય તેમ છે. આજે આપણાં વીસમી સદીના ઉંબરે આવીને ઊભા છીએ ત્યારે આવતી કાલની આવતી ૨૧મી સદીના ભારતમાં

ધર્મનું શું સ્થાન હશે તે વિચારી લેવા જેવું છે; એક વિકલ્પ સામ્યવાદી નિરીશ્વર સમાજનો છે; અને એ કદાચ ભારતના લોહીમાં નથી; બીજો વિકલ્પ સર્વધર્મ સમભાવનો છે. ભારતમાં અનેક ધર્મો આવીને વિકસ્યા છે જે સહઅસ્તિત્વમાં રહ્યા છે. કોઈ પણ એક જ ધર્મ આપણા અખિલ ભારતીય સમાજને અનુકૂલ લાગતો નથી; આપણી સભ્યતાનું એક લક્ષણ Plurality છે, વૈવિધ્યમાં એકતાનું છે. આપણી સભ્યતા એ એક Composite Culture ગણાય છે તેમાં જો Secularism એટલે જો નાસ્તિકવાદ ન હોય તો એવા ભાવિ ભારતમાં આ કોમ્પોઝિટ કલ્ચરના તાણાવાણાના ઘટ્ટ વસ્ત્રના વણાટ માટે આપણો આ વણકર કવિ સંત કબીર ઘણો જ ખપમાં આવી શકે તેમ છે; કારણ કે એમાં ઇસ્લામનો ને ઉપનિષદોનો એકેશ્વરવાદ છે, ખોટા રિવાજ ને વહેમોનો અખા નર્મદ જેવા નિષેદ છે. ઈસુ, ગાંધી, બુદ્ધ જેવું કારુણ્ય છે; એનામાં રામકૃષ્ણ કે ગાંધીજી જેવું સર્વધર્મ સમન્વિત સ્વરૂપ છે; વિવેકાનંદ કે ગાંધી જેવું સમાજાભિમુખ અધ્યાત્મ છે.

આમ કબીર વિશે તેના જીવન અને કથન વિશે વિચાર કરીએ છીએ તો કબીર વેદાન્તી સુધારક સંત કવિ હોવાને કારણે અખિલ વિશ્વ કક્ષાએ એના દર્શનની સર્વ કાલીન ઉપયોગિતા સમજાય છે. એથી જ એની ચિકિત્સા ભારત બહારના વિદેશી ચિંતકોમાં તે ભારતીય રવીન્દ્રનાથ જેવા કવિઓમાં માનપૂર્વકનો ઉલ્લેખ પામી છે.

આ જ કારણે આપણે જો સેશ્વરવાદી વિશ્વ સમાજ રચના કરવા માંગતા હોઈએ તો આપણું વેદાન્ત જેમ હવે પછીના વિશ્વ સમાજમાં ઉપયોગી નીવડવાનું છે એ જ દૃષ્ટિએ મધ્યકાળનો આ ભારતીય સંત કવિ કબીર પણ સર્વ પૂર્વગ્રહ મુક્ત એક ખુલ્લો વેદાન્તી જીવ હોવાને કારણે તે મનુષ્યને બધી સંકુચિત એવી સંકડાશોમાંથી બહાર કાઢે છે ને એક પરમેશ્વરની સર્વવ્યાપકતા ને ખુલ્લાશ તરફ આપણને તે ઉઘાડે છે; મધ્યકાલમાં કબીરને અખા જેવા કવિઓ આપણે ત્યાં પાક્યા તે જ બતાવે છે કે પરાધીનતા વચ્ચેય આપણે એક રુદ્ર ને મુક્ત સંગઠિત માનવ સમાજ તરફ ગતિ કરવાની ક્ષમતા ખોઈ નાખી ન હતી. કબીરનું એક વેદાન્તી વિશ્વ નાગરિક તરીકે નવેસર મૂલ્યાંકન થવું ઘટે છે.

*ગુરુ બિન જ્ઞાન ન ઉપજે, ગુરુ બિન મિલૈ ન મોક્ષ*
*ગુરુ બિન લખે ન સત્ય કો, ગુરુ બિન મિટૈ ન દોષ*

(કબીરવાણી '૯૧)

❑

# કબીર અને કબીરપંથ

**ચરણદાસ પટેલ**
બોડેલી

સુપ્રસિદ્ધ ભારતીય સંતકવિ કબીરના જીવનની હકીકત વિશે વિવિધ મતો પ્રવર્તે છે. મિશ્રબંધુ તેમજ મેકાલિફનું પુસ્તક 'શીખ રિલીજિયન' કબીરનો જન્મ ૧૩૯૮માં થયેલો ગણે છે. રામચંદ્ર શુક્લ તેમનો જન્મ ૧૩૯૯માં થયેલો માને છે. બિલીની ઓરિયેન્ટલ બાયોગ્રાફિકલ ડિક્સનેરી'માં તેમની જન્મસાલ ૧૪૯૧ બતાવે છે. ફરકદારના પુસ્તક 'આઉકલાઇન ઑવ ધ રિલીજિયસ લિટરેચર ઑવ ઇન્ડિયા'માં તેમની જન્મસાલ ૧૪૦૧ બતાવી છે. અન્નતદાસની 'પરિચઈ'માં કબીરનું આયુષ્ય ૧૨૦ વર્ષનું બતાવ્યું છે. ૧૩૯૮ સ્વીકારીએ તો તેમાં ૧૨૦ ઉમેરવાથી મૃત્યુની સાલ ૧૫૧૮ આવે. ડૉ. બડથ્વાલ કબીરના મૃત્યુની સાલ ૧૪૪૮ માને છે. 'ભક્ત-સુધા-બિંદુસ્વાદ' નામે ગ્રંથમાં કબીરના મૃત્યુની સાલ ૧૪૯૬ બતાવી છે.

તેમના જન્મસ્થાન વિશે પણ ત્રણ મત છે : (૧) કાશી (૨) મગહર અને (૩) આજમગઢ જિલ્લાનું બેલહરા ગામ. અધિકાંશ વિદ્વાનો કાશીની તરફદારી કરે છે. તેમની જાતિ અંગે પણ વિભિન્ન મતો છે. એક મત પ્રમાણે કાશીના 'લહરતારા' તળાવ પાસે એક વિધવા બ્રાહ્મણી પોતાના પુત્રને મૂકી ગઈ હતી. નીરુ અને નીમા નામે એક જુલાહા (વણકર) મુસલમાન દંપતીએ તેમને ઉછેર્યા એમ કહેવાય છે. કેટલાક વિદ્વાનો તેમને હિન્દુ પણ નહિ અને મુસલમાન પણ નહિ એવા 'જુગી' યા યોગી માને છે. કેટલાક તેમને હિન્દુ 'કોળી' માને છે, જે જનજાતિનો સંબંધ નાથપંથ સાથે હતો. તેમના પારિવારિક જીવન વિશે પણ વિવાદ છે. અમુક કબીરપંથીઓ તેમને અવિવાહિત માને છે. કેટલાક તેમની પત્નીનું નામ 'લોઈ' બતાવે છે. લોઈના બે સંતાન પુત્ર કમાલ અને પુત્રી કમાલી બતાવે છે; તો કેટલાક તેમને બે પત્નીઓ હોવાનો ઉલ્લેખ કરે છે. જેમાં એકનું નામ 'લોઈ' હતું અને બીજું નામ ધનિયા. ધનિયાને લોકો 'રમજનિયા' પણ કહેતા. તેમનો વ્યવસાય કાપડ વણવાનો હતો એ નિર્વિવાદ છે. તેમના ગુરુના સંબંધમાં પણ મતભેદ છે. તેમના હિન્દુ શિષ્ય તેમને રામાનંદના શિષ્ય માને છે. જ્યારે

મુસલમાન તેમને શેખ તકીના શિષ્ય માને છે. વાસ્તવમાં કબીર પરમાત્માને 'સતગુરુ' માને છે. કબીરના અનેક શિષ્યોમાંથી ધર્મદાસ અને સુરતગોપાલ અધિક પ્રસિદ્ધ હતા. કબીરે દેશાટન કરેલું. પણ તીર્થયાત્રા કે હજના હેતુથી નહિ, સત્સંગ માટે. તેમણે વૈરાગ્ય ગ્રહણ કરેલો પણ મનનો અને જ્ઞાનાર્જન કરેલું પણ પુસ્તકના આધારે નહિ. અનુભવથી. તેમના જીવનની આજુબાજુ અનેક દંતકથાઓ વણાયેલી છે. કબીરપંથી મઠમાં કબીરની મૂર્તિ નથી હોતી, કારણ કે કબીર મૂર્તિપૂજાના વિરોધી હતા. પણ તેમનાં જ ચિત્રો જોવા મળે છે, તેમાં કબીર સૂફીવેશમાં હોય છે. તેમને આત્મ-સાક્ષાત્કાર થયો હતો. તે સ્વભાવે દયાળુ પણ પાખંડ-બાહ્યાચારના કટ્ટર વિરોધી હતા.

કબીરના સમયમાં ભારતની વર્તમાન ભાષાઓ અપભ્રંશમાંથી છૂટી પડીને બહાર આવેલી હતી. આ બધી ભાષાઓમાંથી શબ્દો લઈ કબીરે પોતાની 'સધુકકડી' ભાષામાં પદો વગેરે રચ્યાં છે.

તત્કાલીન ધાર્મિક વિચારધારાઓનો કબીર પર પ્રભાવ પડ્યો હતો. સગુણ વૈષ્ણવ ભક્તિધારાના પ્રભાવથી તેમના વક્તવ્યમાં કર્મવાદ, પુનર્જન્મવાદ, અહિંસાવાદ, ભાગ્યવાદ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય આદિમાં શ્રદ્ધા જોવા મળે છે. નિર્ગુણ ભક્તિધારાના પ્રભાવથી અદ્વૈત સિદ્ધાંતનું નિરૂપણ થયેલું છે. નાથપંથી યોગધારાના પ્રભાવથી નિર્વાણ, યોગસાધના, અક્કડતા, અવળવાણી (ઊલટબાંસિયાં) અને શૂન્યવાદનો નિર્દેશ સાંપડે છે. પ્રેમ અને વિરહની તીવ્રતામાં સૂફી સંપ્રદાયનો પ્રભાવ જોવા મળે છે. ઇસ્લામનો પ્રભાવ કબીર એકેશ્વરવાદનો સ્વીકાર કરીને મૂર્તિપૂજાનો વિરોધ કરે છે તેમાં જોઈ શકાય. ઉપરાંત વીરશૈવ, શૈવ, બૌદ્ધ, જૈન, શાક્તપંથ, સિદ્ધો વગેરેનો પ્રભાવ પણ નજરે ચડે છે.

કબીરે હિંદુઓ અને મુસલમાનોના બાલાચારનો સખત વિરોધ કર્યો છે. તે નિષ્પક્ષ આલોચક અને જાગ્રત ચિંતક હતા. તેમનાં પદોમાં કર્કશતા, રુક્ષતા અને ભર્ત્સના જણાય છે; તેના મૂળમાં માનવપ્રેમ, દયા અને ઇમાનદારી છે. નિર્ભીક તે ધર્મ, સમાજ અને સાધનાના ક્ષેત્રે ક્રાંતિકારક ગણાય તેવા વિચારો રજૂ કરે છે. ડૉ. હજારીપ્રસાદે કહ્યું છે તેમ, હજાર વર્ષના ઇતિહાસમાં કબીર જેવું વ્યક્તિત્વ લઈને કોઈ લેખક જન્મ્યો નથી. તેમણે પ્રતીક દ્વારા પ્રેમનું મહત્ત્વ સમજાવ્યું અને માયાને તે ઠગારી ગણે છે. કબીર પંડા, પૂજારી, યોગી, મુલ્લાં, કાજી, શેખ અને અવધૂતને ઉદ્દેશીને તેમના દોષ બતાવે છે.

કબીર નિરક્ષર હતા એટલે આપણને પ્રાપ્ત થતું કબીરસાહિત્ય તેમના શિષ્યોએ લખેલું અને કબીરપંથની ભિન્ન ભિન્ન શાખાઓમાં સંગૃહીત થયેલું છે.

તેમની આ પ્રકારની રચનાઓના ઉપલબ્ધ સંગ્રહોમાં 'આદિગ્રંથ', 'કબીર ગ્રંથાવલી' અને 'કબીર બીજક' વિશ્વસનીય મનાય છે. આ ત્રણેયમાં સંગૃહીત વાણીમાં પાઠભેદ જણાય છે અને વાણીની સંખ્યા પણ વધુ-ઓછી જણાય છે. છતાં ત્રણેયના તુલનાત્મક અધ્યયનથી કબીરના મૂળ સિદ્ધાંત તેમજ સાધના વિશે જાણી શકાય છે. તે સમાજના પ્રચલિત મતોની સમીક્ષા કરતા, તેમની ત્રુટિઓ તરફ ધ્યાન આકર્ષિત કરતા અને પોતાના અનુભવ અથવા વિચાર પ્રમાણે કહેતા જણાય છે. બીજાઓને પણ તે અનુભૂતિ અને આત્મચિંતન પર જ આધાર રાખવાનું કહે છે. એ રીતે તે વિચાર સ્વાતંત્ર્યના સમર્થક છે.

ડૉ. શ્યામસુંદરદાસે કબીરની 'બાનિયા'નું જે સંકલન કર્યું છે તે 'કબીર ગ્રંથાવલી'નો આધાર, સૌથી જૂની પ્રાપ્ત થયેલી હસ્તલિખિત પ્રત છે. આ ગ્રંથ ૧૫૦૫માં મલૂકદાસે ખેમચંદને માટે લખેલો, પણ આ મૂલકદાસ કે ખેમચંદ વિશે કોઈ માહિતી મળતી નથી. બીજી ૧૮૨૫માં લખાયેલી પ્રતો મળે છે. જેમાં દોહાની સંખ્યા ૧૩૧ અને પદની સંખ્યા ૫ વધી ગઈ છે.

'ગ્રંથ સાહેબ'નું સંકલન ૧૬૦૫માં થયેલું. જે પદ અને દોહા મૂળ પ્રતોમાં નહોતાં પણ 'ગ્રંથ સાહેબ'માં હતાં, તેનો સમાવેશ 'કબીર ગ્રંથાવલી'માં કરી લેવામાં આવ્યો છે. એક અન્ય સંકલન 'સંત કબીર'ના નામે ડૉ. રામકુમાર વર્માએ કર્યું છે. ત્રીજો સંગ્રહ કવિ અયોધ્યાસિંહ ઉપાધ્યાયે 'કબીર-વચનાવલી' નામે કર્યો છે. જેમાં 'કબીર બીજક', 'ચોરાસી અંગ કી સાખી' અને વેલવેડિયર પ્રેસનાં પુસ્તકોનો આધાર લેવામાં આવ્યો છે.

કબીરના ગ્રંથોની સંખ્યા વિલ્સનના મતે ૮, કબીરસાગના આધારે ૪૦, રામકુમાર વર્માના મતે ૬૧, રામદાસ ગોડ કૃત 'હિન્દુત્વ'ના આધારે ૭૧, મિશ્રબંધુ વિનોદના આધારે ૭૫ અને કાશી નાગરી પ્રચારિણીની પત્રિકાના આધારે ૧૩૦ છે.

કબીરે પદ અને દોહામાં જે વાણી રજૂ કરી તેના સાકી, સબદ અને રમૈની એમ ત્રણ ભાગ પડી જાય છે. આમાંનાં ઘણાં પદો ભિન્ન ભિન્ન રાગમાં તાલ સાથે ગાઈ શકાય તેવાં છે.

અવળવાણી (ઊલટબાસિયા) કબીરની વિશિષ્ટતા છે અને સામાન્ય મનુષ્ય માટે સમજવી મુશ્કેલ છે. કબીરનું સ્થાન રહસ્યવાદી કવિઓમાં સૌથી અધિક મહત્ત્વપૂર્ણ છે.

આખું જીવન્ કાશીમાં વિતાવ્યા પછી તે મૃત્યુ સમયે મગહર આવ્યા હતા. જેથી મગહરમાં મૃત્યુ પામવાથી અવગતિ થાય છે એવો લોકોનો વહેમ ટળે.

તેમના દોહામાંથી નમૂનારૂપ બે દોહા :

જલમેં કુંભ કુંભમેં જલ હૈ, બાહરભીતર પાની ।
ફૂટા કુંભ જલ જલહિં સમાના, યહ તત કથીં ગિયાની ॥

લાલી મેરે લાલ કી, જિન દેખું તિત લાલ ।
લાલી દેખન મૈં ગઈ, હોઈ ગઈ મૈં ભી લાલ ॥

પોરબંદરમાં (ગાંધીજીના જન્મસ્થળે) કબીરનો આ દોહો છે :

સાંસ સાંસ પે રામ કહ, વૃથા સાંસ મત ખોય ।
ના જાતે ઇસ સાંસ કી, આવન હોય ન હોય ॥

(કબીરવાણી : જાન્યુઆરી '૦૫)

❑

# કબીરનાં નવ રત્ન

વિનોબા

મારા ઉપર કબીરનાં જે વિચારોની, જે વચનોની અસર પડી છે, એવાં કેટલાંક વચનો આજે તમને સંભળાવું અને એ વચનોનો થોડોક અર્થ પણ સમજાવું.

*ગુરૂ ગુડ દિયા મીઠા*

ગોળ ખાતાં ડરવું ન જોઈએ. ખાંડ ખાતાં ડરવું જોઈએ. આજકાલ વિજ્ઞાનીઓ ખાંડને 'વ્હાઈટ પૉઈઝન' – સફેદ ઝેર કહે છે. તેને બદલે ગોળ સારો. ગોળ હોય છે બહુ મીઠો !

*ગુરૂ ગુડ દિયા મીઠા. કહે કબીર મૈં પૂરા પાયા*

કેવો અનુભવ થયો ? તો કહે, 'અબ ઘટ સાહિબ દીઠા.' ઘટઘટમાં ભગવાન વિરાજમાન છે એમ જોયું. 'ખલક મેં ખાલિક, ખાલિક મેં ખલક.' ખલક યાને સૃષ્ટિ. સૃષ્ટિમાં ભગવાન છે અને ભગવાનમાં સૃષ્ટિ છે. 'સબ ઘટ રહ્યા સમાઈ.' સહુ ઘટમાં સાહેબ સમાયા છે. આવો ગોળ ગુરુએ મને આપ્યો અને મેં તે ખાઈ લીધો.

ગુરુએ ગોળ દીધો, એ જે વાત છે તે શંકરાચાર્યની છે. શંકરાચાર્યે કહ્યું છે : ત્રણ પ્રકારનાં દર્શન થાય છે. પહેલું દર્શન છે, ગોળ મીઠો હોય છે, એમ સાંભળ્યું છે. જોયું-બોયું નથી, કેવળ સાંભળ્યું છે. બીજું છે, ગુરુએ બતાવ્યું કે જુઓ, ગોળ કેટલો મીઠો છે ! એટલે કે ગોળ જોઈ લીધો, ખાયો-બાયો નહીં. ગુરુએ માત્ર બતાવ્યો તે જોયો. ત્રીજું છે, 'ગુડ ભક્ષણજં સુખમ્'. એટલે કે ગોળ ખાઈ લીધો.

પહેલાં ગોળ મીઠો હોય છે, એમ સાંભળ્યું તેને કહે છે શાસ્ત્રપ્રતીતિ. વેદ વગેરે વાંચી લીધા. ભગવાન કેવો છે ? વેદમાં લખ્યું છે તેવો. વેદ વાંચી લીધા એટલે શાસ્ત્રપ્રતીતિ થઈ ગઈ. પછી ગુરુ મહારાજ આવ્યા. 'આ જો ગોળ' – એમ ગુરુએ બતાવ્યું અને બતાવીને ગુરુજી ચાલ્યા ગયા, તો ગુરુ-પ્રતીતિ થઈ ગઈ.

પછી ગોળ ખાધો. ગોળની મીઠાશનો જાતઅનુભવ થયો, તો આત્મપ્રતીતિ થઈ ગઈ. આ રીતે ત્રણ પ્રકારની પ્રતીતિ શંકરાચાર્યે સમજાવી છે તેનો જ ઉપયોગ કબીરે આમાં કર્યો. બહુ જ સુંદર છે !

*ગુરૂ ગુડ દિયા મીઠા.*
*કહે કબીર મૈં પૂરા પાયા.*
*અબ ઘટ સાહિબ દીઠા.*

બીજું વચન છે,

*ઝીની ઝીની બિની ચદરિયા*
*સો ચાદર સુર નર મુનિ ઓઢી*
*ઓઢિકે મૈલી કીની ચદરિયા*
*દાસ કબીર જતનસે ઓઢી*
*જ્યોંકી ત્યોં ધરિ દીની ચદરિયા*

કબીર વણકર હતા. કપડું વણતાં વણતાં એ કહે છે – દેવોએ, માનવોએ, ઘણાએ આ દેહરૂપી ચાદર ઓઢી. કબીરે શું કર્યું ? આખરે જ્યારે મરી ગયા, ત્યારે ચાદર જેવી પહેલાં હતી એવી જ રહી હતી. ફાટીબાટી નહોતી. તેના પર ડાઘ પણ નહોતા પડ્યા. જેવી હતી તેવી પાછી પહોંચાડી દીધી. શું તમે લોકો પહોંચાડશો જેવી ને તેવી પોતાની ચાદર ? ડાઘ ન પડવો જોઈએ, ફાટવી ન જોઈએ. આ જે કહ્યું કે જેવી ચાદર મળેલી, નિર્મળ મળેલી, તેવી જ પાછી સોંપી દીધી, એટલે કે બાળક જન્મ્યું ત્યારે જેવું નિર્મળ હતું તેવા જ નિર્મળ ઠેઠ સુધી રહીને કબીર ચાલ્યા ગયા હતા.

ત્રીજું વચન છે,

*પાની બાઢો નાવમેં ઘરમેં બાઢો દામ*
*દોનોં હાથ ઉલીચિયે યહી સયાનો કામ*

આના ઉપર તો મેં કેટલાંયે વ્યાખ્યાન આપ્યાં છે ! ભૂદાન – ગ્રામદાનની વાત કરતાં આનો મને ઘણો ઉપયોગ થયો છે. બેઉ હાથે જમીન દાનમાં દો, 'યહી સયાનો કામ' એમ હું ગામડે ગામડે કહેતો હતો.

ચોથું વચન છે,

*સહજ સમાધિ ભલી રે સાધો*
*સહજ સમાધ ભલી*
*આંખ ન મુંદૌ કાન ન રૂંધૌ*
*ખૂલે નૈન પહિચાનૌં*
*હંસિ હંસિ સુંદર રૂપ નિહારૌં*

કેટલું સુંદર છે સામે બેઠેલા લલ્લુદાસનું રૂપ ! ત્યાં ગોવિંદન્ સિંહ જેવો દેખાય છે, કેટલો સુંદર ! બાબાજીની દાઢી કેટલી સુંદર સાફ દેખાય છે ! બહેનો કેવી સુંદર છે ! ઝાડ કેવાં સુંદર છે ! 'ખુલે નૈન પહચાનૌ' ! બરાબર યાદ રાખો, સૃષ્ટિમાં જે કાંઈ દેખાય છે, તે ભગવત્ સ્વરૂપ છે એવી ભાવના સેવવાની કોશિશ કરો.

પાંચમું છે,

*ઘટ ઘટમેં વહ સાંઈ રમતા*
*કટુક વચન મત બોલ રે*
*તોહે રામ મિલેંગે*

કટુક વચન નહીં બોલવું એટલું પૂરતું નથી. 'ઘટ ઘટમેં વહ સાંઈ રમતા' એવી ભાવનાથી કોઈનું દિલ ન દૂભવવું જોઈએ. એટલા વાસ્તે કડવું ન બોલ. બાકી, 'કડવું ન બોલવું' એ વાત તો મોટા મોટા રાજકારણીઓ પણ કહેતા હોય છે. તેઓ મીઠું મીઠું જ બોલે છે ! વાટાઘાટ કરતી વખતે ભારે મીઠી જીભે વાત કરશે, અને બીજી બાજુ લશ્કરની તૈયારી કરતા રહેશે ! એટલે માત્ર 'કટુ ન બોલવું' એટલું પર્યાપ્ત નથી. દરેકમાં ભગવાન વિરાજમાન છે, તેને લગીરે તકલીફ આપવી બરાબર નથી એમ સમજીને કટુ વચન નહીં બોલવું.

*જો ઘર ફૂંકે અપના, ચલો હમારે સાથ*

આ છે છઠ્ઠું વચન, અમારી સાથે ચાલવું હશે તો ઘર પણ જાળવીશું, માતાપિતાને પણ સાચવીશું, એ બનશે નહીં. બધું છોડીને આવવું પડશે.

પછી સાતમું–

*સાજન કે ઘર જાના હોગા*
*મિટ્ટી ઓઢાવન મિટ્ટી બિછાવન*
*મિટ્ટી મેં મિલ જાના હોગા*

કેટલું સુંદર છે ! ભગવાનને મળવા જેવું છે. તેને માટે શું કરવું પડશે ? મિટ્ટી બિછાવન, મિટ્ટી ઓઢાવન, મિટ્ટી મેં મિલ જાના હોગા.' ઉત્તમ શૃંગાર કરી લો. તમારો પ્રિયતમ છે ભગવાન ! તેને મળવા જવું છે. માંટી ઓઢવી પડશે, માટી બિછાવી પડશે, મરવું પડશે – પણ આનંદપૂર્વક, દુ:ખપૂર્વક નહીં.

આઠમું વચન, જે મને પ્રિય છે –

*કહે કબીર સુનો મેરે ગુનિયા*
*આપ મુએ પીછે ડૂબ ગઈ દુનિયા*

નહીં તો આસક્તિ રહે છે. 'ઘર ઘર' (મૃત્યુ વખતે ગળામાં થતો આ જાતનો અવાજ) થઈ રહી છે, પણ 'ઘર' છૂટતું નથી. મરતી વખતે પણ ઘર-ઘર ! બધું છોડવું પડશે. આસક્તિ છોડવી પડશે.

હવે નંબર નવ,

*કારો કાગજ કાલી સ્યાહી*
*લિખત પઢત વાકો પઢવા દે*
*તૂ તો રામ સુમર જગ લડવા દે*

આ હું ઘણાને સંભળાવતો રહું છું. પણ મને એક જણે કહ્યું કે અમારું બધું શિક્ષણ પૂરું થઈ જાય તે પછી જ અમને આ સંભળાવજો. જેમ કે મેં હજારો ગ્રંથ વાંચી નાખ્યા, પંદર-વીસ ગ્રંથ લખ્યા, હવે હું આનંદપૂર્વક કબીરનું આ ભજન ગાઉં છું. એટલે તે કહે કે આ બધું થઈ ગયા બાદ અમને આ ભજન સંભળાવજો, આરંભમાં નહીં સંભળાવતા.

તાત્પર્ય કે કબીર અભણ હતા. લખતાં-વાંચતાં એમને આવડતું નહોતું. કબીર ૧૨૦ વરસ જીવ્યા અને જેવી ને તેવી પોતાની ચાદર પાછી સોંપી દીધી.

આ નવ રત્ન છે, જે કબીરનાં વચનોમાંથી મેં ચૂંટી લીધાં છે.

('ભૂમિપુત્ર') (સૌજન્ય : અખંડ આનંદ : સપ્ટેમ્બર '૦૧)

❑

# કુશળતા કે કુટિલતાને છોડી જે હૈયે છે તેને જ હોઠે લાવી જીવનમાં તેનું આચરણ કરો

ચિદાનન્દ : મકરન્દ દવે
નંદીગ્રામ

સરહપાદ અને કબીર જેવા મરમી જનો જ્યારે ઋજુપથે, સહજ માર્ગે ચાલવાનું કહે છે ત્યારે એક જ વાત કરે છે : તમારી કુશળતા ગણાતી કુટિલતાને છોડી દઈ જે હૈયે ઊગે તે હોઠે લાવો, અને હોઠે લાવો તે હાથપગ હલાવી આચરી બતાવો. આ જ સીધો રસ્તો છે, તેથી તો પરમ આનંદ અને સત્યને પામવાનો એ ટૂંકામાં ટૂંકો રસ્તો છે. બે બિંદુ વચ્ચેનું ટૂંકામાં ટૂંકું અંતર સીધી રેખા છે. જેના આચરણમાં આવી સીધી વાટ ને સચ્ચાઈ છે તેનો કોઈ કાન ઝાલી શકતું નથી. કબીરના શબ્દોમાં :

*લેણાં-દેણાં સોહરા,*
*જે દિલ સાંચો હોઈ,*
*ઉસ ચંગે દીવાન મેં,*
*પલા ન પકડે કોઈ.*

જેની લેણદેણ સીધી-સરળ, જેના દિલમાં સચ્ચાઈ તેને ઈશ્વરની અદલ કચેરીમાં કોઈ રોકી-ટોકી શકતું નથી. દુનિયાના કારભારમાં ઉપરછલ્લી રીતે ભલે ગમે તેટલી અંધાધૂંધી દેખાતી હોય, પણ એવી એક અદૃશ્ય સત્તા છે, જે તલેતલનાં અને રજેરજનાં લેખાં લે છે. કર્મનો અફર નિયમ અહીં કામ કરે જ છે અને તેમાંથી કોઈ છૂટી શકે એમ નથી. અહીંના જીવનને જે માત્ર એક જન્મ પૂરતું જ જુએ છે એ તો કુદરતના હિસાબી ચોપડાના એક પાના પર જ નજર ફેરવે છે. આપણી અંદર બેઠો બેઠો જે અંતર્યામી નોંધ રાખે છે તેની સામે અનંત કાળ છે અને સમયના ફેરામાં તે બરાબર બદલો વાળે છે. જેનું ચિત્ત નિર્મળ, જેની ચાલ નિષ્પાપ તે પાવકજ્વાળા વચ્ચે પણ મહાસુખ માણી શકે છે. તેથી તો ચિત્તને નિર્મળ રાખવા પર સહજે ખૂબ ભાર મૂક્યો છે. ચિત્તની આ નિર્મળતા, સ્થિરતા,

પ્રામાણિક જીવનના પાયા વિના ટકતી નથી. કબીરે તેમાં પ્રભુપરાયણતાને ઉમેરી આ સ્થિરતાને રસમય કરી આપી છે. યોગીની દૃઢતા સાથે ભક્તિની રસમયતા ભળે ત્યાં જ શૂન્ય-કરુણાની એકતા છે. ચિત્તને નિર્મળ કરતાં કરતાં તે એવું નિર્લેપ બની જાય છે કે ઇન્દ્રિયોના તમામ વહેવારોમાં ખેલવા છતાં તે ખરડાતું નથી. સરહની વાણી છે :

દેખહુ સુનહુ પઈસહુ સ્વાદઉ,
સુંઘઉ ભ્રમહુ બઈઠહુ ઉઠહુ,
આલમાલ વ્યવહારે પેલ્લુહુ,
મન છાડિ એકાકાર ન ચલ્લહુ.

(દેખતાં, સાંભળતાં, પેસતા, સ્વાદ લેતાં, સૂંઘતાં, ચાલતાં, બેસતાં, ઊઠતાં, આડીતેડી વાતો કરતાં મનને તેની સાથે વહી જવા દેવું નહિ. વિષયો સાથે એકાકાર થવા દેવું નહિ.) સર્વ કર્મો સાથે ચિત્તને પરોવવાં છતાં તે ક્યાંય ચીકણું બની ચોંટી ન રહે તેની કાળજી રાખવાનું યોગી ગોરખનાથે પણ કહ્યું છે :

*હસિબા, ખેલિબા, ગાહિબા ગીત*
*દિઢ કરી રાખિ અપના ચીત,*
*હસૈ ખેલૈ ન કરે મનભંગ,*
*તે નિહચલ સદા નાથકે સંગ.*

(હસવું, ખેલવું, ગાવું પણ પોતાના ચિત્તને દૃઢ કરી રાખવું. હસતાં, ખેલતાં પણ જે મનભંગ થવા દેતા નથી, પોતાની વૃત્તિઓને કાબૂમાં રાખે છે તે સદાય પરમ શિવની સાથે છે.)

કબીર સુધી વાત પહોંચતાં આપણે સાંભળીએ છીએ :

*સાધો, સહજ સમાધ ભલી,*
*સાંઈ તે મિલન ભયો જા દિન,*
*તેં સુરતિ ન અનત ચલી.*
*જહં જહં જાઉં સોઈ પરિકરમા,*
*જો કછુ કરું સો સેવા,*
*જબ સોઉં તબ કરું દંડવત્,*
*પૂજું ઔર ન દેવા.*

*સબદ નિરંતર મનુઆ રાતા,*
*મલિન બચન કો ત્યાગી,*
*ઊઠત બૈઠત-કબહૂ ન બિસરૈ,*
*ઐસી તારી લાગી.*

અને આપણા આંગણામાં જ હજુ ગઈ કાલે રવિસાહેબ ગાઈ ઊઠ્યા હતા:

*ઊઠતાં, બેસતાં, હસતાં, રમતાં,*
*દિનદિન અધિક સનેહ,*
*ત્રિવિધ તાપ શમ્યા મારા તનમાં,*
*અમૃત વૂઠ્યા મેહ,*
*એવા હવે નહિ જઈએ રે,*
*વહેતે પૂર વહ્યાં.*

માણસ ત્રિવિધ તાપથી એટલે કે આધિ, વ્યાધિ, ઉપાધિથી શા માટે પીડાય છે ? કારણ કે વિષયોના પૂરમાં તેની ઇન્દ્રિયો તણાઈ જાય છે. તાત્કાલિક લાભના આવેગમાં તેનાં મન-બુદ્ધિ ઘસડાઈ જાય છે અને મનુષ્યનો અંતરાત્મા તો સદાય પોતાની સ્વતંત્રતા ને સ્વાનંદને ટકાવી રાખવા માગતો હોય છે. એટલે માણસની અંદર જ વિસંવાદ ઊભો થાય છે. આ વિસંવાદ ઊંડા રોગની જેમ કોઈ ને કોઈ રૂપે ફૂટી નીકળતો હોય છે. એટલે સર્વાંશે નરવા ને નીરોગી થવા માટે કર્મના મર્મને જાણી લેવાની ને એ મુજબ જીવન જીવવાની તાતી જરૂર છે.

'ઈશાવાસ્ય'થી માંડી આપણને આવી જીવનદીક્ષા આપવાનો પ્રયત્ન થયો છે. ઈશથી સચરાચર સભર છે, માટે કોઈ પાસેથી કંઈ પણ ખૂંચવી લેવાનો પ્રયત્ન ન કર. ઇન્દ્રિયો ખેંચી જાય, મન કહ્યું ન માને અને કંઈ પગલું ભરતાં અંધારું ઘોર લાગે તો આંખો મીંચી દેવાથી કંઈ અજવાળું નહિ થાય. ઊલટું, બમણા અંધકારમાં ડૂબી જવાનો વારો આવશે. માટે હરેક કર્મ આચરતાં તેમાંથી ચિત્તને અલગ પાડી દેવાનો કીમિયો શીખી લે. સંતોની વાણીમાંથી, સંતસમાગમથી તેની કંઈક ઝાંખી થતી જશે. સરહ, ગોરખ, કબીર કે રવિસાહેબ જેવા સંતોની મૂળ પ્રેરણા ઝરતી હોય એવા જ શબ્દોમાં ગીતાએ મુક્તપુરુષનું દર્શન કરાવતાં કહ્યું :

*નૈવ કિંચિત્ કરોમીતિ યુક્તો*
*મન્યેત તત્ત્વવિત્,*
*પશ્યન્શ્રુણ્વન્સ્પૃશન્જિઘ્રનઅન્નન્ગચ્છન્સ્વપન્શ્વસન્*

*પ્રલપન્વિસૃજન્ગૃહ્ણન્નુન્મિષન્નિમિષન્નપિ,*
*ઇન્દ્રિયાણીન્દ્રિયાર્થેષુ વર્તન્તે ઇતિ ધારયન્.*

(સર્વ કર્મોમાં યુક્ત હોવા છતાં તત્ત્વદર્શી તો દેખતાં, સાંભળતાં, સ્પર્શ કરતાં, સૂંઘતાં, જમતાં, જતાં, ઊંઘતાં, શ્વાસ લેતાં, વાતો કરતાં, આપતાં, લેતાં, આંખો ખોલતાં – મીંચતાં, બધી ઇન્દ્રિયો પોતપોતાના વિષયોમાં વર્તી રહી છે એમ સમજીને પોતે કંઈ જ કરતો નથી એમ માને.)

(લેખકના પુસ્તક 'મકરન્દ-મુદ્રા'માંથી સાભાર સૌજન્ય : ગુજરાત ટાઇમ્સ)

❑

# ગુજરાતી સાહિત્ય પર કબીરનો પ્રભાવ

હર્ષદ સી. રાણા

ગુજરાતમાં કબીરજીનું આગમન, તેમનો નિવાસ તથા તેમના જ્ઞાનીજી જેવા શિષ્યોની પરંપરાને કારણે ગુજરાતના જનજીવન તથા સાહિત્ય ઉપર કબીરનો ઠીક ઠીક પ્રભાવ વરતાય છે. ગુજરાતના અનેક વિદ્વાનોએ એ સમર્થિત પણ કર્યું છે. ગુજરાતના સંત સાહિત્યના વિદ્વાન ડૉ. અંબાશંકર નાગરે પણ ગુજરાતી સમાજ અને સાહિત્ય પરના કબીરના પ્રભાવને અવગણી ન શકાય એમ કહી, નરસિંહથી આજ સુધીના અનેક કવિઓ પર વધતે ઓછે અંશે દેખાતા કબીર પ્રભાવને સ્પષ્ટ કર્યો છે. શ્રી દુર્ગાશંકર શાસ્ત્રી અને શ્રી ક. મા. મુનશી જેવા વિદ્વાનોએ તથા ડૉ. નિપૂણ પંડ્યાએ પણ રામાનંદના પ્રભાવના અનુસંધાનમાં કબીર પ્રભાવને જોયો છે. મુકુંદની 'ભક્ત માળ'માંના 'કબીર ચરિત્ર'થી આ વાતને પુષ્ટિ મળે છે. શ્રી કિસનસિંહ ચાવડાએ ગુજરાતના નીચલા થરના લોકોનો ભક્તિભાવ, સારલ્ય, પરોપકાર આદિને લક્ષમાં લઈ કબીરમતના પ્રભાવને મહત્ત્વનું સ્થાન આપ્યું છે, તો વાડીલાલ શાહ જેવાએ કબીરવાણીના પ્રભાવ પાછળ કબીરની હૃદય ભેદકતા તથા સ્પષ્ટતા, શુદ્ધ હૃદય, તત્ત્વજ્ઞાન, પ્રૌઢ વિચાર અને આત્મવિશ્વાસને પ્રેરક બળો તરીકે જોયાં છે.

ગુજરાતમાં કબીરની અનેક શિષ્ય પરંપરાઓ ચાલી છે. મધ્ય કાળમાં યંત્રોના અભાવને કારણે કબીરવાણીનો પ્રચાર કંઠોપકંઠ થતો રહ્યો એટલું જ નહીં પણ એને કારણે સંતોની હિંદી તથા ગુજરાતી વાણી ઉપર પણ કબીરની વિચાર-ધારાનો સ્વાભાવિક પ્રભાવ પડ્યો છે. ગુજરાતમાં કબીર પરંપરાના સંતોએ હિન્દી તથા ગુજરાતી બંને ભાષાઓમાં રચના કરી હતી. ગુજરાતી ભજન સંગ્રહોમાં પણ કબીરનાં ભજનો વિપુલ માત્રામાં સંગ્રહિત કરાયાં છે. કબીરની અનેક સાખીઓ અને પદો ગુજરાતના લોક હૃદયમાં ગૂંજતાં રહ્યાં છે ખાસ કરીને મધ્યકાલીન અને અર્વાચીન એમ બંને પ્રકારના સાહિત્ય પર કબીરજીનો પ્રભાવ દર્શાવી શકાય એમ છે, છતાં અર્વાચીન સાહિત્ય પર અન્ય અનેક સાંપ્રત પ્રભાવો અને પ્રતિભાવોની વચ્ચે કબીર વિચારધારાના પ્રભાવનું દર્શન કદાચ કંઈક અંશે પાંખું પડી જતું

જણાય, એટલે એને બાદ કરીને મધ્યકાલીન સાહિત્ય પર કબીરના સમકાલીન નરસિંહ મહેતાથી માંડીને કવિ છોટમ સુધીના અનેક કવિઓની વાણી પર કબીરની વિચારધારાનો ઘેરો પ્રભાવ દેખાય છે.

નરસિંહ મહેતાનો વૃદ્ધમાન્ય સમય સં. ૧૪૭૦થી સં. ૧૫૩૬ છે. કબીરજીનો સમય પણ વિદ્વાનોએ સં. ૧૪૫૫થી સં. ૧૫૭૫નો આંક્યો છે. એટલે નરસિંહથી દોઢેક દાયકો મોટા કબીરે જ્યારે ગુજરાતનો પ્રવાસ ખેડ્યો ત્યારે તેઓ જૂનાગઢમાં નરસિંહને મળવા ગયા તે સમયે રાસના દર્શનના પ્રસંગવેળા કબીરે નરસિંહને આત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો હતો. આચાર્ય ધ્રુવે નરસિંહના જ્ઞાન અને આત્મતત્ત્વનાં પદો ઉપર કબીરનો પ્રભાવ જોયો છે. 'જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં, ત્યાં લગી સાધના સર્વ જૂઠી' વાળા નરસિંહના પદ પર કબીરના 'આત્મા તત્ત્વ ચીના બિના સબ હૈ જૂઠી સેવ' પદનો સીધો પ્રભાવ જોઈ શકાય એમ છે.

નરસિંહ મહેતાનાં પદોમાં નિર્ગુણ બ્રહ્મ, અવિનાશી રામ, આતમરામ સત્સંગ, નામનો આધાર, હરિજન પ્રેમ તથા કર્મ અને મિથ્યાચારનો વિરોધ આદિ અનેક વિષયોને સ્થાન મળ્યું છે. નરસિંહનાં પદોમાં અકલ, અવિનાશી, અગમ્ય બ્રહ્મને પ્રેમના તંતે બાંધવાનો પ્રયાસ થયો છે. બ્રહ્માંડમાં હરિ એક છે તેના વિભિન્ન રૂપોને કારણે તે અનન્ત લાગે છે. દેહમાં દેવરૂપ, તેજમાં તત્ત્વરૂપ તથા શૂન્યમાં શબ્દ રૂપે તે વિરાજે છે. કબીરની રહસ્ય વાદી વિચારધારાનો પ્રભાવ 'નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો' જેવાં અનેક પદોમાં સહજ વરતાઈ આવે છે. નરસિંહના ઉપાસ્ય કૃષ્ણ અને રામ મૂળે તો નિર્ગુણ છે. નરસિંહને મતે લોકો સમજ્યા વિના ચેતનની નિંદા કરી જડને પૂજે છે. પરંતુ અવિનાશી રામ તો 'અરધઉરધ' (અર્ધ : ઊર્ધ્વ) માં રહ્યો છે, સર્વવ્યાપી છે અને સંતોએ જ એને પ્રેમના તંતુ વડે બાંધ્યો છે. કબીરની જેમ જ નરસિંહે પણ પરંપરિત જ્ઞાન ગ્રંથોને આધારે માન્યા નથી. તે કહે છે : 'ગ્રંથ ગરબડ કરી, વાત ન કરી ખરી, જેહને જે ગમે, તેહ પૂજે.' એટલે એ માથાકૂટમાં પડવાને બદલે 'મારે તો આશરો એક હરિ નામનો' જ છે. કબીરે જેમ આચારોની નિરર્થકતા સમજાવી તેમ નરસિંહે પણ બાહ્યાચારોનો વિરોધ કર્યો છે. આ બધા બાહ્યાચાર તો પેટ ભરવાનો પ્રપંચ માત્ર છે. ખરેખર તો બત્તી, એટલે તેલ અને સૂત્ર વિહોણો દીવો જ્યાં જલે છે, સચ્ચિદાનંદની આનંદક્રીડા થાય છે એને નેત્ર વિણ નીરખીને હરિરસનો પ્યાલો પીવાનો છે.

નરસિંહની વાણી પર કબીરવાણીના સીધા પ્રભાવના કેટલાક નમૂના અહીં ઉદ્ધૃત કર્યા છે તે નોંધનીય છે.

નરસિંહ : બીજમાં વૃક્ષ તું, વૃક્ષમાં બીજ તું, જોઉં પટંતરો એ જ પાસે.
કબીર : બીજકે માંહી જ્યોં વૃક્ષ વિસ્તાર,
યોં ચાહકે માંહી સબ રોમ આવે.
નરસિંહ : વેદ તો એમ વદે, શ્રુતિ સ્મૃતિ સાખ દે,
કનક કુંડલ વિષે ભેદ ન્હોય,
ઘાટ ઘડિયા પછી નામ રૂપ જૂજવાં,
અંતે તો હેમનું હેમ હોય.
કબીર : જૈસે બહુ કંચન કે ભૂષણ થે, કહીં ગાલિ તવાવ હિંગે,
ઐસે હમ લોક વેદ કે વિધુરે, સુભહિં માંહિ સમાય હિંગે.
નરસિંહ : અકળ અવિનાસી એ નવ જાયે કળ્યો,
અરધ ઉરધની માંહે મ્હાલે.
કબીર : અરધ ઉરધકે ઘાટ પર નિશ દિન કોજો પંડ.
નરસિંહ : જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહીં
ત્યાં લગી સાધના સર્વ જૂઠી.
કબીર : આતમ તત્ત્વ ચીને બીના, સબ હૈ જૂઠી સેવ.
નરસિંહ : પંડિતો પાર નહીં પામે પોથે.
કબીર : પોથી પઢ પઢ જગ મુઆ, પંડિત ભયા ન કોઈ.
નરસિંહ : પાસે છે પિયુ અલ્યા, તેને નવ પરખિયો.
કબીર : મોકો કહાં ઢૂંઢે બંદે, મૈં તો તેરે પાસ.
નરસિંહ : બત્તી વિણ, તેલ વિણ, સૂત્ર વિણ જો વળી,
અચલ ઝળકે સદા અનલ દીવો.
કબીર : દીપ જરૈ અગમ્યકા, બિન બાતી બિન તૈલ.

આ દૃષ્ટિએ મીરાંનો વિચાર કરીએ તો ગુજરાતના નામાંકિત વિદ્વાન શ્રી કે. કા. શાસ્ત્રીએ મીરાંને કોઈ પણ સંપ્રદાયના પ્રભાવથી અલિપ્ત, ભક્તિમાર્ગની અનુયાયી કહી છે. તો શ્રી મુનશીએ તથા શ્રી અનંતરાય રાવળે મીરાં પર સંત રૈદાસનો પ્રભાવ જોયો છે. મીરાંના 'જો તુમ તોડો પિયા, મૈં નહીં તોડું રે' તથા 'તુમ ભયે ચંદા, મૈં ભઈ ચકોરી' જેવાં પદો પર રૈદાસનો પ્રભાવ સ્પષ્ટ દેખાય છે. આચાર્ય પરશુરામ ચતુર્વેદીએ મીરાંના પદો સાથે રૈદાસનાં પદોનું ભાવ સામ્ય જોવા છતાં મીરાં પર સંત પરંપરાના મુખ્ય પ્રવર્તક કબીરનો વધુ ઘેરો પ્રભાવ માન્યો છે. મીરાંનાં 'નૈના વણજ' વાળા પદ પર કબીરનાં 'નૈના અન્દર

આવતું'નો તથા 'રંગ મહલ' પર કબીરના 'કાયા મહલ' પદનું ઘેરું ભાવ સામ્ય દેખાય છે. ડૉ. મંજુલાલ મજમુદારને પણ મીરાંની નિર્ગુણ ભાવના, કબીરની નિર્ગુણ ભાવના સાથે મળતી આવતી લાગી છે. ગિરિધર નાગરની દાસી મીરાંએ અવિનાશી રામની ઉપાસના પણ કરી છે. 'રામ રમકડું જડિયું', 'અબ તો મેરા રામનામ', 'મીરાં દાસી રામકી', 'મેરે નયન બસે રઘુવીર' જેવાં પદોમાં મીરાંની રામભક્તિ દેખાય છે. પરંતુ મીરાંએ નામને એથીય અદકું મહત્ત્વ અર્પ્યું છે. 'પિયા પિયાલા નામકા રે, ઔર ન રંગ સોહાય.' મીરાં કબીરે ચીંધેલ અગમ દેશમાં જવા ઇચ્છે છે, કારણ કે ત્યાં પ્રેમના હોજમાં હંસ કેલિ કરે છે, જ્ઞાનયુક્ત સાધુઓ સંગ છે. મીરાં માને છે કે – 'સતકી નાવ ખેવૈયા સદ્‌ગુરુ ભવ સાગર તર આયો.'

મીરાંનાં પદો પર પણ કબીરનાં પદોની કેવી ઘેરી અસર છે તે અહીં આપેલ પદો પરથી સ્પષ્ટ થશે :

મીરાં : કરમ ગત ટારાં નાહી ટરાં
સતવાદી હરિચન્દ રાજા, ડોમ ઘર નીરાં ભરાં ।
કબીર : કરમ ગતિ ટારૈ નાહી ટરી,
નીચ હાથ હરિચન્દ બિકાને, બલિ પાતાલ ધરી ।
મીરાં : જો પહિરાવે સોઈ પહિરું, જો દે સોઈ ખાઉં.
કબીર : જૈસા રાખે વૈસા રહૂં, જો દેવે સો ખાઉં.
મીરાં : હિરદે હરિકો નામ ન આવે, મુખ તે માનયા મન.
કબીર : મનકા તો કરમેં ફિરૈ, જીભ ફિરૈ મુખ માંહી.
મીરાં : સબ સોયાં સુખ નિંદકી, મ્હારે નૈન જગાવાં,
રીમા વેઠ્યાં નીન્યાં, જગત સગ સોવાં.
કબીર : સુખિયા સબ સંસાર હૈ, ખાવે ઔર સોવે,
દુઃખિયા દાસ કબીર હૈ, ગાવે ઔર રોવે ।

ધનરાજ પંડ્યા (સં. ૧૬૫૦ પૂર્વે)નાં પદો રામકબીર સંપ્રદાયના ભજન સંગ્રહોમાં સંગ્રહિત છે. 'અધ્યારુજી' તરીકે ઓળખાતા ધનરાજ કબીર શિષ્ય પદ્મનાભના શિષ્ય હતા. પદ્મનાભ પાસે ધનરાજે દીક્ષા લીધી ત્યારે કબીરજીએ ઉપસ્થિત રહીને આશીર્વાદ આપ્યાનો ઉલ્લેખ શ્યામદાસના 'જ્ઞાન મહિમા'માં છે. ધનરાજના પ્રાપ્ય ૨૮ પદોમાં નિરાકાર, નિરંજન બ્રહ્મની સ્તુતિ છે. તેના પર કબીર વિચારધારાનો સીધો પ્રભાવ છે. એમની વાણી વૈરાગ્ય પ્રધાન છે. એમની આરાધના 'નામ'ની સાધના છે. જે બ્રહ્માંડની રચના કરે કે એનો વિનાશ કરે

તે નાનકડા ડબ્બામાં કે સિંહાસન પર કેવી રીતે બેસી શકે ? સંસારમાં એક જ બ્રહ્મ છે. જીવ એનાથી જુદો છે છતાં તે બ્રહ્મનો જ અંશ છે. પરમાત્મા અજર, અમર તથા અકલંક છે, તેથી કર્મ અનાવશ્યક છે. પરબ્રહ્મ મૂર્તિમાં નથી એટલે પૂજાદિ પ્રપંચ કરવાનીય કશી જરૂર નથી.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યના સં. ૧૫૩૬થી સં. ૧૫૭૪માં હયાત, 'પ્રબોધ બત્રીસી'નો કર્તા માંડણ બંધારો કબીરજી અને એમના શિષ્ય જ્ઞાનીજી તથા પદ્મનાભનો સમકાલીન હતો. એટલે સ્વાભાવિક જ તેની રચનાઓ પર કબીરનો પ્રભાવ દેખાય છે. જેમ અખાના પુરોગામી તરીકે માંડણનું નામ લેવાય છે, તેમ માંડણની વિચારધારા પર કબીરજીના શિરોમણિ શિષ્ય જ્ઞાનીજીનો પ્રભાવ સ્પષ્ટ દેખાય છે.

ઉદાહરણાર્થ :

માંડણ : જીતે જિંદગી સોઈ જંદા.
જ્ઞાનીજી : જિંદા સોઈ જિંદગી જાને.
માંડણ : હિન્દુ સોઈ ધરમકુ જાને.
માંડણ : જૂ પ્રતિમા પર દૈવત જાણ, પૂજું ગિરિ, ગિરિગણ પાષાણ.
કબીર : પાથર પૂજે હરિ મિલે તો મૈં પૂજું પહાર.
માંડણ : કે સિર કાઢઈ બાલ સમૂલ, એકે જટા વધારઈ સ્થૂલ.
કબીર : કેશન કહા બિગારિયા, જો મૂંડે શત બાર.
માંડણ : વે ઉપવિત પેટિ નવજણ્યો, તુરક મ સુનતિ સાથિ જણ્યો,
શિરે નૌ લુચી શ્રાવક નીસરા, ફાટે કાન ન યોગી ગર્યા.
કબીર : જો તૂ તુરક તુરકની જાયા, ભીતર સુન્નત કયો ન કરાયા ?
જો તૂ બામન બામની જાયા, ઔર મારગ ક્યોં નહીં આયા ?
જ્ઞાનીજી : હિન્દુ સોઈ જપે હરિનામ.
માંડણ : ચલે હક સો મુસલમાના.
જ્ઞાનીજી : હક ચલે સો મુસલમાના.

માંડણની વાણીમાં રામની ભક્તિ, નિર્ગુણ નિરંજન બ્રહ્મની ઉપાસના, અભિમાન ત્યાગ, હિંદુ-મુસ્લિમ ઐક્યની ભાવના, નામસ્મરણ, આચાર વિરોધ, પાખંડ વિરોધ તથા મૂર્તિ વિરોધ જેવા કબીર મતનાં તત્ત્વોને સ્થાન મળ્યું છે. આ ઉપરાંત બંદગી, સાહબ, રોજા, જંદા જેવા શબ્દપ્રયોગો પણ કબીરવાણીની પરંપરામાં પ્રયોજાતા શબ્દો છે. માંડણની 'પ્રબોધ બત્રીસી' ભક્તિવીશી,

માયાવીશી, ગૃહસ્થાશ્રમવીશી, દાનવીશી આદિ કબીરવાણી જેવાં અંગોમાં વિભક્ત છે. તીર્થ, વ્રત, મૂર્તિપૂજા, કથા, પોથી, પુરાણ, આચાર્યો, જપ-તપ, વહેમ, ઊંચ-નીચ જેવા ભેદભાવો આદિ પર માંડણે ભારે પ્રહારો કર્યા છે. કબીરજી અને માંડણના વિચારોમાં જે સામ્ય છે તે બંનેની કેટલીક પંક્તિઓ સરખાવવાથી તરત જણાશે :

ખોપરીની ખરલમાં જ્ઞાનને ઘૂંટી ઘૂંટીને જેણે પોતાની વાણીમાં વ્યક્ત કર્યું છે એવાં, ગુજરાતી સાહિત્યના જ્ઞાનમાર્ગી સાહિત્યને શિખરે બિરાજનાર અખા ઉપર કબીરજીનો ઘેરો પ્રભાવ છે. અખો વેદ-દર્શનમાં માનતો નથી. એના આરાધ્ય તો પરબ્રહ્મ યા નિરંજન જ છે. અખો કહે છે કે, જે બ્રહ્મ જાણે છે તે વેદોથી પર છે. બ્રહ્મની અનુભૂતિ પછી વેદોની વેદના શાંત થઈ જાય છે. અખાનો બ્રહ્મ 'બાવન બાહેરો' અર્થાત્ શબ્દાતીત છે. આ પરબ્રહ્મને પંડિતો નથી મેળવી શકતા. કારણ કે પંડિતાઈનું અભિમાન અને હૃદયનો અંધકાર એમને નડે છે. સાચો જ્ઞાની તો તે જ છે કે જે ગોપીભાવ અનુભવે. અહીં કબીરનાં 'ઢાઈ અચ્છર પ્રેમ કો' ચરિતાર્થ થતું જણાય છે.

અખાની વાણી પર કબીરવાણીનો પ્રભાવ અનેક રૂપે દગ્ગોચર થાય છે. કબીરની ભાષામાં ભાવ, અલંકાર અને અભિવ્યક્તિની સીધી અસર અખા પર દેખાય છે. શ્રી ઉમાશંકર જોશીએ તો સ્પષ્ટ કહ્યું છે કે, અખાની વાણીનો મેળ કબીર સિવાય અન્ય કોઈ સાથે નથી. શ્રી ક. મા. મુનશીએ પણ અખાને 'સંપ્રદાયો પ્રત્યે પુણ્ય પ્રકોપની મૂર્તિ' કહીને એના મોક્ષ અને જ્ઞાન, વક્રોક્તિ અને વ્યંગ્ય કબીર અને દાદુનાં જ છે એમ સ્પષ્ટ કર્યું છે. જ્યારે ડૉ. અંબાશંકર નાગરે તો અખાની વિચારધારાને લક્ષ્યમાં લઈ એને 'ગુજરાતનો કબીર' કહ્યો છે.

કબીરના પોતાના પ્રભાવને અખાએ સ્વયં સ્વીકાર્યો છે. નરસિંહ અને કબીર બંનેના પ્રભાવને સ્વીકારતાં અખો કહે છે :

*'નિર્ગુણ કથતાં કબીર પ્રભવ્યો, સગુણ ગતાં નરસૈં રે મહેતો*
*અમરા પૂરીની જગ્તમાં રે, એમાં એનો વાસ*
*કર જોડી અખો કહે, એવા દુર્લભ દાસ કબીર.'*

અખાની પરંપરાના સંતો પર પણ કબીરવાણીનો પ્રભાવ જણાય છે. અખાના શિષ્ય લાલદાસે તો કબીરને પોતાનો આત્મા અને પોતાને 'કબીરનો મત' કહ્યો છે.

*'કબીર હમારી આત્મા, હમ કબીરાકી મત.'*

સંત કુબેરદાસે પણ સદ્‌ગુરુ રૂપે કબીરનો નામોલ્લેખ કર્યો છે. અખાણી પ્રણાલિના એક સંત શ્રી 'સાગરે' પોતાની વાણીમાં પોતાને આ યુગના કબીરના પ્રતિનિધિ તરીકે ઓળખાવ્યા છે.

*'પૂર્વે જન્મ્યો એક કબીરા, કે દૂજા સાગર રાજ'*

અખાની વાણી પર કબીરનો કેટલો ગાઢ પ્રભાવ છે તેના અનેક નમૂના બંનેનાં પદોનાં સામ્ય જોતાં જણાઈ આવે છે. જેમાંનાં થોડાંક અહીં ઉદ્‌ધૃત કર્યાં છે.

કબીર : આંગનબેલી આકાશ પર, અનબ્ય હીકા પુત,
સસાસીંગકા ધનુષ કરી, ખેલે બાંઝન પુત.
અખો : સસાસીંગનું વહાણ જ કર્યું, મધદરિયે જઈને તર્યું,
વંધ્યા સુત બે વહાણે ચડ્યા, ખ પુષ્પનાં વસાણાં ભર્યાં.
કબીર : ગગન ઘટા ગહરાઈ સંતો, ગગન ઘટા ગહરાઈ,
અખો : જ્ઞાનઘટા ચઢી આઈ અચાનક જ્ઞાન ઘટા ચડી આઈ.
કબીર : કસ્તુરી કુંડલ બસે, મૃગ ઢુંઢે બન માંહીં,
ઐસે ઘટમેં પ્રિય હૈ, દુનિયા જાને નાહીં.
અખો : મિરઘકે પાસ કસ્તુરી હૈ, જાઈ પથ્થરકો સુંઘતા હૈ,
અખા આપ પહચાન બિના, સબ કોઈ ઐસે ભૂલતા હૈ.
કબીર : પાંવ ન ટિકે પિપિલિકા, પંડિત લાદૈ બેલ
અખો : પગ ન ટિકે રે પિપિલિનો ત્યાં છે સાંકડી શેરી.
કબીર : પાથર પૂજે હરિ મિલે તો મૈં પૂજું પહાર.
અખો : એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.
કબીર : સૈના બૈના કરી સમજાવું ગૂંગેકા ગુડ ભાઈ
અખો : ગુંગાની સાનમાં સામો સમજે નહીં, અદબદ મૂઠડી રહી રે બાંધી.
કબીર : હેરત હેરત હેરિયા, રહા કબીર હેરાય.
અખો : હરિકુ હેરતાં રે સખી મૈં રે હેરાણી.
કબીર : પાની કેરા બુદબુદા અસ માનુસકી જાત.
અખો : મૈં તો પાનીકા પરપોટડા ક્યા બોલે ને ચાલે.
કબીર : ગૂંગે કેરી સર્કરા, ઘટ ઘૂંટે સો જાને
અખો : કહેત મુંગા કેરી સર્કરા, ખાવૈ ઔર મુસકાઈ.

કબીર : ના દશરથ ઘર જન્મ્યા, ના લંકા કે રાવણ મારા.
અખો : દશરથ પહેલે હૂતો જે રામ, નન્દ વસુદેવ પહેલું કૃષ્ણ નામ.
કબીર : જાકા ગુરુ અંધલા, ચેલા ખરા નિરંધ,
અંધેઅંધા ઠેલિયા દૂનો કૂપ પડંત.
અખો : અંધે અંધ અંધારે મળ્યા, જ્યમ તલમાંહી કોદરા ભળ્યા,
ઘૈંસ ન થાયે, ન થાયે ધાણી, કહે અખો એ વાતો જાણી.

અખાના સમકાલીન અને એક પ્રચલિત દોહાના આધારે બ્રહ્માનંદના શિષ્ય મનાયેલા ગોપાલદાસ, બૂટા ભગત અને નરહરિ પણ અખાની પરંપરાના જ્ઞાની કવિઓ છે. આ ત્રણેએ નિર્ગુણ રામની ભક્તિ કરી છે. તેઓ આતમતત્ત્વના ઉપાસક હતા. બૂટાએ તો કબીરની જેમ જ નામ દ્વારા આત્મતત્ત્વને પામવાનો ઉપદેશ આપ્યો છે. અજ્ઞાન મનુષ્યને તે આંધળો ગણે છે. જ્ઞાની માટે તે કહે છે :

*'પૂરણ બ્રહ્મ, અખંડ અવિનાશી,*
*સો હું બ્રહ્મ, જેણે જાણ્યો રે.'*

નરહરિ સગુણ અને નિર્ગુણથી પર એવા બ્રહ્મની સત્તા વિશે વાત કરતાં કહે છે :

*'નિર્ગુણ સગુણ તે એક પરિબ્રહ્મ,*
*સમજો સમજું એહે જ ધર્મ.'*

ગુજરાતી સાહિત્યમાં પોતાની કાફીઓથી મશહૂર બનેલ ધીરા ભગત પર પણ કબીર મતનો પ્રભાવ દેખાય છે. સતગુરુના શબ્દનું મહત્ત્વ બતાવતાં એણે કહ્યું કે દિલને શુદ્ધ રાખીને પિંડમાં દૃષ્ટિ કરવાથી જ એનાં દર્શન થશે. કારણ કે નિરંજનનાથ કાંઈ દૂર નથી. અલખ માટે તેમનું માનવું છે કે ત્યાં પહોંચતાં બુદ્ધિ થાકી જાય છે.

*'અગમ કેરી ગમ નહીં રે, વાણી ન પહોંચે વિસ્તાર,*
*એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહીં.'*

જેમ તલમાં તેલ, લાકડામાં અગ્નિ, દહીંમાં ઘી છુપાયેલ છે એ જ રીતે પહાડ સમાન બ્રહ્મ માયારૂપી તણખલા પાછળ છુપાયેલ છે. ગુરુની કૃપા થાય તો

એનાં દર્શન તરત જ થાય છે. ધીરાએ પાખંડનો વિરોધ કરતાં કહ્યું છે :

*'પાષાણ કોણ પૂજે રે, મને મળ્યા તમો ધણી.'*

તન અને મનને મૂંડવાથી અલખ-નિરંજનનાં દર્શન થાય છે.

*'મનકુ મૂંડ્યા, તનકુ મૂંડ્યા, તિન હી પાયા એ ભેદ,*
*દાસ ધીરો કહે નજરે દીઠા, અલખ નિરંજન એક.'*

સં. ૧૮૩૧માં 'અમરપૂરી ગીતા' અને દશેક વર્ષ પછી કક્કા લખનાર વસ્તો પણ અખાની પરંપરાનો કવિ છે. ડૉ. રામકુમાર ગુપ્તે એને ગોપાલ અને નરહરિની પરંપરાનો જ્ઞાની કવિ ગણ્યો છે. વસ્તાએ ગુરુના મહત્ત્વનો સ્વીકાર કર્યો છે. તમામ શાસ્ત્રોની ચાવી ગુરુ જ છે. તે કહે છે :

*'ગુરુ હી સેવા ગુરુ હી પૂજા,*
*ગુરુ સમ દેવ નાહીં કો દૂજા.'*

રામનું મિલન આતમરામ સાથે જ્યારે થાય ત્યારે આપોઆપ તન-મન શીતળ થઈ જાય છે, એમ તે માને છે. યોગીઓ એને અગમ્ય કહે છે, પરંતુ શ્યામના સ્વરૂપનો ભેદ તે મેળવી શક્યા નથી. વસ્તાએ જે પ્રેમ કર્યો તેની વાત તો વેદને પણ ખબર નથી. બ્રહ્મરૂપ રામમાંથી જ આ બધા વિભિન્ન રૂપો ઉત્પન્ન થયા છે.

કબીરની જેમ જ વસ્તાએ પણ મિથ્યાચારનો વિરોધ કર્યો છે. સેવાપૂજા છોડીને ભક્તિમાં જ મન પરોવવાનો ઉપદેશ આપ્યો છે. તપ, તીર્થ, વ્રત, દાન, યજ્ઞ વગેરેને રામમિલનમાં દુશ્મન રૂપ ગણે છે. કબીર પ્રભાવ વસ્તાની વાણીમાં સ્પષ્ટપણે તરી આવે છે. દા. ત.

*સૂરત લગી હૈ સહજ મે, ફોડ ચલી આસમાન,*
*યહાં લગ રહી બન્દગી, જહાં નહીં ચંદા-ભાણ.*
*સમુદ્ર મેં લહેરી હોત હૈં પીછે સમુદ્ર સમાઉં,*
*સમુદ્ર સમાણો લહરમેં સો કાઠી ક્યોં જાઉં.*
*સબ ઘટ સાહેબ દેખિયા, આપ ઘટ કહાં જાય,*
*ખોજત ખોજત ખોજિયા, આપા રહ્યા સમાય.*

ક્યારેક કબીરની જેમ વસ્તો અવળવાણી પણ આપે છે.

*'બાપે બેટા જાઈયા, બેટે જાયા બાપ,*
*નેહ કર્મીકી રીત હૈ, ખોજો આપોઆપ.'*

કબીર અને વસ્તાની વાણી વચ્ચેના સામ્યના એકબે નમૂના અહીં પ્રસ્તુત કર્યાં છે :

કબીર : રામ રાખે વૈસા રહું જો દેવે સો ખાઉં.
વસ્તો : જેમ રાખે તેમ રાખે રામ,
આપમતાનું નહીં ત્યાં કામ.
કબીર : જો ઘર જલાદે અપના, વો ચલે હમારે સાથ.
વસ્તો : ઘર બાળી તીરથ કરે ઉનકા હૈ યહાં કામ.

કવિ પ્રીતમ રામકબીર સંપ્રદાયના સંત રવિ સાહેબ તથા નિરાંતના સમકાલીન હતા. પૂર્વાવસ્થાનો સગુણ ભક્ત પ્રીતમ ઉત્તરાવસ્થામાં ગુરુજ્ઞાનની પ્રાપ્તિથી ઈશ્વરને આતમરામના રૂપમાં પોતાનામાં જ જોવા લાગ્યો હતો. પ્રીતમને રામ-કૃષ્ણ વચ્ચે કોઈ ભેદ દેખાતો નથી. તે માને છે કે રામરસાયણના પાનથી મુક્તિ મળે છે. તે પોતાને અવિનાશી આદ્યપુરુષની દાસી માને છે અને પોતાના પ્રિયતમથી એક ક્ષણ પણ અલગ રહેવાનું એને સ્વીકાર્ય નથી. જ્ઞાની કવિ પ્રીતમે હરિ, ગુરુ કે સંતમાં કોઈ ભેદ જોયો નથી.

*'આનંદ મંગલ કરું આરતી,*
*હરિ, ગુરુ સંતની સેવા.'*

ડૉ. અંબાશંકર નાગરે પ્રીતમની વાણીમાં કબીરના સિદ્ધાંત તથા કવિની મૃદુતાને જોઈને દાદુની કોટિના સંત ગણ્યા છે. કબીરની જેમ પ્રીતમે પણ પંથનો વિરોધ કરીને ભક્તિને અપનાવી હતી. તે પંડિતો અને શાક્તોને નિંદે છે અને શ્વાનપુચ્છની ઉપમા આપે છે. 'સતનામ' તથા 'સત્પુરુષ' જેવા શબ્દોનો પ્રયોગ પ્રીતમની વાણીમાં વારંવાર જોવા મળે છે.

ગુજરાતી સાહિત્યમાં 'છોટમ્'ને અખાની જેમ જ્ઞાની કવિ ગણી લેવામાં આવ્યા છે. એમણે કબીર પરંપરિત રામભક્તિનો આશ્રય લીધો હતો. તેઓ માને છે કે ભક્તિથી જ મુક્તિ મળે છે. તેમના રામ દશરથપુત્ર નહીં પણ નિરાલંબ,

નિર્લેપ અને ગુણાતીત છે. ઈશ્વરનું મૂળરૂપ નિર્ગુણ છે તે ક્યારેક ગુણોને ધારણ કરે છે. એને કોઈ સમજી શકતું નથી, એવો એ 'બાજીગર' છે. સત્યની ઓળખ વિના યોગ, તપ, તીર્થ બધું વ્યર્થ છે. કબીરની આ પંક્તિઓ :

*હમ બાસી ઉસ દેશ કે, જહાં અગમ્યકા ખેલ,*
*દીપ જ જરે અગમ્યકા, બિન બાતી બિન તેલ-નો*

'છોટમ્'ની પંક્તિઓ :

*કોઈ દેખો રે આ ઘરનો ખેલ*
*જામેં દીપ જલે, બિન બાતી, બિન તેલ–*

પર સીધો પ્રભાવ દેખાય છે.

ગુજરાતી સાહિત્યના અનેક કવિઓની વાણી પર કબીરની વિચારધારા તથા કબીરની વાણીનો પ્રભાવ છે. ક્યારેક આ સંત કવિઓની વાણી કબીર સાહેબની વાણીના ભાવ, ભાષા અને વિચારોનું અનુસરણ કરે છે, તો ક્યારેક એમની પંક્તિઓ યથાવત્ સંતોની વાણીમાં સ્થાન લઈ લે છે. નરસિંહ, મીરાં, ધનરાજ, માંડણ જેવા સમકાલીન કવિઓ પર એ પ્રભાવ સહજ દેખાય છે. બીજી તરફ કબીર પછીના ગુજરાતી સાહિત્યના અનેક સંત કવિઓનો પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ કબીરસાહેબની પરંપરા સાથે રહ્યો છે. અખાની પરંપરામાં નરહરિ, બૂટો, ગોપાલ, વસ્તો, છોટમ્ જેવા કવિઓ પર એ પ્રભાવનાં દર્શન થાય છે, તો ધીરા ભગત, પ્રીતમદાસ રામકબીર સંપ્રદાય સાથે સંકળાયેલા લાગે છે. ગુજરાતમાં કબીર પરંપરાના સંતોએ હિન્દી અને ગુજરાતી ઉભય ભાષાઓમાં સંત સાહિત્યની રચના કરી છે. એટલું જ નહીં ગુજરાતી ભજન સંગ્રહોમાં પણ આ બધી રચનાઓ સંગૃહીત થઈને ગુજરાતના સામાન્ય જન સમુદાય સુધી પોતાની પહોંચ અને અસર ઊભી કરી શકી છે. આ બધાંને કારણે કબીરની અનેક સાખીઓ અને પદો ગુજરાતનાં જનજીવનમાં ગૂંજતાં રહ્યા છે.

(કબીરવાણી)

❑

# સત્યનામ : અંધ-સુ-દર્પણ વેદ પુરાણા

પૂજ્ય મહંતશ્રી જગદીશદાસજી શાસ્ત્રી સાહેબ
જામનગર

સદ્‌ગુરુ કબીરસાહેબની વાણીની જગતમાં જે પ્રસિદ્ધિ છે તેનું મૂળ, જન કલ્યાણ, સર્વાંગીની વિકાસ માટેની સ્પષ્ટ પ્રેરણા તથા અંધ-શ્રદ્ધા કુરિવાજો ઉપર કુઠારાઘાત માટે પ્રખરતા છે. કબીરસાહેબ જે પ્રમાણે લોકોને સમજાવે છે એનો એક સહજ સામાન્ય ઉદાહરણ લઈએ. કબીર બીજકમાં એક રમૈની છે.

*અંધ સુ દર્પણ વેદ પુરાણા, દર્વી કહાં મહારસ જાના*
*જસ ખર ચંદન લાહેદુ ભારા, પરિમલ વાસ ન જાનું ગમારા*
*કહે કબીર ખોજે આસમાના, વો ન મીલા જો ન જાય અભિમાના.*

બહુ સ્પષ્ટ રીતે કબીર સમજાવે છે, વેદ પુરાણશાસ્ત્રોમાં ભરેલું જ્ઞાન ગહન છે, ઊંડું છે પણ એ જ્ઞાન એવા લોકોના હાથમાં હોય, જે લોકો એ જ્ઞાનના અર્થનો અનર્થ કરતા હોય તો તે જ્ઞાન આંધળાના હાથમાં દર્પણ જેવું છે. અંધ-સુ દર્પણ વેદ પુરાણા, અંધ વ્યક્તિના હાથમાં દર્પણ હોય કે ન હોય એનો કંઈ જ અર્થ હોતો નથી. દર્પણ તો તેના માટે છે જેને આંખો છે. આંખો દ્વારા દર્પણમાં પોતાના પ્રતિબિંબને જોઈ શકે. એ જ રીતે વેદ અને શાસ્ત્રો પણ જ્ઞાનથી પરિપૂર્ણ છે, પણ એ જ્ઞાન એના માટે છે જે એનાથી સાર તત્ત્વ લઈ શકે.

આજના યુગને અનુરૂપ એક દાખલો જોઈએ. શાસ્ત્રોમાં ગૌ સેવાનું બહુ મોટું મહત્ત્વ વર્ણન કરવામાં આવ્યું છે. ગાયોની સેવા બહુ પુણ્યકારી છે અને વાત પણ સાચી છે. પણ જે રીતે શહેરમાં લોકો ગૌ સેવા કરે છે, અને એ માટે શહેરમાં પોતાના ઘરની સામે, મંદિર પાસે ગાયોને કાંઈ ખવડાવે છે, તથા ગૌ સેવા કરતા હોય તે શાસ્ત્ર માન્ય હોઈ શકે નહિ. કારણ કે ગૌ સેવાનો હેતુ તો ગાયોને સુખી કરવાનો હોય છે પણ શહેરમાં જે કોઈ વ્યક્તિ ગાયને કોઈ વસ્તુ ખવડાવતા હોય, તો ગાયો સાચી રીતે સુખી થતી નથી. કારણ શહેરમાં તો વાછરડાને ઘરે બાંધી માલિકોએ છોડી મૂકેલી ગાયો ફરતી હોય. કારણ એ જાણે કે ગાય શહેરમાં ફરશે અને શહેરના નાગરરિકો એ ગાયોને શ્રદ્ધાને કારણે ખવડાવશે અને લોકો ગૌ

સેવાનું પુણ્ય મેળવવા એને ખવડાવે. પણ કાયમ નહિ. એ ગાયો ભૂખી હોય ત્યારે રસ્તા ઉપર ફેંકેલો કચરો પણ ખાય.

આજના યુગમાં સામાન્ય રીતે લોકો કચરો પ્લાસ્ટિકની થેલીમાં ભરીને ફેંકે. એ પ્લાસ્ટિકની થેલીઓ પણ ગાયો ખાય. ગાયોના પેટમાં પ્લાસ્ટિકની થેલીઓ જાય તે કાંઈ ગાયોને પચતી નથી, પણ ગાયોને ડાયેરિયા થાય છે. ગાયોને બીમાર કરે છે. ગાયો દુ:ખી થાય છે.

લોકો એમ માને કે આપણે ગૌ સેવા કરીએ છીએ. અને શાસ્ત્રોએ આપણને ગૌ સેવા કરવા કહ્યું છે. આ રીતે ગૌ સેવા કરાતી હોય તો તે શાસ્ત્ર આજ્ઞાનું પાલન નથી પણ તેઓ જે શાસ્ત્ર વચનની દુહાઈ આપે છે એ શાસ્ત્ર વચન આંધળાના હાથમાં દર્પણ જેવું છે, કારણ એમાં એમને સત્ય શું છે એ દેખાતું નથી. સત્ય તો એ છે કે લોકો જે પણ શહેરમાં ગાયોને ખવડાવતાં હોય, એ ગૌ સેવા નથી કરતા પણ ગાયો પ્રત્યે અપરાધ કરે છે. કારણ તેઓ ગાયોને ખવડાવે છે એના કારણે ગાયો પાળનારા લોકો ગાયોને છૂટી મૂકે છે. ગાયો શેરીમાં ફરી કચરો પણ ખાય તથા લોકોએ નાખેલું એઠુંજૂઠું પણ ખાય, અને દુ:ખી થાય. શહેરમાં ફરતી ગાયોના છાણના પોદળા કોઈ દિવસ ઠોસ જેવા મળતા નથી. એ પાણી જેવા પાતળા જ હોય છે, કારણ એ બધી ગાયોને ડાયોરિયા હોય છે.

બધાએ વિચારવાનું એ કે, ગાયોને પાળનારા લોકો ગાયોને જ છૂટી મૂકે છે. કોઈ દિવસ ભેંસને છૂટી મૂકતાં નથી, કારણ આપણે ભેંસને ખવડાવતા નથી. આપણા શાસ્ત્રમાં ભેંસને પૂજ્ય માનવામાં આવી નથી, એટલે કોઈ દિવસ શહેરમાં ભેંસો ફરતી જોવા મળતી નથી. ગાયોને આપણે પૂજ્ય માનીએ અને ગાયોને આપણે ખવડાવીએ. પણ પરિણામ શું થયું. ગાયો દુ:ખી થઈ, તો એક રીતે જોઈએ તો એ ગાયોને દુ:ખી કરવામાં આપણે સહાયક બનીએ. ગૌ સેવા કરવામાં સહાયક થતાં નથી.

સાચી રીતે ગૌ સેવા કરવી હોય તો એ કેવી રીતે કરવી ? જ્યાં ગાયોની સાચી સેવા થતી હોય, ત્યાં જઈને પોતાની સેવા અર્પિત કરવી જોઈએ. શહેરમાં આ રીતે ગાયોને ખવડાવવું એ દુષણ છે અને લોકોએ એ દુષણ પ્રત્યે જાગૃત થઈને આ દુષણમાંથી બહાર આવવું જોઈએ. બધા જ લોકો જ્યારે શહેરમાં ગાયોને ખવડાવવાનું બંધ કરશે તો એની મેળે આ ગાયોને પાળનારા, સ્વાર્થી લોકો ગાયોને છૂટી મૂકવાનું બંધ કરી દેશે અને એના દ્વારા ગાયો સુખી થશે. કારણ તેઓ સાચવીને ગાયોને ખવડાવશે, જેવી રીતે ભેંસોને સાચવીને ખવડાવે છે. શાસ્ત્રો આપણને કહે છે, તમારે ગૌ સેવા કરવી. પણ આપણે જ્યારે એનો સમજણપૂર્વક

ઉપયોગ ન કરીએ તો એ શાસ્ત્ર આપણા માટે આંધળાના હાથમાં દર્પણ જેવું થાય.

એટલે કબીરસાહેબ કહે છે. અંધ-સુ દર્પણ વેદ પુરાણા, વેદ અને પુરાણોમાં જ્ઞાન છે. એ જ્ઞાન યોગ્ય છે પણ એ જ્ઞાન નાસમજુના હાથમાં આવે તો આંધળાના હાથમાં દર્પણ જેવું બની જાય છે. એટલે જાગૃત વ્યક્તિએ સમજી વિચારીને વિવેકપૂર્વક આચરણ કરવું જોઈએ.

આગળ કબીરસાહેબ સમજાવે છે : 'દર્વી કહાં મહારસ જાના' કોઈ વ્યક્તિ રસોઈ કરતો હોય અને સરસમાં સરસ વાનગી તૈયાર કરતો હોય, એ વાનગીમાં હલાવવા માટે ચમચો વપરાતો હોય એ ચમચાને કોઈ દિવસ પણ વાનગીના સ્વાદની ખબર પડતી નથી. ગમે તે પ્રકારનો ચમચો હોય, કળછો હોય એને વાનગીના સ્વાદની ખબર પડતી નથી. વાનગીના સ્વાદનો સાચો અનુભવ તો ખાનારને થાય છે. ખાનારો જાગૃત છે. એ વાનગીનો સ્વાદ જાણી શકે. એવી રીતે વેદ પુરાણ શાસ્ત્ર પણ જાગૃત થઈને સમજે એને અર્થ સમજાય. એટલે કબીરસાહેબ કહે છે વેદ પુરાણ વ્યર્થ નથી પણ અજ્ઞાનીના માટે આંધળાના હાથમાં દર્પણ જેવા છે.

*અંધ-સુ દર્પણ વેદ પુરાના, દર્વી કહાં મહારસ જાના,*
*જશ ખર ચંદન લાદ્યો ભારા, પરિમલ વાસન જાન ગમારા.*

ગધેડા ઉપર ચંદનના સુગંધ યુક્ત લાકડાનો ભાર મૂકીને લઈ જવાતો હોય તોપણ ગધેડાને કોઈ દિવસ ચંદનના સુગંધની ખબર પડે નહિ. એને માટે તો એ ચંદન પણ પીઠ ઉપરનો ભાર-બોજ છે. આપણા માટે એ સુખડનું લાકડું સુગંધીદાર છે. કીમતી છે. મહત્ત્વપૂર્ણ છે, પણ ગધેડા માટે નથી. એવી રીતે કોઈ અજ્ઞાની વ્યક્તિ પણ શાસ્ત્રનો પાઠ કરે, શાસ્ત્રને વાંચે, તોપણ એ વાચિક જ્ઞાનથી પરિપૂર્ણ ગધેડા જેવો છે. તો એને માટે શાસ્ત્ર માત્ર મસ્તક ઉપરના ભાર જેવો થાય. એને એનો કોઈ દિવસ પણ સાચો લાભ થાય નહિ.

શાસ્ત્ર જ્ઞાન જાગૃત, વિવેકી વ્યક્તિ માટે લાભદાયક થાય છે. કબીરસાહેબ આ સમજાવે છે, એમાં આ વાત ખાસ કરીને બધાએ જાણવાની છે કે માનવીના જીવનમાં અજ્ઞાનની નિવૃત્તિ હોવી જોઈએ અને વિવેકની સમૃદ્ધિ હોવી જોઈએ. ખરા શબ્દનો અર્થ છે ગધેડો. જસ ખર ચંદન લાંદ્યો ભારા, પરિમલ અર્થાત્ સુગંધ. સુગંધ સુંદર છે. એ સુગંધનો અનુભવ ખરને થાય નહિ. માનવીના જીવનમાં સુગંધી લેવાની વૃત્તિ હોવી જોઈએ. અને સુગંધ લેવાની વૃત્તિ કોને થાય ? જે સુગંધને જાણી શકતા હોય, માણી શકતા હોય. એવી રીતે શાસ્ત્રની અંદર પણ

જે જ્ઞાન છે એ જ્ઞાન એને માટે લાભદાયક છે. જેને ગુરુ મુખેથી એ શાસ્ત્રનું શ્રવણ કર્યું હોય. એ જ્ઞાનને પોતાના જીવનમાં ઉતારવાની કોશિશ કરી હોય એ વ્યક્તિને માટે શાસ્ત્ર દર્પણ જેવું હોય. નિજ સ્વરૂપનો અનુભવ કરાવનાર બની શકે છે. નહિ તો આંધળાના હાથમાં દર્પણ જેવું બને. એટલે ખાસ કબીરસાહેબ કહે છે કે, આપણે તે તત્ત્વને જાણવું છે. જે તત્ત્વબોધ આપણને દૃષ્ટિ આપે.

શાસ્ત્રો દ્વારા તત્ત્વ સમજવું હોય તોપણ એ શાસ્ત્રને કોઈ સંત ગુરુના મુખેથી સાંભળવું જોઈએ. એનું એક બીજું કારણ છે વેદ શાસ્ત્રો જ્ઞાનના ભંડાર છે એમાં કોઈ શંકાને સ્થાન નથી. પણ એ જ્ઞાન સીધેસીધું મળી શકે એમ નથી. જેવી રીતે સમુદ્રમાં જલ છે. સમુદ્ર જલનો અથાગ સંગ્રહ છે. પણ એ સમુદ્રનું જલ સીધેસીધું પીવાય નહિ. પણ એ જ જલ જ્યારે વાદળાંઓ બનીને વર્ષે અને વાદળાંઓ દ્વારા જમીન ઉપર આવેલું જલ નદી, તળાવ, ઝરણા દ્વારા આવે ત્યારે એ જલ પેય બને. વાદળાંઓએ એ જલ સમુદ્રમાંથી જ લીધું પણ ગાદળાંઓએ જલ સમુદ્રમાંથી લઈને પહાડ ઉપર જઈ વરસાદ કરી પહાડમાંથી ઝરણું બન્યું ને એ જલ મીઠું બન્યું ત્યારે એ પી શકાય. સંત સદ્‌ગુરુ એ જ કાર્ય કરતાં હોય એ શાસ્ત્રોમાંથી વેદોમાંથી જે ક્ષાર જલ ગ્રહણ કરે અને વાદળાંઓ બનીને વર્ષે અને જ્યારે વાદળાંઓ બનીને મધુર જ્ઞાન જલ વર્ષાવે. ગ્રહણ કરવા યોગ્ય બનાવી એ આપણા સુધી પહોંચાડે. સંત સદ્‌ગુરુ મુખેથી એ જ જ્ઞાન જ્યારે આપણા કાન દ્વારા હૃદયમાં પ્રવેશ કરી સંતુષ્ટી તૃપ્તિ આપી શકે છે.

કબીરસાહેબ આપણને સમજાવી રહ્યા છે. જ્ઞાન સદગુરુ મુખેથી આવે તો જ એ સાર્થક બને.

*કહે કબીર ખોજે આસમાના, વો ન મીલા, જો ન જાય અભિમાના.*

કબીરસાહેબ કહે છે કે, તમે જેની આસમાનમાં ખોજ કરો છો, આસમાનમાં ગોતી રહ્યા છો એ તમને મળશે નહીં. મુસલમાન કહે ખુદા સાતમા આસમાનમાં રહે છે. એને ગોતવા હોય તો સાતમા આસમાનમાં જવું પડે. પણ કબીરસાહેબ કહે છે ત્યાં પણ એ મળે નહિ.

કહે કબીર ખોજે આસમાના, વો ન મીલા, એ નહિ મળે ? ક્યાં સુધી નહિ મળે ! જો ન જાય અભિમાના. માનવીનો જ્યાં સુધી અભિમાનનો નાશ નથી થતો ત્યાં સુધી જેને તમે આસમાનમાં ગોતો છો એ ક્યારેય મળવાના નથી. અભિમાનનો ત્યાગ કરીને જ મેળવી શકાય, અહંકારને કારણે જ માનવીને એ પરમ તત્ત્વની ઉપલબ્ધિ થતી નથી, અહંકારનો ત્યાગ એ પરમ તત્ત્વના માર્ગે

ચઢવાનું પહેલું પગથિયું છે. અહંકારના ત્યાગ વગર આપણે ભક્તિના માર્ગ ઉપર ચઢી નહિ શકીએ, કબીરસાહેબની વાણીમાં બહુ સ્પષ્ટ કહેવામાં આવે છે.

*લેને કો હરિનામ હૈ, દેને કો અન્નદાન,*
*તરને કો આધીનતા, ડુબનકો અભિમાન.*

સદ્‌ગુરુ કબીરસાહેબ કહે છે, લેવું હોય તો પરમાત્માનું નામ લો. આપવું હોય તો ભૂખ્યાને કંઈક આપવું, અન્નદાન કરવું, ભવસાગર તરી જવું હોય તો આધીનતા અર્થાત્ નમ્રતા, કારણ આધીનતા વગર ભક્તિ બની શકે નહિ. સેવા તો આધિનતા વગર થાય જ નહિ, સેવક તો આધીન બનીને જ સેવા કરી શકે. નમ્ર બનીને જ સેવા થાય, ઉદ્ધત બનીને સેવા થાય નહિ, અને ભક્તિ નમ્રતા વગર બનતી નથી એટલે ભવસાગર પાર કરવું હોય તો એને માટે ભક્તિ આધીનતાનું માધ્યમ છે તેને અપનાવવું.

ભવસાગરમાં ડૂબી જવું હોય તો સરળ છે. અભિમાની બનો ! કારણ અભિમાનીનો ઉદ્ધાર થતો નથી.

*અભિમાની કુંજર ભયા, જિન સિર લીન્હા ભાર,*
*તાકો જમરા કૂટહી, જસ લહા ઘડહિ લુહાર.*

માટે અભિમાનનો ત્યાગ અને નમ્રતા ધારણ કરવી. નમ્રતાના તો ઘણા ફાયદા, ઘણા લાભ. આપણી કહેવત છે નમે તે સહુને ગમે. જે નમ્ર વ્યક્તિ હોય તે બધાને ગમે છે. જે કોઈને નમે નહિ તે કોઈને ગમે નહિ માટે નમ્રતા ખાસ માનવીના જીવનમાં હોવી જોઈએ.

ચીન દેશમાં કન્ફ્યુસિયસ નામના એક બહુ મોટા દાર્શનિક થયા. એના જીવનનો એક પ્રસંગ છે. તેઓ નેવું વર્ષની ઉંમરમાં પણ શરીરથી તંદુરસ્ત હતા. એક દિવસ એક યુવાન એમને મળવા પહોંચી ગયો. એ યુવાને એમના તંદુરસ્ત લાંબા જીવનનો ભેદ જાણવા માટે પ્રશ્ન કર્યો. આપની આવી તંદુરસ્તીનું રહસ્ય શું ? કન્ફ્યુસિયસે એ યુવાનને પોતાની નજીક બોલાવ્યો. પોતાનું મોઢું ખોલીને કહ્યું, 'મારા મોઢામાં જુઓ,' એ વ્યક્તિને મુખમાં શું જોવાનું એની સમજ પડતી નથી.

કન્ફ્યુસિયસે કહ્યું. 'મારા મોઢામાં દાંત છે ?' એ વ્યક્તિએ જોયું તો એક પણ દાંત ન હતો. નેવું વર્ષની ઉંમર થયેલી એટલે દાંત પડી ગયેલા. એ યુગમાં નકલી દાંત બેસાડવાની શોધખોળ ન હતી. એ વ્યક્તિએ કહ્યું 'આપના મોઢામાં તો એક પણ દાંત નથી.' કન્ફ્યુસિયસે કહ્યું : 'અંદર જીભ છે કે નહિ ?' યુવક કહે 'જીભ તો છે.' કન્ફ્યુસિયસે સામો પ્રશ્ન કર્યો, 'ભાઈ આ જીભ તો જન્મતાંની

સાથે જ છે, અને દાંત તો પાછળથી આવ્યા હતા. જે પાછળથી આવ્યા, એ પહેલા ગયા અને જે પહેલાથી હતી તે હજી છે. આવું કેમ બન્યું ?' યુવક જવાબ ન આપી શક્યો. તેણે કહ્યું, 'ગુરુદેવ, મને કાંઈ સમજાતું નથી શું કામ આવું બન્યું. આપ જ સમજાવો.' ત્યારે કન્ફ્યુસિયસે કહ્યું, 'દાંત કઠણ છે, જે કાંઈ એના સંપર્કમાં આવે તેને તોડવાની કોશિષ કરે છે. જે બીજાને તોડવાની કોશિષ કરતા હોય છે તે પોતે જ તૂટી જાય છે. જીભ લવચીક છે. જીભ નમે છે, વળે છે, એની અંદર નમવાની ક્ષમતા હોય છે. જે વળી જાય છે એ લાંબું જીવે છે.'

માનવીના જીવનમાં નમ્રતા એ જરૂરી છે. શરીરની અંદર પણ એવી સ્થિતિ હોવી જોઈએ. શરીર પણ નમવું જોઈએ. અકડાવું ન જોઈએ, કઠણ ન હોવું જોઈએ. કારણ જે કઠણ થાય તે કઠનાઈ પેદા કરે છે. એટલે જ કહ્યું : 'તરને કો આધિનતા.' તરી જવું હોય તો નમ્રતા હોવી જોઈએ. ડૂબી જવું હોય તો અભિમાન, ઘમંડ. હું શ્રેષ્ઠ છું, મારા જેવું બીજું કોઈ નથી. જેવી રીતે ભગવાન કૃષ્ણ કહે છે કે, તમોગુણી વ્યક્તિ એમ માને કે, 'મારા જેવો શક્તિમાન કોણ ?' 'આઢ્યોભિજનવાનસ્મિ કોન્યોસ્તિ સદૃસ્યો મયા'

મારા જેવો બીજો કોણ ? હું જ સહુથી મોટો ! એવું જે ગણે એને અહંકાર તોડી નાખે. એટલે માનવીએ અહંકારનો ત્યાગ કરવો. 'કહે કબીર ખોજે આસમાના, જો ન મિલા જો જાય અભિમાના' જ્યાં સુધી અભિમાન ન જાય, ત્યાં સુધી એનું દર્શન પણ સંભવ નથી. એને મેળવવો હોય, જાણવો હોય તો અભિમાનનો ત્યાગ તો કરવો જ પડે. મહાત્માઓ અભિમાનીની દુર્દશા કેવી થાય તે સમજાવે.

એક સૂફી સંત બકરાનું ઉદાહરણ આપે. બકરો જ્યારે મોઢામાંથી શબ્દ કાઢે, ત્યારે એના મોઢામાંથી મેં મેં શબ્દ નીકળે, અને મેં શબ્દનો અર્થ આપણા ગુજરાતીમાં હું થાય અને હિન્દીમાં મેં કહેવાય. બકરો જ્યારે મેં મેં કરે એનો અર્થ હું. હું પણ એનો આધાર લઈને આ સૂફી સંત કવિતા લખે છે :

*ફખ્ર બકરેને કિયા મૈં હી મૈં હુ મેરે સિવા કોઈ નહિ.*
*મૈં હી મૈં હી હું ઇસ જહાંમેં દુસરા કોઈ નહિ.*
*જબ બહુત મૈં મૈં ના તર્ક કી ઉસ માયા કે અસ્સાબને,*
*તો જલકે ગરદન પે છુરી ફેર દી કસ્સાબને.*

'ગોશ્ત હડ્ડી ઔર ચમડા જો થા જિસ્મે જારમેં, કુછ પકા કુછ પિસા કુછ લુટ ગયા બજારમેં. રહ ગઈ આંતે ફક્ત મૈં મૈં સુનાને કે લિએ, લે ગયા નદાફ ઉસે ધુનકી બનાને કે લિએ. જર્બ સોંટેકી પડી તબ તાંત ઘબરાને લગી ફિર મૈં કે બદલે તૂં-તૂં અવાજ આને લગી.'

સંત ગઝલમાં સુંદર રીતે કહે: બકરો જ્યારે બોલે ત્યારે મૈં મૈં સિવાય બીજું કંઈ બોલે નહિ. અર્થ એવો કે મારા સિવાય બીજો કોઈ નથી. અને પરિણામ શું થાય ? મૈં મૈં કરનારને કસાઈ પકડીને લઈ જાય. એના ગળા ઉપર છૂરી ફેરવે. એના શરીરમાંથી ચામડું જુદું કરે. હાડકાં જુદા કાઢે. માંસ જુદું કાઢે. હાડકા લઈ જનારા હાડકા લઈ જાય. માંસના કટકા-કટકા થાય, માંસ લઈ જનારા માંસ લઈ જાય. ચામડા વાપરનારા ચામડા લઈ ગયા. છેલ્લે એક વસ્તુ રહી, એ બકરાના આંતરડા. એ આંતરડાને પિંજારો લઈ જાય. એ પિંજારો એ આંતરડામાંથી તાંત બનાવે, દોરી બનાવે. એ આંતરડામાંથી બનેલી દોરી એકદમ ચીકણી હોય, ચીકણી દોરીમાં રૂ ચોંટે નહીં. રૂને પિંજવાના સાધનમાં એ દોરી વપરાય. ધણુકલીમાં એ દોરી બાંધે. એ દોરી-તાંત ઉપર જ્યારે સોટાની લાકડાની જર્બ ચોંટ પડે તો એ દોરીમાં કંપન થાય અને દોરીમાંથી અવાજ નીકળે. તૂં તૂં જે બકરો પહેલા બોલતો હતો મૈં મૈં બોલે છે. તૂં તૂં, પણ ક્યારે ? જ્યારે એ કપાયો, લૂંટાયો, ઘસાયો, એની ખાલ છોલવામાં આવી અને આંતરડા પણ ખેંચવામાં આવ્યા, ત્યારે મૈં પણ ગયું ને તૂં તૂં પણ આવ્યું. કબીરસાહેબ કહે છે:

*તૂં તૂં કરતા તૂં ભયા, મુઝ મેં રહી ન હું;*
*વારી ફેરી બલી ગઈ જીત, જીત દેખું તીત તૂં.*

જ્યારે અભિમાન ગયું, હવે તો જ્યાં જઉં ત્યાં તું જ છે. બધું આવાગમન મટી ગયું.

*લાલી મેરે લાલકી જીત દેખું તિત લાલ,*
*લાલી દેખત મૈં ગઈ, મૈં ભી હો ગઈ લાલ.*

જ્યારે અહંકાર મટી ગયો ત્યારે સર્વત્ર સત્યનો સાક્ષાત્કાર થાય છે. એટલે કબીરસાહેબ કહે છે:

*કહે કબીર ખોજે આસમાના એ ન મીલા જો ન જાય અભિમાના.*

અભિમાન ન જાય ત્યાં સુધી મળે નહિ. સૌથી પહેલાં ત્યાગવા જેવી કોઈ વસ્તુ હોય તો એ અભિમાન છે.

એક વખત શુકદેવ મુનિ રાજા જનકને ત્યાં જ્ઞાન મેળવવા શિષ્ય ભાવે પધાર્યા. રાજા જનક શુકદેવને કહે, 'તમે મારી પાસે જ્ઞાન લેવા આવ્યા છો. મારી પાસે જે બ્રહ્મજ્ઞાન છે એ બ્રહ્મજ્ઞાન હું તમને આપું એ પહેલા મારે તમારી પાસેથી

ગુરુદક્ષિણા જોઈએ. કારણ, આ બ્રહ્મજ્ઞાન મેળવી લીધા પછી તો તમને એમ થશે, તમો છો તે હું છું, ને હું છું તે તમો છો. હું અને તમે એક. એટલે ગુરુદક્ષિણા કોણ કોને આપે. એટલે પહેલા મને ગુરુદક્ષિણા આપો પછી મારી પાસેથી જ્ઞાન લો.'

શુકદેવજીએ કહ્યું, 'ભલે માંગો, મારાથી જે બની શકે તે ગુરુદક્ષિણા હું આપીશ.'

જનકજીએ કહ્યું, 'મારે તમારી પાસેથી ગુરુદક્ષિણામાં સંસારમાં જે સૌથી નકામી વસ્તુ હોય તે જોઈએ.'

શુકદેવજી વિચારવા લાગ્યા, આ જગતમાં નકામામાં નકામી વસ્તુ કઈ ? એમને લાગ્યું કે આ જે કચરો છે તે નકામો. થોડો કચરો લઈને ગયા. જનકજીએ કહ્યું, 'આ તો નકામું નથી. આ કચરો તો ઘણો કામમાં આવે. આ કચરામાંથી ઘણી વસ્તુઓ બને.' એવી રીતે જુદી જુદી વસ્તુઓ લેતા ગયા. અને છેલ્લે વિષ્ટા લઈને ગયા. પણ જનકજીએ કહ્યું, 'વિષ્ટા પણ નકામી નથી, કારણ એ વિષ્ટા પણ ઝાડના ખાતરરૂપે કામ આવે જ છે, એટલે એ પણ નકામી નથી. ત્યારે નકામું શું ?' શુકદેવજી વિચારવા લાગ્યા. ત્યારે છેલ્લે એમના અંતરમાં જ્ઞાનનો પ્રકાશ થયો. એમણે પોતાનું માથું નમાવ્યું, 'ગુરુદેવ, અત્યાર સુધી હું માનતો હતો કે મને કંઈ જ્ઞાન છે, પણ હવે ખબર પડી કે મને કંઈ જ જ્ઞાન નથી. આજ સુધી હું માનતો હતો કે હું કંઈ છું. મારું જે હુંપણું છે તે સૌથી નકામું. એ હુંપણું અભિમાન આપને સમર્પિત કરું છું. એમનું હુંપણું ગુરુદક્ષિણારૂપે લઈને જનકજી પ્રસન્ન થયા. પછી એમને બ્રહ્મજ્ઞાન આપ્યું. કારણ અહંકાર જ્યાં હોય ત્યાં જ્ઞાન ન ટકે.

કબીરસાહેબ કહે છે, **'વો ન મિલા જો ન જાય અભિમાના'** 'જ્યાં સુધી અભિમાન ન જાય ત્યાં સુધી કંઈ મલે નહિ.' **'કહે કબીર ખોજે આસમાના'** ભલે ગમે તે એને આસમાનમાં ગોતતાં ફરતાં હોય પણ એને પ્રાપ્ત કરી શકે નહિ. જ્યાં સુધી અંતરમાંથી અભિમાનનો ત્યાગ કર્યો નથી. ત્યાગવા જેવું જગતમાં જે હોય તે સૌથી પહેલા અભિમાનનો ત્યાગ કરવાનો. ઘમંડનો ત્યાગ કરીને વિનમ્ર બની જવું. અંગ્રેજીમાં બાઇબલનું વચન છે. 'Blessed are he meek they well inherit the kingdom of the heaven.'

ધન્ય છે જે વિનમ્ર છે તે જ પરમાત્માના દરબારમાં પ્રવેશ કરશે. અહંકારીને ત્યાં પ્રવેશ નથી એટલે જ કબીરસાહેબ કહે છે, 'વો ન મીલા જો ન જાય અભિમાના' અભિમાન જાય નહિ ત્યાં સુધી એને તત્ત્વ બોધ મળે નહિ. અને એટલા માટે આ ઉપદેશ છે.

(કબીરવાણી – જાન્યુઆરી '૦૩)

❑

# સાંપ્રત સમયસંદર્ભમાં સવિશેષ સુસંગત એવો કબીરવાણી સેતુ

'કબીર' ક્ષિતિમોહન સેન
અનુવાદ : મોહનદાસ પટેલ

'કબીર' નામના ગ્રંથમાં બંગાળી વિદ્વાન ક્ષિતિમોહન સેને કબીરની 'કબીરની મધુર રચનાવલી'નો સંચય રજૂ કર્યો છે. રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં 'શાંતિનિકેતન ગ્રંથમાલા'નું પ્રકાશન કરવામાં આવતું હતું. એ ગ્રંથમાલામાં કેટલાક ભારતીય સંતસાધકોની રચનાવલી સંચયો પ્રગટ કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. રવીન્દ્રનાથ પર પાશ્ચાત્ય રંગદર્શિવિ તાદનો પ્રભાવ હતો અને એમનો પ્રબળ પ્રતિભાશાળી પ્રાણ પણ જીવનદેવતાનો પૂજક અને જીવનરસનો ચાહક હતો. તેમ છતાંય ભારતીય સંતસાધના અને ભક્તિકાવ્ય ધારા પ્રત્યે એમના ચિત્તમાં અગાધ અને અંતઃનિહિત એવો પ્રેમ હતો. આથી જ કદાચ એમણે 'ભાનુસિંહની પદાવલી' કાવ્યસંચય પ્રકાશિત કર્યો. વર્ષો સુધી એ કાવ્યસંચય કોઈ મધ્યકાલીન અજ્ઞાત એવા ભાનુસિંહ નામના કાવ્યસંચય તરીકે ઓળખાયો (કોઈ જર્મન વિદ્વાને તો ભાનુસિંહ નામના કોઈ મધ્યકાલીન કવિ થઈ ગયા છે ને તેનો કાવ્યસંચય છે એવી ભૂમિકા સાથે શોધનિબંધ લખી પીએચ.ડી.ની પદવી પણ પ્રાપ્ત કરી લીધી હતી !) વર્ષો પછી એ વાત પ્રકાશમાં આવી કે આ મધ્યકાલીન ભક્તિભાવ પ્રધાન પદાવલીના રચયિતા ભાનુસિંહ તે બીજા કોઈ નહિ પણ રવીન્દ્રનાથ પોતે જ હતા ! ખેર, એ જરા જુદી વાત થઈ પણ રવીન્દ્રનાથે જ ક્ષિતિમોહન સેનને કબીર રચનાવલી સંપાદિત પ્રકાશિત કરવાની આગ્રહભરી પ્રેરણા આપી હતી.

ક્ષિતિમોહન સેન પોતાની બાલ્યાવસ્થામાં કાશીમાં અને અન્ય તીર્થોમાં ઘણા સાધકોનો પરિચય પામ્યા હતા. એ સાધકોમાંથી કેટલાકની પાસેથી કબીરની વિવિધ પ્રકારની ગંભીર 'વાણી' સાંભળવા પામ્યા હતા. એ પછી ક્ષિતિમોહન બાબુ કબીરના વચનો સંઘરવાનું કામ લઈ બેઠા હતા. આ કામ વધારે સારી રીતે થાય તે માટે ભારતમાં જે જે સ્થળેથી કબીરનાં વચનો મુદ્રિત થયાં છે. તે બધાં ભેગાં કર્યાં. સંપાદનની પ્રક્રિયા વિશે શ્રી ક્ષિતિમોહન સેન લખે છે કે 'જુદાજુદા પ્રકારના

પાઠોમાં જે પાઠ સંગત લાગ્યો અને સાધકોને પણ સંગત લાગ્યો છે. તે જ મેં ઉદ્ધૃત કર્યો છે. હવે એ કહેવાની જરૂર નથી, કે અમે ઘણા બધા ઉપદેશમાંથી પસંદ કરીને આ રચનાવલીનો સંગ્રહ કર્યો છે.'

પ્રસ્તુત ગ્રંથમાં ચાર ખંડ છે. ચારેય ખંડમાં સમાનપણે પરખ, ઉપદેશ, સાધના, તત્ત્વ અને પ્રેમ એમ પેટાખંડો છે. આ વિષય વિભાજન પણ જડબેસલાક કે દૃઢરેખા નથી. એમાં સ્વાભાવિક રીતે જ 'ઓવરલેપિંગ' એક વિષયની વાણીમાં બીજા વિષયની વાણીનો સમાવેશ ઓછેવત્તે અંશે પણ થઈ જતી જણાય છે. મેઘ ધનુષના બદલાતા રંગો વચ્ચે અત્યંત સ્પષ્ટ એવી સીમારેખા આંકવાનું મુશ્કેલ છે.

ચાર ખંડમાં પાંચ ભાગ છે. એ ગણતા 'પરખ'નો ૬૧, 'ઉપદેશ'ની ૬૫, 'સાધના'ની ૭૪, 'તત્ત્વ'ની ૭૭ અને 'પ્રેમ' વિશેની ૭૯ જેટલી રચનાઓ સંચિત થઈ છે.

કબીર રચનાવલીનો પ્રત્યક્ષ સંપર્ક કેળવીએ અને એનો મર્મ પામવાનો પ્રયત્ન કરીએ.

સત્યનો આગ્રહ કવિ કબીર સેવે છે, પણ જગતના લોકો તો ભ્રમમાં જ રાચે છે. 'મૂરતસે દુનિયા ફલ માંગે, અપને હાથ બનાયે. લોકોનાં ચિત્તમાં જરાય દયા નથી. હિંદુ-મુસલમાન બંને એક યા બીજા કારણે પ્રાણીનો વધ તો કરે જ છે. 'અહં સબનકો લાગી' સાધના ઓડ અહં મોટું વિઘ્ન છે. 'સાચા કો કોઈ ગ્રાહક નાહી, ઝૂઠે જગત ખોજે જી' એ કબીરસાહેબની ફરિયાદ છે. સત્ય પછી બીજા કોઈ તત્ત્વનો કબીરસાહેબે આગ્રહ સેવ્યો હોય તો તે પ્રેમ છે. આ પ્રેમ 'કામ'થી જુદી ઊંચી વસ્તુ છે. 'જો કે પ્રેમ ન આવત હિપે કાહ ભયે નર કાસી બસે સે' (પૃ. ૯) હૃદયમાં પ્રેમ ન હોય તો કાશીમાં વસવાટ કરવાથી શું થાય ? જ્યાં 'કામ બલવાન, તહં પ્રેમ કહં 'પાઈએ પ્રેમ, જહાં હોઈ તહં કામ નાહિ' (પૃ. ૧૭) 'પ્રેમ ગહૌ નિરભય રહો' એવું કબીરસાહેબ કહે છે. 'જ્ઞાન વૈરાગ્ય પ્રેમ મન રાખો કહૈ' કબીરા દિલકી (પૃ. ૨૦) પ્રભુ પ્રાપ્તિ માટે કે સાધના કરવા માટે ઘર છોડી વનમાં જવું જરૂરી નથી. 'ઘર જ વસવાટ, ઘર જ બ્રહ્મ વસ્તુ. ઘર જ તે વસ્તુને મેળવી આપે છે. બરાબર જેવા છો તેવા જ સ્થિર રહો. બધું જ મળી રહેશે.' (પૃ. ૨૯-૩૦) 'સહેજે રહે સહજ મેં/ના કહુ આવૈ ન જાવૈ; (પૃ. ૩૨) હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને એવી પંક્તિનું સ્મરણ થાય તેમ કબીર કહે છે. 'કહૈ કબીર પ્રેમકા મારગ/સિર દેના તો રોના ક્યારે!' (પૃ. ૩૩) કબીર સત્ય વચન કથન માટે 'વિરોધ'નો આશ્રય કરે છે. 'પાની બિચ મીન પિયાસી/મોહિ સુનસુન આવત હાંસી' આ વિરોધના આશ્ચર્યથી

વચનમાં ચમત્કૃતિ અને પ્રભાવકતા સિદ્ધ થાય છે.

કબીરની પ્રેમ વિષયક જે વાણી છે તેમાં જે આરત અને માધુર્ય છે તેનો પરિચય કેળવવા જેવો છે. 'પ્રેમરસનો જો આસ્વાદ ન કર્યો હોય તો પછી પવિત્ર થયા છો તેનો શો અર્થ? (પૃ. ૪૯) બાહ્ય આચારનું મિથ્યાત્વ એમણે વારંવાર અનેક રીતે ગાયું છે. ચાતક સ્વાતિબિંદુ માટે, મૃગ સંગીત માટે કષ્ટ વેઠે છે તેમ પ્રભુ અર્થે સહન કરવું અનિવાર્ય છે. (પૃ. ૫૧) 'પ્રેમ જ્યારે સીમાનો ત્યાગ કરે છે, ત્યારે તે સત્ય લોકની સીમામાં આવે છે.' કબીર કહે છે : 'આ ઉગા ન જાઉગા ન જાઉંગા મરુંગા ન જાઉગા/સાંઈકે સાય અમીરસ પિઊંગા' (પૃ. ૬૩) જે કાશી જાય છે ને મક્કા જાય છે તે બંનેનાં ગળે (બાહ્યાચારના ) ફાંસો જ પડ્યો છે. ખરી વાત તો એ છે કે 'સાહબ હમ મેં સાહબ તુમ મેં/જૈસે પ્રાણ બીજ મેં/મતકર ગુમાન દિલ મેં; ખોજ દેખલે તનમે.' (પૃ. ૯૮)

કબીરની પ્રેમ વિષયક રચનાવલીમાં નરી આવત છે. ઝંખના છે. વિરહની વેદના છે. મસ્તી છે. વેદનાનું ગૌરવ છે. 'મન મસ્ત હુઆ તબ ક્યોં બોલે' (પ્રેમની પ્રાપ્તિ બાદનું મૌન પણ છે. હોળી રમવાનો રંગાઈ જવાનો આનંદ પણ છે. પ્રેમ એક દૃષ્ટિ આપે છે, પણ કામ (વાસના) અને કર્મકાંડ તો અંધ બનાવે છે. કવિ વારંવાર કહે છે, 'અંધકો અંધા મિલા, રાહ બતાવે કૌન' (પૃ. ૧૨૦) કોઈ કોઈ વાર સાવ વ્યવહારુ શાણપણ કવિ શીખે છે. 'જેની જીભ નથી સંયમિત, જેના હૃદયમાં નથી સત્ય તેની સાથે મળવું પણ નહિ, કારણ માર્ગમાં તે કરે છે સર્વનાશ.' (પૃ. ૧૨૫)

કબીરની વાણી એ અંતઃસ્ફુરણાનું બળ દાખવનારી વાણી છે. એમાં બુદ્ધિનું પ્રખર તેજ ક્યારેક ક્યારેક અનોખી આત્મા સર્જે છે તો હૃદયની આર્દ્રતા પણ માધુર્ય અને સ્નિગ્ધતા પ્રસારી રહે છે. કબીરવાણીમાં જેટલી સમસામયિકતા છે તેટલી જ શાશ્વતતા પણ છે. એટલે કે એ એમના સમય સંદર્ભે જેટલી સચોટ હતી તેટલી જ 'સાચી' એ આજે પણ છે અને આવતી કાલે પણ હશે. આ વાણીમાં જેટલી મનની મસ્તી છે તેટલું જ વ્યવહારનું શાણપણ છે.

કબીર જ્યાં જ્યાં સંબોધન ઉદ્‌બોધન પ્રયોજે છે ત્યાં એક પ્રકારની નાસાગ્રતા છે અને એમાં એક પ્રકારની નાટ્યાત્મકતા પણ છે. કબીરસાહેબ ક્યારેક જાણે આપણા ચહેરા પર દૃષ્ટિ ઠેરવી કહે છે તો ક્યારેક આપણા ખભા પર હાથ મૂકી બોલતા અનુભવાય છે. ક્યારેક સાથે સાથે ચાલતાં સ્વગતોક્તિ કરતા લાગે છે. ક્યારેક એ હૃદય સરસા આત્મીય લાગે છે તો ક્યારેક જોજન દૂર ઊભા કડક નક્કર આદેશ આપતા લાગે છે.

કબીરની વાણી ક્ષિતિમોહન સેને બંગાળીમાં કરેલો અનુવાદ રવીન્દ્રનાથે ઝીણવટપૂર્વક વાંચ્યો હતો. અહીં આ ગ્રંથમાં મોહનદાસે કરેલો ગુજરાતી અનુવાદ મૂળના મર્મને જાળવનારો છતાં સુવાચ્ય, સ્વચ્છ અને અર્થસભર છે. કબીરવાણીમાં ગેયતાનું તત્ત્વ છે એ ગેયતા અત્યાનુપ્રાસ આધારિત છે. જે માધુર્ય સ્વાભાવિક રીતે જ ગદ્યાનુવાદમાં અપેક્ષિત નથી. મોહનદાસ પટેલે નિજાનંદ કરેલ અનુવાદથી ગુજરાતી ભાષી પ્રજાને કબીરનો પુનઃ નવપરિચય સાંપડશે. એમાં આ પ્રકાશની સાર્થકતા છે તેથી એ આવકાર્ય અને અભિનંદન તથા વંદન પાત્ર છે.

## સાંપ્રત સમયમાં આપદધર્મ સાહિત્ય દ્વારા સંવાદિતાની શોધ

ભારતમાં જેટલું પ્રાકૃતિક વૈવિધ્ય છે એટલું જ સાંસ્કૃતિક વૈવિધ્ય પણ છે. હિંદુ, ઇસ્લામી, ખ્રિસ્તી, જૈન, બૌદ્ધ, જરથોસ્તી અને શીખ જેટલા મુખ્ય ધર્મો છે. એ દરેક ધર્મોમાં અસંખ્ય સંપ્રદાયો છે. એ સંપ્રદાયોમાં નાના મોટા 'ગુરુઓ' છે. દરેક ધર્મનું વિપુલ સાહિત્ય છે. ૨૫ જેટલાં રાજ્યો છે. ૨૨ જેટલી ભાષાઓ છે. એટલે ૨૨ જેટલી સાંસ્કૃતિક જીવન મૂલ્યોની પરંપરાઓ છે. એ ભાષાના ભાષકોને પોતાની જીવનરીતિ અને પોતીકી ઓળખ છે. સૌને પોતપોતાના જન્મ, લગ્ન અને મરણ જેવા મહત્ત્વના પ્રસંગોને લગતા ક્રિયાકાંડો છે. ૨૨ જેટલી ભાષાઓમાં રચાતું સાહિત્ય છે. એ ભાષાના ભાષકોને પોતાનું લોક સાહિત્ય છે. લોકકલાની પરંપરાઓ છે. જો માણસે ટકી રહેવું હોય તો એને માટે પ્રકૃતિને વશ થઈ રહેવાનું અનિવાર્ય બની રહે છે. પ્રાકૃતિક વૈવિધ્યને ટાળવું એ માણસના હાથની વાત નથી, પણ સાંસ્કૃતિક વૈવિધ્યમાં પોતાની સાંસ્કૃતિક પરંપરાઓ પરત્વેનું મમત્વ તો એ પ્રયત્નપૂર્વક કેળવે છે. એને વળગી રહે છે. એને જ પોતાની ઓળખ બતાવી રહે છે.

કોઈ પણ દેશને માટે આ પ્રકારનું સાંસ્કૃતિક વૈવિધ્ય પોતે જ એક ભવ્ય અને ગૌરવ લેવા જેવી વસ્તુ બની રહે છે.

કવિ, ચિંતકો અને રાષ્ટ્રહિત પ્રેમી તથા સંસ્કૃતિદ્રષ્ટાઓ સતત એવું માનતા આવ્યા છે કે ભારતના આ બાહ્યરૂપે દેખાતા અપાર સાંસ્કૃતિક વૈવિધ્યમાં અંતર્ગત એવી એક મૂલગત સપાટી નીચેની એકતા પણ છે. વિન્સેટ સ્મિથ કહે છે : 'ભારત વર્ષમાં ઊંડી તલસ્પર્શી મૂલગત સપાટી નીચેની એકતા છે.'

એ વિશે લવલેશ શંકાને સ્થાન નથી. એ એકતા તે ભૌગોલિક પૃથકત્વ અથવા રાજકીય વર્ચસ્વ બેમાંથી એકે વડે પેદા થતી એકતાના કરતાં ઘણી વધારે ઊંડી છે. એ એકતા લોહી, રંગ, ભાષા, પોશાક, રીતભાત ને સંપ્રદાયની અસંખ્ય

ભિન્નતાઓને ભેદીને પાર જાય છે.' ભારતમાં ધર્મ અને સંપ્રદાયોનું વૈવિધ્ય છે એ સાચું પણ ભારતીય પ્રજાના હૃદયની એક પ્રતીતિ છે કે એક જ સત્યને કવિઓ અને વિચારકો જુદી જુદી રીતે વર્ણવે છે. મૂળ વસ્તુમાં ફેર નથી, પણ એના વિવિધ આવિર્ભાવો નામરૂપમાં ફેરવે છે. એક જ સત્ય જુદી જુદી સ્થળે જુદાં જુદાં સાહિત્યોમાં અનેક રૂપે અભિવ્યક્તિ પામે છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી આ પ્રક્રિયાને 'રઢિયાળી હૃદયમતિ' કહે છે. પરંતુ જ્યારે આ રઢિયાળી હૃદયમતિ કુટ રાજનીતિજ્ઞોની સ્વાર્થમતિથી હાંસિયામાં ધકેલાઈ જાય છે ત્યારે ધર્મ, ભાષા, સંસ્કૃતિ, સાહિત્ય, જીવનમૂલ્ય, પરંપરાઓનું વૈવિધ્ય એ એક 'એસેટ' ગૌરવ લેવા જેવી મૂડી કે વસ્તુને બદલે એક લાયબિલિટી જવાબદારી બની રહે છે. આ સાંસ્કૃતિક સાહિત્યિક વૈવિધ્યની સંપત્તિનું જતન સંવર્ધન કરવામાં અસાવધાની સેવવામાં આવે કે નિષ્ફળ જઈએ તો સાંસ્કૃતિક સંપત્તિ જ વિભાજનવાદી પરિબળોનાં માનસથી અને ટૂંકા ગાળાના લાભો શોધનારી સ્વાર્થબુદ્ધિથી, વિપત્તિમાં બદલાઈ જતા વાર નહીં લાગે. ભારતમાં સ્વતંત્રતાપૂર્વે અને સ્વતંત્રતા પછી પણ આ સાંસ્કૃતિક સાહિત્યિક વૈવિધ્ય વિભાજન અને વિચ્છિનતા પ્રેરનારું બની રહ્યું છે.

દરેક પ્રાંત પોતાની ભાષાનું ગૌરવ કરે તો એ મમત્વ દાખવે તેમાં કંઈ ખોટું નથી. પણ એ જ વખતે વિવેકબુદ્ધિ દાખવી અન્ય ૨૦-૨૧ ભાષાઓ અને એનાં સાહિત્ય પ્રત્યે સમત્વ દાખવવું જોઈએ. માત્ર સમત્વ જ નહિ પણ એક પ્રકારનું અભિજાત એવું ચૈતસિક ઔદાર્ય દાખવવું જોઈએ અને સર્વસાર સંગ્રહી ઇલેક્ટ્રિક બની પોતાની જાતને સમૃદ્ધ બનાવવી જોઈએ. સર્વસારગ્રાહી બની સમન્વય સિદ્ધ કરવાની સૂઝ કેળવવાથી જ જીવનની ગુણવત્તાનું જતન અને સંવર્ધન થઈ શકે છે.

ભારતના ઇતિહાસનો ઘણો મોટો ભાગ કુસંપના કંકાસના કોલાહલથી ભરેલો છે. ક્ષુદ્ર મનોવૃત્તિવાળા તથા કથિત 'ગુરુઓ' એક ભાષાનિષ્ઠ સિદ્ધાંત જડતા દાખવનારા સંઘ ભાષા અને પ્રાંતભક્તો એક પ્રકારની અહંકેન્દ્રી સંકીર્ણ તૃષ્ટિમાં રાચે છે. પોતાનાં અને અનુયાયી કે શિષ્યોનાં ચિત્તનો ક્ષય નોતરે છે. બંધિયાર પાણીની સડેલી ગંધને સુગંધ માની મ્હાલે છે. આવી ક્ષુદ્ર મનોવૃત્તિવાળા ધર્મગુરુઓ, સિદ્ધાંત જડ અધ્યાપકો અને કૂટ રાજકારણી પુરુષોએ સમન્વયની પ્રક્રિયા પર કુઠારાઘાતો કર્યા છે. આથી જ, ૧૯૭૦માં વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ ચેતવણી ઉચ્ચારતાં કહ્યું હતું કે 'સંસ્કૃતિ જે સાંધે તેને રાજકારણ ન તોડે એ વિશે આપણા સાક્ષરો, વિબુધો અને તદ્‌વિદોએ સદા જાગૃત રહેવું પડશે. સ્વકીય

ભાષાની અવજ્ઞા તેમ તેની અતિ ભક્તિ સાંસ્કૃતિક વિનિપાત નોતરે છે.

ભારતમાં છેલ્લા બેપાંચ દાયકાઓમાં ભાષા અને ધર્મના ક્ષેત્રે પ્રાંતવાદી અને અંતિમવાદી વલણોએ માથું ઊંચક્યું છે. પ્રાદેશિકતાની ભક્તિભાવનાને વળ ચઢાવી એક પ્રકારની વિકૃતિ પ્રેરી છે. સાંસ્કૃતિક વૈવિધ્યમાં વિસંવાદ પ્રેરી વિછિન્નતા પ્રવર્તાવી છે. સાંસ્કૃતિક વૈવિધ્યના વારસાને સવાયો કરવા માટે સંવાદિતાની શોધ સમન્વયની સિદ્ધિ સાહિત્યોના આદાનપ્રદાન દ્વારા વધુ અસરકારક ને વધુ પરિણામલક્ષી રૂપમાં થઈ શકે, કારણ કે સાહિત્ય આખા માણસને એની બુદ્ધિ હૃદય નૈતિકતા અને જીવનમૂલ્ય પરંપરાને આંતરબાહ્ય રીતે સ્પર્શે છે. પ્રભાવિત કરે છે. વિધાયક પરિવર્તન પ્રેરે છે.

આ સંવાદિતાના સાધકોમાં સંત સાધકોમાં કવિ કબીરસાહેબ સમગ્ર ભારતવર્ષના ઇતિહાસમાં અદ્વિતીય છે. ભારતના ભાગ્યમાં વધારે ને વધારે ઘસરકાઓ હિંદુ-મુસલમાનના સંઘર્ષે પાડ્યા છે. એ બંનેનાં લક્ષણો અને કુલક્ષણોનો પયગંબરને છાજે તેવી હિંમતથી કબીરસાહેબે પરીક્ષા કરી છે. પ્રેમ, સંવાદ અને સમજ, ઉદારતા, પ્રભુભક્તિ અને આંતરિક શક્તિ પર ઊભેલો માનવ સર્જવાનો પુરુષાર્થ કર્યો છે.

'કબીર' ગ્રંથમાં ક્ષિતિમોહન સેને કબીરની વાણીને સંચિત કરી છે. (એનો પરિચય આ સાથેનાં પાનાંઓ પર છે.) એનાં પ્રાક્કથનમાં સવ્યસાચી ભટ્ટાચાર્ય કહે છે, 'આજની આ વર્તમાન દુર્દશામાં આ પુસ્તક અનિવાર્ય છે એમ લાગે છે. એનું કારણ સ્વયં સ્પષ્ટ છે. આજે જ્યારે ધર્માંધતા અને સાંપ્રદાયિક સંકીર્ણ માન્યતાના આઘાતથી જાતીય સંસ્કૃતિ અને સંહતિ ખેદાનમેદાન થઈ રહી છે ત્યારે ક્ષિતિમોહન સેનની અનુદિત કબીરવાણીનો પુનઃસંચાર વિશેષ સુયોગ્ય કાળનો ગણાશે.' શ્રી ભટ્ટાચાર્ય એક વાત ઉમેરતાં કહે છે : 'સૌથી વધારે મહત્ત્વની જે વસ્તુ કબીરના આ નિર્વચિત કાવ્યોમાં નજરે પડે છે તે છે સામ્પ્રદાયિકતાની સંકીર્ણતાવાળી મનોવૃત્તિ. વિરુદ્ધના યુદ્ધની ઘોષણા એની એક બાજુ છે. પ્રત્યેક ધાર્મિક સંપ્રદાયની અંદરના રૂઢ રિવાજો, આચારવિચાર અને પુરોહિત પ્રથાનો વિરોધ તો બીજી બાજુ છે. સંપ્રદાયની બહારના જગત સાથે, બીજા સંપ્રદાયોની સાથે, સંપર્કની અંદરના ભેદભાવ અને પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે વિરોધી ભાવનો ત્યાગ એક બાજુ છે. ઋજુ અને કઠોરનો ઉપહાસ મશ્કરી... 'મુલ્લાં હોકર બાંગ જો દેવે, ક્યા તેરા સાહબ બહેરા હૈ ? (તો) બીજી બાજુથી કબીર મમતાપૂર્વક મુસલામન અને હિંદુઓની વચ્ચેના ભેદભાવોમાં સેતુ બાંધવાનો પ્રયત્ન કરે છે. હિંદુ કી દયા, મહેર તુરકનકી દોનો ઘરસે ભાગી, વહ કરે જીવહ, વહ ઝટકામાં

આગ દૌઉ ઘર લાગી (હિન્દુની દયા, મુસલમાનની કરુણા ગૃહત્યાગી ગઈ છે.)
એક બલિ આપે છે; પેલો કરે છે કતલ, બંનેના ઘરમાં આગ લાગી છે.'

કબીરની વાણી સાંપ્રત ભારતના સંદર્ભમાં સુસંગત છે. સંવાદિતાની શોધના પુરુષાર્થમાં ઉપકારક છે. કબીરસાહેબનાં કવન પર કોનો પ્રભાવ છે ? સગુણ ભક્તિ સંપ્રદાયનો ? નિર્ગુણ ભક્તિ સંપ્રદાયનો ? સૂફી મતનો ? એકેશ્વરવાદનો ? એ જે હો તે મૂળ બાબત બે છે : પહેલી વાત એ છે કે કબીરસાહેબના મૃત્યુ બાદ સમય જતા કબીરસાહેબને પોતપોતાના સંપ્રદાયમાં સમાવી લેવા માટે જુદા જુદા સંપ્રદાયો અને અધ્યાત્મતત્ત્વના વિશેષ જ્ઞાતાઓ તત્પર બની ગયા હતા. બીજી બાબતે પંડિતો એકમત છે કે કબીરના મૂળ દર્શનને કોઈ પણ સાંપ્રદાયિક ઢાંચામાં ઢાળવું સહેલું નથી.

સૌથી મહત્ત્વની વાત એ છે કે વર્તમાન સાંપ્રત સમય સંદર્ભમાં કબીરવાણી વિશેષ સુયોગ્ય સુસંગત છે કારણ કે એમાં હિંદુ-મુસલમાન જેવા ભેદભાવનો તત્ત્વત: વિરોધ છે. એ જ કબીરપંથીનું વિશેષ લક્ષણ છે. આથી જ, કબીરસાહેબ પોતાના યુગના જ નહિ પણ શાશ્વતકાલીન ભારતના જ નહિ, પણ સમસ્ત ભારતવર્ષના સર્વકાલીન એવા દીર્ઘદૃષ્ટિવાળા લોકનેતા, દ્રષ્ટા માર્ગદર્શક અને કવિની આર્દ્રતા દાખવનારા સન્મિત્ર છે. ૬૦૦મી જન્મજયંતીના વર્ષમાં એમનાં જીવનકવનને જેટલું સેવીએ તેટલું સુકૃત લાધશે. (સંત સેવતા સુકૃત વાદે તેમ...)

(કબીરવાણી : ઑક્ટોબર '૯૯)

❑

# કબીર તીર્થ દર્શન

રાણા નિર્મેશ
વડોદરા

રામાયણમાં ગોસ્વામી તુલસીદાસજીએ 'યહાં ન પક્ષપાત કુછ રાખો, લોક વેદ સંત મત ભાખો' કહેતા લોકમત વેદમત સાથે જ સતમતની સત્તા સ્વીકાર કરી છે. આ સંતમતના પ્રવર્તક તરીકે કબીરસાહેબને માનવામાં આવે છે. મધ્યકાલમાં ભક્તિધારામાં પ્રવર્તમાન સૂર્ય કબીરસાહેબનું તેજ એટલું ફેલાયું કે ઉત્તર તથા દક્ષિણનાં સર્વસાહિત્યમાં કબીરસાહેબ છવાય રહેલ છે.

કબીરસાહેબ સને ૧૩૯૮ ઈસવીસનમાં કાશીના લહરતારામાં પ્રકટ થયા હતા. કાશીના જ નીરુ ટીલા પર એમની બાલ્યાવસ્થા વ્યતિત થઈ અહીંથી જ તેઓ દેશવિદેશમાં પર્યટન કરી જનકલ્યાણ હેતુ માર્ગદર્શન કરતા રહ્યા. આ પૃથ્વી પર માનવ તન ધરીને ૧૨૦ વર્ષ રહ્યા. ઈ. સ. ૧૫૧૮માં અંતર્ધ્યાન થયા. પોતાના લોકોની ખોજમાં સદ્દગુરુનાં પ્રેમીજનોની ખોજમાં તેઓ દેશવિદેશમાં ગાંવ ગાંવ કી ગલી ગલી ખોંરો... સુધી જ નહિ પરંતુ દેશથી બાહર બસરા બલખ, બુખારા, મક્કા આદિ સ્થાનોમાં પણ ભ્રમણ કર્યું.

આ ભ્રમણના ક્રમમાં કબીરસાહેબના પ્રભાવથી અનેક સ્થળોએ પ્રસિદ્ધિ પ્રાપ્ત થઈ. તેમના અનુયાયી તથા શિષ્યોમાં આ સ્થળો આજે તીર્થરૂપમાં વિરાજેલ છે. કબીરસાહેબની વાણી બીજક તથા ગ્રંથાવલીમાં તેમનું મિથિલા, માલવા, મગધ ગઢવાલ, પૂરી, પંઢરપુર, નાર નીલ આદિ ક્ષેત્રોમાં ગયાના સંકેતો તથા વર્ણન મળે છે. પરંતુ સ્થળ વિશેષનાં રૂપમાં તેમની વાણીમાં ફક્ત ચાર સ્થળોનાં કાશીં, મગહર, ઝૂંસી તથા માનકિપુરના ઉલ્લેખો જોવા મળે છે. કાશી તેમનું પ્રાકટ્ય સ્થાન, કર્મ અને ઉપદેશ સ્થાન છે. મગહર તેમની નિર્વાણ સ્થળી છે. જબલપુર તરફ મણિકપુર અને પ્રયાગ સંગમ તટ પરક સ્થિત ઝૂંસી સૂફી ફકીર પીરો માટે પ્રસિદ્ધ રહ્યું છે. કબીરસાહેબ સત્સંગ માટે આ સ્થળ પર બહુવાર ગયા હતા.

કબીરસાહેબનાં ઐતિહાસિક સ્થળોનો વિચાર કરતા સંત કબીર કે સંસ્મરણ તીર્થ નામનું હિંદી પુસ્તક કબીર ચોરા વારાણસી દ્વારા સન ૧૯૮૧ના જૂન મહિનામાં પ્રકાશિત થયેલ છે. જેમાં કબીરસાહેબનાં ત્રણ પ્રમુખ સ્થળોનો સ્વીકાર

કરવામાં આવેલ છે. તે આ મુજબ મગહર, કબીર ચૌરા અને લહરતારા. આ જ ત્રણે સ્થળો કબીરસાહેબનાં પ્રમુખ તીર્થ પણ છે. કબીર કબીરસાહેબે પોતાની યાત્રાઓ દ્વારા પોતાના પ્રભાવથી અનેક સ્થળોને કીર્તિ અપાવી છે. તેમના અનુયાયીઓ તથા શિષ્યો દ્વારા જ તો કેટલાંક સ્થળો તીર્થ રૂપમાં પ્રતિષ્ઠિત છે. બંને પ્રકારનાં સ્થળોમાં જગન્નાથપૂરી (ઉડીસા), ઝૂંસી (ઇલાહનાઈ, ધનૌતી, તઘવા, બેતિયા, ફતુઆ, બિદુપુર, વૈશાલી રોસડા, સમસ્તીપુર (બિહાર) કુહરમાલ, બાંધવગઢ, દામાખેડા, ખરસીયા, બુરહાનપુર, નાદિયા (મ.પ.), બડૈયા (ઉ.પ્ર.), કબીરવડ (ભરૂચ), જામનગર (ગુજરાત) વગેરે સ્થળો તીર્થની ગરિમા પ્રાપ્ત કરી ચૂક્યા છે. આ સ્થળોથી સંબંધિત હજારો મગેતો હિંદુસ્થાન લિ ફીજી, ત્રિનિડાડ, મોરિશ્યસ સુધી ફેલાયેલાં છે. પંથની અનેક શાખાઓ થઈ ગઈ છે. જેની સંખ્યા ૪થી લઈને ૧૨૮ સુધીની બતાવવામાં આવે છે. એટલું તો સ્વાભાવિક છે કે દરેક શાખા અથવા ઉપપંથ પોતાના સ્થાનની પ્રતિષ્ઠા માટે પ્રયત્ન કરે છે પણ લહરતારા, કબીરચૌરા અને મગહર આ બધામાં સર્વ સંમાનિત તીર્થસ્થળો છે એ નિર્વિવાદ.

કબીરસાહેબનાં વિસ્તૃત વ્યક્તિત્વથી જોડાયેલાં સ્થળોની સંખ્યા વિસ્તૃત છે પણ આજની ઘડીએ પ્રાદેશિક સરકાર દ્વારા કબીરસાહેબનાં જે સ્થળો પુરાતત્ત્વ પર્યટન તથા સાંસ્કૃતિક મહત્ત્વની દૃષ્ટિએ સંરક્ષણ પામેલા છે તેની સંખ્યા ફક્ત ૭ છે જેનો અહીં પરિચય આપવામાં આવેલ છે.

**લહરતારા :** વારાણસી મહાનગરમાં ઇલાહાબાદ રોડ પર લહરતારા આવેલ છે. અહીં ૧૦ એકરના ક્ષેત્રમાં ફેલાયેલું સંત કબીરના ઉદ્ભવસ્થાનના નામે જાણીતું એક વિશાળ તળાવ છે જે ઉ.પ્ર. પુરાતત્ત્વ વિભાગ દ્વારા સંરક્ષિત છે. પ્રાચીન ટીલાવરનું સ્મારક મંદિર મઠ અને કબીર ગુફા એ કબીર ચૌરાનાં દેખરેખ હેઠળ છે. અહીં જ ખરસિયા ભ.પ્રા.ના સત્લોકવાસી હજૂર શ્રી ઉદિત નામ સાહેબ દ્વારા એક વિશાળ સ્મારકનું નિર્માણ કાર્ય થઈ રહ્યું છે. આની સામે જ થોડા અંતરે એક મઠ છે ત્યાં ૧૦૦-૫૦ જેટલા વિદ્યાર્થીઓ સંતો રહીને અધ્યયન મનન કરે છે. જેઠ પૂનમે કબીર જયંતિના સમારોહના અવસરે દેશ-વિદેશથી કબીરસાહેબના અનેક અનુયાયીઓ અહીં પધારે છે. સરકાર દ્વારા અહીં એક સભામંડપ તથા બગિચાનું નિર્માણ કરવામાં આવ્યું છે. પિછડી જન સંખ્યાને કારણે અહીં ગંદકીના અંબાર લાગ્યા છે. આ તો સંયોગ છે કે વર્તમાન ભારતીય સંસ્કૃતિના ચેતનના બે સૂર્યો સંત કબીર અને સંત રોહિદાસ આજ ભૂમિની દેન છે. ઈ. સ. ૧૩૯૮માં મહુવાડી (માંડૂર)થી આણું (વિદાય) કરાવતાં (સાસરે આવતાં) વણકર નીરુ

નીમાને બાળક કબીર કમળ પુષ્પ પર બિરાજેલા મળ્યા હતા. તથા તેમની જ પાસેના ગામમાં તેમના જ ગુરુ ભાઈ સંત રબિદાસજીએ જન્મ ધારણ કર્યો હતો. તેમનું આ જગ્યાએ એક સ્મારક બનેલ છે. તેમનું પાલન ભૂમિ પર સિરકરહિયામાં એક વિશાલ સ્મારક પણ છે જે લહરતારા પાસે જ છે. ૫ કિ.મી. પર સ્થિત છે.

**કબીર ચૌરા** : વારાણસી શહેરમાં મધ્યમાં કબીરચૌરા નામની શેરીમાં કબીર મઠ છે. આનું પ્રાચીન નામ નરહરપુરા હતું. પછી નઈ બસ્તી અને પછી હમણાં કબીર ચૌરા તરીકે ઓળખાય છે. આ મઠના બીજા ભાગ નીરુ ટીંબા પર કબીરસાહેબનું લાલનપાલન થયું હતું. અહીં જ તેમનાં માતાપિતા નીરુ નીમાની સમાધિ પણ છે. ત્રણ એકરનો ઊંચો ચબૂતરો જે કબીર ચૌરાના નામથી વિખ્યાત છે. ત્યાં જ કબીરસાહેબનું સાધના, ઉપદેશ અને કર્મસ્થળ રહ્યું હતું. અહીં કબીરસાહેબની ત્રીજી સમાધી પણ બની છે. મગહરથી તેમનાં ફૂલોનાં કાંઈક અંશો લાવીને તેમના શિષ્ય રાજા વીરસિંહ દેવરાજ વહોલ તથા બ્રુતિ ગોપાલજીએ આ સમાધી બનાવી. આજ વાસ્તુમાં કબીરસાહેબ દ્વારા વાપરેલ ખડાઉ, કમંડલુ, એક હજાર મણીની માળા, કર્મનું પ્રતીક કરઘો (મૂલ કરઘો પટના સાહેબ ગુરુદ્વારામાં છે. જે શિખોની માંગથી અહીંના રવિગુરુએ આપ્યું હતું. આની સાથે જ ગોરખયોગીનાં પરાજયનાં પ્રતીકરૂપ ત્રિશૂલ પણ સુરક્ષિત છે. અહીં કબીરસાહેબ પછી આજે ૨૩મી પેઢી પર બિરાજમાન વર્તમાન આચાર્ય મહન્ત ગંગાશરણ સાહેબ ગાદી પર છે. કબીર ચૌરા કબીરપંથની જ નહીં પરંતુ સંપૂર્ણ ભારતીય ચેતનાની ગાંધી પોતાની હરિજનયાત્રાના ક્રમમાં આવ્યા હતા. ત્યારે તેઓએ જનતાની સામે ભાષણ આપતા કહ્યું હતું : મારાં બા કબીરપંથી હતાં. તેથી કબીરની શિક્ષા મને બાના દૂધમાંથી મળી છે.

અહીંથી કબીરવાણી પ્રકાશન કેન્દ્ર, કબીરદલ, કબીર મિશન, સંત કબીર પુસ્તકાલય, કબીર ચૌરા ત્રૈમાસિક, કબીર શોધ સંસ્થાન, આંતરરાષ્ટ્રીય કબીર ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ સંચાલિત છે. અહીંથી સંચાલિત મઢો દેશવિદેશમાં કબીરસાહેબનાં શિક્ષાનું બીજારોપણ કરે છે. કબીરસાહેબનું વધારેમાં વધારે વખત અહીં જ વીત્યો છે. અહીં જ તેમણે સ્વામી રામાનંદ દ્વારા પંચગંગા ઘાટનાં પગથિયાં પર રામમંત્ર પ્રાપ્ત કર્યો હતો. ગંગાના કિનારે શ્રીમઠના રૂપમાં આ સ્થળ શોભા પામી રહ્યું છે.

**જગન્નાથપૂરી (ઉડિસા)** : પૂરીના સમુદ્રકિનારે પ્રાચીન કબીર ચૌરા આવેલ છે. જ્યાં કબીરસાહેબની 'આશા કુબડી દાડી છે તથા આશાસાગર નામક

કબીર કૃત મનાતું એક વિશાળ હસ્તલિખિત ગ્રંથ સુરક્ષિત છે. અહીં કબીરસાહેબના પ્રમુખ શિષ્ય સુરતિ ગોપાલ સાહેબ જ્ઞાનદાસ સાહેબ, ધની ધર્મદાસ અમીન માતાની સમાધિઓ છે. કહેવાય છે કે પૂરીમાં જગન્નાથજીમાં મંદિરનું રાજારામસિંહ દ્વારા જીર્ણોદ્ધાર કરાવતાં સમયે સમુદ્ર વારંવાર મંદિર ધ્વસ્ત કરી રહ્યું હતું ત્યારે કબીરસાહેબે પોતાની આશા કુબડી રોપી સમુદ્રને શાંત કર્યો હતો. અહીં કબીરસાહેબની ચોથી સમાધિ બતાવવામાં આવે છે. જે મગહરનાં ફૂલોના અંશથી દેવામાં આવેલ છે. પૂરી પૂરીથી કદરમાલ જિલ્લા વિલાસપુર મ.પ્ર. સુધી પાંજી પંથ (ભૂગ ભૂમાર્ગ) બતાવવામાં આવે છે. જેના માર્ગે ચૂરામણિ સાહેબનું કબીરસાહેબને મળવા આવવાની વાત કહેવાય છે.

**કબીરવડ (ભરૂચ ગુજરાત)** : ગુજરાત રાજ્યમાં સુરતથી વડોદરા જતાં ભરૂચ જિલ્લામાં નર્મદા કિનારે શુક્લતીર્થ પાસે એક કિ.મી. પર કબીરવડ આવેલ છે. કહેવાય છે કે કબીરસાહેબના ચરણસ્પર્શથી વડની એક સુકી ડાળ લીલી થઈ આ વડવૃક્ષ નિર્માણ થયું. જે બે એકરના વિસ્તૃત ક્ષેત્રમાં ફેલાયેલું છે. અહીં જ રામકબીર સંપ્રદાયના તથા ઉદાધર્મની ગાદી અને મૂલકેન્દ્ર છે. અહીં કબીરસાહેબનું વિશાળ મંદિર બન્યું છે. દર વર્ષે કાર્તિક મહિનામાં એક વિશાળ મેળો મહોત્સવ થાય છે.

**કબીર ચબુતરા (અમરકંટ મ.પ્ર.)** : સહડોલ જિલ્લામાં બિહડ પહાડીઓનાં ક્ષેત્રના સુરમ્ય એવા જંગલમાં અમરકંટક શહેરથી ૫ કિ.મી. પર કબીર ચબુતરા નામથી પ્રસિદ્ધ કબીર સ્થળ છે. જબલપુર, વિલાસપુર આદિ સ્થા ાે કબીર ચૌરા જવા માટે બસની સગવડ છે. અહીં કબીરસાહેબની ચરણપાદુકા બનેલ છે. પ્રાચીન મઠમાં પૂજારી રહે છે. અહીં ગુરુનાનક અને કબીરસાહેબની ભેટનો ઉલ્લેખ ઈ.સ. ૧૪૯૮માં મળી રહે છે. આજે ત્યાં શિખલોકો દ્વારા ગુરુદ્વારા નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે. અહીં જ નર્મદાનું ઉગમ સ્થાન પણ છે. કહેવાય છે કે અહીં જ નર્મદા સુંદર સ્ત્રીનાં રૂપમાં કબીરસાહેબની સાધનાભંગ કરવા માટે આવી હતી. પરંતુ કબીરસાહેબ દ્વારા 'આવો માં' કહીને ઓળખી લેવાથી લજ્જીત થયેલી નર્મદા દ્વારા ક્ષમાયાચના અને વરદાન રૂપે દરરોજ અહીં એ જ સમયે દર્શન દેવાનું વચન દીધું. આજે પણ દરરોજ નર્મદા નદી ધારા પ્રાત: ૮ વાગે સફેદ રંગમાં પરિવર્તીત થઈ રહે છે, જે સતત ૧૫ મિનિટ સુધી વહ્યા કરે છે. નર્મદાને દર્શન દેવા હેતુ આવ્યાનું માની આજે શ્રદ્ધાળુ સેંકડો લોકો દર્શનાર્થી અહીં આવે છે. અહીં મેળો ભરાય છે. તેમાં દર્શનાર્થી પર્યટકો અને કબીરપ્રેમીઓ આવે છે.

**બાંધવગઢ (મ.પ્ર.)** : મ.પ્ર.ના રીવા જિલ્લામાં બાંધવગઢ એ કબીરપંથનું પ્રસિદ્ધ સ્થળ છે. અહીં પહાડ ઉપર કબીર સરોવર તથા પ્રાચીન ચબૂતરા અને ખંડહર છે. બાંધવગઢ કબીરસાહેબના પ્રમુખ શિષ્ય રાજા વીરસિંહ દેવરાજ વાઘેલાની રાજધાની હતી. પછી રાજધાની અહીંથી ૩૦ કિ.મી. દૂર રીવા શહેરમાં સ્થાનાન્તરિત થઈ. આજ રાજ્યના ૩૬મી પેઢીના રાજા મર્તન્ડસિંહજી વર્તમાન સાંસદ છે. આ સ્થળ તેમની જ દેખરેખ હેઠળ છે. ૧૫મા રાજા રામસિંહજી ધની ધર્મદાસના શિષ્ય અને કબીરપંથના મહાન સમર્થક હતા. આજ પરંપરાના રાજા વિશ્વનાથજી કબીર બીજકના પ્રથમ પ્રકાશક હતા. જે પુસ્તક ૧૮૮૩માં નવલ કિશોર પ્રેમમાંથી પ્રકાશિત કરેલું હતું. કબીરસાહેબના શિષ્ય ધની ધર્મદાસ સાહેબ કબીરપંથની છતીસગઢની શાળાના પ્રવર્તક તથા મ.પ્ર.માં કબીર શિક્ષાઓના પ્રવર્તક તથા મ.પ્ર. કબીરપંથ પ્રચાર સ્તમ્ભ બાંધવગઢના શ્રેષ્ઠી કસૌધન વાણિયા હતા. રાજ્ય સંરક્ષણનાં કારણે મ.પ્ર.માં કબીર શિક્ષાઓના પ્રચારમાં બાંધવગઢની મોટી ભૂમિકા રહી છે. બાંધવગઢ પર રામનવમી તથા જન્માષ્ટમી પર વર્ષમાં બે વાર માસિક મેળો ભરાય છે. આજ સમય દરમિયાન અહીં આવી શકાય છે. અન્યથા રાજાની અનુમતિ સિવાય અહીં આવવું વર્જિત છે. ૧૦ કિ.મી. ક્ષેત્રમાં પ્રસરેલું અભ્યારણ અહીંનું સુંદર પર્યટન સ્થળ છે.

**મગહર (જિલ્લો સંત કબીરનગર)** : ગુરુગ્રંથ સાહેબની એક પંક્તિ અનુસાર 'પહેલે દર્શન મગહર પાયો, પુનિ. કાશી વસ્યો આઈ'ના આધાર પર વિદ્વાન કબીરસાહેબનું જન્મથી મૃત્યુ સુધીનો સંબંધ મગહરથી જોડાય છે. કબીરસાહેબે મગહર કેમ પસંદ કર્યું ? કાશી મરે તો જાય મુક્તિ કો મગહર ગધા હોઈ' જેવી પુરુષાર્થ આત્મબલ અને ઇશાશક્તિ પ્રખ્યાત કરતી યુક્તિ જ કારણરૂપ નથી. અપિતુ સમાજ ચેતના આદિ જેવા અનેક ગહન વિચારો દ્વારા પ્રેરિત કબીરસાહેબ ત્યાં પધાર્યા. અહીં એ વિચારો વિસ્તૃત રૂપે આપવાનો અવસર નથી. ઈ.સ. ૧૫૧૮માં કબીરસાહેબનું અંતિમ એક વર્ષ વીત્યું હતું. અહીં તેમની સાધના સ્થળી ગુફા છે. અહીંથી ગોરખયોગી એ પોતાનાં અંગૂઠાથી જલધારા પ્રવાહિત કરી અને કબીરસાહેબે ધૂની પાસે ધ્યાનસ્થ થઈ વૃષ્ટિ કરાવી હતી. (વરસાદ કરાવ્યો) જેનાથી આ ક્ષેત્ર આબાદ થયું અને સૂખી આમી નદી ખળખળ વહેવા લાગી. તત્કાલીન શાસક બીજલી ખોં પઠાણ અને વીરસિંહ દેવરાજ વાઘેલા દ્વારા નિર્મિત મજાર અને સમાધિ (મંદિર) આપણી દ્વૈતગંગા કહેતા વર્તમાન સ્મારકો છે. મગહર બે સંસ્કૃતિનું મિલન સ્થળ છે. જ્યાંથી એક સ્રોત બની તે વહેવાની શિક્ષા માટે શિખામણ મળે છે. મગહરના માર્ગે ચાલવું એ ભારત જ નહીં પરંતુ આખા વિશ્વ

માટે મજબૂરી અને નિપતી છે. આ માર્ગ તથા દિશા હજી અનંતકાળ સુધી પ્રાસંગિક રહેશે. મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈનનું કહેવાનું તથ્ય એ છે કે 'જો દુનિયાને કોઈ એક માર્ગ પર ચાલવું છે તો એને કબીરના માર્ગે આવવું જ પડશે.'

મગહરમાં મહોત્સવ જે સન ૧૯૮૭થી પ્રારંભ થયું છે તે ૧૨થી ૧૬ જાન્યુઆરી સુધી વિશાળ રૂપમાં સરકાર દ્વારા આયોજિત થાય છે. મકરસંક્રાંતિ પર વર્ષોથી આ મેળો ભરાય છે. ઈ.સ. ૧૯૩૩માં ગોરખપુરના અંગ્રેજ કમિશનર આર.સી.એ.એસ. હોવર્ટસાહેબ કબીરસાહેબનાં ઉપલક્ષમાં ૩ વર્ષ સુધી વરસમાં બે વાર મેળાનું આયોજન કર્યું હતું. પહેલો મેળો ખીચડીતિથિ પર તથા બીજાનું કબીરસાહેબના નિર્માણદિને ભંડારા(સમારોહ)નું આયોજન થાય છે.

(સૌજન્ય : ગુજરાત સમાચાર)

❑

# કામ, ક્રોધ, લોભ, મોહથી દૂર હોય તેને જ ભગવાનની સાચી ઓળખ મળી શકે

પારસનાથ ચૌધરી

તેરા જનુ એક આધ હૈ કોઈ,
કામ, ક્રોધ, લોભ મોહ બિબરજિત હરિ પદ
ચિન્હૈં સોળ – ટેક.
અસતુતિ નિંદા દોઉ બિબરાજિત
તજહિં માંનું અભિમાનાં,
લોહા કંચન સમ કરિ જાંનાહિં
તે મુરતિ ભગવાનાં.
રજ ગુન તમ ગુન સત ગુન કહિએ
યહ સભ તેરી માયા,
ચઉથૈ પદ કૌં જો જન ચિન્હૈં
તિનહીં પરમ પદુ પાયા.
ચિંતૈ તો માધવ ચિંતામનિ
હરિ પદ રમૈ ઉદાસા,
ચિંતા અરુ અભિમાન રહિત હૈ
કહૈ કબીર સો દાસા.

હે રામ ! તારો ભક્ત કોઈ એકાદ જ હોય છે ! જે કામ, ક્રોધ, લોભ, મોહથી દૂર હોય એને જ ભગવાનની સાચી ઓળખ મળી શકે છે. જે પ્રશંસા અને નિંદાને છોડી દે, માન-અપમાન છોડી દે, લોખંડ અને સોનાને સમાન જુએ એ સાક્ષાત્ ભગવાન છે. સત્ત્વગુણ, રજોગુણ અને તમોગુણ તમારી માયા છે. ચોથા દરજ્જાને જે ભક્ત સમજે-ઓળખે એ જ પરમ પદ પામે છે. જો ચિંતન કરવું તો માધવરૂપ ચિંતામણિનું ચિંતન કરવું. નિરાસક્ત ભાવે પરમ પદનો આનંદ

પામવો. કબીર કહે છે કે એ જ સાચો સેવક કે ભક્ત હોય છે.

*બાબા અબ ન બસઉં યહિ ગાંઉ,*
*ઘરીઘરી કા લેખા માંગૈ કાઈથ*
*જેતુ નાંઉ — ટેક*
*દેહી ગાંવાં જિઉધર મહતૌ*
*બસહિં પંચ કિરસાંનાં,*
*નૈનું નકટૂ સ્રવનૂં રસનૂં*
*ઇદ્રીં કહા ન માંનાં.*
*ધરમરાઈ જબ લેખા માંગૈ*
*બાકી નિકસી ભારી,*
*પંચ કિસનવાં ભાગિ ગએ લૈ*
*બાંધ્યો જિઉ દરબારી.*
*કહૈ કબીર સુનહુ રે સંતહુ*
*ખેતહિં કરહુ નિબેરા,*
*અબ કી બેર બખસિ*
*બંદે કૌં બહુરિન ભૌજલિ ફેરા.*

હે બાબા, હવે આ ગામ (શરીર)માં વસીશ નહિ; કારણ કે અહીં કાયસ્થ ચેતૂ (ચિત્રગુપ્ત કે ચિત્ત) ઘડીઘડીનો હિસાબ માગે છે. દેહ ગામ છે, પ્રાણધારી આત્મા એ ગામનો મુખી છે અને એમાં પાંચ ખેડૂત છે. જેમનાં નામ છે : આંખ, નાક, કાન, જીભ અને ઇન્દ્રિય — જે કહેલું માનતાં નથી. ધર્મરાજાએ હિસાબ માગ્યો ત્યારે જમા કે પુણ્ય જેવું ખાતામાં કશું ન નીકળ્યું. આ જોઈ પાંચે ખેડૂત (જ્ઞાનેન્દ્રિયો) નાસી ગયા, પછી જીવને જ દરબારી માણસો (યમદૂત) બાંધીને લઈ આવ્યા. કબીર કહે છે હે સંતો, સાંભળો: ખેતર (શરીર)નું પૂરેપૂરું ચૂકતે કરી દો. આ વખતે બંદાને છોડી દો, જેથી ફરી ભવસાગરમાં ફેરો લગાવવો ન પડે.

*તા મન કૌં ખોજહું રે ભાઈ,*
*તન છૂટે મન કહાં સમાઈ. — ટેક*

*સનક સનંદન જૈદઉ નાંમાં,*
*ભગતિ કરી મન ઉનહું ન જાનાં.*

સિવ બિરંચિ નારદ મુનિ ગ્યાનીં,
મન કી ગતિ ઉન હું નહિં
ધ્રૂ પ્રહલાદ બિભીખન સેખા,
તન ભીતર મન ઉનહૂં ન પેખા.
તા મન કા કોઈજાંનૈં ન ભેઉ,
તા મનિ લીન ભયા સુખદેઉ.
ગોરખ, ભરથરી, ગોપીચંદા,
તા મન સૌં મિલિ કરૈં અનંદા
અકલ નિરંજન સકલ સરીરા,
તા મન સૌં મિલિ રહા કબીરા.

હે ભાઈ, એ મનને ઢૂંઢો. તન છૂટી જતાં મન ક્યાં સમાઈ જાય છે ? સનક, સનંદન, જયદેવ અને નામદેવે ભક્તિ કરી, પરંતુ મનને એ ન સમજ્યા; એટલે સુધી કે શિવ, બ્રહ્મા તથા જ્ઞાની નારદમુનિ પણ મનની ગતિને જાણી શક્યા નહિ. ધ્રુવ, પ્રહલાદ, વિભીષણ, હજાર મુખવાળા શેષ પણ મનનું રહસ્ય જોઈ ન શક્યા. મનમાં શુકદેવ તલ્લીન થયા. ગોરખ, ભર્તૃહરિ અને ગોપીચંદ મન સાથે મળી આનંદ લૂંટે છે. જેને વિશે કશું વિચારાતું નથી અને જે નિરંજન છે અને સહુમાં મોજૂદ છે એ મન સાથે.

અબ મોહિં નાબિચૌ ન આવૈ,
મેરી મન મંદરિયા ન બજાવૈ. – ટેક
ઊભર થા સો સૂભર ભરિયા
ત્રિસનાં ગાગરિ ફૂટી,
કાંમ ચોલનાં ભયા પુરાંનાં ગયા
ભરમ સભ છૂટી
જે બહુ રૂપ કિએ તેકીએ
અબ બહુ રૂપ ન હોઈ,
થાકી સૌંજ સંગ કે બિછુરે
રાંમ નાંમ બસિ હોઈ.
જે થે અચલ અચલ હ્વૈ
થાકે ચૂકે બાદ બિબાદ

*કહૈ કબીર મૈં પૂરા પાયા*
*ભયા રાંમ પરસાદા.*

હવે મને નાચતાં નથી આવડતું અને મારું મૃગંદ નથી બજાવતું અથવા તે વગાડવા નથી ઇચ્છતું. પહેલાં એ ઈશ્વરના ધ્યાનથી ખાલી હતું. હવે એનાથી તરબતર છે. તેની ગાગર ફૂટી ગઈ, કામવાસનાના વાઘા પહેરીને જેમણે પહેલાં નાટક હતું એ પણ હવે જીર્ણ થઈ ગયા ને એ ભ્રમ દૂર થઈ ગયો. દુનિયાદારીનું નાટક કરતાં મન થાકી ગયું. નાચગાનની તૈયાર કરેલી રહી ગઈ, સમાજવાળા સહુ રામનામને વશ થયા પછી છૂટા પડી ગયા ! જે ચંચલ હતા, હવે સ્થિર થઈ ગયા. એના બે અર્થ છે: નાચગાનને વિશે — જે હાપગ વગેરે હલાવતા હતા એવું હવે રહ્યું નથી. અને ભક્તિને લગતો અર્થ થાય છે — મન જે ભટકતું હતું, હવે એ ઠેકાણે ટકી ગયું અને બધો ઝઘડો ખતમ થઈ ગયો. કબીર કહે છે : રામ કૃપા થઈ. હું નાચનું પૂરું ઇનામ પામી ગયો એટલે કે હું જ્ઞાન પામી ચૂક્યો.

(લેખકના પુસ્તક 'કબીર'માંથી સાભાર.
ગુજરાત ટાઈમ્સ ૭ મે, ૨૦૦૪)

❑

# મધ્યકાલના મર્મી અને ક્રાંતિકારી સંત કબીર

ડૉ. ચીનુભાઈ નાયક
અમદાવાદ

જેઠ સુદ પૂનમ એટલે કબીર જયંતી. કબીર એટલે મર્મી અને રહસ્યવાદી સંત. કબીર એટલે સંસ્કૃતિનો સમન્વય. કબીર એટલે ક્રાંતિ અને શાંતિ. કબીર એટલે નિર્ગુણ બ્રહ્મ અને માનવતાના ઉપાસક, કબીર એટલે જાતિવાદ, તીર્થ, કર્મકાંડ, મૂર્તિપૂજા, વહેમ, અંધશ્રદ્ધા અને ધાર્મિક રૂઢિઓનાં વિરોધી. તેમના જન્મ અને જીવન વિશે વિવિધ કલ્પનકથાઓ Myth જ પ્રચલિત છે. એક પ્રચલિત દંતકથા પ્રમાણે તેઓ બ્રાહ્મણ માતરના ત્યજાયેલા પુત્ર હતા. મુસ્લિમ વણકર નીરુને કોઈ સંતાન ન હતું. નદીમાંથી આ બાળકને પેટીમાં મૂકેલું જડી આવ્યું. કબીરનો ઉછેર ઇસ્લામી સંસ્કારમાં થયો. તેઓએ રામાનંદ નામના ગુરુ પાસે દીક્ષા લીધી હતી જેઓ મધ્યકાલના ક્રાંતિકારી સંત હતા. કબીરે તેમનાં પદોમાં ગુરુમહિમા ભરપેટ ગાયો છે. તેઓ કહે છે :

*ગુરુ બિન કૌન બતાયે વાટ,*
*બડા વિકટ યમઘાટ.*

એક બીજા પદમા ગુરુને ઈશ્વર કરતાં પણ મહાન ગણાવેલ છે :

*ગુરુ ગોવિંદ દોનો ખડે,*
*કિસકુ લાગુ પાય,*
*બલિહારી ગુરુદેવ કી*
*જિને ગોવિંદ લિયો બતાય.*

કબીરની વિશેષતા એ હતી કે આધ્યાત્મિક સાધન કરવા માટે તેમણે સંસારનો ત્યાગ કર્યો ન હતો. ગૃહસ્થ જીવન ગુજારતાં અને નીતિપૂર્વક વણકરનો

ધંધો કરીને જીવનસાધના કરી હતી. તેમનાં પદોમાં તાણાં-વાણાં, ચદરિયા, રંગરેજ ઇત્યાદિ શબ્દોનો ઘણો ઉપયોગ થયેલો જોવા મળે છે જે આ વાતની સાક્ષી પૂરે છે. તેઓ કહે છે : ઝીની ઝીની ઝીની ઝીની બીની ચદરિયા... આ ચાદર વણાઈ ગયા પછી તેને રંગવા માટે રંગરેજને આપી. રંગરેજ એટલે સમર્થ ગુરુ. ગુરુએ જીવનની ચાદરને એવી તો રંગી કે તે લાલમ લાલ હો ગઈ ! કબીરના જીવનની ચાદર ભક્તિરસથી ભીની થયેલી છે.

કબીરના મત પ્રમાણે વિશ્વની સર્વોચ્ચ સત્તા એક છે. આ સર્વોચ્ચ સત્તાને રામ, રહીમ, સાહેબ, ખુદા, અલ્લાહ, ગોવિંદ ઇત્યાદિ નામો વડે ઓળખવામાં આવે છે. તેઓ એક પદમાં આ વાત સમજાવતાં કહે છે :

*કબીર કુઆઁ એક હૈ,*
*પનિહારી અનેક,*
*ન્યારે ન્યારે બર્તન ભયે,*
*પાની સબમેં એક.*

ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતા, વિવિધતામાં એકતા Utility Diversity. કબીરે તેમનાં પદોમાં અને દોહામાં આ એકતા મન મૂકીને ગાઈ છે. તેમના મત પ્રમાણે ઈશ્વર એટલે કે પરમ સત્તા એ વિશ્વાસની, શ્રદ્ધાની બાબત છે. તેઓ એક પદમાં કહે છે :

*मों को कहां ढुंढत बंदे,*
*मैं तो तेरी पासरी ।*
*ना मैं देवल, ना मैं मस्जिद,*
*ना काबे कैलास में*
*मैं तो सिर्फ विश्वास में ।।*

આદ્ય શંકરાચાર્યના માયાવાદની અસર કબીરની વિચારધારામાં જોવા મળે છે. માયા એટલે અજ્ઞાન અને વહેમ, અંધશ્રદ્ધા અને કર્મકાંડ, માયાનો આ પડદો હઠાવ્યા વિના સંસારમાં સાચું જ્ઞાન પ્રાપ્ત થતું નથી. કબીર એક પદમાં કહે છે :

*ઘૂંઘટ કા પટ ખોલ રે,*
*તો હે પિયા મિલેંગે*

*ઘટ ઘટ મેં વહ સાંઈ રમતા...*
*કટુક વચન મન બોલે રે...*

કબીર સ્પષ્ટ માનતા હતા કે તીર્થોમાં ભટકવાથી કે ગંગાસ્નાન કરવાથી મનનો મેલ દૂર થતો નથી. પોતાની અંદર જે જ્યોતિ પડેલી છે તેને પ્રથમ ઓળખવી જોઈએ.

તેઓએ ગાયું છે :

*મન મથુરા, દિલ દ્વારિકા,*
*કાયા કાશી જાન;*
*દશ દ્વારકા દહેરા,*
*વા પે જ્યોતિ પિછાન*

મનુષ્યના શરીરની દસ ઇન્દ્રિયો એ જ્ઞાનપ્રાપ્તિનું સાધન છે. પરમ જ્ઞાનની જ્યોતિ આપણી અંદર પડેલી છે પણ અજ્ઞાનને કારણે આપણે તેને જાણી શકતા નથી, પામી શકતા નથી.

ઉપર જણાવ્યું તેમ કબીર વણકરનો ધંધો કરતા હતા. તેઓ પોતાના ગ્રાહકમાં ઈશ્વરનાં દર્શન કરતાં હતાં તેથી કાપડ કાળજીપૂર્વક બારીકાઈથી વણતા હતા અને રામનામનો જાપ કરતા હતા. બનારસની શેરીમાં તેઓ વણેલા કાપડનો તાકો લઈને વેચવા આવતા ત્યારે તેમનું કાપડ સહેલાઈથી અને જલદીથી ખપી જતું હતું. કબીરની નિષ્ઠા અને નીતિમત્તા બીજા વેપારીઓને માટે ઈર્ષ્યાનું નિમિત્ત બન્યો. કબીરને ઉઘાડો પાડવા માટે તેમણે બનારસની એક વેશ્યાને તૈયાર કરી કબીરના ઘરમાં તેને ધકેલી દીધી અને બહારથી દરવાજાને તાળું લગાવી દીધું. કંબીરનો શુદ્ધ આચાર જોઈને પેલી વેશ્યા એમની શિષ્યા બની ગઈ. સવારના પહોરમાં કબીરને ઉઘાડો પાડવા બનારસની ગલીમાં લોકોની ભીડ જામી ગઈ હતી. તાળુ ખોલીને બારણું ખોલવામાં આવ્યું. પેલી વેશ્યા કબીરસાહેબની શિષ્યા બની ગઈ હતી. કબીરે આ પ્રસંગ પોતાની અવળવાણીમાં ગાયો છે :

*સૂનો મેરે ભાઈ રે...*
*દેખો મેરે ભાઈ રે...*
*કબીરા... બીગડ ગયો...*
*દહી કે સંગ દૂધ જો બીગડો,*
*બીગડો વો તો મખ્ખન ભયો...*

*કબીરા... બીગડ ગયો...*
*પારસ કે સંગ લોહા બીગડો*
*બીગડો... વો તો કંચન ભયો...*
*કબીરા... બીગડ ગયો...*

પદના અંતમાં કહે છે કે સાધુની સંગતમાં કબીરા જે રીતે બગડી ગયો એ તો સંત બની ગયો... કબીરની વાણી ભારતીય સંસ્કૃતિની અમૂલ્ય મિરાત છે.

આવા ક્રાંતિકારી સંતને લાખ-લાખ પ્રણામ.

(સાભાર ગુજરાત સમાચાર, પ્રવીણ મો. ભક્ત, ભક્તવાણી '૯૭)

❑

# કબીરજી અને વૈષ્ણવી ભક્તિ

સુબોધ વકીલ

કબીરજી સારગ્રાહી મહાત્મા હતા. જ્યાંથી પણ એમને સત્ય લાધ્યું એમણે એનો સહર્ષ સ્વીકાર કર્યો છે. આથી કબીરજીની વિચારધારા ઉપર અનેક ધાર્મિક મતો, સંપ્રદાયો, ગ્રંથો અને સંતોની સ્પષ્ટ અસર વર્તાઈ આવે છે. શ્રુતિગ્રંથો, ઉપનિષદો, ઇસ્લામ, વૈષ્ણવમત વગેરેની કબીરજીની વિચારસરણી પર ખાસી અસર પડી છે.

શ્રુતિગ્રંથો તો ભારતીય ધર્મવ્યવસ્થાનો પ્રાણ છે. એટલે જ 'वेदो हि अखिलो धर्ममूलम्' એમ કહેવાયું છે. કબીરજી પણ શ્રુતિગ્રંથોની અસરથી મુક્ત નથી. આ ગ્રંથોમાં શ્રદ્ધા વ્યક્ત કરતાં તેઓ કહે છે–

*'वेद कतेब कहहु मत जूठा, जूठा जो न विचारे'*

વિદ્વાનોએ સ્થૂળ રીતે વેદોનું ચાર વિભાગોમાં વર્ગીકરણ કર્યું છે – સંહિતા, બ્રાહ્મણ, અરણ્યક અને ઉપનિષદ. 'સંહિતા' મુખ્યત્વે વૈદિક દેવતાઓની સ્તુતિઓનો સંગ્રહ છે. 'બ્રાહ્મણ' ગ્રંથો કર્મકાંડનું વર્ણન કરે છે. 'અરણ્યકો'માં વિવિધ ઉપાસના-પદ્ધતિઓની ચર્ચા છે. 'ઉપનિષદો'માં જ્ઞાનકાંડનું વિવેચન છે. આ બધામાં સૌથી વધુ ચર્ચા ઉપનિષદોની થઈ છે. કબીરજી મધ્યકાલીન ધર્મસંબંધી વિચારજગતના અધિનાયક હોવાને પરિણામે તેઓ પણ ઉપનિષદોની અસરથી મુક્ત નહોતા. ઉપનિષદોની રચના કર્મકાંડનું પ્રાધાન્ય દર્શાવતા બ્રાહ્મણ-સાહિત્યના પ્રતિકારરૂપે થઈ એટલે એમાં ઠેરઠેર બહુદેવવાદ તથા કર્મકાંડનો વિરોધ જણાય છે. કબીરજીએ પણ પાખંડયુક્ત બ્રાહ્મણ તથા ઇસ્લામ ધર્મનો વિરોધ કર્યો જ છે.

ઉપનિષદોને 'વેદાંત' એટલે કે 'જ્ઞાનની ચરમસીમા' કહે છે. એમાં અદ્વૈત આદિની અતિગૂઢ સિદ્ધાંતોની ચર્ચા થઈ છે. કબીરજીના ધાર્મિક મત ઉપર શ્રુતિઓમાં વર્ણવેલા અદ્વૈતવાદની અસર વિશેષરૂપે જોવા મળે છે. રામચંદ્ર શુક્લ પણ છે. બીજી તરફ, 'હરિઔધ' જેવા વિદ્વાનો કબીરના એકેશ્વરવાદને વૈષ્ણવ-

મતથી પ્રભાવિત ગણે છે. સૂક્ષ્મ રીતે તપાસતાં આ બંને માન્યતાઓ ભ્રમપૂર્ણ સિદ્ધ થઈ શકે એમ છે.

કબીરજીની બ્રહ્મસંબંધી કલ્પના એકેશ્વરવાદી નથી. એનો ઉદ્ભવ વૈદિક અદ્વૈતવાદના માળખામાં થયો છે. કબીરમતમાં એકત્વનો જે આગ્રહ જણાય છે તે વેદકથિત અદ્વૈતવાદનું પરિણામ – અનુકરણ છે. વૈષ્ણવમત તથા ઇસ્લામમાં ઈશ્વરના સાકાર સ્વરૂપનો સ્વીકાર કરવામાં આવ્યો છે પરંતુ કબીરજીને આવી સાકાર-ભાવના ક્યારેય માન્ય નહોતી. ઇસ્લામકથિત ખુદાની જેમ કબીરજીના બ્રહ્મ ન તો સાતમા આસમાનમાં વિરાજે છે કે ન તો એને એકમુખ અને બે હાથ છે. વૈષ્ણવોના વિષ્ણુની જેમ કબીરજીના બ્રહ્મ, ચતુર્ભુજી પણ નથી. કબીરજીના બ્રહ્મ ઉપનિષદમાં કહેલ બ્રહ્મની જેમ અનિર્વચનીય-અવર્ણનીય તત્ત્વ છે.

કબીરજી કહે છે –

*जाके मुँह माथा नहीं, नाहीं रूप-कुरूप,*
*पुहुप बास थैं पातरा, एसा तत्त्व अनूप ।*

આવા તત્ત્વરૂપ બ્રહ્મ 'પ્રેમરૂપે' અથવા 'વિરાટરૂપે' દેખાય છે. વિરાટરૂપે સાકાર બ્રહ્મની આવી ભાવના સંપૂર્ણ રીતે વૈદિક છે. આમ કબીર કલ્પિત બ્રહ્મ ઇસ્લામી અથવા વૈષ્ણવી અર્થમાં 'સાકાર' ઈશ્વર નથી. 'એક' શબ્દને કારણે કબીરજીને એકેશ્વરવાદી કહેવા યોગ્ય ન ગણાય, કેમ કે એકત્વની ભાવના વૈદિક અદ્વૈતવાદની આધારભૂમિ છે.

*एक पवन, एक ही पानी, एक ज्योति संसारा*
*एक ही खाक घडे सब भांडे, एक ही सिरजनहारा ।*
*सब घटि अंतर तूही व्यापक, घरै सरूपै सोई ।।*

ઉપનિષદોમાં જ્ઞાન ઉપરાંત યોગ અને ભક્તિની ચર્ચા પણ થઈ છે. કઠોપનિષદમાં યોગને 'સ્થિર ઇન્દ્રિય-ધારણા' કહેલ છે અને ઇન્દ્રિયોનો સ્વામી મન છે એટલે સર્વપ્રથમ મનની સાધના જરૂરી બને છે. કબીરજીએ પોતાના યોગસંબંધી અંતિમ સિદ્ધાંતને 'મનોજય'નો સિદ્ધાંત કહ્યો છે. આ જ કારણે શ્રી તારકનાથ સાન્યાલ કબીરજીને 'રાજયોગી' કહે છે. રાજયોગ સાધનાનો સંબંધ મનોજય સાથે છે.

કબીરજીનાં કથનોમાં વૈષ્ણવજનનાં ગુણગાન ગવાયાં છે. આને પરિણામે, કબીરમત અને વૈષ્ણવમત વચ્ચે નિકટનો સંબંધ હોવાનું અનુમાન કરી શકાય. કબીરજી જાતે સ્વભાવથી સતોગુણી હતા એટલે જ વૈષ્ણવોની 'સજ્જનતા' ઉપર મુગ્ધ હતા.

આ કારણે કબીરજીએ વૈષ્ણવોના સારભૂત સિદ્ધાંતને આત્મસાત કર્યો હતો.

વૈષ્ણવ મત અતિ પ્રાચીન મત છે. ભગવાન વિષ્ણુ અને એમના અવતારોની ઉપાસના કરવી એ વૈષ્ણવમતની વિશેષતા છે, ઋગ્વેદમાં વિષ્ણુને વિવિધ પ્રકારના દેવતારૂપે – જેમ કે સૂર્યની શક્તિના સાકારરૂપે – પ્રસ્તુત કરવામાં આવ્યા છે. ઋગ્વેદમાં વર્ણવેલ વિષ્ણુમાં, અન્ય દેવતાઓની તુલનામાં, માનવોચિત ગુણો વધુ છે. અતુલનીય પરાક્રમ, વિશ્વને ધારણ કરવાની ક્ષમતા, અમૃતત્ત્વ, પોષણશક્તિ, અવતાર ધારણ કરવાની શક્તિ – આ બધા ગુણોનો વિષ્ણુમાં વિકાસ થતો ગયો અને એક સર્વાંગીણ અને સર્વતોમુખી, દિવ્ય આલોકસમું એમનું વ્યક્તિત્વ ઝળકી ઊઠ્યું. સ્વયં પ્રકાશપુંજ ભગવાન સૂર્ય પણ પોતાનું અસ્તિત્વ વિષ્ણુમાં સમાવી દીધું. વિષ્ણુનું મહત્ત્વ એટલું વધ્યું કે તેમને 'બ્રહ્મના પ્રતિરૂપ' તરીકે ઓળખાવવામાં આવ્યા – એમને 'દેવાધિદેવ' કહેવામાં આવ્યા. યજુર્વેદ એમને 'યજ્ઞસ્વરૂપી' કહીને 'બ્રહ્મ-સમકક્ષ' સિદ્ધ કર્યા. ભગવાન વિષ્ણુનાં સગુણ અને નિર્ગુણ રૂપોની વિકાસગાથા આવી છે. ભગવાન વિષ્ણુમાં શિવ, શક્તિ અને સૌંદર્યનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. વૈષ્ણવધર્મનું મૂળ નામ 'એકાન્તિક ધર્મ' હતું અને 'શ્રીમદ્ભગવદ્ગીતા' એનો આધારગ્રંથ હતો. આ એકાન્તિક ધર્મ ખૂબ ઝડપથી એક સંપ્રદાય બની ગયો અને 'પાંચરાગ' અથવા 'ભાગવત્ધર્મ' નામે પ્રસિદ્ધ પામ્યો. સાત્વત જ્ઞાતિ ક્ષત્રિયોએ આ ધર્મને અપનાવ્યો એટલે એ 'સાત્વત ધર્મ' તરીકે પણ ઓળખાયો. ઈસુના જન્મના ચાર સૈકા અગાઉ એ ધર્મનું નારાયણીધર્મ સાથે એકીકરણ થયું. ઈસુના જન્મ પછીની પાંચમી સદીના મધ્યકાળમાં આ ધર્મનો પ્રભાવ ક્ષીણ થઈ ગયો, પરંતુ છઠ્ઠી તથા સાતમી સદીમાં બૌદ્ધધર્મનો હ્રાસ થવાથી અલવાર ભક્તોએ વૈષ્ણવધર્મને પુનઃ ચેતના બક્ષી. ત્યારપછી શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, માધ્વાચાર્ય, વિષ્ણુસ્વામી, નિમ્બાર્કાચાર્ય, વલ્લભાચાર્ય આદિના પ્રયત્નોના ફળરૂપે વૈષ્ણવધર્મની અનેક શાખા-પ્રશાખાઓ પલ્લવિત થઈ. મહાભારતનું 'નારાયણીયોપખ્યાન', 'ભગવદ્ગીતા', 'શ્રીમદ્ ભાગવત', 'નારદ-ભક્તિસૂત્ર', 'શાંડિલ્ય-ભક્તિસૂત્ર', 'વિષ્ણુપુરાણ', 'પદ્મસંહિતા' વગેરે સુપ્રસિદ્ધ વૈષ્ણવી-ગ્રંથો છે. આ ગ્રંથોને આધારે વૈષ્ણવ ધર્મના પ્રાણભૂત સામાન્ય તત્ત્વો નીચે પ્રમાણેનાં તારવી શકાય.

૧. વિષ્ણુનાં વિવિધ નામો
૨. ઉપાસ્ય દેવ તરીકે વિષ્ણુના નિર્ગુણ અથવા અવતારી સગુણ સ્વરૂપોની પ્રતિષ્ઠા
૩. ભક્તિ અને ઉપાસના
૪. યોગ, સદાચાર આદિ
૫. તાત્ત્વિક દૃષ્ટિએ માયાનો વિરોધ પરંતુ વ્યાવહારિક દૃષ્ટિએ માયાનો સ્વીકાર
૬. પ્રવૃત્તિમયતા
૭. વર્ણવ્યવસ્થાનો વિરોધ

એવી માન્યતા છે કે વૈષ્ણવધર્મમાં નિરાકાર, નિર્ગુણ બ્રહ્મને કોઈ સ્થાન નથી. પરંતુ શ્રીમદ્‌ભાગવત્, નારદ-પાંચરાગ વગેરે ગ્રંથોમાં ભગવાનના મૂર્ત અને અમૂર્ત બંને રૂપોનો સ્વીકાર કરવામાં આવ્યો છે. 'ભાગવત્'માં ભગવાનનાં અમૂર્તરૂપને વિષ્ણુનું પરમપદ કહ્યું છે અને નિર્ગુણ પરમેશ્વરના આદિ અવતારને 'પુરુષ' કહ્યો છે. આ આદિ અવતાર 'નારાયણ' કહેવાય છે અને એનું પુરુષ સ્વરૂપ વિરાટ અને ત્રિગુણાત્મક છે. આ આદિ પુરુષના સતોગુણ અંશમાંથી વિષ્ણુનો, રજોગુણ અંશમાંથી બ્રહ્માનો અને તમોગુણ અંશમાંથી રુદ્રનો ઉદ્‌ભવ થયો એમ મનાય છે. આ રીતે એક જ પુરુષે ત્રણ ગુણોનો આશ્રય લઈને, જુદાં જુદાં નામે ઉદ્‌ભવ પામીને જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયની વ્યવસ્થા કરી છે.

કબીરજીએ ભગવાનના નિરાકાર સ્વરૂપનો પોતાના ઉપાસ્ય તરીકે સ્વીકાર કર્યો છે. એમણે દશરથપુત્ર રામનું નિર્ગુણ, નિરાકાર રામમાં પરિવર્તન કર્યું છે. કબીરજીએ વૈષ્ણવધર્મમાં કહેલાં વિષ્ણુના પુરુષાવતાર અને ગુણાવતાર પછીના અવતારો (મન્વન્તરાવતાર, કલ્પાવતાર, યુગાવતાર વગેરે)નો સ્વીકાર કર્યો છે. કબીરજી વિષ્ણુના પુરુષાવતારને અવતાર તરીકે ગ્રાહ્ય કરતા નથી પરંતુ તેને ભગવાનનું નિર્ગુણરૂપ જ માને છે. આવા વિરાટનું વર્ણન કરતાં કબીર કહે છે–

*कोटि सूर जाके परगास, कोटि महादेव अरु कबिलास ।*
*दुर्गा कोटि जालै मर्दन करे, ब्रह्मा कोटि वेद उच्चरे ।।*

આમ કબીરજીની ઉપાસ્ય વિષેની કલ્પના વૈષ્ણવી મતની ખૂબ નિકટ અને અનુકૂળ છે.

વૈષ્ણવમતનું બીજું મહત્ત્વનું ઉપાદાન તે ભક્તિ, વૈષ્ણવ ગ્રંથોમાં ભક્તિનો મહિમા ગવાયો છે. એ ગ્રંથોમાં 'કામ-ક્રોધ-લોભાદિથી કલુષિત થયેલાં મનને શાંતિ

પ્રદાન કરનારી', 'જ્ઞાન, યોગ, કર્મ-આદિથી ઉત્તમ' વગેરે ગુણોથી યુક્ત ભક્તિનો મહિમા ગવાયો છે. મુક્તિને ભક્તિની અનુસારિણી ગણાવી છે. વૈષ્ણવી ભક્તિમાં પ્રેમનું સર્વાધિક મહત્ત્વ સ્વીકારવામાં આવ્યું છે. કબીરજીએ પણ વૈષ્ણવધર્મના ભક્તિત્વની મહત્તા સ્વીકારી છે.

મધ્યયુગની ધર્મપ્રિય જનતાને સિદ્ધપંથીઓ તથા નાથપંથીઓએ પોતાની યૌગિક-ક્રિયાઓથી ભયભીત કરી દીધી હતી. કબીરજીએ એવી પ્રજાને ભાવભક્તિ ગંગાનું અલૌકિક અને પવિત્ર પાન કરાવ્યું છે. મધ્યયુગમાં ભક્તિની ધારા ગાંડીતુર થઈને વહેતી હતી ત્યારે રામાનુજાચાર્યે તેને નાથવાનો પુરુષાર્થ કર્યો હતો. એ જ પરંપરામાં ઊતરી આવેલા કબીરજીએ ભક્તિની ધારાને વિકસાવી હતી.

*द्रविड उपजी, भाण रामानंद*
*परगट किया कबीरने सप्त दीप नव खंड ।*

નારદ-ભક્તિસૂત્રની જેમ કબીરજી પણ ભક્તિમાર્ગને મુક્તિનો શ્રેષ્ઠ માર્ગ ગણે છે. યોગમાર્ગ ગણે છે. યોગમાર્ગને તેઓ 'ભક્તિનો આશ્રિત' માર્ગ કહે છે. એમના મતે ભક્તિ વિનાનો યોગ નિરર્થક છે. કબીરજી કર્મના માર્ગને 'બંધનનો માર્ગ' કહે છે. આમ જ્ઞાન, કર્મ અને યોગ કરતાં ભક્તિમાર્ગને શ્રેષ્ઠ ગણાવતાં તેઓ કહે છે–

*क्या जप, क्या तप, क्या संजम, क्या व्रत, क्या अस्नान ।*
*जब लगि जुक्त न जानिए भाव भक्ति भगवान ।। अथवा*

*ઝૂઠા જપ-તપ ઝૂઠા જ્ઞાન, રામ-નામ બિન ઝૂઠા ધ્યાન ।*

જુદા જુદા વૈષ્ણવગ્રંથોમાં ભક્તિની વ્યાખ્યા વિવિધ રીતે આપવામાં આવી છે. 'પૂજા આદિમાં પ્રગાઢ પ્રેમ' એટલે ભક્તિ. 'આત્મામાં તીવ્ર રતિ' એટલે ભક્તિ. 'ઈશ્વરમાં પરમ અનુરક્તિ'નું નામ ભક્તિ. 'સ્નેહપૂર્વક કરવામાં આવતું ભગવદ્-ધ્યાન' એટલે ભક્તિ. 'સ્વ-ભાવની પ્રકૃતિનું નિષ્કામ ભાવે સત્યરૂપ ભગવાનમાં વિલીન થઈ જવું' તે ભક્તિ – આ બધી જ વ્યાખ્યામાં પ્રેમતત્ત્વને વિશેષ મહત્ત્વ અપાયું છે. 'सात्वस्मिन परम प्रेमरूपा' કહીને નારદે ભક્તિની વ્યાખ્યા કરી છે. આવું નારદીય ભક્તિનું પ્રેમતત્ત્વ કબીરજીની ભક્તિનું આધારતત્ત્વ છે.

કબીરજીની ભક્તિમાં સૂફીસંતોની પ્રેમભાવનાનાં લક્ષણો પણ વર્તાય છે. કબીરજીની ભક્તિ-પ્રેમભાવના 'ઇશ્ક'થી તરબોળ છે. પ્રેમને 'રસાયણ' તરીકે

કલ્પીને 'પ્રેમપિયાલા'ના ઘૂંટ ભરવાની અને એવા રસપાનમાંથી ઉદ્ભવતી 'ખુમારી'ની વાતો કબીરજી વારંવાર કહે છે. સૂફીસંતોના સંપર્કનું આ પરિણામ છે—

> राम-रसायन प्रेमरस पीवत अधिक रसाल ।
> हरि-रस पीया जानिये जे जबहूँ न जाय खुमार ।।

કબીરજીની ભક્તિનું આ પ્રેમતત્ત્વ ભગવાનના સાક્ષાત્કારનો માર્ગ મોકળો કરે છે. એમના પ્રેમમાર્ગમાં ત્યાગ અને તપસ્યા કરતાં 'અનન્યતા' વધુ મહત્ત્વપૂર્ણ છે. શૂરવીર અને સતીની માફક, સાચો ભક્ત પોતાની ભક્તિમાંથી ક્યારેય પણ વિચલિત થતો નથી. કબીરસૂચિત ભક્ત ભક્તિના આનંદમાં 'ઉન્મત્ત' બની જાય છે અને 'સ્તબ્ધ' એટલે કે નિષ્ક્રિય બની જાય છે તથા પોતાના આત્મામાં જ રચ્યોપચ્યો રહે છે. ભક્તજનને કશી વસ્તુની લાલસા હોતી નથી. એ શોકરહિત, દ્વેષરહિત હોય છે. કબીરજી કહે છે—

> जन कौ काम-क्रोध व्यापे नहीं, तृष्णाना जरायै ।
> प्रफुल्लित आनंद में गोविंद गुण गावै ।।

વિષયત્યાગ, કુસંગત્યાગ, અખંડ ભજન-કીર્તન વગેરેથી ભક્તિ મળે એ વાત સાચી છે. પરંતુ ભક્તિપ્રાપ્તિ માટે સૌથી વધુ આવશ્યકતા તો ઈશ્વરકૃપા અને સંતકૃપાની હોય છે.

> कबीर सेवा को दुई भले, एक सन्त, एक राम ।
> राम जो दाता भक्ति को, सन्त जपावे नाम ।।

નારદે તથા સૂફી સંતોએ ભક્તિમાં વિરહતત્ત્વને અત્યંત મહત્ત્વ આપ્યું છે. કબીરજી પણ વિરહને ગુરુની દેણગી માને છે.

> बिन रोये क्यों पाइये प्रेम पियारा मित।

જે વ્યક્તિના હૃદયમાં ગુરુપ્રેરિત વિરહબાણ વાગે છે તે જીવિત રહી શકતો નથી, તેનું નિવારણ કે ઉપચાર અશક્ય હોય છે અને આવી વ્યક્તિ જીવિત રહે તો તે પાગલ થઈ જાય છે. આ હકીકત સમજાવતાં કબીરજી કહે છે—

> राम वियोगी ना जियै, जियै तो बौरा होय ।
> गूंगा हुआ बावला, बहरा हुआ कान ।
> पाँव से पंगुल भया, सतगुरु मार्या बान ।।

તન્મયતા એ પ્રભુભક્તિ માટેનું આવશ્યક તત્ત્વ છે.

હૃદયની સાત્ત્વિક સમર્પણ બુદ્ધિની પ્રકટ અભિવ્યક્તિ એટલે ઉપાસના. ઉપાસના ઉપાસ્યના વ્યક્ત અને અવ્યક્ત બંને રૂપોની હોય છે, પરંતુ વ્યક્તરૂપની ઉપાસના વધુ સરળ અને પૂર્ણ હોય છે. અવ્યક્ત પ્રત્યે ચિત્તને એકાગ્ર કરવું ખૂબ દુષ્કર હોય છે, કષ્ટપ્રદ હોય છે કેમ કે દેહેન્દ્રિધારી મનુષ્યને માટે અવ્યક્તની ગતિ દુર્બોધ હોય છે. કબીરજી રામના અનન્ય ભક્ત છે. જોકે એમની ભક્તિ મુખ્યત્વે અવ્યક્ત અને નિર્ગુણ પ્રત્યેની છે. આમ છતાં વ્યક્ત-ભાવનાનું તેઓએ સહજ નિરૂપણ કર્યું છે.

ભગવાનનો પુરુષાવતાર કબીરજીને સ્વીકાર્ય છે. કબીરજીના ઉપાસ્ય દેવ તરીકે વિરાટ બ્રહ્મ ઉપરાંત 'સુનિ મંડળવાસી પુરુષ' પણ છે. દસમ દ્વારના નિવાસી આવા પુરુષ સુધી પહોંચવું કઠણ છે. કબીરજીએ આત્મા વડે ભક્તિ કરવાનો માર્ગ ઉપદેશ્યો છે. જો આ પણ શક્ય નહીં હોય તો ભગવાનને હૃદયપૂર્વક નમસ્કાર કરીને કે પ્રસન્નચિત્તે તેનું કીર્તન કરીને પ્રભુની ઉપાસના કરી શકાય.

*निराकार निज रूप है प्रेम-प्रीत से सेव ।*
*पूजा कर न समाज गुजार एक निराकार हृदय नमस्कार ।*

કબીરજીની ઉપાસનામાં વર્ણાશ્રમ-વ્યવસ્થાને કોઈ સ્થાન નથી. સ્વામી રામાનુજાચાર્યની પરંપરાને અનુકૂળ અને ગુરુસ્વામી રામાનંદના ઉપદેશ અનુસાર કબીરજીએ ભક્તિના ક્ષેત્રમાં વર્ણાશ્રમ કે જાતિપાંતિની ઉપેક્ષા કરી છે.

*कबीर को स्वामी अनड विनोदी, जाति काहू की न मानी ।*

'શ્રીમદ્ભાગવત'માં ભક્તિને – તામસી, રાજસી અને સાત્ત્વિકી એમ ત્રણ પ્રકારોમાં વિભાજિત કરી છે. પરંતુ આ ત્રણે પ્રકારોની ભક્તિને 'ગૌણી ભક્તિ' કહે છે. પરાભક્તિ અહેતુકી અને અવ્યવહિત હોય છે અને તે નિર્ગુણ ભક્તિ કહેવાય છે. પરાભક્તિમાં લીન થયેલ ભક્ત ભગવત્સેવા સિવાય અન્ય કશાની લાલસા રાખતો નથી – મુક્તિ અથવા મોક્ષની પણ નહીં. પરાભક્તિમાં લીન ભક્ત ઈશ્વરને સૌથી વધુ પ્રિય હોય છે. કેમ કે આવી ભક્તિ ભક્તની કામનાથી કલુષિત હોતી નથી.

*जब लग भगति सकामता, तब लग निष्फल सेव ।*

શ્રીમદ્ભાગવતની ભક્તિની જેમ કબીરજીની ભક્તિ ત્રિગુણાતીત છે. ત્રિગુણા એટલે માયા. આ ત્રિગુણાથી જે ઉપર ઊઠે તે વ્યક્તિ ચોથા પગલે ભગવાનનો સાક્ષાત્કાર કરી શકે છે અને 'અભિનવ જીવન' પ્રાપ્ત કરે છે.

*रज गुण, तम गुण, सत गुण कहिए यह सब तेरी माया ।*
*चौथे पद को जो नर चीन्है तिनहिं परम पद पाया ।*

'અભિનવ જીવન' એટલે દ્વંદ્વાતીત અને સમદર્શી ગુણવાળું જીવન. આવી અવસ્થામાં ભક્તનાં કૃતકર્મોનો નાશ થાય છે. સમદર્શિતા જ્ઞાનમૂલક હોવા છતાં ભક્તિનું આવશ્યક અંગ છે.

'નારદ-ભક્તિસૂત્રમાં'માં કહ્યું છે કે 'નિર્ગુણ ભક્ત વેદ-પુરાણોની ઉપેક્ષા કરે છે અને કેવળ અખંડ ભગવત્પ્રેમને જ સ્વીકારે છે.' કબીરજી પણ વેદ-પુરાણોનો વિરોધ કરતાં કહે છે –

*क्या पढ़िये, क्या गुनिये, क्या वेद-पुराणा सुनिये*
*पढ़े सुने क्या होई, जो सहज न मिल्यौ सोई ।*

પરંતુ વેદપુરાણનો આવો વિરોધ સહેતુક છે. કબીરજી એમ સિદ્ધ કરવા માંગે છે કે પુસ્તકિયા જ્ઞાનની તુલનામાં સહજ જ્ઞાન વધુ મહત્ત્વપૂર્ણ છે. કબીરજી પુસ્તકિયા જ્ઞાનને ક્યારેય પણ હીણ સમજતા નહોતા.

*वेद कतेब कबहु मत झूठा, झूठा सोई जो न आप विचारै ।*

સદાચરણ એ કબીર-ભક્તિનું બીજું મહત્ત્વનું પાસું છે. નારદ-ભક્તિસૂત્રમાં જેમ સ્ત્રી, ધન અને નાસ્તિકોથી દૂર રહેવાનો ઉપદેશ છે તે જ પ્રમાણે કબીરજી પણ કહે છે–

*एक कनक, एक कामिनी-दुरगम घाटी दोय ।*

ભક્તજન માટે 'મનને મારવું' સર્વોપરિ હોય છે, પરંતુ કબીરજી વ્યર્થ શારીરિક કષ્ટની પુષ્ટિ કરતા નથી. કબીરજીની ભક્તિ તો ભાવભક્તિ છે. એ ભક્તિની સૌથી મોટી વિશેષતા તે એની પ્રપત્તિપરતા છે. 'પ્રપતિ' શબ્દનો રૂઢ અર્થ 'આત્મનિવેદન' થાય, પરંતુ ભક્તિના ક્ષેત્રમાં તે 'આત્મસમર્પણ' કે 'શરણાગતિ'ના અર્થમાં પ્રયોજાતો હોય છે. ભગવદ્ગીતામાં શ્રીકૃષ્ણે કહ્યું છે –

'सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । કબીરજી પણ પ્રપતિમાર્ગમાં સંપૂર્ણ શ્રદ્ધા ધરાવે છે. તેઓ કહે છે –

*–तेरी गति तू ही जाने, कबीर तो तेरी सरना ।*

જાણે કે, એક કૃષ્ણભક્ત જે શ્રદ્ધાથી 'શ્રીકૃષ્ણ શરણં મમ' કહે છે તેટલી જ આસ્થાથી કબીરજી પણ કહે છે–

*जन कबीर तेरी सरन आयों, राखि लेहु भगवान ।*

આ પ્રપતિભાવના કબીરજીની ભક્તિભાવનાનું હાર્દ હોય તો ત્યાં જાતિ-પાંતિભેદ ક્યાંથી સંભવે ?

'વાયુપુરાણ'માં પ્રપતિભાવનાં કેટલાંક લક્ષણો વર્ણવ્યાં છે – (૧) आनुकूलनस्य संकल्प (२) प्रतीकूलस्य वर्जनम् (३) रक्षिष्यति इति विश्वासः (४) गीप्तृत्वे वरणं (५) आत्मनिक्षेप (६) कार्पण्य

'आनुकूलस्य संकल्प' એટલે પ્રભુને પ્યારી હોય એવી વાતો જ કરવી. કબીરવાણીમાં સર્વત્ર સદાચરણનો આગ્રહ વર્તાય છે. એમણે સર્વદા હૃદયની નિષ્કપટતા ઉપર ભાર મૂક્યો છે. – हरि न मिले बिन हिरदे सूधः પ્રપતિમાર્ગનું બીજું પગલું તે 'प्रतिगूलस्य वर्जनम्'. ભક્તજનોને એવાં કોઈ કાર્યો ન કરવાં જોઈએ જેનાથી ભગવાન અપ્રસન્ન થાય. એ માટે ભક્તજનોએ અસદ્ કાર્યોથી એટલે કે કામ, ક્રોધ, લોભ, મોહાદિથી દૂર રહેવું જોઈએ. ભગવાનને અસંતો સૌથી વધુ અપ્રિય હોય છે.

પ્રપતિમાર્ગનું ત્રીજું સોપાન તે रक्षिष्यति इति विश्वासः – अर्थात् 'ભગવાન રક્ષા કરશે જ' એવો દૃઢ વિશ્વાસ રાખવો. આવો વિશ્વાસ ભક્તહૃદયમાં સંપૂર્ણ આસ્તિકતા જન્માવે છે. આવા વિશ્વાસને પરિણામે કબીરજી કહે છે–

*अब मोहि राम भरोसो तेरा, और कौन का करौं निहोरा ।*

પ્રપતિનું ચોથું લક્ષણ એટલે 'गीप्तृत्वे वरणं – ભગવાનનું ગુણકથન કરવું તે.

*निरमल निरमल राम गुण गावै ।*
*सो भगता मेरे मन भावै ।*

પ્રપતિનું પાંચમું અંગ 'आत्मनिक्षेप'નું છે. આમાં ભક્તજને પોતાની જાતને સંપૂર્ણપણે પ્રભુને સમર્પિત કરવાની હોય છે. સતી નારીના દૃષ્ટાંત દ્વારા આ વાતને સ્પષ્ટ કરતાં કબીરજી કહે છે–

*तन मन जीवन सौपि सरीरा ।*
*ताहि सुहागिन कहै कबीरा ।*

પ્રપતિનું છેલ્લું લક્ષણ 'कार्पण्य'નું છે. કાપર્ણ્ય અર્થાત્ દીનતા. ભક્તજન પોતાની દીનતા-હીનતાનો સ્વીકાર કરે અને પ્રભુશરણમાં જાય. કાર્પણ્યમાં આત્મનિવેદન, ભક્તનું અકિંચનપણું, ક્ષુદ્રતા અને ભગવાનની મહાનતા આદિનો સમાવેશ થાય છે.

*मैं गुलाम मोहि बेचि गुसाई ।*
*तन मन धन मेरा रामजी के ताईं ।।*

*कहै कबीर सुन केसवा, तू सकल वियापी ।*
*तुम समानि दाता नहि, हम-से नाहि पापी ।।*

વિનય વિના ભક્તિ ન શોભે, કબીરજીની વાણીમાં વિનયનો અભાવ નથી.

કબીરજીની ભક્તિ મુખ્યત્વે કૃપાસાધ્ય છે અને અંશતઃ ક્રિયાસાધ્ય છે. કબીરજી ભક્તિને ઈશ્વરકૃપાનું પરિણામ માને છે. પૃષ્ટિમાર્ગીય ભક્તિ પણ ઈશ્વરકૃપાને જન્મે છે. 'પૃષ્ટિ'નો અર્થ 'અનુગ્રહ' અથવા 'કૃપા' જ થાય છે.

કબીરજીની વાણીમાં ભક્તિ અને યોગનું મિશ્રણ દેખાય છે. એનું કારણ એ છે કે કબીરજીએ 'સુનિ મંડળવાસી પુરુપ'ને પોતાના ઉપાસ્ય તરીકે સ્વીકારેલ છે. હઠયોગ અને પ્રેમયોગનું અનુસંધાન એમની સાધનાની મધ્ય અવસ્થા છે. સાધનાની અંતિમ અવસ્થામાં કબીરજી પૂર્ણતયા સહજયોગી અથવા પ્રેમયોગી જ બની રહે છે. હઠયોગની સાધના ખૂબ અઘરી છે, કઠણ છે. કબીરજી ભક્તિને 'કઠણ દુહેલી' અથવા 'ખાંડાની ધાર' કહે છે તે આ કારણે જ.

શ્રીમદ્‌ભાગવતમાં ભક્તિના નવ પ્રકારો વર્ણવ્યા છે – શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, હાસ્ય, સખ્ય અને આત્મનિવેદન. પરંતુ નારદ-ભક્તિસૂત્રમાં અગિયાર પ્રકારની ભક્તિ વર્ણવી છે. – ગુણ માહાત્મય, રૂપાસક્તિ, પૂજાસક્તિ, સ્મકરણ, હાસ્યાસક્તિ, સખ્યાસક્તિ, કાન્તાસક્તિ, વાત્સલ્યાસક્તિ,

તન્મયાસક્તિ, પરમ વિરહાસક્તિ અને આત્મનિવેદનાસક્તિ નારદ-ભક્તિસૂત્રમાં કહેલી લગભગ તમામ આસક્તિઓનો ઉલ્લેખ કબીરવાણીમાં મળી આવે છે જેમકે–

*गुणमाहात्म्यासक्ति*

*निरमल निरमल राम गुण गावै सो भगता मेरे मन भावै ।*

*रूपासक्ति*

*कंद्रप कोटि जाले लावन धरै, घट घट भीतरि मनसा हरै ।*

*पूजासक्ति*

*जो पूजा हरि नाही भावै, सौ पूजनहार चढावै ।*
*जेहि पूजा हरि मन भावै सो पूजनहार न जानै ।।*

*स्मरणासक्ति*

*भगति भजन हरि नाँव है, दूजा दुक्ख अपार ।*
*मनसा वाचा कर्मना, कबीर सुमिरण-सार ।।*

*हास्यासक्ति*

*जो सुख प्रबु गोविंद की सेवा, सो सुख राज न लहियै ।*

*कान्तासक्ति*

*हरि मेरा पीव, मैं राम की बहुरिया ।*

*वात्सल्यासक्ति*

*हरि जननी, मैं बालक तोरा ।*

*तन्मययासक्ति*

*कहै कबीर हरि दरस दिखावौ ।*
*हम हि बुलावौ कै तुम्हि चलि आवौ ।।*

*परमविरहासक्ति*

*बाल्या आव हमारे गेह रे, तुम बिन दुखिया देह रे,*
*सब कोई कहै तुम्हारी नारी, मोको ईहै अदेह रे,*
*एकमेक हौ सेज न सोवे तब लग कैसा नेह रे ।।*

*आत्मनिवेदनासक्ति*

*माधो मैं एसा अपराधी, तेरी भगति हेत नहीं साधी ।*

કબીરજીએ ભક્તિનાં સાધનોની સ્વતંત્ર યાદી આપી નથી છતાં એમનાં ભક્તિપદોમાં એમણે માનવશરીર, ગુરુસેવા, ભગવત્કૃપા, નામ, જપ, સ્મરણ કીર્તનાદિનો ભક્તિનાં સાધનો તરીકે ઉલ્લેખ કર્યો છે.

તુલસીદાસજીએ 'तनु विनु वेद भजन नहि वरना' એમ કહ્યું છે. કબીરજી પણ તુલસીમત સાથે સંમત છે કે શરીર વિના ભજન શું સંભવે ? 'નિરીન્દ્રિય આત્મા તો કેવળ જ્ઞાન સ્વરૂપે હોય છે એટલે એને વાચા ન હોય. આથી ભક્તિ માટે શરીરની આવશ્યકતા રહે છે. તમામ પ્રાણીશરીરોમાં માત્ર માનવશરીરમાં જ્ઞાનના વિશેષ સંચારની ક્ષમતા રહેલી છે. ભક્તિ માટે જ્ઞાન પરમ આવશ્યક તત્ત્વ છે એટલે ભક્તિ-સાધના માટે માનવશરીર જ શ્રેષ્ઠ સાધન છે. માનવદેહની પ્રાપ્તિ અત્યંત દુર્લભ છે આથી જેઓ માનવદેહ મળવા છતાં પ્રભુને વીસરી જાય છે, તેઓએ ખૂબ પસ્તાવું પડશે એમ કબીરજી કહે છે. સંસારમાં આવ્યા પછી મનુષ્ય અજ્ઞાનની માયાજાળમાં ફસાઈ જઈને, લોકવ્યવહારોમાં રચ્યોપચ્યો રહીને વાસ્તવિક સત્યતત્ત્વને કેમ વીસરી જાય છે ? મનુષ્યના અજ્ઞાનનું નિવારણ કરવા માટે કોઈ ગુરુ દ્વારા પ્રાપ્ત જ્ઞાન, પ્રેમ અને વિરહની જરૂર રહે છે. ગુરુસેવા દ્વારા આ બધું પ્રાપ્ત થઈ શકે.

પરંતુ ગુરુસેવાની સાથોસાથ ભગવતકૃપા પણ આવશ્યક છે. કબીરજીની ભક્તિ મહદ્અંશે કૃપાસાધ્ય છે. ગુરુ વિના ભગવત્કૃપાની પ્રાપ્તિ અસંભવ છે. વળી કબીરજી 'સ્મરણ'ને ભક્તિ અને ધર્મનો સાર કહે છે, બાકી બધાંને વ્યર્થ જંજાળ કહે છે. 'સ્મરણ'માં અજપા જાપનો સમાવેશ થઈ જાય. 'અજપા જાપ' એટલે પ્રત્યેક શ્વાસ અને ઉચ્છ્વાસમાં પ્રભુ સાથે અદ્વૈતનો અનુભવ કરવો તે. અજપા જાપ કરતાં કરતાં સાધન સ્વયં સાધ્ય-સ્વરૂપ બની જાય છે.

*तूं तूं करता तूं भया, मुझमें रही न तूं ।*
*वारि फेरि बलि गई जित देखौ तित तूं ।*

કબીરજી કહે છે – कबीर संगति साधु की कबहूँ न खाली जाय ।

આમ કહીને તેઓ સત્સંગનો મહિમા વર્ણવે છે. 'સાધુ' એટલે ભગવદ્ સ્વરૂપ. જેને સાધુનો સાક્ષાત્કાર થાય તે વ્યક્તિ સદ્ભાગી ગણાય. 'સાધુ'ની વ્યાખ્યા આપતાં કબીરજી કહે છે–

*निरबैरी, निह-कांमता, साईं सेती नेह ।*
*विषिया सूं न्यारा रहे, संतन का अंग एक ।।*

આ ઉપરાંત શ્રદ્ધા, વિશ્વાસ, સત્યાચરણ, નિષ્કપટતા વગેરે પણ ભક્તિપ્રાપ્તિ માટેનાં સાધનો જ છે. 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' પદમાં સાચા વૈષ્ણવનાં જે લક્ષણો ગણાવ્યાં છે તે કબીરજીએ સ્વીકાર્યા છે.

કબીરજીની ભક્તિનું સ્વરૂપ સરળ, સહજ અને લોકોપયોગી છે. એમણે માનવજીવન માટે ભક્તિને અનિવાર્ય નથી માની, પરંતુ સ્મરણ, સત્સંગ અને સદાચરણને વિશેષ મહત્ત્વ આપ્યું છે. ભાવભક્તિનો સંદેશ એમણે આપ્યો છે. કબીરજીને પોતાના ગુરુ સ્વામી રામાનંદજી તરફથી ભાવભક્તિનું વરદાન પ્રાપ્ત થયું હતું જે તેમણે 'સપ્ત દીપ, નવખંડ'માં સંદેશરૂપે પ્રસારિત કર્યાં. કબીરજીએ ભક્તિ નારદીય, પ્રેમ-મૂલા, ભાવપ્રધાન ભક્તિ છે. એ ભક્તિમાં સૂફી સંતોને 'ઇશ્ક' ભળતાં તે વધુ મધુર બની છે. હઠયોગીની કષ્ટપૂર્ણ સાધનાનો જરાક રંગ પણ એમાં ભળ્યો છે એટલે તેને 'ખાંડાની ધાર' કહેવામાં આવી છે. કબીરજીના ઉપાસ્યદેવ 'સુતિ મંડળવાસી' નિર્ગુણ પુરુષ હોવા છતાં તે સગુણ અને સાકાર બન્યો છે. કબીરજીના ઉપાસ્યદેવ 'અનદ વિનોદી ઠાકુર' છે, જે જાતિ-પાંતિમાં વિશ્વાસ રાખતા નથી. આમ, કબીરજીની ભક્તિ નારદી હોવા છતાં સાર્વલૌકિક, સાર્વકાલિક અને સાર્વભૌમિક છે. તે સહજ અને સરળ હોવા છતાં 'ખાંડાની ધાર' સમાન છે. વૈષ્ણવોની ભક્તિની જેમ તે ભાવપ્રધાન છે. કનક અને કામિની એમના ભક્તિપથના સૌથી મોટા અવરોધકો છે. એમની ભક્તિ નિષ્કામ અને ભાગવતી છે.

(કબીરવાણી : જાન્યુઆરી '૯૭)

❑

# બાહ્યાચાર વિશે કબીરસાહેબની વિચારસરણી

જનક ઠાકર

કબીરસાહેબનો આવિર્ભાવ એવા સમયે થયો હતો કે જ્યારે દેશની રાજનૈતિક, ધાર્મિક અને સામાજિક પરિસ્થિતિ ખૂબ જ અવ્યવસ્થિત હતી. રાજનૈતિક દૃષ્ટિએ કબીરનો યુગ ઊથલપાથલ તથા સત્તાપરિવર્તનનો યુગ હતો. ઇસ્લામી શાસકોની દમન અને શોષણની પ્રવૃત્તિથી ભારતીય સમાજમાં આતંકનું વાતાવરણ હતું. હિંદુ અને મુસ્લિમ બે અલગ-અલગ વિરોધી ધર્મના રૂપમાં અસ્તિત્વમાં હતા. જેને પરિણામે કટ્ટર મનોવૃત્તિઓનો વિકાસ થયો. મુસ્લિમ આક્રમક તથા સત્તાધારીઓ દ્વારા મંદિરોને ધ્વસ્ત કરવા, મૂર્તિઓને નષ્ટ-ભ્રષ્ટ કરવી તથા હઠાત ધર્મ પરિવર્તનની ક્રૂરતાના પરિણામે ભારતીય જનમાનસમાં શત્રુતા ભાવ વિદ્યમાન હતા. ભારતીય સમાજમાં વર્ણ-વ્યવસ્થાની કઠોરતાને કારણે ઉચ્ચ અને નિમ્નભાવ જોવા મળે છે. સવર્ણ હિંદુઓના અસ્પૃશ્ય તથા શૂદ્ર વર્ગ પ્રત્યેના ઉપેક્ષાભાવને કારણે સમાજને સંગઠિત કરવો મુશ્કેલ કાર્ય હતું. સમસ્ત ભારતીય વાતાવરણ સંક્ષુબ્ધ હતું. જેને કારણે ધર્મના મૂળ હાર્દને ભૂલીને તીર્થ, વ્રત, ઉપવાસ, હોમાચાર જેવા બાહ્યાચારને જ ધર્મનું રૂપ માનવામાં આવતું હતું. ત્યારે ધર્મના સમસ્ત બાહ્યાચારોનો અસ્વીકાર કરી અપાર સાહસ સાથે કબીરસાહેબનો આવિર્ભાવ થયો.

કબીર-દર્શનની આધારશીલા અનેકત્વમાં એકત્વ સ્થાપવાનો અદ્વૈતવાદ છે. અજ્ઞાનને કારણે અનેકત્વનો ભાવ આપણા જીવનને ચારે બાજુએથી એવો ભીંસમાં લે છે, જેને કારણે એકત્વની ભાવના ગૂંગળાવા લાગે છે તથા આપણે પારસ્પરિક વિરોધ, ઘૃણા વગેરેમાં હોમાતા રહીએ છીએ. જ્યાં ભેદ-બુદ્ધિ છે, ત્યાં અનેકત્વની ભાવના છે. 'મારું-મારું'ની લક્ષ્મણ-મર્યાદા છે. ત્યાં દુઃખ અને વિનાશ છે. આ આગને ઠારે છે. પ્રેમ અને એકત્વની ભાવનું શીતળ જળ, કબીર આ વાતને સારી પેઠે જાણતા હતા. કબીર જે સમયે થઈ ગયા તે સમયે ભારતીય સમાજના

સંચાલકોમાં 'કથની' અને 'કરની'માં ખૂબ જ અંતર હતું. હિંદુ સમાજનું નિયમન કરવાવાળો બ્રાહ્મણ વર્ગ જ્યાં સૈદ્ધાંતિક દૃષ્ટિએ એકતા તથા સમાનતાનો હામી હતો ત્યાં વ્યવહાર પક્ષે ગુણકર્માનુસાર ચતુર્વણ વ્યવસ્થાને માનતો હતો. જે કબીરના સમય સુધી આવતાં-આવતાં ગુણકર્માનુસારની જગ્યાએ કુળ-જન્માનુસારને માનતો થઈ ગયો હતો. બ્રાહ્મણ કુળમાં જન્મ લેવાને કારણે પોતાને ઉચ્ચ માનતો હતો. પછી તેની દિનચર્યા વૈશ્ય અથવા શૂદ્રની કેમ ન હોય. બીજી બાજુ શૂદ્ર કૂળમાં જન્મેલા શૂદ્રકુળની છાપ લઈને જીવતા હતા. ચાહે તેમનામાં ગુણ-કર્મ ગમે તેટલાં સારાં કેમ ન હોય. જે સ્થિતિ આજે પણ છે. આમ કબીર જ્યારે થઈ ગયા ત્યારે સમાજમાં કુળ મર્યાદા તથા કુળાભિમાન અને બાહ્યાચારના અજગર ભરડાને કારણે હિંદુ સમાજનું પતન થઈ રહ્યું હતું.

કબીરના સમયમાં ભારતમાં કેટકેટલાય ધાર્મિક મત તથા તેમના ઉપ-સંપ્રદાય પ્રચલિત હતા. પ્રત્યેક મત પોતાના જટિલ વિધાનો અને પરસ્પર વિરોધી સિદ્ધાંતોને લઈને પોત-પોતાની ખીચડી અલગ પકાવી રહ્યા હતા, તથા પોતાના મતની આગળ અન્ય મતોને નિમ્ન અને તુચ્છ સમજતા હતા. આથી સમાજમાં દંભ, પાખંડ તથા સામાજિક વિશૃંખલતાનું સામ્રાજ્ય ફેલાયેલું હતું. કબીર સમાજના સજાગ પ્રહરી હતા. તેમની ગંભીર તથા ભેદક દૃષ્ટિએ આ વિશૃંખલતાના મૂળમાં સામાજિક અધોગતિ તથા પતનના કારણને જોયું અને સમાજ સુરક્ષા એક સામાન્ય સત્યના સ્વરૂપને રજૂ કરી તેને સુધારવાનો પ્રયત્ન કર્યો. આ કાર્યમાં તેમણે પૂર્ણ નિષ્પક્ષતાથી કામ લીધું છે. એક સારગ્રાહીની જેમ તેમણે પ્રત્યેક મત તથા સંપ્રદાયની સારી બાબતોની પ્રશંસા કરી કુરીતિઓ, અન્યાયો, વિષમતાઓ તથા દંભનું નિર્મમ તથા કઠોર શબ્દોમાં ખંડન કર્યું.

કબીરે બાહ્યાચાર-પ્રધાન ધર્મની જે આલોચના કરી છે તેની પરંપરા બહુ જૂની છે. બાહ્યાચાર મૂલક જે ધાર્મિક વિધિ-વિધાનનું કબીરે ખંડન કર્યું છે. લગભગ તે બધી જ પરંપરાઓનું ખંડન તેમના પૂર્વવર્તી હઠયોગીઓએ કર્યું છે. તે જ રીતે હઠયોગીઓના પણ પૂર્વવર્તી સહજયાની સિદ્ધોએ પણ ભિન્નભિન્ન મતના બાહ્યાચારનું તેવી જ રીતે ખંડન કર્યું છે. જૈન ધર્મમાં પણ આ પ્રમાણે બાહ્યાચારનું ખંડન જોવા મળે છે. જૈનોનું લક્ષ્ય પણ વિશેષ કરીને બ્રાહ્મણોનું જ ખંડન કરવાનું રહ્યું છે. કબીર પણ પરંપરાની દૃષ્ટિએ વિદવિરોધી વિચારધારા ધરાવે છે. પરંતુ તેઓ બૌદ્ધ અથવા જૈનની જેમ નિરીશ્વરવાદી નથી. કબીર પોતાના સમયના વિવિધ સંપ્રદાયના વિચારોથી પરિચિત અને પ્રભાવિત હતા. કબીર જે વાતાવરણમાં જન્મ્યા અને જેમાં એમનું પાલન-પોષણ થયું, તેના સહજ

સંસ્કારરૂપે તે વિચારો તેમને પ્રાપ્ત થયા તેમ કહી શકાય. કબીર, કહેવાય છે તે મુજબ મુસલમાની પરિવારમાં ઊછર્યા. પરંતુ સંસ્કાર તેમના ઘણુંખરું હિંદુમતના છે. બાહ્યાચારના સંબંધમાં તેમણે જે અનેક ઊલટા-સીધા પ્રશ્નો કર્યા છે. તેનું વિશ્લેષણ કરીએ તો જણાઈ આવે છે કે હિંદુઓના બાહ્યાચારના ખંડનમાં તેઓએ ક્યાંય નરમાશ નથી દેખાડી. બ્રાહ્મણો પ્રત્યે તેઓ અપેક્ષાકૃત વધારે કઠોર જણાઈ આવે છે. તે જ રીતે મુસલમાનોના બાહ્યાચારના ખંડનમાં પણ તેટલો જ આક્રોશ તેમનો જણાઈ આવે છે. આધુનિક વિચારકોમાં સ્વામી દયાનંદ સરસ્વતીએ પણ તેવી જ રીતે સ્પષ્ટપણે બાહ્યાચાર અને આડંબરનો વિરોધ કર્યો છે. પરંતુ કબીરના જેવી તીખી, સીધો પ્રહાર કરવાવાળી વ્યંગ્યવાણી તેમના 'સત્ય પ્રકાશ'માં પણ મળવી મુશ્કેલ છે. આ કાર્ય કબીરે ત્યારે કર્યું જ્યારે લોદીવંશના મુસ્લિમ શાસકોની આણ વર્તાતી હતી અને ઇસ્લામના વિરુદ્ધ કંઈ કહેવું તે સામાન્ય વાત ન હતી.

કબીરના સમયમાં જનતામાં સર્વાધિક પ્રભાવ હિંદુમત અથવા પૌરાણિક ધર્મનો હતો તથા સૌથી મહત્ત્વની વાત હોય તો તે એ છે કે કબીરસાહેબે પૌરાણિક હિંદુ ધર્મના આચાર-બાહુલ્યને જ પોતાનું લક્ષ્ય બનાવ્યો છે. તેઓની કોઈ પણ પૂજા કે ઉત્સવ તેમને સૌથી વધુ ખટકે છે, મૂર્તિપૂજા તો તેમને ખૂબ જ ખટકતી. વેદપાઠ, તીર્થસ્થાન, વ્રત-ઉપાસના, આભડ-છેટ, અવતારોપાસના, કર્મકાંડ બધાં જ વિરુદ્ધ તેઓએ પોતાનો આક્રોશ ઠાલવ્યો છે. વસ્તુતઃ હિંદુધર્મ તેમની દૃષ્ટિએ એક બાહ્યાચાર-મૂલક ઢોંગ માત્ર હતો. તેમના સમયમાં હિંદુધર્મના વિભિન્ન સંપ્રદાય, વૈષ્ણવ સંપ્રદાય, તેના ઉપસંપ્રદાયને શૈવ સંપ્રદાય શાક્ત સંપ્રદાય, સ્માર્ત સંપ્રદાય, ઇસ્લામ, સૂફી વગેરે વિભિન્ન ધાર્મિક મત-મતાંતર જનતાને પોતપોતાની રીતે પ્રભાવિત કરવાનો પ્રયત્ન કરી રહ્યા હતા. તે સમયે હિંદુધર્મમાં વિભિન્ન પ્રકારની ઉપાસના પદ્ધતિ અને સાધના પ્રચલિત હતી. જેમાં પરસ્પર એકબીજા પ્રત્યે ઉપેક્ષા તથા પોતાને જે સંપૂર્ણ સમજવાની દંભપૂર્ણ ભાવના હતી. કબીરે તે બધા જ ઉપાસક અને ઉપાસના પદ્ધતિને પોતાના વ્યંગ્યબાણનું નિશાન બનાવ્યું છે. કેમ કે તેમને ધર્મના વાસ્તવિક સ્વરૂપનું જ્ઞાન નથી.

કબીરના મતાનુસાર સંપૂર્ણ હિંદુ પૌરાણિક સિદ્ધાંત વેદ અને સ્મૃતિ પર આધારિત છે અને આ ગ્રંથો ભ્રમની ઉત્પત્તિ કરવાવાળા છે. તેને ધર્મના સાચા માર્ગદર્શક માની શકાય નહીં. વેદ સ્મૃત્યાદિ સમર્થિત હિંદુ વર્ણવસ્થાને માટે કબીરમાં અત્યંત ઉગ્ર આક્રોશ જોવા મળે છે. કારણ કે તે માનવ-માનવ વચ્ચે ભેદભાવ ઉત્પન્ન કરે છે. તેઓ મનુષ્ય માત્રને સમાન માને છે. જન્મથી પ્રત્યેક વ્યક્તિ સમાન છે. જાતિ-ભેદ તો જન્મ પછી સમાજે અને ધાર્મિક વ્યવસ્થાએ

ઉત્પન્ન કર્યા છે. જો વિધાતાને આ જાતિ-ભેદ સ્વીકાર્ય હોય તો વિભિન્ન જાતિઓની જન્મ પ્રક્રિયાને ભિન્ન-ભિન્ન કેમ ન બનાવી. આથી કબીર વર્ણ-વ્યવસ્થા અસ્વાભાવિક, વર્ગ-સ્વાર્થોની સમર્થક તથા મનુષ્યકૃત માને છે. સાથે સાથે તેઓ કહે છે કે બ્રાહ્મણ તથા ક્ષત્રિય પોત-પોતાના કર્મને ભૂલીને પ્રમાદગ્રસ્ત થઈ ગયા છે. આ સિવાય કબીરે છૂતાછૂત તથા અપવિત્રતા જેવી ભાવનાને ભડકાવવાળા શાસ્ત્રીય વિધાનોની પણ કટુ આલોચના કરી છે. તેમના અનુસાર આ બધો ઢોંગ છે.

વર્ણ-વ્યવસ્થાની જેમ કબીરે હિંદુઓના અવતારવાદ અને મૂર્તિપૂજાની પણ ખૂબ જ આકરી ટીકા કરી છે. તેમનું કહેવું છે કે જો કૃષ્ણ નંદના પુત્ર હતા તો નંદ સૃષ્ટિના આદિ સમયમાં ક્યાં હતા. તેમના અનુસાર બ્રહ્મ એ ન તો દશરથને ત્યાં જન્મ લીધો છે, ન નંદને ત્યાં. કબીરનો બ્રહ્મ તો નિરંજન અને નિરાકાર છે. તેનો આદિ-અંત કંઈ જ નથી. પરંતુ હિંદુ તેની મૂર્તિની સ્થાપના કરે છે. મંદિર બનાવે છે. ભોગ ધરાવે છે તથા દ્વાર પર ઊભા રહી તેને પોકારે છે. એક પ થરને તે ઈશ્વરનું સ્વરૂપ આપે છે. ત્યારે કબીર કહ્યા સિવાય રહી શકતા નથી કે–

*'पाहन पूजै हरि मिले तो मैं पूजूँ पहार ।'*

આથી આ બધું વ્યર્થ છે. તે જ રીતે કબીર તીર્થ, વ્રત, ઉપવાસાદિને પણ વ્યર્થ સમજે છે. કેમકે તેના દ્વારા બ્રહ્મની પ્રાપ્તિ અસંભવ છે. કબીરના શબ્દોમાં બ્રહ્મનું સ્વરૂપ આ પ્રમાણે છે–

*जाकै मुँह माता नहीं, नही, रूपक रूप ।*
*पुहुप बास थैं पातरा एसा तत्त अनूप ।।*

આથી એવા બ્રહ્મની ઉપાસના હૃદયથી જ થઈ શકે. ઈશ્વર સદૈવ આપણા હૃદયમાં વાસ કરે છે. તેથી તેને શોધવા આમ-તેમ ભટકવું અજ્ઞાનતા છે. તે જ રીતે તેઓ મૃતકભોજ, પિંડદાન, શ્રાદ્ધ ક્રિયા વગેરેને પણ ઢોંગ માને છે.

કબીર કંઈક અંશે વૈષ્ણવોના પ્રશંસક રહ્યા છે. તો શાક્તોના કટ્ટર વિરોધી. શાક્તોને તો તેઓ અત્યંત નીચ અને ક્રૂર માને છે. શાક્તો પ્રત્યેની તીવ્ર ઘૃણાને કારણે તેઓ શાક્તોની છાયાથી પણ બચવા જણાવે છે.

*'वैश्नों की छपरी मली ना साषत कौ बड गाँउ ।।*

કબીરે શાક્તોનો આટલો ઉગ્ર વિરોધ તેમનાં માંસ-ભક્ષણ, મદિરા-પાન, નારી-સંસર્ગ વગેરેને કારણે જ કર્યો છે. કેમ કે શાક્તોના અનેક સંપ્રદાય તંત્ર-મંત્રાદિની સિદ્ધિને માટે ઉપરોક્ત વસ્તુઓનો ઉપયોગ આવશ્યક માને છે.

તેઓએ વૈષ્ણવોની ભક્તિ-ભાવના, વિનયશીલતા વગેરેથી પ્રભાવિત થઈને તેઓની પ્રશંસા કરી છે. પરંતુ સાથે-સાથે તેમની તિલક-છાયા. બાહ્યાડંબર, અહંકાર, ધર્મના તીર્થ, વ્રત, વેશ, મૂર્તિ-પૂજા, અવતારવાદ તથા શાસ્ત્ર વિહિત નિયમોને ત્યાજ્ય જણાવી તેમનો પરિત્યાગ કરી નિશ્ચળ અને સહજ મનથી ભગવદ્ભક્તિ કરવાની સલાહ પણ આપી છે. તેમ છતાં પણ કબીર વૈષ્ણવ મતથી ખૂબ પ્રભાવિત જણાય છે. તેમનો બધો રોષ શાક્તો પર જણાઈ આવે છે. કેમકે કબીર અહિંસા અને પવિત્રાચરણના અનન્ય ઉપાસક હતા. આથી જ તેમને શાક્તોની હિંસા, મદ્ય, માંસ, નારીમાં લિપ્ત રહેવું વગેરે અત્યંત નીચતાપૂર્ણ લાગતું હતું. તેવી જ રીતે કબીર અન્ય હિંદુમત-મતાંતરોના આડંબરથી પણ જનતાને દૂર રહેવાને સચેત કરતા રહ્યા.

હિંદુ મત-મતાંતરોની જેમ કબીરે ઇસ્લામના બાહ્યાડંબરની પણ ભર્ત્સના કરી છે. મુસલમાનોને તેઓએ પ્રાયઃ 'તુર્ક'ના નામે સંબોધન કર્યું છે. મુસલમાનોના કાજી, શેખ, મુલ્લા, દરવેશ વગેરેની પણ કટુ આલોચના કરી છે. તેઓ મુલ્લાની અજાનની ટીખળ કરતાં કહે છે કે શું તારો ખુદા બહેરો છે કે મુલ્લા મસ્જિદ ઉપર ચઢીને ઊંચે અવાજે પોકારે છે. જૂઠી હજ-યાત્રા અને જૂઠી બંદગી તથા પાંચવાર નમાજ પઢવાને તથા સાથે-સાથે સ્વાદને માટે છૂરી લઈને ગૌ-હત્યા કરવી વગેરેમાં કબીરને ક્યાંય સંગત દેખાતી નથી. તે જ રીતે તેઓ મુલ્લા મૌલવીને પણ વ્યર્થના રોજા રાખવાવાળા તથા મીનાર પર ચઢીને 'અજાં' કરવાવાળા કહે છે. તેમના મતે તે બન્ને ભ્રમમાં પડી સંસારની સાથે ચાલ્યા કરે છે અને પોતાના હાથમાં છૂરી લઈને ધર્મના વાસ્તવિક ઉદ્દેશ્યને વિસ્મૃત કરી દે છે.

શાક્તો, જૈનો અને ચાવાર્કોને પણ તેઓએ છોડ્યા નથી. તે જ રીતે બૌદ્ધને પણ તેઓએ પાખંડી કહ્યા છે. ગોરખનાથ પ્રત્યે શ્રદ્ધાભાવ હોવા છતાં તેમણે સિદ્ધોને સંશયમાં પડેલા કહ્યા છે. તેઓ નાથ-પંથીઓને ભ્રમમાં પડીને અઘોરીનો વેશ ધારણ કરવાવાળા તથા પ્રાણાયામ કરવાવાળા તત્ત્વજ્ઞાન હીન કહ્યા છે. કાયા-શોધન અને આ બધા બાહ્યાડંબરોથી પરમાત્માની પ્રાપ્તિ અશક્ય છે. કાયાને સ્થાને આત્માનું શોધન કરવાથી જ બ્રહ્મની પ્રાપ્તિ સંભવ છે. શરીરને યોગી બનાવવાથી મન યોગી બને નહીં. તે જ રીતે કબીરે શ્રાવકો, લુંચિતો, દિગંબરો વગેરે જૈનોના ઉપભેદોની પણ ભર્ત્સના કરી છે.

કબીરસાહેબે પોતાના સમયની પરિસ્થિતિ જોઈને અનુભવ્યું હતું કે માનવ-માત્ર આ ધાર્મિકતાના ચક્કરમાં ફસાઈને ધર્મના સ્વાભાવિક રૂપને ભૂલી ગયો છે. લોક, ધર્મ તથા સમાજમાં વ્યાપ્ત આ મિથ્યાડંબરનું ઉન્મૂલન કરવું આવશ્યક છે. તેમની દૃષ્ટિએ જગતમાં મિથ્યાડંબર ફેલાવવાવાળા પંડિત અને મુલ્લા હતા. આથી બીજકમાં લગભગ એક ડઝન પદ 'પંડિત' અથવા 'પાંડે'ને સંશોધન કરીને કહ્યા છે. આવી પાખંડપૂર્ણ પરિસ્થિતિમાં કબીરે પોતાના વિચાર-સ્વાતંત્ર્યથી કામ લઈને બધા ધર્મોના ઉપયોગી તત્ત્વોનો સંગ્રહ કરી સરળ અને સહજ ધર્મના પાલન કરવાને માટે ઉપદેશ આપ્યો હતો.

આમ આપણે જોઈ શકીએ છીએ કે કબીરે ફક્ત ખંડન કરવા માટે ખંડન નથી કર્યું. પરંતુ જે સમાજમાં તેઓએ જન્મ લીધો હતો તે સમાજનું પતન તેઓ સાંખી શકતા ન હતા અને બધી જ વિકૃતિઓના મૂળ કારણને સંસાર સમક્ષ ખુલ્લે આમ રજૂ કરવાની તેમનામાં નિર્ભિકતા હતી. આથી જ તેઓએ ખંડનની પ્રવૃત્તિ અપનાવી અને મહત્ત્વની વાત તે છે કે આ બધા રોગોની સમર્થ ઔષધિ હતી — સહજ ભક્તિની સંજીવની. આથી જ ખંડનની પ્રવૃત્તિમાં તેમનો પૂર્ણ આત્મવિશ્વાસનો સ્વર હતો. અહીં તે ઉલ્લેખ કરવો પણ આવશ્યક છે કે સહજ ભક્તિ જ વસ્તુતઃ તેમનું સાધ્ય છે. તેની સિદ્ધિ માટે જ તેઓએ ખંડનની પ્રવૃત્તિને સાધનરૂપમાં અપનાવી હતી. બીજકમાં ખંડન પક્ષની ઉક્તિઓ અપેક્ષાકૃત વધારે છે. આથી જ લોકોએ તેમનો સમાજ સુધારકના રૂપમાં મૂલ્યાંકન કરવાનો પ્રયત્ન કર્યો છે. સમાજ સુધારક હોવું ખોટું નથી. પરંતુ ફક્ત સમાજ સુધારક ભાવના તેઓને અન્યાય કરવા બરાબર છે. કબીર સમાજ સુધારકથી મોટા ભક્ત છે. તેઓએ મનુષ્યને મનુષ્યના રૂપમાં જોઈને તેનું મૂલ્યાંકન કરવાને જણાવ્યું. જાતિગત, કુળગત તથા સંપ્રદાયગત વિશેષતાઓ તેમની દૃષ્ટિમાં ગૌણ છે. વસ્તુતઃ તેઓ એવી ઊંચી ભૂમિકા પર ઊભા છે, જ્યાં મનુષ્ય ન તો હિંદુ છે ન મુસલમાન તે કેવળ મનુષ્ય છે. નિઃસંદેહ તેમની વૈચારિક ભૂમિકા એટલી ઊંચી છે કે ના કેવળ હિંદુ-મુસલમાનોને પરંતુ સમસ્ત સંસારને એકતાના સૂત્રમાં બાંધી શકે છે. તેમ છતાં તેઓની એકતાની વાતો સમાજ સુધારકના જેવી નથી. તેઓ એકતાનું પ્રતિપાદન એટલા માટે કરે છે, કારણ કે તે જ યોગ્ય માર્ગ છે. તેઓના દર્શાવેલા માર્ગ પર ચાલવાથી સુધારો અવશ્ય થઈ શકે છે. પરંતુ તેટલાથી આપણે તેમને સમાજ સુધારક ન માની શકીએ. તેમની ભક્તિનું ક્ષેત્ર એટલું વિશાળ અને વ્યાપક છે કે આપણે તેમને સહજરૂપે સમાજ સુધારક માની લઈ શકીએ. પરંતુ સુધારવાદ તેમનું સાધ્ય ન હતું. તેમનું સાધ્ય તો હતું સહજ ભક્તિ.

(કબીરવાણી : જાન્યુઆરી, '૯૭)

❑

# સહજપંથ અને કબીર

ડૉ. વિજય શાસ્ત્રી
સુરત

(સહજપંથ એટલે શ્રી રામચંદ્ર મિશન દ્વારા ચાલતો સહજપંથ નહીં તે વાચક વર્ગ ખાસ ધ્યાનમાં રાખે. અહીં તો 'સહજ' શબ્દને કબીરસાહેબે કેવી વિશિષ્ટ રીતે પ્રયોજ્યો છે તેની માત્ર વિશદ સમજ આપવાનો જ લેખકનો અભિગમ છે.)

— સંપાદકો

'સહજપંથ'નો સાદોસીધો અર્થ છે જટિલ વિવિધ વિધાનોને સરળ કરનારો પંથ. સરલીકરણની પ્રક્રિયા ધર્મના ક્ષેત્રે છેક બ્રાહ્મણ કાલથી ચાલી આવે છે. બ્રાહ્મણ હાલમાં વૈદિક ધર્મ અત્યંત જટિલ બની ગયો હતો. યજ્ઞનો વિધિ તો એટલો જટિલ હતો કે સર્વ સાધારણ પ્રજા સાથેનો તેનો સંબંધ સાવ તૂટી ગયો હતો. માત્ર ધનવાન અને મોભાદાર લોકો જ વૈદિક યજ્ઞોનું અનુષ્ઠાન કરી શકતા હતા. તપોનિષ્ઠ વ્યક્તિ યજ્ઞ કરી શકતી નહોતી. પરિણામે આવા અટપટા યજ્ઞવિધિ સામે પ્રતિક્રિયા શરૂ થઈ. અરણ્ય નિવાસી તપોનિષ્ઠ તપસ્વીઓએ તેની સામે વિદ્રોહ સ્વરૂપે 'આરણ્યકો'ની રચના કરી.

પણ આ 'આરણ્યકો'યે અપૂર્ણ નીવડ્યા. એમાં જે કોઈ ક્ષતિ રહેવા પામી તેની પૂર્તિરૂપે 'ઉપનિષદો'નો ઉદ્ભવ થયો. વૈદિક ધર્મનું સરળ અને સહજતમ સંસ્કરણ એટલે ઉપનિષદો. ઉપનિષદોએ કર્મકાણ્ડપૂર્ણ વૈદિક યજ્ઞોનું જ્ઞાનકાણ્ડી રૂપ પ્રસ્તુત કર્યું. ઉપનિષદકારોએ કેવળ ગુરુ અને નિર્ગુણ બ્રહ્મની પ્રતિષ્ઠા કરી. એમણે એમ કહ્યું કે કર્મકાણ્ડપૂર્ણ વૈદિક યજ્ઞ માત્ર ઇંદ્રલોકમાં જ સફળતા અર્પી શકે છે પણ ઇંદ્રલોકથી વિશેષ મહત્ત્વ પરલોકનું છે અને સાંસારિક સુખ કરતાં વિશેપ મહત્ત્વ મોક્ષનું છે. સાંસારિક સુખ આપણને જન્મમરણના બંધનમાં બાંધે છે પણ મોક્ષ તો આપણને હંમેશને માટે દરેક પ્રકારનાં બંધનમાંથી મુક્તિ અપાવે છે. ટૂંકમાં બ્રાહ્મણ ધર્મનું સહજ સરલ રૂપ ઉપનિષદોમાં સાંપડતું હોઈ ઉપનિષદોને બ્રાહ્મણ ધર્મનું સહજ દર્શન ગણી શકાય. આમ, વૈદિક ધર્મમાં સહજપંથનો અભ્યુદય ઉપનિષદોના રૂપમાં થયો.

પણ ઉપનિષદો મૂલત:દર્શન ગ્રંથો હતા. દર્શન જ્ઞાન પર આધારિત છે. જોકે જ્ઞાનને પૂર્ણતા સુધી પહોંચવા તર્ક અને અનુભવની મદદ લેવી પડે છે. તેથી સમય

જતાં જ્ઞાન અને અનુભવ જેમ જેમ વધતાં ગયાં તેમ તેમ ઉપનિષદોની સંખ્યા પણ વધતી ગઈ અને તેમાં જટિલતા પ્રવેશવા લાગી. જ્ઞાનનો આશ્રય લઈને ઉપનિષદોએ દર્શનિકોને પરમાર્થવૃક્ષ પર એટલા ઊંચા ચડાવી દીધા કે સંસાર એમને સાવ તુચ્છ દેખાવા લાગ્યો. પરિણામે સામાન્ય લૌકિક જીવન સાથેનો સંબંધ તૂટવા લાગ્યો. પરિણામે ફરી પાછી મોક્ષપ્રાપ્તિ માટેના સરળ ઉપાયની આવશ્યકતા વરતાવા લાગી અને તે આવશ્યકતાની પૂર્તિ કરી પુરાણોએ.

વૈદિક ધર્મે પૌરાણિક ધર્મનું રૂપ ધારણ કર્યું. પુરાણોનું પ્રયોજન સૃષ્ટિના ઋતને પ્રગટ કરવાનું અને સરળ લૌકિક કથાઓ દ્વારા સમજવાનું હતું. તેમ છતાં વૈદિક દેવતાઓ પ્રત્યે ભક્તિભાવના ઉત્પન્ન કરવાનું જ લક્ષ્ય એનું હતું. અનેક જાતિઓના સમાગમને કારણે ભારતીય સભ્યતા અને સંસ્કૃતિ પરિવર્તનને આરે આવી ઊભાં હતાં. આ પરિવર્તન ફક્ત સામાજિક ક્ષેત્ર પૂરતું મર્યાદિત ન રહેતાં અધ્યાત્મિકક્ષેત્રે પણ પ્રવેશ્યું. વેદોમાં જે અગ્નિ, ઇન્દ્ર, વરુણ, પૂષણ, સોમ, ઉષા અને પર્જન્ય સુધીના તેત્રીસ કોટિ દેવતાઓનું પ્રાધાન્ય હતું. તેનું સ્થાન ફક્ત શિવ અને વિષ્ણુએ લીધું. ક્રમશઃ શિવ અને વિષ્ણુના પ્રતીકમાં તેત્રીસ કોટિ દેવતાઓનું આરાધન થવા લાગ્યું. વૈદિક સમાજ કરતાં વિકસિત એવા સમાજમાં આમ બનવું સાવ સ્વાભાવિક હતું. આ પ્રગતિશીલ સમાજે માત્ર વેદોક્ત દૈવી સ્થાપનાઓનું જ પરિવર્તન નહોતું કર્યું, પણ આચારવિચાર, ધર્મ, અનુષ્ઠાન, વ્રત, પૂજા આદિ કર્મક્ષેત્રમાં પણ અનેક નવી વિચારધારાઓ પ્રસ્થાપિત કરી હતી.

આ સમય પુરાણોના આવિર્ભાવનો હતો. વેદોની તુલનાએ પુરાણોમાં આપણને ધર્મ, કર્મ, સાધના, આરાધના અને રીતરિવાજોમાં પરિવર્તન આવેલું દેખાય છે. ખાસ તો વર્ણવ્યવસ્થા અને જાતિગત ભેદભાવ પ્રત્યેના વિદ્રોહનો સૂર પ્રગટતો આ સમયે સંભળાય છે. સ્મૃતિગ્રંથોએ જે ધાર્મિક વિધિઓની ચુસ્ત મર્યાદાઓ આંકીને વર્ણવ્યવસ્થાના આચારવિચારોનું વિભાગીકરણ કર્યું હતું તેને પૌરાણિક માન્યતાએ શીર્ણવિશીર્ણ કરી નાખ્યું અને સવર્ણ-અસવર્ણ અનુલોમ-પ્રતિલોમ વિવાહ પ્રણાલિઓ પ્રચલિત કરી. ટૂંકમાં પુરાણોએ (૧) શિવ અને વિષ્ણુની ઉપાસના સ્થાપિત કરી અને જાતિગત ભેદભાવોનાં મૂળ હચમચી ઊઠે એવી ભક્તિભાવનાની ધારા વહેવડાવી. બીજા શબ્દોમાં કહીએ તો વેદ-ઉપનિષદોના વિષય અને ભાષા જ્યારે સર્વસાધારણ જનસમાજની સમજની બહાર નીકળી ચૂક્યાં હતાં ત્યારે પુરાણોએ વૈદિક કર્મકાણ્ડી ધર્મ તથા ઉપનિષદોનાં જ્ઞાનકાણ્ડી દર્શનોનું સહજ અને સરલતમ સંસ્કરણ પ્રસ્તુત કર્યું હતું. પુરાણોએ વૈદિક સંસ્કૃત અને સંસ્કૃતિ બંનેના એક નવા સહજપંથનું નિર્માણ કર્યું.

પરંતુ સમય જતાં આ સહજ અને સરલ સ્વરૂપના પૌરાણિક ધર્મમાં પણ

સંકુલતાઓ પ્રવેશવા લાગી. શૈવ અને વૈષ્ણવ સંપ્રદાયોનાં પણ પ્રભેદો ઉત્પન્ન થવા લાગ્યા. (વૈષ્ણવ સંપ્રદાયોમાં નિમબાર્ક, શ્રી મધ્ય તથા રુદ્ર સંપ્રદાયો અને શૈવના ઉત્તરીય અને દક્ષિણી ભાગો જાણીતા છે.) એટલું જ નહિ પણ શૈવ મતનું તો વૈદિકીકરણ પણ થઈ ચૂક્યું હતું. આ બધાની સામે ફરી પ્રતિક્રિયાઓ સંભવે એ સ્વાભાવિક હતું. જૈન તેમજ બૌદ્ધ ધર્મોનો પ્રાદુર્ભાવ આવી પ્રતિક્રિયાનું જ ફળ હતું. એમાં પણ અટપટાં વિધિવિધાનો સામે સહજમાન (બૌદ્ધ) અને શ્વેતાંબર (જૈન) જેવા બે પ્રભેદો સહજ યાદરૂપે પડ્યા ગણાય.

ઉપરોક્ત વિવરણ પરથી એટલું સમજાય છે કે વિભિન્ન ધર્મોમાં ધીરે ધીરે સરળતા તરફ ઝૂકવાની પ્રવૃત્તિ થવા માંડી હતી. આ સરળતા માટેના આગ્રહને આપણી સગવડ ખાતર સહજપંથ તરીકે ઓળખી શકાય.

કબીરજીનો આ સંદર્ભે વિચાર કરીએ તો કબીરના સમયમાં કાશ્મીરમાં શૈવધર્મ નાથપંથના રૂપે ઉત્તર-પૂર્વ ભારતમાં ફેલાયો હતો. જોગાનુજોગે કબીરના પિતા નાથપંથ ગૃહસ્થ શૈવ હતા. પૂર્વ ભારતમાં સહજયાની સાધુઓનો વ્યાપક પ્રભાવ હતો. એટલો વ્યાપક કે પંદરમી સદીના પ્રારંભે બંગાળમાં સહજિયા વૈષ્ણવ સંપ્રદાય પણ ઉદ્ભવ્યો હતો. વધુમાં દક્ષિણ ભારતમાંથી રામ અને કૃષ્ણની સગુણ ઉપાસનાનો જુવાળ પણ ઉત્તર ભારતમાં પ્રસરવા માંડ્યો હતો. આ બધાના ફળ સ્વરૂપ કબીરજી નાથપંથ, કૃષ્ણભક્તિ, રામભક્તિ અને સહજયાની સિદ્ધિસાધનાથી ઘેરાયેલા હતા. એમનાં ચરણ પિતાશ્રીને કારણે નાથપંથી ભૂમિ પર હતાં તો એમના બાહુઓએ ગુરુ રામાનંદને કારણે રામભક્તિની સગુણ-નિર્ગુણ શાખાઓને ગ્રહણ કરી હતી. સાથોસાથ એમના શિરે એકેશ્વરવાદી અને કટ્ટરપંથી ઇસ્લામના નિર્મમ પ્રહારો પણ થઈ રહ્યા હતા. આમ બુદ્ધિથી બ્રહ્મવાદી, હૃદયથી ભક્ત અને કર્મથી નાથપંથી એવા કબીરજીએ સહજ સંતમત આરંભ્યો.

કબીરજીમાં ભક્તિ અને જ્ઞાનની બંને ભૂમિકાઓનું સામંજસ્ય સિદ્ધ થયેલું છે. એમનામાં કોઈ એક ધર્મના સિદ્ધાંતો નથી, પણ તત્કાલીન ભારતમાં પ્રવર્તમાન તમામ ધર્મસંપ્રદાયોનો સારસંગ્રહ થયેલો છે. પ્રત્યેક ધર્મોના મિથ્યાચારોની એમણે કચકચાવીને ઠેકડી ઉડાડી છે પરિણામે એમનો સહજ સંતમત કોઈ ધર્મ વિશેષની નીપજ નથી બની રહેતો પણ તત્કાલીન ભારતીય જનસમૂહને સહજ સરળ સ્વાભાવિક મનુષ્ય બનાવવાની ખેવના દાખવતો એક આગવો પ્રભાવ બની રહે છે. તેમનો સહજ સંતમત તત્કાલીન ભારતમાં પ્રચલિત તમામ ધર્મોના સારનું સરલતમ અને શ્રદ્ધેય સંસ્કરણ બની રહે છે.

(કબીરવાણી : જાન્યુઆરી '૯૭)

❑

# કબીરના 'નિર્ગુણ રામ'

ડૉ. વિજય શાસ્ત્રી
સુરત

કબીરજીનું વ્યક્તિત્વ મૂળભૂતપણે એક સાધકનું હતું. 'સત્'ના સ્વરૂપની શોધ તેમણે બુદ્ધિથી નહીં, અનુભૂતિથી આદરી જતી. તર્ક અને બૌદ્ધિક વિશ્લેષણને આધારે તેમણે તત્ત્વનિર્ણય કરવાનું સ્વીકાર્યું નથી. તેમણે 'દાર્શનિક'નું બિરુદ આપવું યોગ્ય નથી કેમ કે દાર્શનિકોની પદ્ધતિમાં તત્ત્વ સ્વરૂપનો નિર્ણય બુદ્ધિની મદદથી થતો હોય છે. બુદ્ધિ વડે લેવાયેલા હોવાથી એ નિર્ણયો સર્વમાન્ય, સામાન્ય (General) અને તર્કાશ્રિત હોય છે. વસ્તુલક્ષી સ્વરૂપના હોય છે. દાર્શનિક નીતિમત્તાવાળો અને ધર્મનિષ્ઠ હોય જ હોય એ જરૂરી નથી. જ્યારે સાધક સામે છેડે પૂરો નીતિમાન અને ચારિત્ર્યવાન ધર્મનિષ્ઠ હોય એ પહેલી શરત છે. વળી દાર્શનિક તત્ત્વને ખોલી આપે છે કોઈ રહસ્ય એ ગોળવતો નથી. કબીરને આપણે રહસ્યવાદી કહેતા હોય એ તો પછી બીજી તરફ દાર્શનિક કહેવામાં તાર્કિક અસંગતિ ઉત્પન્ન થાય છે. આમ છતાં 'જીવ', 'માયા', 'સૃષ્ટિ' વગેરે વિશે કબીરજીએ અનેકવાર કોઈક ને કોઈક રીતે ઉલ્લેખો, નિર્દેશો કર્યા છે. એને લીધે કબીરને 'દાર્શનિક'નું બિરુદ આપવાની એક પરંપરા પ્રણાલિકા ઊભી થઈ છે. પણ યાદ રાખવાનું એ છે કે, તેઓ ઉપર કહ્યા તેવા Professional સ્વરૂપના દાર્શનિક નથી પણ વૈયક્તિક રૂપના મૌતિક દાર્શનિક છે.

પશ્ચિમી અભ્યાસીઓ નિર્ગુણ ભક્તિઆંદોલનોને ઇસ્લામી વિચારધારાનો પ્રભાવ ગણ્યાં છે. અકબરના સમયના જાણીતા ઇતિહાસકાર મોહસીન ફારીએ કબીરને 'મુવાહિદ' એટલે કે એકેશ્વરવાદી તરીકે વર્ણવ્યા છે તો બાબુ શ્યામસુંદરદાસ જેવા ભારતીય વિચારક તેમને 'બ્રહ્મવાદી' તથા 'અદ્વૈતવાદી' તરીકે વર્ણવે છે. રેવરન્ડ અહમદ શાહે કબીરજીના વિચારો માટે લખ્યું છે કે 'તે (વિચારો) નથી વેદાંત પર આધારિત, નથી સાંખ્ય પર, નથી ન્યાયના અનુગામી, નથી મીમાંસાના એ (વિચારો) નર્યા મૌલિક ચિંતન પર આધારિત છે, વિવિધ વિદ્વાનોના કબીરવિષયક અભિપ્રાયો તપાસીએ તો–

૧. કબીર એકેશ્વરવાદી હતા.

૨. કબીર બ્રહ્મવાદી-અદ્વૈતવાદી હતા.

૩. કબીર સ્વતંત્ર વિચારક હતા. એમણે પ્રતિપાદિત કરેલું પરમતત્ત્વ નિર્ગુણ-સગુણથી પર એવું અનિર્વચનીય તત્ત્વ છે.

આ તમામ અભિપ્રાયો કબીરજીની વિચારધારાનું આંશિક સત્ય જ દર્શાવે છે. હવે આપણે કબીરના મુખ્ય મતોનું આકલન કરીએ તો સૌ પ્રથમ તેમાં નિર્ગુણ રામની કલ્પના મૂકવી પડે.

કબીરજીએ જે ભાષામાં નિર્ગુણ રામને વ્યક્ત કરવા ઉદ્યમ કર્યો એ ભાષા પરંપરા, સમાજ તેમ જ તત્કાલીન ધર્મચેતનાને અભિવ્યક્ત કરનારા સાધુસંતો દ્વારા વપરાતી આવેલી હતી. આ ભાષાને નવી રીતિએ પ્રયોજી શકાય પણ તેમાં રૂઢ થઈ ગયેલા, જામી પડેલા અર્થસંસ્કારોને સંપૂર્ણપણે નિર્મૂળ કરવા અઘરા છે. એટલે કબીરજી જ્યારે કોઈ નથી વાત કરે છે ત્યારે સાશંક રહે છે કે એ નવી વાત પણ કોઈ રૂઢિ નહીં બની જાય. પરિણામે એક સંદર્ભમાં કહેલી એક વાતથી જુદી (અને ક્યારેક તો ઊલટી) વાત બીજા સંદર્ભમાં પણ કહેતા તેઓ જણાય છે. કબીરના મતે નિર્ગુણ રામ અજ્ઞેય છે. ચારેય વેદો, સ્મૃતિઓ, પુરાણો, વ્યાકરણ વગેરે પણ એનો મર્મ દર્શાવી નથી. એની કોઈ રૂપરેખા નથી કે નથી એને કોઈ વર્ણ.

*જાકે રૂપ ન રેખ, વરણ નહિ કોઈ.*

નેતિ-નેતિની શૈલી વડે કબીરજી એ પરમ તત્ત્વને તમામ પ્રકારનાં સ્થૂળ તત્ત્વોથી જુદું તારવવા ચાહે છે. એને વર્ણવા માટે આપણે જેમ જેમ બોલતા જઈએ તેમ તેમ એ (પરમ તત્ત્વ) આપણાથી વધુ ને વધુ દૂર જતું રહે છે.

*બોલના કા કહિયે ભાળ ।*
*બોલત બોલત તત્ત્વ નસાઈ ॥*

બોલવાથી બાજી બગડે છે છતાં બોલવું તો પડે જ છે કેમ કે બોલ્યા વિના, મનમાં પણ બોલ્યા વિના વિચાર કેવી રીતે થાય ? વિચાર તો ભાષામાં જ થાય અને વિચારને જેવો ભાષામાં ઠાંસવા જાઓ તેવો જ છટકવા માંડે ! છતાં વિચારને ભાષા વગર વ્યક્ત કરવો અઘરો છે.

*બોલત બોલત બઢૈ વિકાર ।*
*બિન બોલ્યા ક્યું હોઈ વિચાર ? ॥*

આ પરમ તત્ત્વ 'એક' છે, અનેકની વાત ભ્રમ છે. કબીરનું આ પરમતત્ત્વ શંકરાચાર્યકથિત પરમ તત્ત્વની જેમ કથિત નથી. સમગ્ર સંસારનો કર્તા છે. કબીરે તેને કુંભારના દૃષ્ટાંતથી સમજાવ્યું છે. કુંભાર જેમ એક જ તત્ત્વમાટીમાંથી અનેક નામ રૂપાત્મક સૃષ્ટિ (માટીનાં પાત્રોની) સર્જે છે, તેમ આપણું જગત પણ આ પરમતત્ત્વના જ વિવિધ વિવર્તો છે.

એક સ્થળે કબીરજી આ પરમતત્ત્વને કોઈ જાદુગરના ખેલ સાથે સરખાવે છે. જેમ જાદુગર પોતાનો ખેલ માંડે અને સમેટી લ્યે તેમ પરમતત્ત્વ આ જગતરૂપી ખેલ માંડે છે અને ઇચ્છે ત્યારે સમગ્ર લીલા સંકેલી લે છે અને સ્વ-માં લીન થઈ જાય છે.

*બાજીગર ડંક બજાઈ : સબ ખલ્ક તમાસે આઈ ।*
*બાજીગર સ્વાંગ સકેલા : અપને રંગ રવૈ અકેલા ॥*

કબીર પરમતત્ત્વને વારંવાર 'નિર્ગુણ', 'નિરંજન', 'નિરાકાર' કહીએ વર્ણવતા હોવા છતાં એમાં કેટલાક ગુણોનું આરોપણ કરે છે. જેમ કે કબીરના નિર્ગુણ રામ 'કૃપાલુ' છે, જેની કૃપાથી કબીર જરા-મરણથી મુક્ત થઈ શકે છે. બીજી એક જગ્યાએ તેઓ આ પરમતત્ત્વને 'દાતા' બીજી કહીને વર્ણવે છે અને સ્વયંને પાપી.

તુમ્હ સમાનિ દાતા નહીં, હમસે નહીં પાપી. એટલું જ નહિ, આ પરમતત્ત્વ ભક્તોનું ત્રાતા (રક્ષક) પણ છે. શરણે ગયેલા અંબરિષને બચાવે છે. અને સુદર્શનચક્ર વડે દૂર્વાસાને ડારે છે.

*કહે કબીર દુઃખ ભંજન ।*
*કરો દયા દુરતનિકંદન ॥*

પંક્તિઓમાં કહેવાયું છે તેમ 'દુરિત નિકંદન' અને 'દુઃખ ભજન' પણ છે.

આ બધા દાખલાઓ પરથી સ્પષ્ટ થાય છે, કે કબીર જ્યારે પરમતત્ત્વને 'નિર્ગુણ' કહીને ઓળખાવે છે ત્યારે તે સત્ત્વ, રજસ્, તમસ્થી પર હોવાનું તેને અભિપ્રેત છે પણ ભક્તો જે ગુણો માટે તેની ઉપાસના કરે છે એ તમામ ગુણો 'પ્રતિપાલક', 'ભક્તવત્સલ', 'તરનતારન' આદિ એનામાં છે જ. 'પાંચરાત્રદર્શન'માં પણ ભગવાનને નિર્ગુણ માનવાની સાથે જ જ્ઞાન, શક્તિ, ઐશ્વર્ય, બળ, વીર્ય તથા તેજ એ ષડગુણો ધરાવનારા તરીકે વર્ણવાયા છે.

હાથ, પગ, મુખ, નેત્ર, કાન, જીભ વગેરે અવયવો વગરના નિરાકાર અને અવ્યક્ત હોવા છતાં પરમાત્મા સંસારની તમામ સંવેદનાઓ ગ્રહણ કરવા સક્ષમ છે. પંડિતો તે સમજી શકે છે, મૂર્ખને તે સમજાતું નથી.

> *પંડિત હોઈ સુ પદહિં વિચારે, મુરિખ નાહિંન બૂઝૈ ।*
> *બિન હાથન પાઈન બિન કાનનિ, બિન લોચન જગ સૂઝૈ ॥*
> *બિન મુખ ખાઈ, ચરન બિન ચાલે, બિન જિભ્યા ગુણ ગાવૈ !*

આ બધા પરથી કબીરના નિર્ગુણ રામ વિશે કહી શકાય કે તે—

૧. પરમતત્ત્વ છે.

૨. એક હોવા છતાં સમગ્ર વિશ્વમાં વ્યાપ્ત છે.

૩. ઇચ્છામાત્રથી સૃષ્ટિનું સર્જન કરવા સક્ષમ છે.

૪. અવ્યક્ત, અગોચર હોવા છતાં કરુણા, દયા, કૃપા, ઉદારતા આદિ ગુણો ધરાવે છે.

૫. ઇન્દ્રિયો રહિત હોવા છતાં સંસારની તમામ સંવેદનાઓ ગ્રહણ કરવા સક્ષમ છે.

૬. એ આપણા હૃદયમાં વસે છે.

૭. એ જેવું છે તેવું કોઈ એને જાણી શકતું નથી કે વર્ણવી શકતું નથી.

એમની નિર્ગુણ રામની સંકલ્પના મૌલિક છે સાથોસાથ જ એના પર તત્કાલીન નાથયોગી દર્શનનો પણ પ્રભાવ પડેલો અનેકોએ જોયો છે. પણ સાચી વાત એ છે કે તે સમયે સગુણ-નિર્ગુણ અને દ્વૈત-અદ્વૈતના જે વાદવિવાદો પ્રવર્તી રહ્યા હતા તેનાથી પર થઈને કોઈ એકની જ પ્રતિષ્ઠા કરવાની ઝંખના કબીરજીની 'નિર્ગુણ રામ'ની વિભાવનામાં વ્યક્ત થાય છે.

(સંદર્ભ : કબીરમીમાંસા – રામચંદ્ર તિવારી,
લોકભાસી પ્રકાશન, ઇલાહાબાદ-૧
કબીરવાણી : ફેબ્રુઆરી, '૦૩)

❑

# કબીરનો યોગ-માર્ગ

કૌશિક કે. ભટ્ટ
રાજપીપલા

'કબીરની વાણી એટલે યોગના ક્ષેત્રમાં ભક્તિનું બીજ પડવાથી પ્રસ્ફુટિત થયેલી વેલ. ઉત્તરમાં હઠયોગીઓ અને દક્ષિણમાં ભક્તો, બંને વચ્ચે મૌલિક અંતર. એક તૂટી જાય પણ ઝૂકે નહીં, બીજો ઝૂકે અને તૂટે નહીં. યોગી જાતિભેદનો જોરદાર વિરોધ કરતા. પોતાને શ્રેષ્ઠ સમજતા, પોતાની અટપટી વાતોથી લોકોની મજાક ઉડાવતો હતો, ત્યારે ભક્ત જાતિભેદ, વર્ણવ્યવસ્થા, ઊંચ-નીચ મર્યાદાને માથે ચઢાવતો, પોતાને તૃણ સમાન નગણ્ય ગણતો હતો. એકને પોતાના જ્ઞાનનો ગર્વ હતો, બીજાને પોતાના અજ્ઞાનનો ભરોસો. એક માટે પિંડ બ્રહ્માંડ હતો. બીજા માટે સમસ્ત બ્રહ્માંડ પિંડમાં. એકનો ભરોંસો પોતાની ઉપર, બીજાનો રામ પર; એક પ્રેમને દુર્બલ બીજો જ્ઞાનને કઠોર સમજતો હતો. એક યોગી હતો, બીજો ભક્ત.'

કબીરની વાણીમાં જે અક્કડતા જણાય છે, તે આ યોગીઓના પ્રભાવથી આવી છે. ઈશ્વરથી દૂર ભટકતા જીવો તરફ એ દયાદ્ર થતા નથી, પણ તેને કઠોરતાથી ચેતાવે છે, કઠોર અને શુષ્ક થઈને સુરત-નિરતનો ઉપદેશ આપે છે.

*'જ્ઞાનકી ગેંદકર, સુરતકા ડંડકર,*
*ખેલ ચોગાન મેદાન માંહી,*
*જગતકા ભરમના છોડ દે બાલકે,*
*આયજા ભેષ ભગવંત માંહી,*
*ભેષ ભગવંતકી શેષ મહિમા કરે,*
*શેષ કે સિર પર ચરન ડારૈ,*
*કમલદલ જીતી કે, કંવલદલ શોધિકૈ,*
*બ્રહ્મકો બેધિ કે ક્રોધ મારૈ,*
*પદ્મ આસન કરૈ પૌન પરિચૈ કરૈ,*
*ગગન કે મહલ પર મદન જારૈ*

*કહત કબીર કોઈ સંતજનજૌહરી,*
*કરમ કી રેખ પર મેખ મારૈ ॥'*

શબ્દાવલી (પૃ. ૨૦)

કબીરની વાણીમાં આ જે અક્કડતાનું વલણ જણાય છે, તે એ જ્યારે યોગીઓને સંબોધન કરીને કહે છે, ત્યારે જ જણાય છે. ત્યારે એમની વાણીમાં પ્રાબલ્ય આવે છે, યોગનાં નિકટ રૂપકો એ રચે છે, ગગન અને પવનની પહેલી એ પૂછે છે, સુન્ન અને સહજનું રહસ્ય ખોલે છે. અવધૂતના અજ્ઞાન પર કુટિલ વ્યંગ કરતાં એ કહે છે–

*'અવધૂ ! અચ્છર હું સો ન્યારા !*
*જો તુમ પવના ગગન ચઢાઓ,*
*કરો ગુફામેં બાસા ।*
*ગગના-પવના દોનોં બિનસે,*
*કહઁ ગયા જોગ તુમ્હારા ।*
*ગગના મધ્યે મોતી ઝલકે,*
*પાની મધ્યે તારા ।*
*ઘટિગે નીર વિનસિગે તારા,*
*નિકરિ ગયૌ કેહિ દ્વારા ।*
*મેરુ દંડ પર ડારિ દુલૈચી,*
*જોગી તારી લાયા ।*
*સોઈ સુમેર પર ખાક ઉડેગી,*
*કરચા યોગ કમાયા ।*
*ઇંગલા બિનસૈ, પિંગલા બિનસૈ,*
*બિનસૈ સુષુમનિ નાડી ।*
*જબ ઉનમનિ કી તારી ટૂટૈ,*
*તબ કહઁ રહી તુમ્હારી ।*
*કહ અરુ અહદ દ્રહ્નતે ન્યારા,*
*સત્ અસત્ સે પારા ।*
*કહે કબીર તાહિ લખ જોગી,*
*ઊતરી જાય ભવ પારા ।'*

કબીરસાહેબે યોગીને જે ચેતવણી આપી, એ કંઈ એમની અનાધિકાર ચેષ્ટા ન હતી. એ પોતે સિદ્ધ યોગી હતા. સમાધિગમ્ય પરમ પુરુષનો સાક્ષાત્કાર એમણે કર્યો હતો. પવનને પલટાવીને એ સહસ્રાર ચક્રમાં પ્રવેશી ચૂક્યા હતા. અમૃતવર્ષાનો આનંદ પ્રાપ્ત કરી ચૂક્યા હતા.

*'કરત કલ્લોલ દરિયાવકે બીચમેં,*
*બ્રહ્મકી છોલમેં હંસ ઝૂલે ।*
*અરધ ઔર ઉરધકી પેંગ બાઢી તહાઁ,*
*પલટ મન પવન કો કંવલ ફૂલે ।*
*ગગનકી ગુફા તહાઁ ગેબકા ચાંદનાં,*
*ઉદય ઔર અસ્તકા નામ નાહીં ।*
*દિવસ ઔર રૈન તહઁ નેક નાહીં પાઈએ,*
*પ્રેમ પરકાશ કે સિંધૂ માંહીં ।*
*સદા આનંદ દુખદર્દ વ્યાપે નહીં,*
*પૂરનાનંદ ભરપૂર દેખા ।*
*ભર્મ ઔરભ્રાંતિ તહંનેક આવી નહીં,*
*કહૈ કબીર રસ એક પેખા ॥'*

કબીર સ્વભાવે ફક્કડ હતા. સંસારનો મોહ કે માયા એમને અવિચલિત કરી શકતાં ન હતાં. પોતાનું ઘર જલાવીને હાથમાં કુહાડી લઈને નીકળી પડ્યા હતા, પછી જેને સાથે જવું હોય તે પોતાનું ઘર પહેલાં જલાવે.

*'હમ ઘર જારા અપના લિયા મુરાડા હાથ ।*
*અબ ઘર જારોં તાસુકા, જો ચલે હમારે સાથ ॥'*

માથાથી પગ સુધી કબીર મસ્ત મૌલા હતા. સંસારનો કોઈ હિસાબ ખિતાબ નહીં, એ પ્રેમી હતા; પણ યોગના પ્રભાવને લીધે પ્રેમના ક્ષેત્રમાં પણ એ જ મસ્તી હતી. અદ્વૈત થયા પછીની મસ્તીમાં બેચેની કેવી ?

*'હમન હૈ ઇશ્ક મસ્તાના,*
*હમન કો હોશિયારી ક્યાં ?*
*રહે આઝાદ યા જગસે,*
*હમેં દુનિયાસે યારી ક્યા ?*

*જો બિછુડે હૈં પિયારે સે,*
*ભગત તે દરબદર ફિરતે !*
*હમારા યાર હૈ હમમેં,*
*હમન કો ઇંતિજારી ક્યા ?'*

કબીરને યોગની પ્રક્રિયાઓનો પૂર્ણતઃ અનુભવ હતો તેથી એ પૂરા આત્મવિશ્વાસથી જે કહેતા તે કહેતા. એમણે જ્યારે પ્રેમનો વ્યાપાર શરૂ કર્યો, ત્યારે તેમાં પણ વિહ્વળતા કે નિર્બળતા નથી. એ કહે છે કે પ્રેમનું ક્ષેત્ર એ કંઈ માસીનું ઘર નથી જે માથું ઉતારીને હાથમાં લે, તે જ એ ઘરમાં પ્રવેશી શકે :

*'કબીર યહ ઘર પ્રેમકા, ખાલાકા ઘર નાહીં ।*
*સિસ ઉતારી હાથ ધરી, સો પૈસે ઘર માંહી ॥'*

ક. ગ્રં. (પૃ. ૬૯)

કબીરની દૃષ્ટિએ આ શરીર ભગવાનની આપેલી ચાદર છે. એણે જેવી આપણને આપી હતી તેવી જ ડાઘ વગરની પાછી સોંપી દેવી જોઈએ. જે ભલા ભલા ઋષિ મુનિઓ કરી શક્યા નથી, તે કબીરે કર્યું. જતનથી ઓઢીને જેવી હતી તેવી પાછી આપી દીધી. આ પદમાં કબીરે યૌગિક પ્રક્રિયાનું શરીર સાથે રૂપક બાંધ્યું છે; એ દર્શનીય છે.

*'ઝીની ઝીની બીની ચદરિયા ।*
*કાહેકા તાના, કાહેકી ભરની,*
*કૌન તારસે બીની ચદરિયા ॥*

*ઇંગલા પિંગલા તારા ભરની,*
*કૌન તારસે તીની ચદરિયા ॥*

*આઠ કંવલદલ ચરખા ડોલે,*
*પાંચ તત્ત્વ ગુન તીની ચદરિયા ॥*

*સાંઈ કો સિયત દસ માસ લગે,*
*ઠોક ઠોક કે બીની ચદરિયા ॥*

સો ચાદર સુરનર મુનિ ઓઢી,
ઓઢી કે મૈલી કીની ચદરિયા ॥

દાસ કબીર જતનસે ઓઢી,
જ્યોંકિત્યોં ધરી દીની ચદરિયા ॥'

શબ્દાવલી (પૃ. ૭૪)

કબીરની સાધના પદ્ધતિનો પ્રારંભ હઠયોગથી થયો હતો. નાથપંથની સાધના પદ્ધતિનું નામ જ હઠયોગ છે. સંસારભરમાં જે શક્તિ પરિવ્યાપ્ત છે તેને જ યોગીઓ મહાકુંડલિની કહે છે. વ્યક્તિમાં જે શક્તિનું કેન્દ્ર છે તે કુંડલિની છે. સાધારણ સ્થિતિમાં આ કુંડલિની નિશ્ચેષ્ટ રહે છે. ત્રિકોણાકાર અગ્નિચક્રમાં એક સ્વયંભૂ લિંગસ્થિત છે. એની આસપાસ સાડાત્રણ આંટામાં લપટાયલી સર્પિણી જેવી એ કુંડલિની સ્થિત છે. યોગ અને પ્રાણાયામથી એ જાગૃત થાય છે પછી ઉપરના ચક્રોને ભેદીને બ્રહ્મરંધ્રના સહસ્રાર ચક્રમાં પ્રવેશતાં ત્યાં અમૃત વર્ષા થાય છે. સંતો તો એની પણ આગળ એક સુરતિચક્ર યા સુરતિકમળની કલ્પના કરે છે. સહસ્રાર ચક્રમાં જે સમાધિ થાય છે, તે છૂટતાં યોગી પુનઃવાસનાનો શિકાર થઈ શકે છે, જ્યારે સુરતિકમલમાં વિલાસ કરી આવેલા સંત એવા કોઈ પણ ભયથી મુક્ત હોય છે.

કબીર એવા જ સિદ્ધ યોગી હતા. કબીર-વડના સૂકા ઠૂંઠાને નવપલ્લવિત કરવાનો યૌગિક ચમત્કાર એમણે સર્જ્યો હતો. એમને સહજ સમાધિ પ્રાપ્ત થતી હતી. બહુજન હિતાય એમણે ભક્તિનો ઉપદેશ આપ્યો હતો. લોકો સરળથી સમજીને અપનાવી શકે એ હેતુથી એમણે નિર્ગુણ બ્રહ્મને 'નિરંજન' કહેવાને બદલે 'રામ'નું નામ આપ્યું હતું. યોગીઓના નિર્ગુણ બ્રહ્મ અને કબીરના 'રામ' વચ્ચે એક મૌલિક અંતર છે. એ રામ રૂપરેખા, આકાર-પ્રકાર તથા દ્વૈત-અદ્વૈતથી પર છે. કબીરે એવા રૂપાતીત રામની ભક્તિનો ઉપદેશ આપ્યો હતો. નારદ ભક્તિસૂત્રમાં ભગવદ્વિષયક પ્રેમને ભક્તિ કહી છે. ભગવદ્વિષયક ચિંતનને પણ ભક્તિ કહે છે. અદ્વૈતભાવ ભક્તિના માર્ગમાં બાધક નથી, કારણ કે આત્મા એ પરમાત્માનો જ અંશ છે, જુદા દેખાવા છતાં તે જુદા નથી. એ જુદા દેખાય છે, એ એક ભ્રમ છે. આમ જીવ શિવનું રૂપ છે પણ મિથ્યા માયાના ભ્રમથી એ ભિન્ન દેખાય છે. જીવ શિવમાં મળી જવાની જે ચેષ્ટા કરે છે, તેનું કારણ એ અભેદમૂલક આકર્ષણ છે. અભેદ પ્રતીતિજન્ય પ્રેમને લીધે નદીઓ જેમ સમુદ્રમાં વિલીન થઈ જાય છે, તેમ આત્મા પરમાત્મામાં લીન થઈ જવા ઉત્સુક છે. કબીરે એને, કુંભ

અને જલના રૂપકમાં સમજાવતાં કહ્યું છે કે શરીર રૂપી ઘડામાં આત્મા રૂપી જલ છે, તે ઘડો ફૂટતાં બહારના પરમાત્મા રૂપી જલમાં મળી જશે.

*'જલમેં કુંભ ઔર કુંભમેં જલ હૈ,*
*બાહર ભીતર પાની ।*
*ફૂટા કુંભ જલ જલહી સમાના,*
*યહી તથ્ય કહ્યો જ્ઞાની ॥'*

ભગવાનનું સ્વરૂપ અચિંત્ય છે, એની શક્તિ અનંત છે, એનું રૂપ અગમ્ય છે, એનો અનુભવ અકથ્ય છે. કબીરે એને 'ગુંગેકા ગુડ' કહ્યો હતો. કબીરના રામ નિર્ગુણ છે, શૂન્ય સનેહી છે એ એને પતિ ભાવે જોઈ રહ્યા છે. એના સિવાય એ અન્ય કોઈને જોતા નથી.

*'મૈં અબલા પિયુ પિયુ કરું,*
*નિર્ગુણ મેરા પિવ ।*
*શૂન્ય સનેહી રામ બિન,*
*દેખૂં ઔર ન જીવ ॥'*

કબીરે એનાં કેટલાંક પદોમાં યૌગિક પ્રક્રિયા તથા યૌગિક શબ્દાવલીનું વિસ્તૃત વર્ણન કર્યું છે. એ કહે છે કે ઇંગલાપિંગલાની થાંભલીઓ પર કુંડલિનીની દોરી છે. મારું મન પાંચ જ્ઞાનેન્દ્રિયોમાં ઝૂલે છે. બાર અંતરાલો વચ્ચેથી જતાં અમૃતનો ગ્રાસ થઈ શકશે. જેણે એ અમૃત એક વખત ચાખ્યું તે અમારો ઠાકોર અને અમે તેના દાસ. સહજ શૂન્ય અમારું પિયર છે અને બ્રહ્મરંધ્ર અમારું સાસરું છે, એ બે વચ્ચે અમે ઝુલિયે છીએ. અધઃ અને ઊર્ધ્વની ઇડા અને પિંગલાથી બ્રહ્મરંધ્રને ઘાટ જવાનું છે. વચ્ચેના ચક્રોને ભેદીને બ્રહ્મરંધ્ર પહુંચાય છે. નાદ અને બિંદુની નાવ છે એનો સુકાની રામનામ છે. ગુરુએ નિર્દેશ કરેલા માર્ગે પાર ઊતરી શકાશે.

*ચંદસૂર દોઈ ખંભવા, બંકનાલી કી ડોરિ ।*
*ઝૂલ પંચ પિયરિયાં, તહૈં ઝૂલે પિય મોરિ ।*

*દ્વાદશ ગમ કે અંતરાતહં અમૃત કો ગ્રાસ ।*
*જિનિ યહુ અમૃત ચાખિયો, સો ઠાકુર હમ દાસ ।*

સહજ સુનિ કો નૈહરો, ગગનમંડલ સિર મૌર ।
દોઉ કુલ હમ આગરી, જો હમ ઝૂલે હિંડૌલ ।

અરધ ઉરધકી ગંગા જમના, મૂલ કંવલ કૌ ઘાટ ।
ષટ્ ચક્કી ગાગરી, ત્રિવેણી સંગમ ઘાટ ।
નાદ બિંદુ કી નાવડી રામનામ કનિહાર ।
કહૈ કબીર ગુણ ગાઈલે ગુરુગમ ઊતરો પાર ॥'

કબીરની આ રહસ્યમય અન્યોક્તિઓ કંઈ હંમેશાં શુષ્કભાષામાં હોતી નથી. ક્યારેક તો એ મધુર મંગલ ઉપમાનો લઈ આવે છે :

'કાહેરી નલિની તૂ કુમ્હલાની,
તેરે નાલ સરોવર પાની ।
જલમેં ઉત્પત્તિ જલમેં બાસ,
જલમેં નલિની તોર નિવાસ ।
ના તલિ ઉત્પત્તિ, ના ઉપર આગિ,
તોર હેત કહુ કાસનિ લાગિ ।
કહૈ કબીર જે ઉદિક સમાજ તે
નહીં મૂએ હમારિ જાગિ ॥'

યૌગિક શબ્દાવલી દ્વારા જે અભિવ્યક્તિ થાય છે તેમાં મનુષ્યની ઊલટી અવસ્થાને લીધે તેને કબીરે ઊલટી રીતે વ્યક્ત કરી છે. એને ઊલટબાસી કહે છે. એના દ્વારા અભિવ્યંજિત કરીને લોકોને આશ્ચર્યચકિત કરી નાખ્યા હતા.

કબીરની ચમત્કારપૂર્ણ ઊલટબાસીઓ રહસ્યપૂર્ણ છે. આમ તો એનું મૂળ કઠોપનિષદ્‌માં જણાય છે. એમાં શરીરને રથની, ઇન્દ્રિયોને ઘોડાની ઉપમા આપી છે. એ ઘોડાને મનની લગામ છે, જે સારથિ રૂપી બુદ્ધિના હાથમાં છે. પરમપદનો પથિક આત્મા એ રથ પર સવાર છે. આ તો રૂપક માત્ર છે. પણ એ રૂપકો ઊલટો અર્થ વ્યક્ત કરે, ત્યારે એ રહસ્યમય બની જાય છે. જેમ કે—

પિતા વિના વાંઝણીને પુત્ર થયો ને પગ વગર ઝાડ પર ચઢ્યો, શસ્ત્ર વિના જાતે યુદ્ધ કર્યું; બીજ વગર અંકુર ફૂટ્યાં, ડાળી વિના વૃક્ષને ફળ આવ્યાં, પુષ્પ વિના સુવાસ આવે છે અને પાણી વિના સરોવર ભરેલું છે.

'બાંઝ કા પૂત, બાપ બિન જાય,
બિન પાઉં તરબર ચઢિયા ।

*અસ બિન પાખર, ગજ બિન ગુડિયા,*
*બનિ પંડૈ સંગ્રામ લડિયા ।*
*બીજ બિન અંકુર, પેડ બિન તરવર,*
*બિન ભાષા તરવર ફળિયા ।*
*રૂપ બિન નારી, પુરુષ બિન પરિમલ,*
*બિન નીચૈ સરભરિયા ।'*

કબીરની ઊલટીવાણી (અવરવાણી)ને સમજવા માટે ખેચરી મુદ્રાને સમજવાની ખાસ જરૂર છે. યોગી જીભને ઊલટાવીને કપાળની ગુફામાં પ્રવેશ કરે અને એની દૃષ્ટિ ભ્રુવોમાં નિબદ્ધ થઈ જાય, એ અસાધારણ પ્રયાસથી બની શકે છે, ત્યારે તે સમસ્ત વિષ અને વ્યાધિથી મુક્ત થઈ જાય છે. એને વ્યોમચક્ર કહે છે. બ્રહ્મરંધ્રના સહસ્રાર ચક્રના મૂળમાં 'યોનિ' નામનું જે ત્રિકોણાકાર શક્તિ કેન્દ્ર છે, તે ચંદ્રમાં છે, તેમાંથી અમૃત ઝરે છે. ખેચરી મુદ્રામાં યોગીની ઊર્ધ્વગા જીવ્હા એ અમૃતરસનું પાન કરે છે, એ ગોમાંસ છે. 'ગો' એટલે જીવ્હા. એ અમૃતરસ છે તે અમરવારુણી છે, એ જ સોમરસ છે, જેને યોગી પીએ છે. મન ઉન્મન રહીને ભવની ભઠ્ઠીમાં જ્ઞાનના ગોળ અને ધ્યાનના મહુડામાંથી આ મહારસ બન્યો છે, જે ગુરુપ્રસાદથી પ્રાપ્ત થાય છે.

*'અવધૂ ! મેરામન મનવારા ।*
*ઉન્મનિ ચઢ્યા, ગગનરસ પીવૈ,*
*ત્રિભુવન ભયા ઉજિયારા ।*
*ગુડ કરી જ્ઞાન, ધ્યાન કરિ મહુઆ,*
*પીવૈ પીવનહારા ॥'*

(ક. ગં. ૫૬-૭૨)

સહજયાની પંથમાં આ પ્રકારની ભાષાને 'સંધ્યાભાષા' કહે છે. પારિભાષિક શબ્દોની આ અવળવાણી વિષયને પ્રભાવશાળી અને અદ્ભુત બનાવી દે છે. યોગીઓએ આ પ્રમાણે ઉપમાનો આપ્યાં છે : ચિત્ત = ભ્રમર, અગ્નિ । મન = હાથી, ખગ । વાયુ = સિંહ, ગજ, વ્યાઘ્ર । નાદ = શિકારી, કાષ્ટ । ઇડા = વરુણી, ગંગા । પિંગલા = યમુના, અસી । સુષુમ્ના = રાજપથ, મહાપથ, સ્મશાન, મધ્યમાર્ગ । કુંડલિની = કુટિલાંગી, ભુજંગી, શક્તિ, અરુન્ધતી ! ચંદ્રકા રસ = સોમરસ, અમર વારુણી । બ્રહ્મરંધ્ર = ત્રિવેણી, શૂન્ય, કમલ, કૂપ, ગગન.

કબીરે નવા શબ્દોના પ્રયોગો કર્યા. સંતવાણીમાં યોગ પરક ઉપમાનોમાં અંતર પડી ગયું. નવાં ઉપમાનો નીચે પ્રમાણે છે : મન = મચ્છ, મીન, જુલાહા, સિયાર, રોજ, હસ્તી, મતંગ. નિરંજન જિવાત્મા = પુત્ર, પારથ, જુલાહા, દુલ્હા, સિંહ, મૂસા, ભૌરાં, યોગી. માયા = માતા, નારી, છેરી, ગૈયા, બિલૈયા । સંસાર = સાયર, વન । નરતન = યૌવન, દિવસ, દિન ॥ ઇન્દ્રિય = સખી સહેલી । જુદા જુદા વિવેચકોએ આ ઉપમાનોના જુદા જુદા અર્થો કર્યા છે.

નિર્ગુણ બ્રહ્મ એક રહસ્યમયી સત્તા છે, એના પ્રત્યેનો પ્રેમ એક રહસ્ય છે. ડૉ. શ્યામસુંદરદાસ એવા રહસ્યવાદી કવિઓમાં કબીરને સહુથી ઊંચા ગણે છે. કારણ કે શુદ્ધ રહસ્યવાદ એનો જ છે. મલિક મોહમ્મદ જાયસીની વાણીમાં જે રહસ્યવાદ છે, તે એમને થીંગડા માર્યા હોય એવો લાગે છે. પં. રામચંદ્ર શુક્લ કબીરની આ વિચારધારાને સૂફીઓથી પ્રભાવિત માને છે. એના પર ઇસ્લામના કટ્ટર એકેશ્વરવાદનો અને વેદાંતના માયાવાદનો પ્રભાવ માને છે; કારણ કે કબીરે વેદાંત અને હઠયોગનાં રૂપકો નિરુપ્યાં છે. જાયસીમાં જે ઉચ્ચ કોટિની ભાવુકતા છે, તે કબીરમાં નથી. જો કે બન્ને કવિ સાધનાના ક્ષેત્રમાં સાધનાત્મક રહસ્યવાદ અને હઠયોગ પદ્ધતિથી પ્રભાવિત છે. એકનો માર્ગ જ્ઞાનનો માર્ગ છે, બીજાનો પ્રેમનો માર્ગ છે. કબીરે પોતાના પ્રિયતમને શુન્ન મહલમાં જોયા છે, ત્યારે જાયસીએ સર્વત્ર જોયા છે. કબીરમાં એક સમન્વયની ભાવના છે, જે જાયસીમાં નથી.

કબીરસાહેબ વિશે આચાર્ય હજારીપ્રસાદે કહ્યું છે કે 'કબીર એક એવા ચોતરા પર ઊભા છે, જ્યાંથી એક તરફ હિન્દુ તો બીજી તરફ મુસલમાન, એક તરફ જ્ઞાન તો બીજી તરફ અશિક્ષા, એક તરફ યોગ, બીજી તરફ ભક્તિ, જ્યાંથી એક તરફ નિર્ગુણ તો બીજી તરફ સગુણ ભાવના નીકળી છે.'

કબીરની વાણીમાં પ્રેમ તો છે જ, પણ જ્ઞાનની ચાળણીમાંથી ચળાયેલો અને તેથી શુદ્ધ છે. બન્નેનાં મિલન અને વિરહનાં ચિત્રોની તુલના દર્શનીય છે—

**મિલન**

જાયસી = 'દેખિ માનસર, રૂપ સોહાવા,
હિય હુલાસ પુરઈન હોઈ છાવા ।
ગા અંધિયાર રૈન મસિ છૂટી,
ભા ભિનસાર કિરણ રવિ ફૂટી ।

અસ્તિ અસ્તિ સબ સાથી બોલે,
અંધ જો અહે, નૈન નિજ ખોલે ॥

કબીર = 'દુલહિનિ ગાવહુ મંગલાચાર ।
હમરે ઘર આયે રાજા રામ ભરથાર ॥
તનરત કરિ મૈં, મનરત કરિ હોં,
પાંચો તત્ત બારાતી ।
રામદેવ મોરે પહુને આયે,
વિરહ મૈં જોબન મદમાતી ॥

જાયસી = 'યહ તન જાસોં છાર કે,
કહોં કિ પવન ઉડાય ।
મહુ તેહિ મારગ ઉડિ મરે,
કંત ધરે જહં પાઁવ ॥'

કબીર = 'યહ તન જારોં મસિ કરોં,
જ્યોં ધુવાં જાય સરગ્ગિ ।
મતિયે રામ દયા કરૈ,
બરસી બુઝાવે અગ્ગિ ॥'

જાયસી = 'હાડ ભયે સબ કિંકરી,
નસેં ભઈ સબ તાંતિ ।
રોમ રોમ મેં ધુનિ ઉઠૈ,
કહોં બિથા કેહિ ભાંતિ ॥

કબીર = 'સબરગ તન્ત્ર ખાખ બન,
વિરહ બજાવે નિત્ત ।
ઔર ન કોઈ સુન સકૈ,
કૈ સાંઈ કે ચિત્ત ॥'

આમ પરમ સત્તા જે પહેલાં પરોક્ષ હતી, તે કબીરમાં આતમમાં એક થઈ 'આતમરામ' બની ગઈ ત્યારે કબીરે કહ્યું કે—

'મોકો કહાં ઢૂંઢે બન્દે ! મૌં તો તેરે પાસમેં' એ આત્માનુભૂતિ પછી જે અનાવશ્યક લાગ્યું તે છોડી દીધું. તેથી એમણે ગાયું :

*'આસમાન કા આશરા છોડ પ્યારે,*
*ઊલટિ દેખ ઘટ અપનાજી ।*

તુમ આપમેં આપ તહકીક કરો,
તુમ છોડો મનકી કલપનાજી ॥'

જ્યારથી કબીર પર સ્વામી રામાનંદની ભક્તિનો પ્રભાવ પડ્યો, ત્યારથી એમણે સાયાસ સમાધિને છોડી સહજ સમાધિની દીક્ષા લીધી. આંખ બંધ કરવાની અને કાન વિંધવાની ઝંઝટને તિલાંજલિ આપી દીધી હતી. આસન અને મુદ્રાની ગુલામી છૂટી ગઈ પછી તો ચાલવું એ જ પરિક્રમા બની ગઈ. કામકાજ સેવા થઈ ગઈ; સૂવું એ પ્રણામ અને બોલવું એ નામજપ બની ગયા, ખાવુંપીવું, એ પરમતત્ત્વની પૂજા થઈ ગઈ. ખૂલી આંખે હવે ભગવાનના મધુર રૂપનાં દર્શન થઈ ગયાં, ખૂલા કાનમાં અનહદનો નાદ સંભળાયો, ઊઠતાં બેસતાં સહજ રીતે સમાધિનો આનંદ મળવા માંડ્યો, ત્યારે અત્યંત આનંદના ઉલ્લાસમાં એણે ગાયું :

'સાધો ! સહજ સમાધિ ભલી ।
ગુરૂ પ્રતાપ જા દિન ઉપજી,
દિન દિન અધિક ચલીં ॥

જહઁ જહઁ ડોલો, જો કુછ સોઈ પરિકરમાં,
જો કુછ કરો સો સેવા ॥

જબ સોવો તબ કરો દંડવત,
પૂજો ઔર ન દેવા ॥

કહોં સો નામ, સૂનો સો સુમિરન,
ખાવ પિયો સો પૂજા ॥

ગિરહ ઉજડ એક સમ લેખો,
ભાવ ન રાખો દૂજા ॥

આંખ ન મુંદો, કાન ન રૂંધો,
તનિક કષ્ટ નહીં ધારો ॥

ખૂબ નૈન પરિચાનો હંસિ હંસિ,
સુંદર રૂપ નિહારો ॥

શબદ નિરંતર સે મન લાગા,
મલિન વાસના ત્યાગી ॥

*ઊઠત બૈઠત કબહુ ન છૂટૈ,*
*ઐસી તારી લાગી ॥*

*કહ કબીર યહ ઉમ્મનિ રહની,*
*સો પરગટ કરી ભાઈ ॥*

*દુ:ખ સુખસે કોઈ પરે પરમપદ,*
*તેહિ પદ રમા સમાઈ ॥*

શબ્દાવલી (શબ્દ-૩૦)

આમ કબીરસાહેબ યોગના હાથી પર જ્ઞાનની સીડી ગોઠવી ચઢ્યા તો હતા, પણ ઉપર સહજની અંબાડી ગોઠવીને, એમણે ભક્તિના મંદિરમાં પ્રવેશ કર્યો હતો પણ તેને માસીનું ઘર સમજીને નહીં, માથું હાથમાં લઈને બાહ્યાચારોનું ખંડન કર્યું હતું, પણ નિરુદ્દેશ નહીં, ભગવદ્વિરહની આગમાં તપ્યા હતા, પણ વિહ્વળ થયા ન હતા, રામના નામને વિશ્વાસથી પોકાર્યું હતું, પણ અંધશ્રદ્ધાથી નહીં.

આમ કબીરસાહેબનો આધ્યાત્મિક અનુભવ વિશાળ હતો. એમણે ઉત્તરના યોગને દક્ષિણની ભક્તિ સાથે જ્ઞાનની સાંકળે બાંધી સમન્વય કર્યો હતો. છેવટે એમણે નામનું નિશાન લીધું હતું.

*'કર મતવાલ જહાં સંતજન શૂરમા,*
*ધૂરત નિશાન તહંગગન ધાઈ ।*
*કહત કબીર અબ નામસો સુરમરું,*
*મૌજ દરબાર કી ભક્તિ પાઈ ॥'*

અને ધામ પરમતત્ત્વ આગળ સંપૂર્ણ સમર્પણ કરી દીધું હતું, એમનો આત્મા પરમતત્ત્વ સાથે એકાકાર થઈ ગયો હતો, પછી એ શરીર પર પરમાત્માનો જ અધિકાર રહ્યો હતો તેથી એમણે કહ્યું હતું :

*'મેરા મુઝમેં કુછ નહીં, જો કુછ હૈ સો તોર ।*
*તેરા તુઝકો સોંપતાં, ક્યાં લાગત હૈ મોર ॥'*

(કબીરવાણી : ફેબ્રુઆરી '૮૩)

❑

# સમાજ-સુધારક સંત કબીરજી

પ્રા. સી. બી. ઠાકર

સંત કબીરજીનો જીવનકાળ એક એવો સમય હતો જેમાં રાજકીય, સામાજિક અને ધાર્મિક રીતે અનેક પ્રકારની ઊથલપાથલ મચેલી હતી. રાજ્ય-વ્યવસ્થા અસ્થિર હતી, લડાઈઓ ચાલ્યા કરતી, અત્યાચારો થતા અને સમાજ જર્જરિત બની ગયો હતો. દમન અને શોષણ, આતંક અને આક્રમણ તેમ જ દંભ અને પાખંડને લીધે સમાજમાં અરાજકતા અને અસ્થિરતાનું વાતાવરણ હતું.

કબીરજીના સમયમાં પ્રજા અંધવિશ્વાસો, રૂઢિઓ અને સંકુચિત સાંપ્રદાયિકતામાં સપડાયેલી હતી. ધર્મ અને જાતિના વાડાઓમાં વહેંચાયેલ જુદી જુદી કોમના માણસોમાં પારસ્પરિક વૈમનસ્ય અને વિદ્વેષની ભાવનાનું ઝેર ફેલાયેલું હતું. માત્ર હિન્દુ-મુસલમાન વચ્ચે જ નહીં, પરંતુ હિન્દુઓમાં પણ વર્ણ-વ્યવસ્થાના આધારે ઊંચ-નીચ; સ્પૃશ્ય-અસ્પૃશ્યની ભાવના પ્રબળ બની હતી અને તેથી સામાજિક અન્યાય અને અત્યાચાર વધી પડ્યા હતા.

કહેવાતા સાધુ-સમાજમાં દંભ અને પાખંડને લીધે પ્રચ્છન્ન દુરાચાર અને ભ્રષ્ટાચાર ફેલાયેલો હતો, ધર્મને નામે ઢોંગ અને સાધુતાને નામ શેતાનિયત વધી પડી હતી. બાહ્ય આડંબર અને ઔપચારિક ધર્માચરણ દ્વારા કહેવાતા ધર્મધુરંધરો લોકોને છેતરતા હતા. લોકોમાં પણ સ્વેચ્છાચાર અને અનાચાર વ્યાપેલો હતો. પ્રજાનું સામાજિક, ધાર્મિક અને નૈતિક દૃષ્ટિએ ખૂબ જ અધઃપતન થયેલું હતું.

આવા સમયમાં અત્યંત નિર્મળ અને પ્રામાણિક જીવન જીવતા એક ઉચ્ચ કોટિના માનવ સંત કબીરજી માટે ઉપર જણાવેલ પરિસ્થિતિઓ ખૂબ જ અકળાવનારી હતી અને તેથી જ તેમની અનેક ઉક્તિઓમાં એના વિરુદ્ધ કબીરજીનો આક્રોશ વ્યક્ત થયેલો જોવા મળે છે.

ધૂર્તતા, દંભ, પાખંડ અને અસત્યાચરણ પ્રત્યે તેમને સખત નફરત હતી. સાંપ્રદાયિકતા, વર્ણભેદ, વાડાબંધી, વિદ્વેષ, વેર, હિંસા અને અનાચારને તેઓ ખૂબ ધિક્કારતા. આથી જ તેમણે તેમની 'અખ્ખડ' ભાષામાં આવી બધી બાબતો પર અત્યંત સ્પષ્ટ અને તીખા શબ્દોમાં આકરા પ્રહારો કર્યા છે.

સમાજમાં ધન-સંચયની લોભી વૃત્તિ અને આર્થિક અસમાનતા જોઈને સમાનતાના ધોરણે સમાજની નવરચના કરવાની ભાવના કબીરજીએ એક સાચા સમાજવાદી સંતની હેસિયતમાં વ્યક્ત કરી હતી. તેઓ માનતા કે આર્થિક સમાનતાના ધોરણે સમાજની પૂંજીની વહેંચણી થાય તો જ સમાજ શાંતિમય અને સંઘર્ષરહિત જીવન જીવી શકે. પૂંજીપતિઓએ ઉદારવૃત્તિ દાખવી સમાજના દલિતવર્ગને ઉપર લાવવા પ્રયત્નો કરવા જોઈએ. તેથી જ ધનસંચય કરનારા લોભી ધનવાનોને તેઓ કહે છે :

*कबीर सोच न संचिये जो आगै कूं होई*
*सीस चढाये पोटली ले जात न देख्या कोई ।।*

કનક અને કામિનીની નિસ્સારતા પર પ્રકાશ પાડીને લોકોની લંપટ અને લોભી મનોવૃત્તિ પર કબીરજીએ આકરા પ્રહારો કર્યા છે. દરિદ્ર વ્યક્તિઓ પ્રત્યેના ધનવાનોના કઠોર અને અપમાનજનક આચરણની પણ તેમણે ભર્ત્સના કરી છે. તેઓએ કહ્યું છે કે સાચો ધનવાન તો તે છે કે જે પ્રભુના પ્યારા માનવો પ્રત્યે ઉદારતા અને સદ્ભાવ રાખે છે અને સાચો નિર્ધન તો એ છે કે જે હૃદયમાં પ્રભુ પ્રત્યે અને વ્યવહારમાં માનવો પ્રત્યે પ્રેમ રાખતો નથી.

કબીરજી એક વર્ણવિહીન સમાજની સ્થાપના કરવા માંગતા હતા. સમાજમાં જે અજંપો અને અસ્વસ્થતા હતી તેનું એક કારણ હિન્દુઓની વર્ણાશ્રમ ધર્મવ્યવસ્થાની વિકૃતિઓ હતી. સમાજનું નેતૃત્વ બ્રાહ્મણ-પંડિતોના હાથમાં હતું, આથી નિમ્ન વર્ગના લોકો અને ખાસ કરીને શૂદ્રો પ્રત્યે ઘૃણાની દૃષ્ટિએ લોકો જોતા હતા. હિન્દુઓમાં બ્રાહ્મણ-શૂદ્ર વચ્ચેનો જે ભેદભાવ હતો તેમ જ ઊંચ-નીચ અને સ્પૃશ્ય-અસ્પૃશ્યની જે હીન ભાવના હતી તેને લીધે હિન્દુ-સમાજ નિર્બળ અને ગતિહીન બની ગયો હતો.

પારસ્પરિક દ્વેષ અને વેર વધ્યા હતા અને તેથી હિન્દુ-સમાજ પર તેની ઘાતક અસરો પડી હતી. આથી જ કબીરજી અહંમાં રાચતા બ્રાહ્મણોને ચાબખા માર્યા એટલું જ નહીં પણ હીનતા-ગ્રંથિથી પીડાતા શૂદ્ર-સમાજને પણ જાગૃત કરવા વેધક અને પ્રેરક વાણીમાં ઉપદેશ આપ્યો. આ વિષેના કબીરજીના મર્મસ્પર્શી આકરાં વચનો જોવા જેવાં છે—

*जौ तूं बांभन बंभनी जाया ।*
*तौ अ न बाट हवै क्यों नहि आया ।।*

વળી કહે છે—

काहे क कीज पांडे छोति विचारा ।
छोतिहिं ते उपना संसारा ।।
हमारे कैसे लोहू तुम्हारे कैसे दूध ।
तुम्ह कैसे ब्राह्मण पांडे हम कैसे सूद ।।

વર્ણાશ્રમધર્મવ્યવસ્થાની વિકૃતિઓ પાછળ હિન્દુઓની મૂર્ખતા અને અજ્ઞાન જ જવાબદાર છે તેમ કબીરજી માનતા. તેઓ માનતા હતા કે આવી સ્પૃશ્યાસ્પૃશ્યની ભાવના પાછળ આપણા મનના અજ્ઞાન અને માયાનો પ્રભાવ જ કારણભૂત હતો અને તેથી તેમણે કહ્યું—

एक पाट सकल बेठाये
छूति लेत धौं काकी ।
छूतिहि जेवन छूतिहि अचवन,
छूतिहि जगत उपाया ।।
कहहि कबीर ते छूति
बिबरजित जाके संग न माया ।।

બ્રાહ્મણો ઉપરાંત ક્ષત્રિયોના વ્યવહારમાં પણ મનની શુદ્ધિ નહીં પરંતુ કેવળ બાહ્યાચારની જ પ્રધાનતા હતી તેમ કબીરજી માનતા. તેમણે ક્ષત્રિયોની અધોગતિ પ્રત્યે ધ્યાન દોરી કહ્યું કે ખરેખર તો ક્ષત્રિયોનું કાર્ય જીવરક્ષા કરવાનું છે પણ તેને બદલે તેઓ તો જીવહિંસામાં રચ્યાપચ્યા રહી પોતાને શૂરવીર કહેવડાવે છે તે કેટલું હાસ્યાસ્પદ છે. તેઓ કહે છે—

खत्री करै खत्रिया धरमो,
तिनकू होय सवायां करमो ।
जीवहि मारि जीव प्रतिपारै,
देखत जन्म आपनौ हारै ।।

આમ બ્રાહ્મણ-ક્ષત્રિય બંનેને પોતાના ભ્રમ અને દોષમાંથી જાગૃત કરી, ખોટા ભેદભાવ ભૂલી, સમગ્ર જનસમુદાયમાં રામરૂપને પીછાની મમત અને અહંનો-ગર્વનો ત્યાગ કરવાનો ઉપદેશ કબીરજીએ આ શબ્દોમાં આપ્યો છે :

*सब मैं राम है ल्यो सींचा,*
*इन थै और कहौ को नीचा ।।*
*अति गुन गरब कै अधिकाई,*
*अधिके गरवि न होई भलाई ।।*

કબીરજીએ માત્ર હિન્દુઓને જ નહીં પરંતુ મુસલમાનોને પણ તેમની ધર્મની ગેરસમજ અને જડતા માટે ઠપકાર્યા છે તેમ જ તેમના ઔપચારિક ધર્મપાલન પ્રત્યે પોતાની વ્યંગપૂર્ણ વાણીમાં સારા એવા ચાબખા માર્યા છે. તેઓએ કહ્યું છે :

*जौ तू तूरक तूरकनी जाया ।*
*तौ भीतर खतना क्यों न कराया ।।*

વળી કબીરજીનું કહેવું છે કે હિન્દુઓ મૂર્તિમાં જ ભગવાન છે તેમ મુસલમાનો પણ મસ્જિદમાં જ ખુદાનો નિવાસ છે એમ માને તે સર્વવ્યાપી ઈશ્વરનું – ખુદાનું અપમાન છે જે આપણા અજ્ઞાનનું પરિણામ છે. તેઓ કહે છે :

*जो खोदाय मस्जिद में बसत है,*
*और मुलुक केहि केरा ।*
*तीरथ मूरति राम निवासी,*
*बाहर करै को हेरा ।।*

ઈશ્વર અર્થાત્ ખુદા તો સર્વવ્યાપી અને સર્વજ્ઞ છે. તે તો બધું જુએ છે, સાંભળે છે અને સમજે છે. તો પછી મસ્જિદમાં બાંગ પોકારવી, રોજા રાખવા કે હજ કરવા જવું તેનો કોઈ અર્થ નથી. એક તરફ ખુદાની બંદગી કરવી અને બીજી તરફ ગાય, મૂર્ગી વગેરેની હિંસા કરવી એમાં સાચા મુસલમાનનો ધર્મ સમાયેલો નથી અને આવું કરવાથી ખુદા કદી પણ ખુશ થતા નથી. તેઓ કહે છે :

*दिन भर रोजा रखत हैं,*
*रात हनत है गाय ।*
*यह तो खून वह बंदगी,*
*कैसे खुशी खुदाय ।।*

* * *

*रोजा, तुरक, नमाज गुजारै,*
*बिसमिल बाँग पुकारै ।*
*तिनकै बिहिश्त कहाँ ते होई,*
*सांझे मुरगी मारै ।।*

પોતાને ધર્મના ચુસ્ત અનુયાયી ગણતા મુસલમાનોને એક તરફ જીવહિંસા કરતા અને બીજી તરફ મસ્જિદમાં જઈ ખુદાની એકતાની ઘોષણા કરતા જોઈ સખત નારાજગી વ્યક્ત કરતા કબીરજી કહે છે :

*जाको दूध धाई कर पीजै,*
*ता माता कौ वध क्यूं कीजै ।*
*लहुरै थकै दुहि पीया खीरौ,*
*ताका अहमक भखै सरीरौ ।।*

આનાથી પણ આગળ વધીને હિન્દુ-મુસલમાન બંનેની વિચિત્ર વૃત્તિઓ અને ધર્મથી વિરુદ્ધ એવી પ્રવૃત્તિઓ પર કઠોર પ્રહાર કરતાં સાફ સાફ શબ્દોમાં કબીરજીએ કહ્યું છે :

*हिन्दू कपनी करै बडाई,*
*गागर छूवन न देई ।*
*वेश्या के पांयन तर सोवे,*
*यह देखो हिन्दुवाइ ।।*
*मुसलमान के पीर ओलिया,*
*मुर्गा मुर्गी खाई ।*
*खाला केरी बेटी ब्याहें,*
*घरमें करे सगाई ।।*
*हिन्दुवन की हिन्दुवाई देखी,*
*तुरकन की तुरकाई ।।*

આમ કબીરજીએ હિન્દુ-મુસ્લિમ બંનેની ઔપચારિક ધાર્મિકતા, બાહ્યાચાર અને ધાર્મિક રૂઢિઓની કટુ આલોચના કરી છે. વળી તેમણે તો હિન્દુ-મુસલમાનની પ્રેમ પર આધારિત એકતા પર ભાર મૂક્યો છે અને બંનેનો સંબંધ વ્યાપક

ઈશ્વરીસત્તા સાથે જોડીને બંને વચ્ચે અભેદ સ્થાપવાનો પ્રયત્ન કર્યો છે.

તત્કાલિન સમાજમાં હિન્દુ-મુસ્લિમના સંઘર્ષની જે આગ પ્રજ્વલિત હતી તેને ઠારવાનું કામ કબીરજીએ પોતાની વાણીના પાણીથી કર્યું તેમ જ બંને કોમોની ભિન્ન એવી સંસ્કૃતિઓ અને વિચારધારાઓ વચ્ચે માનવતાવાદની ભાવના વડે સમન્વય સાધવાનો પ્રયાસ કર્યો છે.

કબીરદાસજી એક એવા મહાન ઉદારમતવાદી સંત હતા, જેમણે ઈશ્વરની સૌના એક પિતા તરીકે પ્રતિષ્ઠા કરી બંધુત્વનો પાઠ ભણાવ્યો છે. તેઓ માનતા કે માનવ-માનવમાં જ્યાં સુધી સમતા અને એકતાની ભાવના દૃઢ થતી નથી ત્યાં સુધી સાચી શાંતિ અને સાચું સુખ પ્રાપ્ત થઈ શકતું નથી. તેઓ કહેતા કે અદ્વૈતવાદની માત્ર ફિલોસોફી હાંકવાથી શું વળે, જો માનવ-માનવ વચ્ચે એકાત્મ્યની ભાવના ન સધાય ?

કબીરજી સાચા અર્થમાં અદ્વૈતવાદી હતા અર્થાત્ માનવસમાજની એકતા અને અખંડિતતાના સાચા પૂજારી હતા. તેઓ ખરેખર વર્ણ, જાતિ અને ધર્મથી પર એવી સમાજ-નવરચનાના પક્ષપાતી હતા. હિન્દુ-મુસ્લિમની જાતીય સંકુચિતતા પર પ્રહારો કરી બંને વચ્ચેની એકતાના પુરસ્કર્તા બનતાં તે કહે છે–

*हम सब मांहि सकल हम माँही,*
*हम थे और दूसरा नाहीं ।*
*मुसलमान कहै एक खुदाइ,*
*कबीर को स्वामि घटि घटि रह्यौ समाई ।।*

આમ તેમણે એકતામૂલક સમતાનો પ્રચાર કર્યો. હિન્દુઓના 'અનેકેશ્વરવાદ' અને મુસલમાનોના 'એકેશ્વરવાદ'ના વિવાદથી પર થઈને સરળ શબ્દોમાં ઈશ્વરની 'ઘટ-ઘટ-વ્યાપકતા' દ્વારા માનવમાત્રની સમાનતા પ્રસ્થાપિત કરી એટલું જ નહીં પરંતુ તેમણે તો ઈશ્વરને જ પ્રેમસ્વરૂપ માની માનવ-માનવ વચ્ચે પ્રેમની વ્યાપકતાને જ ઈશ્વરની સર્વવ્યાપકતા માની છે. ઈશ્વર અને પ્રેમ એ બંને એક જ છે જેમ સૂર્ય અને તેનો તાપ અથવા પ્રકાશ. કબીરજીના શબ્દો છે–

*प्रेम हरी को रूप है,*
*त्यों हरि प्रेम स्वरूप ।*
*एकहि हवै द्वै में लसै,*
*ज्यों सूरज अरु धूप ।।*

કબીરજીની વિદ્રોહી ભાવના ધર્મની આડંબરી અને પાખંડી પ્રવૃત્તિઓ વિરુદ્ધ પણ વ્યક્ત થઈ છે. શરીરે ભસ્મ ચોળી, જટા ધારણ કરી, ધૂણી ધખાવી અને ચમત્કારોથી લોકોને ભરમાવનાર જોગીઓ પ્રત્યે તેમણે પોતાનો રોષ ઠાલવ્યો છે. માળા ફેરવી જાપ જપતા પરંતુ અનાચારમાં રચ્યા-પચ્યા રહેનારા દંભી લોકો પ્રત્યે કબીરજીએ સખત અણગમો પ્રગટ કર્યો છે. મૂર્તિ-પૂજા અને તીર્થ-વ્રત કરનારાઓની વ્યર્થતા પર તેમણે કટાક્ષો કર્યા છે અને કહ્યું છે–

*माला पहरै मनमुखी,*
*ताथै कछू न होई ।*
*मन माला कौं फेरतां,*
*जुग उजियारा सोइ ।।*

અને–

*पांहण केरा पूतला, करि पूजैं करतार ।*
*इही भरोसे जे रहे, ते बूडे काली धार ।।*

ધર્મ, પૂજાપાઠ, વ્રત-ઉપવાસ અને પવિત્રતાની વાતો કરનારા, પરંતુ વ્યવહારમાં માંસાહાર, મદ્યપાન અને માનિની-સેવન કરનારાને ધાર્મિક કેવી રીતે ગણી શકાય તેવો સવાલ કબીરજી પૂછતા અને તેઓ દૃઢપણે માનતા કે જીવહિંસા કરનાર અને દુરાચારી બ્રાહ્મણ કરતાં અહિંસાનું પાલન કરનાર પવિત્ર આચરણવાળો ચાંડાલ વધારે સારો છે. માંસ-મદિરાનું સેવન કરી વાસનામાં રચ્યાપચ્યા રહેનારા નિસ્સંદેહ પાપીજનો છે અને નરકના અધિકારી છે એમ જણાવતાં કબીરજી કહે છે–

*पापी पूजा बैसि करि,*
*भषे मांस मद दोई ।*
*तिनकी देष्या मुकति नहीं,*
*कोटि नरक फल होइ ।।*

આંતરિક શુચિતા અને મનની નિર્મળતાને નહીં પણ કેવળ વસ્ત્રમાં અને મુંડનમાં જ સાધુતા સમાયેલી છે તેવું માનનાર સંન્યાસીઓને પણ કબીરજીએ સ્પષ્ટ શબ્દોમાં વખોડતા કહ્યું છે–

केसों कहा बिगाडिया,
जे मुंडै सौ बार ।
मन कौ काहे न मूंडिए,
जामैं विषय विकार ।।

હાથમાં માળા ફેરવી જાપ જપનાર પરંતુ દૂષિત મનવાળા મનુષ્યને ટપારતાં કબીરજી માળા દ્વારા જ ઉપદેશ અપાવતા કહે છે—

कबीर माला काठ की,
कहि समुझावै तोहि ।
मन न फिरावै आपणा,
कहा फिरावै मोहि ।।

વળી મૂર્તિ-પૂજાને જ ધર્મ માનનારાઓનો શ્રમ મિથ્યા છે અને જીવનભર પૂજવા છતાં નિરુત્તર રહેતી જડ મૂર્તિની ઉપાસના મૂર્ખતા સિવાય બીજું કાંઈ નથી તેમ તેઓ માનતા. આ વિષે તેમણે કહ્યું છે—

पाहन कू का पूजिए,
जे जनम न दे ज्वाब ।।
आंधा नर आसामुषी,
यौंही खोवै आब ।।

*

सेवै सालिरांम कू,
मन की भ्रांति न जाई ।।
सीतलता सुपिनै नहीं,
दिन दिन अधकी लाई ।।

આવું બધું કરવા કરતાં ઈશ્વરનો વાસ વ્યક્તિમાત્રના હૃદયમાં જ છે અને તેને પોતાના મનમાં જ શોધવામાં-પામવામાં સાચી શાંતિ અને મુક્તિનો આનંદ મળી શકે છે તેમ માનતા કબીરજી કહે છે—

*कबीर दुनियां देहुरै,*
*सीस नवांवण जाई ।*
*हिरदा भीतरि हरि बसै,*
*तूं ताही सौं ल्यौ लाई।।*

સાચા હરિભક્ત વૈષ્ણવો પ્રત્યે કબીરજીને શ્રદ્ધા હતી, પરંતુ તેમની દાંભિકતા અને બાહ્યાડંબર પ્રત્યે સખત નારાજગી હતી. છાપા-તિલક લગાવવાથી અને કંઠી બંધાવવાથી વૈષ્ણવ નથી બનાતું; પણ સાચા વૈષ્ણવ તો વિવેક, વિશુદ્ધતા અને વિમલતાયુક્ત જીવન જીવવાથી જ બની શકાય છે. બાકી તો દંભ અને પાખંડ દ્વારા લોકોને છેતરવાના ધંધા જ છે એમ જણાવતાં તે કહે છે–

*बैसनो भया तौ का भया,*
*बूझा नहीं विवेक ।*
*छपा तिलक बनाई करि,*
*दग्ध्या लोक अनेक ।।*

કબીરજી સત્ય અને અહિંસાના પૂજારી હતા. નિર્દોષ પશુઓની હિંસા કરનાર મનુષ્યોની નિર્દયતાથી તેઓ વ્યથિત થઈ જતા અને હિંસાના પરિણામ વિષે ચેતવણીનો સૂર કાઢતા એક સુંદર અને સચોટ દૃષ્ટાંત દ્વારા ઉપદેશ આપતા તેઓ જણાવે છે કે–

*बकरी पाती खात है,*
*ताकी काढी खाल ।।*
*जे नर बकरी खात है,*
*तिनका कवन हवाल ।।*

આમ કબીરજી સમાજમાં જ્યારે જ્યારે દંભ, પાખંડ, અનાચાર, વિષમતા કે ક્રૂરતા જોતા ત્યારે ત્યારે અસ્વસ્થ થઈ જતા. એથી એમના મનમાં કરુણાજન્ય ક્રોધ ઉત્પન્ન થતો. કબીરજીને એ વાતની પણ ચીડ હતી કે સમાજમાં સીધાસાદા અને સાચા માણોસોનો નહીં, પરંતુ લોભી, કપટી અને ખુશામત કરનારાઓનો આદર થાય છે. આવા લોકોનો ભાંડો ફોડવાનો અને તેમને ઠપકારવાનો હંમેશા કબીરજીએ પ્રયત્ન કર્યો છે.

કબીરજી સાચા અર્થમાં પ્રગતિશીલ વિચારના સંત હતા. તેમનું લક્ષ્ય સમાજની વિકૃતિઓ અને નિર્બળતાઓ દૂર કરી સમાજને સ્વસ્થ બનાવી પ્રગતિને માર્ગે વાળવાનું હતું. સ્થગિતતા અને રૂઢિવાદિતામાં સડતા સમાજને સ્વચ્છ, ગતિશીલ અને ઉન્નતિશીલ બનાવવાના તેમણે સતત પ્રયાસો કર્યા છે.

કબીરજી સ્વભાવે એક સાચા સંત હતા તો કર્મે એક મહાન સુધારક હતા. તેઓ સમાજમાં ફેલાયેલી વિષમતાઓને દૂર કરી ક્રાંતિકારી પરિવર્તનો કરવાની ઇચ્છા રાખતા હતા. આથી જ સમાજની જડતા અને મલિનતાથી હારીથાકી પલાયનવાદી ન બનતાં કબીરજીએ બધાની વચ્ચે રહી, ઘોર વિરોધ કરી, સંખત પ્રહારો કરી સમાજને સાચે માર્ગે દોરવાના કર્મઠતાપૂર્વક પ્રયત્નો કર્યા. આજના યુગમાં પણ કબીરજી જેવા સંનિષ્ઠ સમાજ-સુધારકનું મૂલ્ય લેશમાત્ર પણ ઓછું નથી. આપણે ઇચ્છીએ કે આજનો સમાજ પણ એમની અમરવાણીમાંથી ઉચિત પ્રેરણા મેળવે.

(કબીરવાણી : ફેબ્રુઆરી '૮૩)

❑

# કબીરજીના આરાધ્ય રામ

ડૉ. રમેશ પંડ્યા
વલ્લભ વિદ્યાનગર

આજથી લગભગ છસો વર્ષ પૂર્વે જ્યારે સમગ્ર જનજીવન નિરાશા અને હતાસામાં ડૂબેલું હતું ત્યારે એ પ્રતિકૂળ સ્થિતિમાં કબીરજી જેવી શ્રેષ્ઠ વિભૂતિએ જન્મ પામી સમગ્ર જનસમાજને નિર્ગુણ તરફ ઉન્મુખ કર્યો. મનોવૈજ્ઞાનિક રીતે પહેલાં સમાજનું વલણ સગુણ તરફ ઢળવું જોઈતું હતું કારણ કે નિરાશ અવસ્થામાં નિર્ગુણ કરતાં સગુણ પ્રત્યે આકર્ષણ વધુ રહે છે. પરંતુ કબીરજીની એ વિશેષતા હતી કે તેમણે નિર્ગુણની સ્થાપના દ્વારા સમાજ નિર્માણનું કાર્ય કર્યું.

મહર્ષિ શાંડિલ્યે કહ્યું છે કે ઈશ્વરમાં પરમ અનુરક્તિ એ જ ભક્તિ છે. દેવર્ષિ નારદે પણ પોતાના ભક્તિસૂત્રમાં ભક્તનું લક્ષણ બતાવતાં કહ્યું છે કે — પોતાનું સંપૂર્ણ આચરણ ઈશ્વર પ્રત્યે સમર્પિત કરી તેના વિસ્મરણમાં પરમ વ્યાકુળતાનો અનુભવ કરે એ જ સાચો ભક્ત. ખરેખર સાચો ભક્ત એ જ છે જેની બધી ક્રિયાઓ અને કાર્યોના પ્રારંભ-મધ્ય અને અંતમાં આરાધ્યનો વાસ હોય. કબીરજીએ આ વાત સ્વીકારીને પોતાની ભક્તિમાં જે વાત સહાયક લાગી તેનો તેમણે હૃદયપૂર્વક સ્વીકાર કર્યો અને જે વસ્તુ નડતરરૂપ લાગી તેનો સંપૂર્ણ બહિષ્કાર કર્યો.

તેમણે પોતાના દોહા-પદોમાં વિષ્ણુ, કૃષ્ણ ગોવિંદ, રામ, માધવ, મધુસૂદન, બનવારી, નરહરિ, વિઠ્ઠલ, ચિંતામણિ, શિવ, સારંગપાણિ વગેરે અનેક હિન્દુ દેવોનાં નામોનો પ્રયોગ કર્યો છે તો મુસ્લિમ સંપ્રદાયના અલ્લાહ, ખુદા, કરીમ, રહીમ, રબ, પયગંબર, હુજૂર વગેરે નામોનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે નાથ સંપ્રદાયના બ્રહ્મવાચક શબ્દો જેવા કે — સહજ, શૂન્ય, સબદ, અનહદ — નો પણ ઉપયોગ કર્યો છે. કારણ કે હિન્દુ-મુસલમાન, નાથ-સિદ્ધ, વૈષ્ણવ-શિવ વગેરે જુદા જુદા સંપ્રદાયના લોકો પોતાના સંપ્રદાયમાં પ્રસ્થાપિત ઈશ્વર નામને ઉત્તમ અને અન્ય સંપ્રદાયમાં પ્રસ્થાપિત ઈશ્વર નામને નિકૃષ્ટ માનતા હતા. કબીરજી આ વૃત્તિનો વિરોધ કરવા માગતા હતા. તેથી તેમણે તત્કાલિન બધા જ સંપ્રદાયમાં પ્રચિલત ઈશ્વર વિષયક નામોનો ઉલ્લેખ કર્યો છે. છતાં પણ તેમનો મત તો સ્પષ્ટ જ છે કે આ બધાં નામોમાંથી એક જ ઈશ્વરનો બોધ થાય છે — તે છે રામ.

'એક રામ દેખા સબહિન મેં
કરૈ કબીર મણ માનાં.'

તેમણે કોઈ પણ વ્યવસ્થા, વસ્તુ વિધાન, વિચાર પ્રિય હતાં તો તેમના રામને કારણે. તેમના સંબંધોના એક માત્ર 'આધાર રૂપ હતા રામ.

કબીરજીએ રામાનંદજી પાસેથી રામનામની દીક્ષા લીધી, પરંતુ તેમના રામ રામાનંદજીના રામથી તદ્દન જુદા હતા. તે દુષ્ટોનો નાશ કરનાર રઘુનંદન-દશરથપુત્ર ન હતા અને તેમના સેવક 'અંજનિપુત્ર' પણ ન હતા. તેમના રામ સગુણ નથી. તેમણે પોતે જ કહ્યું છે–

'જાકે મુખ માથા નહીં, નાહિ રૂપ અરૂપ
પુરુષ બાસસે પાતરા, ઐસા તત્ત અનૂપ.'

અર્થાત્ રામને તેમણે નિર્ગુણ બ્રહ્મના પર્યાય જ માન્યા છે. તેમણે પોતે સ્પષ્ટ કહ્યું છે–

'નિર્ગુણ રામ જપ હુ રે ભાઈ'

આમ તેમની રામભાવના ભારતીય બ્રહ્મ-ભાવના સાથે પૂરેપૂરી મળતી આવે છે.

તેમના ઈશ્વર નિર્ગુણ છે – નિરાકાર છે છતાંય તેનામાં ચિત્તવૃત્તિ લગાડવા માટે વર્ણમાળાના બાવન અક્ષરોમાંથી 'ર' અને 'મ' પર ચિત્ત લગાડવું જોઈએ.

'બાવન અકિખર સોધિ કે
'ર' હૈ 'મ' મેં ચિત્ત લાઈ.'

કબીરજીના રામ અરૂપ છે, અનામ છે, નિર્ગુણ છે, નિરાકાર છે, પરંતુ આમ હોવા છતાંય તે અદ્વૈતવાદીઓના નિર્ગુણ નિરાકાર બ્રહ્મથી જુદા છે. અદ્વૈતવાદીઓના 'બ્રહ્મ' ચિંતન અને મનની વસ્તુ છે; તેઓ પદવીઓથી વિભૂષિત છે. જ્યારે કબીરજીના રામ પદવીઓથી મુક્ત છે, સમર્થ છે, દયાળુ છે, વત્સલ છે. કબીરજીના રામ પદવીમુક્ત નિર્ગુણ બ્રહ્મ છે – જે નિર્ગુણ અને સગુણના સંધિસ્થળ સમાન છે. તેમણે પુરાણ પ્રતિપાદિત અનેક અવતારોનો ઉલ્લેખ કરીને જણાવ્યું છે કે તેમનો 'સાહબ' આમાંથી કોઈ નથી –

*'દાસ કબીર કો ઠાકુર એસો*
*જા કો માઈ ન બાપૈ રૈ'*

આવા રામની ભક્તિનો ઉપદેશ ગુરુ વડે જ પ્રાપ્ત થાય છે. ગુરુ સાધકને સાધનાની મુશ્કેલીઓથી સાવધાન કરે છે અને તેને ઉત્સાહ આપે છે.

કબીરજીએ કહ્યું છે–

*'સતગુરૂ કી મહિમા અનંત,*
*અનંત કિયા ઉપગાર*
*લોચન અનંત ઊઘડિયાં*
*અનંત દિખાવણહાર'*

ગુરુ વડે જ રામ રૂપી પરમતત્ત્વની પ્રાપ્તિ થાય છે. પરંતુ આ ગુરુકૃપાની સાથે સાથે નામસ્મરણ પણ અત્યંત જરૂરી છે. નામસ્મરણની નૌકાથી ભવસાગર તરી જવાય છે.

કબીરજીના મતે સાધનામાં સાધકે રામને આશ્રિત રહેવાનું છે – જીવની હત્યા નિષિદ્ધ છે. રામ ઘટ ઘટવાસી છે. સંત સેવા અને સહવાસથી જ સાધક સંતોચિત સદ્‌ગુણોનો સંચય કરી શકે છે અને ત્યારે જ સંયમ, મનનું ધ્યાન ઇન્દ્રિય નિગ્રહ પ્રાપ્ત થાય છે અને એકનિષ્ટ નિષ્કપટ પ્રેમનો ઉદય થાય છે – જે જીવનની અમૂલ્ય સંપત્તિ છે. જે ભક્ત શરૂઆતથી જ ગુરુની સેવા કરે છે, નામસ્મરણ કરે છે, જે રામના શરણમાં જાય છે, હિંસાથી દૂર રહે છે, સંતોનો સહવાસ કરે છે. જેનામાં સંતોચિત ગુણોનો સંગ્રહ છે અને છલકાતો પ્રેમભાવ છે તે જ પરમ પુરુષ સાથે હાસવિલાસ કરી શકે છે.

કબીરજી કહે છે – સદ્‌ગુરુએ સદ્‌ગુણ સંપન્ન જિવાત્માનો પરમપુરુષ સાથે પરિચય કરાવ્યો. પરંતુ સુખની સાથે સાથે દુ:ખ ઉત્પન્ન થયું. પ્રિયતમનો પંથ જોતાં જોતાં આંખોમાં ઝાંખપ આવી, રામવિરહિણી સુખથી ન તો ખાઈ શકી ન સૂઈ શકી. તેને તો દર્શનની ઇચ્છા છે. અથવા મૃત્યુ ખપે છે, કોઈ કોઈ વાર શરીર બાળીને સ્યાહી બનાવી અસ્થિની લેખનીથી પત્ર રામને મોકલવાનો સંકલ્પ કરે છે. આ પતિપરાયણ પ્રોષિત પતિકાનો પોકાર સાંભળી પ્રિય રામ તેની પાસે આવે છે અને મંગલ ગીતો ગવાય છે. જિવાત્મા પોકારી ઊઠે છે–

*'હરી મેરા પીવ મૈં રામ કી બહુરિયા*
*રામ બડે મૈં છુટક લુહરિયા'*

કેટલાક વિદ્વાનો માને છે કે કબીરજીમાં આ પ્રેમપદ્ધતિ સૂફીઓ તરફથી આવી છે. પરંતુ સૂફીઓની માફક કબીરજીના આરાધ્ય સ્ત્રી નથી, પુરુષ છે. ઉપનિષદોમાં પણ આત્મા પરમ-પુરુષ પરમાત્માની પત્ની રૂપે ઉપાસના કરે છે. આ અનુકરણ કબીરજીમાં છે. કબીરજીની પ્રેમની પીડા સૂફીઓથી પ્રભાવિત જરૂર છે.

આમ દાંપત્યભાવ અનુસાર રામને પતિ તરીકે ગણવા ઉપરાંત તેમણે અલખને કોઈ વાર મિત્ર, સાથી, માતા, પિતા પણ માન્યા છે. પરંતુ પ્રધાનભાવ દાંપત્યનો છે. દાંપત્ય ભાવથી ઓછું પરંતુ સખાભાવથી વધુ મહત્ત્વ તેમણે સેવકભાવને આપ્યું છે. જેમાં તેમણે સેવક ભાવનું નિરૂપણ કર્યું છે ત્યાં પોતાના રામને સ્વામી-સાંઈ અને પોતાને સેવક તરીકે ગણાવ્યા છે અને તુલસીદાસની માફક વારંવાર પોતાના સ્વામીનાં ગુણગાન કર્યાં છે. તદુપરાંત શાંતભાવની ભક્તિમાં રામની અનન્યતા અને અલિપ્તતાનું વર્ણન પણ કર્યું છે.

કબીરજીએ બ્રહ્મનાં અવ્યક્ત અને વ્યક્ત બંને રૂપોની અભેદતા પ્રતિપાદિત કરી છે. ભક્ત હોવાને કારણે તેમણે બ્રહ્મનું વર્ણન પણ કર્યું છે. તેમણે બ્રહ્મને અરૂપ બનાવવા છતાંય એવો રૂપવાન વર્ણવ્યો છે કે સંસારની જેટલી પણ સુંદર વસ્તુઓ છે તે બધી તેમના થકી સુંદરતા મેળવે છે. તેને તેઓ એવો સમર્થ બતાવ્યો છે કે પશુપંખી પણ રક્ષા કરે છે. કબીરજી કોઈ વાર તેને માતા તરીકે જુએ છે અને પોતાને તેના બાળક તરીકે ઓળખાવે છે. કોઈ વાર તેને 'પીવ' બનાવી પોતાને તેની પત્ની બતાવે છે તો કોઈ વાર તેને સ્વામી કહી પોતાને તેનો કૂતરો કહે છે ('કબીર કૂતા રામકા'). જ્યારે બીજી બાજુ તેની નિર્ગુણ સત્તાનું વર્ણન કરે છે ત્યારે તેને ફક્ત અદ્વૈત વર્ણવીને જ સંતોષ માનતા નથી. સિદ્ધ અને નાથ યોગીઓના સ્વરમાં સ્વર પુરાવીને તેને દ્વૈત અદ્વૈતથી પણ પરે તાદ્વૈત વિલક્ષણ તથા ભાવ અને અભાવ અથવા અસ્તિ-નાભીથી પણ ભિન્ન 'ભાવભાવિ નિર્મુક્ત' બતાવે છે–

*એક કહીં તો હૈ નહીં, દોઈ કહી તો ગારિ,*
*હરિ જૈસા તેસા રહૈ, કહૈ કબીર વિચારિ.'*

કબીરજીએ પોતાના બ્રહ્મને રામ તરીકે ઓળખાવ્યા છે, પરંતુ તુલસીદાસજીના રામ જુદા છે. કબીરજીના રામ કોઈ વ્યક્તિ નથી. તેમનું અસ્તિત્વ ઈશ્વરવાચક શબ્દોથી પરે છે. તેમના રામની કોઈ રૂપરેખા નથી–

*'રૂપ રેખ જેહિ હૈ નાહીં*
*ઔર ધરો નહીં દેહ*
*ગગન મંડલ કે મધ્યમેં*
*રહતા પુરૂષ વિદેહ !'*

કબીરજીના રામ સંસારમાં વ્યાપત છે – તેઓ તેને 'સબ જગ રહા સમાઈ' – માને છે. કબીરજી રામનામની પ્રાપ્તિ માટે શુષ્કજ્ઞાનનો આધાર જરૂરી છે છતાં પણ તે અનુભૂતિનો વિષય છે. કબીરજીએ તેમને 'ગુંગેકા ગુર' અને 'કહા ન જાઈ' શબ્દોથી વર્ણવ્યા છે. તેમના રામને શોધવા માટે બહાર દૃષ્ટિપાત કરવાની જરૂર નથી. બહારથી અંદર જોતાં તે મળી આવે છે–

*'તેરા સાંઈ તુઝ મેં'*

આમ કબીરજીએ અનેકત્વને મિથ્યા ગણાવી એકત્વ અથવા અદ્વૈતને સત્ય તત્ત્વ તરીકે ઓળખાવ્યું છે. રામની કલ્પનામાં તેમણે ઉપનિષદ, ગીતા તથા શાંકર અદ્વૈત દ્વારા પ્રતિપાદિત જીવ અને બ્રહ્મની એકતાનું જ સંપૂર્ણપણે પ્રતિપાદન કર્યું છે.

આજની પરિસ્થિતિમાં કબીરજીના રામનો આદર્શ નજર સમક્ષ રાખવામાં આવે તો દેશ અને દુનિયામાં એકતા ઝડપથી ફેલાય – 'એક રામ દેખા સબહિન મેં.'

અને સર્વત્ર શાંતિ તથા આનંદનું સામ્રાજ્ય ફેલાય.

(કબીરવાણી : ફેબ્રુઆરી, '૮૩)

❑

# કબીરની રહસ્યમય વાણીનું રહસ્ય

પ્રા. વસંત ડી. જાધવ

આપણા રોજબરોજના વાણી-વ્યવહારમાં ભણતર સાથે ગણતરને પણ સમાન મહત્ત્વ અપાયું છે. આપણા સૌનો અનુભવ પણ એવો છે કે જ્યાં ભણતર તદ્દન નિષ્ફળ જાય છે ત્યાં ગણતર અનેકવાર સફળ થાય છે અને આથી જ ભારતીય સમાજ અને સંસ્કૃતિને ગૌરવના કૈલાસ પર વિરાજમાન કરનારા, મધ્યયુગીન ભક્તિ સાહિત્યમાં અખ્ખડ સંત અને ફક્કડ ફકીર તરીકે ખ્યાતિને વરેલા મહાત્મા કબીરસાહેબ પોતે શાલેય શિક્ષણથી વંચિત હોવા છતાંય એમની હૃદયવીણાએ પોતાના ગણતરને સુપેરે વ્યક્ત કર્યું છે. 'मसि कागद् छूयो नहीं, कलम गह्योसी नहीं हाथ' – ની એમની ઉક્તિ સાથે બહુમુખી પ્રતિભા અને બહુશ્રુતતા વચ્ચે અદ્ભુત-વિરોધાભાસી સમન્વય એમની વાણીમાં નજરે પડે છે. પરિણામે તેઓ જે કાંઈ કહી ગયા છે તે આજે લગભગ છસો વર્ષ પછી પણ એટલું જ ચમત્કારિક, પ્રભાવશાળી અને માર્ગદર્શક છે.

કબીરજીના ગ્રંથોની સંખ્યા સત્તાવનથી માંડીને એકસઠ સુધી માનવામાં આવે છે તેમાં અનુરાગસાર, ઉગ્રગીતા, અલીફનામાં, નિર્ભયજ્ઞાન, શબ્દાવલી, રેખતા વગેરેના સંગ્રહોની સાથે સાથે અગ્રિમ ગ્રંથ 'બીજક'નો સમાવેશ થાય છે. એ જોતાં પ્રથમ નજરે જ આપણને આશ્ચર્ય થાય કે કાગળ અને કલમને ગ્રહણ ન કરનારા કબીરજીએ આ બધું કેવી રીતે લખ્યું ? માન્યતા એવી છે કે, કબીરજીએ કશુંય લખ્યું નથી પરંતુ તેમણે પોતાને પ્રભાવિત કરનારાં પરિબળો જેમ કે, જન્મ, જાતિ મુસ્લિમ પરિવારમાં પાલનપોષણ રામાનંદી વૈષ્ણવ સંપ્રદાયમાંથી ગ્રહણ કરેલી દીક્ષા, શાંકર વેદાંત અને ઉપનિષદોનું જ્ઞાન, પર્યટનોમાં ગોરખનાથપંથી યોગિઓનો સંપર્ક, કટ્ટર મુસલમાનોની સાથે-સાથે શેખ તકી જેવા સૂફી ફકીરોનું મિલન વગેરે પોતાની માર્મિક વાણીમાં યત્ર-તત્ર-સર્વત્ર વ્યક્ત કર્યા. જે એમના શિષ્યાંએ લિપિબદ્ધ કર્યા હતા. આથી જ હિન્દી સાહિત્યના મૂર્ધન્ય વિવેચક શ્રી ગુલાબરાયે લખ્યું છે – 'કવિતાની રચના કરવી, એ કબીરનું મુખ્ય ધ્યેય ન હતું... એમના હૃદયમાં સચ્ચાઈ અને અનુભૂતિનું ઊંડાણ હતું... પરિણામે એમની

વાણીમાંથી અદ્‌ભુત શક્તિ સંચરતી હતી...' આથી જ એમને માટે ઉક્તિ પ્રસિદ્ધ છે :

*कबीरदास की उलटी बानी ।*
*बरसैं कँबल भींजै पानी ।*

એક વખત સંત કબીર સત્સંગ કરતા હતા, ત્યાં લોકટોળામાંથી કોઈ એકે પ્રશ્ન કર્યો કે સાહેબજી, આપ તો જે કાંઈ કહો છો તે તદ્દન વિચિત્ર અને ઊલટું લાગે છે, સમજાય તેવું નથી એટલું જ નહીં પણ વ્યવહારમાં તે વિપરિત છે, એમ શા માટે ? કબીરજીએ ધીરજથી તેની વાત સાંભળી અને શાંતિથી જવાબ આપ્યો – ભાઈઓ, આ ભાઈની વાત તદ્દન સાચી છે અને હું પણ કાંઈ કહું છું તે તેટલું જ સાચું છે. તમે તેને ઊંધું-ઊલટું સમજો છો, તેને હું શું કરું ? એમાં વાંક તમારો કે મારો ? વાતને સરળ રીતે સમજાવતાં તેમણે કહ્યું–

*तलतीको गाडी कहै, बने दूधका खोया ।*
*रंगीको नारंगी कहै, देख कबीरा रोया ।।*

જે ચાલે છે તેને તમે ગાડી કહો છો. (હિન્દીમાં गाडी એટલે દાટેલી). દૂધ જામી જાય તેને તમે ખોયા કહો છો (હિન્દીમાં खोया એટલે દહીં). જે વૈવિધ્યપૂર્ણ-રંગરંગીલી છે તેવી દુનિયાને તમે નારંગી = નહીં રંગાયેલી કહો છો. ભૂગોળમાં પણ પૃથ્વીને નારંગી જેવી ગોળાકારની કહે છે. વળી નારંગી પણ કેવી સરસ-સુંદર હોય છે ? આમ બધી જ રીતે તમે ઊલટું કહો છો – કરો છો અને ઉપરથી મને ફરિયાદ કરો છો ? મેં શું ખોટું કહ્યું ? હું તો સાચું જ કહું છું પરંતુ તમે તેને ઊલટું સમજો છો. બોલો, તમારા આવા કાર્યથી મને રડવું આવે કે નહીં ?

*

સમગ્ર વિશ્વનાં દર્શન સાહિત્યમાં પરમ તત્ત્વ પરમેશ્વરની ખોજ, એક અનિવાર્ય વિષય બની ગયો છે. છેક ઉપનિષદ સાહિત્યથી માંડીને આજ દિન સુધી એને શોધવાના, જાણવાના, અનુભવ કરવાના, સમજવાના અને સમજાવવાના અનેક પ્રયત્નો જ્ઞાન, ભક્તિ અને કર્મ વગેરે દ્વારા થયા છે. ક્યારેક નિર્ગુણ તરીકે, ક્યારેક સગુણ તરીકે. આવા અગમ્ય પરમતત્ત્વને ગમ્ય કરવા માટે નિર્ગુણ અને સગુણ – એ એક સાપેક્ષ બાબત છે. આ બંને પરસ્પર આધારિત ઘટનાઓ છે.

જેમ મુઠ્ઠી બંધ હોય ત્યાં સુધી તેમાં શું હશે – તે જાણવાની ઇંતેજારી રહે છે. આ બંધ મુઠ્ઠી નિર્ગુણરૂપ અને બંધ મુઠ્ઠી ખૂલી જાય એટલે એ પછી સગુણ-સાકારરૂપ બની જાય. આમ એક જ સિક્કાની બે બાજુ એ સગુણ નિર્ગુણ છે, છતાંય આ બેની બાબતમાં પ્રાચીન ભારતમાં પણ કેટલા બધા સંપ્રદાયો અને મતભેદો હતા ?

વસ્તુતઃ બ્રહ્મ સમગ્ર સંસારના વિવિધ રૂપોમાં વ્યક્ત છે, એટલું જ નહીં તે આ સંસારની એક માત્ર સનાતન સત્તા પણ છે. ગુજરાતી સાહિત્યના ભક્ત કવિ નરસિંહ મહેતાએ ગાયું છે તેમ – 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ, જૂજવે રૂપ અનંત ભાસે.' આવા અવાઙ્ગ મનસગોચર બ્રહ્માનું જ્ઞાન માત્ર અનુભવ દ્વારા જ થઈ શકે. કારણ કે – તે અલખ, નિરંજન, નિરભૈ, નિરાકાર અને શબ્દાતીત છે. જેમ ફૂલમાં સુગંધ હોય છે પણ તે નથી જોઈ શકાતી કે નથી સ્પર્શી શકાતી, માત્ર અનુભવી જ શકાય છે, તેમ પરમતત્ત્વની પણ માત્ર અનુભૂતિ જ કરી શકાય.

*अलख निरंजन लखै न कोई । निरभं निराकार है सोई ।*
*सुनि अस्थूल रूप नहीं रेखा । द्रिष्टि अद्रिष्टि छिप्यो नहीं पेखा।।*

પરમતત્ત્વની અનુભૂતિ માટે જુદી જુદી ત્રણ સ્થિતિઓ હોય છે. પહેલી સ્થિતિમાં વ્યક્તિને પરમ તત્ત્વની જાણકારી અને પ્રાપ્તિ માટે ગુરુ દ્વારા તીવ્ર જિજ્ઞાસા પેદા થાય છે. એટલે તે તેની શાંતિ-પ્રાપ્તિ માટે આકુળ-વ્યાકુળ-વિરહી બની, ગમે તેવા વિઘ્નો દુઃખો સહન કરવા પણ તૈયાર થાય છે અને તીવ્રતાથી તેને પામવા તડપ્યા કરે છે. કબીરજીએ આ સ્થિતિનું વર્ણન વિવિધ પ્રતીકો દ્વારા કર્યું છે. નિપૂણ અને શૂરવીર સદ્‌ગુરુએ ઉપદેશોના શબ્દરૂપી વિલક્ષણ બાણથી એમનું હૃદય ઘાયલ કર્યું છે પરિણામે એમને પરમતત્ત્વની તાલાવેલી લાગે છે :

*सतगुर साँचा सूरिवाँ, सबद जु बाह्या एक ।*
*लागत ही भैं मिलि गया, पड्या कलेजै छेक ।।*

*

*सतगुर हम सूँ रीझि करि, एक कह्या प्रसंग ।*
*बरस्या बांदल प्रेम का, भीजि गया सब अंग ।।*

*

*वोछे जलि जैसे मछिका, उदर भरई न नीर ।*
*त्यूं तुम्ह कारनि केसवा, जन तालावेली कबीर ।।*

બીજી સ્થિતિમાં અનુભવકર્તાને પરમતત્ત્વની પ્રત્યક્ષ અને ગંભીર અનુભૂતિ પાંચે ઇન્દ્રિયો દ્વારા થાય છે. તે અગ્નિમાં તપાવેલા લોખંડમાં જેમ ગરમી પ્રસરે છે તેમ તેના રંગમાં રંગાઈ જાય છે, હૃદયમાં એક વિશિષ્ટ પ્રકારનો આનંદ માણી, આનંદવિભોર બની જાય છે. આ પ્રકારની સ્થિતિની અભિવ્યક્તિ ઘણી જ મુશ્કેલ હોય છે. જેને દાર્શનિકો 'આત્મજ્ઞાન' કહે છે, તો સૂફી સંતો 'ફના' કહે છે. કબીરે પોતાની અનુભૂતિ આ રીતે રજૂ કરી છે :

*कबीर देख्या एक अंग, महिमा कही न जाई ।*
*तेज पुंज पारस घणी, नैनूं रह्या समाई ।।*

*

*जाके मुँह माथा नहीं, नाहीं रूप करूप ।*
*पुहुप बास तैं पातरा, ऐसा तत्त अनूप ।।*

*

*लाधा है कछू लाधा है, ताकि पारिष कोन लहै ।*
*अवरन एक अकल अविनासौ, घटि घटि आप रहै ।।*
*तोल न मोल माप कछु नाहीं, गिणंती ग्यान न होई ।*
*ना सो भारी ना सो हलका, ताकि पारिष लसै न कोई ।।*

ત્રીજી સ્થિતિમાં આ અનુભવીના જીવનની કાયાપલટ થઈ જાય છે. તે સિદ્ધાવસ્થાને પામે છે પરંતુ પ્રત્યક્ષ અનુભવેલું સત્ય તેને અગમ્ય બની રહે છે અને તે અનુભવની અભિવ્યક્તિ સહજ રીતે કરી શકતો નથી. આ દશાને સંતો 'સહજ સમાધિ' તરીકે, તો અદ્વૈતવાદીઓ 'જીવનમુક્તિ' તરીકે ઓળખાવે છે. સંત કબીરે આ સ્થિતિનું વર્ણન કરતાં કહ્યું છે કે : મારું કાચ જેવું તુચ્છ-ક્ષણભંગુર શરીર કંચન જેવું અમૂલ્ય બની ગયું છે. હવે મારે કોઈની કોઈ જરૂર નથી. અન્યત્ર એક પ્રસંગમાં તેઓ માલણને ઉદ્દેશીને કહે છે : હે માલણ, તું આ ફૂલો ચૂંટીને કોની સેવાપૂજા કરવા તત્પર છે, તે (પરમાત્મા) તો સર્વત્ર વ્યાપ્ત, જીવતો-

જાગતો-પ્રત્યક્ષ છે. જે મૂર્તિની પૂજાર્થે તું આ ફૂલો તોડે છે તે મૂર્તિ તો જડ પથ્થર છે. જ્યારે પાંદડા સાક્ષાત્ બ્રહ્મા, ફૂલ સાક્ષાત્ વિષ્ણુ અને સુગંધ સાક્ષાત્ મહાદેવ કરતાં ક્યાં ઓછી તુલ્ય છે ? માટે ત્રણે દેવો એક થઈ જેમાં વિદ્યમાન છે ત્યાં તારી આ સેવા વ્યર્થ છે :

*ब्रह्मा पाती, विस्नु डारी, फूल फल महादेव ।*
*तीनी देवौं एक मूरति करहिं किसकी सेव ।।*

પરમાત્માની અનુભૂતિનું વર્ણન કબીરજી અનેક રીતે કરવા પ્રયત્નશીલ છે. ક્યાંક તે સુખદ સ્મૃતિઓ રજૂ કરે છે તો ક્યાંક પુનઃ પ્રાપ્તિ માટે બેચેન બને છે.

*कबीर देखत दिन गया गया, निस थी देखत जाई ।*
*बिरहणि पिव पावै नहीं, जियरा तलपै माई ।।*

*

*बिरह भुवंगम तन बसै, मंत्र न लागै कोई ।*
*राम वियौगी ना जिवै, जिवै त वीरा होई ।।*

આમ એક તરફ કબીરજી ઈશ્વર પ્રાપ્તિ માટેની બેચેની દર્શાવે છે. પ્રભુ વિરહનું એમનું દુઃખ ભક્ત કવયિત્રી મીરાંની આવી બેચેનીથી સહેજ પણ ઊતરતું નથી. તો બીજી તરફ તેઓ પોતાની સહજ વાણીમાં માનવ-જીવનને 'ચદરિયા' સાથે સરખાવે છે. આઠ કમળના ચરખાવાળી, પાંચ તત્ત્વથી નવ-દશ માસમાં બનેલી આ આપણી ચાદર આમ તો ખૂબ જીની-પતલી છે અને તે પણ કાંઈ જેવા-તેવાઓએ ભૂતકાળમાં નથી ઓઢી. ધ્રુવ, પ્રહ્‌લાદ, સુદામાએ એને ઓઢેલી, શુકદેવજીએ તો એને નિર્મળ બનાવેલી અને આ ચાદરનું કબીરજીએ શું કર્યું ? તો એનો જવાબ પણ પાછો એ જ કબીર શૈલીમાં – 'दास कवीरने ऐसी ओढी ज्यू की त्यूं घर दीनी।। –' આનો અર્થ શો કરવો ? જ્યું કી ત્યું એટલે જેવી હતી તેવી – એની બધી અશુદ્ધિ દૂર કરી કરી પાછી નિર્મળ બનાવી કે પછી એનો સહેજ પણ વપરાશ ન કર્યો અને પાછી આપી દીધી – એનો નિર્ણય કરવાનો તેઓ આપણા પર છોડી દે છે :

कबीरा जब हम पैदा हुए, जग हँसे हम रोये ।
ऐसी करनी कर चलो, हम हँसे जग रोय ।।
चदरिया झीनी रे झीनी ।
अष्ट कमल का चरखा बनाया, पांच तत्त्व की पूनी ।
नवदस मास बूनन को लागै, मूरख मलि कीनी ।।
जब मोरी चादर बन घर आई, रंगरेज को दीनी ।
ऐसा रंग रंगा रंगरेने लालो लाल कर दीनो ।।
चादर ओढ शंका मत करियो, ये दो दिन तुमको दीनी,
मुरख लोग ये भेद नहीं जानै, दिन दिन मैलि कीनी ।
धृव प्रह्लाद सुदामाने ओढी शुकदेवने निर्मल कीनी
दास कबीरने एसी ओढी ज्यूं की त्यूँ घर दीनी।।

આમ કબીરજી સાદી વાણીને ક્યારે રસમય બનાવી દે છે અને રહસ્યગર્ભ વાણીને ક્યારે બાલ સહજ, નિખાલસ સરળતા આપી દે છે, એ સંક્રાન્તિ જેટલી વિસ્મયકારક છે. આનંદદાયક છે તેટલી જ મૂંઝવનારી પણ છે. એક જ વ્યક્તિ એક જ સમયે – પરસ્પર વિરોધી વાણી-વર્તન કઈ રીતે બતાવી શકે ? એ બાબત હંમેશાં બૌદ્ધિક કસરત માંગી લે છે અને આવી કસરતો વ્યક્તિએ વ્યક્તિએ બદલવાની, એની સમજના માપ-દંડ અનુસાર.

આપણા જેવા સામાન્ય માણસોને તો એમની આવી સીધી-સાદી વાણી એટલી જ અઘરી અને મુશ્કેલ લાગે અને તેથી જ કબીરજીની આવી રજૂઆતને હિન્દી સાહિત્ય 'ઊલટબાંસી' તરીકે ઓળખાવે છે. આ ઊલટબાંસી એક એવો કાવ્ય પ્રકાર છે કે, જેના દ્વારા કોઈ લાગણી કે વિચારને રજૂ કરવામાં આવે ત્યારે દેખીતી રીતે એ રજૂઆત થોડી ઢંગધડા વગરની લાગે. સંસ્કૃત-ગુજરાતી સાહિત્યના વિરોધાભાસને મળતી આ રજૂઆતને જો થોડી ઊંડાણથી સમજીએ તો એમાંથી અનેક મઝાની બાબતો મળી આવે છે, જેમ કે કબીરસાહેબ કહે છે :

एक अचंभा देखा रे भाई । टाढा सिंघ चरावं गई ।।
पहले पूत पीछे भई माई । चेला के गुरु लागै पाई ।।
जल की मछली तरवर बयाई । पकडि बिलाय मुरगे खाई ।।
बैल ही डारि गौन धरि आई । कुत्ता कूँ ले गई बिलाई ।।

હવે આ શબ્દોનો સીધો-સાદો કરીએ તો તો અચંબો થવાને બદલે ગૂંચવણ જ થાય. સિંહ ઊભો રહીને ગાયને ચરાવે છે, પહેલાં દીકરો જનમે પછી માતા જન્મે છે, ગુરુ ચેલાને પગે લાગે છે, પાણીમાં રહેનારી માછલી ઝાડ પર ચઢી સંતાનોને જન્મ આપે છે, મરઘો બિલાડીને પકડી ખાઈ જાય છે. બળદને છોડી સામાન ભરવાની થેલી પોતે જ ઘેર આવે છે તો બિલાડી કૂતરાને ખાઈ જાય છે. પરંતુ આ દેખીતા વિરોધાભાસને સમજવા માટે ભારતીય તત્ત્વજ્ઞાનની થોડી ભૂમિકાઓ સમજવી પડે. સિંહ ગાયને ચરાવે છે. એટલે જ્ઞાની આપણી ઇન્દ્રિયોનું સંચાલન કરે છે. પહેલા પુત્ર પછી માતા જનમે એટલે પહેલાં જીવસંસારમાં પ્રવેશ કરે પછી માયા આવે છે. ગુરુ ચેલાને પગે લાગે એમાં ચેલો એક શ્રદ્ધાળુ સાધક છે જે ખરેખર ઈશ્વરના માર્ગે વળી ગયો છે. જ્યારે એને જ માર્ગ બતાવનાર આચરણ વિના ગુરુ પોતે જ અટવાઈ ગયો છે. પાણીમાં રહેનાર માછલી ઝાડ પર ચઢી સંતાનોને જન્મ આપે એટલે કે, વાસનાઓને સતાવતી કુંડલિની શક્તિ મેરુદંડ રૂપી ઝાડ પર, આનંદના અનુભવ રૂપી સંતાનોને જન્મ આપે. મરઘાએ બિલાડીને પકડીને ખાધી એટલે ઈશ્વરની ભક્તિ કરનાર ભક્તે માયાનો નાશ કર્યો. બળદને છોડીને સામાનની થેલી જ ઘેર આવી અર્થાત્ શરીર છોડી આત્મા પરમાત્મામાં વિલીન થયો. આમ કબીરજીની આ વાણીમાં નજરે પડતો વિરોધાભાસ, એ ફક્ત વિરોધનો આભાસ માત્ર છે અને એની પાછળના રહસ્યોને સમગ્ર ભારતીય સંસ્કૃતિ, ફિલસૂફી તથા કબીરના વૈચારિક વિશ્વ સાથે સીધો સંબંધ છે અને આથી જ એમાં ક્યારેક જ્ઞાનની વાત આવે છે તો ક્યારેક ભક્તિની, ક્યારેક નિર્ગુણની તો ક્યારેક સગુણની. કોઈ વાર પરમાત્મા આત્મા અને માયાની પણ ચર્ચા આવે, તો કોઈ વાર સિદ્ધ, સાધક કુંડલિની જેવી હઠયોગની વિગતો પણ આવે. આમ એમની ઊલટબાંસીઓમાં પણ વિષય અને રજૂઆતની વિવિધતા છે, પરંતુ આ વિવિધતાનો અર્થ અસંગતિ એવો તો નથી જ, કારણ કે નજરે દેખાતી આ અસંગતિમાંથી પાંચે ઇન્દ્રિયો દ્વારા અનુભવેલા અવનવા રહસ્યો પ્રગટે છે.

આ જાતની રજૂઆત ખરેખર તો મહાત્મા કબીરથી પણ ખૂબ પ્રાચીન છે. પ્રાચીન વૈદિક સાહિત્યમાં પણ કેટલાક રૂપકો મળે છે. જેમ કે — चत्वारि श्रृंगात्रयोऽस्य पादा द्वैशीर्षे सप्तहस्ता सो अस्य, त्रिधावद्धो वृषभो रोर वीति ।। (ઋગ્વેદ-૩-૪-૫૮) એટલે કે, બળદના ચાર શિંગડાં, ત્રણ પગ, બે મસ્તક અને સાત હાથ છે. ત્રણ પ્રકારના બંધનોથી બંધાઈને તે ચીસો પાડે છે. અહીં બળદ એ જીવનું પ્રતીક છે. તો ઈશ્વર કે બ્રહ્મ માટે વપરાયેલા વૈદિક શબ્દો હાથપગ

વિના એ ગતિ કરે છે, આંખ વિના જુએ છે અને કાન વિના એ સાંભળે છે. આ બધી જ પ્રતીકાત્મક રજૂઆત છેક ઉપનિષદ સુધી જોવા મળે છે. બૌદ્ધ ધર્મ અને નાગપંથમાં પણ આ પ્રકારની ગોરખવાણી જોવા મળે છે :

*मातरं पितरं हन्त्वा, राजोनो द्वेय सोत्थिये ।*
*वेच्याध पञ्चमं हन्त्वा, अनिधो याति ब्राह्मण ।।*

અર્થાત્ – પોતાનાં માતાપિતા, બે ક્ષત્રિય રાજાઓ તથા પાંચમાં વ્યાઘ્રને મારી નાખી બ્રાહ્મણ નિષ્પાપ થઈ જાય છે. કબીરજી પણ આ અનુસંધાનમાં કહે છે કે–

*बैल बिआई गाय भई बांझ, बछरा दूहै तीन्यूं सांझ ।*
*नित उठि स्याल स्यघ सू सूझै, कहे कबीर कोई विरला बूझै ।*

અહીં પણ નાથ અને સિદ્ધ સંપ્રદાયની રજૂઆત કબીરમુખે થઈ છે કે જેમાં આપણને માનવેતર પ્રાણીઓની અકુદરતી પ્રવૃત્તિઓ રજૂ થયેલી હોવાનો આભાસ થાય પરંતુ શબ્દના અર્થ લેવાને બદલે એ શબ્દોમાંથી સૂચિત થતા રહસ્યોને જો જોઈએ તો એમ કહેવાય કે, માનવ શરીર રૂપી શહેરમાં મન અને એની કામનાઓ એ પુરુષ ને સ્ત્રીના પ્રતીક છે. અહીં શિયાળ એ જીવનું પ્રતીક છે જ્યારે સિંહ એ એના કાળનું પ્રતીક છે. સંસારની ઝંઝટોમાં હોવા છતાંય જીવ પોતાની સ્થિતિ સુધારીને કાળ પર વિજય મેળવે છે – અમર બને છે. માનવનું મન બળદનું પ્રતીક છે, જે જુદા સંસ્કારોથી દબાયેલું છે અને તેમાંથી જ જુદી જુદી માનસિક સૃષ્ટિ જન્મે છે. માનવમાં રહેલી શુભ બુદ્ધિ એ વાંઝણી ગાય જેવી છે આથી મન ફાવે તેમ વર્તે છે અને ઇંદ્રિયો રૂપી વાછરડાંઓ પાસે મન ફાવે તેમ કામ કરાવે છે.

વૈદિક સાહિત્ય ઉપરાંત પ્રાચીન ભારતના પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યમાં પણ આવી વિચિત્ર આભાસ બતાવતી રચનાઓ જણાય છે. સંસ્કૃત સાહિત્યમાં આવા કેટલાક શ્લોકો જાણીતા છે કે :

*केशवं पतीता दृष्ट्वा पाण्डवाः हर्ष निर्भरा ।*
*रूरुदुः कौरवा सर्वे हा-हा केशव-केशव ।।*

શાબ્દિક અર્થ લઈએ તો, કૃષ્ણને પડેલા જોઈને પાંડવો ખુશ થયા અને

કૌરવો સર્વે વિલાપ કરી ઊઠ્યા કે – અરે રે કેશવ, અરે રે કેશવ, પરંતુ અહીં કેશવનો અર્થ શ્રીકૃષ્ણ નથી, પાણીમાં પડેલું શબ છે અને તે જોઈ દેડકાં (पाण्डवाः) ખુશ થાય છે જ્યારે કાગડાઓ (कौरवाः) નાખુશ થાય છે, વિલાપ કરે છે. આવી વાક્યરચનાની પરંપરા ઊલટબાંસીમાં પણ જોવા મળે છે પરંતુ પ્રશિષ્ટ સંસ્કૃતમાં આવી રજૂઆત ઘણુંખરું શ્લેષ કે વિરોધાભાસી – અલંકારના ચમત્કૃતિ બતાવવા થાય છે જ્યારે મહાત્મા કબીરને આવી શાબ્દિક રમતોમાં રસ નથી. એમને તો પોતાની જાતને, પોતાના સગા-સંબંધીઓને, સહવાસીઓને, સમકાલીનોને અને આપણા જેવા એમના અનુયાયીઓને શબ્દના ચાબખા મારી જાગૃત કરવા છે અને તેથી જ એમની 'ઊલટબાંસી' એક લાગણીશીલ, સહૃદયી વડીલના કડવા ઠપકા જેવી છે, જે અરુચિકર લાગે – અણગમતી લાગે પણ હિત તો સાધે જ છે. વાંચનારને મઝા પડે કે વાંચનાર એમની વાહ-વાહ કરે તેવી કોઈ તમન્ના કબીરજીએ રાખી ન હતી પણ જે જેવું જ્યારે, જે કાંઈ લાગ્યું-સમજાયું, એ બધું જ. એમણે પોતાની અખ્ખડ વાણીમાં રજૂ કરી દીધું છે. એમના સપાટામાં ક્યારે વેદાંત, યોગ, ભક્તિ જેવા સાધનાના માર્ગો પણ આવી ગયા છે તો ક્યારે બ્રહ્મ, જીવ, જગત જેવી નિર્ગુણ રજૂઆત અને ક્યારેક રામ જેવી સગુણ બાબત પણ સમાવિષ્ટ થઈ છે. ક્યારેક કુંડલિની, મેરુદંડ, ઇંગલા, પિંગલા જેવા હઠયોગના પારિભાષિક શબ્દો પણ તેમના હાથે ચઢી ગયા. આમ આ બધી વિવિધતાએ એમની ઊલટબાંસીઓને જીવંત અને સચોટ બનાવી છે.

મહાત્મા કબીરની 'ઊલટબાંસી'ઓને વિદ્વાનોએ જુદી-જુદી રીતે સમજાવવા કોશિષ કરી છે. કબીર કે બીજા કોઈ પણ સંતની આવી વિરોધાભાસી રજૂઆતોને 'ઊલટબાંસી' કહેવામાં આવે છે. પણ આવી રજૂઆત માટે આ શબ્દ કબીરજીએ પોતે ક્યાંય વાપર્યો નથી. એમણે તો એને 'ઉલ્ટા વેદ' કહ્યો છે. નાથપંથીઓમાં અગ્રગણ્ય ગોરખનાથ એને 'ઉલ્ટી ચરના' કહે છે. તે પછી થયેલા સંતોએ તેને 'વિપર્યય'નું નામ આપ્યું છે. ગોસ્વામી તુલસીદાસ એને 'ઉલ્ટી રીતિ' કહે છે. આનો અર્થ એ થાય કે, આ 'ઊલટબાંસી' શબ્દ ખૂબ પાછળથી પ્રચિલત બન્યો છે પણ એ ક્યારથી અને ક્યારે થયો તે જાણી શકાતું નથી. વળી આ શબ્દને પણ જુદી-જુદી રીતે સમજાવવામાં આવે છે અને તેમાં પણ અનેક મતભેદ છે. કોઈ એને 'ઉલ્ટા + અંશ'માંથી જન્મેલ માને છે, તો કોઈ આ શબ્દ 'ઉલ્ટા + વાંસ'નું સંયુક્ત રૂપ માને છે. આવી શબ્દરચનાઓ બકવાસ-લોટવાસની જેમ અર્થને ઊલટાસૂલટી રજૂ કરતા ઉદાહરણોથી આગળ વધતી હોય છે ટૂંકમાં 'ઊલટ + બાંસ' એ એવી રજૂઆત છે કે, જે લોક પ્રચલિત માન્યતાથી દેખીતી રીતે

વિરોધી લાગે. મનને ઉલ્ટાવવાનું તો ખુદ કબીરજી પણ કહે છે જ ને ? ધ્યાન સંપ્રદાયમાં પણ વાંસને ઊલટાવી દેવાનું કહેવાય છે. બ્રાહ્મણ ગ્રંથો અને બૌદ્ધ ગ્રંથોમાં આંધળાઓના વાંસ (અંધવેણું)ની ઉપમા જોવા મળે છે. બધા આંધળાઓ મળી, એક વાંસને પકડી, એક બીજાની પાછળ જાય છે પરંતુ સંત કબીરની ઊલટબાંસી તો વાંસને જ ઉલ્ટાવી દે છે. આંધળાઓની વચ્ચેથી વાંસને ખસેડી લઈએ એટલે આંધળા અકળાઈ જાય, રસ્તો શોધવા ફાંફાં મારે તેમ ઊલટબાંસીમાં પણ આવું જ કોઈ રહસ્ય, માર્ગ શોધવાનો છે ને ? મધ્યયુગીન સાહિત્યમાં 'વાંસ' શબ્દ વાણીના અર્થમાં જ વપરાયો છે. આ દૃષ્ટિએ જોઈએ તોપણ ઊલટબાંસીનો સીધો-સાદો એક જ અર્થ થાય કે ઊંધી રજૂઆત.

એ તો આપણે જાણીએ છીએ કે, પ્રાચીન ભારતમાં ગુરુ-શિષ્ય પરંપરાથી જ્ઞાન વિતરણ થતું. શિષ્ય પાંચ-છ વરસનો થાય ત્યારથી જ ગુરુને ત્યાં જાય. પચ્ચીસ વર્ષનો યુવાન થાય ત્યાં સુધી ત્યાં રહે અને જ્ઞાન-વિજ્ઞાનની પરંપરાથી પરિચિત બને. ગુરુ પણ ક્યારેક અતિ સામાન્ય, ક્ષુલ્લક કે બાલિસ લાગે તેવા ઉદાહરણો આપે જેને સામાન્ય, જનહસવામાં અથવા શબ્દોની રમત માને, જ્યારે બીજી તરફ ગુરુ પોતે કોઈ અધિકારી-લાયક શિષ્યને આ રમતિયાળસી વાણીના રહસ્યો સમજાવે..આપણી ભારતીય સંસ્કૃતિમાં જ્ઞાન-વિજ્ઞાનના રહસ્ય યોગ્ય અધિકારીને જ સોંપવાનો એક ખૂબ સાચો અને વાજબી રિવાજ હતો, કારણ કે આવા અધિકારી ન હોય તેવાને અપાયેલી વિદ્યા તો ભર્તુહરિ કહે છે તેમ अरसिकेषु कवित्व निवेदनम् – ભેંસ આગળ ભાગવત જેવી થાય. આથી વિદ્યાના ઉત્તમ રહસ્યોની સોંપણી આવી હાસ્યાસ્પદ લાગતી ઊલટબાંસીઓ દ્વારા ગુરુ શિષ્યને કરે. એ પ્રાચીન ગુરુ-શિષ્ય પરંપરાનું પાલન કબીરજીએ કર્યું હોય તેમ લાગે છે. પંચતંત્રની વાર્તાઓ આપણે જાણીએ છીએ તેમ દેખાય છે તેવી સીધી-સરળ નથી તેમ જ ઉપનિષદ અને બૌદ્ધ જાતક કથાઓનાં ઉદાહરણો પણ આ જ પ્રમાણે રહસ્યપૂર્ણ છે. મધ્યકાલીન હિન્દી સાહિત્યની ઊલટબાંસીના મૂળ માત્ર એ પૂર્વયુગીન સાહિત્ય-સંસ્કૃતિમાં નથી પણ એ પરંપરાની સાચવણી કબીર સુધી થતી આવી છે અને આપણે ખાતરીપૂર્વક કહી શકી કે કબીરજીએ પણ ભારતના આ સાંસ્કૃતિક વારસાને માત્ર સાચવ્યો નથી પરંતુ આગળ પણ વધાર્યો છે, સંસ્કાર્યો છે.

અંતે કબીર-વાણીનું રહસ્ય એમના આ એક સુપ્રસિદ્ધ પદમાં આ રીતે રજૂ થયું છે :

*नावमें नदियाँ डूबी जाय..........*
*भला तुम सोचो कि... नावमें... ।।*

*घड़ा न डूबे, घड़ी न डूबे, हस्ती मल मल नहाय ।*
*कोट कँगरवा पानी चढ्या, चिडिया प्यासी जाय ।।१।।*

*सास कुंआरी बहू अमल से ननद सुवावड खाय ।*
*देखनहारी पुत्र जनत है, पड़ोसन हालो गाय ।।२।।*

*एक अचंभा ऐसा देखा कुए में लग गई आग ।*
*कादव कचरा जली गयो और मछलियाँ बच गई साफ ।।३।।*

*कहत कबीरा सुन भाई साधो, ऊलटा भेद जनाय ।*
*यह पद तो कोइ विरला ही बूझै, जनम-मरण मिटि जाय ।।४।।*

આ છે કબીરવાણી, જેને આપણે અખ્ખડવાણી પણ કહી શકીએ. આમ તો એ સીધીસાદી-ઢંગધડા વગરની લાગે, ગમે તેમ બોલતી લાગે, આવું બોલનારની માનસિક સ્વસ્થતા વિષે શંકા પણ જાગે પરંતુ સાચો સંત, સાચો ભક્ત, સાચો વિદ્વાન વાણીના બંધનોથી પર હોય છે. એ શું બોલે છે, કેવા શબ્દોમાં બોલે છે તેનું મહત્ત્વ નથી પણ એ શબ્દો પાછળનું રહસ્ય શું છે – તે મહત્ત્વનું છે. આપણે આ રહસ્યોને પૂરેપૂરું નહીં તો અલ્પાંશે પણ સમજી શકીએ તો આપણે આપણી સંસ્કૃતિને સમજવા-સાચવવામાં અલ્પ ફાળો આપ્યો ગણાશે. જેમ કબીરજીએ પોતે સાહિત્ય-સંસ્કૃતિની પરંપરા સાચવી છે, તે જ રીતે આપણે પણ યથાશક્તિ-યથામતિ એમનાં વાણી રહસ્યોને ઉકેલવા પ્રયત્ન કરી, ચર્ચા-વિચારણા માટે પરિસંવાદો રચીએ અને અવનવા માર્ગદર્શક સૂચનો શોધતા જઈએ – તો તે પણ આપણે માટે, આપણી ભાવિ પેઢી માટે એક સુયોગ્ય પાથેય બની રહેશે.

(કબીરવાણી : ફેબ્રુઆરી, '૮૩)

❑

# કબીર સુધા

ઈશ્વરભાઈ પ્ર. પટેલ (બાવાજી)

## અઘટ વસંત

(રાગ વસંત)

[1]અઘટ વસંત ઘટત નહિ કબહૂ
અવિનાશી[2] હૈ
જ્યાંહી ડાળ ન ફૂલ ન પત્ર નહિ છાંયા
[3]ભ્રમર વિલંબ્યો
ત્યાંહી !....ટેક.
જલબીન કૂપ ભોમ બિન વાડી, અરધ
ઉરધ બીચ ક્યારી,
યહાં કે ફૂલ વહાં વધાવે સો માલિની[4]
પિયુ પ્યારી !.....૧
[5]પાંચ વૃક્ષ ઊધે ભયે સૂંધે પોપ[6] વાસના જાગી,
અકલ માલની સુરત છાબડી નિશદિન બિતન લાગી !.....૨
હોય સન્મુખ માલની પહિનાવે બાસ વાસ મનધીર,
[7]શૂન શિખર ગઢ લિયો હૈ મુકામ યોં કહેં દાસ કબીરા.....૩

જે વસંત ખીલે છે તે વસંત કરમાય છે. જે વસંત આવે છે તે વસંત જાય છે. પરંતુ જે નિત્ય છે તે નથી આવતી કે નથી જતી. ઘટના બની એમ પણ કહીએ છીએ. ઘટવું એટલે બનવું-જન્મવું-ખીલવું વગેરે. જે અઘટ છે એટલે કે જે જન્મતી જ નથી, બનતી જ નથી તે 'ઘટત નહિ' એટલે તે આવતી જ નથી. આવે તેણે તો જવું પડે ! આ વસંત તો સદાકાળ અહીં જ છે એટલું જ નહિ પણ એક જ પરિસ્થિતિમાં છે. એટલા માટે તેને નિત્ય વસંત કહેવામાં આવે છે.

તેવી વસંત ક્યાં છે ? તો કબીરસાહેબ કહે છે કે જ્યાં અવિનાશી આત્મા છે ત્યાં તે નિત્ય વસંત છે. અવિનાશી આત્મા આ નાશવંત શરીરમાં છે. તે એક મોટો ચમત્કાર છે. તે છે ત્યાં લગી નાશવંત શરીરના પ્રત્યેક કણમાં તેની પરમ ચેતનાનો અનુભવ થાય છે. જુઓને, આ પાર્થિવ જગત શરીર જેવું જ છે ને ? પ્રત્યેક પળે અવનવું થયા જ કરે છે. ક્યાંક કોઈ વસ્તુ પ્રગટ થાય છે, વૃદ્ધિ પામે

છે અને છેવટે અલોપ પણ થઈ જાય છે ! જાણે નિત્ય પરિવર્તનશીલ છે. વેંતિયું શરીર ધીમે ધીમે મોટું થાય છેવટે રાખ પણ થઈ જાય છે ? તે છતાં પણ તમે બારીકાઈથી જુઓ, આ પાર્થિવ જગતમાં વિદ્યુત ક્યાં નથી ? બધે જ છે. પરંતુ જ્યાં સહેજ પણ ઘર્ષણ થાય છે ત્યાં તેનો તરત જ અનુભવ થાય છે. પાવરહાઉસમાં જઈને ઊભા રહીએ તો ત્યાં લાખો કિલો વોટના સ્વરૂપે ઝળહળતા દર્શન થાય છે. તેવી રીતે આ શરીરને રૂંવે રૂંવે આત્મચૈતન્ય નિત્ય બધું જ કરતું હોય તેવું ભાસે છે. પરંતુ શરીરમાં પાવર હાઉસની માફક એક જ જગ્યાએ આત્મચૈતન્યને જોવું હોય તો સંતો કહે છે કે જોઈ શકાય છે. તે જગ્યાને હૃદયમાં કહેવામાં આવે છે. યોગીઓ તેને જરા જુદા નામથી ઓળખે છે. સહસ્રદલ કમળ કહે છે. ચોક્કસ પ્રકારની સાધના દ્વારા તે સ્થળે પરિવર્તિત મન જ્યારે પહોંચી જાય છે, ત્યારે આત્મચૈતન્યના તેજસ્વી સ્વરૂપે અનુપમ દર્શન થાય છે. મનને એટલો બધો દૈવી આનંદ પ્રાપ્ત થાય છે, કે ત્યાંથી પાછા વળવાનું મન થતું નથી. તેથી કબીરસાહેબે કહ્યું કે, 'ભ્રમર વિલંબ્યો ત્યાંહી' ભ્રમર એટલે મનરૂપી ભ્રમર કે ભમરો. વિલંબ્યો એટલે રહી પડ્યો. ત્યાંથી પાછા આવવાનું કેવી રીતે મન થાય ? કારણ કે તે પરમ આનંદની અવસ્થા છે. ત્યાં નિત્ય વસંતની મજા છે. પાર્થિવ જગતમાં સ્થૂળ રીતે મનડાએ જ્યારે વસંત જોયેલી ત્યારે તો લીલાંછમ વૃક્ષો, તેને અનેક ડાળીઓ, અસંખ્ય પાંદડાંઓ અને તે કારણે શીતળ છાયાનો પ્રસ્તાર જોયેલો પરંતુ અહીં તો મન આશ્ચર્યચકિત થઈ ગયું છે. તે વસંતનાં દર્શન કરે છે પણ નથી અહીં વૃક્ષો, નથી કોઈ ડાળીઓ, નથી કાંઈ પાંદડાંઓ કે નથી કોઈ એની છાયા ! છતાં તેનાં દર્શન માત્રથી જે પરમ આનંદ નિર્માણ થાય છે તે અવર્ણનીય છે. તેવો આનંદ પાર્થિવ જગતમાં કોઈ દિવસ અનુભવવા મળેલો જ નહિ ? તેથી મનને ત્યાં જ રહેવું ગમે છે.

આવા સુખદ અનુભવને કબીરસાહેબ અઘટ વસંત તરીકે વર્ણવે છે. પરંતુ આવી વસંતનો અનુભવ કરવો હોય તો કેવી રીતે કરવો ? અત્યાર સુધીમાં તો ઘણાં પદોમાં તેનું વર્ણન આવી ગયું છે. છતાં ટૂંકમાં ફરીથી યાદ કરી લઈએ તો આ પદ સરળતાથી સમજાઈ જશે. મન બહિર્મુખ હોય ત્યારે પાર્થિવ જગતની વિવિધતામાં તે ઘૂમ્યા કરે છે. અનેકવિધ પદાર્થો, અનેકવિધ રંગો અને અનેકવિધ સ્વરૂપોમાં તે ફર્યા કરે છે. ગમતા પદાર્થોને મેળવવા પ્રયત્ન કરે છે ત્યારે વિચિત્ર અનુભવોમાંથી પસાર થાય છે. ક્ષણે ક્ષણે પરિવર્તનનું ચક્ર નવીનતા પેદા કરતું જણાય છે. તેથી તેની ઇચ્છા ક્યારેક સંતોષાય છે તો ક્યારેક નથી સંતોષાતી ! ક્ષણિક સુખદુઃખના આવેગો તેણે સહન કરવા પડે છે. તે વખતે નિત્ય વસંતની

વાત તેને જો કોઈ કહે તો તે માને નહિ. એટલું જ નહિ પણ તે હસીને વાતને મૂળથી ઉડાવી પણ દે છે. કારણ કે જગતની વિવિધતાને માણી રહેલું મન અતિશય ચંચળ થઈ ગયેલું હોય છે. ક્યારેક તે કામ, ક્રોધ, મોહ, ઇત્યાદિ ભાવોનો શિકાર બની મૂઢતાનો અનુભવ કરે છે. તેવી સ્થિતિમાં તેને નિત્ય વસંતની વાત કપોળકલ્પના જેવી લાગે છે. માટે સંતોની વાતને તો તે હસી જ કાઢે છે. ભક્તિ કરનાર નિર્બળ માનવી લાગે છે. સત્ય પણ અસત્ય લાગે છે. એકમાત્ર પોતે સાચો છે તેવો તે હુંકાર પણ કરે છે, પુણ્યોદયે તેવું મન કયારેક અંતર્મુખ બનવા ઝંખે છે ત્યારે ઘણાને આશ્ચર્ય થાય છે, તેની ઉદાસીનતા વધતી જાય છે. કોઈ માર્ગદર્શન મળી જાય ત્યારે તેને આનંદ થાય છે. અંતર્મુખ બનવા તે ઉતાવળું બને છે. પોતાના શરીરમાં જે વૈવિધ્ય છે અને અનેક અજાયબીઓ છે તેને જોવા મથે છે. પાર્થિવ જગતમાં રસ લેતું મન આ રીતે પોતાના શરીરમાં ડૂબકી મારવા પ્રયત્ન કરે છે. તેને માર્ગદર્શક અથવા તો ગુરુ મળે છે અને તેની સૂચના પ્રમાણે તે મંડી પણ પડે છે. તેની મહેનતને આપણે સાધના કહીએ છીએ. અથવા તો ઉપાસના કહીએ છીએ. શરીરમાં ઇન્દ્રિય, પ્રાણ, મન અને આત્માના અસ્તિત્વનો સ્પષ્ટ અનુભવ થાય છે. અત્યાર સુધી તેણે જે અવગણના કરેલી તે માટે પસ્તાવો પણ થાય છે. એ તો બધા આત્મકલ્યાણ કરવાના કીમતી સાધનો છે એવું જ્ઞાન થવાથી તે પોતાની તમામ તાકાત આત્મકલ્યાણના માર્ગે વાપરવા પ્રયત્ન કરે છે. પરમાત્માની કૃપાથી તે એક ધન્ય દિવસે સફળ થાય છે અને આત્મદર્શન કરે છે. આત્મા સુધી પહોંચ્યા પછી મનને ત્યાં જ સ્થિતિ કરવાનું ગમે છે. ત્યાં તેને શાશ્વત આનંદનો નિત્ય અનુભવ થયા કરે છે. 'ભ્રમર વિલંબ્યો ત્યાંહી', એ શબ્દો આ રીતે મનની એક ઉચ્ચ ગણાતી અવસ્થાનો નિર્દેશ કરે છે. મન જ્યારે બહિર્મુખ હતું ત્યારે તેને પોતાની ઇન્દ્રિયો, પોતાનું મન અને પોતાનો પ્રાણ પૂરેપૂરો સહયોગ દેતા ન હતા. કારણ કે તેઓ ભોગ લંપટ બની ગયેલા હતા. જે રીતે દારૂડિયો ઘરના વિકાસમાં જેવો જોઈએ તેવો સહકાર આપી શકતો નથી. તે રીતે ઇન્દ્રિયો, મન, પ્રાણ ઇત્યાદિ પણ વિલાસી બની જવાને કારણે આત્મકલ્યાણ સાધવામાં સહકારી બની શકતા નથી. તેઓ તો લાલચુ બની ગયેલા હોય છે. ભોગની લાલચ ધરે ત્યાં સુધી તૈયાર રહે. મનુષ્યની આ રીતે અદ્રષ્ટા પ્રકૃતિ-પંચમહાભૂત,મન, બુદ્ધિ અને અહંકાર હંમેશાં કાબૂ બહાર હોય છે. પાંચ કર્મેન્દ્રિયો, પાંચ જ્ઞાનેન્દ્રિયો ને પાંચ પ્રાણ ભોગનો જ ખોરાક માગતા રહે છે. ભોગને શોધી શોધી મન એક દિવસ થાકી જાય છે ત્યારે કોઈ ધન્ય ક્ષણે પુણ્યશાળી જીવને પાર્થિવ પદાર્થોને

ભોગો તરફ નફરત પેદા થાય છે. અણગમો પેદા થાય છે. પરિણામે તે અંતર્મુખ બને ત્યારે જ જંપે છે.

મનુષ્ય બહિર્મુખતાની અવસ્થામાં આ રીતે પોતાની પ્રકૃતિને સંપૂર્ણપણે આધીન રહે છે. આ દશાને અવિદ્યાજન્ય ગણવામાં આવે છે. શાસ્ત્રકારો તેને માયાના નામથી પણ ઓળખે છે. કબીરસાહેબે આ પદમાં 'માલિની' શબ્દપ્રયોગ કર્યો છે. તે આ જ સંદર્ભમાં માલિની અથવા તો માલની અથવા તો ગામઠી ભાષા પ્રમાણે માલણ હોય તો માળી પણ હોવો જ જોઈએ. આપણે માળીને પરમાત્મા કહીશું અને માલણને પ્રકૃતિ અથવા માયા કહીશું. શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં પણ કહ્યું છે કે –

*'મારા હાથ તળે રહી પ્રકૃતિ જગત કરે,*
*તેથી જગતમાં થાય છે પરિવર્તન સઘળે.'*

(સરળગીતા અધ્યાય-૯)

પ્રકૃતિને આધીન રહેનારા જીવનું પણ વર્ણન કરવામાં આવ્યું છે–

*'મૂઢ જનોના કર્મો ને વિચાર મેલા હોય,*
*સ્વભાવ હલકો તેમનો, સંસારે રત હોય !'*

*'જ્ઞાન કર્મ આશાતણું ફળ તે ના પામે,*
*મોહમયી પ્રકૃતિ થકી સંકટ ના વામે.'*

(સરળગીતા અ. ૯,૧૩,૧૪)

આ રીતે બહિર્મુખ અવસ્થામાં પ્રકૃતિના મોહમયી સ્વરૂપનાં દર્શન થાય છે. તે અવસ્થાને સંતો મૂઢદશા કહે છે. તે દશામાં મન તો દુર્ભાવોથી ભરેલું હોય છે અને મેલું પણ થયેલું હોય છે. તેથી જ્ઞાનની દશામાં જે ફળ મળે તે અજ્ઞાનની દશામાં ન મળે તે સમજી શકાય તેવી વાત છે. તે દશામાં ઇન્દ્રિયો રૂપી પાંચ વૃક્ષો પ્રતિકૂળ પણ લાગે છે. તે વૃક્ષોને ફળફૂલ આવતા જણાતાં નથી. પરંતુ જ્યારે મન અંતર્મુખ બને છે ત્યારે આ વૃક્ષોમાં ક્રાંતિ આવી જાય છે. મોટો ફેરફાર થઈ જાય છે. તેને ફૂલ ફૂટે છે, ને ફળ પણ આવવા લાગે છે. તેથી કબીરસાહેબે કહ્યું છે કે–

*પાંચ વૃક્ષ ઊંઘે ભયે સૂંઘે,*
*પોર વાસના જાગી !*

'ઊંધે ભયે સૂંધે' એટલે જે પ્રતિકૂળ જણાતા હતા તે અનૂકળ જણાવા લાગે છે. પોપ એટલે પુષ્પ, ફળ, પુષ્પનું અપભ્રંશરૂપ પુહુપ બન્યું ને પછી 'ઉનો ઓ' બની જવાથી પોપ શબ્દ બન્યો. મતલબ કે જે વૃક્ષોને ફળફૂલ આવતાં ન હતાં તે ફળદાયી બને છે. લક્ષ્યસિદ્ધિ માટે એકદમ અનુકૂળ પરિસ્થિતિનું સર્જન થઈ ગયું એવો ભાવ છે. આ પ્રકૃતિરૂપી માલની અથવા તો માલણ જીવને અંતર્મુખ બની ગયા પછી ધીમે ધીમે અનુકૂળ બની જાય છે. આ માલણ તો પરમાત્માની શક્તિનું જ એક રૂપ છે. જે પરમાત્મા તરફ જવા પ્રયત્નશીલ બને છે. તેને પરમાત્માની કૃપા થયા પછી આ પ્રકૃતિરૂપી માલણ એકદમ અનુકૂળ બની જાય છે. શાસ્ત્રો પણ કહે છે કે પરમાત્માનું શરણું લેનાર જીવને માયા વશ બની જાય છે. આ રીતે જીવ મહેનત કરીને નિત્ય વસંતના પ્રદેશમાં પ્રવેશ પામે છે. માટે કહ્યું—

*'જલ બીન કૂપ, ભોમ બિન વાડી, અરધ ઉરધ બીચ ક્યારી,*
*યહાં કે ફૂલ વહાં વધાવે સો માલની પિયુ પ્યારી !'*

'યહાં' ને 'વહાં' જુદી જુદી અવસ્થાનું સૂચન કરે છે. 'વહાં દ્વારા' મનની ઊંચી અવસ્થા કે પ્રભુરૂપી આત્માની અને તેની માયાના ઉત્કૃષ્ટ સ્વરૂપની ત્યાં ઝાંખી થાય છે. તેવી ઝાંખી થવાની જ નિત્ય વસંતની અનુભૂતિ થાય છે. 'યહાં' દ્વારા પાર્થિવ દશાનું સૂચન છે કે જેમાં ક્ષણભંગુરતા ને પરિવર્તનશીલતાનો કાયમ અનુભવ થાય છે. 'ફૂલ' એ કર્મસંસ્કારોના અસ્તિત્વનું પ્રતીક છે. કર્મસંસ્કારોની આહૂતિ અપાઈ જાય પછી જ સાધક આત્મામાં સ્થિર બની શકે છે. આત્મામાં સ્થિર બનવાથી દૈવી આનંદની પ્રાપ્તિ થાય છે, તેને અઘટ વસંત દ્વારા વર્ણવી. 'સો માલની' એટલે તેજ માયારૂપી માલણ અથવા પ્રકૃતિરૂપી માલની કે જે સાધનાની શરૂઆતમાં સાધકને સાથ આપતી ન હતી. તે તેનું નિકૃષ્ટ સ્વરૂપ હતું. તે અવસ્થામાં સાધકને ખૂબ મથાવે છે. કંઠે પ્રાણ આવી જાય તેવો અનુભવ કરાવે છે. પરંતુ સાધક ગુરુ ચિંધ્યા માર્ગે પ્રાણની વિશિષ્ટ પ્રકારની ઉગ્ર ઉપાસના કરે છે, ત્યારે આ માલણનું જોર ઓછું થવા લાગે છે. સાધક મનની ઊંચી અવસ્થા પ્રાપ્ત કરે છે, ત્યારે તે જ માલણ તેને અનુકૂળ જણાવા લાગે છે. તે માલણને ખાતરી થઈ જાય છે કે આ તો મારા પ્રભુનો પ્યારો બંદો છે. પ્રભુ પોતે તેનું મિલન ઇચ્છે છે, તેથી તે માલણ પોતાનું સ્વરૂપ બદલી નાંખે છે. સાધકની દાસી થઈને જાણે કે તે સેવા કરવા મંડી પડે છે. આ તેનું ઉત્કૃષ્ટ સ્વરૂપ થયું. તે અવસ્થામાં માયારૂપી માલણ સાધકના અંતઃકરણમાં ખૂણેખાંચરે પડી રહેલા

રહ્યાસહ્યા કર્મસંસ્કારોની છેવટની આહુતિ આપી દે છે. પરમાત્માની કૃપા થાય ત્યારે આ રીતે બેવડો લાભ સાધકને થાય છે. ગીતા પણ આ અવસ્થાનું સૂચન બીજા અધ્યાયમાં આ પ્રમાણે કરે છે :

*વિષયો જે ના ભોગવે તેના વિષય છૂટે*
*રહ્યોસહ્યો પણ સ્વાદ તો પ્રભુ પામે તૂટે !*

(સરળ ગીતા-અ.૨)

પ્રભુ એટલે આત્મતત્ત્વ. આત્મદર્શન થઈ જાય પછી સાધકને જરાપણ પાર્થિવ જગતનું આકર્ષણ થતું નથી કારણ કે તે અવસ્થામાં કર્મબીજ બળીને ભસ્મીભૂત થઈ ગયાં હોય છે ! 'અરધ ઉરધ' ગતિશીલ પ્રાણની સંજ્ઞા છે, તે દ્વારા પ્રાણોપાસના સાધકે કરી છે તેનું સૂચન છે. શા માટે પ્રાણની જ ઉપાસના સાધક કરે છે, તે પણ ટૂંકમાં સમજી લઈએ. આ શરીરની પ્રકૃતિનાં આઠ અંગો છે. પાંચ અંગો પંચમહાભૂતનાં છે અને ત્રણ અંગો અંતઃકરણનાં છે. પૃથ્વી, જળ, તેજ, વાયુ ને આકાશ એ પંચમહાભૂત. ચિત્ત, બુદ્ધિ ને અહંકાર એ અંતઃકરણ. આ આઠે અંગોનો મૂળ આધાર પ્રાણ છે. શરીરમાં ચૈતન્ય શક્તિ પ્રાણનો આધાર લઈને જ ચમકે છે. શરીરની રચના થઈ ત્યારે પ્રાણમાંથી જ પંચમહાભૂતનાં તત્ત્વો છૂટાં પડ્યાં હતાં, અને ઇન્દ્રિયોનું સ્વરૂપ ધારણ કરીને શરીરનાં સંચાલનમાં સહભાગી બનવા સાકાર બન્યાં હતાં. તેથી શરીરની શુદ્ધિ સાધવા માટે અંતઃકરણની શુદ્ધિ કરવા માટે સાધકે આધારભૂત ગણાતા પ્રાણની ઉપાસના કરવી પડે છે. સાધક ખૂબ મહેનત કરીને પંચમહાભૂતની અને અંતઃકરણની શુદ્ધિ સાધે છે, પ્રકૃતિનાં આઠે અંગો જ્યારે શુદ્ધ બને છે. અસલ સ્વરૂપે રહેવા પામતાં નથી. પૃથ્વી તત્ત્વ પૃથ્વી ન રહે તેમ જળ તત્ત્વ ન રહે ! પૃથ્વીનો સ્વભાવ જડ છે ! પરંતુ જડતા અથવા તો જેને આપણે પશુતા પણ કહીએ છીએ તે જો નાશ પામે તો પૃથ્વી તત્ત્વની શુદ્ધિ થયેલી ગણાય. તે શુદ્ધ અવસ્થામાં પૃથ્વી તત્ત્વ પ્રાણમાં વિલીન થઈ જાય છે. તે જ રીતે જળ તત્ત્વની શુદ્ધિ થાય છે ત્યારે અંતઃકરણમાં પ્રેમનો પ્રાદુર્ભાવ થાય છે. જળનો સ્વભાવ નીચાણમાં વહેવાનો હતો, તે પ્રેમના પ્રાદુર્ભાવથી પલટાઈ જાય છે. પ્રેમ હંમેશ ઊંચે ગતિ કરે છે તેથી જળની શુદ્ધિ થયેલી ગણાય. અગ્નિની શુદ્ધિ થાય ત્યારે પ્રજ્ઞા અથવા બુદ્ધિ સ્થિર બને છે, વાયુની શુદ્ધિ થાય ત્યારે પ્રાણ પોતે સમતા ધારણ કરે છે. આકાશની શુદ્ધિ થાય ત્યારે સાધક નિરાવરણ બની જાય છે. તેને પોતાના અસલ સ્વરૂપનાં દર્શન થાય છે. શુદ્ધિ એટલે સંપૂર્ણ સાત્ત્વિકતા, આત્મદર્શન માટેની યોગ્યતા. જ્યારે જ્યારે

તત્ત્વો શુદ્ધ સ્વરૂપ ધારણ કરે છે ત્યારે ત્યારે તે પ્રાણમાં જ વિલીન બને છે, એવો મહાપુરુષોનો અનુભવ છે. તે અવસ્થામાં પ્રાણને ઉત્થાન પામેલો ગણવામાં આવે છે. કારણ કે પ્રાણની ગતિ આત્મા તરફ થતી રહેતી હોવાથી અથવા તો ઊર્ધ્વગામીપણું સિદ્ધ બનવાથી તે પ્રાણની ઊંચી દશા કહેવાય છે. પ્રાણની તે સામ્યાવસ્થા ઉત્તમ અવસ્થા ગણાય. યોગીઓ તેને નિત્યકુંભક પણ કહે છે. આ રીતે 'અરધ ઉરધ' બીચ ક્યારી શબ્દો દ્વારા ઉત્થાન પામેલા પ્રાણીની ઊંચી અવસ્થાનું સૂચન આપણે વિસ્તારથી સમજ્યા. પાણી વિનાના કૂવાને ભૂમિ વિનાની વાડી દ્વારા જળ તત્ત્વ ને પૃથ્વી તત્ત્વની શુદ્ધિ સૂચવવામાં આવી છે. તે બંને તત્ત્વો પ્રાણમાં વિલીન બની જાય છે. જળ તત્ત્વ ને પૃથ્વી તત્ત્વની અશુદ્ધિ જ પાર્થિવ જગતના આકર્ષણ માટે કારણભૂત છે. આ સ્થિતિ મીરાં જુદા જ શબ્દોમાં વર્ણવે છે.

*'સંસાર સાગર સૂક ગયો હૈ,*
*ફીકર નહીં અબ તરન નકી.'*

સંસાર તરફની આસક્તિ હતી તે પરમાત્માની કૃપા થઈ ત્યારે મનમાંથી આપોઆપ સુકાઈ ગઈ ! મનમાંથી સંસારમયતાનો ગર્ભ જ નાશ પામે તો તરવાની આવશ્યકતા ક્યાં રહે ? માયારૂપી માલણ જ્યારે અનુકૂળ થઈ જાય છે ત્યારે આવો ચમત્કાર થાય છે.

કર્મ સંસ્કારનો સમૂળગો નાશ થવો તે નાની સૂની ઘટના થોડી ગણાય ? સંસારરૂપી સાગર સુકાઈ જવાની આ ક્રિયા અત્યંત ગૂઢ છે. તેથી જ આ માલણને 'અકલ માલની' તરીકે કબીરસાહેબ ઓળખાવે છે. તે અનુકૂળ હોય ત્યારે મોટો ચમત્કાર કરે છે. પ્રતિકૂળ હોય ત્યારે મૂઢતાને દુઃખનો પારાવાર છલકાવી દે છે. સાધકને અજાયબીઓનો પોતાના શરીરમાં અનુભવ થાય છે તે પણ તેને જ કારણે ! વળી આત્મદર્શનની શક્યતા પણ તેને કારણે જ નિર્માણ થાય છે. જ્યાં સુધી પોતાની અસ્મિતાની યાદ રહે છે ત્યાં સુધી તે સવિકલ્પ સમાધિની દશા ગણાય છે. અનુભૂતિઓ તે જ દશામાં થાય છે. પરંતુ ચિત્ત જ્યારે અથવા તો મન પણ અમન બનવા માંડે છે ત્યારે દશામાં ફેરફાર થઈ જાય છે. મન પોતે પોતાની લાક્ષણિકતા છોડીને આત્મામાં લીન બની જાય છે, ત્યારે નિર્વિકલ્પ સમાધિની દશામાં સાધક પ્રવેશ કરે છે. સાધકને કશી પણ યાદ રહેતું નથી. શરીરનું ભાન જ રહેતું નથી, માત્ર ચૈતન્ય અને તેની શક્તિ તેની સંભાળ રાખતાં હોય છે. તે આત્મલીનની અવસ્થા ગણાય. ત્યારે અહંકાર શૂન્ય બની જાય છે.

સવિકલ્પ સમાધિ દશા સુધી અહંકારનું ગુરુત્વાકર્ષણ કામયાબ નીવડે છે. પરંતુ નિર્વિકલ્પ દશામાં અહંકાર શૂન્યતાની સ્થિતિ પેદા થાય છે. તેથી તે દશાને 'શૂન શિખર' પણ કહેવામાં આવે છે. તે અવસ્થામાં અદ્વૈતની સિદ્ધિ થાય છે. 'મનધીર' એટલે સ્થિર થઈ ગયેલું મન જ આત્મદર્શન કરી શકે તેવું સૂચન છે. તે અવસ્થામાં નિત્યવસંતનો અનુપમ દૈવી આનંદ સાધક પ્રાપ્ત કરે છે. આવી ઊંચી અવસ્થા પર કાયમનો મુકામ કરનાર સંત બહુ ઓછા હોય છે. આપણા સદ્‌ગુરુ તેમાંના એક છે. આ પદ તેનો પુરાવો છે.

❑

# સદ્‌ગુરુનું શરણું

વિનોદ ખંભોળજા,
ડાકોર

અહંકારનો ત્યાગ કરી સદ્‌ગુરુની સેવા કરવી એને રામાયણમાં ભક્તિ ગણાવાઈ છે.

*ગુરુ પંકજ સેવા તીસરિ ભગતિ અમાન ।*

ગુરુ ઉપર શ્રદ્ધા અને વિશ્વાસ રાખવો જોઈએ. આજ-કાલ અંધ બનેલ કહેવાતી ધર્મશ્રદ્ધા ક્યાંક ક્યાંક દેખા દે છે અને તેનાથી સમાજ ઉપર સાચી શ્રદ્ધાના નિર્માણમાં અંતરાયો ઊભા થાય છે. સાચી શ્રદ્ધાના નિર્માણ માટે સદ્‌ગુરુની આવશ્યકતા છે. દુનિયાદારીના અત્યંત ગીચ અને પીડાકારક વર્તુળમાંથી સદ્‌ગુરુ, સત્સંગ મનુષ્યને શાંતિ અર્પે છે, કલ્યાણ કરે છે.

*સંત સમાગમ હરિકથા, જો ઘર નિશદિન હોય ।*

આવી માગણી સાથે શ્રી કબીરસાહેબ હરિકથા અને સત્સંગની યાચના પ્રભુ સમક્ષ કરે છે. પરમાત્માની કથાશ્રવણ કરવાથી, પરમાત્માના દિવ્ય જીવનમાંથી વ્યક્તિને પ્રેરણા મળે છે. કંઈક સારું-સાચું જીવન જીવવા માટે માર્ગદર્શન મળે છે. એટલે જ આપણે ત્યાં સત્સંગ-શ્રવણ, કિર્તન, સદ્‌ગ્રંથોનું વાચનનો મહિમા પ્રચલિત બન્યો છે. શ્રવણ-કિર્તન જીવન ઉપર કંઈક જાદુઈ અસર પાડી જાય છે. આમ પ્રભુપરાયણ રસ્તે મનને દોરવામાં, ચિત્ત વૃત્તિઓને પરમાત્માના માર્ગે સ્થિર કરવામાં સત્સંગ પ્રભાવી અસર કરે છે.

પ્રસંગોપાત થતું નામ-સ્મરણ, કથા-શ્રવણ કે સત્કાંર્યો બાકીના ખાલી રહેલા સમયમાં સાધકને કદાચ ડગાવી મૂકે. આ ભીતિ બિલકુલ સાચી છે. એ માટે જ શ્રી કબીરસાહેબ કહે છે કે 'મો ઘર નિશદિન હોય' સત્કાર્યો કાયમ થતાં રહે. સત્સંગ અનિવાર્ય બનાવી દીધો. સત્સંગથી સારા વિચારો પ્રાપ્ય બને. જ્યાં સુધી સાચા વિચારોથી વ્યક્તિનું ઘડતર ન થાય ત્યાં સુધી અન્ય બાબતો નિરર્થક

રહેવાની. સદ્‌વિચારોથી જ પરમાત્માના માર્ગમાં આગળ જવાય. આ વિચારોનું ઘડતર સદ્‌ગુરુ કરે. અને તે માટે સાધકે ગુરુમાં દૃઢ વિશ્વાસ કરવો પડે.

*ગુરુ કી આજ્ઞા આવઈ, ગુરુ કી આશા જાય ।*
*કહે કબીર સો સંત હૈ, આવાગવન નસાય ॥*

સદ્‌ગુરુના વચનમાં સંપૂર્ણ શ્રદ્ધા સાથે ગુરુની આજ્ઞા માથે ચડાવવા શ્રી કબીરજી જણાવે છે. જે ગુરુના ચીંધેલા માર્ગે ચાલી જીવન ઉજ્જ્વળ કરે, જગતકલ્યાણ કરે તે સંત છે અને તે આ દુઃખદાયક જીવન-મરણના ફેરામાંથી મુક્ત થઈ જાય છે. માટે સદ્‌ગુરુ કરી — સત્સંગ કરી જીવન સાર્થક કરી લેવા ભારપૂર્વક આપણા ગ્રંથોમાં કહેવાયું છે. સત્સંગની ગંગા તો જીવનને નિર્મળ બનાવે છે. રામાયણમાં લખ્યું છે કે — ધન્ય ઘરી સોઈ જબ સત્સંગા ॥ જે ઘડીએ સત્સંગ થાય તે ઘડીને ધન્ય છે. આપણે આપણા સ્વાર્થનાં કે વ્યવહારિક કાર્યો તો નિભાવ્યે જ જતા હોઈએ છીએ પરંતુ તેમાં પણ જે ક્ષણે સત્સંગ થયો, ધાર્મિક વાંચન શ્રવણ-કિર્તન થયું તે ઘડીને ધન્ય છે. જેમાં કંઈક સન્માર્ગે લઈ જતું કાર્ય થયું. આવું જીવન ધન્ય છે. આવી ઘડી ધન્ય છે, શુભ છે કે જેમાં શુભકાર્ય થયું. બાકી નિરર્થક અને બિનજરૂરી વાતો કે કાર્યોમાં સમય વેડફાઈ જાય છે. તેમાં સત્સંગે, શુભકાર્યોએ પ્રકાશ પાથર્યો.

*શઠ સુધર હી સતસંગતિ પાઈ*

ગોસ્વામીજીએ તો આવું લખ્યું ! પારસમણીના સ્પર્શે લોઢું સોનું બને તેમ શઠ પણ સતસંગથી સાચો બને. એને જ્ઞાન થાય. ભાન થાય. સાધુના સંતસમાગમમાં આવી અદ્‌ભુત અને પ્રેરણાકારી શક્તિ છે.

*કબીર કહે સો દિન બડો, જા દિન સાધ મિલાય*
*આંખો ભર ભર દેખિયે, પાપ સભી ચલ જાય.*

એ જીવન ધન્ય છે કે જેમાં સાચા સાધુનો ભેટો થાય. જ્યારે કેટલાક કહેવાતા સાધુઓના કરતૂતો પ્રકાશમાં આવે ત્યારે ક્યાંક લોકોની શ્રદ્ધા સમગ્ર સાધુસમાજ ઉપર ફીટકાર વરસાવતી ક્યારેક જોવા મળે છે. પણ જીવનમાં જો સાચા સાધુનો-સંતનો ભેટો થઈ જાય તો એને પ્રેમથી નીરખી લો. એમના સદ્‌ગુણોને પકડી લો. સાધુ તો પરોપકાર કરવાવાળા હોય છે. બીજાનું ભલું કરવા

વાળા હોય છે. પોતે દુઃખ વેઠી સામાને સુખ આપવાની વૃત્તિ ધરાવતા હોય છે. રામાયણ કહે છે –

*સાધુ ચરિત શુભ ચરિત કપાસૂ, નિરસબિસદ ગુનમય ફલ જાસુ,*
*જો સહિ દુઃખ પપરછિદ્ર દૂરાવા, બંદનીય જે હિં જગ જસ પાવા ॥*

સંતપુરુષનું જીવન કપાસના જેવું છે. કપાસ પીસાય છે, કચડાય છે, દબાય છે અને છતાં બીજાના છીદ્રો ઢાંકવાનું કામ કરે છે. પોતે કચડાઈ રૂપરંગનો ત્યાગ કરી બીજાને સુંદર મજાનું કપડું આપે છે. સંતોનું કામ કપાસ જેવું છે. સંતસમુદાય તો ગુણોની ખાણરૂપ છે. પોતે દુઃખ સહન કરી સતત પરોપકાર કરે છે. આવા સાધુનાં દર્શન કરી લો. એ જીવન સુધારશે. સન્માર્ગે વાળશે. આવા સંતના સંગથી જીવન ખરા અર્થમાં જીવી જવાય. એક નવો રસ્તો પકડાય અને તે ખરો હોય. જીવનમાં સાચો રસ્તો પકડાય તો જ લક્ષે પહોંચાય. ખોટે રસ્તે ચડેલો માણસ તો તેના નિર્ધારિત લક્ષ સુધી પહોંચ્યા પહેલાં જ અથડાઈ કુટાઈને મરી જાય. એના સમય, શક્તિ અને નાણાંનો દુર્વ્યય થાય. જીવન ઝેર બની જાય.

(કબીરવાણી : જુલાઈ '૯૮)

❑

# કબીરવાણીમાં 'પ્રેમ'નું તત્ત્વ

ડૉ. વિપિનકુમાર કીકાણી

સંત કબીરની ભક્તવાણી પ્રેમભક્તિ સભર છે. એમની ભક્તિસાધનાનું મધ્યબિંદુ પ્રેમલીલા છે. આ લીલા એ સ્થૂળ પ્રેમની લીલા નથી પરંતુ ભગવદ્પ્રેમની એ ભૂમિકા સૂક્ષ્મ, વ્યાપક અને વિશાળ છે.

*'ચુનરિયા હમરી પિયાને સંવારી'*

એવું કહેતા કબીર ભક્તને પ્રેમીકા અને પરમાત્માને પ્રિયતમ રૂપે જુએ છે. પરમાત્માનો પ્રેમ પ્રાપ્ત કરવાની ક્ષમતા જે ભક્તની હોય તેને જ આવી પ્રેમની સોગાદરૂપ ચુનરી પ્રાપ્ત થાય છે. પ્રેમની સૂક્ષ્મભાવનાને – અધ્યાત્મક ભાવનાને સમજાવતા સંત કબીર ચુનરીની સાથે જ રૂપકોને સાંકળીને પ્રેમની ગહન ફિલસૂફી પ્રગટ કરે છે. તેઓ કહે છે, આ ચુનરી અષ્ટપ્રહરરૂપી આઠ હાથની બનેલી છે અને પંચતત્ત્વોનો પાંચ પટ તેના પર થયેલા છે. સૂર્ય-ચંદ્ર-તારા વગેરે આ ચુનરીનાં ઝગમગતી ભાત છે. આ ચુનરી અનાદિ છે, અનંત છે. આવો ભગવદ્પ્રેમ એ શાશ્વત અને સનાતન છે.

પરમાત્માનો પ્રેમ કોઈ સંત, મહંત કે ભક્તને જ પ્રાપ્ત થઈ શકે ? સામાન્ય સંસારી જનને શું પ્રિયતમ પરમાત્માનો પ્રેમ પ્રાપ્ત થતો નથી ? પરમાત્મા તો સર્વને માટે પોતાની પ્રેમચુનરી પાથરીને બેઠા છે પરંતુ આ પ્રેમચુનરીને સંભાળી શકે એ જ ભગવદ્જન બની જાય છે, પરમભક્ત બની જાય છે. સંસારી જનને ભગવદ્પ્રેમ તો પ્રાપ્ત થાય છે પરંતુ એ પ્રેમચુનરીને પોતાની વાસનાઓથી મલિન કરી દે છે. ચુનરીના તારે તો તેનાથી ક્ષીણક્ષીણ થઈ જાય છે. એક વખત એ મેલી થઈ જાય પછી ગમે તેટલી ધૂઓ એ ચુનરી ઊજળી થતી નથી. કબીર કહે છે તેમ,

*યહ ચુનરી મેરે મૈકેતે આઈ, સસરામેં મનુઆં ખોઈ દિયા,*
*મલી મલી ધોઈ દાગ ન છૂટે, ગ્યાન કો સાબુન લાઈ પિયા...*

આવો ભક્તિનો માર્ગ, સાધનાનો માર્ગ, પ્રેમમાર્ગ અતિ કઠિન છે. પોતાની એક સાખીમાં કબીરજી કહે છે,

*'યહ તો ઘટ હૈ પ્રેમકા, મારગ અગમ અગાધ*
*સીસ કાટિ પગ તર ધરૈ, તબ નિકટ પ્રેમ કા સ્વાદ'*

આ ભગવદ્‌પ્રેમનો માર્ગ અગમ્ય અને અગાધ છે. એ જ્ઞાન સહેલાયથી સમજાતું નથી. એ પ્રેમનો તાગ સહેલાયથી નીકળતો નથી. આ પ્રેમ સ્થૂળ પ્રેમના જેવો – ફૂટકિયા મોતી સમાન નથી.

*'છિનહિં ચઢૈ છિન ઊતરૈ, સો તો પ્રેમ ન હોય,*
*અધર પ્રેમ પિંજર બસૈ, પ્રેમ કહા વૈ સોય.'*

પ્રેમનો આ રંગ શાશ્વત છે. એક વખત પ્રેમ ભક્તિનો રંગ લાગી ગયો તો લાગી ગયો. એ રંગ પછી ઊતરતો નથી. પરમાત્મા પ્રત્યેનો આવો પ્રેમ સહજ રીતે પ્રાપ્ત થઈ જતો નથી. આ પ્રેમ પ્રાપ્ત કરવા ઘણી વાર જીવનને પણ શૂળીએ ચડાવવું પડે છે. પ્રેમના આ દુર્ગમ માર્ગને સમજાવતા કબીરજી કહે છે,

*'પ્રેમ ન વાડી ઉપજૈ, પ્રેમ ન હાટ બીકાય;*
*રાજા પરજા જેહિ રુચૈ, શીશ દેઈ લૈ જાય.'*

શિર સાટે નટવરને વરવાનો માર્ગ એ પ્રેમભક્તિનો માર્ગ છે. રાજા હોય કે પ્રજા, સંત હોય કે શયતાન, જાનફેસાની સુધી તૈયારી હોય તેવા ભક્તજનને પરમાત્માનો પ્રેમ પ્રાપ્ત થાય છે. આવા પરમ અલગારી ભક્તને પછી આ નશ્વરસંસારના કોઈ સ્થૂળ આનંદની, નશ્વર આનંદની મોહમાયા રહેતી નથી.

*'કબીર પ્યાલા પ્રેમ કા, અંતર લિયા લગાય;*
*રોમ રોમ મેં રમી રહા, ઓરે અમલ કયા ખાય ?'*

એક વખત એક પરમાત્માએ આલિંગન આપી દીધું કે એ ભક્તિનો રંગ રોમ રોમમાં વ્યાપ્ત થઈ જાય છે. પછી જગતની કોઈ મસ્તી, કોઈ આનંદ ભક્તને ભીંજવી શકતો નથી. ભક્ત અને ભગવાનનું, આત્મા અને પરમાત્માનું પરમ સાયુજ્ય રચાય જાય છે. આવા પરમ ભક્તને પરમાત્માનું દર્શન ભલે ન થતું હોય, એના પ્રિયતમનું મિલન ભલે ન થતું હોય, આવી પ્રેમીકા તો પોતાના સમગ્ર

અસ્તિત્વમાં પ્રિયતમના સ્પંદનો અનુભવે છે. પરમાત્માની સદા વિયોગી સ્થિતિમાં પણ આવી વિરહિણી પ્રેમીકા વિયોગનો કોઈ અનુભવ કરતી નથી. કારણ તેને પોતાના અસ્તિત્વમાં જ એ પરમાનંદનો સાક્ષાત્કારના મિલનનો આનંદ અનુભવાતો હોય છે.

*પ્રીતમ કો પતિયાઁ લિખૂં, જો કહું હોય બિદેશ;*
*તનમેં, મનમેં નૈનમેં, તા કો કહાઁ સંદેશ ?'*

ભક્ત ભગવાનને, પ્રેમીકા પોતાના પ્રિયતમને ત્યારે જ પ્રાપ્ત કરી શકે છે જ્યારે ભક્ત પોતાની આત્મરતિનો ત્યાગ કરે, પ્રેમનો મારગ એ ગર્વનો મારગ નથી. પ્રેમમાં સર્વસ્વનો ત્યાગ કરવો પડે. પ્રેમ અને અભિમાન સાથે રહી શકતા નથી. દર્પનો ત્યાગ કરનાર પ્રેમનો સ્વીકાર કરી શકે છે. કબીરજી સરસ અને સચોટ દૃષ્ટાંત દ્વારા પ્રેમની આ ફિલસૂફીને બે પંક્તિની સાખીમાં સમજાવી દે છે.

*'પીયા ચાહૈ પ્રેમ રસ, રાખા ચાહૈ માન;*
*એક મ્યાનમેં દો ખડગ, દેખા સૂના ન કાન !'*

ભક્ત અને ભગવાનનો પ્રેમ, આત્માની પરમાત્મા પ્રત્યેની ભક્તિ સામાન્ય કોટિની નથી હોતી. આ પ્રેમ એવો તો અરસપરસનો છે કે એકને બીજા વગર ચાલતું નથી. જેમ માછલીને જળ વગર ચાલતું નથી તેમ આત્માથી પરમાત્મા વગર જિવાતું નથી.

*'અધિક સ્નેહી માછરી, દુભ અલ્પ સનેહ;*
*જલહિં બલ તે બીછુરે, તબ હી ત્યાગૈ દેહ'*

સંસારી જનો આત્મા-પરમાત્મા અદ્વૈતને ખંડિત કરવા મથે છે. પરંતુ આવું બને છે ત્યારે પરમાત્માનો વિયોગ જેને થયો છે તેવો ભક્ત જળમાં રહેલા મીનની પેઠે પરમાત્મા વિયોગે આત્મબલિદાન કરી દે છે. જીવ અને શિવની વચ્ચે, આત્મા અને પરમાત્માની વચ્ચે, પ્રેમીકા અને પ્રિતમની વચ્ચે માત્ર માયાનું આવરણ હોય છે. એક વખત માયાનું આવરણ હટી જાય, પરમાત્મા વિશેનું સાચું જ્ઞાન પ્રાપ્ત થાય તેને પ્રેમનો માર્ગ સરળતાથી પ્રાપ્ત થાય છે. આવો પ્રેમનો માર્ગ, ભક્તિનો માર્ગ એ પરમાનંદનો માર્ગ છે. પોતાના એક પદમાં વેદાંતનું તત્ત્વજ્ઞાન સહજભાવે સમજાવતાં કબીરજી કહે છે,

'ઘુંઘટ કા પટ ખોલ રે, તોહે પિયાં મિલેંગે,
જોગ જુગત સે રંગમહલમેં પિય પાયો અનમોલ રે,
કહૈ કબીર આનંદ ભયો હૈ, બાજત અનહદ ઢોલ રે...'

આવો પ્રેમમાર્ગ પ્રાપ્ત તો થઈ જાય પરંતુ તેને જીરવવો અતિ કઠિન છે. અગ્નિની પ્રચંડ શીખાઓથી પણ પ્રખર અને તલવારની ધારથી પણ તીક્ષ્ણ એવો આ પ્રેમમાર્ગ છે.

'આગિ આંચ સહના સુગમ, સુગમ ખડ્ગ કી ધાર;
નેહ નિભાહન એક રસ, મહા કઠિન વ્યવહાર...'

પરમાત્મા પ્રત્યેનો સમરસ વ્યવહાર, એકધારો વ્યવહાર દુર્ગમ છે. અનેક શંકા, કુશંકા પ્રેમને માર્ગે મતિને મૂંઝવી દે છે. પરમાત્મામાં આસ્થા ડગી જાય, શ્રદ્ધા હટી જાય તેવું બને છે અને ત્યારે જ ભક્તની-પ્રેમીકાની કસોટી થાય છે.

કબીરવાણીમાંથી પ્રાપ્ત થતો આવો ભક્તિમાર્ગ-પ્રેમમાર્ગ એ સ્વયંપ્રાપ્ત થતો, સહજ રીતે પ્રાપ્ત થતો માર્ગ છે. ભક્તિનો માર્ગ એ સાધનાનો માર્ગ છે. પ્રેમની આ સાધના સંતરૂપે થઈ શકે. આ માર્ગ આત્માર્પણનો માર્ગ છે. પરમાત્માને સર્વસ્વ સમર્પિત કરીને પરમાત્મા પાસેથી સર્વસ્વ પ્રાપ્ત કરવાનો માર્ગ છે. આ માર્ગ કઠોર સાધનાનો છે અને કોમળ ભક્તિનો પણ છે. કબીરજીના જ અનુગામી અને કબીરમતથી પ્રભાવિત ગુજરાતના સંતકવિ નરસિંહ મહેતાએ એટલે જ ભક્તિમાર્ગને 'પ્રેમલક્ષણા ભક્તિમાર્ગ' તરીકે ઓળખાવીને પરમાત્માને પ્રાપ્ત કરવાનો આસાન માર્ગ ચીંધતા કહ્યું છે,

'પ્રેમના તંતમાં સંત ઝાલે...'

કબીરજીએ પોતાની વાણીમાં આ પ્રેમનો તંતુ જ પકડ્યો છે. અને પ્રેમ દ્વારા પરમાત્માને પામવાનો બોધ આપ્યો છે.

❑

# આત્મબોધી સંત કબીર

પ્રો. હરિભાઈ ત્રિવેદી

ભરતખંડનો ઉજ્જવળ ઇતિહાસ ઋષિઓ, ભક્તો અને સંતોની યશ ગાથાથી સભર છે. તેમાં યાજ્ઞવલ્ક્ય, ભારદ્વાજ અને ગૌરવ જેવા ઋષિઓએ તપ, સાધના કરીને જનસમુદાયના ઉત્થાન માટે સંસ્કૃતિના પાયાનાં સિદ્ધાંતોનું જ્ઞાન આપીને સદાચારનો રાહ બતાવેલ. નરસિંહ મહેતા, મીરાંબાઈ અને જલારામ બાપાએ પરમાત્માનું નામ લઈને સમાજમાં ભક્તિની મહત્તા વધારીને જન પરિવારમાં પરસ્પર દ્વેષભાવ, તિરસ્કૃત, નિર્ધન, તવંગરનો ભેદભાવ દૂર કરવાનો તેમજ કામ, ક્રોધ અને લોભ જેવાં માનસિક દોષોનો ત્યાગ કરવાનો બોધ આપેલ. જ્યારે સંત જ્ઞાનેશ્વર અને સંત તુકારામે જ્ઞાનનાં માધ્યમથી સમાજમાં તત્ત્વ બોધ કરાવેલ. આવા એક તત્ત્વબોધી અર્થાત્ 'આત્મબોધી સંત કબીર' થઈ ગયા. જેનાં સાખી અને દોહરા આજે જીવંત અને આત્મબોધ રૂપે જણાયાં છે.

## સંતોનો માર્ગ આત્મબોધ હોય છે

જે સૂફી સંતો હોય છે તે આત્મસૂઝવાળા હોય છે. ગતજન્મમાં ભગવત્ સ્મરણ અને પુણ્યનાં કારણે પુણ્યવાન અને પવિત્ર કુળમાં જન્મ લે છે. ગીતામાં કહ્યું છે કે 'શુચિનાં શ્રીમંતાં ગેહેયોગ ભ્રષ્ટોકપિ જાયતે' પવિત્ર અને મહાલક્ષ્મીવાન કુળમાં યોગભ્રષ્ટ આત્મા જન્મ લે છે. તે આ જન્મમાં સ્વપ્રકાશિત જ્ઞાન દ્વારા પોતાના ઉદ્ધાર સાથે જનસમુદાયનો જ્ઞાનોપદેશ કરીને પોતાનું અવતાર કાર્ય પૂર્ણ કરે છે.

આત્મબોધી સંતોનો ઉપદેશ ધાર્મિક સંકીર્ણતા, જાતીયભેદ અને સાંપ્રદાયિકતાના ભેદભાવથી પર હોય છે. એટલે કે સંતો કોઈ ધર્મના વાડામાં ફસાતા નથી.

આત્મસૂઝથી, બહુજનહિતાય, બહુજન સુખાય ઉપદેશ કરતા હોય છે. એટલું જ નહિ તેઓ આત્મસ્થ થઈને સતત રમમાણ કરતા હોય છે અને આત્માનંદમાં સંતુષ્ટ રહેવાવાળાં હોય છે. દેહાભિમાનનો ત્યાગ કરીને બ્રહ્મતત્ત્વ

પોતે જ છે. તે ભાવમાં જુએ છે. પોતાની અંદર સારીએ ઇન્દ્રિયોની વૃત્તિઓને શાંત કરી દે છે. અન્ન, મધ્ય અને બહારની સ્મૃતિથી શૂન્ય રહેવાવાળા હોય છે.

## કબીરનું જીવન-વૃત્ત

કબીરનો જન્મ સંવત ૧૪૫૫માં થયેલ હતો. જ્યારે તેમની જીવનલીલા ૧૫૭૫માં સમાપન થયેલ. પરંતુ જે રીતે મા સીતા સ્વયં પૃથ્વીમાંથી બહાર આવેલ એટલે કે તેનાં માતા-પિતા કોઈ હતાં નહિ. તે રીતે કબીરનાં માતા-પિતાની માહિતી મળતી નથી. જે રીતે સીતાજી રાજા જનકને શિશુરૂપમાં ખેતરમાંથી મળ્યા હતાં તે રીતે નીરૂ-નીમા નામના દંપતીને કબીર તળાવનાં પાણીના કિનારેથી મળ્યા હતા. તેથી કબીરસાહેબનાં મનમાં કોઈ પ્રકારની હીન ભાવના મનમાં હતી નહિ. પરંતુ પોતે વણકરના નામથી વ્યક્ત થયા છે અને એ રીતે મોટા થતાની સાથે કપડા વણવાનું શરૂ કર્યું હતું.

તથાકથિત ઈશ્વર અને તેનાં નામ પર અંધ વિશ્વાસ, ભ્રમ અને પાખંડ ફેલાવનાર પરસ્પર ઈર્ષા, ઘૃણા, સાંપ્રદાયિક ભેદભાવની દીવાલ ખડી કરી હતી. તેવી સમાજની વિષમ પરિસ્થિતિ જોઈને તેમનું દિલ કકળી ઊઠ્યું હતું. ખાસ કરીને ઈશ્વરીય વાણીને પાખંડનું સ્વરૂપ આપીને સમાજમાં છૂતાછૂતનો ભેદ, નીચલાં સ્તરનાં માણસને શૂદ્ર કહીને તેનો તિરસ્કાર અને તેના સમસ્ત માનવીય અધિકારીથી વંચિત કરવામાં આવતો હતો. આવી સ્થિતિ કેટલાંએ વર્ષોથી ચાલી આવતી હતી. તેને જોઈને કબીરજીનું દિલ દ્રવી ઊઠ્યું અને સમાજની પરવા કર્યા વિના કહ્યું કે 'આ મનુષ્યની સ્વાર્થ વૃત્તિનાં કારણે ભેદભાવ છે !'

માનવમાત્રને દરેક દિશામાં વિકાસ કરવાનો અધિકાર છે. તેથી કોઈ પણ જાતિ કે વર્ણના ભેદભાવ વગર પરસ્પર સદ્ભાવ અને સહકારની ભાવનાથી વર્તન કરવું જોઈએ.

## અવિનાશી રામરૂપી તત્ત્વની ઘોષણા

કબીરજી જન્મથી જ આત્મજ્ઞાની હતા તેથી તેઓ ઉપદેશ કરતાં કે દરેક માણસના શરીરમાં રામરૂપી તત્ત્વ બિરાજે છે. જે આત્મા રામ છે, જે દરેકની સાથે છે અને સર્વત્ર ફેલાયેલ છે. આ રામતત્ત્વ એક જ છે તેથી દરેકના શરીરમાં લોહીનો લાલરંગ સરખો જ છે. આ લોહી કોઈ ઉચ્ચ જાતિનું લાલ લોહી અને નીચ જાતિનું કાળું હોય એમ નથી. દરેકમાં લોહી લાલ છે અને એ લોહીથી જ

મનુષ્ય જીવન ટકી રહે છે. તેથી લોહીનો સમાન વર્ણ હોવાથી નાત, જાત, કૂળ કે ધર્મમાં પણ ભેદભાવ ન હોવો જોઈએ.

કબીરસાહેબે પોતાની વાણીમાં 'રામ' શબ્દનો અનેકવાર ઉલ્લેખ કરેલ છે. પરંતુ જે રામ ઘટ-ઘટવાસી, ચેતનતત્ત્વ અને સ્વસત્તાધિશ છે તે તત્ત્વની યાદ કરાવે છે.

*સુમિહરણ કરહૂ રામકા, કાલ ગહે હૈ કેશ*
*ના જાનો કબ મારિ હૈ, ક્યા ઘર ક્યા પરદેશ*

હે માનવ, તું પોતાનાં અંતરઆત્મા રામનું સ્મરણ કર. તારી ચોટલીને (માથાના વાળને) કાળે પકડી રાખી છે. ઘરમાં હોઈશ કે બહાર હોઈશ, ખબર નથી કે તે તારો કાળ કોળિયો ક્યારે આવશે. આત્મા વ્યાપક છે. આ મહિમા પરક શબ્દ છે. આનો અર્થ એ થાય છે કે આત્મા સર્વોચ્ચ તત્ત્વ છે. આત્મા સર્વત્ર વ્યાપ્ત છે. આત્મા દરેક કાર્યમાં વિદ્યમાન છે. આ આનુભાવિક સ્થિતિ તથ્યપૂર્ણ છે તેથી અવિનાશી રામ તત્ત્વનું નામ લો. હે જીભ હરિને છોડીને ક્યાંય ન જાઓ. અન્યત્ર જ્યાં જશો ત્યાં તમારી સ્થિતિ પતંગિયું જેમ અગ્નિમાં મરવા માટે જ જાય છે તેમ વિષયોનો સાથ તમોને જીવતા બાળી નાંખશે. વિષય વાસનાઓ તમારા મનને વિંછીની જેમ ડંખ મારશે. તેથી હે મન રામનામ વાંચી આત્મતત્ત્વનું ચિંતન કરતાં કરતાં પોતાના મનને રામમય બનાવો, તેથી મન સદાકાળ આત્મરામમાં સ્થિત રહે.

*ઇચ્છા હરિ ભવસાગર, જામે બોહિત રામ આધારા*
*કહે કબીર હરિ શરણ ગહુ, ગૌ સ્વર બછ વિસ્તાર ॥*

મનુષ્યનો જીવ જ ઇચ્છા કરીને સંસાર સાગરમાં પડે છે. તેમાંથી બચવા માટેનો પરમાધાર સ્વરૂપ રામના વિચારરૂપી જહાજ છે. સંત કબીરજી કહે છે કે સમસ્ત અજ્ઞાનને હરવાવાળા સદ્‌ગુરુરૂપી હરિનું શરણ પકડો. જેમ ગાયનો વાછડો ચાલવા લાગે છે ત્યારે કૂદકો મારીને બહાર નીકળી જાય છે. તેમ આત્મારામનું સ્મરણ ધ્યાન કરીને સંસાર રૂપી સાગરમાંથી બહાર નીકળી જાઓ. આવા આત્માબોધી સંત કબીરજીને અમારા કોટી કોટી વંદન.

(કબીરવાણી : જાન્યુઆરી '૯૭)

❑

# ત્યાં લગી સાધના સર્વ જૂઠી

પ્રાધ્યા. ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી

પરમાત્માની પ્રાપ્તિ એટલે પરમ આનંદ, શાશ્વત આનંદ સાથેની આત્મતૃપ્તિ. આધ્યાત્મિક ક્ષેત્રે પ્રભુમિલનનાં અનેક સાધનો જુદાં જુદાં શાસ્ત્રોમાં દર્શાવ્યાં છે. આ સાધનોનો ઉપયોગ સેંકડો વ્યક્તિઓ પોતાના મનમાં કરે છે. સવાર-સાંજ મંદિરે, મસ્જિદો કે ચર્ચો ભાવિક ભક્તોની ભીડથી ઊભરાય છે. કથા શ્રવણ કે સંકીર્તન થાય છે. વ્રત-જપ-તપ પણ કરે છે. તેમ છતાં આ ભક્તોને 'હાથ'ની જગ્યાએ 'હાય' નો રોજ કેમ અનુભવ થાય છે ? પ્રભુ મસ્તીમાં મસ્તની જગ્યાએ ચારેય બાજુએ રદુધોળ બની ત્રસ્તતા કેમ અનુભવાય છે ?

મુખ્ય કારણ એ છે કે આ સાધનાનો ઉપયોગ કેવળ બાહ્ય ઔપચારિકતા પૂરી કરવા યાંત્રિકની જેમ થાય છે. પૂ. કબીરસાહેબે કહ્યું છે : 'અંતર કે પટ ખોલ તુજે પીયા મીલેગા' અંતર પટ એટલે આત્મા. ઈશ્વર બીજે ક્યાંય નથી. મનુષ્યના આત્માની અંદર છે. જ્યાં સુધી માનવને પોતાના આત્માનો પરિચય નથી, જ્યાં સુધી આત્મદર્શન થતું નથી ત્યાં સુધી આ સાધનો માત્ર બોજારૂપ બને છે. વીજળીના ગમે એટલા કિંમતી સાધનો હોય પરંતુ તેના તારને સાધનોથી જોડાય નહીં ત્યાં સુધી પ્રકાશ દેખાતો નથી. આત્મામાં રહેલા પરમાત્માનું દર્શન આમાંના કોઈ પણ એક સાધનને પ્રેમ-શ્રદ્ધા અને વિવેક બુદ્ધિથી જોડવાથી થાય છે. આ તારને જોડનાર મુખ્ય સાધન સત્પુરુષ છે. સંત કે ગુરુ છે. પરંતુ એ સંત કે ગુરુ પોતે જ આત્માને ન જાણતો હોય તે ગુરુ તેના શિષ્યને આત્મદર્શન કેવી રીતે કરાવી શકે ! અને જ્યારે આત્મદર્શન ન થાય ત્યાં પરમાત્માનું દર્શન કેવી રીતે થાય ? પરમાત્માની પરમ અનુભૂતિ કેવી રીતે થઈ શકે ?

સાચા સંત કે ગુરુનું મુખ્ય લક્ષણ એ છે કે તેઓ મુમુક્ષુઓને પોતાનામાં ન જોડતા સર્વવ્યાપક પરમાત્માની સાથે જોડી દે. પોતાનામાં જોડવા એટલે થોડીક સિદ્ધિ કે ચમત્કારો બતાવી પોતાની વાહવાહમાં જોડી દેવા. પરમાત્માની જેમ પોતાની જાતને પૂજાવવી બને અને એ રીતે ભગવાનના નામે વેપાર કરવો.

આત્મદર્શનમાં મનોવિકારના ચક્રો વિમલ કરવાથી જ થઈ શકે. મનનું દમન કરવામાં કે મનની ઇચ્છાઓ પૂર્ણ કરવામાં ઇતિશ્રી ન મનાય. શરીરને તાલીમ આપવામાં આવે કે મનને શિસ્તબદ્ધ કરવા તાલીમ આપવાની જરૂર છે. જે પરમાત્મા સુધી પહોંચ્યા છે તે સદ્દગુરુ આ પ્રકારની તાલીમ આપી શકે. પરમાત્મા તો સરળ છે. પરમ આનંદિત છે. તે એક જ છે. તેના સ્વરૂપો અન્વય અને વ્યતિરંક સ્વરૂપે સર્વત્ર વિવિધ રૂપે છે. આમ પરમાત્માને અટપટા બનાવી – કૃત્રિમ બનાવી તેને પ્રાપ્ત કરવાની પ્રવૃત્તિઓ તો જીવનના આનંદને બોજારૂપ છે.

બાહ્યધર્મ નહીં પરંતુ માનવધર્મ, પ્રેમ, કરુણા, દયા, નિષ્કામ સેવા – આ સદ્દગુણો વાસ્તવમાં પરમાત્માની પ્રાપ્તિનાં સાચાં સાધન છે.

❑

# કબીરની ભક્તિભાવના

ધીરજભાઈ રેવાભાઈ વણકર
અમદાવાદ

કબીરદાસ સાચા સંત અને ભક્ત હતા. ભારતીય ધર્મ સાધનાના ઇતિહાસમાં કબીરદાસ એક મહાન વિચારક અને પ્રતિભાશાળી મહાકવિ છે. તેઓએ શતાબ્દીઓ સુધી ભારતીય લોકોના જીવનપથને પ્રકાશિત કરી સાચા અર્થમાં નાયકત્વ કર્યું. તેમની પાસે વારંવાર જવાની ઇચ્છા થાય છે. છેક મધ્યકાળના સંત કવિ પણ એમની વાણી આજે પણ આપણા અંતરમાં અજવાળું પાથરે. એ કોઈ પંડિત કવિ નહોતા. એમણે પોતે જ સ્વીકાર્યું છે કે 'મસી કાગદ છુઓ નહિ કલમ ગહી નહિ હાથ' — મસી કહેતાં શાહી એટલે કે કાગળ પર કલમ શાહીમાં બોળી કદી વાંચ્યું લખ્યું નથી. પણ એથી એમનામાં જરાય લઘુતાગ્રંથીય નથી. કાશીના મોટા-મોટા દિગ્ગજ પંડિતોને પણ એમણે તો બેફીકર સંભળાવી દીધું હતું કે — 'તૂ કહતા કાગજ કી દેખિ, મૈ કહતા આંખિન કી દેખી.' એટલું જ નહિ, 'મૈ કહતા સુલઝવન હારી, તૂ તો રહ્યો અટુઝાઈરે' — અલ્યા પંડિત, હું જે કહું છું તે નજરે મારી આંખે જોયેલું કહું છું. તું માત્ર શાસ્ત્રવચન ટાંક્યા કરે છે. હું બધી વાત ઉકેલીને કહું છું અને તું તો ઊલટાનો બધાને ગૂંચવાડામાં પાડે છે. કબીરદાસે તો આંખે જોયેલી એટલે કે જાતે અનુભવેલી દુનિયાની અને દુનિયાની પારનીય અગમ-નિગમની વાતો કરી છે. એટલે બીજા કોઈનાય નહિ, પણ કબીરજીના દોહાને 'સાખી' કહેવામાં આવે છે. સાખી શબ્દ બન્યો છે, સાક્ષી નજરે જોનાર ઉપરથી. કબીરજીની 'સાખી જ્ઞાનકી આંખી' કહેવામાં આવે છે.

ભારતીય સંસ્કૃતિ વિશ્વની શ્રેષ્ઠ સંસ્કૃતિઓમાં પોતાનું વિશિષ્ટ સ્થાન ધરાવે છે. આપણી ભારતીય સંસ્કૃતિમાં એવા મહાપુરુષોએ જન્મ લીધો છે કે જેમણે સમાજને સાચા માર્ગે દોર્યો. એકવાર નહિ પરંતુ અનેક વાર આવા અવતારી પુરુષોનું અવતરણ આપણી પાવન ભારતભૂમિ પર થતું રહ્યું છે. કબીરજીના જીવનથી સૌ કોઈ પરિચિત છે. એમનો જન્મ ક્યાં અને કયા સમાજમાં થયો એ કહેવું મુશ્કેલ છે. તેમ છતાં તેમનો જન્મ કાશીમાં થયો હતો તેવું મનાય છે. જન્મ

થતાં જ કાશીના એક વણકર વસ્તીમાં રહેતા નીમા અને નીરુ નામની નિઃસંતાન દંપતીએ એમનું લાલન-પાલન કર્યું. ગરીબ પરિવારમાં ઊછરતા કબીરજી બાળપણથી જ સાધુ-સંતોની સાથે રહેવા લાગ્યા. સંસારથી તેમનું મન વિરક્ત થવા લાગ્યું. આત્માનુભવ પછી કબીરજીએ કાજીઓ, પંડિતોને સમાજ સામે ઉઘાડા કરી દીધા. ધર્મના નામે ભગવાનને વિભાજીત કરનારાઓનો અસલ ચહેરો લોકો સમક્ષ પ્રસ્તુત કરી દીધો. કબીરજી પહેલાં ભક્ત કે પછી કવિ કે રચનાકાર. તેઓ તો સિદ્ધ સાધક અને અખંડ આસ્થાવાદી ભક્ત, કણકણમાં રહસ્યમયી સત્તાનો અનુભવ કરનાર રહસ્યવાદી ભક્ત કવિ હતા. માનવજીવનમાં અવરોધક શક્તિઓ સામે વિદ્રોહ કરનારા એક ક્રાંતિકારી ચેતનાના કવિ હતા.

કબીરનું મન બાળપણથી જ ઈશ્વર તરફ લાગવા માંડ્યું હતું. ધીરે-ધીરે તેનું પ્રમાણ વધતું ગયું અને પછી તેઓ સંપૂર્ણ રૂપે ભક્તિના રંગમાં રંગાઈ ગયા. રામાનંદને પોતાના ગુરુ સ્વીકારી તેઓના ચીંધ્યા માર્ગે ચાલવા માંડ્યા. કબીરજીએ નિર્ગુણોપાસના કરી જેમાં માધુર્યભાવ દૃષ્ટિગોચર થાય છે. પરંતુ તેમાં લીલાપક્ષનો અભાવ છે અને ધ્યાનપક્ષનું પ્રમાણ વધારે છે. કબીરને નિર્ણય, નિરાકારનું રટન કર્યું. કબીરના આરાધ્ય દેવ રામ છે પરંતુ તે દશરથ સૂત નથી. કબીરની રામભક્તિ વૈષ્ણવ ભક્તિ છે. તેઓએ ભક્તિ દ્વારા સમાજ કલ્યાણનું કાર્ય કર્યું. કબીરજીએ સમાજમાન્ય ભક્તિ કરી તથા ધાર્મિક રૂઢિઓથી દૂર રહી પ્રત્યેક માનવ માટે ભક્તિ સુલભ બતાવી. કબીરના રામ અથવા અલ્લાહ કોઈ સ્થાનમાં કે ધર્મના બંધનમાં નથી. તે તો પ્રત્યેકમાં છે અને બધા તેમાં છે. તેઓએ એક જગ્યાએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જો બ્રહ્માંડ મેં હૈ વહી પિંડ મેં ભી હૈ – ઈશ્વરનું નામ રટન કરવું જીવનમાં અત્યંત જરૂરી છે તેવું કબીરસાહેબ માને છે. જેવી રીતે ખાંડ કહેવાથી મુખ મીઠું નથી થતું તેવી રીતે રામ કહેવાથી જિંદગીનો ઉદ્ધાર થતો નથી. રામનામ તો એકાગ્રચિત્ત તલ્લીન થઈ કરવું જોઈએ. આ બાબત પર કબીરજી વિશેષ ભાર મૂકે છે. નામસ્મરણમાં મન ન લાગે તો તેનો કોઈ અર્થ નથી જેમ કે–

*'રામ નામ કહુ ક્યા કરૈ,*
*જે મન ઔરે કામ.'*

રામનામ હસીમઝાકનો ખેલ નથી તે સ્પષ્ટ થાય છે.

કબીરજી એક પૂર્ણ ભક્ત હતા. તેમની ભક્તિનો મૂળ ઈશ્વર પ્રત્યેનો લગાવ છે. તેઓ રામનામને સર્વ ઔષધિઓમાં શ્રેષ્ઠ માને છે. તેઓના મતાનુસાર જે

માણસની જીભ પર રામનામ ન આવ્યું તેનો મનુષ્યાવતાર નિરર્થક છે. રામને પ્રેમ કરવો તે સર્વશ્રેષ્ઠ છે. પોતાની ભક્તિને તેઓ પ્રેમભક્તિ કહે છે :

*'કબીર જિહિ ઘટિ પ્રીત ન પ્રેમ રસ ફૂનિ રસના નાહી રામ*
*તે ન આઈ સંસારમેં, ઉપજી ખયે બે કામ*

*કબીર જૈસે માયા મન રમૈ, યોં જ યમ રમાઈ*
*તો તારા મંડલ છાંડી કરિ, જહાં કૈસો તહાં જાઈ.'*

રામનામથી યોગ અને ભોગ બંને પદાર્થોની પ્રાપ્તિ થાય છે. મન પર પૂર્ણ નિયંત્રણ રાખવાથી, તથા ઇષ્ટદેવ પ્રત્યે અખંડ અને અખૂટ કે અટૂટ વિશ્વાસ રાખવાથી જ ભવલોકનું નિર્માણ થાય છે. કબીરદાસે એક જગ્યાએ પોતાના દોહામાં સાચે જ કહ્યું છે કે–

*'ખરી કસોટી રામકી, ખોટા ટિકે ન હોય,*
*રામ કસોટી સો ટિકે, જો જીવત મિરતક હોઈ.'*

ચીલાચાલુ ભક્તિના તેઓ વિરોધી હતા. ધર્મના નામે ચાલતા પાખંડોના તેઓ પ્રખર વ્યંગકાર પણ હતા. ધર્મ ઉપર ચઢી ગયેલ ધૂળ કે અંધશ્રદ્ધારૂપી મેલને તેઓ દૂર કરવા માંગતા હતા. ધર્મના નામે લોકો તિલક, માળા કે જાપ બાહ્યાડંબર રૂપે કરે છે તે બિલકુલ દંભ છે. ભક્તિ તો સાચા દિલથી કરવી જોઈએ જેમાં અહંકારને સ્થાન નથી. ભક્તિ માટે નિષ્કામ ભાવનાને તેઓ અત્યંત જરૂરી માનતા હતા. જો માનવમાં કામના કે વાસના ઉદ્‌ભવી તો સમજવું કે ભક્તિમાર્ગ ખંડિત થયો જેમ કે–

*'ભક્તિકા મારગ જીનારે*
*નહિ અચાઉ નહિ ચાહના, ચરનનિ લીના રે*
*સાધન કે રસ ધાર મેં નિસિ દિસિ ભીના રે'*

ભક્ત પોતાની પરાકાષ્ઠા સુધી પહોંચે તો જરૂર પ્રેમભક્તિથી આત્મા પરમાત્માની સત્તા સુધી પહોંચે છે. તેઓએ પૂર્વગ્રહો, રૂઢિઓ, મિથ્યાચારો અને પાખંડોનો ખુલ્લેઆમ નિર્ભયતાપૂર્વક તટસ્થભાવે વિરોધ કર્યો. મૂર્તિપૂજા, વ્રત, તીર્થયાત્રા, ગંગાસ્નાન વગેરેનો પણ કઠોર શબ્દોમાં વિરોધ કર્યો.

16

કબીરસાહેબ જન્મથી જ વિદ્રોહી, સમાજ સુધારક તથા ધાર્મિક કારણોસર ધર્મસુધારક અને પ્રગતિશીલ દાર્શનિક વિચારક હતા. આથી તેમની વાણી દિવ્ય અને ભવ્ય હતી. તેમણે પોતાની વાણીમાં વાક્‌બાણ ચલાવી ધર્મ ઉપર ચઢેલ ધૂળને ખંખેરવા ખૂબ જ પ્રયત્ન કર્યો. હિન્દુ-મુસ્લિમ ધર્મના પાખંડોનો સ્પષ્ટ શબ્દોમાં આક્રોશપૂર્ણ રીતે વિરોધ કર્યો. હિન્દુ ધર્મમાં પ્રચલિત અંધવિશ્વાસ પર પ્રકાશ પાડતાં તેઓ એક જગ્યાએ કહે છે–

'પથ્થરની મૂર્તિ પૂજવાથી ઈશ્વર મળતો હોય તો હું તો આખો પહાડ પૂજવા માટે તૈયાર છું.' 'પથ્થર પૂજે હરિ મિલે, મૈં પૂજુ પહાડ.' કબીરજીના મતે ઈશ્વર તો યત્ર-તત્ર અને સર્વત્ર વ્યાપક છે. માનવમાત્રના ઘટ-ઘટમાં છે. પરંતુ અજ્ઞાનવશ આપણે મંદિર-મસ્જિદ કે ગિરજાઘરમાં આંધળી દોટ મૂક્યા કરીએ છીએ. ઈશ્વરને જોવા માટે આપણી પાસે દીર્ઘદૃષ્ટિ નથી. આત્મિક જ્ઞાનરૂપી જ્યોતની શુદ્ધિથી જરૂર મંજિલ સુધી પહોંચી શકાય છે. માળા હાથમાં ફરતી હોય અને મન દશ દિશામાં ભટકતું હોય તો ઈશ્વર સુધી ક્યાંથી પહોંચાય ? જેમ કે–

*'પોથિ પઢ પઢ જગ મુઆ, પંડિત ભયા ન કોઈ,*
*ઢાઈ અક્ષર પ્રેમકા, પઢે સો પંડિત હોઈ,*
*લાલી તેરે લાલકી, જિત દેખૂ તિત લાલ*
*લાલી દેખન મેં ગઈ, મૈં ભી હો ગયા લાલ*
*કબીરા માલા કાઠકા, બહુ જતનકા ફેર*
*માલા સાંસ ઉસાંસ કી, જામે ગાંઠ ન મેર.'*

આનાથી વિશેષ તેઓ એક દોહામાં વર્ણન કરે છે કે–

*'હિન્દુ કી હિન્દુઆઈ દેખિ, તુરકન કી તુરકાઈ.'*

પણ અરે, આ બિચારા બન્નેને ખરો રસ્તો તો મળ્યો જ નથી. 'અરે ઈન દોનોંને રાહ ન પાઈ.'

કહેવાની જરૂર નથી કે કબીરજી ઈશ્વરના સાચા પ્રેમી હતા. તેઓ તો પ્રત્યેક સ્થાન અને વસ્તુમાં ભગવાનની સત્તાનો અનુભવ કરે છે. પરમાત્માની સત્તા જ સત્ય છે. આ તથ્યને કબીરજી વળગી રહ્યા હતા. શંકરાચાર્ય પણ કહી ગયા છે કે – 'બ્રહ્મ સત્ય જગત્ મિથ્યા' ભક્ત સમાજને સમજાવતાં કબીર કહે છે કે ઈશ્વર અનુભવસિદ્ધ જગતમાં જરૂર દેખાય છે. આ ઈશ્વર અનુપમ છે જેવા થકી જીવનો ઉદ્ધાર થાય છે. ભાવભક્તિ ઈશ્વરને પ્રિય છે. જે ભક્ત ઈશ્વરના

રંગમાં રંગાઈને પરમાત્માને ભજશે તે જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થઈ ગયો સમજવો. એમની કૃપાથી શું થઈ નથી શકતું તે પ્રશ્ન છે ? તેમની કૃપાને આપણી મૂકવા માટે કબીરજી 'અધમભીલ' અને 'અજાતિ ગણિકા'નું સ્મરણ કરાવે છે. માનવજીવને પણ તેઓ ઈશ્વર પ્રદત્ત અવસર ગણે છે. તેઓ માનવજીવનનું મૂલ્ય સમજાવતાં લખે છે :

*'કબીર હરિ કી ભક્તિ કરિ, તજિ વિષયા રસ મોજ*
*બાર-બાર નહીં પાઈએ, મનિષા જન્મ કી મૌજ'*

આવા મહામૂલા માનવજીવનનો સદુપયોગ કબીર સદાચારમાં માને છે. અને સાધુસેવા તથા ભગવદ્‌ગુણગાનથી વિશેષ સદાચરણ શું હોઈ શકે. એટલા માટે જ તેઓ સાધુ સેવાને પણ ભક્તિનું એક અંગ ગણે છે. આ દુનિયામાં ભગવાન સિવાય બીજું કોઈ સગું નથી. આ સંસાર તો સ્વાર્થનો છે. કોઈ કોઈને મદદ કરતું નથી. પુત્ર તક સ્વાર્થમાં બંધાયેલ છે. સામાન્ય રીતે માનવસમાજ દુઃખમાં જ ભગવાનનું સ્મરણ કરે છે અને સુખદ ક્ષણોમાં નહિ. આથી જ તેમને દુઃખનો સામનો કરવો પડે છે. જો માનવસમાજ બંને સ્થિતિમાં વિશ્વાસપૂર્વક મન લગાવી રટન કરે તો દુઃખનો કદાપિ પણ અહેસાસ નહીં થાય જેમ કે–

*'દુઃખમેં સુમરિન સબ કરૈં, સુખ મેં કરૈં ન કોઈ*
*જો સુખમેં સુમરિન કરૈં, તો દુખ કાહે કો હોઈ'*

આટલું જ નહિ તેઓ તો ભગવદ્‌ભક્તને અમર-નિવાસની 'ગારંટી' કહે છે.

કબીરની ભક્તિભાવના પવિત્ર છે. તેમની 'પ્રેમભક્તિ' અથવા 'ભાવભક્તિ' 'નારદીભક્તિ' છે. ઈશ્વરના પ્રતિ આત્યંતિક સમર્પણથી બધું જ મેળવી શકાય છે. કબીર પોતાને 'રામ કા કુત્તા' કહીને દાસ્યભાવની પરાકાષ્ઠાનો પરિચય આપે છે. હરિને જનની અને પોતાને નવજાત શિશુ માને છે. આપણે એમના જ શબ્દોમાં જોઈએ–

*'કબીર કૂતા રામકા મુતિયા મેરા નાઉ*
*ગલૈ રામ કી જેવડી જિત ખૈંચે તિઉ જાઉ'*
*'હરિ જનની મૈં બાલક તેરા*
*કાહોન અવગુણ બક સહુ મેરા'*

આનાથી વિશેષ તેઓ પોતાના એક દોહામાં વર્ણવે છે–

*'હરિ મોરા પિઉં મૈં હરિ કી બહુરિયા*
*રામ બડે મૈં તનક લહુરિયા'*
*મેરા મુજ મૈં કિછુ નહીં, જો કિછુ હૈ સો તેરા*
*તેરા તુઝકો સૌંપના, ક્યા લાગૈ મેરા*
*તૂં તૂં કરતા, તૂં ભયા, મુઝ મૈં રહી ન હૂઁ*
*વારી તેરે નાંઉ પરિ, જિત દેખો તિત તૂં ॥*
*'કબીર ભગતિ દુહેલી રામકી નહિં કાય કા કામ*
*સીસ ઉતારૈ હાથ કરિ સૌ લેસી હરિ નામ.*

સારાંશરૂપે કહેવું હોઈ તો કહી શકાય કે કબીરદાસે પોતાની ભક્તિ થકી સમાજકલ્યાણ કાર્ય કર્યું. માનવને સાચી દિશા બતાવી, તેઓની ભક્તિમાં અનન્યતા, સત્યતા તથા નિષ્કામના, નારદીભક્તિ અને ભાવભક્તિ જેવા ઉમદાગુણો આપણને જોવા મળે છે. એટલે જ કબીર એ મધ્યકાળના 'ધર્મધુરંધરો' વચ્ચે અનોખા હતા. એમની ભક્તિભાવના કે એમની સહજસાધના કે એમના જીવન વ્યવહાર વિષે કાશી જેવી નગરીમાં જોઈએ એટલા નિંદાખોરો, ટીકાકારો મળી જવાના. પણ કબીર જેવા કઠોર આત્મનિરીક્ષક અને આત્મસમીક્ષક તો એ નિંદાખોરીથી નારાજ થવાને બદલે એમનું ઘરઆંગણું સ્વાગત માટે ખુલ્લું મૂકે છે, એટલું જ નહિ એ હંમેશા પાસે રહે માટે પોતાના ઘરઆંગણામાં એને માટે બીજું નાનકડું ઘર બનાવી આપવાનું કહે છે–

*'નિંદક નિયરૈ રાખિએ આંગન કુટિ છવાય.*
*બિન પાની સાબુન વિના, નિર્મલ કરૈ સુભાય'*

ખરેખર કબીરસાહેબ એક દિવ્ય ભક્ત પુરુષ હતા. તેઓની ભક્તિભાવના સિદ્ધપુરુષની છે. તેમની વાણી લોક કલ્યાણકારી હતી. આવા યુગપ્રવર્તક કબીરદાસે પોતાનું માનવજીવન સાર્થક કરી બતાવ્યું.

(કબીરવાણી : નવેમ્બર '૯૭)

❑

# કબીરની વાણી અવળવાણી

પુષ્કરભાઈ ગોકાણી
દ્વારકા

### આકાશવાણી ઉપર વાર્તાલાપ

*મુખસે કહું કહ્યો નવ જાવ, નાવમેં નદીયાં ડૂબી જાય*
*એક અચંબો અમને હુઓ, મડદાં લૂંટી લૂંટી ખાય*
*બોલાવે તો બોલે નહિ, અને મારું તો ભાગી જાય*
*બીજો અચંબો અમને હુઓ કુવે લાગી આગ*
*કંકર પથ્થર જલ ગયા અને મછઆ ખેલે ફાગ.*
*નદી ઉપર તરતી નાવમાં કદી કદી તો ડૂબી જતી હશે !*

કબીરજી આ કેવું કેવું ગાઈ રહ્યા છે ? આ અવળી વાણીમાં આ શું ભર્યું છે ?

આ શરીર નાવ છે અને આપણી મતિ, બુદ્ધિની આ નદી છે. પણ આપણે બુદ્ધિને સ્થિર ક્યાં કરી છે ? એટલે તો તેના દોરવાયા આપણા જીવનને આપણે નષ્ટ કરી રહ્યા છીએ ! ભગવાન કૃષ્ણે ગીતામાં સ્થિતપ્રજ્ઞ થવાની વાતને, કબીરજીએ સાવ સાદી પણ અવળી વાણીમાં કહી, સાધકમાં ખોજ ઊભી કરે છે, પ્યાસ ઊભી કરે છે; સાધકને તેઓ ચાનક ચડાવે છે.

આપણી મતિ ડહોળાયેલી બુદ્ધિને, કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા અને દ્વેષ જેવા મડદાં લૂંટી લૂંટીને ખાઈ રહ્યા છે. એને આપણે બોલાવીએ કે એને કાબૂમાં લેવા દમન કરીએ તો એ લૂંટારા હાથમાં આવતા નથી.

કબીરજી પાસે તે સમયમાં યોગચર્ચા અને ધર્મવાર્તાઓ આજની જેમ જ મામૂલી ધર્મ ચર્ચાઓ બની ગઈ હતી. કેટલાક હઠયોગીઓ અને તાંત્રિકોની બોલબાલા હતી; તેઓના ભય અને શોષણમાં લોકો લૂંટાઈ રહ્યા હતા. જીવનને સમજવાને અને સુખદુ:ખની પાર જવાને બદલે લોકો ભયમાં ભગવાન જોતાં થઈ ગયા હતા. એવા કહેવાતા ધર્મના વડાઓ ઉપર પ્રહાર કરવા કબીરે અવળી વાણી યોજી હતી. વળી સાંપ્રદાયિકોમાં લૂણો લાગી ગયો હતો, ધર્મનો તેમાંથી લોપ થયો

હતો. એવા મડદાંઓ સમાજને લૂંટી ખાતા હતા. એવી બીજી વાત પણ કબીરજીની અવળ વાણીમાંથી આપણને ઉજાગર કરે છે.

માણસ આધી વ્યાધિ ઉપાધિની આગમાં, અંતરમાં બળી રહ્યો હતો. માણસનાં અંતર સિવાય એવો બીજો ક્યાં કૂવો છે, જેમાં આગ લાગી હોય ! જેમાં નીડરતા, સ્થિરતા, સંયમ જેવા અડગ પથ્થરો અને નિર્મળ કંકરો બળી જતાં હતાં, અને ક્ષણિક વાસનાની માછલીઓ ફાગ ખેલી રહી હતી. કબીરજી આગળ કહે છે :

*ત્રીજો અચંબો અમને હુઓ, મછીયાં ચાવે પાન*
*કાગ બજાવે બંસરી, દેખત ડેડક મારે ઠાર.*

આ ઇચ્છાઓ-વાસનાઓની વૃત્તિરૂપી માછલીઓ, સ્થૂળ સુખરૂપી પાન ચાવે છે અને મોઢું રાતું રાખે છે. સુખ તો અપરાધ ભાવ જગાવે છે અને શરીર ઘસારામાં ધીમે ધીમે નષ્ટ થતું જાય છે. કબીરજીને એ અચંબો થાય છે કે અંતરમાં કદી ન સંતોષાય તેવી વાસનાની બંસરી વાગે છે, જેને કારણે હતાશા, નિરાશા અને નાના મોટા રોગ રૂપી દેડકાંઓ આપણને મારી રહ્યા છે. છતાં માનવ એ બંસરીના તાલે કેવો નાચી રહ્યો છે એનો કબીરજીને અચંબો છે.

*સબ જનાવર પાણી પીએ, કીડીયાં તરસી જાય,*
*ઘડો ન ડૂબે એવડો ત્યાં હાથી મલમલ નાય.*
*કીડી ચાલી સાસરે નવમણ કાજળ સાર*
*હાથી લિયા બગલમેં, ઊંટ રહ્યા લટકાય.*

ઘડોએ ન ડૂબે એવો આ મળભર્યો, ડહોળાયેલો કૂવો છે, તેમાં આપણી સદા સાત્ત્વિક આત્મારૂપી કીડી તરસી રહી જાય છે; એ મેલું વાસના ભર્યું પાણી પશુવૃત્તિવાળા સૌ પીવે છે, તેમાં વાસનાની મદિરામાં મસ્ત હાથી જેવો જીવ નાહીને પોતની જાતને મેલી કરી રહ્યો છે.

પણ આ જ કીડી જે રેતીમાં ભેળવાયેલી ખાંડને ખોલીને જુદી પાડીને ખાઈ શકે છે; તે શુદ્ધ વૃત્તિઓ રૂપી કીડી (શુદ્ધપ્રજ્ઞા-શુદ્ધમતિ) જો પરમાત્માને વરવા, તેની સાથે એક થવા સાસરે જાય, તો આ વાસનાના હાથીઓ તેમ જ આ શરીરમાં જાગતો મળ દોષના કાજળનો ભાર અને લાંબા સમય સુધી પાણી વિના જીવી લેતાં નિંદાના ઊંટડાઓને કે ખોટા વિચારોને લટકાવીને, તેની પરવા કર્યાં વિના તે પ્રભુને પામે છે. સાસરામાં રહેતી નવોઢા જેવા તે વાસનાને, પોતાના અનાસક્ત

કામના બોજામાં, પિયાને વ્હાલાને વ્હાલા ગણી તેનો ભાર વધારીને તે પિયા એવા પરમાત્માને પામે છે.

*કહેત કબીરા સુન મેરે સાધુ; એ પદ હો નિરવાણ,*
*એ પદની કોઈ કરે સાધના તો ઊતર જાય ભવપાર.*

કબીર આ અવળ વાણીમાં સાધકોને કહે છે જો આમ તમે સર્વમાં પરમાત્મા જોઈ શકો અને સૌ તમારા સાસરવાળી છે, એમ માની સંસારાસક્ત બન્યા વિના તેની સેવા કરી પિયુ તરફ નજર રાખશો તો જરૂર તમે ભવસાગરમાં નહીં સોતું નાવ પાર કરી શકશો; પિયુ પરમાત્મા જ બની શકશો. મેઘાણીજીએ પોતાની નોંધપોથીમાં આ ભજન ખૂબ પ્યારું ગણી નોંધ્યું છે. આવી અવળ વાણી યોગ ગ્રંથો, તંત્રો અને સહજ યાનીની પોથીઓમાં મળી આવે છે. સહજયાનીઓએ આવી અવળ વાણીને 'સંધ્યા ભાષા' નામે વખાણી છે. સંધ્યા એટલે સમીસાંજ, જ્યારે અંધકાર અને પ્રકાશનું મિલન થાય છે. આ અવળ વાણી સંધ્યાની જેમ કાંઈક અસ્પષ્ટ અને કંઈક સ્પષ્ટ હોય છે. સંધ્યા સમયે ગરમીએ નહિ અને ઠંડીએ નહિ ! વાતાવરણમાં ત્યારે પ્રાણ ધબકતો હોય છે સવિશેષ. જીવ અને પરમાત્માની સંધિની ભાષા તરીકે તેને સંધ્યાનું નામ અપાયાનું વિદ્વાનો કહે છે. હઠયોગ પ્રદીપિકા, શિવસંહિતા, ઘરસંહિતા, બૌદ્ધ વજ્રયાન અને સહયાનમાં આ અવળ વાણી મળી આવે છે. શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં 'ઊર્ધ્વમૂલ નીચે શાખા વાળા અશ્વત્થ વૃક્ષની' અવળવાણીમાં મનુષ્યની જ વાત કહી છે ! જેનું મંતવ્ય અને મૂળ મસ્તિકમાં સહસ્ત્રજાદલમાં અને સ્થિતપ્રજ્ઞતામાં ઊર્ધ્વ દર્શાવેલું છે, જ્યાંથી નીચે શાખા જેવા સમગ્ર શરીર મનનું સંચાલન થાય છે અને ત્યાં જ સર્વને પહોંચવાનું છે. એ યાત્રા મુકામ છે ! હઠયોગમાં ગોમાંસભક્ષણની વાત છે. ગૌ એટલે ઇન્દ્રિયો તેથી તો કૃષ્ણ ઇન્દ્રિયજીત ગોવિંદ કહેવાયા. ગૌ એટલે 'જીતી' એવો અર્થ પણ થાય છે. તેને ઊલટાવીને યોગીઓ તીક્ષ્ણ તાળવા નીચેથી સોમરસ નામે અમૃતરસ પીવે છે તે જ ગૌમાંસભક્ષણ નામે કહેવાયું છે. તેને તો તમે મદિરા નામ આપ્યું છે. કબીરજીએ સાધકોને પોતાના 'સ્વ'ને ઓળખવા આ અવળવાણીમાં જેને શબ્દોમાં મૂકી ન શકાય એવી સ્થિતિને સૂચવી છે. એના અર્થ આપણે ભલે કાઢીએ છીએ. પણ હકીકતે એ તો સ્થિતિનું વર્ણન છે, જ્યાં પોતાના અહંને ઓગાળી, ખોજી-સાધક જરૂર પહોંચે છે – પામે છે – જીવી જાય છે, એ નિત્ય વર્તમાન ક્ષણને ! જ્યાં કાળ પણ વિરમી જાય છે. કબીરજી કહે છે :

*પાણીમેં મીન પિયાસી, મોહે દેખત આવે હાંસી*

અહીં સર્વના રોમરોમમાં વિશ્વના અણુએ અણુમાં એ પરમાત્મા સમાયો છે. એના વિના કશું જ નથી, તેનું આપણને શાસ્ત્ર જ્ઞાન છે, પણ કબીર તો એ જીવે છે. એ સર્વ વ્યાપ્તિને પોતાનામાં જીવે છે, એટલે પોતાને અળગા રાખી ખોજનારાઓ વિષે તેને હસવું આવે છે. તેથી તે કહે છે, 'પાણીમાંથી જે બન્યું છે, એ માછલું-મીન પાણીમાં જ રહે છે અને છતાં તરસ્યું રહે છે, પોતાની પહેચાન વિના ! આ અવળવાણી કબીર માટે કોઈ રૂપક નથી કોઈ ઠાલું દર્શન ! કબીર તો પોતાની અને આપણી સ્થિતિનું વર્ણન કરે છે : એ અવર્ણનીય 'સ્વ'નું ! એટલે તો કહે છે :

*હેરત હેરત હે સધી રહ્યા કબીર હી હાય*
*બુંદ સમાન સમંદમેં ના, સમુંદ સમાના બુંદમે સોકત હેર્યા જાઈ.*

આ સર્વ જગતમાં દરેક જંતુ, કીટ, પક્ષી, પશુ, માનવી આદિ ચેતન અને જડ સર્વ બુંદોનો સાગર એ પરમાત્મા જ છે. જ્યારે આ માનવરૂપી બુંદ પરમ તત્ત્વને પામે છે ત્યારે એ બુંદ પોતનામાં જ સાગરને સમાયો અનુભવી શકે છે, એટલે કબીરજી 'સમુંદ સમાના બુંદમેં' એમ કહે છે.

આ પ્રત્યક્ષ સાક્ષાત્કારી અદ્વૈતને કબીરજી બીજી અવળવાણીથી બીજી રીતે વર્ણવ્યું છે.

*અંબર બરસે ધરતી ભીંજૈ, યહ જાને સબ કોઈ*
*ધરતી બરસે અંબર ભીજે, બુઝે બિરલા કોઈ.*

આકાશ વરસે અને ધરતી ભીંજાય, એ સૌ જુએ છે અને અનુભવે છે પણ ધરતી બરસે અને આકાશ ભીંજાય એ તો કોઈ વિરલા જીવી જાય છે.

વિજ્ઞાને સાબિત કર્યું છે કે વૃક્ષો દ્વારા ધરતીમાં વરસેલું જળ થડ અને પાંદડામાં થઈ, પ્રાણવાયુ અને બાષ્પ જળ રૂપે વાતાવરણમાં રેલાવે છે અને આપણો અપાન વાયુ શોષી લે છે. પણ કબીરજી તો એમ કહે છે કે માટી જળ આદિનો બનેલો માનવી આકાશ વરસેલા મેઘથી ભીંજાય. ધરતીમાંથી સર્જાતું અનાજ આદિ મેળવીને જીવે છે. એ માનવ જ્યારે બોધ પામે છે, ત્યારે માનવમાં રહેલ ધરતી પોતાની ઊર્જા અનંતમાં રેલાવે છે. તેના બુદ્ધત્વથી સાચે જ આકાશ

સંપૂર્ણ બ્રહ્માંડ ભીંજાય છે. કબીરની એ અનુભવ વાણી છે. કાળું દર્શન શાસ્ત્રી કે જ્ઞાન નથી.

*ગાવનહારા કદી ન ગાવૈ, અન બોલ્યા નિત ગાવૈ*
*નટવર પેખી પેખના પેખૈ, અનહદ વેન બજાવૈ.*

આવો બોધ જીવી જનારને કશું કહેવાનું હોતું નથી, ગાવાનું હોતું નથી, ઊલટ તેની વાણી જ મીત બની જાય છે, તેનું જીવન વણબોલ્યે ગીત બની જાય છે.

એ તત્ત્વને જેણે પોતાનામાં નટવર રૂપે જોઈ લીધું છે તે નાચી ઊઠે છે, ગાઈ ઊઠે છે, તેનામાં અનહદની બાંસુરી ગુંજી ઊઠે છે. તેનું જીવન સંગીત બની જાય છે. પછી તો તે જોનારાને પણ જોઈ લે છે.

*કહની રહની નિત તત જાનૈ, યહ સબ અકથ કહાની;*
*ધરતી ઊલટી આકાશ હી ગ્રાસૈ યહ પરિસા કી વાણી.*
*બાજ પિયાલૈ અમૃત સૌખ્યા નદી નીર ભરી રાખ્યા;*
*કહે કબીર તે બિરલા જોગી ધરણી મહા રસ ચાખ્યા.*

કબીર કહે છે તેની વાતો કહેની અને રહેની જીવનમાં એક બની જાય છે. દંભ હવે રહેતો નથી. અકથ એવી આ કહાની છે, પરમ પુરુષોની (પૂરી જ્ઞાની) આ વાણી છે. પછી પીવાની જરૂરત પડતી નથી. એ અમૃત બની જાય છે એટલે હવે નદીને સાગરમાં મળવાની જરૂર નથી. જે કોઈ વિરલાએ આ મહારસ ચાખ્યો તે નાવ નદી બધું સાગર બની જાય છે.

(કબીરવાણી : નવેમ્બર '૯૭)

❑

# કહે કબીર દિવાના

ઓશો રજનીશ
અનુવાદ : ડૉ. ધર્મેન્દ્ર

*જબ મૈં ભૂલા રે ભાઈ, મેરે સંત ગુરૂ જુગત લખાઈ,*
*કિરિયા કરમ આચાર મૈં છાડા, છાડા તીરથ કા નહાના,*
*સગરી દુનિયા ભઈ સયાની, મૈં હી ઇક બીરાના.*
*ના મૈં જાનુ સેવા બંદગી ના મૈં ઘંટ બજાઈ,*
*ના મૈં મૂહત ધરિ સિંહાસન, ના મૈં પુરૂષ ચઢાઈ,*
*ના હરિ રીઝૈ જબ તપ કીન્હૈ, ના કાયા કે મરે,*
*ના હરિ રીઝૈ ધોતિ છાંડે, ના પાંચો કે મારે*
*દાયા રખિ ધરમકો પાલે જગસૂં રહૈ ઉદાસી.*
*અપના સા જિવ સબકો, જાને તાહિ મિલે અવિનાસી,*
*સહે કુસબદ બાદ કો, ત્યાગે છોડે ગરવ ગુમાના,*
*સત્ય નામ તાહિ કો મિલિ હૈ, કહે કબીર દિવાના.*

સંત કબીર અજોડ છે. એ પ્રત્યેકને માટે આશાનું દ્વાર ઉઘાડે છે. કેમ કે કબીર કરતાં વધુ સાધારણ આમ-માનવ શોધવો કઠિન છે એટલે જો કબીર પહોંચી શકે તો કોઈ પણ માણસ ત્યાં પહોંચી શકે છે. કબીર તો સાવ ગમાર સમા છે. એ દૃષ્ટિએ કોઈ પણ ગમાર ઉચ્ચ પરમ આશા રાખી શકે છે. એ સદંતર અભણ છે. એ રીતે ભણતર સાથે સત્ય પ્રાપ્તિને કોઈ સંબંધ નથી. જ્ઞાતિ કે જાતિની દૃષ્ટિએ પણ કબીર અંગે કોઈ નિશ્ચિતતા નથી, આમ હોવાથી નિશ્ચિત-જ્ઞાતિ-જાતિ સાથે પરમાત્માને કોઈ લેવાદેવા નથી.

કબીર જીવનભર ગૃહસ્થ રહ્યા. વણકરરૂપે તે કાપડ વણતા ને વેચતા રહ્યા. એમણે ઘર છોડી હિમાલય તરફ પ્રસ્થાન નહોતું કર્યું; એટલે ઘરમાં રહેવાથી પણ પરમાત્મા મળી શકે છે. એ માટે કંઈ હિમાલય જવું જરૂરી નથી; કબીરે કશાનો ત્યાગ ન કર્યો ને છતાંય બધુંય પ્રાપ્ત કર્યું એટલે ત્યાગ ને પ્રાપ્તિ ને કોઈ શરતી

અવિનાભાવ સંબંધ નથી. તેમના જીવનમાં કોઈ પણ વિશિષ્ટતા નહોતી ને વિશિષ્ટતા તો અહંકારનું કારણ બને છે. તે કંઈ આત્માની સુંદરતા નથી બનતી.

કબીર જીવન માટે મહત્ત્વના સૂત્રરૂપ થઈ શકે છે. એનું સ્મરણ પાવન છે. આમ જોઈએ તો તે અનન્ય છે, કારણ કે મહાવીર સમ્રાટના કુંવર હતા. શ્રીકૃષ્ણ, શ્રીરામ ને બુદ્ધ પણ રાજાને ઘેર જન્મ્યા ને રાજમહેલમાંથી આવ્યા છે. જ્યારે કબીર તો રસ્તાની ધૂળના ફૂલ છે. એમણે રાજમહેલ સાથે કોઈ સંબંધ નથી. એમણે જ કહ્યું છે કે કદી એમણે હાથથી કાગળ કે શાહીનો સ્પર્શ કર્યો નથી. 'મસી કાગદ છુઓ ન હાથ'

કબીર પોતાને દિવાનો શા માટે કહે છે ને ઉદ્ગાર કાઢે છે – 'કહે કબીર દિવાના' તે પોતાને ખુદને પાગલ કેમ કહે છે ? કેવી બેકદર નાસમજ દુનિયા છે કે શાણા લોકો પાગલ મનાય છે ને મૂઢ જ્ઞાનીમાં પંકાય છે. જેને કશો ખ્યાલ નથી. જેમણે શબ્દોને કચરો સમજી એકત્ર કર્યાં છે યા મગજનાં શાસ્ત્રો ઠાંસી ઠાંસીને ભર્યા છે તે જ્ઞાની ને પંડિત ગણાય છે.

કબીર જીવનભર કાશીમાં પંડિતોની વચ્ચે રહ્યા. ને સ્વાભાવિક રીતે પંડિતોએ એમને પાગલ કહ્યા. કેમ કે ત્યાં તો સૌથી વધુ અંધોની ઠઠ છે. બધી રીતે મૂઢ પ્રતિષ્ઠા પામે છે – જેમની પાસે શબ્દોની જંજાળ છે, વેદ, ઉપનિષદ, ગીતા ને પુરાણ છે ને વળી કંઠસ્થ છે. જેમણે શબ્દો સિવાય કશું પીછન્યું ને પ્રીછ્યું નથી. દીવાલ પરના પડછાયાને જેમણે ઘણી મહેનતે, પરિશ્રમે ને નિપુણતાએ એકત્ર કર્યા છે ને જે તર્ક-દલીલબાજીમાં, શબ્દાડંબરમાં પ્રવીણ છે – પણ શબ્દો તો સત્યના પડછાયારૂપ ને તર્ક તો માત્ર સાંત્વનરૂપ છે. એટલે જ કબીર પોતાને માટે 'કહે કબીર દિવાના' કહે છે.

એના એક એક શબ્દો ધ્યાનથી સમજવાની કોશિશ કરો. કેમ કે કબીર જેવા દિવાના મુશ્કેલીથી મળી આવે છે ને તેય આંગળીના વેઢે ગણાય તેટલા જ.

*જબ મૈં ભૂલા રેં ભાઈ, મેરે સંત ગુરુ જુગત લખાઈ,*
*કિરિયા કરમ આચાર મૈં છાડા, છાડા તીરથ કા નહાના,*
*સગરી દુનિયા ભઈ સયાની, મૈં હી ઇક બીરાના.*

કબીર કહે છે – જ્યારે હું ભૂલી ગયો – વિસ્મરણ અજ્ઞાન છે. એટલા માટે જ્ઞાનથી અજ્ઞાનને નિવારી નહિ શકો, પણ સ્મરણથી નિવારી શકો.

*સહે કુસબદ વાદ કો ત્યાગેં, છાડે ગરબ ગુમાના.*

ત્યારે સર્વ ગર્વ ને ગુમાન, સર્વ અહંકાર ને અસ્મિતા છૂટી જાય છે ત્યારે સર્વ કુશબ્દ, કોઈ ગાળ દે, અપમાન કરે તો કોઈ સાલતું નથી. જે સંસાર પ્રત્યે ઉદાસ થઈ ગયો તેને કોઈ ગાળ દે કે પ્રશંસા કરે તો સમાન જ થઈ પડે છે : 'સહૈ કુસબદ, વાદ કો ત્યાગે...' અને જ્યારે એને કંઈ યાદ નથી રહેતું.

ઈશ્વરવાદીનો કોઈ વાયદો નથી હોતો. ઈશ્વરને જાણનારાનો કોઈ સિદ્ધાંત હોતો નથી. સિદ્ધ હોય તો તેનો કોઈ સિદ્ધાંત ન હોય. એ ખુદ જ ઈશ્વર છે. એ સત્ય સંબંધમાં કંઈ સમજાવતો નથી. એ તો સત્ય જ સમજાવે છે. એ સત્ય વિશે કંઈ બોલતો નથી. સત્ય જ એની ધારા બોલે છે.

*સહે કુસબદ વાદ કો ત્યાગે, છાડે ગરબ ગુમાના,*
*સત્યનામ માહિકો મિલિ હૈ, કહે કબીર દિવાના.*

પાગલ કબીર કહે છે કે જેણે એવું કર્યું હોય, નિર્જીવ ક્રિયા કાંડ છોડ્યા હોય, જીવંત અવધર્મથી જાગ્યો હોય, વાસનાની ઊર્જાને કરુણામાં રૂપાંતર કરી હોય, કોઈ વાદ, કોઈ શાસ્ત્ર જેનામાં ન રહ્યો હોય, જે શાસ્ત્ર-શૂન્ય તે વાદ-શૂન્ય થઈ ગયો હોય અને જેણે સહુ કોઈની ભીતર એક જ અખંડ જ્યોતિનું પ્રજ્વલન જોયું હોય, એ જ એ અવિનાશીને પ્રાપ્ત કરી શકે છે, એ જ પ્રાપ્ત કરે છે — એમ 'કહે કબીર દિવાના.'

❑

# કબીરજીની સાખીઓમાં પ્રેમતત્ત્વ

ડૉ. દક્ષા વ્યાસ
વ્યારા

સંસાર-વ્યવહારમાં ગવાઈ-ચવાઈને સાવ ફીકા પડી ગયેલા પ્રેમ શબ્દનો આપણા સંતકવિઓને મોટો મહિમા છે. 'પ્રેમ' શબ્દનો પ્રયોગ તેઓ સ્ત્રી પુરુષ સંબંધે સ્થૂળ અર્થમાં નહીં, ભક્ત-ભગવાનના ભાવ સંબંધે સૂક્ષ્મ અર્થમાં કરે છે. આ પ્રેમ એટલે ભક્તિ પ્રેમલક્ષણા ભક્તિ, અને પ્રેમરસ તે હરિરસ-બ્રહ્મરસ. પરમ બ્રહ્મને પામ્યાનો અનુપમ આનંદ. અખો કહે છે તે 'અભિનવો આનંદ; 'અગોચર ગોચર હોવું' એવા સાક્ષાત્કારનો રસ.

સંસારની અસારતાને સમજી જલકમલવત્ જીવન જીવનાર, 'રહના નહીં યે દેશ બિરાના રે'ના ઉદ્‌ગાર કાઢનાર વૈરાગી, નિર્ગુણ બ્રહ્મના ઉપાસક સંતકવિ કબીરનું પ્રેમનું તત્ત્વજ્ઞાન જાણવા-માણવા અને સમજવા જેવું છે.

લૌકિકતામાં રામની પ્રજાને કબીરજી પોતાની રીતે 'પ્રેમ' શબ્દની આવી સમજ આપે છે :

*પ્રેમ ન બાડી ઊપજે પ્રેમ ન હાટ બિકાય,*
*રાજા પરજા જેહિ રુચૈ સીસ દેહ લઈ જાય.*

સૂત્રાત્મક બાનીમાં, અત્યંત લાઘવપૂર્વક અહીં પ્રેમતત્ત્વનું સ્વરૂપ સ્પષ્ટ થાય છે. પ્રેમ એ કોઈ સામાન્ય વસ્તુ નથી. સસ્તી-સહજ-લભ્ય ચીજ નથી. એને નથી ઉગાડી શકાતી, નથી ખરીદી શકાતી. રાય રંકના ભેદ વિના જેને એ જોઈએ તેણે માથું મૂકવું પડે છે. સંસારમાં આસક્ત જીવને હંમેશાં પ્રાણની પરવા હોય છે. માથું મૂકી દેવાનું, સર્વસ્વનું સમર્પણ કરી દેવાનું સામાન્ય માણસનું ગજું નહીં. પ્રેમમાં સર્વસ્વનું સમર્પણ કરવું પડે છે – બલ્કે પૂર્ણપણે સમર્પિત થઈ શકનાર જ એ પ્રેમ નામની ચીજને પામી શકે છે, અનુભવી શકે છે. વ્યવહાર જીવનમાં આદાનપ્રદાનની રસમ સાથે 'પ્રેમ'ને કોઈ સંબંધ નથી તેમ એ આયાસ સિદ્ધ પણ નથી. એ તો સહજ અનુભૂત છે. પણ આવું ક્યારે શક્ય બને ? અહમ્‌ભાવનું પૂર્ણપણે વિગલન થાય ત્યારે. 'પ્રેમગલી અતિ સાંકરી' – પ્રેમનો માર્ગ એવો તો

સાંકડો છે કે એમાં દ્વૈત ન ચાલે. અહંકાર – 'હું' પણ સદંતર ઓગળી ન જાય ત્યાં સુધી એનો સાક્ષાત્કાર થઈ શકે નહીં.

કબીરજીની ખૂબી એ છે કે તેમને તત્ત્વજ્ઞાનની ગહનમાં ગહન વાત કહેવા માટે વ્યવહાર જીવનનાં અત્યંત ઉચિત સાદૃશ્યો મળી રહે છે. તત્ત્વજ્ઞાનની ગૂઢ-ગહન વાત એ કારણે સરળ-સહજગમ્ય બની જાય છે ને છતાં ગૂઢતા અળપાતી નથી, તેનું ગાંભીર્ય ઘટતું નથી અને અભિવ્યક્ત વ્યજંકતામાં વિસ્તરી રહે છે. 'પ્રેમગલી'નું રૂપક કેવું સચોટ છે ! જ્યાં સુધી જીવ અને શિવનું દ્વૈત રહે ત્યાં સુધી જીવને પ્રેમનો સાક્ષાત્કાર ન થાય. દ્વૈત માત્ર અહંકારનું જ પરિણામ છે. અહંકાર છૂટે તો અદ્વૈતની સ્થિતિ રચાય. મમત્વ છોડ્યે જ છૂટકો. તેથી કબીરજી કહે છે, 'યહ તો ઘર હૈ પ્રેમ કા ખાલાકા ઘર નાહિ'

પ્રેમનો અનુભવ મનુષ્યને થાય છે – દેહરૂપી પિંજરને થાય છે, છતાં વિસ્મયની વાત એ છે કે એને કોઈ સ્થૂળ આધાર હોતો નથી. જેને સ્થૂળ આધાર હોય તેને જરા મરણનો, વધ-ઘટનો ભય રહે છે. પ્રેમનો પ્રવાહ તો સદા એકધારો વહેતો રહે છે. ઘડીમાં ચડે અને ઘડીમાં ઊતરે તે પ્રેમ ન કહેવાય :

*'છિનહિ ચઢૈ છિન ઊતરૈ સોં તો પ્રેમ ન હોય'*

આ પ્રેમને નિભાવવાનું, એને જીરવવાનું સહેલું નથી. કબીરજી કહે છે કે અગ્નિની ઝાળ સહેવાનું અને ખાંડાની ધારે ચાલવાનું સહેલું છે, પણ અખંડ એકધારો પ્રેમ નિભાવવો અત્યંત મુશ્કેલ છે. એને માટે આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે. કાચ ને કથીર જેવા અધીરા માણસો એવી કસોટીમાં પાર ન પડી શકે. એને માટે તો હીરા ને હેમ જેવા ખમતીધર બનવું પડે.

જે આ 'શિર સાટે નટવરને' વરવાની કસોટીમાંથી પાર ઊતરે છે તેને પ્રેમરસનો પ્યાલો ગટગટાવવા મળે છે. બ્રહ્મનાદ સંભળાય છે. સમજાય છે કે શરીર છૂટું પડ્યું તેથી શું થઈ ગયું ? 'પ્રાણ તુમ્હારે પાસ' કબીરજી એક સરસ દૃષ્ટાંત આપે છે કે કુમુદિનીનો વાસ જળમાં હોય છે ને ચંદ્રમા તો છેક ઊંચે આકાશમાં વસે છે. પણ તેથી ઉભયનો પ્રેમ કાંઈ ઓછો થઈ જતો નથી. જેનું દિલ જેમાં લાગેલું હોય તે અખંડ તેની પાસે જ હોય છે :

*'જા હૈ જા કો ભાવના સો તાહી કે પાસ'*

સો વાતની એક વાત એ કે આ પ્રેમ જ આપણું ગોત્ર છે : 'સોઈ હમરા બંસ હૈ' મનુષ્યમાત્રે એની જ સાધના કરવાની છે કેમ કે દુનિયામાં પ્રેમરસાયણ

જેવું બીજું કોઈ જ રસાયણ નથી. એનો સ્વાદ મનુષ્યને ધન્ય બનાવી દે છે. મીરાંએ એ જ પ્રેમનો પ્યાલો પીધો અને પાયો. નરસિંહે એ જ પ્રેમરસની યાચના કરી :

*'પ્રેમરસ પાને તું પોરના પિચ્છધર*
*તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.'*

કબીરજી કહે છે, આ પ્રેમનો પ્યાલો એક વખત ગટગટાવ્યા પછી એનો અમલ એવો રોમરોમમાં વ્યાપી વળે છે કે બીજા કોઈ નશાની જરૂર જ રહેતી નથી.

*'કબિરા પ્યાલા પ્રેમ કા અંતર લિયા લગાય,*
*રોમ રોમમેં રમિ રહા ઔર અમલ ક્યા ખાય.'*

પ્રેમરસનું પાન કરનારની મસ્તી જ અનેરી હોય છે. એને મુક્તિની પડી હોતી નથી કેમકે એ તો સદ્ય જીવનમુક્ત બની ગયો હોય છે. નરસિંહ મહેતા એ જ કેફમાં કહે છે–

*હરિના જન તો મુક્તિ ન માગે*
*માગે જનમોજનમ અવતાર રે.*

આવો પ્રેમ રોમ રોમમાં વ્યાપી ગયા પછી હું અને તુંના દ્વૈતને અવકાશ જ રહેતો નથી. એ 'એક પ્રાન દુઈ ગાન'ની સમજપૂર્વકની અવસ્થા છે. એથી જ કબીરજીને 'દુઈ ગાન'નો – આ સંસારનો, એમાં વસીને શરીર ધર્મ-સંસાર ધર્મ-વ્યવહાર ધર્મ બજાવવા સામે કશો વિરોધ નહોતો. પ્રેમની મહામૂલી મૂડી જ એમને મન સર્વસ્વ હતી. આ સંસારમાં રહીને જે એને પામી નથી શક્યા તેના જેવા દુર્ભાગી કોઈ નહીં હોય. કેમ કે જીવને સાચા અર્થમાં જીવંત રાખનાર તત્ત્વ જ – પ્રાણતત્ત્વ જ પ્રેમ છે. કબીરજી સ્પષ્ટ કહી દે છે–

*'જા ઘટ પ્રેમ ન સંચરે સો ઘટ જાન મસાન'*

જે જીવ પ્રેમનો અનુભવ કરતો નથી, એનું શરીરી સ્મશાન જેવું છે. બલ્કે એ જીવને જીવન મરેલો છે. આ ઝીણી વાત સમજાવવા કવિ એક સચોટ દૃષ્ટાંત પ્રયોજે છે :

*'જૈસે ખાલ લોહારકી સાંસ લેત બિનુ પ્રાન'*

શ્વાસ તો લુહારની ધમણ પણ લે છે, પરંતુ એમાં પ્રાણ ક્યાં હોય છે ! પ્રેમ વિનાનું જીવન આ ધમણ જેવું નિષ્પ્રાણ છે.

કબીરજીના આવા ઉદ્ગાર એમની પ્રતીતિનો-અનુભૂતિની સચ્ચાઈનો રણકો સંભળાવે છે અને નિજાનંદી મસ્તીમાં મસ્ત બનીને સમયની શાળ પર દેખીતી રીતે જીવનનું જાડું વસ્ત્ર વણતા કુશળ વણકરનું વિસ્મયજનક દર્શન કરાવે છે. એ દેખીતા જાડા તારમાં ઝીણા તાણાવાણાની એવી તો રસગૂંથણી છે કે એ ફાટેય નહીં ને ફીટે પણ નહીં.

(કબીરવાણી : ઑક્ટોબર '૯૯)

❑

# સનાતન કબીરવાણીની પ્રસ્તુતતા

ડૉ. હરરાય ભી. દેસાઈ

સંત કબીરનું અનેરું મહાત્મ્ય આજે સેંકડો વર્ષ બાદ પણ આપણા સમાજમાં સીમાચિહ્નરૂપ છે. કબીરજી સાચા અર્થમાં એક સંત હતા. લગભગ નિરક્ષર હોવા છતાં એમણે જીવનને જાણ્યું, માણ્યું અને પ્રમાણ્યું. આ સાથે કબીરની ચિંતન પ્રક્રિયાના પરિપાકરૂપે જીવનવિષયક એમનું ચિંતન જીવન જીવવાની કળા માટે તો નવનીતરૂપ છે. જીવનની વાસ્તવિકતાને પિછાણી જીવનસાફલ્યની મહામૂલી સરવાણી એટલે કબીરજીના દોહા. કવિ અને સંત આર્ષદ્રષ્ટા લેખાય છે. એટલે કે એમણે વિચારેલી અને ચિંતનના પરિણામ સ્વરૂપ પ્રગટ થયેલ વાણીની સરવાણી 'સ્વાતિ સલીલ' સમાન હોય છે. સંતની વિચારસરણી સત્ય, સાતત્યપૂર્ણ અને સમજણની ત્રિવેણી સંગમ સમ હોય છે. હજીરો વર્ષ પહેલાં પ્રગટ થયેલા વિચારોની પ્રસ્તુતતા પ્રવર્તમાન કાળમાં પણ એટલી જ પ્રસ્તુત-યોગ્ય લાગે એ જ તો આર્ષદ્રષ્ટાનું દ્યોતક છે. વળી 'સ્વાતિ સલીલ' એટલે એવું કહેવાય છે કે સ્વાતિ નક્ષત્રમાં પહેલું વરસાદનું ટીપું-પાણી જો માછલીના મુખમાં સીધું જાય તો મોતી થાય છે. તે જ પ્રમાણે કબીરસાહેબે પ્રબોધેલી બાબતો આપણે સૌ વિચારપૂર્વક અને નિષ્ઠાથી જીવનમાં ઉતારીએ તો માનવજીવન પણ મોતી સમાન કિંમતી થઈ શકે. કબીરસાહેબના ગહન વારિમાં આપણે મરજીવા થઈ 'માથા સાટે મોંઘી વસ્તુ મેળવવી નહીં સહેલ જોને' અને માંહી પડ્યા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે જોને' તે હિસાબે કબીરજીના વિચારોને જીવનમાં ચરિતાર્થ કરીએ – મરજીવા થઈ ગહનનીરમાં મોતી શોધીએ તો આ માનવ અવતાર સાફલ્ય પ્રાપ્ત કરવા સમર્થ થાય. માનવ જીવનની સફળતા માણસ કેટલું લાંબું જીવે તેમાં રહેલી નથી, પણ માણસ કેવી રીતે જીવે તેમાં રહેલી છે. કબીરજીની અમૃતવાણીનું રસપાન આપણને સૌને જીવન સાફલ્યને પંથ પ્રયાણ કરવા સહાયભૂત અને માર્ગદર્શક થઈ પડે એવું છે.

પ્રવર્તમાન સમાજની તાસીર અને આપણા જીવનની વાસ્તવિકતા આજે કઠોર અને નઠોર છે. આપણને સૌને એવી અનુભૂતિ થાય છે કે કાંઈક અગમ્ય

કારણવસાત જિંદગી રસહીન અનુભવાય છે. બળાત્કારે જાણે જીવવા પૂરતું જીવીએ છીએ. પ્રયત્ન કરી હસીએ છીએ – હસવા ખાતર. જિંદગી જીવવા પ્રત્યેની આસક્તિમાં ઓટ આવે છે. જીવન પ્રત્યે એક પ્રકારનું નિર્મોહીપન મહસૂસ થાય છે. જિંદગી મૃગજળ સમ પ્રતીત થાય છે. કશાકનો અસહ્ય અભાવ જિંદગીના અસ્તિત્વને સાલ્યા કરે છે. મન ઉદાસીના આવરણ નીચે જાણે હીબકાં ભરે છે, જીવન જીવવાની ઝંખના પાનખરની જેમ મહત્ત્વાકાંક્ષાઓને ખંખેરી જાય છે. જિંદગીનો પ્રેરણાસ્રોત જ્યારે સુકાઈ જતો લાગે ત્યારે વહેતાં ઝરણાંની જેવી જિંદગીની ચંચળતા અવરોધાય જાય છે. સ્મૃતિમાં સ્મશાનોની દિશા ખુલ્લી થાય છે. આજે તો જાણે જિંદગી નૈરાશ્યના ત્રિભેટે આવી ઊભી છે. જિંદગીના ઉદ્યાનની કળીઓ મુરઝાઈ ગઈ છે. આશા, ઉમંગ, અરમાનોનાં પુષ્પો ખીલતાં નથી. કોઈક અભિશાપને કારણે નિત્યની પાનખર અનુભવાય છે, જિંદગીની હરિયાળીને જાણે દવ લાગ્યો છે. માનવ જીવન ભારરૂપ લાગે છે. જીવતા રહેવાનું મન થાય એવું જાણે ભસ્મીભૂત થઈ ગયું છે. મન વિષાદથી છલકાય છે, અહર્નિશ આંખોમાં ચોમાસું જામી જાય છે અને વેદનાના વાદળ ખોરંભાયેલાં રહે છે. આ જિંદગીનો શો અર્થ ? આના નૈરાશ્યના ત્રિભેટે આપણા સૌનું જીવન આજે ઝોલાં ખાય છે. ભૌતિક સુખની પ્રાપ્તિ પણ માનસિક શાંત-સંતોષ અર્પવા નાકામિયાબ નીવડી છે.

આવી નિરાશાજનક ગર્તામાં જ્યારે જીવનનૌકા હાલકડોલક થતી લાગે. આજે પરિસ્થિતિ જ એવી વિષમ અને વિઘાતક છે કે આવી સ્થિતિમાંથી ભાગ્યે જ કોઈ બચી શકે છે. ત્યારે ઉપાય શો ? જીવન સાફલ્યની સૂઝ ક્યાંથી પ્રાપ્ત કરવી ? તો ઈશ્વરીય ચેતનાને જગાડવા માટે સંતોનો સમાગમ અને કબીરજી જેવા સંતોની વાણીનું રસપાન સૌથી પ્રભાવક સાધન છે. એની પાસે જવા માટે સાધકમાં સૌથી વધારે વિનમ્રતા અને એવી પ્રવૃત્તિ હોવી જોઈએ કે મારે તેનો પ્રબોધકારી પ્રભાવ પ્રાપ્ત કરવો છે. સંતો હંમેશાં સહાનુભૂતિશીલ અને કૃપાળુ હોય છે. તેમના જીવન અને કવનમાંથી પ્રેમ, શાંતિ તથા આનંદ પ્રસરે છે, કારણ તેઓ પૃથ્વી પર પરમાત્માના અવતાર હોય છે. કબીરજી પણ આવા જ સમર્થ સંત હતા એટલે તેમણે પ્રબોધેલી વાણીનું સેવન અને ચિંતન કરી જીવનમાં આચરણ કરવા કટિબદ્ધ થઈએ તો જીવનમાં વ્યાપેલા આ નિરાશાના વિષને અમૃત પ્રાપ્ત થાય જ. આથી જ તો સંત કબીરસાહેબે આ દોહામાં ઉચિત જ કહ્યું છે :

*સંતગુરુ કી મહિમા અનંત, અનંત કિયા ઉપકાર ।*
*ભોજન અનંત ઉઘાડિયા, અનંત દિખાવણ હાર ॥*

આમ કબીરજી સાચા અર્થમાં સતગુરુ છે. એમનો મહિમા અનંત છે. અને કબીરસાહેબની અમૃતવાણી જ આવા નૈરાશ્યના ત્રિભેટે ઊભેલા આપણા જેવા કરોડો માણસોને શાતા આપવાનું સામર્થ્ય ધરાવે છે. વળી નિરાશામાંથી આશાનો સંચાર કરવા અને આપણા નેત્રપટ પર ગોરંભાયેલાં નિરાશાનાં વાદળોને વિખેરી નાંખી આપણને સાચો રાહબર બની શકે છે. આ જગત ખૂબ જ દગાબાજ છે. તે કૂતરાની પૂંછડી જેવું વાંકું છે, જેવો તેને હાથમાંથી છોડી દેશો કે તરત જ ફરી વાંકી વળી જ જશે. કબીરજી જેવા કેટલાય યોગીઓ, સંતો, પયગંબરો આ જગતમાં જન્મ્યા અને ઉપદેશો આપી ચાલ્યા ગયા તોપણ જગત દગાબાજ જ રહ્યું છે. માટે આ દગાબાજ જગતને સુધારવાની બહુ ચિંતા ન કરો. તે કદી સુધરી શકવાનો નથી. સર્વ પ્રથમ પોતાની જાતને સુધારો એટલે આખું યે આપમેળે સુધરી જશે. કબીર કહે છે તેમ તમે પોતે જ અશક્ત અને અજ્ઞાન બની જશો તો જગતને કેવી રીતે મદદ કરી શકશો ? અંધકાર-અજ્ઞાનમાં ડૂબેલી આ જિંદગીને કબીરવાણી જ સૂર્ય સમ તેજસ્વિતાથી પ્રજ્વલિત કરવાની ક્ષમતા ધરાવે છે. તે માટે આપણી સ્વયં ચેતના જ પ્રથમ સોપાન છે. આથી જ કબીરસાહેબે નીચેના દોહામાં યોગ્ય જ કહ્યું છે :

*कबीर सूता क्या करे, काहे न देखे जागि ।*
*जा का संग बीछूड्या, ताहि के संग लागि ।।*

આમ કબીરજી આપણા જેવા સૌ સંસારી આત્માઓને જાગવા એટલે કે સંસારી મનુષ્ય જે ઇન્દ્રયજનીત ચિંતન કરે છે, તેના પ્રત્યે રાગદ્વેષ રાખે છે. રાગની કામના ઉત્પન્ન થાય છે, કામનાથી ક્રોધ અને ક્રોધથી સંમોહ, સંમોહથી સ્મૃતિભ્રમ, સ્મૃતિભ્રમથી બુદ્ધિનાશ અને બુદ્ધિનાશથી મનુષ્યનો વિનાશ થાય છે. પરંતુ સંયમથી ઇન્દ્રિયોને રાગ-દ્વેષથી મુક્ત રાખીને વિષયોમાં રમણ કરતો હોવા છતાં પણ આત્મપ્રભુત્વને કારણે તે શાશ્વત શાંતિ પ્રાપ્ત કરે છે. આમ આવી જાગરૂકતા એટલે જો કોઈ વ્યક્તિ સાંસારિક જીવન પણ શિસ્તબદ્ધ જીવી જાણતો હોય તો તેણે સંન્યાસ લેવાની જરૂર રહેતી નથી. ઘણાખરા સંન્યાસીઓ તેમના ગૃહ સંસારમાં નિષ્ફળ ગયા હોવાને કારણે સંન્યસ્ત જીવન ધારણ કરે છે. આવા સંન્યાસી કરતાં તો શિસ્તબદ્ધ સંસારી ઉત્તમ છે. આ સંસારની તમામ જવાબદારીઓ અદા કરીને જીવન જીવનાર માણસ એક આધ્યાત્મિક જીવન જીવી રહ્યો ગણાય. એકનાથ, બુદ્ધ, ગુરુનાનક અને આપણા કબીરસાહેબ પણ ગૃહસ્થી જ હતા. ભગવાન રામ અને કૃષ્ણ પણ સંસારી જ હતા. માટે લગ્નજીવન એ

આધ્યાત્મિકતા અને પરમાત્મા પ્રાપ્તિ માટે કોઈ જ રીતે અડચણરૂપ નથી. આપણે નિર્લિપ્ત, પ્રાર્થનાસભર, ભક્તિથી ભરપૂર, ધ્યાનસ્થ, મહત્ત્વાકાંક્ષી, ત્યાગમુક્ત જીવન જીવવા પ્રયાસ કરવો જોઈએ. કબીરસાહેબ પણ ઉપરોક્ત દોહામાં એ જ ચિંતન પ્રગટ કરે છે. અને કહે છે જેનાથી આપણે વિખૂટા પડ્યા છીએ. પ્રભુ તેની સાથે સંલગ્ન એકાકાર થવા માટે સત્સંગ અને નિર્મોહી જીવન જ જાગરૂકતા લાવી શકે.

કબીરસાહેબે જીવન જીવવાની કળા સાધ્ય કરી હતી. અને તેથી જ તેમણે એમની અમૃતવાણીમાં પણ જીવન જીવવાની કળા પ્રબોધી છે. જીવનમાં સફળતા પ્રાપ્તિ માટે સમય બહુ જ કિંમતી વસ્તુ છે, તે ગયેલો પાછો આવતો નથી. તે ખૂબ જ ઝડપથી પસાર થઈ રહેલો છે. ઘડિયાળના ટકોરા પડે ત્યારે તમે ખ્યાલ કરજો કે તમારા જીવનમાંથી એક કલાક ઓછો થઈ ગયો છે અને તમે મૃત્યુની નજીક જઈ રહ્યા છો. મૃત્યુ તમને તેની નજીક ખેંચી રહ્યું છે. જીવનની આવી ગહન ફિલસૂફીને પણ કબીરજીએ ખૂબ જ સરળતાથી આપણી સમક્ષ મૂકી. સમયની કિંમત કેટલી છે તેનાથી સભાન કરવા પ્રયાસ કર્યો છે. એમણે આપણી આ ક્ષણભંગુર, નાશવંત જિંદગી માટે કહ્યું છે :

*पानीकेरा बुद्‌बुदा, अस मानस की जात ।*
*देखत ही छिप जायगा, ज्यों तारा परभात ।।*

આમ માનવજીવન ક્ષણભંગુર અને નાશવંત હોવા છતાં માણસ સમયનો સદુપયોગ કરવાની કળા જીવનમાં હસ્તગત કરતો નથી અને સફળતા પ્રાપ્તિનાં વાંઝણાં સ્વપ્નો સેવે છે ! કબીરસાહેબે આથી જ એક દોહામાં શિખામણ આપતાં ઉચિત જ કહ્યું છે :

*काल्ह करै सो आज कर, आज करै सो अब्ब ।*
*पल में परल होयगी, बहुरि करैगा कब्ब ।।*

છસો વર્ષ પહેલાં કબીરસાહેબે પ્રબોધેલી આ વાણી આ યુગમાં – વર્તમાન સમયમાં તો ખૂબ જ પ્રસ્તુત પ્રતીત થાય છે. એક તરફ આપણે એકવીસમી સદીને ઉંમરે સ્ફૂટનિક યુગમાં પ્રવેશી ચૂક્યા છીએ, જીવનની ગતિ અતિ ત્વરિત બની ચૂકી છે ત્યારે સાંપ્રત સમાજને અકર્મણ્યતાના મહારોગે જ ભરડો લીધો છે તે ચિંતાપ્રેરક જ નહીં, ભયજનક અને આપણા પ્રગતિના માર્ગને અવરોધક લાગે છે. આજે સર્વત્ર કામ નહીં કરવાની વૃત્તિ કે કામ વિલંબથી કરવાની ટેવ દિન-

બ-દિન વિસ્તરતી જાય છે. કામ ઠેલવવામાં એક પ્રકારનો પ્રમાદ રહેલો છે તે આજે વયસ્કો જ નહીં યુવાનોમાં પણ વ્યાપક પ્રમાણમાં ઘર કરી બેઠો છે. આપણું યૌવનધન વેડફાય નહીં તેની વાત કરતાં કબીરજી કહે છે – કાલે કરવાનું કામ આજે કરો અને આજે કરવાનું કાર્ય અત્યારે જ કરો. જીવનમાં આપણે જ્યારે અનેક કાર્યો કરવાનાં છે ત્યારે આપણા મહાનગ્રંથ ગીતામાં પ્રબોધેલા 'કર્મયોગ' તરફ સભાનતા કેળવવા માટે કબીરજીનો આ દોહો કેટલો પ્રસ્તુત છે ! હા, પ્રવર્તમાન સમાજમાં પ્રસ્તુત આ દોહાને જીવનમાં ચરિતાર્થ કરવાનો સંકલ્પ કરીશું તો જ જીવન જીવવાની કળા હસ્તગત થશે. જીવન સાફલ્ય તરફની ગતિ માટે, સિદ્ધિનાં સોપાનો સર કરવા માટે, આપણા જીવનને કૃતાર્થ કરવા માટે આપણે કબીરજીની વાણીને જ અનુસરીએ.

કબીરસાહેબે સમય પછી આપણી વાણીને પણ જીવન જીવવાની કળાનું મહત્ત્વનું સોપાન ગણાવ્યું છે. વાણીની સરવાણી જ તો આપણા સૌ વચ્ચેના માનવસંબંધોનો સેતુ છે. એ જ તો જીવન વ્યવહારનું માત્ર માણસને જ પ્રાપ્ત એવું અમોઘ શસ્ત્ર છે. આપણી વાણી જો સ્નેહની સુવાસ, સૌજન્યની સૌરભ અને પ્રેમના પમરાટ સમ બની રહે તો જ આપણે સિદ્ધિની કેડીઓ કંડારી શકીશું. વાણી સ્નેહની સરિતા પણ બની શકે એ જ વાણી વિષનું વાવેતર પણ કરી શકે. એટલે કબીરસાહેબે વાણી સંયમ પર ખૂબ જ મનનીય વાતો એમનાં ચિંતનમાં કરી છે. આપણા રોજિંદા વ્યવહારમાં આપણે વાણીનો બેફામ ઉપયોગ કરીએ છીએ. વિચારીને બોલવું જોઈએ તેને બદલે ઘણી વાર આપણે બોલીને પછી વિચારીએ છીએ ! અને તેને પરિણામે જ આપણા વ્યવહારમાં, આપણા માનવસંબંધોમાં તીરાડ પડે છે. આથી સંયમી વાણીનું મહાત્મ્ય દર્શાવતાં કબીરજી કહે છે :

*ऐसी बानी बोलिए, मन का आपा खोय ।*
*औरन को सीतल करे, आपहु सीतल होय ।।*

આમ કબીરસાહેબ જીવન જીવવાની કળાની નાની નાની બાબતો અંગે પણ ચિંતન પ્રગટ કરે છે. ચાલો આપણે સૌ વિચારીએ, મનન કરીએ, ચિંતન કરીએ અને આપણા રોજિંદા વ્યવહારમાં એનો ઉચિત વિનિયોગ કરીએ. જેથી આપણા રોજિંદા વ્યવહારની વાણીમાં, અન્યોન્યની સાથેની વાતચીતમાં વાણીમાંથી સ્નેહ, સૌજન્ય, સહાનુભૂતિ, સમાનતા, સેવા, સત્કાર, સદ્ભાવના, સહકાર અને વિશ્વાસનો રણકાર હોય. વાણી એવું જીવનરસાયણ છે, જેમાં સંવાદ-વિવાદ, ઇષ્ટ-

અનિષ્ટ, સુખ-દુઃખ અને અનુકૂળતા-પ્રતિકૂળતા જેવાં દ્વન્દ્વો ઓગળી જાય. આમ વિઘાતક, લાગણીશૂન્ય, આત્મીયતા વિહોણી વાણીને કારણે જ આપણે આપણા દુશ્મનો છીએ અને મિત્રો છીએ. અભિમાન એ જ આપણી અંદર રહેલો દુશ્મન છે. આથી કબીરસાહેબ પણ ઘમંડ છોડવાની હિમાયત કરે છે. પરમાત્મા આપણો મિત્ર છે જે આપણી અંદર જ રહેલો છે. જો આપણે પરમાત્મા સાથે મૈત્રી બાંધીશું અને અભિમાન સાથે મિત્રતા ત્યજી દઈશું તો આપણે જરૂર સહીસલામત રહી શકીશું, આપણે દિવ્ય જીવન, આનંદ, શક્તિ અને જ્ઞાનનો અનુભવ કરવાને શક્તિમાન થઈશું. આથી જ કબીરસાહેબ શીતળતા પ્રદાન કરનાર અને પ્રાપ્ત કરાવનાર વાણીની હિમાયત કરે છે. આ નાશવંત શરીરથી વાણીથી તમે તમારી જાતને પ્રદર્શિત ન કરો. 'હું' અને 'મારા'પણું છોડી દો. આપણા પડોશી કે ભાઈભાંડુઓને ધિક્કારો નહીં અને બદનામ કરવાનો પ્રયત્ન કરશો નહીં, કારણ કે તેઓ સર્વે તમે જ છો. પ્રત્યેકમાં સર્વાત્મા કે સર્વચેતના રહેલી છે.

કબીરસાહેબે જીવન જીવવાની સાચી રીતનો ઉલ્લેખ કરતાં આ દોહામાં એ જ વાત સરસ રીતે કહી છે :

*अति का भला न बोलता, अति की भली न चूप ।*
*अति का भला न बरसना, अति की भली न धुप ।।*

આજનો યુગ એ ભોગનો યુગ છે. સર્વ કોઈને વધારેમાં વધારે ભોગવીને જ સુખ પ્રાપ્ત કરવાની ખેવના ! ઘેલછા છે. આપણા પ્રાચીનગ્રંથો તો 'તેન ત્યક્તેન ભૂઞ્ઝીથા:' – ત્યાગીને ભોગવો એવી હિમાયત કરે છે. આજે તો અતિશય ભોગવિલાસ જીવનનો પર્યાય બની ગયો છે. કબીરસાહેબે અતિરેકને ત્યજવાની વાત આ દોહામાં કરી છે. આમ તો 'અતિ સર્વત્ર વર્જયેત' એવું પુરાણ પણ કહે છે : શા માટે ? આપણે ગમે તેટલી મથામણ કરીએ તોપણ આપણું મન કદી સંતોષ પામશે નહીં. ઊલટું જેટલી આપણે મોજમજા કરીશું તેથી વધારે મોજમજા આપણને જોઈશે. આને કારણે આપણે આપણા જ મનથી આપત્તિઓ અને મુશ્કેલીઓ અનુભવી રહ્યા છીએ. આપણે અતિશયતાનો ત્યાગ કરવા પ્રયત્ન કરી તમામ તૃષ્ણાઓનો ત્યાગ કરી પોતાનામાં જ સંતોષી બનશો. સર્વ આવેગો, ભય અને ક્રોધ તથા તમામ પ્રકારના સંબંધોથી મુક્ત બનશો તો તમે આંતરિક સમતોલપણું અને આત્મિક આનંદ મેળવશો. આમ તો જીવન એક સંતુલન છે. સંતુલિતતા મેળવવી અને કેળવવી એ જીવન માર્ગ છે. સંતુલન છોડીને કોઈ છેડે પહોંચી જવું તે કલ્યાણમાર્ગ નથી. અતિ ભોગ અને અતિ અભોગ બન્નેમાં વ્યાકુળતા છે, પ્રસન્નતા તો યથા યોગ્યતામાં છે.

કબીરસાહેબ આપણને જીવન જીવવાની કળા પ્રબોધતા હોય અને ત્યારે જીવનસાગરના અણમોલ રતન રામ પ્રેમની વાત ન આવે એ કેમ સંભવે ? હવે કબીરજીના બે દોહા જેમાં ગુરુ મહિમા અને પ્રેમનો પમરાટ વ્યક્ત થયો છે. માનવજીવનમાં જે કંઈ સર્વસ્વ છે એ પ્રેમ જ છે. જિંદગીનું સાફલ્ય પણ એમાં જ સમાયેલું છે. કોઈને ધિક્કારવામાં નહીં, કોઈને ચાહવામાં જ જીવનમાંગલ્ય છુપાયેલું છે. પ્રેમનું સામ્રાજ્ય સારા વિશ્વ પર છે, પ્રેમથી જ એકમેક સાંકળાયેલાં રહે છે. જડ પદાર્થોમાં તે આકર્ષણ નામે, જીવંત પ્રાણીઓમાં વિષયવાસના અને ઉચ્ચતર સ્વરૂપમાં પ્રેમ તરીકે પ્રવર્તે છે. પોતાના સર્વપણાની અને સ્વાર્પણની બાબતમાં પ્રેમ એટલે મૌન રહે છે, તેટલો જ નિરાભિમાની રહે છે. પ્રેમ એટલે જ્ઞાન. પૂર્ણપ્રેમ અને પૂર્ણજ્ઞાન એ તો પર્યાયવાચી શબ્દો છે. આંતરશુદ્ધિના માટે કદાચ ઉત્તમ સાધન પ્રેમની ઉપાસના. પ્રેમને પામીને માનવનું મન મહેકવા લાગે, એના વિચારોને એક નવી દિશા સાંપડે, જે પ્રેમને કારણે હૃદયમાં અનન્ય પ્રેરણા જાગે, એ પ્રેરણા જીવનના કશાક ધ્યેયને સાર્થક કરવા પ્રેરે. જ્યાં સુધી ચક્ષુમાં દૃષ્ટિ હોય ત્યાં સુધી સર્વત્ર પ્રેમનાં દર્શન થયા કરે, શરીરમાં શ્વાસ હોય ત્યાં સુધી માત્ર સ્નેહની સુવાસ જ અનુભવાયા કરે, જ્યાં સુધી હૃદય ધબક ધબક થયા કરે ત્યાં સુધી સંગીતની સુરાવલિ જ વહ્યા કરે, જ્યાં સુધી ચેતો-વિસ્તારમાં ભાવસ્પંદનો જાગતાં રહે ત્યાં સુધી હોઠે એક જ નામ રમે એનું નામ પ્રેમ. કબીરસાહેબ પણ પ્રેમ વિશે કહે છે :

*यह तो घर है प्रेम का, खाला का घर नाहि ।*
*सीस उतारे भुईं धरै तब आवै दहि मांहि ।।*

વળી માનવીએ તો અપાર પ્રેમ પામીને અને પમાડીને જીવવું છે. એકબીજાને મળતી સર્વ સમર્પણ કરી દેવાની શક્તિ આપતી અને અન્યોન્યના જીવનને આશ્રિત બનાવતી નિર્મળ પ્રેમધારા જીવનમાં વહેવી જોઈએ. આ જ વાસ્તવિક જીવન છે. કબીરજી પણ પ્રભુના પ્રેમમાં એકાકાર થઈ, પ્રભુમય બનીને જીવવાનું કહે છે :

*जब मैं था तब गुरु नही, अब गुरु है हम नाहिं ।*
*प्रेम गली अति साकरी, ता में दो न समाहिं ।।*

અંતે કબીરસાહેબ માનવજીવનની સફળતાનું રહસ્ય આપણને સમજાવતાં

જે વાતો નીચે દર્શાવેલ દોહામાં કરે છે, તે સાચે જ ગાંઠે બાંધવા જેવી વાતો છે. અત્યાર સુધી આપણને કબીરજીએ આત્મકલ્યાણની કેટલીક અગત્યની બાબતો પ્રબોધી માનવ જીવનની સફળતાનું સાચું રહસ્ય સ્ફોટ કરતાં કબીરજી કહે છે :

*कबीरा सोई पीर है, जो जने पर पीर ।*
*जो पर पीर न जानई, सो काफिर बेपीर ।।*

આમ કબીરસાહેબ આપણને સૌને જીવવાનો મર્મ અને કર્મનો ધર્મ સમજાવતાં કહે છે કે નિષ્કામ સેવા કરવામાં અપાર આનંદ ભર્યો છે. અનુભવથી જ એનું જ્ઞાન થાય છે. નિકટ આવેલાની આપણે નિઃસ્વાર્થભાવે સેવા કરવી જોઈએ. પરંતુ મૈત્રી અથવા સ્નેહ સંપૂર્ણ જગત સાથે રહેવાં જોઈએ. જીવનની સાચી સફળતા માટે તો સેવાને માટે સદા તૈયાર રહો. ખૂબ જ પ્રેમ, ભલાઈ અને વિચારપૂર્વક વિવેકપૂર્ણ સેવા કરો. નિઃસ્વાર્થ સેવા તમારા હૃદયને શુદ્ધ કરી દિવ્યસૃષ્ટિ પ્રાપ્ત કરવા હૃદયનાં દ્વાર ખુલ્લાં કરે છે. માનવી માટે સેવા કરવી એ જીવનનું સર્વોત્તમ કાર્ય છે. માનવીના ભલા માટે જીવો. જે માનવી માટે ભલો છે, તે પરમાત્મા માટે પણ ભલો છે. કર્તવ્યની પાછળ જ્યારે કોઈ સ્વાર્થ હેતુ નથી હોતો ત્યારે જ એ મહાન બને છે. જ્યારે કોઈ કાર્ય કેવળ કર્તવ્યની ભાવનાથી થાય છે, ત્યારે એ કાર્ય ઉપાસના બને છે. અને જ્યારે તે નીતિના સ્વરૂપમાં કે પ્રેમના સ્વરૂપમાં હોય ત્યારે એથી પણ ઉચ્ચતર ભૂમિકાએ પહોંચે છે. આપણો હેતુ કર્તવ્યની હલકી કક્ષામાં વેડફાઈ જતી શક્તિઓનો વ્યય ઓછો કરવાનો છે, જેથી આત્મા ઉચ્ચ કક્ષાના અસ્તિત્વમાં આવિષ્કાર પામે. હલકી વાસનાઓનું દમન કરવાથી આ સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે. આમ આત્મશુદ્ધિ એટલે અંતરની શુદ્ધિ. જેમ શરીરની શુદ્ધિ સ્નાનાદિથી થાય છે, તેમ માણસના અંતરની શુદ્ધ અનાસક્તિથી થતાં સેવાકાર્યોથી થાય છે. લોકસેવા તથા સર્વ સેવાનો સદંતર ત્યાગ કરી માત્ર ગુફામાં બેસી રહેનાર વ્યક્તિ અંતરથી ભારે અશુદ્ધિ અનુભવાતી હોય છે. જપમાં, ધ્યાનમાં કે નિદિધ્યાસનમાં તેનું ચિત્ત ચોંટતું નથી. તે વધુ ચંચળ તથા વધુ વિષયાક્રાન્ત રહે છે. આમ કબીરસાહેબે જીવનની મોટપ કે જીવનની સફળતા એ નિષ્કામ સેવાકાર્યમાં નિહિત છે એમ દર્શાવવા પ્રયાસ કર્યો છે.

હવે આજે ભૌતિકતાના યુગમાં વાડી, ગાડી અને લાડી રાખનાર, ૫૦-૧૦૦ વીઘાં જમીન ખેડનાર, ૧૦૦ ટન શેરડી પકવનાર કે સ્ટેટમાં ૪-૫ મોટેલ કે ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સની વાતો કરી મોટાઈમાં મહાલનાર માનવ જો અન્યને સહાયભૂત થવામાં કે સેવાકાર્યમાં પ્રવૃત્ત ન થાય, પોતાની પ્રાપ્તિ એ સ્વહિતાય

કે સ્વસુખાય જ ખર્ચે, પોતે જાતે મોટપ અનુભવે કે મોટાઈનું પ્રદર્શન કરે, પણ જો તેની પ્રાપ્તિ સંપત્તિ જનહિતાય, બહુજન સેવાય ખપમાં ન આવતી હોય તો તેને અખાની જેમ ચાબખા મારતાં કબીરસાહેબ કહે છે :

*बडा हुआ तो क्या हुआ, जैसे पेड खजूर ।*
*पंथी को छाया नहीं, फल लागै अति दूर ।।*

છેવટે કબીરસાહેબે જીવન સાફલ્યની જડીબુટ્ટી દર્શાવતો જે દોહો કહ્યો છે, તેનાથી સમાપન કરીએ. સમાજમાં બે પ્રકારના માણસો દેખાય છે. અનુભવાય છે. ઘણા જીવતા મરેલા જેવા છે અને થોડા મરીને પણ જીવી જાય છે. પ્રથમ પ્રકારના માણસો શોધવામાં બહુ મુશ્કેલી પડે એમ નથી. છતાં આવા માણસોની હાજરી કે ગેરહાજરી કે વિપુલતા સમાજને સાલતી નથી ! ખટકે અવશ્ય છે. આવા માણસો જીવે તોપણ શું અને મરે તોપણ શું ? કારણ સ્વહિતાર્થે, સ્વસુખાય કે પરપીડન કાજે જીવતા માણસો ભારરૂપ છે. આવા માણસોનો તો જીવતા જીવન ખાંધિયા રાખવા પડે છે. પ્રશંસા કરાવીને પોરસાવા માટે ! પણ જે અલ્પસંખ્યક કે નહીંવત સંખ્યામાં સમાજમાં વિદ્યમાન છે એવા માનવોથી જ તો સમાજ ઉજમાળો છે. કબીરજી થઈ ગયા અને આજે પણ અમરત્વ પામ્યા છે એમની કરણીથી. તેમ બીજા પ્રકારના માનવો તો જીવન જીવે છે : 'લોકા: સમસ્તા: સુખિનો ભવન્તુ ।' એટલે બધા લોકો સુખી થાય એ ખ્વાહિશ આપણી હંમેશ રહેવી જોઈએ. એટલું જ નહીં બીજા એક શ્લોકમાં તો ઉત્તમ ભાવના પ્રગટ થઈ છે. સર્વે ભદ્રાણિ પશ્યન્તુ, મા કશ્ચિત દુ:ખમાપ્નુયાત્ ॥' સહુ સુખી થાઓ, સહુ નીરોગી રહો, સહુ કલ્યાણકારક અને માંગલ્યમય જુઓ. કોઈનેય દુ:ખ ન પહોંચો એવી ઉદાત્ત ભાવનાથી માત્ર જીવન જીવતા નથી. જનહિતાય, પરજન સુખાય સર્વસ્વ સર્વાપણ કરવાની તત્પરતાવાળું આચરણ કરતા હોય છે. અને તેથી જ કબીરસાહેબે એક દોહામાં કહ્યું છે :

*जब तुम पैदा हुए, जग हसे तुम रोय ।*
*करनी एसी कर चलो, तुम हसे जग रोय ।।*

*

*'शिष्यको ऐसा चाहिये, गुरु को सर्वस देय ।*
*गुरुको ऐसा चाहिये, शिष्यको कुछ न लेय ।।'*

❑

# પ્રેમ ગલી અતિ સાંકરી

**પ્રા. બિપિન પટેલ**
બારડોલી

કબીરજી તો અવતારી પુરુષ ! જ્ઞાની પુરુષ ! તેમની વાણી ગૂઢ ખરી, છતાં સમગ્ર માનવજાત માટે ઉપદેશાત્મક માર્ગદર્શનનો અખૂટ ખજાનો તેમાં ખરો ! જરૂર છે તેમના એ માર્મિક સાહિત્યને આત્મસાત કરવાની ! તેમના એ સાહિત્યનું સતત ચિંતન મનન કરવાની.

મને તો એવું લાગે છે કે એકવીસમી સદીમાં માનવી ભોગોના ઉચ્ચતમ શિખરે બિરાજમાન હશે. ત્યારે એ અંધકારભર્યા દિવસોમાં કબીર સાહિત્ય એક અલૌકિક પ્રકાશસ્રોત બની રહેશે, જો તેને સાચા અર્થમાં જીવનમાં ઉતારવામાં આવે તો ! તેમણે કહ્યું છે :

*કબીરા જબ હમ પૈદા હુએ,*
*જગ હસે હમ રોયે ।*
*ઐસી કરની કર... ચલો,*
*હમ હસે જગ રોયે ॥*

ચાર પંક્તિના આ દોહામાં તેમણે ઘણું બધું સમાવી દીધું છે. પ્રથમ વાચને તો આ દોહાનો સામાન્ય અર્થ જ આપણી નજર સમક્ષ આવે. પરંતુ.... જરા થોભો ! જરા વિચારો ! જન્મ અને મૃત્યુની ઘટનાને સાંકળી લઈને કબીરજી આપણને શું સૂચવે છે ?

પ્રશ્ન એ થાય કે... પરિવારમાં નવજાત શિશુનું આગમન થાય એટલે પરિવાર આનંદવિભોર બને એ તો સ્વાભાવિક છે પરંતુ બાળક રડે છે શા માટે ?

જિવાત્મા પરમાત્માનો જ અંશ છે; માનવ દેહ ધારણ કરીને માતાના ગર્ભમાંથી આ સંસારમાં પ્રવેશ કરે છે ત્યારે તે પોતાના પરમ સુહદ, પ્રિયતમ્, પ્રેમાસ્પદ... પરમાત્માથી વિખૂટો પડે છે. પરમાત્માથી અલગ થવાની વેદના તે સહન નથી કરી શકતો. પરિણામે તે રડે છે. કદાચ... એ જ રુદન પરમાત્મા

માટેનું તેનું સાચું રુદન હશે. બાકી તો જીવનમાં સ્ત્રી-બાળકો, ધન-વૈભવ કે પદ-પ્રતિષ્ઠા માટે તે અનેકવાર રડ્યો હશે. પરંતુ એ રુદન સાચું રુદન નથી જ.

માર્ગ ભૂલેલા માનવીને કબીરજી સમજાવે છે કે આ સંસારની મોહમાયામાં લિપ્ત બનીને પરમાત્મા સાથેનો તારો સંબંધ તું ભૂલી ગયો છે તેને ફરી તાજો કર ! જે પરમાત્માથી તું અલગ થઈ ગયો છે તેની સાથેની ઐક્યતા ફરી સાધવી એ જ તારું એકમાત્ર ધ્યેય છે. પરમાત્માને... હા.... કેવળ પરમાત્માને જ પ્રેમ કર ! એ જ તારો પરમ સુહદ છે; પરમ પિતા છે, પરમ સખા છે !

પરમાત્માથી અલગ થવાનું રુદન ત્યારે જ પ્રસન્નતામાં પરિણમે કે જ્યારે પરમાત્મા સાથે પુનર્મિલન થાય.

પ્રશ્ન એ થાય કે... પરમાત્મા સુધી પહોંચવું શી રીતે ?

પરમાત્મા સુધી પહોંચવાના એક માર્ગનું નામ છે 'પ્રેમપંથ' !

આપણે પરમાત્મા સમક્ષ મસ્તક ઝુકાવીને મનોમન કહીએ છીએ કે... 'હે પ્રભુ ! હું તારે શરણે છું ! તારો દાસ છું !'

જરા થોભો ! શું આ સાચું છે ?

કદાચ નહિ ! શરણું તો આપણે સ્વીકાર્યું છે પદ, પ્રતિષ્ઠા અને પૈસાનું ! દાસ તો છીએ આપણે કીર્તિ, કાંચન અને કામિનીના ! છતાં આપણે પરમાત્માને કહીએ છીએ કે હું તારો દાસ છું ! છે ને મોટું આશ્ચર્ય ! કદાચ... એવું કહેવામાં આપણો સ્વાર્થ સમાયેલો હશે. અને... ? જ્યાં સ્વાર્થ હશે ત્યાં પ્રેમ તો નહિ જ હોય !

જીવનની દૃષ્ટિ જ્યાં સુધી પદ, પ્રતિષ્ઠા અને પૈસા પર હશે ત્યાં સુધી તે પ્રેમપંથથી તો વંચિત જ રહેશે. એટલું જ નહિ પરંતુ... તેને પરમાત્માના પ્રેમીઓ પણ દેખાશે નહિ કે જેઓ તેને આ માર્ગ સુધી લઈ જઈ શકે. કરુણતા તો એ છે કે... આ બધું જ સ્પષ્ટ હોવા છતાં જીવ એવા ભ્રામક ખ્યાલોમાં રહે છે કે તે પરમાત્માને પ્રેમ કરે છે.

પ્રશ્ન એ થાય કે પ્રેમ એટલે શું ?

આપણે જેને પ્રેમ કહીએ છીએ એ પ્રેમ નથી. એ તો મોહાસક્તિ છે. સ્થૂળ પ્રેમ... એ પ્રેમ નથી જ. કારણ કે તેમાં સ્વાર્થ છે, અપેક્ષા છે, બદલામાં વળતરની કંઈક આશા છે. જ્યારે પ્રેમ (!) માં આશા, અપેક્ષા, સ્વાર્થ ભળે છે ત્યારે તે પ્રેમ નહિ પરંતુ વ્યાપાર બની જાય છે.

પ્રેમ તો એક માત્ર પરમાત્માને જ થઈ શકે. એટલે જ તો કબીરજીએ કહ્યું છે :

*પોથી પઢ પઢ જગ મૂઆં, પંડિત ભયા ન કોઈ ।*
*ઢાઈ અક્ષર પ્રેમ કા, પઢે સોં પંડિત હોઈ ॥*

કબીરજીની વાણી સમજવી જરા કઠિન ખરી. પરંતુ સમજીએ... અને તેને જીવનમાં ઉતારીએ તો... બેડો પાર ! પરંતુ હિમાલય જેવડો પ્રશ્ન એ છે કે... શું સાચ્ચેસાચ બેડો પાર કરવો છે કે.... સંસારના ઇન્દ્રિયોના સુખસગવડ, ભોગવિલાસમાં જ રમમાણ રહેવું છે ? કદાચ... મૃગજળ સમાન સાંસારિક સુખ અને ભોગોની જ આપણને અપેક્ષા છે, નહિ કે પરમાત્માની !

પંડિત એટલે જ્ઞાની. પરંતુ જ્ઞાન એટલે...?

સામાન્ય રીતે જાણકારીને આપણે જ્ઞાન કહીએ છીએ, પરંતુ જાણકારીનું નામ જ્ઞાન નથી. પરમાત્મા સંબંધી જ્ઞાન (અનુભવ) એ જ જ્ઞાન.

અર્થાત્ પુસ્તકોના ઢગલા વચ્ચે અટવાતો કે સતત પુસ્તકો વાંચી વાંચીને આંખોના નંબર વધારતા અને પોતે વાંચેલું છટાપૂર્વક બીજાઓ સમક્ષ રજૂ કરતા માનવીને જ્ઞાની ન કહેવાય.

કબીરજીનું તો કહેવું છે કે જિંદગીભર થોથાં ઉથલાવવા પાછળ પોતાના જીવનને પાયમાલ કરે તે નહિ. પરંતુ

*ઢાઈ અક્ષર પ્રેમકા – પઢેં સોં પંડિત હોઈ ॥*

પોતાની જાતને પુસ્તકોમાં નહિ પરંતુ પરમાત્મામાં ઓગાળે તે જ જ્ઞાની ! અને તેથી જ તો કબીરજી કહે છે... પુસ્તકોના અધધધ્ અક્ષરને નહિ પરંતુ 'પ્રેમ'ના કેવળ અઢી અક્ષરને ચરિતાર્થ કરે, આત્મસાત કરે તે જ પ્રેમી – તે જ જ્ઞાની !

પરમાત્માને જાણવાનો, માણવાનો... ને પામવાનો શ્રેષ્ઠ છતાં સરળ માર્ગ એટલે જ પ્રેમપંથ !

સ્વનો લોપ કરીને પોતાનું સર્વસ્વ પરમાત્માના શ્રીચરણોમાં સમર્પિત કરીને અહર્નિસ એકમાત્ર પરમાત્માના જ ચિંતન, મનન, નિદિધ્યાસનમાં રત રહેનાર જ પરમાત્માનો સાચો પ્રેમી છે કે જેનું પોતાનું કોઈ પોતાપણું નથી.

પ્રેમ એટલે સમર્પણ ! પ્રેમ એટલે સ્વાર્પણ !

પ્રેમ એટલે અતૂટ શ્રદ્ધા-વિશ્વાસ !

પ્રેમ વિના જ્ઞાન શક્ય નથી !

પ્રેમ વિનાનું જ્ઞાન અહંકાર પેદા કરે છે. અને... અહંકાર એટલે પતન !

પ્રેમ એટલે ઉત્થાન !

માનવજીવનનું ધ્યેય એટલે પ્રેમ, પ્રેમી અને પ્રેમાસ્પદની ઐક્યતા !

પ્રેમનું સમીકરણ જરા અઘરું છે; અટપટું છે; ન સમજાય તેવું છે. ત્યાં તો...

૧ + ૧ = ૧ છે.

સાગર સાથે મિલનની તીવ્ર ઇચ્છા લઈને દોડતી નદી સાગરમાં ભળે છે પછી તે નદી નદી નથી રહેતી – સાગર જ કહેવાય છે. પોતાના નામ-રૂપ અસ્તિત્વને ખોઈને તે સાગર બની જાય છે.

બિંદુ સાગરમાં ભળે છે ત્યારે તે સિંધુ બની જાય છે. જ્યાં સુધી તેનું સ્વતંત્ર અસ્તિત્વ છે ત્યાં સુધી તો તે બિંદુ જ છે. પરંતુ પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ખોઈને જેવું તે સિંધુમાં વિલીન થઈ જાય છે તેવું જ તે સિંધુ બની જાય છે. એટલે જ તો કબીરજી કહે છે :

*પ્રેમ ગલી અતિ સાંકરી ।*
*તા મેં દો ન સમાહી ॥*

એ છે પ્રેમની પરાકાષ્ટા.

પ્રેમમાં માત્ર પ્રિયતમ જ પ્રિયતમ રહી જાય છે; પ્રેમીનું તો નામોનિશાન મટી જાય છે.

પરમાત્માને પામવાનો આ માર્ગ કઠિન પણ છે અને સરળ પણ છે. 'અહંકાર' એ આ માર્ગનો મોટામાં મોટો શત્રુ છે; અવરોધ છે. અનેક જન્મોથી જેણે 'હું' 'હું'નું જ રટણ કર્યું છે તે જીવ અહંકારને છોડવા જલદી તૈયાર નથી થતો. હા ! અહંકારને પંપાળવાનું તેને અવશ્ય ગમે છે. બાકી કબીરજી તો સ્પષ્ટ કહે છે–

*પ્રેમ ન બાડી ઉપજે, પ્રેમ ન હાટ બિકાઈ ।*
*રાજા પરજા જેહી રુચૈ, સીસ દેઈ લૈ જાય ॥*

સાંસારિક પ્રેમને રણ કહેવાય. પારમાર્થિક પ્રેમ અર્થાત્ પરમાત્મા સાથેના પ્રેમને અનુરાગ કહેવાય. પરમાત્માના પ્રેમરૂપી ધનને પામવું સહેલું તો નથી જ. માન, પ્રતિષ્ઠા કે કીર્તિ પ્રાપ્ત કરવાથી તે મળતું નથી. દુનિયાનો ત્યાગ કરવાથી કે સંસાર છોડવાથી તે મળતું નથી. પરંતુ પોતાના અહંકારને પૂરેપૂરો ઓગાળીને પોતાનું સર્વસ્વ પરમાત્માને ન્યોછાવર કરનાર જ પ્રેમની પ્રાપ્તિ કરી શકે છે.

એટલે જ તો કબીરજી કહે છે :

*પ્રેમ પિઆલા જો પિયે, સીસ દચ્છિના દેય !*

શિશરૂપી દક્ષિણાનો અર્થ અહીં એવો નથી કરવાનો કે માથું કાપીને પરમાત્માને ચરણે ધરવું. શિશ એ અહંકારનું પ્રતીક છે. જરા વિચારીએ તો સમજાશે કે આપણી પાસે આપણું પોતાનું કહી શકાય એવું શું છે, સિવાય કે આપણો અહંકાર ! આપણો અહંકાર જ આપણો છે, બાકી બધું તો પરમાત્માનું છે. એટલે જ અહીં કહેવાયું છે કે પોતાના અહંકારની દક્ષિણા જે પરમાત્માના શ્રીચરણોમાં ધરી શકે તેમ જ પ્રેમ પ્યાલો પી શકે. સંપૂર્ણ સમર્પણનો અર્થ અહીં અભિપ્રેત છે.

માનવ શરીર આપણને મળ્યું છે એકમાત્ર પરમાત્માને પ્રેમ કરવા માટે. પરમાત્માને પ્રેમ ન કરી શકનાર દુર્ભાગી જીવો પ્રત્યે કબીરજી અનુકંપા વ્યક્ત કરે છે :

*જો ઘટ પ્રેમ ન સંચરૈ, સો ઘટ જાનું મસાન ।*
*જ્યોં લોહાર કી ધોંકસી, સાંસ લેત બીન પ્રાન ॥*

કબીરજી તો સ્પષ્ટ કહે છે કે જેના હૃદયમાં ભગવદ્‌પ્રેમનો સંચાર થયો નથી તેનું હૃદય તો સ્મશાનવત્ છે. તે જીવે છે તોપણ મરેલા બરાબર જ છે !

આપણે તો ચતુર માનવીઓ ! ભગવાનને બાજુ પર રાખીને આપણે પ્રેમને બીજી ઘણી ઘણી બાબતોમાં વહેંચી દીધો છે. એટલે જ એ પ્રેમ 'પ્રેમ' નથી.

લૌકિક વાસનાઓને આપણે પ્રેમનું સ્વરૂપ આપી દીધું છે એટલે જ અલૌકિક કે દિવ્યપ્રેમથી આપણે વંચિત રહ્યાં છીએ.

'પ્રેમ' એ તો પરમાત્માનો પર્યાય છે.

માનવી જ્યાં સુધી 'હું'નું ગાણું ગાતો રહે છે ત્યાં સુધી પરમાત્માના સામ્રાજ્યમાં – પરમાત્માના દરબારમાં – પરમાત્માના પરિસરમાં તે પ્રવેશી શકતો નથી. પરંતુ પોતાના સ્વતંત્ર અસ્તિત્વના લોપ પછી અર્થાત્ પોતાના અહમ્‌ને મિટાવ્યા પછી તો કેવળ પરમાત્મા જ પરમાત્મા રહી જાય છે. એટલે જ તો કબીરજીએ બૂમ પાડી પાડીને કહ્યું છે :

*જબ મૈં થા તબ હરિ નાહિ !*
*અબ હરિ હૈ, હમ નાહિ !*

*પ્રેમ ગલિ અતિ સાંકરી !*
*તા મેં દો ન સમાહિ ॥*

આપણી સ્થિતિ જરા તપાસીએ. કેવી છે આપણી સ્થિતિ ? આપણે તો ગાવાં છે અહમ્‌ના ગીત અને કરવી છે પરમાત્માને પ્રીત ! અરે ભાઈ ! અહમ્‌ના ગીત અને પરમાત્માની પ્રીત વચ્ચે તો ધરતી અને આકાશ જેટલું અંતર છે ! 'હું' કે 'મારાપણા'નો લોપ એટલે પરમાત્માના પરિસરમાં સીધો પ્રવેશ. એટલે જ સ્વાનુભવે કબીરજી કહે છે–

*'અબ હરિ હૈ હમ નાહિ ।'*

એ જ તો છે પ્રેમની પરાકાષ્ઠા !

પ્રેમી જ્યારે પોતાનું અહંકારયુક્ત અસ્તિત્વ મિટાવી દે છે ત્યારે જ શક્ય બને છે–

*પ્રેમ ગલિ અતિ સાંકરી ! તા મેં દો ન સમાહિ ॥*

જ્યાં બે છે ત્યાં પ્રેમ નથી.

પ્રેમ ગલિમાં તો બસ... એક પ્રેમાસ્પદ પ્રભુ જ હોય છે; પ્રેમી તો પોતાના પ્રિયતમ પરમાત્મામાં વિલીન થઈ જાય છે. રહી જાય છે કેવળ પરમાત્મા !

પ્રેમની જ્યારે વાત નીકળે છે ત્યારે નજર સમક્ષ મીરાં, રાધા, ગોપીઓ નર્તન કરવા લાગે છે.

પ્રેમનું ઉત્કૃષ્ટ ઉદાહરણ એટલે ગોપીઓ !

એવું કહેવાય છે કે પરમાત્માના પ્રેમમાં તરબોળ કબીરજી તો સર્વત્ર એકમાત્ર પોતાના આરાધ્યને જ જોતા હતા; અનુભવતા હતા. બીજા શબ્દોમાં કહીએ તો પરમાત્મામાં લીન બનેલા તેઓ શુદ્ધ પ્રેમ સ્વરૂપ હતા. એટલે જ તો કહેવાયું –

*મન ઐસો નિર્મલ ભયોં જ્યોં ગંગા કો નીર !*
*પાછે પાછે હરિ ફિરે.... કહત કબીર કબીર ॥*

કબીરજી ભગવાનનું રટણ કરે છે અને ભગવાન કબીરજીનું રટણ કરતાં કરતાં તેમની આગળ પાછળ ફરે છે. કબીરજી કહે છે મારા પ્રભુ ! હું તો ગોપીકાઓના પ્રેમની વિસાતમાં કંઈ જ નથી

*'કબીરા કબીરા ક્યા કરે ? ચલ જમુના કે તીર ।*
*ઇક ગોપીકે પ્રેમમેં બહ ગયે કોટિ કબીર ॥*

સાચા પ્રેમ અને સાચા પ્રેમીની આ દશા છે !

ચાલો ! આપણે કબીરસાહેબના અણમોલ ઉપદેશનું સતત રટણ કરતા રહીએ; ભોગદૃષ્ટિ નહિ પરંતુ યોગદૃષ્ટિ કેળવતા રહીએ અને માનવજીવનના લક્ષ્ય તરફ આગળ વધવા માટે જાગૃત અને પ્રયત્નશીલ બનીએ. નહિ તો પછી કબીરજીના જ શબ્દોમાં :

*રૈન ગંવાયી સોઈ કે, દિવસ ગંવાયો ખાય ।*
*હીરા જનમ અમોલ થા, કોડી બદલે જાય ॥*

અંતે મારા પરાત્પર શ્રી સદ્‌ગુરુદેવ સ્વામીશ્રી રામાનંદાચાર્યજી અને તેમના મહાન શિષ્ય શ્રદ્ધેય-પૂજનીય.... કબીરસાહેબનાં શ્રીચરણોમાં આ લેખ સમર્પિત કરતાં સાદર કોટિશ: પ્રણામ ! અસ્તુ !

(કબીરવાણી : ઑક્ટોબર '૯૯)

❑

# સંત કબીર, ગુજરાત અને ભારત : એક ટૂંકું મનન

જયન્ત પાઠક
સુરત

અબ હમ જાના હો હરિ બાજી કો ખેલ,
ડંક બજાય દેખાય તમાશા બુહરિ સો લેત સકેલ.
હરિ બાજી સુર નર મુનિ જંહ ડે
માયા ચેટક લાયા,
ઘર મેં ડારિ સબન ભરમાયા
હૃદયે જ્ઞાન ન આયા.
બાજી ઝૂંઠ બાજીગર સાંચા
સાધુન કી મતિ ઐસી.
કહ કબીર જિન જૈસી સમજી
તાકી ગતિ ભઈ તૈસી.

(કબીર વચનાવલી)

મધ્યકાલીન ભારતીય કવિતા મુખ્યત્વે ભક્તિ અને જ્ઞાન એમ બે ધારાઓમાં વહેતી જણાય છે. તત્ત્વ વિચારની આ બે મુખ્ય ધારોઓમાં બીજી અનેક નાની સરવાણીઓ ભરેલી છે. આપણા સંત કવિઓ કિંવા કવિ સંતોએ એમની લોકપરિચિત વાણીમાં ભક્તિમાર્ગ અને જ્ઞાનમાર્ગના આચાર-વિચારને સરળતાથી રજૂ કરીને આપણા તત્ત્વનિરૂપણના, સામાન્યજન માટે દુર્લભ અને દુર્બોધ એવા ગ્રંથોના સારને સુલભ અને સુબોધ કરી આપ્યો છે ને એમ વેદ ઉપનિષદાદિની સનાતન વિચારધારાને લોકચિત્તમાં વહેતી રાખી છે. નરસિંહ ને મીરાં, કબીર ને સુરદાસ, ચંડીદાસ, ચૈતન્ય ને વિદ્યાપતિ સૌ એ રીતે આપણી સંસ્કૃતિ યાત્રામાં પરમાર્થનું પાથેય પૂરું પાડનારા પથપ્રદર્શક કવિઓ છે, ઋષિઓ છે.

જ્ઞાનમાર્ગી ધારામાં પોતાની સહજ સૂઝથી અખો ભગત કહે છે તેવી 'આતમની સૂઝ'થી આત્મા-પરમાત્મા, જીવ, જગતને માયાના સ્વરૂપનું યથાર્થને

સાક્ષાત્ જ્ઞાન કરાવનારા કવિઓમાં કબીરનું સ્થાન અનન્ય છે. અનન્ય એટલા માટે કે આ કવિ માત્ર દાર્શનિકની રીતે જીવન, જગત, બ્રહ્મ આદિનું માત્ર જ્ઞાન જ આપતા નથી, કોઈ ધન્ય ક્ષણે એને થયેલી અનુભૂતિને પણ વર્ણવે છે. કબીરે તત્ત્વને માત્ર જાણ્યું જ નથી, હસ્તામલકવત્ જોયું છે, અનુભવ્યું છે. આવી અનુભૂતિની કવિતાને આપણે ત્રીજા નેત્રની પ્રસાદી કહીએ છીએ. સંસારીઓને સામાન્ય રીતે જે છે, પણ દેખાતું નથી તેનું અર્થાત્ આત્મતત્ત્વનું અભિજ્ઞાન કરાવતી કબીરની કવિતા આપણી કવિતાનો જ નહીં, આપણી દર્શન પરંપરાનો પણ અમૂલ્ય વારસો ધરાવે છે. સામાન્ય લોકજીવનના સંદર્ભમાં જેને અંધકારયુગ કહેવામાં આવે છે તેમાં કબીર જેવા કવિઓ જ્યોતિર્ધરો બની રહ્યા હતા. ઐહિક જીવનના એ વિનિપાતના કાળમાં પ્રજા હૃદયને ભાવિની આશાઓનું આશ્વાસન સંપડાવીને તેને જિવાડનારા હતા.

જ્ઞાનમાર્ગી કવિઓની કવિતાનો એક મહત્ત્વનો વિષય શાંકર વેદાન્તની વિચારધારા રહ્યો છે. અનેક કવિઓએ આ વિચારને કવિતામાં વિવિધ રીતે નિરૂપ્યો છે, તેનાં ટીકા-વિવરણ કર્યા છે, અર્થઘટનો આપ્યાં છે. શાંકર વેદાન્તનો પાયાનો સિદ્ધાંત તે બ્રહ્મ સત્યં, જગન્મિથ્યા. બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે, એટલે કે તત્ત્વતઃ નથી. પણ એનું આ 'નથીપણું' અનુભવવું સહેલું નથી, કારણ કે એનો હોવાનો આભાસ આપણા જીવપણા સાથે જ આવિર્ભાવ પામ્યો છે. 'જગન્મિથ્યા' સૂત્રનું વિવરણ કરતાં કહેવાયું કે જેમ સ્વપ્નમાં દૃશ્યો દેખાય, ક્રિયાઓ થાય, ઘટનાઓ ઘટે, ભાવો અનુભવાય તે બધું જાગી જતાં અસત્ એટલે કે જૂઠું સમજાય તેમ જગત પણ જગતથી અલગ થતાં મિથ્યા જણાય, ભાસ લાગે, આવું ભાન, આવી જાગૃતિ જીવ માટે સહેલી નથી, બલકે લગભગ અશક્ય છે. તો જગત અને બ્રહ્મ, જીવ અને ઈશ્વર વચ્ચે જ આવરણરૂપ તત્ત્વ છે તે શું છે ? તત્ત્વજ્ઞાનીનો જવાબ છે : માયા. બ્રહ્મભાવની અનુભૂતિમાં માયા જ અવરોધરૂપ છે. આ માયા શું છે ? એ જીવના જીવપણામાં નિહિત એવું તત્ત્વ છે. એને અજ્ઞાન કહો કે અવિદ્યા કહો. બ્રહ્મને છેડેથી જેમાં એ માયા છે ને જીવને છેડેથી જોઈએ તો અવિદ્યા છે. જીવ માટે એ કોઈ બહારથી વળગેલો બાહ્ય પદાર્થ નથી કે એને ખંખેરીને દૂર કરી શકાય. જીવની કહેતાં આપણા સૌની બ્રહ્મભાવની અનુભૂતિ આડેની આ જ મોટી મુશ્કેલી છે, સમસ્યા છે. બ્રહ્મભાવ પામવાના આપણા માર્ગમાં જાણે ઈશ્વરે જ આ આડશ નિર્માણ ન કરી હોય !

કબીરજીએ એમના આ પદમાં માયાને બાજીગરનો ખેલ કહી છે. આ બાજીગરને હરિ, ઈશ્વર પોતે જ ખુદ ઈશ્વરે જ માયારૂપી આ ખેલ માંડ્યો છે

ને એને લીધે જ સત્યજ્ઞાન એટલે કે બ્રહ્મ જ સત્ય છે ને જગત મિથ્યા છે એ જ્ઞાન થતું નથી. પણ પછી આ સંત કવિ કહે છે કે સંતજનો સમજી જાય છે કે આ ખેલ ખોટો છે ને ખેલાડી (ઈશ્વર) જ સાચો છે. કબીરજીનું આ વિધાન જરા વધારે ધ્યાનથી સમજવા જેવું છે. આ સંસાર ખોટો છે ને પરમાત્મા જ સત્ય છે એવું અનુભવવા માત્ર જ્ઞાની થવું જ પૂરતું નથી, સંત થવું આવશ્યક બલકે અનિવાર્ય છે. શાસ્ત્રજ્ઞાનથી વસ્તુ સમજાય, પણ તેની અનુભૂતિ ભાગ્યે જ થાય. આવી અનુભૂતિ માટે તો આપણામાં સંતપણું એટલે કે સંસાર પ્રતિની ઉદાસીનતા ને ઈશ્વરાભિમુખતા જરૂરી છે. પદની અંતની પંક્તિ પણ અત્યંત અર્થગર્ભ છે. કબીરજી કહે છે કે પ્રભુની આ અટપટી બાજીને જે જેવી રીતે સમજે છે તેવી તેની ગતિ થાય છે. અહીં આપણને જ્ઞાની કવિ અખો યાદ આવે. માયાનું વર્ણન કરતાં એક ઠેકાણે એ એવી મતલબનું કહે છે કે માયા તો બહુ કુશળ નદી છે, એની ચાલ બહુ અટપટી છે. એ તો ભગવાન બનીને પણ આવે. તમને લાગે કે તમને ભગવાન મળ્યા, પણ હોય ત્યારે માયા ! માયા છે એવું જાણીએ છતાં માયામાં પુરાયેલા રહીએ એવું બને. એટલે જ તો જીવનમુક્ત થવા માટે સંતપણું જોઈએ, આત્માની જાગૃતિ જોઈએ, સૂઝ જોઈએ, પેલો કવિ કહે છે તેમ 'સૂઝ વિના અંધારું' માયાને જાણીએ તેથી જ નહીં, એનો તિરસ્કાર કરીએ તો જ બ્રહ્મભાવ અનુભવાય.

કબીરજીના આ પદના આરંભના બોલ જ જાણે બ્રહ્મને કે હરિને ઓળખ્યાની પ્રતીતિના બુલંદ ઘોષ જેવા છે. આખું પદ બાજીગર (મદારી)ના કલ્પનનો આશ્રય લઈને રચાયું છે. કબીરને અખા જેવા કવિઓની ખૂબી જ એ છે કે અધ્યાત્મ જેવા ગહન ને અટપટા વિષયને તેઓ લોકપરિચિત, ઘરેલું કલ્પનોને દૃષ્ટાન્તો દ્વારા સામાન્યજનની ચેતનાને અવગત કરાવે છે. આમ કરતાં તેઓ સંસારનો સંસારના અનુભવનો, એ અનુભવમાંથી થયેલા બોધનો પણ એમની કવિતાના ભાવકને આસ્વાદ કરાવે છે જે તત્ત્વવિચારથી સ્વતંત્ર રીતે પણ સંસારી માટે આસ્વાદ બની રહે છે.

*જ્ઞાન સમાગમ પ્રેમ સુખ, દયા ભક્તિ વિશ્વાસ*
*ગુરુ સેવા તે પાઈયેં, સદ્ગુરુ ચરન નિવાસ*

❑

# કબીરનું બૌદ્ધિક સ્તર

ડૉ. અશ્વિની કાપડીઆ
કામરેજ

ભારતના ઇતિહાસમાં ૧૫મી સદી અંધકારયુગનો ભાગ ગણાય છે. રાજકારણ, સમાજજીવન, સંસ્કૃતિ, સાહિત્ય, કળા સર્વ ક્ષેત્રે સ્થગિતતા આવી ગઈ હતી. એવા અંધકાર યુગમાં સંત કબીરનું હોવું એ જાણે ડિબાંગ કાળી અમાસની રાતમાં ઉજ્જ્વળ શુક્રના તેજના હોવા બરાબર છે. કવિઓ અને સંતની ફિલસૂફીનાં મૂળિયા તો સાંપ્રત સમાજમાં હોય છે. કબીરનો સાંપ્રત સમાજ જડ પદાર્થ જેવો સ્થગિત હતો છતાં એ ખૂબ ચેતનાભર્યું સાહિત્ય અને અપાર્થિવ. એવા પ્રભુ માટે ભક્તિ સાહિત્યનું સર્જન કરી શક્યા એ પોતે જ કબીરની આગવી મોઘાવી સર્જનાત્મક બૌદ્ધિક શક્તિનો પુરાવો આપે છે. ૧૪મી સદીના અંતમાં અને મુખ્યત્વે ૧૫મી સદી દરમિયાન પોતાની સર્જનાત્મક પ્રતિભાનો પરચો દેખાડનાર સંત કબીર એક માણસને માણસ તરીકે જ નિહાળતા અને પામતા હતા.

અનેક પંથો, વિવાદો, વહેમો અને કનિષ્ઠ પ્રકારના રીતરિવાજો વચ્ચે જ્યારે ભારતનો સમાજ રચ્યોપચ્યો રહેતો હતો ત્યારે માણસને માણસ તરીકે જોવાની દૃષ્ટિ ઊંચી બુદ્ધિપ્રતિભાનું દર્શન કરાવે છે. સમાજમાં નાના પ્રકારના અનેક પ્રપંચો ખેલાતા હોય ત્યારે સામાન્ય બુદ્ધિ ધરાવતો માણસ એ પ્રપંચોની પરોજણમાંથી મુક્ત થઈ શકતો નથી. બીજી બાજુ ઊંચી સર્જનાત્મક બુદ્ધિપ્રતિભા ધરાવનારા એવા પ્રપંચોથી પર રહીને વિચારે છે. એની અભિવ્યક્તિ કરે છે અને વ્યવહારમાં મૂકે છે. સંત કબીર જીવવા માટે રોજરોજ સખત મહેનત કરતાં ગરીબ કુટુંબમાં ઊછર્યા હતા. ગરીબો પ્રપંચોની પળોજણ ઓછી કરતા હોય છે પણ જીવતા રહેવાના સંઘર્ષ વધારે કરતા હોય છે. સંત કબીર એવા સંઘર્ષોમાં ગૂંચવાઈ ગયેલા કુટુંબમાં ઊછર્યા હતા. તેમને માટે તો એક માણસને માણસ તરીકે જોવાની શક્તિ પ્રાપ્ત કરવી અશક્ય જ હતી. તેઓ તો કહી શક્યા જે એમની ઊંચી સર્જનાત્મક બુદ્ધપ્રતિભાને દેખાડે છે.

આજથી છસો વર્ષ પર સ્વતંત્રતા અને સમાનતાના ભાવ તેમ જ વૈજ્ઞાનિક દૃષ્ટિનો સંપૂર્ણ અભાવ હતો. બંધુતાનો ભાવ કુટુંબ અને કોમ પૂરતો સીમિત હતો. માણસ જ્યારે જન્મ લેતો હતો અને રડી લેતો હતો એટલા સમય માટે જ માણસ

હતો. બાળકની નાળ કાપવામાં આવે ત્યાં સુધી તે માણસ રહેતો હતો. આજે પણ મહદ્અંશે એવી જ પરિસ્થિતિ પ્રવર્તે છે. જન્મતાની સાથે જ માણસને એક યા બીજી કોમની પેદાશ તરીકે ઓળખાય આવતો હતો એને પણ તે રીતે મહદ્અંશે ઓળખાય છે. આમ એક માણસ કદી પણ બીજા માણસ સાથે વાત કરતો જ ન હતો. કોઈ એક પંથી બીજા પંથી સાથે વાતો કરતો હતો ત્યારે કબીરે એવી વાણી ઉચ્ચારી કે જે જ્ઞાતિ જાતિને પંથની દીવાલો કુદાવીને માણસના કાન પર પડે. કબીરની વાણી એટલે જાણે એક માણસ બીજા માણસને કહેતો હોય, સમજાવતો હોય અને માણસાઈભર્યું વર્તન રાખવા સમજાવતો હોય તેવી વાણી છે. ભક્તિરસથી તરબોળ હોવા છતાં કબીરનો ભગવાન કોઈ એક પંથ પૂરતો સીમિત એવો ભગવાન નથી. આથી જ તો એમની વાણી સાંભળી કોમ કોમના ભેદ તોડીને સાચા અર્થના માણસો અને ભક્તો કબીરવાણીના આશિક થયા, અન્યત્ર બને છે તેમ કબીરવાણીથી પ્રભાવિત થયેલા લોકોએ સતત એ તકેદારી તો રાખવી જ પડશે કે અન્ય પંથોની જેમ કબીરવાણીમાં માનનારાઓનો પણ એક સાંકડો અને છીછરો પંથ થઈ ન જાય. અત્યાર સુધી તે કાળજી રાખવામાં આવી છે. તેથી તો મારા જેવીને સમજાયું છે કે કબીર તો એટલી ઊંચી બુદ્ધિપ્રતિભાવાળા હતા કે એમણે પંથો, બનાવો કે માણસના રાગદ્વેષમાં પડ્યા વિના આખરે માણસજાત શું માંગે છે તે મુદ્દાને પકડી શક્યા. પોતાની આ વાત એટલી બધી લોકભોગ્ય ભાષામાં કરી કે જેથી હિંદુ હોય તો હિંદુ, મુસલમાન હોય તો મુસલમાન એક માણસ તરીકે કબીરવાણી તરફ માણસ આકર્ષાયો. આજ કબીરની ઊંચી સર્જનાત્મક બુદ્ધિ-પ્રતિભાનો દાખલો છે.

એમના એક દોહાને અહીં ટાંકું છું.

*'બુઝ બુઝ પંડિત મન ચિત લાય, કબહું ભરલિ બહે કબહું સુખાય...૧*
*ખન ઉખે, ખન ડૂબે, ખન ઔગાહ, રતન ન મિલૈ પાવૈ નહિ થાહ...૨*
*નદિયા નહીં સસરી બહૈ નીર, માછન મહૈ કેવટ રહૈ તીર...૩*
*પોખરિ નહિ બંધલી તહં ઘાટ, પુરાઈન, નહિ કંવલ મૈં બાહ...૪*
*હહિ કબીર ઈ મન કા ધોખ, બૈઠા રહૈ ચલન ચહ ચોખ...૫*

આ દોહામાં કબીર શું કહે છે ? એ કહે છે કે હે પંડિતો, મન તથા ચિત્રને વારંવાર સમજવા પ્રયત્ન કરો. ક્યારેક તે ભરપૂર પ્રવાહે વહે છે તો ક્યારેક તે સુકાઈ પણ જાય છે...૧

ક્ષણમાં ઉપર તો ક્ષણમાં નીચે ડૂબી જાય છે અને ક્ષણમાં અવગાહન કરે છે. તોપણ તેને સાચા સુખનું મોતી પ્રાપ્ત થતું નથી...૨

(નદી તો બહારના પાણીથી વહેતી હોય છે તેથી) આ મનની નદીને નદી ન કહેવાય. એ તો સતત વહ્યા જ કરતી હોય છે. એમાં બહારથી પાણી આવતું નથી. એમાં માછલાં તરતાં પણ નથી અને જીવ રૂપી કેવટ તો કિનારા પર જ બેસી રહે છે...૩

તેવી જ રીતે તે તળાવ પણ નથી છતાં તેને ફરતે બાંધી દેવામાં આવ્યું છે. તેમાં કમળની વેલ નથી છતાં પણ કમળમાં પ્રવેશવા (ભમરાની માફક) પ્રયત્ન કર્યા કરે છે...૪

માટે કબીર કહે છે કે તો મનનો ભમ્ર છે. તે બેસી રહીને જ સિદ્ધિ સ્થાને પહોંચી જવા માંગે છે...૫

આમ કબીર કહે છે કે જીવનના નાના નાના પ્રસંગોમાં ખોવાઈ ન જાવ પણ માણસે જ્યાં પહોંચવાનું છે તે સિદ્ધસ્થાનને જ કેન્દ્રમાં રાખો. આ માટે સંત કબીર બીજા બધાને નહીં પણ પોતાના જ મન અને ચિત્તને વારંવાર સમજવાનો પ્રયત્ન કરવા જણાવે છે. અહીં મને જીસસ ક્રાઇસનું 'Know thyself' યાદ આવી જાય છે. સંત કબીરે ક્રાઈસને જાણ્યા વિના સ્વતંત્રપણે જો એ કહ્યું હોય તો એ કેટલી ઊંચી બુદ્ધિપ્રતિભાવાળા હતા તે સમજાય તેવું છે. આમ ભક્તિરસમાં તરબોળ સંત કબીર ભક્તિની સાથે જે ઘેલાપણું આવે છે તેનાથી મુક્ત રહીને માનવજાત માટે ખૂબ જરૂરી એવી વાતો કહી શક્યા છે.

આવો જ એક બીજો દોહો પણ જોઈએ.

*'કાસોં કહોં કો સુને કો પતિથાય, ફુલવા કે છુવત ભંવર મરિ જાય !...૧*
*ગગનમંડલ મંહ ફૂલ એક ફૂલા, તરિ તૌ ડાર ઉપરિ ભૌ મૂલા...૨*
*જોતિયે ન બોઈયે સિંચયે ન સોઈ, ડાર ન પાત ન ફૂલ એક હોઈ...૩*
*ફૂલ ભલ ફૂલલ માહિની ભલ ગાંથલ, ફૂલવા વિનમિ ગૌં ભંવરનિરાસલ...૪*
*કહિ કબીર સુનહુ સંતો ભાઈ, પંડિત જન ફૂલ રહલ લુભાઈ...૫*

એટલે કે, બધી વાત હું કોને કહું ? સાંભળશે પણ કોણ ? કોણ વિશ્વાસ કરશે ? એક ફૂલ જેવું છે કે તેને સ્પર્શ કરતાં જ ભ્રમર મરી જાય છે...૧

ગગનમંડળમાં એક ફૂલ ખીલ્યું છે કે જેની ડાળીઓ નીચે ફેલાયેલી છે ને જેના મૂળ ઉપર ગગનમંડળમાં જ છે !...૨

એક ફૂલ એવું છે કે જેને વાવવું નથી પડતું, બીજ રોપવું નથી પડતું ! તેને ખરેખર ડાળ પણ નથી ને પાન પણ નથી !...૩

તે ફૂલ સારું ખીલેલું લાગવાથી માયારૂપી માલિનીએ તેને ગૂંથી લીધું છે. તે એની જાતે કરમાયું ત્યારે જીવરૂપી ભમરો ખૂબ જ નિરાશ થયો !...૪

કબીર કહે છે કે હે સંતો, પંડિતરૂપી ભમરો પણ વિષયરૂપી ફૂલોમાં લોભાતો હોય છે !...પ

સામાન્ય રીતે ફૂલની ઉપમા સતકર્મો અને શુભ કાર્યો માટે લેવાય છે. પરંતુ આ દોહામાં સંત કબીરે ફૂલને વિષયવાસના સાથે સરખાવ્યું છે, જે એમની વિલક્ષણ સર્જનશક્તિ દર્શાવે છે. પંડિતનો ઉલ્લેખ કરી પંડિત અને સંત વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો છે. વિષયવાસનાથી અલિપ્ત રહે તે સંત માહિતી અને જ્ઞાન ધરાવનાર પંડિત. એવા પંડિતો જ્ઞાન ધરાવતા હોય તો પણ વિષયવાસનામાં ફસાઈ જાય એવી શક્યતા તરફ કબીરે ભક્તોનું ધ્યાન દોર્યું છે. પંડિતાઈનું ફૂલ આકાશમાં ભલે ખીલ્યું હોય પણ જો તેની ડાળી નીચે ફેલાતી હોય ને મૂળ આકાશમાં જતા હોય એટલે કે વૃક્ષ ઊર્ધ્વમૂલ હોય તો એવા ઊંધા વૃક્ષવાળો પંડિત વાસનામાં ચોક્કસ જ ફસાય એવું કબીર કહે છે. ઊર્ધ્વમૂલની ઉપમા સંત કબીરની કેટલી ઊંચી સર્જન શક્તિનો ખ્યાલ આપે છે. આમ સંત કબીર પંડિતાઈ ઉપરાંત સંતના નિષ્કામ યોગને પણ જરૂરી સ્થાન આપે છે.

સંત કબીરની ઊંચી સર્જનાત્મક બુદ્ધિને હું પારખી શકું છું કારણ કે ઊંચી બુદ્ધિપ્રતિભાવાળા અંગ્રેજીમાં 'I' છે. તેમના પહેલા ઉપર પોતાની બુદ્ધિશક્તિ કેન્દ્રિત કરે છે. આ ત્રણે આ પ્રમાણે છે (૧) Issue (2) Incident (3) Individual. Issue શબ્દ મૂળભૂત તત્ત્વને પકડે છે. મૂળભૂત તત્ત્વ માટે છે. Incident શબ્દ બનાવોને સૂચવે છે જ્યારે Individual શબ્દ માણસ અભિવ્યક્તિ માટે તેમ જ કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ માટે વ્યક્તિને કેન્દ્રમાં રાખે છે. ગાંધીએ કહ્યું હતું કે પાપીને નહીં પણ પાપનો તિરસ્કાર કરો. ગાંધીજીએ આમ પોતાની ઊંચી બુદ્ધિપ્રતિભાનું દર્શન કરાવ્યું હતું. તેમને અંગ્રેજો સામે ગુસ્સો ન હતો પણ ગુલામી સામે ગુસ્સો હતો. તેથી જ તો અનેક અંગ્રેજો તેમના પરમ મિત્રો હતા. ગાંધીજીના સાંપ્રત એવા કેટલાક માણસો અંગ્રેજો પરત્વે ગુસ્સો રાખતા હતા અને અંગ્રેજોને મારી નાંખતા હતા. અંગ્રેજો મરતા હતા પણ ગુલામીમાંથી મુક્તિ મળતી ન હતી. ગાંધીજી એનાથી પર રહીને દાંડીના દરિયાકિનારે એક મૂઠી મીઠું ઊંચકીને અંગ્રેજ શાસનને ધ્રુજાવી શક્યા હતા. સંત કબીર પણ આ જ કારણસર પોતાના દોહામાં આ કે તે વ્યક્તિ, તે વખતનાં દેવ-દેવીઓ કે તે વખતના ભગવાનોના નામોલ્લેખ કર્યા વિના અસંખ્ય દોહા રચી શક્યા. વ્યક્તિને કેન્દ્રમાં રાખનારાઓ શ્વાનબુદ્ધિથી ઓળખાય છે. શ્વાન એટલે કે કૂતરો. એકનિષ્ઠ પ્રકારની બુદ્ધિ ધરાવે છે તેથી કોઈક તેને પથ્થર મારે છે ત્યારે તે પથ્થરને કરડે છે. પથ્થરને કરડતા તેના દાંતમાંથી લોહી નીકળે છે. પથ્થર પર લોહી પડે છે. કૂતરો તે ચાટે અને માને છે કે તે દુશ્મનને ખતમ કરી રહ્યો છે. વ્યક્તિલક્ષી વ્યવહાર કરનારાઓ

આમ કૂતરા જેવા હોય છે. સંત કબીર આ કારણસર વ્યક્તિને મહત્ત્વ આપતા ન હતા.

વ્યક્તિલક્ષી બુદ્ધિ ધરાવનારા કરતા કંઈક ઊંચી પણ મધ્યમ પ્રકારની બુદ્ધિ ધરાવનારાઓ બનાવને કેન્દ્રમાં રાખી વ્યવહાર કરતા હોય છે. વાણી ઉચ્ચારતા હોય છે. જે ગઈકાલે બન્યું તે આવતીકાલે બનવાનું જ છે એવું આ લોકો માનતા હોય છે. ગઈ કાલે જો કોઈ એક કોમના આગેવાને બીજી કોમના માણસને મારી નાખ્યા હોય તો એ બનાવમાંથી મધ્યમ પ્રકારની બુદ્ધિ ધરાવનારાઓ આવતીકાલે પણ એના જુલ્મો થશે તેવું માનીને કોમ કોમ વચ્ચે ઝેર ફેલાવતા હોય છે. આ લોકો ભૂલી જાય છે કે વ્યક્તિ અને સમાજ ભૂતકાળમાં પાછા જતા નથી પણ ભવિષ્યમાં આગળ વધે છે. સંત કબીર આ બાબત બરાબર સમજતા હતા તેથી તેમના દોહાઓમાં બનાવોના વર્ણનને ઓછું સ્થાન છે પરંતુ કુદરત તેમ જ માણસના અનેક સર્જનોને ઉપમા તરીકે સ્વીકારે છે. ઉપરના જ બંને દોહાઓમાં મોતી તો મોતી અને ફૂલ તો ફૂલ માત્ર ઉપમા તરીકે લીધા છે. આમ સંત કબીર બનતા બનાવોના વિવરણમાં ભૂલા પડી જતા નથી.

સંત કબીર 'Issue' એટલે કે તત્ત્વને જ પકડે છે. પકડ્યા પછી છોડતા નથી. તેની મીમાંસા કરે છે. મૂળ ધંધો વણકરનો હતો તેથી વણાટકામ આસપાસ જે વ્યક્તિઓ, સધનો, પ્રક્રિયાઓ અને બનાવો બનતા હોય છે તે તેમના દોહામાં ઉપમા થઈને વારંવાર આવે છે. કાપડ વણવાની શાળની ચાલ સાથે તાલ મિલાવીને તેમણે અનેક દોહા બનાવ્યા છે. જુઓ આ એક દોહો :

*'જોલહા બીનહુ હો હરિનામ, જા કે સુરનર મુનિ ઘટે ધ્યાના*
*તાના તનૈકો અજુઠા લીન્હૌ, ચરખી ચારિહુ બેઠા ...૧*
*સર મૂંટી એક રામાનારાયન, પૂરન પ્રગટે કામા*
*ભવસાગર એક કઠવત કીન્હૌ, તા મંહ માંડી સાવા ...૨*
*માડી કે તન રહા હૈ, માડ બિરલે જાના*
*ચાંદ સુરજ દુઈ ગોડા કીન્હૌ, માઝ દીપ કિયા માઝા ...૩*
*ત્રિભુવન નાથ જો માજન લાગે, શ્યામ મુરાટિયા દીન્હા ...૪*
*પરઈ કરી જબ ભરના લીન્હૌં, વે બાંધે કો રામ*
*વૈ ભરા તિહું લોકહિ બાંધે, કો ન રહત ઉબાના ...૫*

(કબીરવાણી : ઑક્ટોબર, '૯૯)

❑

# કબીર સાહિત્ય : ઉદાત્ત અંશો

રતિલાલ સાં. નાયક
અમદાવાદ

ભારત સંતોની ભૂમિ છે. ચૌદમી સદીની વાત છે. ઈ.સ. ૧૩૯૮માં સંત કબીરનો જન્મ કાશીમાં થયો હતો. એક નારીએ અજાણ રહીને તેમને જન્મ આપીને કાશીના લહર તળાવના એક મોટા કમળપત્ર પર ગુપચુપ મૂકી દીધા હતા.

સૂતર ધોવા આવેલા ઝુલૈયા જાતિના નીમા નામના મુસલમાન વણકરની નજરે આ બાળક પડ્યો ને એણે એને ઉપાડી લીધો. પોતે અપુત્ર હોવાથી બાળકને લાવીને પત્ની નીરુને સોંપ્યો. નીરુએ એને સ્વીકાર્યો ને હાજીઓની સલાહ લઈ એનું નામ કબીર પાડવામાં આવ્યું.

મુસલમાન વણકરને ત્યાં ઊછરવા છતાં કાશીમાં રહેવાને કારણે કબીર મોટે ભાગે 'રામ' અને 'હરિ' શબ્દ બોલતા અને થોડા વખતમાં તેમણે ગુરુ કરવા રામાનંદ નામના એ વખતના પ્રસિદ્ધ સંન્યાસીની મુલાકાત પણ માંગી. એ પ્રસંગ આમ બન્યો : કબીર મુસલમાન માતાપિતાને ત્યાં વણકરનું કામ કરતા. એક મેઘલી રાતે એ આંગણામાં બેઠા હતા ને મોટો વીજ-કડાકો થયો. એ સાથે જાણે અવાજ સંભળાયો : 'ગુરુનું શરણ સ્વીકારો.'

સ્વામી રામાનંદનો આશ્રમ નજીકમાં જ હતો. સ્વામીજી રોજ વહેલી સવારે ગંગાસ્નાન માટે કબીરના ઘર પાસેથી જ નીકળતા. આજે કબીર સ્વામીજીના માર્ગમાં આડા પડીને સૂઈ ગયા. અંધારાને લઈ સ્વામીજીને ખ્યાલ ન રહ્યો ને એમનો પગ કબીરના કાન સાથે જોરથી અથડાયો.

કબીરે ઊભા થઈ જઈ એ પગ પકડી લઈ કહ્યું : 'આપના પગની લાત મારા કાનના પડદાને તોડી છેક હૃદય સુધી પહોંચી ગઈ છે. આપે આ રીતે મંત્ર ફૂંક્યો જ છે ને લાત પ્રહારથી અંતરના પડદા ઉઘાડ્યા જ છે તો હવે મારા ગુરુ બનીને જ રહો.'

રામાનંદે કબીરનો શિષ્ય તરીકે સ્વીકાર કર્યો. કાશીના સનાતનીઓ આમ એક મુસલમાન હિંદુ શિષ્ય બને એથી પહેલાં તો ખૂબ નારાજ થયા, પણ

સ્વામીજીએ ધીમે-ધીમે એમને સાચી સમજણ આપી. અલબત્ત, કબીર શિષ્ય બન્યા પણ હોઠે નામ તો ઈશ્વર-અલ્લા બેઉનું લેતા – રામરહિમ વચ્ચે એમને કશો ભેદ ન હતો.

ત્રીસેક વર્ષની ઉંમરે એક ઝૂંપડી આગળથી પસાર થતાં લોઈ નામની ઝૂંપડીવાસીએ એમનું સ્વાગત કર્યું. સ્વાગતમાં દૂધનો કટોરો લાવીને સામે ધર્યો. કબીરે કહ્યું : 'હું હાલ આ કટોરાનો ઉપયોગ નહિ કરું. સામા કિનારેથી કોઈક સાધુ આવી રહ્યા છે એમ મને અંતરમાં ભાસ થાય છે. હું પીતો હોઉં ને એ તરસી નજરથી મને જોઈ રહે એ કેમ ચાલે ?'

'તેમને હું બીજો કટોરો ભરી આપીશ' એમ પેલી સ્ત્રીએ કહ્યું. પણ કબીરે રાહ જ જોઈ અને થોડીક જ પળોમાં પેલા સાધુ આવ્યા. એમને એ કટોરો અપાવી પોતે બીજો કટોરો મંગાવી એનું જ દૂધ પીધું.

કબીરની આવી અગમશક્તિ અને સમજણ શક્તિથી એ સ્ત્રી કબીર સાથે ચાલી નીકળી. લોઈ એ રીતે કબીરના ઘરમાં આવીને રહી. કબીર ઘરબારી થયા. આ સ્ત્રીથી એમને કમાલ નામે પુત્ર અને કમાલી નામે પુત્રી પણ થયાં.

કમાલી એક વેળા કૂવે પાણી ભરતી હતી. હરપાલ નામે એક બ્રાહ્મણ પંડિત તરસને કારણે રોકાયા ને કમાલીએ પાણી પાયું. પણ એ પછી એ મુસલમાન વણકર છે જાણી ખેદ પામ્યા. વાત કબીર પાસે આવી. કબીરે કહ્યું : 'પંડિત ! તમે જે પાણી પીવાથી વટલાયા માનો છો એ પાણીમાં શું શું હોય છે એ જાણો છો ? એમાં માછલાં, દેડકાં, લોહી, ક્ષાર, સડેલી વનસ્પતિ અને મૂએલાં જીવજંતુ એવું બધું ભળેલું હોય છે, પછી અભડાવાનું ક્યાં રહ્યું ? કાળદેવતા કરોડો પ્રાણીઓના સંહાર કરી જેમનાં મડદાં જ્યાં નાંખે છે એ ધરતીની જ માટીથી બનેલા પ્યાલાથી તમે પાણી પીધું એ માટીથી અભડાવાનું જો ન થતું હોય તો અમારા પાણીથી વટલાવાનું ક્યાં રહ્યું ?'

કબીર આગળ બોલ્યા, 'જમતી વખતે તમે પહેરેલાં કપડાં બદલો છો પણ ધોતી તો ચાલુ જ રાખો છો જે વણકરે બનાવેલ હોય છે એનું કેમ ? વળી અનેક ગંદી ચીજો પર ઊઠી બેસી તમારા જમવાના ભાણા પર માખી આવી બેસે છે તેથી તમારું ભોજન અભડાતું નથી ને આ કમાલીથી અભડાય છે ?'

પંડિત એથી છોભીલા પડ્યા એટલું જ નહિ પાછળથી એ જ કમાલી સાથે લગ્નથી જોડાયા અને એ બંનેથી શરૂ થયેલો વંશ કબીર વંશ કહેવાયો.

આગળ જતાં કબીર પોતાના ક્રાંતિકારી વિચારો વધુ ને વધુ ફેલાવતા રહ્યા. એમાં હિંદુ મુસલમાનના ભેદભાવ ઉપર જબરા ચાબખા લગાવતા રહ્યા. પરિણામે

હિંદુ તેમ જ મુસલમાન બેઉમાંથી જે રૂઢિચૂસ્ત હતા તે રોષે ભરાયા. એવાઓમાંથી કેટલાકે દિલ્હીના સુલતાન સિકંદર લોદીને કબીર વિરુદ્ધ ભરમાવ્યા. સુલતાને શિક્ષા કરવા કબીરને હજુરમાં હાજર થવા ફરમાન છોડ્યું.

કબીરે સુલતાનને એમના દરબારીઓ બેઠા હતા ત્યાં હાજરી આપી પણ દાખલ થતાં સુલતાનને સલામ ન કરી. સુલતાને ક્રોધે ભરાઈ એનું કારણ પૂછ્યું તો કબીરે કહ્યું : 'સલામ તો પીર ને ભરાય અને પીર તો તે કહેવાય જે બીજાની પીડ જાણતા હોય.'

'હું બીજાની પીડ નથી જાણતો એની શી ખાતરી ?' સુલતાને પૂછ્યું.

કબીરે કહ્યું : 'એનો જવાબ મેં હમણાં જ એક તમાશો જોયો એ વાતને આધારે આપું :

*બુંદ સમાની સમુદ્ર મેં*
*જાનત હૈ સબ કોઈ,*
*સમુદ્ર સમાયા બુંદ મેં*
*બુઝે વીરલા કોઈ.*

(બિંદુઓ સમુદ્રમાં સમાયાં છે એ વાત તો સૌ જાણે છે પણ બિંદુમાં સિંધુ સમાયો છે એ વાત કો વીરલા જ સમજી શકે છે.) શાહ ! સમુદ્રના આ વિશાળ પટ જેવી આ ધરતી ઉપર અસંખ્ય પશુપંખી તથા માણસો ફરી રહ્યાં છે. તે સૌ પાણીના બિંદુ જેવી આંખની કીકીમાં સમાઈ જાય છે. શું એવો અનુભવ આપને નથી થતો ?'

સિકંદર લોદી આ જવાબથી ખુશ થયા અને એમણે કબીરને શિક્ષા કર્યા વિના છોડી મૂકવા હુકમ કર્યો.

પણ વિરોધીઓ એમ હાર શાના સ્વીકારે ? એમણે હાજીઓને ઉશ્કેર્યા કે 'કબીર લોકોમાં પોતાને ઈશ્વર ગણાવી પૂજા કરાવરાવે છે.' એટલે કાજીઓએ સુલતાનને ઉશ્કેરી કબીરને દેહાંત દંડની સજા ફરમાવરાવી. કબીરને હાથેપગે બેડીઓ જડી નદીમાં ડુબાડી દેવાયા.

કબીરનું સત તેમની વહારે આવ્યું ને નદીમાંના કોઈ ખડકથી (માનો કે ચમત્કારથી) બેડીઓ તૂટી ગઈ ને કબીર વ્યાઘ્રચર્મ પર બેસી તરતા તરતા બહાર આવ્યા. વિરોધીઓએ કહ્યું : 'કબીર તો જાદુગર છે માટે તેમને જીવતા ન છોડો.' સુલતાને ગાંડો હાથી છોડાવરાવી કબીરનો જીવ લેવરાવવા હુકમ કર્યો અને તેમાંય કબીર હેમખેમ બચી ગયા. સુલતાને માફી માગી.

કબીર હવે મુક્ત રીતે ઉપદેશ કરતા રહ્યા.

કબીરના ઉપદેશના ઉદાત્ત અંશો જોઈએ.

તેમની મુખ્ય વાત એ હતી કે ઈશ્વર એક છે અને સર્વત્ર વ્યાપક છે. તે આપણા શરીરમાં અખંડ જ્યોતિના રૂપે પ્રકાશે છે. ઈશ્વરને જાણવા સારુ અભ્યાસ, શરીરશ્રમ અને પવિત્ર આચરણની જરૂર છે. માંસદારૂ છોડવાં, જીવહિંસા ન કરવી, ઊંચનીચનો ભેદ મિથ્યા માની સમાનભાવે વર્તવું.

કબીરે દુહા અને સાખીઓ દ્વારા આ વાતો પ્રચારમાં મૂકી. એમનો ઉપદેશ 'કબીરવાણી' કહેવાયો.

એ ઉપદેશ કેવો હતો તે જોઈએ.

*'કબીર કહે કમાલ કુ*
*દો બાતાં લિખ લે :*
*કર સાહેબકી બંદગી*
*ભૂખે હુ કુછ દે !'*

(કબીર કમાલને બે વાતો લખી લેવા કહે છે : ઈશ્વરની બંદગી કર અને ભૂખ્યાને ભોજન આપ.)

*પાની બાઢો નાવ મેં,*
*ઘર મેં બાઢો દામ*
*દોનો હાથ ઉલેચિયે*
*યહી સયાનો કામ.*

(નાવમાં પાણી ભરાય અને ઘરમાં ધન ઊભરાય ત્યારે બેય હાથે ઉલેચવા લાગવું એ સમજુંનું કામ છે)

*ગહના એક કનક તેં ગહના,*
*ઇન મહીં ભાવ ન દૂજા*
*કહન સુનન હો દુ હરિ થાપે,*
*સોઈ નમાજ સોઈ પૂજા.*

(સોનું એક છે. ઘરેણાંનાં નામ જુદાં જુદાં છે. તમારે કહેવા-સાંભળવા ભલે બે ભગવાન હોય અને નમાજ તથા પૂજા જુદાં હોય પણ બધું એક જ છે.)

*નિંદક નિયરે રાખીએ,*
*આંગન કુટી છવાય*
*બિન પાની સાબુન વિના,*
*નિર્મલ કરે સુભાય.*

(નિંદા કરનારને નિત્ય પાસે રાખીએ. આંગણામાં ઝૂંપડી બાંધીને રાખીએ, કારણ કે પાણી અને સાબુ વિના આ બંને મનનો મેલ ધોઈ નાખે છે)

*સાચ બરાબર તપ નહિ*
*જૂઠ બરાબર નહિ પાપ*
*જાહે હિરદે સાચ હૈ*
*તા હિરદે હરિ આપ.*

(સત્ય જેવું તપ નથી, જૂઠ જેવું પાપ નથી. જેના હૃદયમાં સત્ય વસે છે ત્યાં હરિ વસે છે.)

કાશીના રાજા પણ કબીરને પોતાના ગુરુ માનવા લાગ્યા અને ઘણો મોટો શિષ્ય સમુદાય જામતો ગયો. પણ કબીર સાદાઈને અને ધ્યાનને વળગી રહ્યા.

એકસો વીસ વર્ષનું આયુષ્ય થયું. અંત વેળા પાસે આવી એટલે એમણે પોતાને કાશીથી મગહર સ્થળે લઈ જવા કહ્યું. શિષ્યે પૂછ્યું : ‘લોકો મરણ વેળા કાશી આવે અને તમે કેમ દૂર જાઓ છો ?’

કબીરે કહ્યું : ‘મારે મન કાશી અને મગહર સરખાં છે. મનુષ્યની ગતિ તેનાં કર્મ મુજબ થાય છે.’

મગહરમાં મઠમાં બે કમળનાં ફૂલ અને ચાદર લઈ દાખલ થયા ને દરવાજો બંધ કરાવ્યો. મઠમાં પ્રાણ છોડ્યા.

મગહરમાં મઠમાં બે કમળના ફૂલ ફૂલો જ બાકી હતાં. હિંદુઓએ અડધાં લઈ અગ્નિદાહ આપ્યો અને મુસલમાનોએ અડધાં ફૂલ દાટીને ચાદર ઓઢાડી. અગ્નિદાહના સ્થળે સમાધિ અને દફનસ્થળે મકબરો બન્યાં.

માગસર મહિનામાં મગહરમાં સૌ મેળારૂપે એકઠા મળી કબીરને યાદ કરે છે.

(કબીરવાણી : જાન્યુઆરી, ’૯૯)

❑

# કબીર વિચારધારા

પ્રા. ડૉ. રેખા ટી. ભટ્ટ
સુરત

કબીરજી એટલે હિન્દુ-મુસ્લિમનો સુભગ સમન્વય. તેમના જીવનમાં હિન્દુ-મુસ્લિમ તત્ત્વજ્ઞાનનો સમન્વય સહજ રીતે જ થયેલો જોઈ શકાય છે. જન્મથી હિન્દુ અને પરવરીશ મુસ્લિમ, એમાં પણ બે સંસ્કૃતિના સમન્વયનું જ દર્શન થાય છે ને ? હિન્દુ અને મુસ્લિમ બંનેના પથદર્શક એવા કબીર સંત તો હતા જ. પરંતુ તેમને સંતકવિ તરીકે ઓળખીએ તો વધુ યોગ્ય કહેવાય. સમાજને સાચે માર્ગે દોરનાર, ભારતીય સંસ્કૃતિને જીવંત રાખનાર એવા કબીર જન્મથી જ વિદ્રોહી, સમાજસુધારક, દાર્શનિક અને વિચારક હતા તેથી જ તેમની વાણી દિવ્ય અને ભવ્ય હતી. તેમની કટાક્ષસભર વાણીથી ધર્મ પર ચડેલ અજ્ઞાનના પડળો દૂર કરવાનો તેમનો પ્રયત્ન હતો.

કબીર તેમના સમયના એક સાચા લોકપ્રતિનિધિ હતા. તેઓ સ્પષ્ટવક્તા, નિર્ભય અને વિનયી હતા. દંભ ને પાખંડ વિરુદ્ધ તેમણે હંમેશા અવાજ ઉઠાવ્યો હતો. તેઓ બહારથી જેટલા કઠોર દેખાતા હતા અંદરથી એટલા જ કોમળ હતા. સમાજની એકતા અને અખંડતા માટે તેઓ પ્રયત્નશીલ રહ્યા હતા.

કબીરનો ધર્મ ભક્તિ અને પ્રેમ જ હતો. તેમને વિશ્વાસ હતો કે માનવીને સાચું સુખ ને શાંતિ ફક્ત પ્રેમમાં જ મળશે. કબીર નિરાભિમાની હતા. તેઓ માનતા કે અહંકાર નિર્મૂળ થાય તો જ પ્રભુદર્શન થાય, કણ કણમાં વસતા ઈશ્વરની અનુભૂતિ થાય અને એટલે જ ઈશ્વરને કહે છે :

*'જબ મૈં થા તબ તું નાંહિ,*
*અબ તું હૈ મૈં નાંહિ.'*

સંપૂર્ણ સમર્પણની આત્મસમર્પણની ભાવના પણ એ ફક્ત ઈશ્વર તરફ જ...

*મેરા મન સુમરે રામ કો*
*મનમેં રામ સમાય,*

*મનહિ જબ રામ હો રહા*
*તો શિશ નમાવું કાય ?*

ભગવાન પાસે અનન્ય ભાવથી શરણાગતિ ચાહે છે. સ્વાર્થ વગરનો, કોઈ પણ શરત વગરનો, માંગણી કે મહેચ્છા વગરનો પ્રેમ. મારામાં મારું જ નથી એવી ભાવના તેમના હૃદયમાં હતી.

*મેરા મુઝમેં કુછ નહીં,*
*જો કુછ હૈ સો તેરા*
*તેરા તુઝકો સોંપ દિયા*
*ક્યા લાગે હૈ મેરા.*

પ્રભુ પ્રેમ અને નામસ્મરણ સિવાય સંસારમાં બીજું કંઈ જ સત્ય નથી. જે કંઈ છે તે બધું ઈશ્વરે આપેલું છે. તેથી તેણે આપેલું તેને જ સોંપી દઈને નિશ્ચિત થઈને રહેવાની વાત કરી છે. પરમાત્માની ભક્તિ કરવા માટે જ મળેલું આ જીવન વેડફાઈ ન જાય તે માટે કબીરજીએ ચેતવણી પણ આપી છે.

*લૂંટ સકે તો લૂંટ લે,*
*રામ નામ નીત લૂંટ*
*અંત સમય પસ્તાયેગા*
*જબ તન જાયેગા છૂટ.*

મનુષ્ય કંઈક મેળવવા, પામવા માટે પ્રયત્નશીલ હોય છે. ધ્યેય પ્રાપ્તિ એ જ તેનું લક્ષ્ય હોય છે. કબીરજી કહે છે કે લૂંટી શકાય તો લૂંટી લે, રામ નામની લૂંટ કરી લે કેમ કે તારી પાસે સમય ઘણો જ ઓછો છે ત્યારે લૂંટવામાં મોડું થાય તો સમય સરી જશે અને અંત સમયે જ્યારે તારું શરીર તને સાથ નહીં દે ત્યારે પસ્તાવાનો વારો આવશે. માટે સમયનો સદ્ઉપયોગ કરી જીવન સાર્થક કરી લે.

*યા તન ધન કી કૌન બડાઈ*
*દેખત નૈન માટી મિલિ જાઈ.*

આ શરીર તો નાશવંત છે, માટીમાં મળી જવાનું છે. તેથી તેનો અહંકાર કરવો, ગર્વ કરવો, તેની માયા રાખવી નકામી છે. પંચમહાભૂતનું બનેલું આ શરીર

પંચમહાભૂતમાં જ મળી જવાનું છે, સંસારની માયા સંસારમાં રહીએ ત્યાં સુધી જ છે. તેથી જ કબીરે કહ્યું છે કે :

*'કહત કબીર સુનો મેરે મુનિયાઁ*
*આપ મુએ ફિર ડૂબ ગઈ દુનિયાઁ*

સંસારના તમામ બંધન સંસારમાં હોય તેને માટે જ હોય છે. આપ મૂઆ પછી દુનિયા ડૂબી જાય છે. દુન્યવી બાબતની કોઈ જ અસર જો રહેવાની જ ન હોય તો તેની પરવા કરવાની શું જરૂર છે ?

જ્યારે જ્ઞાનની આંધી ફૂંકાય ત્યારે માયાનો વંટોળ ઊડી જાય અને બધો ભ્રમ પણ ભાંગી જાય છે. માયાનાં પડળો દૂર થતાં જ જીવ બ્રહ્માંડના ખેલને પામી જાય છે.

*આંધી આયેગી જ્ઞાનકી, હેગી ભરમકી ભીતિ,*
*માયા ટાટી ઊડી ગઈ લગી નામસે પ્રીતિ.*

પરમતત્ત્વને પામી ગયેલા, મેળવી ચૂકેલા કબીરની વાણીમાં તેમની અનુભૂતિનું સાક્ષાત્ દર્શન થાય છે ત્યારે વાણી મૌન બની જાય છે.

*'મન મસ્ત હુઆ તબ ક્યા બોલે*
*હીરા પાયો ગંઠ ગઠિયાયો.'*

પ્રભુરૂપી હીરાની પ્રાપ્તિ સાથે જ કબીરનું મન મસ્ત બની નાચવા લાગે છે. કબીરના હૃદયમાં, નયનમાં સમયે જ્યારે તારું શરીર તને સાથ નહીં દે ત્યારે પસ્તાવાનો વારો આવશે માટે સમયનો સદ્ઉપયોગ કરી જીવન સાર્થક કરી લે.

*યા તન ધન કી કૌન બડાઈ*
*દેખન નૈન માટી મિલિ જાઈ.*

આ શરીર તો નાશવંત છે, માટીમાં મળી જવાનું છે તેથી તેનો અહંકાર કરવો, ગર્વ કરવો, તેની માયા રાખવી નકામી છે. પંચમહાભૂતનું બનેલું આ શરીર પંચમહાભૂતમાં જ મળી જવાનું છે. સંસારની માયા સંસારમાં રહીએ ત્યાં સુધી જ છે. તેથી જ કબીરે કહ્યું છે કે :

*કબીર સુનો મેરે મુનિયાઁ*
*આપ મૂએ ફિર ડૂબ ગઈ દુનિયાઁ.*

સંસારના તમામ બંધન સંસારમાં હોય તેને માટે જ હોય છે. આપ મૂઆ પછી દુનિયા ડૂબી જાય છે. દુન્વયી બાબતની કોઈ જ અસર જો રહેવાની ન હોય તો તેની પરવા કરવાની શું જરૂર છે ?

જ્યારે જ્ઞાનની આંધી ફૂંકાય ત્યારે માયાનો વંટોળ ઊડી જાય અને બધો ભ્રમ પણ ભાંગી જાય છે. માયાના પડળો દૂર થતાં જ જીવ બ્રહ્માંડના ખેલને પામી જાય છે.

*આંધી આયેગી જ્ઞાનકી, ટહેગી ભરમકી ભીતિ,*
*માયા ટાટી ઊડી ગઈ લગી નામસે પ્રીતિ*

પરમતત્ત્વને પામી ગયેલા, મેળવી ચૂકેલા, કબીરની વાણીમાં તેમની અનુભૂતિનું સાક્ષાત દર્શન થાય છે ત્યારે વાણી મૌન બની જાય છે.

*મન મસ્ત હુવા તબ કયા બોલે*
*હીરા પાયો ગાંઠ ગઠિયાયો.*

પ્રભુરૂપી હીરાની પ્રાપ્તિ સાથે જ કબીરનું મન મસ્ત બની નાચવા લાગે છે. કબીરના હૃદયમાં, નયનમાં સમાયેલા રામનાં દર્શન તેમના પદો દ્વારા ભાવકોને પણ થાય છે.

કબીરનો ઉપદેશ બિલકુલ સરળ હતો. તેઓએ કહ્યું છે :

*કબીર કહે કમાલકુ, દો બાંતા લિખ લે*
*કર સાહેબકી બંદગી, ભૂખે કો કુછ દે.*

પ્રભુની ભક્તિ, બંદગી, જીવનમાં બહુ જરૂરી છે તેથી કબીર કમાલને આ સલાહ આપે છે કે તું જીવનમાં બે વાત લખી લે : સતત નામસ્મરણ, બંદગી કર અને ભૂખ્યા અને જરૂરતમંદ લોકોને અન્ન આપ, જમાડ.

કબીરજી તેમની આજુબાજુના સમાજ-માનવીઓ વચ્ચે માણસ થઈને જ જિંદગી જીવ્યા હતા. જિંદગીનું સાચું જીવનદર્શન એમને જીવતા-જાગતા-ઝઘડતા-પ્રેમ કરતાં સમાજમાંથી જ થયું હતું.

કબીરે તેમના જીવનમાં કદી લખ્યું નથી. એ પદમાં તેમણે પોતે જ કહ્યું છે 'મસિ કાગદ છૂઆ નહીં...' એમની મૌખિક વાણી પદ સ્વરૂપે આપણને મળી

છે. તેમના પદોમાં પરમાત્માની વાણીની અનુભૂતિ થાય છે. વિદ્વાન પંડિતોને તેમણે પ્રબળ આત્મવિશ્વાસથી કહ્યું છે કે–

*'તૂં કહતા કાગજકી દેખિ, મૈં કહતા આંખિન કી દેખી'*

પંડિતો તો શાસ્ત્રોના વચનો વાંચીને ઉપદેશ આપ્યા કરે છે જ્યારે મને તો જે સ્પષ્ટ દેખાય છે, જે અનુભવ થાય છે તેની જ વાત કરું છું. અને એટલે જ કદાચ કબીરજીના દોહાને સાખી એટલે કે સાક્ષી-નજરે જોનાર કહેવાય છે.

આજથી લગભગ ૬૦૦ વર્ષ પહેલા કોમી એકતાનો પાયો કબીરે નાખ્યો છે. કોમી એકતાની ફક્ત વાતો જ કરી નથી. તેને જીવનમાં ઉતારી પણ છે. કબીરજીની વિચારધારાને આપણા જીવનમાં ઉતારી શકીએ એ જ અભ્યર્થના.

(કબીરવાણી : ફેબ્રુઆરી, '૦૩)

❑

# કબીર – ભક્ત નહીં પણ ભગવાન હતા

**પ્રા. જશુભાઈ પટેલ**
સુરત

હિન્દી સાહિત્યમાં ઘણા બધા આલોચકોએ કબીરને મૂળભૂત રીતે ભક્ત કહ્યા છે. એમના આ કથનને કારણે કબીર શું હતા ? એ તરફ કોઈએ નજર સરખીય દોડાવી નહીં. તે એટલે સુધી કે કબીરના ઘરનું સરનામું પણ તેઓ ભૂલી ગયા. બધાં જ આલોચકો આ ફાલતું અને બનાવટી ચર્ચામાં પડી ગયા એવું કબીરના અભ્યાસી ડૉ. ધર્મવીરનું મંતવ્ય છે. અને એ ચર્ચાનો વિષય હતો 'કબીર મૂળભૂત રીતે ભક્ત હતા કે સમાજસુધારક હતા ?' એક વાર આવી ચર્ચા ચાલુ થાય પછી તે સહેજે અટકી જતી નથી.

એનું પરિણામ એ આવ્યું કે પછી તો કબીરની ઘણાં જ સાધારણ અને ભિન્ન ભિન્ન લોકો સાથે જુદી જુદી કોટિના સંતો સાથે તુલના થવા માંડી. સીધી રીતે કહીએ તો કબીરની તુલના તુલસીદાસ અને સૂરદાસ સાથે થવા માંડી. આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના હતી એવું ડૉ. ધર્મવીર માને છે. આ સંતો સાથે એમની એટલા માટે તુલના કરવામાં આવી કે તુલનાવાદીઓ કબીરને માત્ર એક ભક્તના રૂપમાં જ માનતા હતા. તુલસીદાસ અને સૂરદાસ ભક્ત હતા આથી કબીર પણ ભક્ત જ કહેવાય એમ એમનું માનવું હતું પણ આ તુલના વાદીઓ ભૂલી ગયા કે કબીરની તુલના તુલસીદાસ અને સૂરદાસ સાથે નહીં કરી શકાય. કારણ કે કબીરની ચૈતસિક, વૈચારિક લડાઈ, કબીરની ટક્કર તો તુલસીદાસ અને સુરદાસના આરાધ્ય દેવો એવા શ્રીરામ અને શ્રીકૃષ્ણ સામે હતી. એટલે કહી શકાય કે કબીરની તુલના તુલસી અને સુરદાસ સાથે ન કરી શકાય અને એથી વધારે કહી શકાય કે કબીર ભક્ત માત્ર જ ન હતા.

તુલસીદાસ અને સુરદાસ ભક્ત હતા જ્યારે બીજી બાજુ કબીર પાસે પોતાનું આત્મજ્ઞાન હતું એ કંઈ નાની સૂની ઘટના ન હતી. એને લીધે તેઓ ભગવાન હોવાની સ્થિતિએ પહોંચ્યા હતા. વાસ્તવમાં તો તુલસી અને સૂરદાસ તો કબીર સામે ઘણાં જ નાના હતા, ઘણાં જ નાના જીવ હતા. આટલી ચર્ચા પછી એટલું જ કહેવાનું મન થાય કે દલિતોના ભગવાનની તુલના બ્રાહ્મણોના ભક્તો સાથે કરી શકાતી નથી. જો કબીરની તુલના કરવી જ હોય તો પછી એમની તુલના બુદ્ધ, મહાવીર, ઈસુ, મોહમ્મદ, રામ અને કૃષ્ણ સાથે થવી જોઈએ એમ

ડૉ. ધર્મવીર ભારપૂર્વક કહે છે. તુલસીદાસ અને સૂરદાસ સાથે કબીરની તુલના કરવાનો કોઈ અર્થ નથી. આ ભક્તો સાથે તુલના કરવાથી કબીરનું પોતાનું સામર્થ્ય, કબીરને એટલા ઓછા આંકવાની જરૂર નથી. ક્યાં કબીર ? અને ક્યાં તુલસીદાસ અને સૂરદાસ...? કબીરને ભક્ત કહીને કબીરની તુલસીદાસ, સૂરદાસ સાથે તુલના કરીને કબીરના કદને નાનું કરવાની કોશિશ કરી કહેવાશે. કબીરને સમજવા માટે, કબીરની વાણી પચાવવા માટે, એમની તુલના રામ અને કૃષ્ણના ભક્તો એવા તુલસીદાસ અને સૂરદાસ સાથે નહીં જ આવું એક ક્રાંતિકારી લાગે તેવું મંતવ્ય ડૉ. ધર્મવીર હિમ્મત પ્રતીતિ અને દૃઢતાપૂર્વક રજૂ કરે છે.

કબીરની તુલના તુલસીદાસ સાથે થઈ શકત, પણ એ માટે કબીર પણ દશરથ પુત્ર રામના ભક્ત હોવા જોઈતા હતા. ત્યારે જ બે ભક્તોની તુલના માટે અવકાશ રહે. પરંતુ કબીર તો તુલસીદાસના આરાધ્ય દેવ એવા રામને દશરથપુત્ર ગણીને છોડી દે છે. એટલા માટે કહી શકાય કે ભારતીય સંદર્ભમાં કબીર ભગવાનની શ્રેણીના હતા, ભક્તોની શ્રેણીના ન હતા. કબીર પોતાનો સંબંધ એ રામ સાથે રાખે છે જેને દશરથપુત્ર રામ પણ પોતાના જીવન દરમિયાન શોધતા હતા. કબીર માટે વિદેશી સંદર્ભ લઈએ તો એમને પયગમ્બર કે મસીહા પણ કહી શકાય એવું પણ ડૉ. ધર્મવીર કહે છે.

આટલી તદ્દન જુદી લાગતી જુદી જ દિશાની ચર્ચા પરથી ખ્યાલ આવે છે કે કબીર તુલસીના રામથી પણ વિશેષ સ્થાને હતા. તુલસીના રામે તો શમ્બૂકનો વધ કર્યો હતો જ્યારે કબીરે તો પ્રાચીન શમ્બૂકોના બોલી ન શકતાં સંતાનોને વાણી આપી હતી. આ દૃષ્ટિએ કબીરની તુલના સૂરદાસ અને તુલસીદાસ સાથે થાય ખરી ? હજી એક કલ્પના કરવી રહી કે કબીર જો બ્રાહ્મણોમાં જન્મ્યા હોત તો અત્યાર સુધીમાં સૂરદાસ અને તુલસીદાસ જેવા અનેક સંતો કે ભક્તો પેદા થઈ ગયા હોત. એટલા માટે કહી શકાય કે ભારતીય સંદર્ભમાં કબીર ભગવાન હતા અને વિદેશી સંદર્ભમાં કબીરમાં પયગમ્બરના બધા જ ગુણો મૌજુદ હતા. કબીર ભક્તના રૂપમાં ભગવાનને શોધવા નીકળ્યા ન હતા પણ ભગવાનના રૂપમાં પોતાને શોધીને મૃત્યુ પામ્યા હતા. ભગવાન કદી પોતાની શાસ્ત્રીય ભાષામાં બોલતા હોતા નથી, પણ પોતાનું શાસ્ત્ર જાતે જ રચીને આવે છે. ભગવાન તો શાસ્ત્રીય ભાષાઓને લોકભાષામાં લલકારે છે. કબીરે પણ એ કામ કર્યું હતું અને કુશળતાપૂર્વક કર્યું હતું. ભગવાન કોઈ એક શાસ્ત્રના ગરજવાન હોતા નથી, પણ પુરાણા અને સ્થાપિત શાસ્ત્રો સાથે એની છૂપી લડાઈ ચાલતી હોય છે. કબીર સાથે પણ કંઈક આવું જ થયું છે. એટલા માટે ફરીથી કહેવાનું મન થાય છે કે કબીરના નિર્ગુણમાં ભગવાન જ હોય છે, ભક્ત કદી નહીં. કબીરનું નિર્ગુણ સગુણ ભગવાન બની જ ન શકે. જ્યારે કબીરનું નિર્ગુણ પલટો ખાય છે ત્યારે તે

સંસારના કણકણમાં વ્યાપ્ત જાય છે અને જે સંસારના કણકણમાં વ્યાપી જાય છે. તેણે દશરથ પુત્ર રામ કે દેવકી પુત્ર કૃષ્ણનું શરીર ધારણ કરવાની આવશ્યકતા રહેતી નથી.

હજારી પ્રસાદ ત્રિવેદીએ લખ્યું છે કે 'કબીર દાસ મુખ્ય રૂપમાં ભક્ત હતા.' અહીં મુખ્ય શબ્દ નોંધવા જેવો છે. મુખ્ય રૂપમાં ભક્ત હતા તો ગૌણ રૂપે બીજા કંઈક. ખરી વાત તો એ છે કે કબીરને ભક્ત કહેવા ન જોઈએ. હિન્દુ સમાજમાં ભક્તિ શબ્દનો પ્રયોગ સગુણ ભક્તિના અર્થમાં જ લેવામાં આવ્યો છે. કોઈ દલિતે ક્યારેય સગુણ ભક્તિ ભાગ્યે જ કરી હશે. શિવ અને વૈષ્ણવ બંને ભક્ત હતા અને કબીર આ બંનેથી ખાસ્સા દૂર ઊભા હતા. કબીરે ન તો શિવની ભક્તિ કરી છે કે ન તો વિષ્ણુની ભક્તિ કરી છે. જો કબીરે વિષ્ણુની ભક્તિ ન કરી હોય તો પછી વિષ્ણુના અવતાર એવા રામ અને કૃષ્ણની વાત માન્ય રાખી શકાય ખરી ?

ભક્તિ માટે ભગવાનની જરૂર હોય છે ને કબીર પાસે એવા કોઈ ભગવાન ન હતા કે જેની તેઓ પુષ્પ-પર્ણથી ભક્તિ કરે. કબીર પાસે ભક્તિનું કોઈ ઉપાદાન જ ન હતું. હિન્દુ વિદ્વાનોએ કબીરની મહાનતમ ઘોષણા 'કબીર : ન હિન્દુ ન મુસલમાન'નો ખૂબ જ ખોટો અર્થ કર્યો છે. આ વાક્યનો અર્થ વિદ્વાનો કરે છે કે જો કબીર હિન્દુ નથી અને મુસલમાન પણ નથી તો પછી તેઓ દલિત પણ નથી. ડૉ. ધર્મવીર તો ભારપૂર્વક એમ દર્શાવે છે કે કોઈ પણ હિન્દુ વિદ્વાને સાચી વાત સમજવાનો પ્રયત્ન કર્યો જ નથી. જો કોઈ હિન્દુને પૂછવામાં આવે કે આપ મુસલમાન છો કે ખ્રિસ્તી છો ? તો તે શું જવાબ આપશે ? એના બે જવાબ હોઈ શકે. પહેલો જવાબ 'ન હું મુસલમાન છું કે ન હું ખ્રિસ્તી છું' બીજો જવાબ 'હું હિન્દુ છું' એમ આવી શકે. કબીર માટે પણ એમ જ કહેવાયું છે કે તેઓ ન તો હિન્દુ છે કે ન તો મુસલમાન. પણ બીજી વાત ઉપર ઢાંકપિછોડો કરવામાં આવ્યો કે તે દલિત વણકર હતા. કબીર પોતાના ધર્મના ધર્મગુરુ હતા. એ ધર્મ તે જ દલિત ધર્મ. કબીરસાહેબનાં જીવન અને કવનને મૂલવવાનો ડૉ. ધર્મવીરનો આ એક જુદો જ દૃષ્ટિકોણ છે.

શું કબીરે કોઈ નવા ધર્મની સ્થાપના કરી હતી ? તો તેના જવાબમાં કહી શકાય કે કબીરને પોતાનો દલિત ધર્મ પરંપરાથી પ્રાપ્ત થયો હતો. ભારત દેશમાં બ્રાહ્મણ ધર્મની સાથે અને સમાન્તર બીજો કોઈ ધર્મ ચાલતો હતો તો તે દલિત ધર્મ હતો. કબીર એ તો દલિત ધર્મની અભિવ્યક્તિ માત્ર છે અને અભિવ્યક્તિ પણ પાછી સશક્ત અભિવ્યક્તિ છે. કબીરે જો કોઈ ધર્મની સ્થાપના કરી હોય તો તે એમનો પોતાનો દલિત ધર્મ હતો. જો એમણે દલિત ધર્મની સ્થાપના ન કરી હોય તો તેમણે કોઈ બીજા ધર્મને નેતૃત્વ પૂરું પાડ્યું હશે અને એ ધર્મ પણ

દલિત ધર્મ જ હશે. કબીર પોતે જ કોઈ સંપ્રદાયની સ્થાપનાના વિરોધી હતા. એમના પુત્ર કમાલ પાસે સંપ્રદાયની સ્થાપનાની વિનંતી કરવામાં આવી હતી. પરંતુ એમણે એમ કહીને વાતને ટાળી હતી કે 'એમ કરવાથી અમને આધ્યાત્મિક ગુરૂ હત્યાનું પાપ લાગશે.'

છતાં એટલું કહી શકાય કે કબીર ધર્મવીર, ધર્મગુરુ, ધર્મનેતા હતા. કબીર માટે કોઈક જગ્યાએ લખાયું પણ છે કે 'કબીર ઉત્તર-મધ્યયુગના અત્યંત પ્રભાવશાળી નેતા હતા.' એમની વેધકદૃષ્ટિ, ઉદ્દાત ચિંતન, પ્રેરક વ્યક્તિત્વ વગેરે એ જ એમને એ યુગના ધર્મગુરુ પણ બનાવી દીધા હતા. એઓ અત્યંત પ્રભાવશાળી ધર્મનેતા હતા. એટલા માટે જ એમની નામના પછી પણ એમના વિશે અનેક રચનાઓ થતી રહી હતી. એ રચનાઓની માત્રા વધારે છે. એટલે કહી શકાય કે કબીર ધર્મવીર, ધર્મગુરુ અને ધર્મનેતા હતા.

જો કબીરને વણકર માનીશું તો તેમને માત્ર દલિતોના જ સંત માનવા પડશે. જો કબીરને ભારતના સંત માનીશું તો તેમને વણકર ન માનીને વૈષ્ણવ માનવા પડશે. તો પછી એમાંથી મોટામાં મોટો પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે કબીરને ન તો વૈષ્ણવ અને ન તો બ્રાહ્મણ ગણીને કેવળ એમના વણકરવાળા રૂપમાં જ હિંદુસ્તાનના સૌથી મોટા મહાપુરુષ માનવામાં ન આવે ? શું અંગ્રેજો હોય તો તેઓ કબીરને વિશ્વના સંત શિરોમણિ માનવા માટે શરત લગાવશે કે કબીર ખ્રિસ્તી હતા ? તો પછી ભારતની બ્રાહ્મણ ચિંતનની બધી જ વ્યક્તિઓ એવી શરત મૂકીને કેમ ચાલે છે કે આ વ્યક્તિ મહાન હતી કારણ કે ક્યાંક તો તેઓ વૈષ્ણવ હશે અથવા તો બ્રાહ્મણ હશે.

મહાન માનવા માટે કબીરને પહેલાં વૈષ્ણવની ચાદર કેમ ઓઢાડવામાં આવે છે ? એ બધામાં ક્યારે સમજ આવશે કે બીજા લોકોનું સન્માન મૂળરૂપમાં જ થવું જોઈએ. જે રૂપમાં એ જીવે છે, જીવવા માંગે છે. કબીરને એમના મૂળરૂપમાં જોવાનો ઉપક્રમ ખૂબ જ ઉચિત લેખાશે. ડૉ. ધર્મવીર એક જુદા દૃષ્ટિકોણ વાળા વિવેચક છે. ડૉ. હજારી પ્રસાદના મંતવ્યોથી ડૉ. ધર્મવીરનાં સદ્ પ્રકાશિત ગ્રંથ 'કબીર : નઈ સદીમેં : કબીર બાજ ભી, કપોત ભી, પપીહા ભી'નો આધાર લઈ ડૉ. ધર્મવીરની જુદી જ લાગતી અરૂઢ વિચારણા પર આ લેખ આધારિત છે.

*અણ માગ્યા ઉત્તમ કહિયે, મધ્યમ માગી જો લેય;*
*કહે કબીર કનિષ્ટ સો, પર ઘર ઘરના દેય.*

❑

# 'કબીર જંત્રી' વિશે થોડુંક મનન-ચિંતન

**પ્રા. કુસુમ પટેલ**
સુરત

સંતશ્રી કબીરે માનવજાતને સાચો માનવધર્મ શું તે સમજાવવાનો એમના બોધવચનોમાં પ્રયત્ન કર્યો છે. હિંદુ કે મુસલમાન કોઈ એક ધર્મ વિશે નહીં કે કોઈ એક નવો સંપ્રદાય સ્થાપી, સ્થાપક કે રચયિતા બન્યા વિના તેમણે સમગ્ર માનવજાતને તદન સાદી, સરળ બાનીમાં જીવનનાં ઉચ્ચતમ મૂલ્યો સમજાવવા પ્રયત્ન કર્યો છે. કબીરે જાણે ઉપનિષદોની બાની ઘરેલું ઉદાહરણો દ્વારા સાદી ભાષામાં ઉતારી દીધી હોય એવું વાંચતાં અનુભવાય છે.

કબીર સાહિત્ય વાંચતાં મને સૌથી વધુ સ્પર્શેલ 'કબીરજંત્રી' વિશે હું અહીં થોડી વાત કરવા માગું છું. કૃષ્ણે જેમ અર્જુનને ગીતા સંભળાવેલી તેમ કબીરજીએ ધર્મદાસને ત્રીસ જંત્રો સંભળાવેલા. જીવનનાં ૬૮ વર્ષ ચુસ્ત વૈષ્ણવ તરીકે સગુણ ઉપાસના કરનાર ધર્મદાસને કબીરે નિર્ગુણ ઉપાસના તરફ વાળ્યા, ધર્મદાસને 'સ્વત્વ' સ્વ(નિજ) સ્વરૂપની ઓળખ કરાવી. ધર્મદાસ પોતાની લખલૂંટ સંપત્તિ દાન-પુણ્યમાં લૂંટાવી કબીરના શિષ્ય બન્યા. કબીરજીએ ધર્મદાસને ત્રીસ જંત્રો કહી સંભળાવ્યા જે ચાર વેદ અને અઢાર પુરાણોમાં કહેલા ઉપદેશના અર્ક સમાન છે. ધર્મદાસજી કહે છે :

*'આદ ગુરુ તબ દેખી દયા કરી, ત્રિસા જંત્ર શબ્દ ઉચ્ચરો*
*ચાર વેદ પુરાન અઢાર, શોધી કહ્યા એ તત્ત્વ બિચારો.'*
*'જીવ કૃતાર્થ કારને, ભાખા કિન બિચાર*
*ત્રિસા જંત્ર બૂઝકે, નર ઊતરો ભવજળ પાર.'*

આ ત્રીસ જંત્રોમાં કહેલાં બોધવચનો મુજબ વર્તે તો માણસનું જીવન સાર્થક થાય, ભવસાગર પાર ઊતરી મુક્તિ મેળવી શકે. કબીરના 'ત્રીસ જંત્રો' એ ગાગરમાં સાગર જેવા છે. જીવનને ઉન્નત બનાવવા, જીવનને સુખી બનાવવાની ચાવીરૂપ છે. કહો કે સર્વ ધર્મ શાસ્ત્રોના ઉપદેશના સારરૂપ છે.

કબીર સાહિત્ય પ્રત્યે રવીન્દ્રનાથ ટાગોર અને ગાંધીજી પણ આકર્ષાયેલા

તે એમાં નિહિત સમગ્ર માનવજાતને સ્પર્શતા સંદેશને કારણે. રવીન્દ્રનાથે તો 'One hundred poems of Kabir' નામે 'કબીર સાહિત્ય'નો અંગ્રેજી અનુવાદ કર્યો જે દર્શાવે છે કે રવિબાબુ કબીરથી કેવા પ્રભાવિત થયા હતા.

ગાંધીજી પર કબીરના જીવન-કવનનો પ્રભાવ જુદી રીતે જોઈ શકાય. કબીરનો ચરખો, ખાદી, ચાદર, તકલી, મીઠું, લોટ અને પ્રેમ વગેરેનો પ્રભાવ ગાંધીજીના જીવન પર અને રાજનીતિક કાર્યક્રમોમાં જેટલો પડ્યો તેટલો ભાગ્યે જ બીજા કોઈ રાષ્ટ્રનાયક પર તે જમાનામાં પડ્યો હશે, એટલું જ નહિ, ચરખો (રેંટિયો) તો સ્વતંત્રતા આંદોલનનું એક શસ્ત્ર જ બની ગયું. ઘૂંટણ સુધીનું ધોતિયું, ઉપર માત્ર ઓઢવાની ચાદર, પગમાં માત્ર ચપ્પલ, બકરીના દૂધનું સેવન – જેવી સાદગીપૂર્ણ જીવનરીતિમાં કબીર છાયા જોઈ શકાય. એટલું જ નહીં એમની આ સાદગીપૂર્ણ જીવનશૈલી દેશ કે પરદેશમાં, અરે ! અંગ્રેજ સલ્તનતની સામે જતાં પણ બદલાઈ નહીં.

કબીરના ત્રીસા જંત્રો ખરેખર તો મંત્રો જ જેવા છે જે સેવવાથી જીવન સફળ થાય એમ છે. નીચે કબીર જંત્રી સાર પ્રશ્નોત્તરરૂપ આપ્યો છે તે પહેલાં જોઈએ.

૧. જગાઈએ ક્યાં ? (જગાવવું શું ?) પ્રેમ.
૨. કિજિયે ક્યા ? (કરવું શું ?) પૂજા.
૩. પરખિયે ક્યા ? (પારખવું શું) શબ્દ.
૪. નિત કરીએ ક્યા ? (હંમેશ કરવું શું) સત્સંગ.
૫. બોલીયે ક્યા ? (બોલવું શું ?) મીઠા-બોલ
૬. બરાઈયે ક્યા ? (ટાળવું શું ?) ઝઘડો.
૭. ખાઈએ ક્યાં ? (ખાવું શું) ગમ.
૮. પિજીએ ક્યા ? (પીવું શું) તામસ.
૯. છોડિયે ક્યા ? (છોડવું શું) અભિમાન.
૧૦. ત્યાગિયે ક્યા ? (ત્યાગવું શું ?) સર્વસ્વ.
૧૧. સુનિયે ક્યા ? (સાંભળવું શું ?) ગુણ.
૧૨. સાધીયે ક્યા ? (સાધવું શું ?) ઇન્દ્રિયો.
૧૩. મારીએ ક્યા ? (મારવું શું ?) આશા.
૧૪. રાખિયે ક્યા ? (રાખવું શું ?) નિજ-ધર્મ.
૧૫. ધરિયે ક્યા ? (ધરવું શું ?) ધીરજ-ધૈર્ય.

૧૬. ઠહેરાઈએ ક્યા ? (અટકાવવું શું ?) મન.
૧૭. મિટાઈએ ક્યા ? (મટાડવું શું ?) ભ્રમ.
૧૮. બડા પુનક્યા ? (મોટું પુણ્ય કયું ?) દયા (જીવ-દયા)
૧૯. બડા પાપ ક્યા ? (મોટું પાપ કયું ?) હિંસા.
૨૦. દિજીયે ક્યા ? (આપવું શું) દાન.
૨૧. ખુશબોઈ ક્યા ? (સુગંધ કઈ ?) જશ.
૨૨. દુર્ગંધ ક્યા ? (દુર્ગંધ કઈ ?) અપજશ.
૨૩. લખિયે ક્યા ? (ઓળખવું શું ?) સ્વરૂપ.
૨૪. લિજીએ ક્યા ? (લેવું શું ?) નામ (પ્રભુનું).
૨૫. દેખિયે ક્યા ? (જોવું શું ?) આત્મ (રામ)
૨૬. પાઈયે ક્યા ? (મેળવવું શું ?) સુખ.
૨૭. હોઈયે ક્યા ? (થવું શું ?) દાસ.
૨૮. હોની ક્યા ? (બનશે શું ?) બનવાકાળ હોને હાર.
૨૯. માનિયે ક્યા ? (માનવું શું ?) સત (સત્ય)
૩૦. બિચારિયે ક્યા ? (વિચારવું શું ?) તત્ત્વ.

હવે કબીરજંત્રીઓને સંક્ષેપમાં સમજવા પ્રયત્ન કરીએ.

જંત્ર : ૧માં કબીર પ્રેમનું મહાત્મ્ય સમજાવે છે. પ્રેમ એ કે જે સ્વથી સર્વ સુધી વિસ્તરે તે જ કલ્યાણ સાધી શકે. સર્વ પ્રત્યેના પ્રેમથી માનવની સંકુચિતતા દૂર થતાં તે 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના સમજશે ને એથી પરસ્પરના દ્વેષની ભાવના દૂર થતાં સંઘર્ષો ટાળી શકાશે. એટલું જ નહીં જીવ અને શિવની એકાત્મતા પણ સાધી શકાશે. કબીરના શબ્દોમાં 'ઓહી શીવ, ઓહી જીવ' 'અહમ્ બ્રહ્માસ્મિ' સિદ્ધિ કરી શકાશે. દુન્યવી મોહ-માયા સ્વાર્થ-પ્રેમ ત્યજી દિવ્ય પ્રેમના પથ પર ચાલવું દુષ્કર તો છે જ પણ મીરાંબાઈ નરસિંહ જેવા સંતો આ માર્ગે અમર થઈ ગયાં. પોતાનો ને જગતનો ઉદ્ધાર કરતા ગયા. કબીરજી પહેલાં જ જંત્રમાં કહે છે :

*'પ્રેમ જગાવે વિરહકો, વિરહ જગાવે પીવ,*
*પીવ જગાવે જીવકો, ઓહી પીવ ઓહી જીવ.'*

'મેરા દરદ ન જાને કોઈ' કહેતી વિરહી મીરાં પેલા દિવ્યપ્રેમને કેવી ઝંખે છે ? પહેલાં વિરહને પછી સંયોગમાં પ્રેમની પરિતૃપ્તિ અનુભવાય છે.

જંત્ર : ૨માં ગુરુની પૂજા કરવાનું કહે છે.

*'પૂજા ગુરુકી કિજિયે, સબ પૂજા જે હિ માંહિ,*
*જબ જલ સીંચે મૂલતરું, સાખા પત્ર અઘાહિં.'*

પૂજા ગુરુની કરવી જોઈએ, કેમ કે ગુરુની પૂજામાં બધી પૂજા સમાઈ જાય છે. જેવી રીતે મૂળને પાણી પાવાથી પાંદડાં, શાખા, બધાને પોષણ મળે છે તેમ ગુરૂ પૂજામાં સર્વ પૂજા આવી જાય છે. ગુરુ એટલે સદ્‌ગુરુ. સાચા સદ્‌ગુરુ જ્ઞાન, સત્ય અને મોક્ષની પ્રાપ્તિ કરાવે, દોષ નિવારણ કરાવે છે. કંઠી બાંધવાથી, આરતી ઉતારવાથી કે ચરણરજથી પૂજા થાય એ વાત ખોટી છે. સદ્‌ગુરુ પ્રાપ્તિના ફળ દર્શાવતા કબીર કહે છે :

*'તિરથમેં ફળ એક હય, સંત મિલે ફળ ચાર*
*સદ્‌ગુરુ મિલે અનેક ફળ, કહે કબીર બિચાર.'*

એક સદ્‌ગુરુ મળે તો જીવનમાં અનેક સદ્‌ફળો મળી શકે છે.
જંત્ર : ૩માં કબીર કહે છે :

*'પરખો દ્વારા શબ્દકા, જો ગુરુ કહૈ વિચાર,*
*બિના શબ્દ કછુ ના મિલે, દેખો નૈન નિહાર.'*

ગુરુ જે શબ્દ વિચારી કહે તેને પરખવા, તેનું રહસ્ય પામવા પ્રયત્ન કર. શબ્દ વિના કંઈ પમાશે નહીં, તેને તારી મનરૂપી આંખોને ખુલ્લી રાખી નિહાળ. અહીં કબીર સૂક્ષ્મ દૃષ્ટિ કેળવી જીવનના પરમ રહસ્યને, શબ્દ દ્વારા (પરમને) બ્રહ્મને પામવા પ્રયત્ન કરવો જોઈએ એમ કહે છે.

શબ્દ દ્વારા વ્યક્તિ, વ્યક્તિના ભાવની પરખ થઈ શકે છે. આજની દોરંગી દુનિયામાં દંભ જીવનનો જાણે પર્યાય થઈ ગયો છે, ત્યારે મીઠી વાણી બોલનાર મિત્ર પણ ભીતરમાં ક્યાંક શત્રુતા સંઘરી બેઠો હોય છે ત્યારે બોલાયેલ શબ્દ જ નહીં શબ્દની સાથે તેના ભાવને પારખવો અગત્યનો બને છે. ઝવેરી જેમ હીરો જોઈને પારખીને પછી તેની કિંમત કરે છે તેમ સામી વ્યક્તિના શબ્દ પરથી તેના વ્યક્તિત્વની પરખ કરવી જોઈએ. ગુરુના શબ્દો, વિચારો, શાસ્ત્રજ્ઞાનને સમજવા પણ શબ્દાર્થ સમજવા જોઈએ.

જંત્રી : ૪માં સત્સંગ વિશે વાત કરતાં કહ્યું છે :

*'કરિયે નિત સતસંગ કો, બાધા સકળ મિટાય,*
*ઐસા અવસર ના મિલે, કે દુર્લભ નર તન પાય.'*

મનુષ્ય અવતાર વારંવાર મળતો નથી એટલે હંમેશ સત્સંગ કરી જીવનની, મનની સવાર પ્રકારની બાધાઓ-માયાનાં બંધનો દૂર કરે તેવો સત્સંગ હોવો જોઈએ.

આવા સાધુ પુરુષ, સત્સંગ માટે કબીરજીએ એક સાખીમાં કહ્યું છે :

*'સાધુ નદી, જલ પ્રેમરસ, તહાં પછાડો અંગ,*
*કહે કબીર નિર્મળ ભયે, સાધુજનો કે સંગ.'*

સાધુજન-સંત-એ નદી સ્વરૂપ છે. સર્વ પ્રત્યેનો પ્રેમ એ નદીનું જળ છે. નદીનું જળ જેમ મેલ દૂર કરે તેમ સાધુજન મનુષ્યોના દોષો દૂર કરે છે.

જંત્રી : ૫માં મીઠા બોલ વિશે કબીરજી કહે છે :

*'મીઠા સબસે બોલિયે, સુખ ઉપજે ચહુ ઓર,*
*વશીકરણ યહ મંત્ર હૈ, તજીયે બચેન કઠોર.'*

મધુર વાણીથી બધાને સુખ ઊપજે છે, એટલું જ નહીં મંત્રની જેમ તે સામી વ્યક્તિને વશ કરી શકે છે. પણ કઠોર વાણીના ઘા રૂઝાતા નથી. કઠોર વાણી નહિ ધારેલી મુશ્કેલી અને નહિ ધારેલા દુશ્મનો ઊભા કરશે એટલે તેનો ત્યાગ કરવો જોઈએ. આ જ વાત તેઓ અન્ય એક સાખીમાં કહે છે :

*'જે શબ્દે દુ:ખ ના લાગે, સાહિ શબ્દ ઉચ્ચાર,*
*તત્પ મિટી શીતલ ભયા, સોહિ શબ્દ તત્ સાર.'*

શબ્દની શક્તિ અપાર છે. યોગ્ય શબ્દ, યોગ્ય સમયે ને માપસર બોલાવો જોઈએ.

*'શબ્દ મારે મર ગયે, શબ્દે છોડા રાજ,*
*જીને શબ્દ વિવેક કિયા, તાકા સરિયા કાજ.'*

શબ્દના અયોગ્ય ઉપયોગથી લોકો લડીને મરી ગયા, અયોગ્ય શબ્દોથી કેટલાકે રાજપાટ ખોયાં તેમ જેણે બોલવામાં પોતાની વિવેકશક્તિનો ઉપયોગ કર્યો તેનાં સર્વ કાર્યો સિદ્ધ થયાં. શબ્દો અભિશાપરૂપ નહીં આશીર્વાદરૂપ બનવા જોઈએ. શબ્દો 'તાપ પરિતાપ નહીં આપનાર બનવાં જોઈએ.'

જંત્રી : ૬માં કબીરજી ઝઘડો હમેશાં ટાળવા વિશે શિખામણ આપે છે. તેઓ કહે છે :

*'જગરા નિત બરાઈએ, ઝગરા બૂરા બલાય,*
*દુ:ખ ઉપજે, ચિંતા દહે, ઝગરામેં ઘર જાય.'*

સમગ્ર દુનિયામાં આખી માનવજાતિ કોઈ ને કોઈ પ્રકારે ઝઘડતી રહે છે. જાતિ, પ્રાંત, ભાષા, જમીન, માલ, મિલકત અનેક પ્રકારના ઝઘડાઓ લોકો કરતા રહે છે. ઝઘડનારા તન-મન-ધન સર્વ રીતથી દુ:ખી થતા હોય છે, સતત ચિંતિત રહેતા હોય છે. 'ચિંતા ચિતા સમાન' એમ કહેવાયું છે એટલે એનો અંત મૃત્યુ પણ હોઈ શકે. ઝઘડાનું મૂળ હાંસી એટલે કે કોઈને ઉતારી પાડવા, મશ્કરી કરવી, ઉપહાસ કરવો, અપમાન કરવું યોગ્ય નથી. ખરેખર તો કોઈને મનદુ:ખ થાય તેવું ન બોલતાં સૌનું સ્વમાન જાળવી મધુરવાણી ઉચ્ચારવી જોઈએ.

જંત્રી : ૭માં કબીરજી શ્રેષ્ઠ ભોજન તે 'ગમ'ને કહે છે :

*'ગમ સમાન ભોજન નહિ, જો કોઈ ગમકો ખાય'*

કોઈ પણ પ્રસંગે ગમે તેટલી 'વ્યથા' થઈ હોય, ગમે એટલું 'દુ:ખ' થયું હોય કે 'શોક' થયો હોય બધા પ્રસંગોએ 'ઉચિત ખામોશી' 'સમતા' ધારણ કરવી જોઈએ. દુ:ખનો બદલો દુ:ખ નહીં, અપકારનો બદલો ઉપકાર, માનને બદલે અપમાન નહીં – એમ વર્તવામાં જ સાર છે, સાચું સુખ છે. સાચા સાધુ પુરુષને સ્થિતપ્રજ્ઞને સુખ અને દુ:ખ વિચલિત કરતા નથી. ગમ(દુ:ખ) આપનારને અશાંતિ અને અતૃપ્તિ મળે છે, જ્યારે ગમ ખાનારને (દુ:ખ સહનારને) શાંતિ ને તૃપ્તિ મળે છે. ગમ ખાનાર કદી નીચો પડતો નથી. તેનો આત્મા ઊર્ધ્વગામી બને છે.

જંત્રી : ૮માં તામસ વિશે કબીરજી કહે છે :

*'તામસ પી શિતલ ભયા, ફિર કછુ રહી ન પ્યાસ'*

'વેરથી ન શમે વેર' એમ કહ્યું છે. ક્રોધાગ્નિ સ્વ અને સર્વને બાળે છે ને તેથી મનની શાંતિ ગુમાવે છે. આવેશ માનવીને ભાનભૂલો બનાવે છે. જાનમાલ ગુમાવડાવે છે. આખી જિંદગીના સંબંધોને ક્રોધ તોડે છે. જ્યારે ક્ષમા-સ્નેહ તેને જોડે છે. જીવનમાં શાંતિ ને સૌમ્યતા ધારણ કરવા કબીરજી ગુસ્સાને પી જવાનું ને ક્ષમાવાન બનાવવાનું કહે છે. દુનિયાના અનેક ઝઘડાઓને સમસ્યાઓનો અંત જો માણસ ક્ષમાવાન બને તો એમ જ આવી જાય – તામસ (ક્રોધ) અગ્નિ જેવો

છે. પોતે બળે ને બીજાને બાળે છે એટલે આ એક જ વૃત્તિને માણસ કાબૂમાં રાખે તો તેનું મન શાંત થઈ જાય – તેને કોઈ અતૃપ્તિ રહેતી નથી. મહર્ષિ અરવિંદના જીવનચરિતમાં તેમણે ક્રોધ પર સંયમ મેળવવાની વાત કહી છે.

જંત્રી : ૯માં 'અભિમાન' વિશે કબીરજી કહે છે :

*'છોડે જબ અભિમાન કો, સુખી ભયા તબ જીવ'*

જ્યારે માણસ અભિમાન ત્યજે છે ત્યારે તે સુખી થાય છે. 'હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા' છે. સર્વ કર્તાહર્તા તો ઈશ્વર જ છે. હું તો નિમિત્તમાત્ર છું. એવો ભાવ જીવ ધારણ કરે તો તે સુખી થાય છે – ભ્રામક માન્યતાઓ માણસને અભિમાની બનાવે છે – અહંકાર માણસને નીચો પાડે છે. પોતાની સફળતાથી ફુલાતો માનવી ક્યારે પછડાય તે કહી શકાય નહીં એટલે અભિમાન ન કરવા કબીરજી સમજાવે છે. એમ સાખીમાં તેઓ કહે છે :

*'લઘુતાઈમેં પ્રભુતાઈ હય, પ્રભુતાઈ સે પ્રભુ દૂર,*
*કિડી હો મિસરી સુંગે, હાથી સિર ડારે ધૂર.'*

અર્થાત્ 'નમે તે પ્રભુને ગમે' – મતલબ કે માણસની મોટાઈ તેની નમ્રતામાં છે. જો તેનામાં મોટાઈ (અભિમાન) આવી ગઈ તો ઈશ્વર તેનાથી દૂર થઈ જાય છે. સામાન્ય જનને સમજાય તેવું દૃષ્ટાંત આપતાં તેઓ કહે છે, જમીન પર પડેલો ખાંડનો કણ કીડી સહેલાઈથી ખાઈ શકે છે, પરંતુ તે જ કણ હાથી કીડીથી અનેકગણો મોટો હોવા છતાં લાખ પ્રયત્ન કરવા છતાં પોતાની સૂંઢમાં લઈ શકતો નથી. તેથી મોટાઈનું અભિમાન વ્યર્થ બને છે. ગર્વિષ્ઠ માનવીઓને ઉદ્દેશી કબીર કહે છે :

*કબીર ! ગર્વ ન કીજિયે, રંક ન હાસયે કોય,*
*અજ હું નાવ સાગરમેં હય, ના જાનું ક્યા હોય ?*

અર્થાત્ કોઈએ ગર્વ ન કરવો જોઈએ, કોઈ દીન-ગરીબનો ઉપહાસ કરવો યોગ્ય નથી. હજી આપણી જીવનનાવ મધદરિયે છે. આગળ જતાં શું થાય તે આપણે જાણતા નથી. સર્વજ્ઞ તો પ્રભુ છે. તેની આગળ વિનમ્રતા ધારણ કરી, અહંકારનો ત્યાગ કરવો.

જંત્રી : ૧૦માં 'ત્યાગ' વિશે વાત કરતાં કબીરજીએ કહ્યું છે :

*'ત્યાગ તો એસા કિજીએ, સબ કુછ એક હિ વાર,*
*સબ પ્રભુકા મેરા નહિ, નિશ્ચય કિયા બિચાર.'*

અહીં કબીરજી સમજાવે છે કે મનુષ્યે પોતાનું સર્વસ્વ ત્યાગવા હંમેશ તત્પર રહેવું જોઈએ અને ધન-દોલત, માલ-મિલકત, ખજાનો ત્યાગતાં એવું ન વિચારવું જોઈએ કે મારું બધું મેં આપી દીધું – મનમાં એવો સદ્ભાવ લાવવો જોઈએ કે પ્રભુનું હતું તે પ્રભુને આપી દીધું. સારા કાર્ય માટે મને પ્રભુએ નિમિત્ત બનાવ્યો. કબીરજી કહે છે :

*'મેરા મુજમેં કછુ નહિ, જો કછુ હોય સો તેરા,*
*તેરા તુજકો સોંપતે, ક્યા લગેગા મેરા ?'*

આ સર્વ પ્રભુનું છે એમ વિચારતાં જ આત્મા પરમાત્માના ભેદ રહેતા નથી. આ પૃથ્વી પર અવતરેલ માનવે નિષ્કામ ભાવે કર્મો કરતા જઈ આનંદ લેવાનો છે. કર્મફળનો ત્યાગ એ જ ઈશ્વરને કરેલું અર્પણ બને છે. અહીં પણ વાત નમ્રતાની છે. માણસનો ત્યાગ જેટલો ઊંચો તેટલી મહાનતા વધુ – સર્વસ્વ ત્યાગનાર સિદ્ધાર્થ બુદ્ધત્વને પામે છે. તેથીસ્તો.

(કબીરવાણી : માર્ચ '૦૧)

❑

# કબીરસાહેબ અને હિન્દુ-મુસ્લિમ એકતા

પ્રા. ડૉ. દમયંતી પરમાર

કબીરસાહેબ એક સત્પુરુષ છે, એક એવા મહાપુરુષ છે કે જેમના અભૂતપૂર્વ પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વનો જોટો માનવસંસ્કૃતિના આજદિન સુધીના ઇતિહાસમાં મળવો મુશ્કેલ છે. જેની વાણીમાં સત્, સરળતા અને સાદાઈ વ્યક્ત થતા હોય, જેના વિચારો સર્વોત્તમ કે સર્વોત્કૃષ્ટ હોય, જેમનું જ્ઞાન માત્ર અલૌકિક જ નહિ, ઉત્તમ પણ હોય, જે વિલક્ષણ તીક્ષ્ણ બુદ્ધિના સ્વામી હોય, જેમના વિચારમાં જ નહિ આચારમાં પણ પવિત્રતા પ્રગટતી હોય, જે હરકોઈ ક્ષણે, હર પળે સુખ કે દુઃખની પરિસ્થિતિમાં એક સમાન ભાવે રહી શકે એ જ સાચા અર્થમાં કબીર છે. કબીરસાહેબે પોતાની અલૌકિક લીલાઓને મૂર્ત કરવા ભારતભૂમિને પસંદ કરી, સાચા અર્થમાં ભારતવર્ષનું ગૌરવ વધાર્યું છે.

કબીરસાહેબ આ ભૂમિ પર પ્રગટ્યા તે પહેલાં લગભગ પંદરમા સૈકામાં ભારતવર્ષ ધાર્મિક ઝઘડાઓને કારણે કલહના હુતાશનમાં ભડકે બળી રહ્યો હતો. મુસલમાનો હિન્દુઓને વટલાવવા માટે તેમના પર પાશવિક અત્યાચારો ગુજારતા હતા. મુસલમાનોના ઘોર અત્યાચારો અને ક્રૂર, ઘાતકી વર્તનથી સમગ્ર દેશમાં ખૂન-ખરાબી થઈ રહી હતી. મુસલમાનોના ભીષણ ત્રાસથી આખોય દેશ ત્રસ્ત હતો. હિન્દુઓને માથે તલવારો, બંદૂકો અને ભાલાઓ થકી સતત મોતનો ભય તોળાતો હતો. હિન્દુઓના પવિત્ર ધાર્મિક પુસ્તકોની હોળી કરવામાં આવી રહી હતી. તેઓના પવિત્ર મંદિરોને નષ્ટ-ભ્રષ્ટ કરવામાં આવી રહ્યાં હતાં. ચારેતરફ અધર્મ, અત્યાચાર, લૂંટફાટ, હત્યા સિવાય કંઈ જ નજરે પડતું ન હતું. ત્યારે અસંખ્ય નિરપરાધ સંતાનોને મૃત્યુના મુખમાં ધકેલાતા જોઈને તેમનો આર્તનાદ સાંભળીને દ્રવીભૂત થઈ ઋષિસંતાનોના ઉદ્ધાર માટે કબીરસાહેબે ભારતવર્ષમાં પ્રકટ થવાનો નિશ્ચય કર્યો. કબીરસાહેબે પોતે જ પોતાની એક સાખીમાં કહ્યું છે કે :

*દાસ દુઃખી તો મૈં દુઃખી, આદિ અંત તિહંકાલ;*
*પલક એક મેં પ્રકટ હો, ક્ષણમેં કરું નિહાલ.*

કાશીપૂરીમાં લહરતારા નામક સુંદર સરોવરમાંના શ્વેત કમળ પર, વિક્રમ સંવત ૧૪૫૬ના જ્યેષ્ઠ માસની પૂર્ણિમાને શુભ દિવસે કબીરસાહેબ દિવ્ય એવા પરમ મનોહર બાળકરૂપે પ્રકટ થયા.

કબીરસાહેબે પોતાના પ્રાકટ્યકાળથી લઈ અંતર્ધ્યાન થયા ત્યાં સુધીમાં પોતાની સદ્‌વાણી, સદ્‌વિચાર અને સદ્‌આચારથી ભારતવર્ષની હિન્દુ અને મુસ્લિમ પ્રજાને પ્રેમ અને એકતાના સૂત્રથી બાંધી. બંને પ્રજાના મનમાંથી એકબીજા માટેના વૈમનસ્ય, રાગદ્વેષ અને ઘૃણાને દૂર કર્યાં. બંને પ્રજાને પ્રેમપૂર્વક સુખમય જીવન જીવવાનો સત્‌માર્ગ બતાવી ભારતવર્ષમાં સમાનતા તથા એકતાનો એકધારો પ્રવાહ પુનઃ વહેવડાવ્યો. કબીરસાહેબનું આ ઉત્તમોત્તમ કાર્ય ભારતના ઇતિહાસમાં સદાયને માટે અમર બની રહેશે.

સદ્‌ગુરુના પ્રગટકાળમાં ધર્મને નામે જે અધાર્મિકતા, કર્મકાંડ કે પાખંડ જે રીતે ફૂલીફાલી રહ્યા હતા તેનો જડમૂળમાંથી તેમણે છેદ ઉડાડ્યો. જ્યાં પણ તેઓ આડંબર, ઢોંગ, પાખંડ તથા મિથ્યા પ્રપંચ જોતાં કે તરત જ સ્પષ્ટ શબ્દોમાં કહી ઊઠતાં :

*પાહન પૂજૈ હરિ મિલે, તો મૈં પૂજું પહાર,*
*તાતે યહ ચક્કી ભલી, પીસ ખાય સંસાર.*

*કાંકર પાથર જોડ કે, મસ્જિદ દઈ ચુનાય,*
*તા ચઢિ મુલ્લા બાંગ દે, ક્યા બહિરા હુઆ ખુદાય.*

કબીરસાહેબ નિર્ભયપણે બંને પ્રજાને, પંડિતો અને મુલ્લાઓને સ્પષ્ટ શબ્દોમાં સંભળાવતાં :

*હિન્દુ કહૈ મોહિ રામ પિયારા, તુર્ક કહૈ રહમાના,*
*આપસ મેં દૂઈ લરિ લરિ મુયે, ભેદ કાહુ નહિ જાના.*

પંદરમા સૈકામાં ભારતવર્ષમાં હિંસા ફૂલીફાલી રહી હતી. કાજીઓ અને મુલ્લાઓ ગૌહત્યા કરવામાં કંઈ જ સંકોચ રાખતા ન હતા. બીજી બાજુ પંડિતોની આજ્ઞાનુસાર હિન્દુઓ બકરાં અને પાડાનાં બલિ દેવામાં પાછા પડતા ન હતા. એટલું જ નહિ પરંતુ ધાર્મિક મતભેદ અને સ્વાર્થને કારણે ડગલે ને પગલે મનુષ્યની હત્યા કરવામાં પણ પાછળ ન હતા. એ ભીષણ ભયંકર પરિસ્થિતિના જ્વલંત પ્રમાણરૂપ કબીરસાહેબના શબ્દો :

*સંતો પાંડે નિપુન કસાઈ*
*બકરા મારિ ભૈંસા પર ધાવે દિલ મહં દરદ ન આઈ;*
*કરિ અસનાન તિલક દે બૈઠે, વિધિ તે દેવ પૂજાઈ.*
*આતમરામ પલકમેં વિન સૈં, રુધિર કી નદી બહાઈ.*

આવી ઘોર હિંસાનો વિરોધ કરતા કબીરસાહેબે મુલ્લા તથા કાજીઓની સખ્ત શબ્દોમાં ખબર લીધી છે.

*દિનભર રોજા રહત હો, રાત હનત હો ગાય;*
*ય હૈ ખૂન વહ બંદગી, ક્યોં કર ખુશી ખુદાય.*

આથી જ સાહેબે પોતાનાં સત્સંગી બાળકો તેમજ સ્ત્રીપુરુષોને દયા:નું સ્વરૂપ દર્શાવતાં 'અહિંસા પરમો ધર્મ:' નો પાઠ શીખવ્યો છે.

પંડિતો અને કાજીઓના બાહ્યાડંબર એમણે ક્યારેય સ્વીકાર્યા કે ચલાવી લીધાં નથી. કબીરસાહેબ સ્પષ્ટપણે તેઓને સંભળાવે છે :

*પંડિત રાહદૂની હમ દીઠા*
*હિન્દુ તુર્ક હઠા નહીં માને, સ્વાદ સબન કો મીઠા.*
*હિન્દુ વ્રત એકાદશી સાધે, દૂધ સિંધારા સેતી;*
*અન્ન કો ત્યાગે મન નહીં હટકે, પાર ન કરૈ સંગોતી.*
*તુર્ક રોજા નમાજ ગુજારે, બિસમિલ બાંગ પુકારે*
*ઇનકો બહિસ્ત કહાં તે હોવે સંધ્ય મુર્ગી મારે.*

કબીરસાહેબે હિન્દુ-મુસ્લિમ વચ્ચે મેળ-મેળાપ કરાવવા માટે અનેક પ્રયત્ન કર્યા છે. તેમનો આ પ્રયત્ન તેમના જ શબ્દોમાં :

*ભાઈ રે દુઈ જગદીશ કહાં તે આયા કહો કૌન ભરમાયા*
*અલ્લાહ રામ કરીમા કેશવ, હરિ હજરત નામ ધરાયા.*
*વહીં મહાદેવ વહીં મોહમ્મદ, આદમ બ્રહ્મા કહિયે*
*કો હિન્દુ કો તુર્ક કહાવે, એક જમી પર રહિયે.*

કબીરસાહેબ આ પ્રમાણે બંને પક્ષને સમજાવતાં ખરા ઈશ્વરને ઓળખવા માટે આગ્રહ કરે છે. સૌ મનુષ્યોને એક સૂત્રે, એક તાંતણે બાંધવાનો પ્રયત્ન કર્યો છે. હિન્દુઓને શાંતિના પાઠ શીખવતા તો મુસ્લિમોને ઇસ્લામ ધર્મ પ્રમાણે જ દયા,

ક્ષમા, શાંતિ, પરોપકાર અને માનવતાના પાઠ શીખવતા હતા. કબીરસાહેબે પોતાની દિવ્ય બુદ્ધિ વડે સર્વ ધર્મનું રક્ષણ કરતાં માનવધર્મનો પ્રચાર કર્યો હતો. તેમણે સર્વ જનતાને નિર્ભય થઈને સત્પુરુષના ઉપાસક બનવા કહ્યું. તેઓ ચોક્કસપણે માનતા હતા કે સત્પુરુષ જ સર્વનું રક્ષણ કરશે. સત્પુરુષ પ્રાણીમાત્રમાં વિદ્યમાન છે. પ્રત્યેક પાણીને તેનું રૂપ માનીને તેના પર દયા, પ્રેમ અને ઉપહાર કરવા માટે ભારપૂર્વક જણાવ્યું. તેનાથી પણ આગળ વધીને તેઓ સમગ્ર જગતને સત્પુરુષનાં સંતાનરૂપ ઓળખાવે છે અને એ રીતે સૌ કોઈ તેમના સંતાન છે એવું તેમણે પ્રતિપાદિત કર્યું. એમની દૃષ્ટિએ સ્પૃશ્યાસ્પૃશ્યનો ઝઘડો નિંદાને પાત્ર હતો. તેઓ ઊંચ-નીચ સૌને એક સમાન દૃષ્ટિથી જોતા હતા. આવા માનવધર્મ આત્મધર્મનો મહાન આદર્શ સાહેબની વાણીમાં આ રીતે વ્યક્ત થાય છે :

*વેદ કિતબે પઢે વે કુતબા, વે મુલ્લા વે પાંડે;*
*બૅગર બૅગર નામ ધરાયે, એક મટિયા કે ભાંડે.*
*કદહીં કબીર વે દોનોં ભૂલેં રામહિં કિનહું ન પાયા,*
*વે ખસ્સી વે ગાય કટાવેં બાદ હિં જનમ ગંવાયા.*

હિન્દુ તથા મુસલમાનોમાં ધાર્મિક મતભેદ હોવાને કારણે પરસ્પર બંને જાતિઓમાં ભારે અથડામણો થતી હતી. એટલા માટે જ તેઓ પંડિતો અને મુલ્લાને 'આત્મધર્મ'નું સત્ય સ્વરૂપ જાણવા માટે ઉપદેશ કરતા હતા. કબીરસાહેબના નીચેના શબ્દો એ પરિસ્થિતિના સબળ પ્રમાણરૂપ છે :

*સંતો દેખત જગત બૌરાના*
*સાંચ કહું તો મારન ધાવે, ઝૂઠે જગ પતિયાના.*

કબીરસાહેબ જ્યારે ઉપદેશ આપતા ત્યારે ધર્મની વ્યાખ્યા કંઈક આ રીતે સ્પષ્ટ કરતા, 'જે ધર્મના નામે પરસ્પરમાં લડાઈ-ટંટો થાય, એટલું જ નહિ પરંતુ ખૂન હત્યા પણ કરવામાં આવે, તે સ્વાર્થીઓ અને અત્યાચારીઓનો કલ્પિત ધર્મ છે. જે ધર્મમાં પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમપૂર્વક વર્તવાનો ઉપદેશ અપાતો નથી તે ધર્મ, ધર્મ નથી હોતો. સર્વથા અધર્મ જ છે. સ્વાર્થીઓની પ્રપંચજાળ જ છે.' કબીરસાહેબ મુસલમાનોને તેમનાં દુષ્કૃત્યો માટે કટાક્ષવાણી ઉચ્ચારતા હતા. એટલું જ નહિ પરંતુ તેમના મૂળ સ્વભાવમાંથી પણ હિંસા, અત્યાચાર તથા બીજા અનિષ્ટોને દૂર કરાવવા પ્રયત્ન કર્યા જ કરતા હતા. ધર્મના બની બેઠેલાં ઠેકેદારો, કાજીઓ, મુલ્લાઓ અને પંડિતોને તેઓ મશાલચી સાથે સરખાવાતા કહે છે :

*પંડિત ઔર મસાલચી, દોનોંકી એક બાત;*
*ઔર દિખાવે ચાંદના, આપ અંધેરે જાત.*

આ રીતે કબીરસાહેબ હિન્દુઓના પાખંડી પંડિતો અને મુસલમાનોના સ્વાર્થી કાજીઓ અને મુલ્લાઓની નિંદાપાત્ર વાતોના પોકળ ખુલ્લાં પાડતા હતા, અને સૌ મનુષ્યમાં એકતા અને સમાનતાનો પ્રચાર કરતા હતા. આ બંને પ્રજાના લોકોને ધર્મના ઠેકેદારોને સત્‌શિક્ષણ આપવામાં તેઓ કંઈ જ બાકી રાખતા નહિ.

કબીરસાહેબ તીર્થો તથા વેદ-કુરાનના સંબંધમાં સત્ય કહેતા :

*તીર્થ મેં તો જલ હૈ હોય નહીં, કછુ નહાય દેખા;*
*મૂર્તિ તો જડ હૈ બોલે નહીં, બુલાય દેખા.*
*વેદ કુરાન જૂઠ હૈ, ઇસમેં હમને પોલ દેખા*
*અનુભવ કી બાત કબીર કહે, ઘટકા પર્દા ખોલ દેખા.*

કબીરની આવી વાણી સાંભળી કાજી, પંડિતો ચિડાઈ જતા હતા. ત્યારે તેમને સદૃષ્ટાંતો દ્વારા સમજાવવાનો પ્રયત્ન કરતા. કબીરસાહેબના શબ્દમાં અહંકાર નહિ પણ પ્રેમથી સમજાવવાનો પ્રયત્ન હતો.

*પોથી પઢિ પઢિ જગ મુઆ, પંડિત હુઆ ન કોય*
*ઢાઈ આખર પ્રેમ કા, પઢૈ સે પંડિત હોય.*
*બિના પ્રેમ નહીં પાઈયે, દુર્લભ હરિ દીદાર.*

કબીરસાહેબની અત્યંત સરળ, મધુર અને .સત્યવાણી સાંભળીને નર-નારીનાં કલુષિત-પાપી હૃદયોને શાંતિ અને સંતોષ પ્રાપ્ત થતા હતા. સાહેબની અમૃતવાણીનું રસપાન કરી આનંદમગ્ન થઈ જતા હતા. આથી કેટલાક વિરોધી લોકો સાહેબની ઈર્ષ્યા કરતા હતા. કેટલાક દ્વેષી હિન્દુ તેમજ મુસલમાનો સાહેબ પર આક્ષેપ કરતા હતા. પરિણામે સાહેબને કેટલીક અગ્નિપરીક્ષામાંથી પસાર થવું પડ્યું હતું. સાહેબને સમ્રાટ સિકંદરશાહ લોદીના દરબારમાં હાજર કરવામાં આવ્યા. કાજી શેખતકીએ સાહેબને નામ પૂછ્યું, ઉત્તરમાં કબીરસાહેબે કહ્યું :

*હિન્દુ તુરક કે બીચમેં, મેરા નામ કબીર;*
*જીવ મુકતાવન કારને, અવિગત ધરા શરીર.*

તેમને બીજો પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, 'તમે હિન્દુ છો કે મુસલમાન ?' સાહેબે જવાબ આપ્યો :

*હિન્દુ કહો તો મૈં નહીં, મુસલમાન ભી નાહીં;*
*પાંચ તત્ત્વકા પૂતલા, ગૈબી ખેલ માંહીં.*

ફરી પાછો પ્રશ્ન પૂછ્યો : 'તમે રામને માનો છો કે રહીમને ?' કબીરસાહેબે ખૂબ જ માર્મિક ઉત્તર આપ્યો :

*સંતો દેખત જગ બૌરાના*
*સાંચ કહું જગ મારન ધાવૈ, ઝૂઠે જગ પતિયાના*
*હિન્દુ કહે મોહે રામ પિયારા, તુરક કહે રહિમાના;*
*આપસ મેં દોઉ લડિ લડિ મૂએ, મર્મ કાહુ નહીં જાના.*

ત્યાર પછી પ્રશ્નોની વણઝાર ચાલી 'જાત કઈ ? નામ શું ? માતા-પિતાનું નામ શું ? ધર્મ કયો ? રામને માનો કે ખુદાને ? ક્યાંથી આવ્યા અને ક્યાં જવાના ?' દરેક પ્રશ્નોના જવાબ સાહેબે 'કબીર' જ આપ્યો. ત્યારે શેખતકી ખૂબ જ ખિજાઈને બોલી ઊઠ્યો : 'ફારસીમાં, જે વ્યક્તિ સૌથી મહાન હોય તેને જ 'કબીર' કહે છે. શું તમે સૌથી મહાન છો ? તમારું નામ મહાન છે ?' સાહેબે વિનમ્રતાપૂર્વક કહ્યું :

*'બડા કહો તો મૈં નહીં, છોટા કહા ન જાય;*
*ઇન દોનોં કે બીચમેં, રહે કબીર સમાય.'*
*બડે બડાઈ ના કરે, બડે ન બોલે બોલ;*
*હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ.*

અંતે ચર્ચા-વિચારણાને અંતે સાહેબને શિક્ષા કરવાનું નક્કી કર્યું. સાહેબને ગંગાજીમાં ડુબાડવામાં આવ્યા, ધગધગતા અગ્નિકુંડમાં નાંખવામાં આવ્યા. તેલની ઉકળતી કઢાઈમાં નાંખ્યા, તલવાર, પોપ અને બંદુકનો ભય બતાવવામાં આવ્યો, હાથીના પગ તળે કચડી નાંખવાની પેરવી કરવામાં આવી પરંતુ કબીરસાહેબ પોતાની દિવ્યશક્તિથી આ તમામ કસોટીઓમાંથી હેમખેમ પાર ઉતાર્યા. વિરોધીઓના તમામ પ્રયત્નો નિષ્ફળ નીવડ્યા. એકેએક અગ્નિપરીક્ષામાંથી સાહેબ અણીશુદ્ધ પાર ઊતરીને શુદ્ધ કુંદનની માફક બહાર આવ્યા. સામાન્ય વ્યક્તિ માટે

આ બધું જ અશક્ય હતું. બાદશાહને આ વાત સમજાઈ ગઈ. તેઓ સાહેબના અલૌકિક વ્યક્તિત્વને ઓળખી ગયા, તેમને સત્ય સમજાઈ ગયું. તેઓ સાહેબના ચરણકમળમાં નમી પડી પોતાનાં દુષ્કૃત્યો માટેની ક્ષમાયાચના કરી. સાહેબના સાચા શિષ્ય થઈ ગયા.

કબીરસાહેબને ખુદ બાદશાહ સિકંદરશાહ લોદીએ પોતાના ગુરુ તરીકે સ્વીકાર્યા એટલે તો વળી સ્વાર્થી અને લાલચુ મુલ્લાઓ તેમજ પાખંડી પંડિતો સાહેબનો પહેલાં કરતાં વળી વધુ ને વધુ સાહેબનો દ્વેષ કરવા લાગ્યા હતા. પરંતુ કબીરસાહેબ તો પોતાના કર્તવ્યથી સહેજ પણ વિચલિત થયા નહિ. તેઓ મુસલમાનોને ભ્રમમાં ભ્રમિત કરનાર મુલ્લાઓના અવળા માર્ગો અને હિન્દુઓને સત્ માર્ગને બદલે ઊંધે રસ્તે લઈ જનારા પાખંડી પંડિતોના ઢોંગ વગેરેના પોકળો છડેચોક ખુલ્લાં કરતાં વિશ્વબંધુત્વ, પ્રેમ ઔદાર્ય, દયા તથા સત્યના મહાન સિદ્ધાંતોનો પ્રચાર પોતાની સુવિખ્યાત, સરળ, મનોહર અને હૃદયગ્રાહી વાણી વડે કરવા લાગ્યા : 'તમારાં પૂર્વજોનાં સુકર્મોની અમર કીર્તિને યાદ કરો. દુષ્કર્મોને કારણે જ તમો કાયર બની ગયા છો. સ્વાર્થ અને દ્વેષનો ત્યાગ કરો. એકબીજા ઉપર પ્રેમ રાખો. ધર્મના નામે આપસઆપસમાં લડો નહિ. માનવહૃદયમાં જ ભગવાનનો વાસ છે. મંદિર અને મસ્જિદ મનુષ્યોનાં બનાવેલાં કલ્પિત ઘરો જ છે. દૈવી ગુણો ધારણ કરીને પરમાત્માને મળવાનો પ્રયત્ન કરો. અત્યાચાર, વ્યભિચાર, અન્યાય તથા મિથ્યાભિમાનથી હંમેશા બચવાનો પ્રયત્ન કરતા રહો. પાંખડીઓના પાખંડમાં ફસાઓ નહિ.' કબીરસાહેબ કહે છે :

*રામ રહીમ એક હૈ, નામ ધરાય દોષ;*
*કહૈં કબીર દો નામ સુન, ભરમ પડો મતિ કોય.*
*કાશી કાબા એક હૈ, એકૈ રામ રહીમ;*
*મૈદા ઇક પકવાન બહુ, બૈઠિ કબીરા જીમ.*

'માટે જ જે સત્ય છે તેનો સ્વીકાર કરો; ખાલી બીજાઓના ભરમાવ્યા ભરમાશો નહિ.' એમ સતત સાહેબે સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

આ રીતે કબીરસાહેબે હંમેશા હિન્દુ-મુસ્લિમ ઐકય સ્થાપવાની સદા કોશિશ કરી છે. તેમણે એ જ ઉપદેશ આપ્યો છે આપણે સૌ એક જ માલિકના સંતાન છીએ. આપણાં સૌનો ધર્મ એક જ છે. સૌની સાથે પ્રેમ તથા દયાનો વર્તાવ કરવો જોઈએ. જીવહિંસા કરવી એ મહા અપરાધ છે.

કબીરસાહેબનો અંતર્ધ્યાન થવાનો સમય આવ્યો ત્યારે તેમના બધા શિષ્યો,

મહાનુભાવો કાશીના રાજા વીરસિંહ, મગહરના નવાબ બિજલી ખાં સહિત સૌ કોઈ સેવકો ત્યાં હાજર હતા. વિક્રમ સંવત ૧૫૭૫ માગશર સુદ એકાદશીના પ્રાત:કાળે સદ્દગુરુ કબીરસાહેબે સૌને દર્શન આશીર્વાદ આપી આમી નદીને કિનારે ચાદર ઓઢીને સૂઈ ગયા. અનંત જ્યોતિમાં વિલિન થઈ ગયા ત્યારે તેમની અંત્યેષ્ટિને લઈને હિન્દુ અને મુસલમાનોમાં તનાવની સ્થિતિ સર્જાઈ. મુસલમાનોએ કબીરસાહેબ તેમના પીર હોવાનો દાવો કર્યો અને હિન્દુઓ તેમને વિશુદ્ધ હિન્દુ કહ્યા. પરિસ્થિતિ વધારે તંગ થઈ ગઈ. બરાબર તે ક્ષણે આકાશવાણી થઈ :

*'ખોલો પરદા, હૈ નહીં મુરદા'*

બધાનું ધ્યાન આકાશવાણી સાંભળી શબ તરફ ગયું. ચાદર હટાવતા જોયું તો પાર્થિવ શરીર ત્યાં ન હતું. માત્ર તેને સ્થાને પુષ્પો જ હતાં. બંને વર્ગો શાંત થઈ એકબીજાને પ્રેમથી મળ્યા, ભેટ્યા અને અડધા પુષ્પો અને અડધી ચાદર મુસલમાનોએ લીધી અને તેને દફનાવ્યાં. બીજા અડધા પુષ્પો અને ચાદર હિન્દુઓએ લઈ લીધાં અને તેને તેઓએ ચિતા આપી, સળગાવ્યાં. મુસલમાનો દ્વારા દફનાવેલાં સ્થળ પર મસ્જિદનું નિર્માણ થયું અને હિન્દુઓ દ્વારા સળગાવેલી ચિતાના સ્થાને મંદિરનું નિર્માણ થયું. આ બંને સદ્દગુરુસાહેબની સ્મૃતિ સ્વરૂપ સ્મારક આજે પણ મગહરમાં વિદ્યમાન છે. કબીરસાહેબ પુષ્પ પર પ્રકટ્યા હતા અને પુષ્પમાં જ વિલીન થઈ ગયા. જીવનભર મુસ્લિમ-હિન્દુની એકતા માટે પ્રયત્ન કર્યા અને અંતે તેમના મૃત્યુએ પણ એકતા સ્થાપી.

આમ પરમકૃપાળુ પરમાત્મા સદ્દગુરુ કબીરસાહેબે પોતાના પ્રાક્ટકાળથી માંડીને અંતર્ધ્યાન થાય ત્યાં સુધીમાં પોતાની નિષ્પક્ષ અને નિર્મળ, અમૃતમયવાણી વડે શાંતિસુધાનું પાન કરાવીને ભારતની હિન્દુ-મુસ્લિમ પ્રજાને પરસ્પર પ્રેમ અને એકતાના સૂત્રમાં એકરૂપ કરવાના સતત પ્રયત્નો કર્યા છે. એમની સર્વશ્રેષ્ઠ મહત્તાનું જ્વલંત ઉદાહરણ એ છે કે હિન્દુ, મુસલમાન બંને તેમની મહત્તાને સ્વીકારે છે. કબીરસાહેબે ધર્માંધતા, અસહિષ્ણુતા, સામાજિક અસમાનતા, અમાનવીય વ્યવહાર તથા સંકીર્ણ મનોવૃત્તિઓથી માનવસમાજને ઉપર ઉઠાવવાનો આજીવન પ્રયાસ કર્યો છે. ધર્મ, સંપ્રદાય, રંગ, રૂપ, વર્ણ પ્રાદેશિકતા વગેરેમાં વિભાજિત કરેલી માનવતાનું એકીકરણ કર્યું છે. એવાં સદ્દગુરુસાહેબને શત શત બંદગી !

(કબીરવાણી : એપ્રિલ '૦૧)

❑

# સંતવાણી અને લોકશિક્ષણ

ડૉ. નાથાલાલ ગોહિલ
કેશોદ

*'સાધુડાંની વાણી મેં સદાય મુખ જાણી*
*બાવો બોલે વેણ પર વાણી મારા હરિજન,*
*પીઓ પ્રેમરસ જાણી.*

—ભેરવનાથ

સાધુડાંની વાણી-સંતવાણી-ભજનવાણી મુખોમુખ સાંભળવાની, મનોમન સમજવાની, અનુભવ વાણી છે. આ વાણીના શબ્દો આપણી બાવન અક્ષરની વર્ણમાલાથી ભિન્ન છે. બાવો વેણથી પર રહેલી વાણી બોલે છે ત્યારે આ વાણીનો શબ્દાર્થ આપણા જોડણીકોશ પ્રમાણેનો સ્વીકાર્ય બનતો નથી. તેનો અર્થ ગુરુમુખી રહ્યો છે જે સાંકેતિક પણ હોય શકે. આ ભજનવાણીના શબ્દના ગુંજારવ દ્વારા શબ્દાતીત ભણી ગતિ કરવાની છે તેને અભ્યંતર ગતિ કહેવામાં આવે છે. આ સંતોની વાણીના શબ્દોની સાથે અંતરાત્માની આરાધના કરવાની હોય છે ને ત્યારે ચંચળ મન સ્થિર થતાં શબ્દની સાથે સુરતા જોડાઈ જાય છે ને આ મૃત્યુની ભૂમિમાં આપણે અમૃતનો પાક લણી શકીએ છીએ.

સંતવાણી આપણી ભારતીય આધ્યાત્મિક ચિંતનધારાનો ગંગાપ્રવાહ છે. જ્યારે સંત, સાધક કે ભક્તને પરમાત્માના ઘરનો અનુભવ થાય કે તેમના દિવ્ય પ્રકાશની અનુભૂતિ થાય ત્યારે એ આનંદને પોતાની અંદર સમાવી શકતો નથી ત્યારે વાણી દ્વારા વહેતો કરે એ સંતવાણી છે. સંતવાણી એ કવિની કાવ્યકૃતિ નથી, ગાયકી માટેની રચના નથી. આ વાણી તો રુદિયાકમળમાં બેઠેલા પરમાત્માને રીઝવવાની છે. પરમાત્માને રાજી કરવા માટેની ગવાયેલી આર્દ્રવાણી છે. 'મેં અપનો રામ રિઝાવું' ત્યારે આ સંતવાણી સંતના અંતરમનની સંવેદનાને અભિવ્યક્ત કરતી વાણી છે.

સંતવાણીના શબ્દની સાથે સુરતા જોડાયેલી છે. સુરતા વિનાનો શબ્દ એ માત્ર વૈખરીવાણી છે. આ વૈખરીવાણી જ્યારે પરાવાણી બને ત્યારે સંતવાણી

કહેવાય છે. આ માટે સંતશિરોમણી કબીરસાહેબ 'શબ્દ-સુરત યોગની' સાધના દર્શાવી છે.

*'આધી સાખી કબીર કી, કોટિ ગ્રંથિ હરિ જાન;*
*સત્ય રામ, જગ ઝૂઠ હૈ, સુરતિ શબ્દ પહિચાન.'*

સુરતિ જ્યાં સુધી બાહ્ય માયામાં ભટકે છે ત્યાં સુધી નીજરૂપને ઓળખી શકશે નહીં. આ સુરતિ (આત્મા)નું શબ્દ બ્રહ્મની સાથે જોડાય જવું એ જ યોગસાધના છે. સુરતિ અને નિરતિનું એકરૂપ થવા માટે કબીર હઠયોગને મહત્ત્વ આપતા નથી. મનની સાધનાને મહત્ત્વની ગણાવે છે. મનને સ્થિર કરીને સુરતાને ત્રિકુટીમાં કેન્દ્રિત કરવાની છે. આપણા આ ચાલતા શ્વાસોશ્વાસની સાથે ગુરુએ આપેલા મહામંત્રનો જાપ કરવામાં આવે તેની સાથે સુરતા જોડાઈ જાય ત્યારે ક્રિયાયોગ થયો ગણાય. આ ક્રિયાયોગ સિદ્ધ કરી ભજનિક સાધક મૂલ્યવાન અવસ્થા સિદ્ધ કરે છે. તેના માયાના બંધન છૂટી જાય છે. અજ્ઞાન અંધારું ઢળી જાય છે. બ્રહ્મ સ્વરૂપનું દર્શન થાય છે. પરમ આનંદની અલૌકિક અનુભૂતિ થાય છે. આ અનુભૂતિને સંતોએ વાણી દ્વારા વ્યક્ત કરી તે સંતવાણી. આ સંતવાણીએ માત્ર ગાવાની કે સાંભળવાની ક્રિયા નથી. તેનું ભજન કરવું પડે છે એટલે જ તેને ભજન કહેવામાં આવે છે.

સંતવાણીનો અર્થ જાણ્યા પછી આપણા વિષયનો બીજો શબ્દ 'લોકશિક્ષણ' તેને સમજી લઈએ.

'લોકશિક્ષણ' એ શબ્દ યુગ્મ છે. તેમાં 'લોક' અને શિક્ષણ એ બે શબ્દો જોડાયેલા છે. 'લોક એટલે સામાન્ય કે અસંસ્કૃત જનસમુદાય ગિરિજન, ગ્રામ્યજન, કૃષિગોપાલન, રણ કે દરિયાકિનારા રહે તો અશિક્ષિત સમાજ જેને આધુનિક યુગનો રંગ લાગ્યો નથી, જે ડિગ્રીધારી બુદ્ધિજીવી નથી એવા સમાજને વેદ, ઉપનિષદ, દર્શનશાસ્ત્રોનું જ્ઞાન નથી. શિષ્ટ ભારેખમ વિદ્વાનોની ભાષા સાથે નાતો નથી, એવા લોકસમુદાયને શિક્ષણ આપનાર વર્ગ હતો જેમાંથી આપણું લોકસાહિત્ય ઊભું થયું છે.

લોકસાહિત્યના માધ્યમથી લોકશિક્ષણ અપાયું છે. તેમાં પ્રમુખ છે : કથાકાર, આખ્યાનકાર, લોકવાર્તાકાર, લોકગીતકાર અને લોકભવાય રજૂ કરનાર. આ લોકોએ લોકસમાજને જાગૃત કરનાર શિક્ષણના સંસ્કારો આપ્યા છે. તેમની અજ્ઞાનતા, અંધશ્રદ્ધા અને ખોટી માન્યતાઓને હટાવી છે. શૌર્ય, સમર્પણ ને સેવાની ભાવના વિકસાવી છે. એટલે અહીં સ્પષ્ટ થાય છે કે આપણી જે શિક્ષણની

સમજ છે તે નિશાળ, કૉલેજ કે યુનિવર્સિટીની ડિગ્રીઓ પ્રાપ્ત કરવાની આ યંત્રશાળા નથી, અહીં તે માણસ કહેવાય છે, સુસંસ્કૃત ને સંસ્કારી બને છે ત્યાં શિક્ષક પરંપરા નહીં પણ ગુરુપરંપરા ઊભી કરે છે.

લોકશિક્ષણનું સૌથી મોટું માધ્યમ સંતો રહ્યા છે. ભારતવર્ષમાં સંતો ભમતા રહ્યા છે એમ તેમણે વસ્તી ચેતાવવાનું કાર્ય કર્યું છે.

*'ચલતા પાની નિર્મલા, બંધ ગંધીલા હોય;*
*સાધુ તો ભમતા ભલા, ડાઘ લગે ન કોય.'*

આપણે ત્યાં નાથજોગીઓની જમાત નીકળતી હતી. જતીગોરખ સમગ્ર દેશમાં નાથવાદ લઈને ફરી વળ્યા. પુષ્ટિમાર્ગી મહાપ્રભુજીએ દેશમાં ૮૪ બેઠકો કરી, સ્વામીનારાયણના સાધુઓ ઠેર ઠેર ફરતા રહ્યા. પ્રાણનાથજીએ પ્રણામી સંપ્રદાયને દેશ-વિદેશમાં વહેતો કર્યો. મીરાંએ મેવાડમાં ગુજરાતમાં દ્વારકા સુધીની યાત્રા કરી. કબીરસાહેબે પોતાના મુખ્ય બાર શિષ્યો દ્વારા સમગ્ર ભારતમાં તેમની વિચારધારા ફેલાવી. ભાણસાહેબે ૪૦ શિષ્યોની ભાણ ફોજ લઈને ગુજરાતમાં ફરી વળ્યા. કેટલીક ભજનમંડળીઓ ઊભી થઈ કે જે ગામડે ગામડે ફરીને સંતોની વાણી ગાતા રહ્યા. બંગાળના બાઉલો બાઉલગાન લઈને સમાજમાં નવી ચેતના પ્રગટાવતા રહ્યા. એ રીતે સંતોની વાત દ્વારા લોકશિક્ષણ અપાતું રહ્યું.

સંતવાણી સમાજનું ધારક બળ રહ્યું છે. આપણે માનીએ છીએ કે આ પૃથ્વી ન્યૂટન સિદ્ધાંતને આધારે ટકી રહી છે અથવા તો ધાર્મિક માન્યતા પ્રમાણે શેષનાગની ફેણ ઉપર ટકી રહે છે. પરંતુ મારું તો સ્પષ્ટ માનવું છે કે 'સંતો ભૂમિમ્ તપસા ધારયન્તિ'. સંતોના તપને કારણે ધરતી ટકી રહી છે.

આપણો ઇતિહાસ એમ દર્શાવે છે કે, જ્યારે જ્યારે માનવસમાજ મુશ્કેલીમાં મુકાયો ત્યારે કોઈ ને કોઈ સંત ચેતના જન્મી છે અને તેણે માનવસમાજને ઉગારી લીધો છે. આ સંતોની વાણીથી સમાજ જાગી ઊઠ્યો છે. નવજીવનની પ્રભાત અનુભવી છે.

નવમી સદીમાં દક્ષિણના આળવાળ સંતોની વાણીએ ભક્તિનાં પાતાળજળને સમાજની વચ્ચે લાવીને લોકોની ધર્મતૃષા છિપાવી હતી. રામાનુજાચાર્ય અને તેમના પછીના આચાર્યોએ શાસ્ત્રીય ભૂમિકાએ ભક્તિને ગામડે ગામડે પહોંચાડી. પૂર્વભારતમાં જયદેવે કૃષ્ણભક્તિ 'ગીતગોવિંદ' દ્વારા ફેલાવી. ચૈતન્ય મહાપ્રભુએ પગપાળા કૃષ્ણભક્તિને વહેતી રાખી. ઉત્તરભારતમાં રામાનંદ સ્વામીએ રામભક્તિ અને તેમાં નિર્ગુણરામ આરાધના ફેલાવી. પશ્ચિમ ભારતમાં કૃષ્ણાશ્રયી પુષ્ટિમાર્ગી

ભક્તિ પરંપરા વિસ્તરી. આ ભક્તિધારાએ સામાન્યજન સમુદાય જાગૃત થયો. સ્ત્રીઓને તેમજ પછાત અધૂત સમાજને ઉચ્ચ સ્થાન મળ્યું.

આપણા દેશમાં મુસ્લિમસત્તાએ ધર્મ ઝનૂન ફેલાવવાનું કાર્ય કર્યું હતું. હિંદુ મંદિરો તોડી તેના સ્થાને મસ્જિદો બંધાવી. આપણા સાધુ-સંતોને અનેક જાતના ત્રાસ આપ્યા. હિન્દુઓને વટલાવીને મુસ્લિમ બનાવવા લાગ્યા ત્યારે હિંદુ ધર્મ, હિન્દુ સંસ્કૃતિને ટકાવી રાખવાનું કાર્ય સંતોએ કર્યું છે. ઇતિહાસ એમ કહે છે કે, મુસ્લિમ સલ્તનતને જમીનદોસ્ત કરનારાં ચાર બળો હતાં. શિવાજી મહારાજ, છત્ર સાલ બુંદેલા, નારનોલના સતનામીઓ અને પંજાબના ગુરુ તેગ બહાદુર, ગુરુ ગોવિંદસિંહ. આ વાત સાચી છે પરંતુ સાથે સાથે આ ચાર બળોનું પ્રેરણાશ્રોત તેનું ચાલકબળ સંતો છે. જેમકે શિવાજી મહારાજ સાથે તેમના ગુરુ રામદાસ જોડાયેલા હતા જેમણે ભગવો ઝંડો આપ્યો. આ સમયે મરાઠી સંતો તુકારામ અને એકનાથનો ફાળો પણ વિસરી શકાય તેમ નથી. છત્રસાલની સાથે સ્વામી પ્રાણનાથજી હતા અને સતનામીના બળવાના આદિપુરુષ હતા જગજીવનદાસજી. શીખોની માથા સમર્પણની પ્રેરણા આપનાર હતા. ગુરુ નાનકદેવ, ગુરુ અમરદાસ અને ગુરુ હરગોવિંદ, અર્જુનદેવ વગેરે. આ સંતોએ નિર્ભય રામનામનો મંત્ર આપી હિન્દુ-સંસ્કૃતિને ટકાવી રાખી છે.

સંતોની સૌથી મોટી વિશેષતાઓ એ રહી છે કે એ લોકો સમાજ વચ્ચે રહ્યા છે. કુટુંબની જવાબદારીઓ સંભાળીને સંસાર વચ્ચે ફર્યા છે. કોઈ ને કોઈ આર્થિક ઉપાર્જનનું કાર્ય પણ કર્યું છે. રવિદાસ ચમાર હતા, કબીર વણાટ કરતા હતા. આ સંતોએ સંસાર છોડીને જંગલમાં સાધના કરવા ગયા નથી. એટલે કે તેમનામાં સમાજ તરફનો પલાયનવાદ ન હતો. સંસાર વચ્ચે રહીને સંસારની આસક્તિ છોડી હતી. જનક વિદેહી જેવા બન્યા હતા. સંતો સમાજ વચ્ચે રહ્યા એટલે સમાજના દુર્ગુણો જાણતા હતા. તેમની અંધશ્રદ્ધાઓ, કર્મકાંડ અને અજ્ઞાનતાની તેમને ખબર હતી એટલે જ આ દુર્ગુણો દૂર કરવા માટે સંતવાણી દ્વારા ઉપદેશ આપ્યો હતો. સાચો માનવ ધર્મ સ્થાપ્યો હતો. લોકશિક્ષણ આપવાનું કાર્ય કર્યું હતું. તેમનો મંત્ર હતો :

*'શૂરવીર અરુ સંતકો વનમેં નહીં ફિરના;*
*જન સેવાકી સાથમેં, રામ ભજન કરના.'*

સંતોની વાણી દ્વારા જે જનજાગૃતિનું કાર્ય થયું છે તેમાં ધ્યાન ખેંચતી કેટલીક બાબતો જોઈએ.

સૌ પ્રથમ સંતોએ હિંદુધર્મની વર્ણવ્યવસ્થા અને જ્ઞાતિવાદ સામે આક્રોશ પ્રગટ કર્યો છે. સ્વામી રામાનંદે રૈદાસ ચમાર, કબીર વણકર, ધન્ના જાટ, સેના ભગત હજામને ગુરુદીક્ષા આપી સમાજની જ્ઞાતિપ્રથાને તોડવા માટે લોખંડી ઘણ માર્યો. કબીરસાહેબ જ્ઞાતિવાદ અને કોમવાદ સામે કહે છે કે :

*'જબ લગ નાતા જાતિકા, તબ લગ ભક્તિ ન હોય,*
*નાતા તોડૈ હરિ ભજૈ, ભક્ત કહાવે સોય.'*

જ્યાં સુધી જ્ઞાતિના વાડામાં બંધાયેલા રહેશો ત્યાં સુધી ભક્તિ નહીં થાય. હરિના દેશમાં કોઈ પણ જાતના ભેદભરમ નથી.

*'પેટ હિ કાહુ ન બેદ પઢાયા, સુનતિ કરાય તુરક નહિ આયા;*
*નારી ગોચિત ગર્ભ પ્રસૂતિ, સ્વાંગ ધરૈ બહુતૈં કરતુતી.'*

કોઈ બ્રાહ્મણ પેટમાં વેદ ભણીને આવ્યો નથી કે કોઈ મુસ્લિમ સુન્નત કરેલો જન્મ્યો નથી. નારીએ શરીર વડે ગર્ભને જન્મ દીધો અને જન્મ પછી આ સંસારે અનેક જાતિઓ અને ઊંચનીચના ભેદ ઊભા કર્યા છે.

*'જો તૂં બાંમન બંમની જાયા, તો આન વાટ ક્યોં નહીં આયા ?*
*જો તૂં તૂરક તૂરકની જાયા, તો ભીતર ખતના ક્યોં ન કરાયા.'*

'જો તું બ્રાહ્મણીનો પુત્ર બ્રાહ્મણ છે તો તારો જન્મ જનોઈ સાથે કેમ ન થયો ? બીજી કોઈ રીતે તું કેમ ન જન્મ્યો ? જો તું મુસલમાન મુસલમાની સ્ત્રીનો દીકરો છો તો ગર્ભમાંથી જ સુન્નત કરાવીને કેમ ન આવ્યો ? આવી કઠોરવાણી અન્ય સંતોએ પણ ઉચ્ચારી છે.

કબીરસાહેબ અસ્પૃશ્યતા સામે પણ પંડિતોને લલકારે છે કે :

*'પંડિતો દેખા મન મોં જાની,*
*કહુ ધોં છૂત કહાં તે ઉપજિ તબહીં છૂત તુમ માની.*
*નાદરુ બિંદુ રુધિર એક સંગૈ ઘટહી મેં ઘટ સજ્જૈ,*
*અષ્ટ કમલ કો પહુમી આઈ કહાં યહ છૂત ઉપજ્જૈ.'*

આ આભડછેટ ક્યાંથી ઊપજી ? ને તમે વળી ક્યારથી એને માનતા થયા ? નાદ, બિંદુ અને રુધિર (વાયુ, વીર્ય, રજ)ના સંગમથી ગર્ભરૂપે નવું શરીર સર્જાય

છે. ત્યાંથી અષ્ટકમળની નીચે ઊતરીને જન્મ લઈ પૃથ્વી ઉપર આવે છે. આ દરેક જીવને માટે સરખું છે તો પછી આ માણસ માણસથી કેમ અભડાય છે ? ખરું તો તેના ગુણની કિંમત થવી જોઈએ.

*'જાતિ ન પૂછો સાધુકી, જબ પૂછો તબ જ્ઞાન;*
*મોલ કરો તલવારકા, પડી રહન દો મ્યાન.'*

માણસની કિંમત તેના સંસ્કારો છે, તેનું જ્ઞાન છે. તેનામાં રહેલા માનવમૂલ્યો છે. જન્મે શ્રેષ્ઠ થવાતું નથી, કર્મે શ્રેષ્ઠ થવાય છે. વળી કયા સમાજમાં જન્મવું એ તમારા હાથની વાત નથી. પણ મહાન થવું એ તમારા હાથની વાત છે. તલવારની કિંમત તેની ધાર છે, મ્યાન નહીં. તે પ્રમાણે સાધુને કોઈ જાત નથી. તેની કિંમત તેના જ્ઞાન વડે થાય છે. સમાજમાં રહેલી આ અસ્પૃશ્યતા, જ્ઞાતિવાદને ટાળવા આ સંતોએ મોટી જહેમત ઉઠાવી હતી.

ધર્મના નામે સમાજમાં અંધશ્રદ્ધાઓ, અજ્ઞાનતાઓ ફેલાવતી હોય છે. આ માટે કબીરસાહેબે મુલ્લાઓ અને પંડિતોની ઝાટકણી કાઢી છે.

*'મહજીદ ભીતર મુલ્લા પુકારૈ, ક્યા, સાહેબ તેરા બહિરા હૈ ?*
*ચિંઉટીકે પગ નેવર બાજૈ, સોભી સાહબ સુનતા હૈ.'*
*'પંડિત હોય કે આસન મારૈ લંબી માલા જપતા હૈ,*
*અંતર તેરે કપટ કતરની સો ભી સાહબ લખતા હૈ.'*

મસ્જિદમાં મુલ્લાજી મોટેથી બાંગ પોકારે છે તો શું અલ્લા બહેરો છે ? અરે ! ભગવાન તો કીડીના પગમાં ઝાંઝરનો અવાજ પણ સાંભરે છે. વળી પંડિતો આસન લગાવી લાંબી માળા ફેરવે છે. પણ મનમાં તો કપટની કાતર ચલાવે છે ત્યાં ભગવાન ક્યાંથી આવે ? સંતોએ બાહ્યડોળ કરવાની ના પાડી છે. એકાદશીનો ઉપવાસ હોય ને ફરાળમાં ભોજનથી પણ વધારે વાનગીઓ હોય ને ઠાંસી ઠાંસીને ખાય તેનો શો અર્થ. રોજા રાખીને રાત્રે માંસાહાર કરે તેનો શો અર્થ. એટલે ધર્મને નામે ચાલતા આ દંભોને સંતોએ ખુલ્લા પાડ્યા છે.

જેને હૈયે હરિનું નામ નથી તેવા લોકો તીર્થયાત્રાએ કાશીએ જઈ ગંગાસ્નાન કરે. તો કોઈ વળી ભગવા ધારણ કરી, લાંબી દાઢી ને જટા રાખે, સાધુ થઈને કંથા ઓઢે, ટીલાં-ટપકાં કરે એવા બાહ્ય ઢોંગીઓને આ સંતોએ ચાબખા માર્યા છે.

'તિલક કરતાં ત્રેપન થયાં, જપ માળાનાં નાકાં ગયાં,
તીરથ ફરી ફરી થાક્યાં ચરણ, તોય ન પહોંચ્યો હરિ ચરણ,
કથા સુણી સુણી ફૂટ્યાં કાન, તોય અખા ન આવ્યું બ્રહ્મજ્ઞાન.'

સંતોએ માનવજીવનની ક્ષણભંગુરતા અને સંસારની ભ્રામક માયા સામે ચેતવણી આપી છે. કબીર કહે છે કે–

'પાની કેરા બુદ બુદા અસ માનુષ કી જાત,
દેખત હી છિપ જાયગા જ્યોં તારા પરભાત.'

માનવીનું જીવન પાણીના પરપોટા જેવું છે. પ્રભાતના તારાની જેમ જોત જોતામાં અદૃશ્ય થઈ જાય છે. મૃત્યુ ગમે તે ક્ષણે આવી જાય છે. ત્યારે આ અમૂલખ માનવજન્મ મળ્યો છે તો તેને સાર્થક કરી જવો જોઈએ.

'મતકર નિદ્રા જીવ અભાગી, થોડા જીવન સારુ કયા સોવે,
મનુષ્ય જન્મ હે રત્ન પદારથ, એહી જગત ફીર નહિ હોવે;
હરિ ભજ્યા વિના ધીક હૈ જીવના, ક્યા મનખા એળે ખોવે.'

—રવિસાહેબ

આ માનવજન્મ ફરી મળશે કે કેમ કોને ખબર છે ? વળી કેટલું જીવવાનું છે એ પણ કોને ખબર. જીવ આ માયામાં પડીને નિંદ્રા કરી રહ્યો છે. મારું મારું કરીને પાપના પોટલાં બાંધી રહ્યો છે તેનો કોઈ અર્થ નથી. હરિના ભજન વિના માનવજન્મ એળે જવાનો છે.

'ધન જોબનકા ગરવ ન કીજૈ, કાગદ જ્યોં ગતિ જાયેગા,
જબ જમ આઈ કેસ ગહિ પટકે તા દિન કુછ ન બસાયેગા.'

આ ધનસંપત્તિ અને યુવાનીનું અભિમાન કરવું નકામું છે. કારણ કે એ કાગળ જેવું છે. કાગળ ઉપર પાણી પડતાં તે ગળી જાય છે, તેમ મૃત્યુ પછી આ દેહ સડી જાય છે. મૃત્યુ પામ્યા પછી આ દેહને લોકો જલદી કાઢો, જલદી કાઢો તેમ કહે છે. જમદૂત આવે ત્યારે ઘસડીને લઈ જાય છે. તેને ગમે તેટલી વિનંતી કરો છતાં તે છોડશે નહીં ને મૃત્યુ પછી તારા અહીંના મહેલ, મિલકત, માયા પડી રહેશે. સાથે આવશે માત્ર તારા સદ્કર્મો માટે હે પ્રાણિયા ભજીલે ને કિરતાર. સંતોનો મહત્ત્વનો જીવનસંદેશ એક જ રહ્યો છે ને તે :

*'લીધા સરખું નામ હરિનું લઈ શકે તો લે,*
*દીધા સરખું દાન અન્નનું દઈ શકે તો દે.'*

કબીરે કમાલને આ બે વાતનો જ ઉપદેશ આપ્યો છે :

*કબીર કહે કમાલ કો દો બાતાં શીખ લે,*
*લેવાય તો રામનામ લે, યા ભૂખે કું અન્ન દે.*

સંતોએ લોકસમાજ વચ્ચે રહીને સેવાઆશ્રમો સ્થાપ્યા છે. કબરના પીર સત્‌દેવીદાસે રક્તપિત્તિયાઓની સેવા કરી ને રોટલો આપ્યો. જલારામે વીરપુરમાં સદાવ્રત ચલાવ્યું. આપા ગીગાએ સતાધારમાં રામ ટુકડો ચલાવ્યો. આવાં તો અનેક ધામો ઊભાં થયાં છે. ભૂખ્યાને ભોજન આપવું, લોકોની સેવા કરવી ને સાથે સાથે નામસ્મરણ કરવું એ જ તેમની સાધના હતી, ભજનવાણી હતી.

સંતવાણીમાં સંતોનો નીજીઅનુભવ લોકવાણીમાં પ્રગટ થાય છે ત્યારે તેમની આ સાદી ને સરળ જણાતી વાણીમાં આધ્યાત્મિક જગતના અનેક ગુપ્ત રહસ્યોને સહજમાં ખોલી આપ્યાં છે. તેમની મરમીવાણીએ સ્વની ઓળખ કરાવી આપી છે. શબ્દના અજવાળે તેના દેહમંદિરમાં દીવો થઈ જાય છે. આવા અનુભવને અંતે દાસીજીવન ગાઈ ઊઠ્યા છે.

*'અંજવાળું હવે અંજવાળું,*
*ગુરૂ, તમ આવ્યે રે મારે અંજવાળું,*
*સદ્‌ગુરુ શબ્દ જ્યારે શ્રવણ સુણાવ્યો,*
*ભેટ્યા ભીમને ભાંગ્યું ભ્રમનું તાળું*
*ગુરૂ તમ આવ્યે રે મારે અંજવાળું.'*

આવું અજવાળું થાય ત્યારે ભ્રમણાઓ છૂટી જાય છે ત્યારે કહી શકાય કે સંતવાણી આત્માનો ખોરાક છે. સંસારના અગાધ મહાજલમાંથી પાર ઊતરવાનો માર્ગ છે અને સંતો તેના ખેવૈયા છે.

*'સંત પરમ હિતકારી જગતમાંહી સંત પરમ હિતકારી;*
*પ્રભુ પદ પ્રગટ કરાવત પ્રીતિ, ભરમ મિટાવત ભારી.'*

*'સરોવર તરુવર સંતજન ચોથા બરસત મેહ;*
*પરમારથ કે કારણ ચારૌં ધરિયાં દેહ.'*

સરોવર, તરુવર, વરસાદ અને સંતજન માનવસમાજના ભલા માટે પોતાની જાતને ઘસી નાખે છે. 'જનસેવા એ જ પ્રભુ સેવા'નો સંદેશો આપી જાય છે. સંતોએ સમાજ વચ્ચે રહીને લોકશિક્ષણ તો આપ્યું છે પણ સાથે સાથે અલખના નામની ધૂણી જગાવી છે. રામનામનો તારક મંત્ર આપી પરમનાં દર્શન કરાવી આપ્યાં છે. સેવા આશ્રમો સ્થાપી ભારતીય સંસ્કૃતિને જીવંત રાખી છે ત્યારે કહી શકાય કે 'સંતપરમ હિતકારી' રહ્યા છે.

(કબીરવાણી : જાન્યુઆરી '૦૪)

❑

# ક્રાંતિકારી સંત ભક્ત કબીર

ડૉ. અબ્બાસઅલી તાઈ
ચીખલી

પૃથ્વી પર કોઈ પણ મહાપુરુષનું આગમન સંક્રાંતિકાળમાં થાય છે. જ્યારે હિન્દુધર્મમાં હિંસા, યજ્ઞયાગ, ક્રિયાકાંડો વધી ગયા તો અહિંસાના પૂજારી મહાવીર સ્વામી તથા કરુણામૂર્તિ બુદ્ધનું આગમન થયું અને તેમણે જગતને અહિંસાનો માર્ગ અઢી હજાર વર્ષ પર બતાવ્યો. ભારતથી દૂરસુદૂર સુધી એ વિચારો પહોંચ્યા. તેમજ પંદરમી સદીમાં હિન્દુધર્મમાં ઘણી વિકૃતિઓ, ઢોંગ, પાખંડ અને ધર્મના નામે વર્ણવ્યવસ્થાના ભેદભાવો ફેલાયા. દેશની સ્થિતિ એ હતી કે પરદેશી શાસકોના આક્રમણો વધ્યા; સ્થાનિક રાજાઓ આસપાસમાં વૈરભાવમાં ડૂબ્યા હતા. અન્ય નીચ ગણાતી પ્રજાની હાલત ઘણી ખરાબ હતી. શૂદ્રો તથા કારીગર વર્ગના લોકોની દશા ઘણી ખરાબ હતી. સવર્ણો કે બ્રાહ્મણ-ક્ષત્રિયો તેમને તિરસ્કૃત નજરે જોતા હતા. શૂદ્રો સવર્ણના ફળિયામાં આવી ન શકે, આવે તો ફક્ત ગંદકી સાફ કરવા પૂરતા જ. તેમને સમાજમાં સ્થાન નહીં, મંદિરોમાં પ્રવેશ નહીં, કૂવો-તળાવ પર પાણી ભરવાનો અધિકાર નહીં, પારંપારિક ધંધો જ કરવો. ગમે તેવો હોશિયાર માણસ જીવનમાં આગળ આવી શકે નહિ આવો છિન્નવિછિન્ન સમાજ હતો. એકતા સંપનો અભાવ ને અહંમાં રાચનારો ઉચ્ચવર્ગનો સમાજ દલિત પીડિત શોષિતોનું ભયંકર શોષણ કરતો હતો.

ધર્મના નામે પણ વિવિધપંથ સંપ્રદાયના વાડા હતા. રામમાર્ગી, કૃષ્ણમાર્ગી, શિવપંથીઓમાં આપસમાં ખટરાગ હતા. રામને માનનારો કૃષ્ણ વિશે ખરાબ બોલે, એ બંનેને માનનારા શિવ વિશે ખરાબ બોલે. રામમાર્ગી કે કૃષ્ણમાર્ગી પંથવાળા કપડાં સીવડાવવા જાય તો એમ ન કહે કપડાં સીવવાના છે. કેમકે ભૂલેચૂકે 'શિવ' શબ્દ બોલાઈ ન જાય તેની તકેદારી રાખે. હિન્દુ હિન્દુ વચ્ચે ધર્મના નામે આ વેરભાવ હતો. આવા સમયે ભક્ત કબીરનો જન્મ થયો જે મોટી ઘટના હતી. બ્રાહ્મણીમાતાના પેટથી જન્મ થયો જેણે લહરતારા તળાવ પાસે બાળકને ત્યજી દીધો. નીરૂ અને નીમા મુસ્લિમ વણકર દંપતીએ કબીરનો ઉછેર કર્યો જેથી

કબીરમાં હિન્દુ-મુસ્લિમ સમન્વય હતો. એમણે બંને ધર્મને નજીકથી નિહાળ્યા હતા. એમના જન્મ અંગે એક દોહો કહે છે :

*'ચઉદા સો પચપન સાલ ભયે, ચંદ્રમાસ એક ઠાઠ ભયે,*
*જેઠ સુદી અગિયારસ કો પૂરનમાસી પ્રકટ ભયે ॥'*

આમ સંવત ૧૪૫૫ના જેઠ માસમાં એમનો જન્મ થયો હતો. ધર્મના નામે સડેલો સમાજ, ભેદભાવ, કર્મકાંડ, ઢોંગ, પાખંડ બધું નજીકથી જોયા બાદ તેમણે નિર્ગુણબ્રહ્મ નિરાકારની વાત કરી. પ્રભુ નિરાકાર છે, સર્વનો માલિક, સર્વગોચર છે.

*'ના મૈં મંદિર ના મૈં મસ્જિદ, ના કાબા કૈલાશ મેં,*
*તું કાહેકો ઢૂંઢે બંદે, મેં તો તેરે પાસમેં.'*

પ્રભુ નિરાકાર છે માટે મૂર્તિપૂજાનો તેમણે વિરોધ કર્યો.

*'પથ્થર પૂજે પ્રભુ મિલે તો મૈં પૂજુ પહાડ.'*

આ શબ્દો જ કહે છે કે પ્રભુ નિરાકાર ને સર્વવ્યાપક છે. કબીરની વાણીમાં 'રામ' શબ્દ આવે છે તે પણ નિરાકાર બ્રહ્મ માટે છે ન કે દશરથપુત્ર 'રામ'ની વાત છે. કહે છે :

*'દશરથ સુત તિહું લોક બખાના,*
*રામનામ કા મરમ હૈં આના.'*

આમ કબીરના રામ નિર્ગુણ છે. રામાનંદના રામથી જુદા છે. ધર્મના નામે ધતિંગ કરનારા મુલ્લા, પંડિત બંનેને કહે છે. જોર જોરમાં ઈશ્વર ભક્તિ કરવાની જરૂર નથી; તેને ભજવા માટે ઘોંઘાટની જરૂર નથી. તે શક્તિશાળી કીડીના પગની ઝાંઝર પણ સાંભળે છે ને અંતરનું કપટ પણ જાણે છે.

*'ચૂંટી કે પગ નેવર બાજે વહભી સાહબ લખતા હૈ,*
*પંડિત હોઈ કે આસન મારે લંબી માલા જપતા હૈ,*
*અંતર તેરે કપટકતરની, વહભી સાહબ લખતા હૈ.'*

એક નીચે સમાજના માણસે આ વાત કહેવી ત્યારે સરળ નહોતી પણ કબીરજીએ હિંમતભેર વાતો કરી છે. કબીર અભણ હતા, લખતા નહોતા પણ તેમનું આત્મજ્ઞાન કાવ્યરૂપે બહાર આવ્યું જેમાં ઉપનિષદ વેદાન્તનો સાર છે અને ધર્મના દ્વાર બધા માટે ખોલે છે. ભેદભાવ અને વર્ણવ્યવસ્થાને વ્યંગમાં ઉડાવે છે :

*'હિન્દુ અપની કરે બડાઈ, ગાગર છુવન ન દેઈ,*
*વેશ્યા કે પાયન તરે સાવે, દેખી તેરી હિન્દુઆઈ.'*

૨૧

વિવિધ ધર્મોના અનુષ્ઠાન ભલે જુદા હોય તે ફક્ત આકાર જ જુદા હોય છે. મૂળ તત્ત્વ તો એક જ છે ને તે જ સાચું છે. દા. ત. જેમ સોનામાંથી ઘરેણારૂપે હાર, કંગન, વાળી, નથણી વગેરે બનાવે પણ સર્વમાં મૂળતત્ત્વ સોનું છે. માટીમાંથી ઘડો, કૂંજો, કથરોટ, કૂડું, કોડિયું વગેરે બને છે. બધાના આકાર જુદા છે પણ અંતે તો મૂળતત્ત્વ તેમાં માટી જ છે. તેમ ગમે તે ધર્મ, અનુષ્ઠાન કરે અંતે ઈશ્વરમય થવાનું છે.

*'ગહના એક કનક તેં ગહના, ઇન મહભાવન દૂજા,*
*કહન સુનન કો દુઈ કરિ, ઇક નિમાઝ એક પૂજા.'*

આમ ધર્મ અને અનુષ્ઠાનો જોડી તેમણે સર્વધર્મ સદ્ભાવ ફેલાવવાનું ક્રાંતિકારી કાર્ય કર્યું છે. ખોટા ઘમંડમાં ઊંચા થઈ વિચારનારા ઢોંગી લોકોને ફટકાર મારતા કહે છે કે સાચો માનવ તે જ છે જે માનવજાતને અને અન્યને ઉપયોગી છે તે...

*'બડે હુવે તો ક્યા હુવા, જૈસે પેડ ખજુર,*
*પંથીકો છાયા નહિ, ફલ લાગે અતિ દૂર.'*

અહિંસા માટે તેમણે તે યુગમાં નવીન દૃષ્ટિ આપી છે.

*'બકરી પાતિ ખાતી હૈ, તાકિ કાડી ખાલ,*
*જો નર બકરી ખાત હૈ, તિનકા કૌન હવાલ.'*

ગરીબને રંજાડી શોષણ કરનારને કહે છે કે તમે ગરીબની હાય ના લો નહિ તો નષ્ટ થઈ જશો. મરેલા જાનવરનું ચામડું લુહારની ધમણ બની લોઢાને ભસ્મ કરી દે છે.

*'મૂએ ઢોરકે ચામ સે, લોહા, ભસ્મ હો જાય.'*
*'માટી કહે કુંભાર કો તું ક્યાં રોંદે મોહિં;*
*એક દિન ઐસા આયેગા, મૈં રોંદૂગી તોહિ.'*

માનવી આ દુનિયામાં ધન સંપત્તિ ભૌતિક સુખ પાછળ પાગલ બન્યો છે. એ જ જીવનનું લક્ષ્ય બની ગયું છે અને સતત ઊંચા શિખરે ચઢનારને કબીરસાહેબ આ પામર જીવનની ક્ષણભંગુરતા સૂચવે છે.

*'મિટ્ટીમેં મિલના હૈ સબકો, નિર્બલ હો યા વીર,*
*જો ચઢતા હૈ વો ગિરતા હૈ, કહ ગયે દાસકબીર.'*
*'સિક્કે ક્યા ગિનતા હૈ પગલે સાથ કુછ નહીં આયેગા,*
*યે દુનિયા કા હૈ દુનિયા મેં યું હી પડા રહ જાયેગા.'*

બે દોહામાં જીવનની કેટલી ગહન વાતો કરી છે. જીવનભર ધન સમેટવા પડેલ માણસને કહે છે કે તારા પલંગ, ગાદલા, ફર્નિચર કશું કામ આવનાર નથી. માટીમાં મળવાનું છે :

*'કર લે સિંગાર ચતુર અલબેલી;*
*સાજનં કે ઘર જાના હોગા, ફિર વહીંસે નહીં આના હોગા,*
*માટી બિછાવન, માટી ઓઢાવન.'*

સમાજના નીચા સમાજના લોકોને ધર્મ કે મંદિરોમાં સ્થાન નહોતું, તેમને નવા વિચાર આપ્યા. ધર્મ પર બ્રાહ્મણનો ઈજારો નથી. પ્રભુ સર્વવ્યાપક છે. સર્વનો છે તે તમારા હૃદયમાં બિરાજમાન છે; તેને અહીંતહીં શોધવા માટે ફાંફાં મારવાની જરૂર નથી. તે દેવસ્થાનોમાં પણ નથી. તે માનવસેવા અને માનવમનમાં વિરાજમાન છે; તે એક છે અને સર્વવ્યાપક વિરાજમાન છે.

મનુષ્યનું મહાત્મ્ય વિશિષ્ટ સંજોગોમાં અંકાય છે. જે અમેરિકામાં ગુલામીપ્રથા હતી; તેને નાબૂદ કરનાર માનવતાવાદી અબ્રાહામ લિંકનનું ઘણું મહત્ત્વ છે. પરાધીન ભારતમાં સ્વરાજ આંદોલન ચલાવનારને આઝાદ ભારતનું સ્વપ્ન સાકાર કરનાર મહાત્મા ગાંધીજીનું મહત્ત્વ પણ વિશેષ સંજોગોથી છે. બસ ભક્ત કબીરજીનું મહત્ત્વ તેમના યુગવિશેષ અને છિન્નભિન્ન હિન્દુ સમાજના સંદર્ભમાં ઘણું મોટું છે, તેમના અનુયાયીઓ અને પરંપરામાં ચાલનારા જેવા કે ગુરુનાનક, દાદૂ દયાલ, નામદેવ (દરજી), નાભાદાસ (ડોમ), મલૂકદાસ (વાણિયા), રૈદાસ કે રવીદાસ (ચમાર) વગેરે છે. સમાજ ઉત્થાનનું તે સમયનું ઘણું મોટું કાર્ય છે.

ગાંધીજી પર આ સંતનો ઘણો પ્રભાવ હતો. ગાંધીજીએ ભેદભાવમુક્તિ, વર્ણવ્યવસ્થા વિરોધ, જનસેવા તથા દરિદ્રોને નારાયણથી જોડવાનું કાર્ય કર્યું તે સર્વ પાછળ કબીરની વિચારધારા જ કામ કરતી હતી. કબીરજીને માનનારા હિન્દુ-મુસલમાન બંને પંથના છે. એમની વાણીમાં જ્ઞાન સાથે સૂફીસંતોની પ્રેમની વાણી પણ સમાયેલી છે. આજે પણ જ્યારે સમાજમાં દેશમાં ધર્મના નામે ઝઘડા થાય છે. માણસને માણસથી ધર્મના નામે અલગ કરવાના પ્રયત્નો થાય છે. સંપ્રદાયોના અહં અને મારું જ સાચુંના હઠાગ્રહોના સંઘર્ષો થાય છે. ગાદીપતિઓ ધનના ઢગલા એકત્ર કરી એરકન્ડિશન ગુફા કે કુટિરોમાં બેઠા છે. કારમાં ફરે છે. એરમાં ઊડે છે. ત્યારે તે સામાન્ય માણસની કઈ સેવા કરે છે ? આવા મઠાધીશો ગાદી બલ્કે સંપત્તિઓ માટે લડે છે. નવો પંથ શરૂ કરે છે. સ્ટે ઓર્ડરો લાવે છે અને ક્યારેક ખૂનો પણ થાય છે. ત્યારે કબીર વિચાર અને વાણી આપણને પાંચસો વર્ષ પછી પણ તેની પ્રસ્તુતતા દર્શાવી સૂચવે છે. સાધુ કેવો હોય ? સાધુનાં કાર્યો શું ? તેણે

શું કરવું જોઈએ એ બતાવે છે. કબીરનાં કાવ્યો મેં એમ.એ.માં ભણાવ્યા. ડૉ. ગોવિંદ ત્રિગુણાપત તથા ડૉ. શરણામસિંહ શર્માએ એમના પર Ph.D. પાસ કર્યું છે. મારા એક દલિત વિદ્યાર્થી ડૉ. રામજી મકવાણાએ 'કબીર અને અખો' વિષય પર મારા માર્ગદર્શનમાં પીએચ.ડી. પાસ કર્યું છે. કબીરના વિચાર સદા જીવંત છે અને જીવનનું સત્ય નિર્ભય રીતે પ્રકટ કરે છે.

જ્યાં કબીરજી બાહ્ય આચાર, કર્મકાંડ અને ટીલાં-ટપકાંનો વિરોધ કરે છે. ત્યાં અંતરથી (હૃદય) ઈશ્વરને પામવાનો માર્ગ બતાવે છે જે માટે મનુષ્યે પોતે અંતરમુખી થવાનું છે. પરમાત્મા આપણા અંતરમાં બેઠો છે. આત્માએ શુદ્ધતાની સાથે નામજપન સાથે તેને પામવાનો પ્રયત્ન કરવાનો છે. વૈષ્ણવો શ્રીકૃષ્ણ અને ગોપીઓના સંબંધથી માધુર્યભાવની પ્રિય અને પ્રિયા રૂપ ભક્તિ કરે છે જે 'રાસ'માં ઓતપ્રોત બને છે. તેમજ સૂફીઓ પ્રેમમાર્ગી શાખાવાળા આશિક અને માશુકા રૂપે ખુદાપાકને પામવાની કોશિશ કરે છે. આ પ્રભાવ કબીરસાહેબ ઉપર પણ પડેલો છે. આત્મા પરમાત્માનું મિલન થાય છે ત્યાં બ્રાહ્મી સ્થિતિ કે મિલન 'વસ્લ' કહેવામાં આવે છે. કબીરજી એને તુરીયા અવસ્થા કહે છે. આત્મા-પરમાત્મા સાથે એકાકાર થઈ મિલન અવસ્થા પ્રાપ્ત કરે છે તે 'સમાધિ' કહેવાય છે. કહે છે :

*'સાધો સહજ સમાધિ ભલી.'*

ઈડા, પિંગલા, સુષુમણા નાડીને કુંડલિની જગાવી ઉપર કપાળ પર 'ત્રિકુટી'માં સંગમ કરાવે તો માણસ સમાધિ અવસ્થામાં દાખલ થાય છે. આ ઉચ્ચતમ આનંદની અવસ્થા છે જેની સામે દુનિયાની બધી અવસ્થા તુચ્છ છે. પ્રભુમય થાય પાછા અલગ થાય ફરી સમાધિ સાધે.

*'ન પલ બિછડે પિયા હમસેં,*
*ન હમ બિછડે પિયારે સે,*
*ઉન્હીં સે નેહ લાગી તો,*
*હમન કો બેકરારી ક્યા ?'*

પ્રાણાયામ, યોગ, કુંડલી, જાગ્રતતા બધું જ એમાં આવે છે. આ પ્રેમનું ઘર એવું છે કે જેમાં ફનાગીરીની તૈયારીવાળો જ પ્રવેશ લઈ શકે જે ભક્તિની તન્મય અવસ્થા છે.

*'કબીર યહ ઘર પ્રેમકા, ખાલા કા ઘર નાહિં,*
*શીશ ઉતારે ભૂઈ દિયે, વહી પૈસે માંહિ.'*

એમાં બાહ્ય કર્મકાંડ કે બ્રાહ્મણના અનુષ્ઠાનની જરૂર નથી. દરેક વ્યક્તિ

અંગત રીતે અંતર્મુખી થઈને કરી શકે છે. આમ કબીરજીએ સહજ સમાધિ દ્વારા સામાન્ય માણસને પણ પરમાત્મા સુધી પહોંચવાનો માર્ગ બતાવ્યો છે. બહુજન સમાજ જે નીચ, અછૂત અને મંદિરોથી દૂર રખાયો હતો તેઓને આ ભક્તિથી મોટો આધાર મળી ગયો. કબીરજીની ખૂબી એ જ છે કે વિવિધ પંથ, ધર્મના સારા તત્ત્વો એમણે આવકાર્યા અને સમન્વય કર્યો. તો જે કર્મકાંડ ખોટા લાગ્યા તેનો ખુલ્લો વિરોધ કર્યો. સંસારી હતા એમની પત્ની હતી. કમાલ, કમાલી તેમનાં પુત્ર-પુત્રી હતાં. સંસારમાં રહી મહેનતનું ખાતા હતા. ધંધાની વાત પણ ધર્મમાં જોડી કહે છે :

*'ઝીની ઝીની રે બિની ચદરિયા,*
*ઇડા પિંગલા કા તાના બનાયા શુષુમના કા બાના.'*

સારા માણસોનો સત્સંગ અને કમાણીનો રોટલો એમને પસંદ હતા જેથી મહેનતકશ માણસના ગુરુ બન્યા.

*'કબીર કહે કમાલ કો દો બાતેં સીખ લે,*
*કર સાહેબ કી બંદગી ઔર ભૂખે કો કુછ દે.'*

ભૂખ્યાને જમાડવું એ મોટું ધર્મકાર્ય છે. આજે દ. ગુજરાતમાં ક્ષત્રીય પાટીદાર ભક્ત સમાજ કબીરજીને ગુરુ માને છે. એઓ બોલે છે 'રામકબીર'.

કબીરનો સંદેશ આ સુખી સમાજના લોકોએ સાચા અર્થમાં અપનાવ્યો છે. ભક્ત સમાજ મહેનત કરનારો ખેડૂત સમાજ છે. પરદેશ પહોંચતા આ સમાજ સાધનસંપન્ન થયો છે, પણ કબીરપંથના સંસ્કારને કારણે એ ઉદાર અને દાનવીર પણ છે. આજે શિક્ષણ, વિકલાંગ, કલાસંસ્થામાં મોટા દાન એ કરે છે. કલાવિદ્યાલય અમલસાડ, ગાંધીઘર કછોલી તથા બારડોલી પંથકના વિદ્યાધામોમાં એમના મોટા દાન છે. માણસ ધર્મિષ્ઠ ત્યારે જ બને કે ધર્મના સિદ્ધાંતોને જીવનમાં પોતે ઉતારે. ભક્ત કબીરના વિચારોની જ્યોતનો જ આ પ્રકાશ છે. દયાભાવ જ ધર્મનું મૂળ છે. અન્નદાન તથા ભૂખ્યાના જઠરાગ્નિ તથા રોગીને સ્વાસ્થ્ય આપવાનું કામ આ વિચારધારાથી ફેલાયું છે.

આવા મહાન ક્રાંતિકારી સંત ભક્ત કબીરને મારા વંદન હો... જય કબીર...

(કબીરવાણી : જાન્યુઆરી '૦૫)

❑

# કબીર જ્યોત

ડૉ. નલિની પી. ગીલીટવાળા

ભારત દેશમાં અનેક સંત પુરુષો થઈ ગયા. તેમાં ધ્રુવના તારા સમ અવિચલ સ્થાન જેમનું છે, તેવા સંત કબીર પંદરમી સદીમાં થઈ ગયા. તેઓ તત્ત્વજ્ઞાની, સ્વયંસિદ્ધ, સનાતન સત્યના સાક્ષાત્ પ્રતીકરૂપ છે. ભારતીય સંસ્કૃતિને જેમની વાણીએ તેજોમય કરી છે તેવા સંત કબીરજીના જીવન અને કવનની થોડી ઝાંખી કરી આપણા જીવનને ઝળાંહળાં કરીએ.

**કબીરસાહેબનું જીવન :**

ઉચ્ચશ્રેણીના ભક્તોમાં જેમનું નામ ખૂબ આદર અને શ્રદ્ધા સાથે લેવાય છે તેવા કબીરજીના જન્મ સંદર્ભે અનેક લોકવાયકા સાંભળવા મળે છે. કહેવાય છે કે જગદ્‌ગુરુ રામાનંદ સ્વામીના આશીર્વાદથી એક વિધવા બ્રાહ્મણીના ગર્ભથી સંત કબીર જન્મ્યા હતા. લજ્જાની મારી તે બ્રાહ્મણી સ્ત્રીએ નવજાત શીશુને લહરતારા તળાવમાં કમળ ઉપર મૂકી જતી રહી. નીરુ નામના એક જુહાલાએ બાળકને પોતાના ઘરે લાવી તેનું પાલન-પોષણ કર્યું. આ બાળક 'કબીર' કહેવાયું. કેટલાક કબરપંથી લોકોની માન્યતા પ્રમાણે કબીરનો જન્મ કાશીમાં લહરતારા તળાવમાં કમળના પુષ્પ પર બાળ સ્વરૂપે થયો હતો. જ્યારે એક પ્રાચીન ગ્રંથમાં લખ્યું છે કે પ્રતીચિ નામના દેવાંગનાના ગર્ભથી ભક્તરાજ પ્રહ્‌લાદ જ કબીરના રૂપમાં સંવત ૧૪૫૫ના જેઠ સુદ પૂનમના દિવસે જન્મ્યા હતા. પ્રતીચિએ લહરતારા તળાવમાં કમળના પાંદડા ઉપર તે બાળકને તરતો મૂકી દીધો હતો. જ્યાં સુધી નીરુ-નીમા નામના વણકર દંપતી આવીને તે બાળકને લઈ ગયા ત્યાં સુધી પ્રતીચિ તેની રક્ષા કરતી રહી. આ બધી વાતોમાં કોને પ્રમાણિત કે અપ્રમાણિત કહેવી તેની ચર્ચામાં ન પડતાં એટલું નિર્વિવાદ છે કે કબીરસાહેબનો જન્મ – તેમનું પ્રાકટ્ય લહરતારામાં કમળપત્ર ઉપર થયું.

**કબીર-રામાનંદજીનો મેળાપ :**

સદ્‌ગુરુ કબીરસાહેબ પોતાની સ્વયંસિદ્ધ વાણીથી હિન્દુ-મુસ્લિમ એકતાનો

પ્રચાર કરી માનવજાતની એકતાનો ઉપદેશ કાશી શહેરમાં આપતા હતા. કબીરસાહેબની કીર્તિ કાશીમાં તથા આજુબાજુના વિસ્તારમાં ખૂબ પ્રસરવા લાગી. સ્વાર્થી પંડિતો કબીરસાહેબની મહત્તા સહન ન કરી શક્યા. તેમનો વિરુદ્ધ, ખોટો પ્રચાર કરવા લાગ્યા. કબીરસાહેબે વિચાર્યું કે ભક્તિની મર્યાદા સ્થાપિત કરવા માટે અને અન્ય ધર્મના પ્રચાર માટે સામાજિક પ્રણાલિકા મુજબ ગુરુ કરવા જોઈએ. તે સમયે સ્વામી રામાનંદજી સમસ્ત ભારતખંડમાં મહાન સંત પુરુષ હતા, તેથી તેમને ગુરુ કરવાનું નક્કી કર્યું. એક દિવસ વહેલી પરોઢે કબીરસાહેબ ગંગાનદીના કિનારે ઘાટના એક પગથિયા પર સૂઈ ગયા. રામાનંદ સ્વામી દરરોજ સવારે ચાર વાગે ગંગાઘાટ પર સ્નાન કરવા આવતા હતા. તે દિવસે સ્વામીજી ઘાટ ઊતરતા હતા ત્યાં અંધારાને લીધે તેમનો પગ કબીરજી પર પડતાં જ તેઓ 'રામ રામ' એમ બોલી ઊઠ્યા. કબીરજીએ તેને ગુરુમુખે મળેલો દિક્ષામંત્ર માની લીધો અને રામાનંદજીને પોતાના ગુરુ બનાવી દીધા. આ પ્રમાણે સ્વામી રામાનંદજી તથા કબીરસાહેબનો પરિચય થયો.

બીજી એક વાત પણ જાણીતી છે કે મુસલમાન કબીરપંથીઓની માન્યતા મુજબ કબીર જન્મથી જ મુસલમાન હતા. કબીરજીએ પ્રસિદ્ધ સૂફી મુસલમાન ફકીર શેખ તકાની પાસેથી દિક્ષા લીધી હતી. આ બધી વાતોથી સિદ્ધ થાય છે કે કબીરજી હિંદુ-મુસલમાનનો ભેદભાવ મીટાવી હિંદુ ભક્તો અને મુસ્લિમ ફકીરોનો સત્સંગ કર્યા કરતા. તેઓ પાસેથી જે કંઈ પ્રાપ્ત થાય તે હૃદયંગમ કરતા.

એક લોકવાયકા એવી પણ છે કે કબીરને એક પુત્ર અને એક પુત્રી હતાં. પુત્રનું નામ 'કમાલ' અને પુત્રીનું નામ 'કમાલી' હતું. તેમની પત્નીનું નામ 'લોઈ' બતાવવામાં આવ્યું છે. આ નાનકડા પરિવારનું ભરણ-પોષણ કરવા કબીરજીને કઠોર પરિશ્રમ કરવો પડતો. ઘરમાં સાધુ-સંતોની આવન-જાવન ઘણી રહેતી એટલે ક્યારેક તેઓને માત્ર હવા ફાકવાનો વખત પણ આવતો. જ્યારે અન્ય ગ્રંથોમાં 'કમાલ', 'કમાલી' અને 'લાઈ'ને તેમના શિષ્યો દર્શાવ્યા છે. કબીરસાહેબની સ્વયંવાણી નિજ પ્રમાણરૂપી છે કે તેઓ આદિ બ્રહ્મચારી, સિદ્ધ અને માયાથી રહિત સત્યપુરુષ છે.

## કબીરજીનું નિર્વાણ :

કબીરજી સમાજમાં રહેલા દંભ, આડંબર, અંધશ્રદ્ધા, કુરિવાજો, ન્યાત-જાત, ધર્મ વગેરેના વેરઝેરના તેઓ સખત વિરોધી હતા. એક સમયે એવી પ્રબળ માન્યતા હતી કે કાશીમાં મૃત્યુ થાય તો માનવીને સ્વર્ગ મળે અને મગહરમાં મૃત્યુ

થાય તો ગધેડાનો અવતાર મળે અને તેથી જ કબીરસાહેબે અંધશ્રદ્ધાનો પર્દાફાશ કરવા કાશી છોડી મગહરમાં જઈને વસ્યા અને ત્યાં પોતાનો દેહત્યાગ કર્યો. બીજી એક લોકવાયકા છે કે વૃદ્ધાવસ્થામાં કાશીના લોકોએ કબીરજીનું કાશીમાં રહેવું મુશ્કેલ કર્યું હતું. કબીરજી ઉપર યશ અને કીર્તિની એટલી બધી વૃષ્ટિ થતી હતી કે કબીરજી તેનાથી તંગ આવી જઈ મગહર જતા રહ્યા. ૧૧૯ વર્ષની ઉંમરે મગહરમાં તેમણે દેહત્યાગ કર્યો.

કબીરજીએ તેમના અંત સમયે બધા શિષ્યોને મગહરમાં બોલાવી લીધા. 'મારા મૃત્યુ બાદ કલહ કરશો નહીં' આટલું કહી કબીરજી કુટીરમાં જઈ પોતાના હાથની વણેલી ચાદર ઓઢી સૂઈ ગયા. આત્મા પરમાત્મા સાથે વિલીન થઈ ગયો. કબીરજીનું નિર્વાણ થયું ત્યારે હિંદુ અને મુસ્લિમ શિષ્યો વચ્ચે અંતિમ વિધિ અંગે ઝઘડો થયો. ત્યારે આકાશવાણી થઈ કે : 'ભાઈઓ ઝઘડશો નહીં, હું સતલોકમાંથી આવ્યો છું અને સતલોકમાં જાઉં છું' જ્યારે તેમના મૃતદેહ પરથી ચાદર હટાવી તો ત્યાં ફૂલોનો ઢગલો હતો. હિંદુ-મુસલમાનોએ ફૂલ અને ચાદર પણ અડધા અડધા વહેંચી લીધા. કબીરજીએ અંતિમ બોધ આ રીતે આપ્યો કે માનવીએ ફૂલ જેવા રહેવું જોઈએ.

**કબીરસાહેબનું કવન :**

કબીરસાહેબનું જીવન જેટલું સાદું અને સરળ હતું તેટલી જ તેમની વૈચારિક સૃષ્ટિ ખૂબ જ ઉત્કૃષ્ટ હતી. કબીરસાહેબે સમાજ અને ધર્મમાં રહેલાં દૂષણો સામે સરળ અને સહજ ઉદાહરણ ધરાવતા પદો-છંદો-ચોપાઈઓ રચીને લોકોને બોધ આપ્યો છે.

કબીરજીની વાણી તરીકે ત્રણ ગ્રંથો પ્રસિદ્ધ છે.

(૧) કબીર બીજક ગ્રંથ (૨) કબીર સાખી ગ્રંથ (૩) કબીર શબ્દાવલિ.

કબીર બીજક ગ્રંથમાં કબીરજીની રહસ્યમય વાણી છે. બીજકની શૈલી ગૂઢ છે. આમાં ભારોભાર તત્ત્વજ્ઞાન સમાયેલું છે. માત્ર બુદ્ધિશાળી અને જ્ઞાનમાર્ગીઓને જ આ ગ્રંથ સમજાય તેવો છે. 'બીજક બતાવે વિત્તકો, જો વિત્ત ગુપ્તા હોય' આમ આ ગ્રંથ દ્વારા સાધક મોક્ષ ધનના ખજાના સુધી પહોંચી શકે છે.

સદ્‌ગુરુ કબીરજીએ સાખી ગ્રંથમાં સામાજિક સમસ્યાઓનું નિરાકરણ વિશિષ્ટ શૈલીમાં કર્યું છે. આપણા જીવનમાં રોજબરોજના બનતા પ્રસંગોને લઈને લોકોને બોધ આપ્યો છે. ભજનવાણી તેમજ સાખીને માધ્યમ બનાવી સમાજનાં

દૂષણો જેવાં કે વ્યસન, માંસાહાર, પરસ્ત્રીગમન, નિંદા-કુથલી, રાગ-દ્વેષથી દૂર રહેવા સમાજને જાગૃત કર્યા છે.

શબ્દાવલિ ભક્તિરસથી ભરપૂર છે. સગુણને બદલે નિર્ગુણ ઉપાસના તરફ લોકોને વાળ્યા છે. બાહ્યાડંબર, કર્મકાંડ તેમજ અંધશ્રદ્ધાના અંધકાર સામે ભક્તિની જ્યોત તેમણે પ્રજ્વલિત કરી છે.

કબીરજી પરમાત્માને માતા, પિતા, મિત્ર અને પતિના રૂપમાં જોતાં હતા. ક્યારેક કહેતા 'હરિ મોર પિઉ, મૈં રામકુ બહુરિયા' અને ક્યારેક કહેતા 'હરિ જનની, મૈં બાલક લોરા' તેમની વાણીમાં ભગવાન સાથેનો મધુર પ્રગાઢ સંબંધ જણાય છે.

વિશ્વની સમગ્ર પ્રજાને ધર્મના ભેદભાવ મિટાવી માત્ર માનવી બનવાની શીખ આપતા તેઓ કહે છે :

*હિંદુ કહો તો મૈં નહીં, મુસલમાન ભી નાહીં,*
*પાંચ તત્ત્વકા પુતલા, ગેબી ખેલે માંહિ.*

કબીરસાહેબે લોકોને અહિંસાનો રાહ અપનાવવા ઉપદેશ આપ્યો હતો. અહિંસાના ઉપદેશ દ્વારા હિંદુ-મુસલમાન પરસ્પર વિરુદ્ધ જાતિઓમાં હૃદયો પોતાના તરફ આકર્ષ્યા હતા. અહિંસા વડે સિકંદર જેવા મહાન મુસલમાન રાજા અને શેખતકી જેવા ધર્મચુસ્ત મુસલમાન ગુરુએ પોતાના મસ્તકો કબીરસાહેબનાં ચરણોમાં ઝુકાવ્યાં હતાં.

(કબીરવાણી : જાન્યુઆરી, ૦૫)

❑

# રામ રસ પ્યાલા – પીવે મતવાલા

ડૉ. નિરંજન રાજ્યગુરુ

કબીરસાહેબ એક એવું નામ... જે સમસ્ત વિશ્વના મરમી સાધક સંતો માટે કાયમ આદરણીય બની રહ્યું છે. એની વાણી ભાષા-પ્રાંતના સીમાડા ઓળંગીને સર્વદેશીય-સર્વકાલીન સત્ય તરીકે પ્રસરતી રહી છે. આ સંત તો હતા શબ્દના સોદાગર...

શબ્દ તો ખરો પણ એ 'સતનો શબદ' એને શબદ તે બ્રહ્મવાક્ય. લોઢામાં લીટો. એને તમે વાણી કહો, નામ કહો, વચન કહો કે શબ્દબ્રહ્મનો સાક્ષાત્કાર.

*હમ વાસી ઉસ દેશ કે, જહાં જાતિ બરન કુલ નાંહિ,*
*શબ્દ મિલાવા હો રહા, દેહ મિલાવા નાહિ.*
*સાહેબકા ઘર શિખર પર, જહાં સિલહિલી ગૈલ.*
*પાંવ ન ટિકે પિપિલિકા, વહાં પંડિત લાદે બૈલ.*

એ અગમ દેશના મુસાફર કબીરસાહેબ પરમતત્ત્વની પિછાન આપતાં કહે છે કે સાહેબનું-અલખધણીનું નિવાસસ્થાન એવા શિખર ઉપર છે ત્યાં પહોંચવા માટે કરોળિયાની જાળનો એક તાંતણો માર્ગ રૂપે પહોંચે છે. એના ઉપર કીડીના પગ પણ ટકી શકે તેમ નથી. આવા શિખરે પહોંચવા માટે બૌદ્ધિકો-પંડિતો-વેદાન્તીઓ-વિદ્વાનો-શાસ્ત્રો-પુરાણો-તર્ક-ખંડન-મંડનના પોટલાં લાદીને પોતાની બુદ્ધિના બળદને હંકાર્યા કરે છે. પણ પહોંચી શકતા નથી. જ્યાં કીડીના પગ ન ટકી શકે ત્યાં આવી જ્ઞાન-ગુમાનની ગાંસડી લઈને પંડિતોનો બેલ ક્યાંથી ચાલી શકે ?

કબીરસાહેબની વાણીને સમજવી હોય તો સર્વપ્રથમ એમણે કરેલાં સંબોધનોને સમજવાં પડે. એક વખત આ સંબોધનો સમજાઈ જાય તો પછી તુરત જ ખ્યાલ આવે કે એમના સર્જનમાં કેટલા વિષય છે, એમનો બોધ શું છે, કબીરવાણીની પ્રકૃતિ કઈ છે, એમનો સ્વભાવ શું છે.

સૌથી વિશેષ રચનાઓ કબીરસાહેબે પોતે પોતાને સંબોધીને જ ગાઈ છે. પોતાના સાચા અનુભવને વ્યક્ત કરવા વારંવાર તે પોતાની જાત સાથે જ વાતો કરતા રહ્યા છે. પોતાની જાત સાથેની વાતચીત જેટલી જ વાત કબીરસાહેબે એ 'સતનામ', પરમપુરુષ, અવિનાશી પરમતત્ત્વ સાથે કરી છે. 'હું' અને 'તું' — 'મૈં' અને 'તૂ'નો સંવાદ પોતાનો અલખપુરુષ સાથેનો સંબંધ સ્પષ્ટ કરે છે, તો 'અવધૂ', 'સાધુ' જોગી જેવા વિરક્તો સાથે વાતો કરતાં કબીરસાહેબ જીવ, જગત, માયા, બ્રહ્મની ઓળખાણ આપતા રહે છે. ગૂઢ રહસ્યાત્મક વાતોના શ્રોતા અવધૂ છે, તો કાયાશોધન, અષ્ટાંગયોગ, ષટ્ચક્ર, પંચીકરણ, મુદ્રા ક્રિયાઓ વિશેની સાધનાત્મક અનુભવવાણીના શ્રોતા છે જોગી. જે યોગસાધનામાં રત છે.

પંડિત, મુલ્લાં, કાજી જેવા ધર્મ, મંદિર, પાખંડ, મૂર્તિ, મસ્જિદ, નમાજ, ટીલાં-ટપકાં, માલા-તસબી, પુરાણ-કુરાનના બાહ્યાચારોના વાડા બાંધીને જગતને ભરમાવનારા તકવાદીઓ કબીરસાહેબને દુશ્મન જેવા જ લાગે છે. એના ઉપર પોતાની વાણીમાં ખુલ્લો પ્રહાર તેઓ કરતા રહ્યા છે.

'સંતો ભાઈ, સંબોધન કરતી વેળા કબીરસાહેબ એક પ્રકારનો આત્મીય સંબંધભાવ અનુભવે છે. તે પ્રેમથી-લાગણીથી ભક્તિ-વૈરાગ્ય, જ્ઞાન અને સહજયોગની શીખ આપતા રહે છે.

*પંડિત ! વાદ વદંતે જૂઠા...*  
*રામ ક્હ્યાં દુનિયા ગતિ પાવૈ, ખાંડ કહ્યાં મુખ મીઠા...પંડિત...*  
*પાવક ક્હ્યાં પાવ જે દાઝૈ, જલ કહિ તૃષા બુઝાઈ,*  
*ભોજન કહ્યાં, ભૂખ જે ભાજૈ, તો સબ કોઈ તિરિ જાઈ...પંડિત...*  
*નર કે સાથ સુવા હરિ બોલે, હરિ પરતાપ ન જાને,*  
*જો કબહું ઊડિ જાય જંગલમેં, બહુરિ ન સુરતેં આનૈ...પંડિત...*  
*સાચી પ્રીતિ વિષે માયા સૂં, હરિ ભગતનિ સૂં હાંસી,*  
*ક્હે કબીર પ્રેમ નહીં ઉપજ્યો, બાંધ્યો જમપુરિ જાસી...પંડિત...*

કબીરસાહેબ કહે છે કે હે પંડિત ! તું શા માટે ખોટી વાત કરે છે ? ખોટા સિદ્ધાંતોનો પ્રચાર કરે છે ? આચરણ કર્યા વિના માત્ર બોલવાથી શું થાય ? જ્યાં સુધી હરિનામ ઉપર પ્રેમ ન ઉપજે, નામ સજીવન ન થાય, ને તારાપણું ઓગળી ન જાય ત્યાં સુધી બધું જ નકામું.

જો રામ રામ શબ્દો માત્ર બોલવાથી જ મોક્ષ પ્રાપ્ત થઈ જતો હોય તો તો સાકર સાકર બોલવાથી મોઢામાં મીઠાશ આવી જાય ને ભોજન ભોજન એમ

જપવાથી ભૂખ મટી જાય. અગ્નિ અગ્નિ એમ રટવાથી પગ દાઝી જાય ને પાણી પાણી પાણી એમ જપ કર્યાથી તરસ છીપાઈ જાય.

પાળેલો પોપટ પણ રામ બોલતો હોય, હરિ હરિ એમ જાપ કરતો હોય પણ એ નામનો મહિમા નથી જાણતો – પાંજરામાંથી છોડ્યા પછી જંગલમાં ઊડી જાય ત્યારે એને નામ યાદ નથી આવતું. તમારો સાચો પ્રેમ તો માયા અને વિષયો પ્રત્યે છે. સાચા હરિ ભક્તોની તો હે પંડિત ! તું હાંસી ઉડાવતો ફરે છે, તારી અંદર નામ બેઠું નથી, નામ જાગ્યું નથી, નામ જીવતું થયું નથી એટલે કાળપાશથી બંધાઈને તું જમપૂરીમાં જ જવાનો છે.

અંધશ્રદ્ધા, વહેમ, જડતા, ખોખલા કર્મકાંડને પાખંડી રીતરિવાજો સામે વારંવાર ચેતવણી આપીને કબીરસાહેબે 'તેરા સાહેબ હે ઘટ માંહે, બાહર નૈંના ક્યોં ખોલ ? નો ઉપદેશ આપ્યો છે. મન, બુદ્ધિ, ઇન્દ્રિયોથી પર છે, એની પહોંચની બહાર છે એવું 'નામ' – 'સતનામ' એ કેવળ અનુભવની વસ્તુ છે. વિદ્યા, જ્ઞાન, તર્ક કે ખંડન-મંડનની નહીં. અહીં પંડિતાઈનું કામ નથી શરણાગતિનું કામ છે. અગમ અગોચર 'આદિનામ' ઝીલાઈ જાય, ઝડપાઈ જાય, જીવનનો એક ભાગ બની જાય તો કોક વીરલાનું જ કામ. સાત દ્વીપ નવખંડમાં એક માત્ર સત્તા એ 'નામ'ની સત્તા છે. એ 'નામ'ની ઓળખાણ કોક સતગુરુ દ્વારા થઈ જાય તો બેડો પાર.

*અગનિ જુ લાગી નીરમેં, કંદુ જલિયા ઝારિ;*
*ઉત્તર દખ્ખન કે પંડિતા રહે વિચારી વિચારી.*

સત્ગુરુ કબીરસાહેબ કહે છે કે પરમતત્ત્વ સાથેના પ્રેમરૂપી પાણીમાં જ્ઞાન અને વૈરાગ્યની આગ પ્રજ્વલિત થઈ છે ત્યારે વાસનારૂપી – (કામ-ક્રોધ, મોહ, ઈર્ષ્યા, અદેખાઈ, અહંકાર, લોભ વગેરે વાસનાના અંકુરોરૂપી) સમસ્ત કાદવ બળીને ભસ્મ થઈ ગયો છે ને શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ આત્મા ઝળહળી રહ્યો છે – આમાં વેદાન્તી પંડિતોનું કામ નથી. દુનિયાભરના શાસ્ત્રજ્ઞ પંડિતો-જ્ઞાનીઓ-વિચારકો કેવળ વિચાર કરતા રહી જાય છે, એની સમજણમાં આ રહસ્ય નથી આવતું.

કબીરસાહેબનું જીવનલક્ષ્ય સત્યની શોધ કરવાનું હતું. જીવનના અંત સુધી તેઓ સત્યના-સતનામના-સત શબ્દના ઉપાસક રહ્યા. એક જબ્બર ક્રાન્તિકારી વ્યક્તિત્વ ધરાવતા આ સંતનું હૈયું પ્રેમ અને ભક્તિના માર્ગે ફૂલથી પણ કોમળ ને અહંકારી-અનાચારી-પાખંડી પંડિતો માટે વજ્રથી પણ કઠોર બની જતું. એના

શબ્દચાબખા ધર્મનો ઠેકો લઈ બેઠેલા મૌલવી-જોગીયા કે પંડિતો માટે અસહ્ય થઈ ઊઠતા.

કબીરસાહેબે પોતાનો ઉપદેશ બે પ્રકારે આપ્યો છે. પ્રથમ પોતાના જીવન વ્યવહારથી અને બીજો પોતાની વાણી દ્વારા. સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ જે આદિ નાદ-આદિ શબદ-આદિ ધ્વનિથી થઈ છે એ નાદ-શબદ-ધ્વનિને પકડી લેવાય, જીતી લેવાય તો અનાહત-અનહદની ઓળખાણ થઈ જાય. આ સંત તો હતા શબદના સોદાગર. શબ્દ બ્રહ્મની ઉપાસના કરનારા આ સમર્થ સાધક કે ઉપાસક શબ્દને જીવી ગયા છે. શબ્દને જીતી ગયા છે. એમણે શબ્દને લાડ લડાવ્યા છે. પોતાની ઇચ્છા મુજબ રમાડ્યા છે ને ધાર્યા અર્થ પ્રમાણે શબ્દની પાસે કામ લીધું છે. પછી એ શબ્દ વ્રજ, અવધી, માગધી, ભોજપૂરી, મૈથિલી, રાજસ્થાની, બુંદેલખંડી, પંજાબી, મરાઠી કે ગુજરાતી ભાષાનો હોય. એક સજાવેલી ધારદાર કટારીની માફક એ શબ્દ ઝળહળતો બની જાય છે જ્યારે કબીરસાહેબના હાથમાં પડી જાય.

પરમાત્માએ બનાવેલા આ સંસારનું વર્ણન આપણી ભાષામાં — આપણા બોબડા બાવન અક્ષરોમાં કરવું તદ્દન અશક્ય, કારણ કે જ્યાં સનાતન અક્ષર-અક્ષરાતીતનો અનુભવ હોય ત્યાં કોઈ જ ભાષા પહોંચી શકે નહીં, ત્યાં તો એક જ ભાષા પહોંચે 'ઢાઈ અચ્છર પ્રેમ કે...' પ્રેમની ભાષા જ પહોંચે. મન, બુદ્ધિ, ઇન્દ્રિયોની બહારનો આ અનુભવ જ્યારે આપણી સીમિત વાણી કે ભાષામાં વ્યક્ત કરવો હોય ત્યારે વિદ્યા, જ્ઞાન કે તર્ક કામ આવતાં નથી. ત્યાં કામ આવે છે અનુભૂતિની સચ્ચાઈ.

*શબદ ગહીર ગંભીર, શબદ બિન પદ મિલે નહીં થીર;*
*શબદ હી મછલી, શબદ હી નીર, શબદ બખાને દાસ કબીર.*
*કહે કબીર તૈં શબદ કો પરખલે*
*શબદ હી આપ કરતાર ભાઈ...*

અને આ શબદ સાધના એમની જીવન સાધનાથી ઊતરતી કક્ષાની નથી.

*હે સંતો ! ધોખા કાંસૂ ધરિયે !*
*ગુન મેં નિરગુન, નિરગુન મેં ગુન*
*વાટ છાંડી કયું બહિયે ! સંતો ધોખા...*

બસ આટલી ખબર પડી જાય કે સગુણમાં નિર્ગુણ છે ને નિર્ગુણમાં જ સગુણ છે તો તમામ વાદ-વિવાદ ટળી જાય. બધું જ છોડો ને એક નામ – એક વચન – એક શબદને પકડી લ્યો. શાસ્ત્ર પુરાણ, પોથી પંડિત, કાજી કુરાન... એ બધું જ શબદની લીલા છે. એમાં અટવાશો તો અનુભવ નહીં થાય, અનુભવ તો તમારી અંદર જ છે, 'કસ્તુરી કુંડલ બસૈ, મૃગ ઢૂંઢે બન માંહી...' જેવી દશા તમારી છે. અંદર ખોજી લ્યો તો 'તેરા સાંઈ તૂજમેં રમે...' એને તમે રામનામ કહો, અલખનામ કહો, નિજનામ કહો, સતનામ કહો, અજબ નામ કહો, અમર નામ કહો, નિરાકાર નામ કહો કે સાકાર નામ કહો. બસ એક જ... કોઈ પણ... કોઈ પણ શબદને સદ્ગુરુ પાસેથી ઝીલો, એનો ગુંજાર નાભિમાંથી થવા દો, હાલતાં, ચાલતાં, વ્યવહારનાં કામ કરતાં કરતાં તમારું મન, તમારી લગન, તમારી સુરતા, તમારી તલ્લીનતા, તમારું ધ્યાન, તમારી ચેતના, તમારું લક્ષ્ય એ શબદ તરફ ખેંચાયેલું રહે ને એ શબદ તમારા મન, પ્રાણ, સુરતાને ખેંચી રાખે પછી જે અનુભવ થશે એ કોઈ શબ્દમાં વર્ણવી શકાય તેવો નહીં હોય. એ રામરસનો, એ નામરસનો પ્યાલો-ભરપૂર પ્યાલો એક વખત પીવાઈ જાય તો એનો નશો, એનો કેફ, એનો અમલ જિંદગીની છેલ્લી પળ સુધી છેલ્લા શ્વાસ સુધી નહીં ઊતરે.

*'ગુરુ લાગી શબ્દ રી ચોટ*
*કલેજે મેં ખટક ખટક ખટક*
*મેરો રામ રસ પ્યાલો ભરપૂર*
*પીવો કોઈ ઘટક ઘટક ઘટક...'*

(કબીરવાણી : જાન્યુઆરી, '૦૩)

❑

# ખંડ-૨

# પૂર્વ-પશ્ચિમના કબીર ચિંતકો

(લેખકના અંગ્રેજી પુસ્તકોમાંથી - ગુજરાતી સંક્ષિપ્ત સાર)

# Kabir Legends And Ananta-Das's Kabir Parachai

# કબીર પૌરાણિક આખ્યાયિકા-દંતકથા અને આનંદદાસની કબીર પરચાઈ-દુહા

David N. Lorezen

મિ. લોરેન્ઝન ધ સેન્ટર ઑફ એશિયન એન્ડ આફ્રિકન સ્ટડીઝ ઑફ એલકોગિયો ડી મેક્સિકોના માજી પ્રોફેસર અને કબીરસાહેબની વાણીના અભ્યાસી છે.

મિ. લોરેન્ઝને કબીરસાહેબના જન્મ, જાતિ તથા પરિવાર, ગુરુ રામાનંદ, મુસ્લિમ સુલતાન સિકંદર લોદી અને કબીર, ગુરુ નાનક અને કબીર, હરિનું કબીર પાસે કાપડ માંગવું, કબીર-કુટુંબને હરિ દ્વારા ભોજન આપવું, ત્યાર બાદ બ્રાહ્મણો અને સંતોને હરિ દ્વારા ભોજન આપવું, વેશ્યા, ચોબા (બ્રાહ્મણ) અને રાજાનો પ્રસંગ, સિકંદર અને કબીર કસોટી, અપ્સરા અને હરિ, કબીરની નારી અને લંપટ વેપારી, કમાલ-કમલીના નવજીવન, કબીર અને કમાલે ખોરાક માટે કરેલી ચોરી, કબીર અને ગોરખનાથ, કબીરના અનુયાયીઓ, કબીર અને પદ્મનાભ, કબીર અને તત્ત્વા-જિવા, કબીર અને ધર્મદાસ, ભગવાનદાસ, જાગુદાસ, સર્વાનંદ-સર્વજીત અને સ્મૃતિ ગોપાલ, કબીર અને મુસાફરી, પ્રાદેશિકતા અને ધાર્મિક સંપ્રદાયો સગુણ અને નિર્ગુણ વગેરે વિષયો પર કબીરસાહેબ માટે જે દંત કથાઓ છે તેમનો ખૂબ જ ઝીણવટથી વૈજ્ઞાનિક અભ્યાસ કર્યો છે. પુસ્તકના બીજા ભાગમાં અનંતદાસની કબીર પરચાઈ દુહાનું ખૂબ જ સરળ અંગ્રેજીમાં ભાષાંતર જગદીશકુમાર, ડેવિડ લોરેન્ઝન અને ઉમા ઠકરાલે કર્યું છે. આ પુસ્તકનો દરેક જીજ્ઞાસુ બૌદ્ધિકોએ અભ્યાસ કરવા જેવો છે. કબીરસાહેબ અંગેની જે વિવિધ અફવાઓ-દંતકથાઓ, માન્યતાઓ છે તેનો આપણને સંતોષકારક જવાબ મળે છે.

ત્રીસ વર્ષ પહેલા ૧૯૭૬ અને ત્યાર બાદ ૧૯૮૫માં મિ. લોરેન્ઝને કબીરપંથ વિશે પ્રથમ સંશોધન શરૂ કર્યું. તે વખતે કબીર ચૌરા વારાણસીના મુખ્ય નિયામક ગંગાશરણ શાસ્ત્રી સાથે એમણે ઘણી મુલાકાતો ગોઠવી. ડૉ. સુખદેવસિંહ, પ્રા. બનારસ યુનિવર્સિટી; પ્રા. રામકુમાર વર્મા-અલ્હાબાદ યુનિવર્સિટી; પ્રા. ગાર્સિયેલા ડી. લામા મેક્ષીકન એમ્બેસડર દિલ્હી, ડૉ. વિનન્ડ કાલે વઅર્ટ, કેથોલિક યુનિ. ઑફ લ્યુવન એટ શીખ સ્ટડીઝ સેન્ટર બર્કલિ કેલિફોર્નિયા; ડૉ.

ઉમા ઠકરાલ પ્રા. હિંદી વિભાગ, પ્રા. જગદીશકુમાર લાઈબ્રેરી ઑફ દાદુ મહાવિદ્યાલય; પ્રા. જ્હોન હૉલ ઑફ કોલંબિયા યુનિ. ન્યૂ યોર્ક, રાજસ્થાની શોધ સંસ્થા, રાજસ્થાન પ્રાચ્યવિદ્યા પ્રતિસ્થાન જોધપુર; પ્રોફેસર સુસાન ડીવેલ ઑફ એલ કોલેહીઓ ડી. મેક્ષીકો; જી. એચ વેસ્ટકોટ; એફ ઈકી., પરશુરામ ચતુર્વેદી, કેદારનાથ દ્વિવેદી, કે. કે. ભટ્ટ, અનંતાદાસ, નાભાદાસ, હરિરામ વ્યાસ, રાઘવદાસની ભક્તમાલા, શીખ આદી ગ્રંથ, રાજસ્થાની કબીર ગ્રંથાવલી, કબીર પંથે કબીર બીજક, યુગલદાસની વાઘેલ વંશાવરન, અનંતાદાસની કબીર પરચાઈ, પ્રિયાદાસની કોમેન્ટ્રી ઓન નાભાદાસ, રાજસ્થાની કબીર ગ્રંથાવલિ, ધ કબીર મન્સુર, પ્રિયાદાસની ભક્તિરસ બોધિની કોમેસ્ટ્રી હિન્દીમાં, ડબીસ્તાન-એ મઝહીબ (A. D. 1650) ઈન પર્સિયન બાય મહસીન ફની; મહિપતિની ભક્ત વિજય (A. D. 1762) મરાઠીમાં, પરમાનંદદાસની કબીર-એ-મન્સુર (A. D. 1887) ઉર્દુમાંથી હિંદીમાં અનુવાદ, ચંદ્રદત્તની સંસ્કૃત ભક્તમાલા (A. D. 1850) સંસ્કૃતમાં બ્રહ્મલીન મુનિની. સદ્‌ગુરુ શ્રી ક્વીય ચરિત્રમ્ સંસ્કૃતમાં પોતાની હિંદી ટીકા સહિત, મુકુન્દ યુગલીનું 'કબીર ચરિત્ર' ગુજરાતી પુસ્તક (A. D. 1651); ગરીબદાસની હાજીઓ ગ્રાફી ઑફ કબીર, સ્વામી યુગલનંદ બિહારીના કબીર સાગરના નાના નાના ૧૧ ભાગો અને કબીર કસૌટી-લૈહાના સિંહ અલીઆસ હરિદાસ અને શ્રી તપસ્વીનું સત્ય પ્રકાશ સતીક; રામાનંદદાસનું શ્રી સદ્‌ગુરુ કબીર, ગંગા સરણ શાસ્ત્રોનું 'કબીર જીવન' ચરિત્રે વગેરે અનેક ગ્રંથોનો સહારો, વિવિધ યુનિવર્સિટીના પ્રોફેસરો કે જેમણે કબીર અને કબીર સાહિત્યનો અભ્યાસ કર્યો હોય તેમનો સહયોગ અને સહારો, તેમના અભિપ્રાયો, ભારતમાં સાધુ-સંતોની કબીરસાહેબ માટેની માહિતી – ઈન્ટરવ્યૂ, કમ્પોઝીસન્સ, ટ્રાન્સકરીબ્સ, કેમેસ્ટ્રી વગેરે આ રીસર્ચ પુસ્તક માટે એમણે વર્ષો સુધી દેશવિદેશ જઈ અભ્યાસ કર્યો. આ એમનો વિશ્વાસનીય અભ્યાસ એક 'કબીર' તપશ્ચર્યા જ કહેવાય. એક વિદેશી-વિધર્મી બૌદ્ધિક જ્યારે હિંદુત્વમાં જુદી જ રીતે ભાત પાડતા 'કબીર'માં એટલો બધો રસ લઈ જીવનનો અમૂલ્ય સમય અને આર્થિક લાભની આશા વિના કબીર પર સંશોધન કરે ત્યારે આપણું મસ્તક એમની સેવા બદલ પ્રેમથી ઝૂકી જાય છે.

મિ. લોરેન્ઝને વિધિસર કબીરનો અભ્યાસ કરી આપણને કબીર અને તેના વિષેની દંત કથાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરી ખૂબ જ ઉપયોગી માહિતી પૂરી પાડી છે. એમનો આભાર અને ધન્યવાદ.

(સૌજન્ય : કબીર લીજેન્ટ એન્ડ અન્નતદાસની કબીર પરચાઈ, નિરંજન પંથીની વધારા સહિત અંગ્રેજી અનુવાદ સહકાર્યકરો જગદીશકુમાર, ઉમા ઠકરાલ સાથે ડેવિડ લોરેન્ઝન. શ્રી સદ્‌ગુરુ પબ્લિકેશન, એ ડિવિઝન ઑફ ઇન્ડિયા બુક સેંટર, ૪૦/૫ શક્તિનગર, દિલ્હી-૧૧૦૦૦૭)

(લેખકના પુસ્તકમાંથી સંકલન અને
ગુજરાતી અનુવાદ : **સંપાદક**)

❑

# The Kabir Book

(Forty Four of the Ecstatic Poems of Kabir)

# કબીર બુક

(કબીરના ૪૪ આનંદવિભાર કાવ્યોનો પ્રમાણભૂત અનુવાદ)

**By Robert Bly**

મિ. બ્લાય પોતે જ એક મહાન કવિ છે. જેના ઘણાં કાવ્યોમાં 'ધ લાઈટ અરાઉન્ડ ધ બોડી'ને નેશનલ બુક ઍવોર્ડ મળ્યો છે. એવા મહાન લેખક-કવિએ ઉત્તેજના ઉદ્‌ભવે તેવી કબીરસાહેબની ૪૪ આધ્યાત્મિક કવિતાઓનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું છે. જે કવિવર ટાગોર અને એલ્વીન અન્ડરહીલ પછીના ત્રીજા નંબરના લેખક ગણાય. જગતનું કેટલુક અમૂલ્ય સાહિત્ય અમેરિકનોની જાણમાં જ નથી. તેમાનું આ એક કબીર સાહિત્ય પંદરમી સદીના શિરોમણિ કબીર કે જેઓ ભારે ધાર્મિક હોય તે વાત મહત્ત્વની નથી પરંતુ તે સમયની ધાર્મિકતા અને અંધશ્રદ્ધાને જે મનમોજી અને તેજીલી રીતે પડકારી તે સાહિત્ય વિશ્વને આશ્ચર્ય પમાડે છે. તે સમયની કવિતાઓ કે જેમાં મુખ્યત્વે આદર્શ ને ભક્તિ ભાવનો પ્રવાહ લોકોને ગમતો હોય અને તે પ્રકારનું જ સાહિત્ય પિરસાતું હોય તેવા સંજોગોમાં કબીરે પોતાની એક આગવી પ્રતિભાથી સામાન્ય વહેતા પ્રવાહોની વિરુદ્ધ પોતાના વિચારોને નીડરપણે રજૂ કર્યા. મિ. રોબર્ટ બ્લાયને કબીરસાહેબના સાહિત્યમાંથી નવું જીવન જીવવાનું બળ મળ્યું. એમની એક કવિતાનુ રહસ્ય માણીએ : મહેમાન તમારામાં અને મારામાં પણ છે.

*આપણે બધા તરફડીયે છીએ, કોઈ આગળ જતું નથી*
*તું મગરુરી, ઘમંડ છોડ ને તું તારી અંદરની આસપાસ જો*
*જાંબુડિયું આકાશની ક્ષિતિજ વધારે ને વધારે ખૂલતી જશે*
*રોજિંદી હતાશા, નિષ્ફળતાની અનુભૂતિ નાબૂદ થશે.*
*જાતને જે નુકસાન થયુ છે તે ઘસાઈ જશે*
*હજારો સૂર્ય, પ્રકાશ સાથે આગળ આવશે*
*જ્યારે હું તે જગતમાં સ્થાયી થઈશ.*

હું ઘંટારવનો અવાજ સાંભળું છું કે કોઈ ઉશ્કેરાટ નથી. આંતરિક પ્રેમ, આપણે જાણીએ છીએ તેથી એ વિશેષ આનંદ છે. આકાશમાં વાદળ નથી સ્વચ્છ છે. વરસાદ અંદર વરસે છે. પ્રકાશનો પૂંજ વહી રહ્યો છે. પ્રેમના એક જ કિરણે આખું વિશ્વ ઝગારા મારી રહ્યું છે. આપણા આ ચાર ક્ષેત્રોમાં (શરીરના) તે પ્રેમનો અનુભૂતિનો તો ઉલ્લેખ કેવી રીતે થઈ શકે ?

જેઓ આ બધાં નકારાત્મક કારણોની પરોજણમાં પડે છે અને અભિમાન અને ઘમંડમાં રાચ્યા રહે છે તે જ કારણો આપણને તે પ્રેમથી વંચિત રાખે છે. આ 'કારણ' શબ્દ માઈલો દૂર આપણને 'પ્રેમ'થી રાખે છે. કબીર કહે છે કે : આ પ્રેમના વાતાવરણમાં ઘેરાયેલો હું મારી નાની નૌકામાં મસ્તીમાં ગાઈ રહ્યો છું.

કબીરનાં કાવ્યો એક આત્માનું મિલન બીજા આત્માના મિલનનું કારણ બને. આ ભજનો મૃત્યુ અને ભયમાંથી મુક્ત કરે છે. આત્મા આવા ગમનમાંથી મુક્ત થાય છે.

*(સૌજન્ય : લેખકની બુક ધ કબીર બુકમાંથી Published by : The Seventies Press, Beacon Press Books are published under the auspices of the Unification Universalist Asson. Printed in U.S.A.* સંકલન, અનુવાદ : **સંપાદક***)*

❑

# A New Look At Kabir
# કબીર નવા દૃષ્ટિકોણથી

**Krishna P. Bahadur**

આ પુસ્તકમાં લેખકે કબીરનો વૈષ્ણવ ઝોક, માયા, સંત અને અસંત, ખોખલા ક્રિયાકાંડ, કબીરની ભાષા, કબીરની જીવન ઝરમર, કબીરના સમયની સમસ્યાઓ, કબીર પ્રભાવ, રમૈની, કબીરના પદો, વિવિધ રાગો સાથે, કેટલાક ગુરુગ્રંથ સાહેબના પદો, સાખી વગેરે ખૂબ સરળ અને અર્થસભરતાથી સમજાવવામાં આવ્યા છે.

*જલ મેં કુંભ, કુંભ મેં જલ હૈ,*
*બહાર ભીતર પાની*
*ફૂટ્યો કુંભ, જલ હી જલ મેં સમાયા*
*યહ તત્હ સમજહો જ્ઞાની*

પાણીમાં ઘડો અને ઘડામાં પાણી જ્યારે ઘડો ફૂટ્યો તો પાણી, પાણી જ મળી ગયું. શરીર જ્યારે માટીમાં મળી જાય છે ત્યારે આત્મા પણ પરમાત્મામાં વિલીન થઈ જાય છે.

*હમારે રામ રહીમ કરીમા કેસો*
*અલ્લાહ રામ સતી સોઈ*
*બિસ્મીલ્લાહ મીટી બીસમભરા એકઈ*
*ઔર ન દૂજા કોઈ.*

નિર્ગુણ-નિરાકાર બ્રહ્મ સ્વરૂપ, સગુણ સ્વરૂપે અનેક નામે ઉદ્‌બોધાય છે. રામ, રહીમ, ગોવિંદ, કેશવ, કરીમા, અલ્લાહ.

આ રામ કબીરના બુદ્ધિગમ્ય નામને મૂર્તિમંત-પ્રત્યક્ષ કેવી રીતે કરવું ? આ નિર્ગુણ રામ અને સાધક – ભક્ત વચ્ચે કોઈ સેતુ તો જરૂરી છે જ નહિ તો માત્ર રામનામ એક મનોવેપાર જ ગણાય. કબીરસાહેબ કહે છે કે : પ્રેમ અને

ભક્તિ વડે જ આ રામનામને તે નિર્ગુણ રામમાં જોડી દેવાય છે. આ જ રીતે વૈષ્ણવ અને વેદાંતનાં મંતવ્યો આપણે વિચારવા. કબીરે આ રામ નામનો મહિમા તેના કેટલાક પદોમાં શ્રીંગાર રસથી વિરહ અને મિલનના રૂપમાં ગાયો છે. સૂફી સંતો માને છે કે જેઓ પોતાના સાથી માનવ બંધુઓને પ્રેમ કરે છે તેને ઈશ્વર વધારેમાં વધારે પ્રેમ કરે છે. એટલે આ સૂફી ખ્યાલો જે છે તે વૈષ્ણવ ભક્તિના સામાન્ય ખ્યાલો જ છે. ઈશ્વર અનેક રૂપે હાજર હોય છે. અનેક નામે હોય છે. પરંતુ આખરે તો તે અનામી જ છે. નિરાકાર છે અને આ ખ્યાલ કબીરસાહેબના પણ છે. ખરેખર કબીરસાહેબના 'રામ' તે વેદાંતના પરબ્રહ્મ અને ઇસ્લામના અલ્લાહ છે. સૂફી, ઈશ્વરને પ્રેમ સ્વરૂપે જુએ છે. વૈષ્ણવો માધુર્યમાં ઈશ્વર જુએ છે. રૂમી સંતનું એક પદ બિલકુલ કબીરસાહેબના ખ્યાલોને જ લગતું છે.

*મને તે ચર્ચમાં કે મંદિરમાં ન દેખાયા, પઘોડામાં પણ નહિ,*
*હેરાટની ટેકરીમાં પણ મને તે ન મળ્યા, કલાન્ડર કે કાફમાં પણ નહિ,*
*મેં કબ્બામાં શોધ્યા ત્યાં પણ ન મળ્યા,*
*કોઈ પવિત્ર માણસ પણ તેનું સ્થાન બતાવતા નથી,*
*તેના ઘર શોધવાના બધા પ્રયત્નો મારા વ્યર્થ ગયા,*
*કોઈ પણ જગ્યાએ નહિ પરંતુ તે મારા પોતાના હૃદયમાં જ મોજુદ જોયા.*

આ રીતે જોઈએ તો કબીર સાહેબે બધા જ ધર્મોનું વિલીનીકરણ કર્યું છે.

(સૌજન્ય : લેખકના પુસ્તક *A New Look at Kabir*માંથી *Published : Ess Publications : 4837/24 Ansari Road, Darya Ganj, New Delhi – 110002.* સંકલન, અનુવાદ : **સંપાદક**)

❑

# A Weaver Named Kabir

(Selected verses, with a detailed Biographical and Historical Introduction)

# એક વણકર નામે કબીર

(પસંદ કરાયેલા કેટલાંક કાવ્યો સાથે વિગતવાર જીવન ચરિત્રને લગતો અને ઐતિહાસિક પરિચય)

**By Charlotte Vaudeville**

ચારલોટ વૌડવીલ એક વિશ્વના જાણીતા મધ્યયુગના હિંદુસ્તાની સાહિત્ય અને ધાર્મિક ક્ષેત્રના, યુનિવર્સિટી ઑફ પેરિસ, સરબોન, નોઉવેલ, પેરિસના વિદ્વાન નિવૃત પ્રાધ્યાપિકા છે. એમના મતે કબીર એક હિંદુસ્તાનના ધાર્મિક અને સાહિત્યિક ક્ષેત્રે સૌથી મહાન નામાંકિત વ્યક્તિ છે. આધુનિક જમાનાના મહાત્મા ગાંધીનો તુલનામાં સમાન એવા મધ્યયુગના કબીર, બિનસાંપ્રદાયિકતા અને ધાર્મિક સહિષ્ણુતાના પ્રતીક સમાન છે. એક કવિ તરીકે તેમના પદો ખૂબ જ પ્રચલિત અને સંક્ષિપ્ત સાર લોકભોગ્ય છે. તેઓ ત્યાગ રાજ અને ટાગોરના આગમચેતી રૂપ હતા.

શૂદ્ર જાતિમાં એક મુસ્લિમ વણકરને ત્યાં જન્મેલા કબીરે વહેમ અને અંધશ્રદ્ધા, ધર્માંધતા અને ખોટા ક્રિયાકાંડોનો ભારે પ્રતિકાર કર્યો. તેમના સંબોધનો, બરછટ, સામાન્ય માણસોને સમજ પડે તેવાં, ક્ષર અને અક્ષરથી પરને સમજાવતા, લાક્ષણિક ઢબના જૂની હિન્દી-પ્રાકૃત ભાષામાં હતા. આ સંબોધનો એટલા પ્રબળ હતા કે તેનો પ્રભાવ ઉત્તર હિંદુસ્તાન, પંજાબથી દક્ષિણ તથા ગુજરાત સુધીના લોકોને ખૂબ જ પ્રભાવિત કર્યા અને તેમનું અસામાન્ય વર્ચસ્વ લોકો પર પડ્યું.

૧૯૩૦ના મધ્ય ભાગ પછી પી. ડી. બર્થવાલ, હજારી પ્રસાદ દ્વિવેદી, પરશુરામ ચતુર્વેદી આ ત્રણે મહાનુભવોએ સારા એવા કબીરસાહેબ પર ગ્રંથો રચ્યા છે. આ ત્રણે બૌદ્ધિકો કબીરસાહેબની વ્યાપક ભક્તિભાવનાને વ્યક્ત કરી છે. તેમ છતાં હજી પશ્ચિમ જગતમાં કબીર હજી એટલા જાણીતા નથી જેટલા હોવા જોઈએ. ઉત્તર હિંદના સમૂહ પર કબીરનો જે પ્રભાવ છે તેની નોંધ પશ્ચિમના

વિદ્વાનોએ લીધી છે અને ૧૮મી સદીના અંત પછી તેઓએ ભારતની પ્રણાલિકા અને સાહિત્યનો અભ્યાસ શરૂ કર્યો છે. કબીરઅન અભ્યાસનો ખરેખર પ્રણેતા તે ઈટાલિયન ક્યુચીન મેન્ક પાડ્રે માર્કો ડેલા ટોમ્બા છે કે જે ભારત ઈ.સ. ૧૭૫૮માં આવ્યો અને સને ૧૭૭૫માં ઈટાલી પાછો ફર્યો. પાડ્રે માર્કોએ 'સતનસ્ સબીર' એટલે કે સત્નામ કબીર અને કબરપંથી ઑફ રામાયણ વિભાગોનું ઈટલીમાં ભાષાંતર કર્યું. એમણે નોંધ્યું છે કે કબીરના વિચારોના પાયામાં બુદ્ધ છે. કબીરના જાતિ વિરોધ, બ્રાહ્મણોના પૂજાપાઠ વિરોધ તે બુદ્ધના વિચારોને જ મળતા છે.

ચારલોટ વૌડવીલ આ બુકના પહેલા વિભાગમાં કબીરનું જીવન ચરિત્ર, ઐતિહાસિક અને દંતકથા, તેના પૂર્વાપદ સંબંધો, કબીરની ભાષાનો ઉપયોગ વગેરેનો સમાવેશ થાય છે. બીજા વિભાગમાં કબીરસાહેબના પદોનું સર્વોત્તમ ભાષાંતર અને કબીરસાહેબના સમયના સમોવડા સંતોના કેટલાંક પદોનું ભાષાંતર કર્યું છે. આ પુસ્તક અંગ્રેજીના અભ્યાસીઓ માટે આલેખવામાં આવ્યું છે.

'આ પુસ્તક એવું છે કે જે બૌધિકો અને સામાન્ય માણસો સરખી રીતે આવકારે છે.'

નારાયણી ગુપ્તા, ફિનાન્સીઅલ એક્ષપ્રેસ, 'વૌડવીલે કબીરના ભક્તિ સાહિત્યના અભ્યાસની ઉમદા સેવા કરી છે.'

એક અણમોલ પુસ્તક છે. ઇન્ડિયન રીવ્યુ ઑફ બુક

*(સૌજન્ય : લેખકની બુક A Weaver Named Kabir, Published by : Manzar Khan, Oxford University Press, YMCA Library Building, Jai Singh Road, New Delhi 110001. સંકલન, અનુવાદ :* ***સંપાદક****)*

❑

# The Bijak Of Kabir
# કબીર બીજક

**Translated By : Dr. Linda Hess and Sukdevi Singh**
Essays and Notes by Linda Hess

મિસ હેસે યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયા, બર્કલીમાંથી કમ્પેરેટીવ લીટરેચરમાં ડૉક્ટરેટ ડિગ્રી મેળવી છે. એકવીસ વર્ષની ઉંમરે તેમણે ભારતની મુલાકાત લીધી અને હિન્દી શીખ્યા. ફૂલ બ્રાઈટ ગ્રાંટ, એ ફાઈ-બીટા-કપ્પા ફેલોસીપ, અમેરિકન ઈન્સ્ટીટ્યૂટ ઑફ સ્ટડી ગ્રાંટ્સ અને સ્મિથસોનીઅન ઈન્સ્ટીટ્યૂટ ગ્રાંટ જેવા પુરસ્કારો મેળવ્યા છે. મિસ હેસે નામાંકિત અને વિદ્વત્તાપૂર્ણ સામાયિકોમાં પોતાના ઘણા લેખો પ્રગટ કર્યા છે. છેલ્લાં કેટલાંક વર્ષથી ઝેનમાં રસ ધરાવી રહ્યા છે. તેઓ કહે છે : કબીરસાહેબ કદાચ અભણ હશે પરંતુ લોકોમાં પ્રવેશી ગયેલી અંધશ્રદ્ધા, દંભ, ખોખલી જુનવાણી, ભ્રામકતાને નાબૂદ કરવા કબીરે ક્યારેક આંચકા આપે એવી વેધક વાણીનો આશરો લીધો છે. સત્ય અને ઈશ્વરની પરિભાષા તેમણે ચીલા-ચાલુ ઉપદેશની ભાષાથી અલગ રીતે રજૂ કરી. સીધી અને તીક્ષ્ણ ભાષામાં આતમ રામની લોકોને ઓળખ આપી. ૧૯૫ પેઈજની બુકમાં તેમણે કબીરનું જીવન અને કામ, કઢંગી પણ અલંકૃત ભાષામાં બોધ, વાતો, ભાષા દ્વારા વ્યક્ત થાય નહિ જેવા વિષયો, પરિચય આપવામાં લીધા છે. શબ્દ, રમૈની, શાખીને ભાષાંતર વિભાગમાં લીધા છે. ૩૫૩ જેટલા શબ્દ (Sabda)નું ઈંગ્લિશમાં સમજૂતી સાથે ભાષાંતર કર્યું છે. અંતમાં અવર વાણી વગેરે ઘણાં વિષયોનું તેમનું અધ્યયન આપણને લાભદાયક છે.

કબીરસાહેબની એક સાખીની સમજ આપતા તેઓ કહે છે કે :

*Who's Whose husband ? Who's Whose wife ?*
*Death gaze spreads – untellable story.*
*Who's shose father ? Who's whose son ?*
*Who suffers ? Who dies ?*

(Sakhi : 36)

કબીરસાહેબ ઘણી વખત સાખીની શરૂઆત આપણને ગુસ્સો આવે એ રીતે એવી સીફતાઈ અને કુશળતાથી પ્રશ્નાર્થથી કરે છે અને આપણને ખળભળાટ થાય. પ્રશ્નો જુદી જુદી રીતે પુછાય. ક્યારેક શરૂઆતમાં પ્રશ્ન પુછાય, ક્યારેક અંતમાં પ્રશ્ન પુછાય. ક્યારેક એક પ્રશ્ન હોય, ક્યારેક અનેક હોય, તે પ્રશ્નો તમને ઘાયલ કરે અને જીતે અથવા પરાણીની આરની ગરજ સારે અને તમારી તપાસ હાથ ધરાય. ક્યારેક એક પ્રશ્ન એક બોક્ષર (Fighter)ના મુક્કા બરાબર હોય, ક્યારેક અનેક પ્રશ્નો બોક્ષરના ડાબા-જમણા, ઉપરાઉપરી મુક્કાની ગરજ સારે. જ્યારે પ્રશ્નોની ઝડી બંધ થાય અને એક પર બીજા મુક્કાબાજી બંધ થાય અને બોક્ષર જેમ લથડિયા ખાય તેમ આપણને આ પ્રશ્નો બેહોશ જેવા બનાવી દે છે. આખરે જ્યારે હોશમાં આવીએ ત્યારે એ પ્રશ્નોમાંથી ઉત્તરો મળવા શરૂ થાય છે. આ માયાના હાથે આપણી જે અવદશા થાય છે તેનું જ્ઞાન આ સાખીમાંથી મળે છે. અને આ જે જ્ઞાન પ્રાપ્ત થાય છે તે ક્ષુલ્લક જ્ઞાન નથી જીવનના સાચા રસ્તે આપણને દોરે છે.

*(સૌજન્ય : લેખકના પુસ્તક ધ બીજક઼ ઑફ કબીર : પબ્લીશર North Point Press, 850 Talbot Ave, Berkeley, CA. 94706. સંકલન, અનુવાદ :* ***સંપાદક****)*

❑

# The Path of Spiritual Realization
# આત્મ સાક્ષાત્કાર માટેનો એક માર્ગ

**Dr. Jagessar Das (M.D.), Canada**
Edited by Das Jagdish Shastri

આ પુસ્તિકામાં પ્રાર્થનાનું મહત્ત્વ સમજાવવામાં આવ્યું છે. કબીરસાહેબ કહે છે :

*'માલા તો કરમેં ફિર જીભ ફરે મુખ માંહિ*
*મન તો ચારો દિશે ફરે, યહ તો સિમરન નાંહિ'*

જો મન ગમે ત્યાં ભટકતું હોય તો એ માળા અને એ શ્લોક બોલવાથી કોઈ અર્થ સરે નહિ.

*'શ્વાસ કો કર સુમિરન, અજપા કો કર જાપ'*

શ્વાસોશ્વાસની પ્રક્રિયા એ રીતે થતી હોય કે મન ચિંતનમાં તટસ્થ થઈ 'aspa' અક્ષર બ્રહ્મ સ્વરૂપમાં લીન થાય. વળી, કબીરસાહેબે : આદી ગાયત્રી (પ્રાર્થના), પ્રભાત ગાયત્રી, મધ્યાહ્ન ગાયત્રી, સંધ્યા ગાયત્રી, આરતીના પદો અને સાખી દ્વારા પ્રાર્થના-આરતીનું મહત્ત્વ સમજાવ્યું છે. કબીરસાહેબને જેણે ગુરુ કર્યા હતા તેમાંના એક મુખ્ય શિષ્ય સંત ધર્મદાસ કબીરપંથના સ્થાપક હતા. પુસ્તિકામાં સંત ધર્મદાસે 'કબીર પંથ'ની ફિલોસોફી સાથે પ્રાર્થના – ગાયત્રીના પદોની વરણી કરી છે.

*ओहं सोहं सोहं सो, ओहं कीलीक सोहं बोला ।*
*सोहं सोहं बोले रिसाला ।।*
*कीलक कमन कमोद कंकवत्, ये चारो जुग कबीर ।*
*धर्मदासको शब्द सुनाए सद्गुरु सत्य कबीर ।।*

'તુ' તે 'હું' છું, 'હું' તે 'તુ' છે. આપણે બધા એક જ છીએ. અંતર તત્ત્વનો

જે નાદ છે તે 'હું' જ બ્રહ્મસ્વરૂપ છું. 'હું' જ બ્રહ્મ સ્વરૂપ છું. આ ચારે યુગમાં સત્ય, ત્રેતા, દ્વાપર અને કલીયુગમાં હું જ આધ્યાત્મિક ઉપદેશક છું. ધર્મદાસને આપેલો આ મારો જ ઉપદેશ છે કે :

કબીરસાહેબને બ્રહ્માનંદનો નાદ સંભળાયો તેના અનુભવે તેઓ જન્મ અને મરણના બંધનોથી મુક્ત છે. ઢોલ વગાડીને તેઓ કહે છે કે : આ બધું જગત ઈશ્વરમય છે. જેઓ અંતરથી ઈશ્વરને પોકારે છે તેને તે રીતે 'તે' મળે છે. જેઓ આળસુ અને એદી છે તેનાથી ઈશ્વર માઈલો દૂર છે. કબીરસાહેબ હિંદુઓ માટે 'ગુરુ' છે અને મુસ્લિમો માટે 'પીર' છે. તેઓ સર્વત્ર સાતે સમુદ્ર અને દુનિયાના નવ ખંડમાં હાજરાહજુર છે.

(સૌજન્ય : લેખકની બુક *The Path of Spiritual Realization Published by Kabir Association of Canada, 5858 150<sup>th</sup> St., Surrey, B. C. Canada.* સંકલન : અનુવાદ : **સંપાદક**)

❑

# Kabir The Great Mystic
# રહસ્યમય મહાન કબીર

**Isaac A. Ezekiel**

મિ. ઈઝકેઈલે ચાલીસથીએ વધારે વર્ષ જર્નાલીસ્ટ તીરેક કામ કર્યું છે. ત્યાર બાદ સિદ્ધાર્થ કૉલેજ, મુંબઈના પ્રિન્સિપાલ તરીકે સેવા આપી છે. વીસેક વર્ષ બ્રિટિશ જર્નાલીસ્ટ ઈન ઇન્ડિયા, મિ. હોર્નિમનના એસોસીએટ તરીકે રહ્યા, સહાયક એડીટર ઈડિયન નેશનલ હેરાલ્ડ, બોમ્બે સેન્ટીનીઅલના ન્યૂઝ એડિટર, પીપલ એન્ડ સન્ડે એડવોકેટના એડીટર તરીકે સેવા આપી ચૂક્યા છે. છેલ્લી લડાઈ દરમિયાન તેઓ ગવર્નમેન્ટ ઑફ ઇન્ડિયાના સહાયક ડિરેક્ટર ઑફ પબ્લિસિટી એન્ડ રીક્રુટમેન્ટ તરીકે સેવા આપી. તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મ અને રહસ્યવાદના પ્રખર અભ્યાસી તરીકે જાણીતા છે. આ પુસ્તકમાં એમણે કબીરસાહેબની જીવન ઝરમર અને કબીરસાહેબના રહસ્યવાદનું કુશળતાપૂર્વક વિશ્લેષણ કર્યું છે. બસોથી એ વધુ પદોનું અંગ્રેજીમાં મુગ્ધ કરે એ રીતે વિવેચન કર્યું છે. ભારતના બીજા સંતો અને કબીરના ઉપદેશનું સુંદર રીતે તુલના કરી છે. એમણે 'કબીર' અને 'જીસસ'ના ખૂબ વિદ્વત્તાપૂર્ણ અભ્યાસથી બંનેના ઉપદેશની સરખામણી કરી છે. ૪૪૩ પેઈજની આ બુક : સદ્દગુરુ, ધુતારા ગુરુ, નામસ્મરણ, કુદરતને શરણે વગેરે વિષયોને વેધક રીતે રજૂ કર્યા છે. દા. ત.

*If there be Trugh within thee,*
*What matters it,*
*If you have not the sacred thread of*
*the Brahman outside ?*
*The all — knowing one can see*
*The sacred Thread within thee.*

કબીરસાહેબ અહીં સત્ય બોલવું, સાંભળવું, આચરવું વગેરે સત્યની વાત કરતા નથી. જગત — જેને નામ મળ્યું તે મિથ્યા છે તેનો નાશ જરૂર છે. પરબ્રહ્મ — કબીરસાહેબ જે નિર્ગુણ તત્ત્વની વાત કરે છે તે આ છે કે જે અવિનાશી છે. અને તે જ સત્ય છે. જેના વડે આ જગતનું સંચાલન થાય છે તે તત્ત્વ કે જે

નામરહિત છે જેની કોઈ વ્યાખ્યા નથી. જેનો કો આરંભ નથી – અંત નથી તે સત્યની અહીં કબીરસાહેબ વાત કરે છે અને તેને જીસસ – બાઇબલના ઉલ્લેખ સાથે લેખક સરખાવે છે.

*By the word of the lord were the heavens made*
*Psalms 33 : 6*
*Let thy loving kindness and the truth*
*continually preserve me* *Psalms 40 : 11*
*O send out thy light and thy Truth,*
*Let them lead me. let them bring me into*
*thy holy hill and to thy tabernacles.*
*Then will I go unto the alter of God* *Psalms 43 : 3, 4*

આ 'સત્ય'ના પ્રભાવે જ જગતનું અસ્તિત્વ છે. આ સત્ય ન હોય તો જગત આ creationનું કોઈ અસ્તિત્વ નથી. આ સત્યનો જો પરિચય થાય અને સત્યમય જીવન થાય તો આપણો અંત પણ સત્યમાં જ થાય અને તે પરમ સત્યમાં વિલિન થાય.

*(સૌજન્ય : લેખકની બુક : કબીર ધ ગ્રેઈટ મીસ્ટીક, પબ્લીશ્ડ બાય એસ. એલ. સોન્ધી, સેક્રેટરી, રાધા સ્વામી સતસંગ બીસ, ડિસ્ટ્રિક્ટ અમ્રીતસર, પંજાબ, ઇન્ડિયામાંથી સંકલન અને ગુજરાતી તરજુમો : **સંપાદક**)*

❑

# One Hundred Poems of Kabir
# કબીરનાં સો કાવ્યો

અનુવાદક : રવીન્દ્રનાથ ટાગોર
સહાયક : એવલીન અન્ડરહીલ

મિસ અન્ડરહીલ કબીરસાહેબ માટે અભિપ્રાય આપતા લખે છે કે કવિ કબીર હિન્દુસ્તાનના રહસ્યવાદીમાં એક ગજબના રસિક વ્યક્તિત્વ ધરાવતા કવિ છે. જેની કવિતામાંથી અહીં સો કાવ્યોનો અંગ્રેજીમાં તરજુમો, ખાસ તો અંગ્રેજીના વાચકો માટે પ્રથમ વખત આપવામાં આવ્યો છે. એમની કવિતામાં પ્રેમ છે સાથે ધાર્મિક ઉદ્‌બોધન પણ છે. એમની આધ્યાત્મિકતામાં કુદરતી કે કુદરતના નિયમો બંને વચ્ચે કોઈ દીવાલ નથી. બધું જ ઈશ્વરમય છે જેથી એક નાનામાં નાની નમ્રતાભરી વિગત એમને મન રમતવીરનું ક્ષેત્ર બની રહે છે. કબીરની કવિતામાં સામેની વ્યક્તિને સમજાવવા અને તેને ભોગ્ય બનાવવા નક્કર ભાષાવેષ અને આધ્યાત્મિક ભાષાનો મરણિયો પ્રયાસ હોય છે. કબીરસાહેબ કહે છે કે તેમણે તેને દૃષ્ટિ વિના જોયા છે. બ્રહ્મની દિપ્તી અને સ્વર્ગીય અમૃતનો તેણે ઘૂંટડો પીધો છે. સ્વર્ગીય ફૂલોની સુગંધ અને આનંદમય સ્પર્શનો તેમણે અનુભવ કર્યો છે. તેમ છતાં તેઓ સાચી રીતે કવિ અને સંગીતકાર છે. તાલ અને તાલબદ્ધનો સુમેળ કવિ માટે સુંદરતા અને સત્યનાં ઘરેણાં છે. એમની કવિતામાં ભારતીય તત્ત્વજ્ઞાન, ધર્મ લીલા, પરમસુખ, માયા, આત્માનું પક્ષી, નિરાકાર આકાર વીણી લેવાય છે. આ કવિતાનો પાયો મિ. ક્ષિમોહન સેનની હિંદી મૂળ લેખન બંગાળીના અનુવાદ પર આધારિત છે. કવિવર ટાગોરને 'ગીતાંજલિ' આ કાવ્યોની સુગંધ એના અર્ક પર નોબલ પ્રાઈઝ ઍવૉર્ડ મળ્યો છે.

મધ્યકાલીન સંતોના કોઈ જીવન પ્રસંગને રવીન્દ્રનાથ ટાગોરે પોતાની કવિતાના વિષય બનાવ્યા છે. જ્યારે પોતે માત્ર અનુવાદ કરીને કોઈ કવિનું તેમણે બહુમાન કર્યું હોય તો તે કદાચ કબીરદાસ જ છે.

*કવિતાની કલા અને શબ્દોની લીલાના*
*રહસ્યલોકના સર્વોત્તમ જ્ઞાતા એવા*

પરમ વંદનીય રવીન્દ્રનાથ ટાગોરને
કબીર-વાણીને પશ્ચિમના દેશોમાં
ગુંજતી કરવા બદલ અનુવાદક બનીને

'કબીર'ના નામને સુવર્ણ અક્ષરે આલેખવા બદલ વંદન.

યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશનલ સાયન્ટીફીક એન્ડ કલ્ચર ઑર્ગેનિઝેશન (UNESCO) એન્ડ ધ ઇન્ડિયન નેશનલ કમિશન ફોર યૂનેસ્કોના સંયુક્ત સહયોગથી પુરસ્કાર કરતા, ઇન્ડિયન સીરીઝ ઑફ યૂનેસ્કો અનુવાદ સંગ્રહ દ્વારા આ કાવ્યોના તરજુમાનો સ્વીકાર થયો છે.

*(સૌજન્ય : વન હન્ડ્રેડ પોયમ્સ ઑફ કબીર, ટ્રાન્સલેટેડ બાય રવીન્દ્રનાથ ટાગોર : આસીસ્ટેડ બાય એલ્વીન અન્ડરહીલ; પબ્લીશર : લંડન મેકમિલન એન્ડ કું. લિમિટેડ બુકમાંથી સંકલન અને ગુજરાતી તરજુમો : **સંપાદક**)*

❑

# ખંડ-૩
# 'શ્રી રામ કબીર'ના કબીર ભક્ત ચિંતકો

# કર્મયોગી-સંન્યાસી શ્રી ઈશ્વરભાઈ

**સ્વ. સંન્યાસી શ્રી 'બાવાજી'ને હાર્દિક શ્રદ્ધાંજલિ**

(સંપાદક)

સ્વ. ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્તને શ્રી રામકબીર ભક્ત સમાજ તેમજ તેમની સાથે સંકળાયેલાં ભાઈ-બહેનો એમને 'બાવાજી'ના હુલામણા નામથી ઓળખતા હતા. ૧૯૫૬માં મુંબઈ યુનિવર્સિટીમાંથી સંસ્કૃત વિષય સાથે બી.એ.ની પદવી પ્રાપ્ત કરી અને એમ.એ.ના તમામ વર્ગો પૂર્ણ કરી પરીક્ષાની તૈયારી સમયે પિતાજીની અચાનક બીમારીને કારણે પરીક્ષા આપી ન શક્યા હતા. મુંબઈ છોડી ખેતીના વ્યવસાય સાથે જીવનને સ્વાધ્યાયસ્ત બનાવ્યું હતું, સ્વાધ્યાય પ્રવૃત્તિમાં વાંચન અને લેખન પ્રવૃત્તિ અવિરતપણે જીવનના છેલ્લા શ્વાસ સુધી ચાલુ રાખી હતી.

ઈશ્વરભાઈ ૭૦ વર્ષનું સ્વચ્છ, નિર્મળ, નિર્લેપ અને કબીરસાહેબના મૂળ સિદ્ધાંત : દો બાતે સિખ લે (૧) કર સાહેબકી બંદગી (૨) ભૂખે કે કુછ દેના સૂચિતાર્થને સ્પષ્ટ સમજી વ્યક્તિગત તથા સમષ્ટિગત સુખશાંતિ સમુન્નતિનો એક આત્મકલ્યાણનો સનાતન સંદેશ સરળ, સુબોધ સર્વોપયોગી ભાષામાં માનવ પોતાના અને અન્યના સમુત્કર્ષને માટે શું કરી શકે ? તે સંદેશને વહેતો કર્યો છે. સાહેબની બંદગી એટલે જેનો કોઈ ઉપરી નથી જેને બ્રહ્મા, વિષ્ણુ અને શંકર સમજવાનો પ્રત્ન કરે છે એવા સાહેબની બંદગી અને ભૂખેકો કુછ દે એટલે કે જગતમાં અનેક પ્રકારની પ્રાણીઓમાં ભૂખ હોય છે. ધન, દૌલત, વિદ્યા, માન, મહત્તા, અન્ન, તપ, મુક્તિ, મનની, તનની સાત્ત્વિક ભૂખ. ભૌતિક ભૂખને સંતોષવા વ્યક્તિ પોતાને જ માટે નહિ બીજાને માટે પણ મદદરૂપ થઈ જીવનને ઉત્તરોત્તર વિશુદ્ધ બનાવી આત્માનું સાધન સાધી કાંઈક કરી છૂટવાની વાત છે. ઈશ્વરભાઈએ આ સિદ્ધાંતોને જીવનમાં ઉતારી, સાંપ્રત સમયમાં ભૌતિક સુખ-સગવડની ખોજમાં અટવાયેલા, ખોવાયેલા માનવ સમાજને કબીરસાહેબના સરળ સિદ્ધાંતોનો મહિમા સમજાવી જીવનભાથું બાંધી સહજ મુક્તિનો માર્ગ બતાવ્યો છે.

૧૯૪૭માં કબીરવાણી પ્રકાશનનો જન્મ થયો. એના ઉછેરમાં, ઘડતરમાં અને સદાબહાર યૌવનમાં રાખનારાઓમાં ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત કણ્વ ઋષિ

જ ગણાય. છેલ્લાં ૩૫-૪૦ વર્ષથી એમણે કબીરસાહેબની વાણીનો અભ્યાસ, મનન અને તેના વિતરણની ધુણી ધખાવી હતી. ૧૯૮૭થી અમેરિકામાં ખૂણેખૂણે એમણે કબીરવાણીને ગુંજતી કરી છે. 'કબીર બીજક ગ્રંથને આધારે કબીરસાહેબનું તત્ત્વજ્ઞાન' એ વિષય ઉપર એમણે સુંદર વ્યાખ્યાનો આપ્યાં હતાં. નાદબ્રહ્મ જેવાં પુસ્તકોના પ્રકાશનમાં પણ એમનો સિંહફાળો હતો.

શ્રી રામકબીર ભક્ત સમાજ લગભગ ૧૯૫૫-૬૦ સુધી કબીરસાહેબના તત્ત્વજ્ઞાનથી વંચિત હતો, જે કાંઈ આપણી પાસે કબીરસાહેબ અંગે જ્ઞાન હતું તે આપણા પૂર્વજોએ મેળવેલું 'શ્રી રામકબીર ભક્ત ભજન સંગ્રહ' પુસ્તક દ્વારા અને તે પહેલાં કંઠસ્થ ભજનો દ્વારા કબીર સંસ્કૃતિ વારસો જાળવી રાખ્યો હતો. જેમ જેમ સમાજમાં શિક્ષણ પ્રવાહ વધ્યો અને કબીરસાહેબના સાહિત્યની ખોજ શરૂ થઈ, સાહિત્યને સમજવાની ભૂખ ઊઘડી અને યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિ શ્રી ઈશ્વરભાઈની આપણને પ્રસાદી મળી અને પાવન થયા. આપણી એ કબીરસાહેબની વાણીની, સાંસ્કૃતિક, ધાર્મિક ભૂખ સંતોષવા ઈશ્વરભાઈએ 'કબીર બીજક' ખજાનાની ધરતીમાં સુષુપ્ત દશામાં પડેલી એ પેટીને બહાર કાઢી. એ બીજક રૂપી ખજાનાના ત્રણે ઘટકો સાખી, શબ્દ અને રમૈનીને (કે જે કોઈક જ વિરલ જ્ઞાની સમજી શકે) સરળ ભાષામાં સમજાવી આપણને ઉપકૃત કર્યા છે. એમણે 'કબીર સાખી સુધા', કબીર રમૈની સુધા, 'કબીર શબ્દ' સુધા જેવા કેટલાક પુસ્તકો સંપાદિત કર્યાં છે.

ઈશ્વરભાઈએ અમેરિકામાં સગાસ્નેહી, મિત્રોને બોલાવી તેમને મળી અંતિમ વિદાય લઈ એમની ઇચ્છા મુજબ ભારતમાં જ દેહ વિલીન કર્યો.

કબીર ચિંતન વિશેષાંક ઓક્ટોબર, ૧૯૯૯માં ઈશ્વરભાઈના છેલ્લા લેખ 'કબીરવાણીમાં ધ્યાનયોગનું રહસ્ય'માંની એક સાખી :

'ચૌદહ લોક બસૈ યમ ચૌદહ તહં લગીકાલ પસારા
તાકે આગે જ્યોતિ નિરંજન બૈઠે સુની મંઝારા'

સમજાવતા તેઓ કહે છે કે ચૌદ લોકનો વાસ પણ આપણા શરીરમાં છે અને તે સર્વે પર યમની સત્તા ચાલે છે. શરીરમાં જે નિરંજન પ્રભુની જ્યોતિ જળહળે છે તેનું દર્શન કરનારા પર યમની સત્તા ચાલતી નથી. એ દર્શન એટલે આત્માની અનંત પ્રસન્નતા અને સુખ-દુ:ખનો લય. અનુભવસિદ્ધ જીવનનું સત્ય આપણને એમણે સમજાવ્યું.

❑

# પ્રેરક સંદેશ

**લાલિનભાઈ ગો. ભક્ત**
પ્રમુખશ્રી રામકબીર મંદિર
કાર્સન, કેલિફોર્નિયા, યુ.એસ.એ.

ધાર્મિક એકતા, સામાજિક સમાનતા જેવા આપણા આજના પ્રશ્નો સામે કબીરજીએ લગભગ ૬૦૦ વર્ષ પહેલાં અવાજ ઉઠાવ્યો હતો. સામાન્ય જનતાને ધર્મના નામે અંધશ્રદ્ધામાં ધકેલી ફાયદો ઉઠાવતા ધર્મગુરુઓ સામે એ રણે ચડ્યા હતા. હિંદુ અને મુસલમાનોમાંથી ધર્મનું ઝેરી ઝનૂન કાઢી સુખશાંતિ અને ભાઈચારો સ્થાપવામાં એમણે પોતાનું જીવન ખર્ચી નાખ્યું, નાત-જાતના ભેદભાવ કેટલા ક્ષુલ્લક અને ક્રૂર છે એ સમજાવવા કબીરજી જીવનભર ઝઝૂમ્યા. એમના આ આદર્શો અને તત્ત્વજ્ઞાન ભારતના લોકો આજે પણ સમજ્યા છે કે કેમ ? એ મોટો સવાલ છે. વાચકો જ આ વિશે વિચાર કરે. કબીરજી કોઈ એક ભગવાનની ગુણદાતાના ભજનો લખી મૂર્તિ સામે બેસી આરતી-પૂજા કરનારા સંત નહોતા. એ તો જીવના જોખમે પણ સમાજ સુધારા માટે લડનારા યોદ્ધા હતા.

એમના જીવન અને કાર્યો વિશે આજ સુધીમાં અસંખ્ય વિદ્વાનોએ લખ્યું છે, સંશોધનો કર્યા છે, વિદેશોની યુનિવર્સિટીના અધ્યાપકોએ ભારતમાં આવીને એમના સાહિત્ય અને દર્શન (ફિલોસોફી) વિશે ઊંડો અભ્યાસ કર્યો છે. અમેરિકાના પ્રોફેસર લીંડાહેસ તથા મેક્સિકોના પ્રોફેસર ડેવિડ લોરેન્ઝોએ કબીરજી વિશે બહાર પાડેલું સાહિત્ય બહુ અભ્યાસપૂર્ણ છે.

શ્રી ગોવિંદભાઈ ભક્તિભાઈ ભક્ત (સરઈ હાલ બુએના પાર્ક, અમેરિકા, કેલિફોર્નિયા) પણ કબીરજીના અભ્યાસી છે. વ્યવસાયે મૂળ અધ્યાપક હોઈ એમણે આ ગ્રંથનું સંપાદન કર્યું એનાથી કબીર સાહિત્યમાં અણમોલ ઉમેરો થયો છે. આ પહેલાં પણ એમણે અમેરિકામાં સ્થાયી થયેલી પટેલ કોમ્યુનિટી વિશે સંશોધન કરી એમના સામાજિક અને આર્થિક વિકાસ અંગેનો ગ્રંથ બહાર પાડ્યો છે.

હું એમના આ **'કબીર વિશેષ'** ગ્રંથને હૃદયપૂર્વક આવકારી એમની મહેનતને ધન્યવાદ આપું છું.

આપનો આવો સાહિત્ય પ્રેમ અને લગન પ્રશંસાને પાત્ર છે. તેમજ હવે પછી આપના તરફથી બહાર પડનાર આવા ઉત્કૃષ્ટ સાહિત્ય માટે અમે આતુર છીએ.

❑

# કબીરસાહેબનું માર્ગદર્શન

છગનભાઈ ભૂલાભાઈ ભક્ત
માજી પ્રમુખ – શ્રી રામકબીર ભક્ત સમાજ

આપણું ધાર્મિક સાહિત્ય ગુજરાતી ભાષામાં જળવાયેલું છે. તે ધાર્મિક સાહિત્ય સાથે આપણા વંશપરંપરાગત સંસ્કારો સંકળાયેલા છે. તે સંસ્કારોને ભાવિ બાળકોમાં જીવંત રાખવા માટે આપણે સંગઠિત થયા છીએ. આપણે નાદબ્રહ્મ તેમજ સ્વ. 'બાવાજી'ની અમૂલ્ય સેવાને પરિણામે આપણને પ્રાપ્ત થયેલ, 'કબીરવાણી', કબીર સાખી સુધા, કબીર રમૈની સુધા જેવા કેટલાંક સંપાદિત પુસ્તકોનો મહામૂલો લાભ મળ્યો છે. 'કબીર ક્રાંતિ'ના કેટલાક મહાનુભાવોમાં 'બાવાજી' એક આપણા સમાજના અગ્રગણ્ય સંત કોટીના પુરુષ હતા. તેમણે કબીર-સાહિત્યને સમાજમાં ભોગ્ય બનાવ્યું. ૧૯૮૪માં જ્યારે અમેરિકામાં પ્રથમ મોરારિબાપુની કથા યોજાઈ હતી ત્યારે બાપુએ જે કબીરસાહેબના દુહાની સમજ આપી ત્યારથી અમેરિકામાં કબીરસાહેબ માટેની વધુ ઉત્કંઠા સરજાય. તે સમયના સુવિનીઅરમાં શ્રી રામકબીર ભક્ત સમાજના સહકારની પ્રશંસા સાથે કબીરસાહેબની સાખી અને સમજ પણ સમાવવામાં આવી હતી. કબીરસાહેબે પ્રચંડ શક્તિશાળી, સામાન્ય માણસને સમજાય તેવા અમાપ ભક્તિભાવથી સભર એવાં કાવ્યો આપ્યાં છે. આ ભજનો આપણા હૃદયને પ્રેમથી ભરી દે છે અને સત્યની ઝાંખી કરાવે છે.

કબીરસાહેબ કડવું પરંતુ નક્કર સત્ય રજૂ કરે છે.

*'કબીર કથતા જાત હૈ શ્રોતા હૈ સબ કોઈ*
*રામ ભજે ભલા હોઈગા નહિ તો ભલા ન હોય'*

હૃદયથી હરિને ભજવા તે જ સત્ય માટેનું અંતિમ સત્ય છે. પૂ. મોરારિ બાપુની તે કથામાંના કેટલાક દુહામાંનો એક :

*'કબીર જબ પૈદા હુવે, જગ હસે હમ રોયે ।*
*ઐસી કરની કર ચલો હમ હસે જગ રોય ॥'*

શું આપણને નથી લાગતું કે કબીરસાહેબે આપણને સાચા સુખનો માર્ગ સરળ રીતે બતાવ્યો છે ?

# મૃત્યુ કબીરની દૃષ્ટિએ

વલ્લભભાઈ છોટુભાઈ ભક્ત

મહાભારતમાં જ્યારે કૌરવ અને પાંડવો વચ્ચે યુદ્ધ એ જ એક અનિવાર્ય વિકલ્પ હતો, ત્યારે માતા સત્યવતીને આઘાતમાંથી બચાવવા પુત્ર વ્યાસ 'મા' પાસે આવે છે અને કહે છે : આજે 'મા' હું મારું અંતિમ કર્તવ્ય પાલન માટે આવ્યો છું. માતા ધરમને ન તો પોતાની ચેતના છે કે ન માને પોતાનું જ્ઞાન. તમે માની મમતાના આ ઘટ પર ક્યાં સુધી ચીટકી રહેશો. પોતાની પેઢી માટે જ રડવું એ જ જીવનનો ઉદ્દેશ નથી. મોહના બંધનમાંથી બહાર નીકળો.

*'સમય તો એક નદીની જેમ વહેતો રહે છે અને શરીર નૌકાની જેમ સ્થિર રહેતું નથી, આત્મા એક યાત્રી છે જે પોતાનો કિનારો, પોતાના લક્ષની હંમેશ શોધમાં જ રહે છે.'*

અહીં માનવ સમાજને વ્યાસ મુનિના માધ્યમ દ્વારા સનાતન સત્યનો સંદેશ આપવામાં આવે છે કે, કૃષ્ણ, ભિષ્મ, વ્યાસ સર્વેને નજીકના ભવિષ્યમાં થનારી ખુવારી કે જેમાં ભાઈ-ભાઈઓ સગાં-સ્નેહીઓ, આતતાયીઓનો વિનાશ નિશ્ચિત છે તેમ જાણવા છતાં તેઓ 'મૃત્યુ'ના સનાતન સત્યને નિવારી શકતા નથી. માત્ર માતાને એ આઘાતમાંથી ઉગારવા માતાને સાથે લઈ જાય છે. કબીરસાહેબ આ વાત ખૂબ સુંદર રીતે કહે છે કે :

મૃત્યુ એ એવો પ્રસંગ હોય છે કે જ્યારે સ્નેહીજનની વિદાય, રહેલા આપ્તજનોને આઘાત આપી જાય છે, ત્યારે મનુષ્ય ભાંગી પડે છે અને ભગવાન તરફ ધ્યાન દોડાવે છે. આવા પ્રસંગને કબીરસાહેબ બહુ જ સરળતાથી સમજાવે છે. મૃત્યુ એ એક કરુણ પ્રસંગ છે, એના દુ:ખને કબીર કન્યાના વિદાયના દુ:ખ સાથે સરખાવે છે. નવવધૂને પતિગૃહે જવાનું દુ:ખ નથી, ઊલટો આનંદ છે. દુ:ખ તો છે જ પિયર છોડવાનું. તેવી રીતે મરનારને જ્યાં જવાનું છે તે એ દુ:ખનું કારણ નથી, પરંતુ અત્રે બાંધેલ ભાવ સંબંધોને છોડીને જવું પડે છે, તેથી તેનું હૃદય વ્યથિત થાય છે. કબીર એમની વાણીમાં કહે છે,

*'કર લે શ્રૃંગાર ચતુર અલબેલી, સાજન કે ઘર જાના હોગા,*
*મિટ્ટી ઉઠાવન, મિટ્ટી બિછાવન, મિટ્ટીમેં મિલ જાના હોગા*
*નાહ લે, ધો લે, શીશ ગૂંથા લે, ફિર વહાં સે નહિ આના હોગા.'*

મૃત્યુના પ્રસંગને કબીરસાહેબ જેવા સંત બહુ જ સામાન્ય શબ્દોથી સમજાવી જાય છે.

કબીરની સુપ્રસિદ્ધ સાખીમાં બોધ સાથે મૃત્યુનો હેતુ પણ સમજાવી જાય,

*'જબ તુમ આયો જગમેં સબ હસે તુમ રોય,*
*કરણી ઐયસી કર ચલો, તુ હસે સબ રોય.'*

*'ખાક મેં ખપ જાના બંદા, માટી મેં મીલ જાના,*
*તુમ મત કરો અભિમાના, એક દિન પવન સેં ઉડજાના.'*

જન્મનારનું મૃત્યુ નિશ્ચિત જ. અમરપટો લખાવીને કોઈ અવનિ પર અવતરતું નથી, મૃત્યુનો સમય ન ભાખી શકીએ, પણ મનુષ્યના હાથમાં જીવન તો છે જ ને ! જંગલી જાનવરોને જોઈશું તો તેમની વચ્ચે ભયનું વાતાવરણ નથી, મોટા જાનવર નાના જાનવરનો કોળિયો કરી જાય છે, પણ મરણનું એમને દુઃખ લાગતું નથી, મૃત્યુથી ભાંગી પડતા નથી, કારણ કે સમજવાની શક્તિ નથી, જ્યારે મનુષ્ય વિચારવંત પ્રાણી હોવાથી મૃત્યુનો ભય સતાવી જાય છે.

*'કાચી માટીનો ઘાટ ઘડુલો પળમાં ફૂટી જાય,*
*પરદેશીની પ્રિતડી એક પળમાં તૂટી જાય.'*

આ પદમાં કબીર દેહ અને દેહી એટલે કે આત્માના પ્રેમ સંબંધની વાત કરે છે. શરીરમાંથી આત્મા જતો રહેતા શરીરની કાંઈ કિંમત રહેતી નથી. આત્મા જ્યારે શરીરનો ત્યાગ કરીને જતો રહે ત્યારે તેને પાછો બોલાવી શકાતો નથી. ગમે તેવા નિષ્ણાત વૈદો, ડૉક્ટરો, કે હકીમો ભેગા કરો છતાં પણ મરનારને બચાવી શકાતો નથી. આમ મૃત્યુ અનિવાર્ય બની જાય છે.

મૃત્યુ સમયે ભક્ત સમાજમાં બહુ જ ગવાતું ભજન રજૂ કરું છું. આ ભજનમાં કબીરસાહેબ કંઈ કેટલી વાતો કરે છે, અને જીવનની વાસ્તવિકતાને સારી રીતે પ્રદર્શિત કરે છે. ભજન બહુ જ સરળ છે, એટલે એના વિષે ઝાઝું લખતો નથી. ધર્મ શું છે, સંસાર શું છે ? સંબંધો શું છે વગેરેને આ ભજનમાં બહુ જ સારી રીતે વણી લીધું છે.

જોને વિચારી તું જીવડા, (નાદબ્રહ્મ પદ ૪૪ પૃષ્ઠ ૨૫)

જોને વિચારી તું જીવડા, શા સુખમેં મોહી રહ્યો જી... ટેક
આવ્યો ત્યારે તું એકલો, જાતા એકલો જાવું જી,
વચમેં સંબંધ શા કામના, માયા જાળમેં બંધાયોજી...૧
મારું મારું શું કરી રહ્યો નહિ મળે તારું તનજી,
જૂઠા રે પુત્રને પ્રેમદા, જૂઠો ભવનો ભંડારજી...૨
ધન રે મળ્યાનો ધર્મ એ જ છે, જે કાંઈ હાથે વપરાયજી...
અંત સમે સહુ મેલી જાશે, પલમેં થાશે પરાયોજી...૩
જમ રે જોરાવર લઈ જાશે, મેલશે ચોરાશીમેં ઠેલીજી.
દારુણ દુઃખ જન્મ-મરણનું, ત્યાં કોણ તારો બેલી જી...૪
સાચું સગપણ હરિગુરુ સંતનું, જીવને જાલમેંથી કાઢેજી,
સુખ રે આપીને દુઃખ દૂર કરે, પરિબ્રહ્મને ભેટાવેજી...૫
માની શકે તો માન જે, લેવો મનષાનો લ્હાવોજી,
દાસ કબીર સાચું કહે, ફરી નહિ મળે આવો લાવજી...

કંઈ કેટલાં મનુષ્ય જીવતા મરી જાય છે, જ્યારે કોઈ મરીને જીવી જાય છે, એવામાં એક કબીર છે. વર્ષોનાં વહાણાં વાઈ ગયાં છતાં, શબ્દ રૂપી દેહમાં હજુ પણ કબીર જીવિત છે. વર્ષો જશે પણ એમની સાખીઓ, ભજનો વગેરે આવતી પેઢીને રાહબર બની રહેશે.

❑

# કબીર એક ખોજ

મહેન્દ્ર બી. ભક્ત

કબીરને માટેની મારી શોધ આમ તો મારા જીવનમાં મોડી મોડી શરૂ થઈ. નાનપણથી ગાદીમાં કબીરનું ચિત્રપટ છે અને એ આપણા ગુરૂ છે, એટલી ખબર અને કબીરના જીવન અને કવન અંગે પણ નહીંવત જ ખબર. આમ કબીરપંથીના ઘરે મોટો થયો પણ કૉલેજ સુધી કબીરની પાસે જવાનું બન્યું ન હતું.

કૉલેજના છેલ્લા વરસમાં મારી સાથે મધુસુદન પંડિત કરીને એક છોકરો હતો તે વરસોમાં ખાસ કરીને અમદાવાદમાં કોઈ અજાણ્યો મળે અને પૂછે કે 'ભક્ત' એટલે કોણ ? એટલે મેં એનો એક સાદો જવાબ તૈયાર રાખ્યો હતો. કારણ તે સવાલ પૂછનાર એમ જાણવા માંગતો હોય કે હું જાતનો કોણ છું ? બ્રાહ્મણ, ક્ષત્રિય, પટેલ કે પછી હરિજન... આવી કંઈક મનમાં સમજ કે ગેરસમજ હતી અને એ માટે ગુસ્સો પણ હતો કે 'મારી જાત જાણીને તારે શું કામ છે ?' એટલે એના જવાબ રૂપે હું કહેતો કે હું તો કોઈ જાતનો નથી, પણ 'કબીર પંથી' છું. અને પૂછનાર પછી વધારે સવાલ ન પૂછતો. એ જ રીતે જ્યારે જ્યારે ભાઈ મધુસુદનને જવાબ આપ્યો ત્યારે એણે મારો હાથ પકડી લીધો અને મને ભેટી પડ્યો. અને એ રીતે કબીર દ્વારા અમદાવાદના એ ખૂબ જ એકલતાના દિવસોમાં એક મિત્ર મળ્યો, પછી તો ભાઈ મધુસુદન જ્યારે મળે ત્યારે કબીરની એકાદ સાખી ગાઈને પછી સમજાવતો.

કબીર પાસે જવાનું સહેલું તો હતું નહીં, કારણ કે સાહેબ પોતે જ કહેતા કે એમને તો કોઈની સાથે દોસ્તી પણ નહિ અને પાસે પહોંચવા માટે એમનો કોઈ દુશ્મન પણ નથી. મધુસુદનના પિતાજી પંડિત હતા. કદાચ ઉત્તર ભારતમાં ભણેલા હશે કે પછી તે તરફના પણ હોય પણ કબીર વિષેનું એમનું વાચન ઠીકઠીક હતું અને મધુસુદન પંડિતના દ્વારા જ કબીરની પાસે જવાના મારા પ્રયત્ન શરૂ થયા એમ કહી શકું.

પછીના દિવસોમાં અમેરિકા આવવાનું થયું, અને કંઈક ઓળખાણ થયેલા કબીરસાહેબ તો દૂર થતા ગયા. કબીર અંગેનું કંઈ પણ સાહિત્ય હતું નહીં, પણ આ અમેરિકાની સ્થિર થવાની લાંબી મજલમાં એમની થોડીક કંઠસ્થ સાખીઓ

દ્વારા અંતરખોજ તો ચાલુ જ હતી, છતાં ઘણા લાંબા સમય સુધી કબીર દૂર ને દૂર જતા હતા.

લાંબા સમય પછી ભારત જવાનું થયું, અને પાછા આવતા સાથે કબીરના અંગેનાં પુસ્તકો લેતો આવેલો. જામનગરના મહારાજ સાહેબે એક એમની સાખીઓનું સંકલનનું પુસ્તક આપેલું. એટલે એ પુસ્તકો દ્વારા કબીરસાહેબ પાસે પહોંચવાનો પ્રયત્ન ચાલુ કર્યો. વાંચતા વાંચતા મનની મૂંઝવણ પણ વધતી જતી હતી, જો કે થોડી સમજણ પણ હતી કે આ બધું જ કબીરસાહેબનું નથી. એમના નામે ઘણું ચઢાવી દીધેલું છે. આટલા વિદ્વાન, ક્રાંતિકારી વિચારકના વિચારોમાં આટલો વિરોધાભાસ હોય જ નહીં એવું એક સમાધાન તો હતું જ. રામ – જે આત્મામાં રમણ કરે છે. દશરથના પુત્રને તેઓ માનતા ન હતા. બીજકમાં સાહેબ કહે છે,

*'સિરજનહાર ન વ્યારી સીતા,*
*જબ પખાન તહિં બંધા !'*

ખૂબ જ જૂની હિંદીમાં રચાયેલા એટલે થોડા કઠણ પણ પડે. પણ પછી 'રામકબીર ભક્ત સમાજ' અને પૂ. ઈશ્વર મામા 'બાવાજી'નાં લખેલાં પુસ્તકો અવારનવાર છપાઈને મળતાં હતાં. કબીરવાણી પણ નિયમિત રીતે મળતું થયું, પણ એ બધાથી કબીર પાસે જવાનું અઘરું હતું. અનુપ જલોટાના કબીરના ભજનોથી જરા એમની પાસે જવાનું સહેલું થયું – છતાં પણ અવારનવાર કંઈ એવું વાંચવાનું આવી જતું કે, ખૂબ જ ઊંડા વિચારમાં પડી જવાતું – ઘણી એમની સાખી કે શબ્દ હજુ સમજવા અઘરાં છે.

હવે જો કે ધીરે ધીરે કબીર પાસે સ્વામી સચ્ચિદાનંદજીનાં પુસ્તકો વાંચતાં વાંચતાં, અને એમની કૅસેટો સાંભળતાં, તથા ભગવાન ઓશોના પ્રવચનોને સાંભળતા. કબીર હવે થોડા થોડા સમજાતા જાય છે. છસો વરસ પર થયેલા આ સંતને આજના સંદર્ભમાં સમજવા સહેલા નથી, પણ એણે આપેલી વિચારાધારા આજે એટલી જ તાજી અને ધારદાર છે.

ગુણવંત શાહ, ચંદ્રકાંત બક્ષીના અવાર-નવાર આવતાં લેખોમાં કબીરની છાયા કાયમ જ જોવા મળે છે. હમણાં ઘણાં વરસો પછી રવિ ઠાકુરનું 'ગીતાંજલિ' ફરી વાંચતો હતો અને પાને પાને જાણે કબીર દેખાતા હતા. આટલા મોટા ગજાના કવિના જીવન અને કવન પર કબીરની છાયા ખૂબ ઊંડી છે. આમ મારી કબીરની ખોજ તો અનંત સુધી ચાલુ રહેશે. અનુપના ગાયેલાં ભજનોમાં કે આબીદા

પરવીનની ખૂબસૂરત ગાયકીમાં કબીરની નજીક જવાનો રસ્તો મળ્યો. 'નાદ બ્રહ્મ'ના પાનાં ફેરવતાં ફેરવતાં જે બીજા સંતોની વાણી એમાં સચવાયેલી છે, તે વાંચતાં વાંચતાં પાને પાને કબીર મળતા હતા. દાસી જીવણનાં ભજનો કે દયારામને વાંચતાં વાંચતાં કબીર ઊભરી આવતા હતા. અખા પાસે જઈએ તો એમ લાગે કે આ તો સાહેબનો ખાસ મિત્ર છે.

આમ કબીર ધીરે ધીરે ઘણી જગ્યાએ મને મળતા ગયા, અને હું પણ કબીર મય થતો ગયો અને કબીરસાહેબને 'પૂરા પામવા'ના મારા પ્રયત્ન હજુ ચાલુ જ છે. અને ખબર નથી, આવા એ વિશ્વ માનવને પામવાની મારી અનંત ખોજ પૂરી થશે... અને આશ છે કે એ જિંદગીના અંત સુધી ચાલુ રહે.

કબીર દ્વારા 'આતમ રામ'ને પામવાનું અઘરું નથી.

❑

# સંત-કવિ કબીરનો શાશ્વત સંદેશ

**ચંદ્રકાન્તભાઈ ડાહ્યાભાઈ ભક્ત**
માજી પ્રમુખ શ્રી રામકબીર ભક્ત સમાજ, યુ.એસ.એ.

સંતોમાં અને ભક્ત-કવિઓમાં સૌથી નિરાળું અને વિશિષ્ટ સ્થાન – આગવું સ્થાન છે – કબીરનું. સાધુકડી ભાષામાં ફક્કડતાથી જે કંઈ તેઓ કહી ગયા તેવો તીખો અને વિદ્રોહી સ્વર કોઈનો પણ નથી.

ભારતીય જનમાનસ ઉપર કબીરની અમિટ છાપ છે, જેમણે ધર્મ, જાતિ, આડંબર, ઢોંગ, પાખંડ અને અંધવિશ્વાસ ઉપર પ્રખર પ્રહાર કર્યા.

કબીરનાં ભજન, તેમના દોહા અને કુંડલિઓ જે તેમણે રચેલી, એકેએક રચનામાં તેઓ જીવનને સહી રીતે જીવવાની પ્રેરણા આપે છે, સાથોસાથ માનવ માત્રની એકતા પર જોર આપે છે. કબીરનો આત્મવિશ્વાસ અને સત્યનિષ્ઠા કેટલાં સચોટ છે – ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા કેટલી અખૂટ છે તે તેમના જ શબ્દોમાં,

*'ખૂબ ખેલો સંસારમેં બાંધિ ન સક્કે કોય.'*
*'જાકો રાખે સાંઈયાં મારિ ન સક્કે કોય.'*

ખરેખર કબીરનો રહસ્યવાદ રસપૂર્ણ છે. કબીરે તેમની કવિતાઓમાં એક બાજુ તો કર્મકાંડી અને પાખંડી પંડિતો, મુલ્લાઓ અને જોગટાઓને ખૂબ ફટકાર્યા તો બીજી બાજુ સુંદર અને રહસ્યવાદી પદો કહ્યાં, જેના કારણે તેઓ સંત કહેવાયા.

મૂર્તિપૂજા અને નર્યા કર્મકાંડને કબીર ગાંડપણ અને અંદરોઅંદરના કુસંપનું મૂળ માનતા. તેમના શબ્દોમાં,

*'આતમ માર પાષાણહિં પૂજે'*
*ઉનમેં કછુ ન જ્ઞાના બહુતક પીર ઔલિયા પઢે કિતાબ કુરાના,*
*માલા પહિરે ટોપી દીન્હેં છાપ તિલક અનુમાના,*
*કહ હિંદૂ મોંહિ રામ પિઆરા તુરૂક કહે રહિમાના,*
*આપસમેં દોઉ લરિ-લરિ મૂએ મરમ ન કાહુ જાના.*

જડપૂજાના આ પાગલપણાને દૂર કરવું એ તેમની દૃષ્ટિએ સત્યનું ઉદ્‌ઘાટન હતું.

આજે દુર્ભાગ્યવશ રામકબીરનું રટણ કરતા કબીરના અનેક ભક્તો-અનુયાયીઓ ભક્ત સમાજના જ કહેવાતા ભક્તો કબીરના સાચા સંદેશથી અને માર્ગથી વિમુખ થવા લાગ્યા છે. એક સમયે જે ભક્ત સમાજની ભક્તિ, સાત્ત્વિકતા, સંગઠન અને સરળતા બીજા માટે દાખલારૂપ હતાં – તે સમાજ આજે કબીરે દર્શાવેલી સાચી રાહથી વિચલિત અને વિમુખ થઈ રહ્યાં છે. સમાજમાં સદ્‌માર્ગનો ચીલો ચાતરનાર ખુદ રસ્તો ભૂલી બેઠો છે. તેઓ કહે છે,

*જિન ખોજા તિન પાઈમાં ગહરે પાની પૈઠ ।*
*મૈં બૌરી ખોજન ચલી, ગઈ કિનારે બૈઠ ॥*
*શ્વાસ શ્વાસ પૈ નામ લે, વૃથા શ્વાસ મત ખોય ।*
*ના જાને ઉસ શ્વાસ કા, આવન હોય ન હોય ॥*

આજે આપણે ધન-વૈભવ મેળવ્યો છે, પરંતુ સાચી સંપદા ખોઈ છે. કબીરને ભૂલ્યા છીએ, ભક્તિ છોડી છે અને ભગવાનને પણ વિસાર્યો છે.

કબીર કહે છે,

*દુઃખ મેં સુમિરન સબ કરૈં, સુખ મેં કરે ન કોય ।*
*જો સુખમેં સુમિરન કરે, તો દુઃખ કાહે કો હોય ॥*
*ગંગાતીર જો ઘર કરે, પીવે નિર્મલ નીર ।*
*બિન હરિ સુમિરન મુક્તિ ના, કહ ગયે દાસ કબીર ॥*

❑

# 'રામકબીર' – ભાવનમસ્કાર અને નામસ્મરણ

માજી તંત્રી : **હસમુખભાઈ આર. ભક્ત**
ઓરણા

સદ્‌ગુરુ કબીરસાહેબે અધ્યાત્મ જીવનની કેડી કંડારવા નામસ્મરણનો મહિમા વર્ણવ્યો છે. જગતના બાહ્ય આડંબર છોડી પ્રભુનું નામ લેનારનો બેડો પાર થાય છે. કેટલાયે સંતો થઈ ગયા જેમણે હરિનામ, હરિકીર્તન, હરિધ્યાન, હરિભજન દ્વારા પ્રભુ સાથે તાદાત્મ્ય સાધીને પોતાના સમગ્ર માનવજીવનને સમર્પિત કર્યું છે. મીરાં, તુલસીદાસ, તુકારામ, ગોરો કુંભાર, સંત કબીર, નાનક, ગુરુ ગોવિંદસિંહ તેમજ સંત જ્ઞાનેશ્વર, રામદાસ અને સત્ય અહિંસાના માર્ગ જીવ ઘડનારા ગાંધીજી વગેરે મહાન વ્યક્તિત્વોએ આપણાં માનવજીવન માટે ઘણું લખ્યું છે. ગામ છે અને વર્તન દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરીને મોક્ષ પ્રતિગમન આદર્યું છે.

મીરાનું ભજન –

*કાનૂડો શું જાણે મારી પ્રીત...*

તુલસીદાસે શ્રીરામચંદ્ર કૃપાલુ ભજમન, તુકારામના મરાઠી પદો, ગોરા કુંભાર માટે 'માટીનું એ કામ જ કરતો...' સંત કબીરસાહેબે 'તું તો રામ સુમિરન જગ લડવા દે...' ગુરુનાનકે સંત જ્ઞાનેશ્વરે અને ગાંધી દ્વારા તેમનું પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે'. ... વગેરે ભજન-કીર્તન દ્વારા નામસ્મરણ કરી પ્રભુપ્રાપ્તિની યશગાથા આલેખેલી જોવા મળે છે.

પ્રભુના નામસ્મરણ જેવો જ મહિમા છે નમસ્કારનો. નમસ્કાર દ્વારા જે તે વ્યક્તિની શ્રદ્ધા અને ભક્તિ પ્રભુ સમક્ષ પ્રગટ થતી હોય છે. મનની શુદ્ધતાથી વચન અને કાયાના શુભ આવિર્ભાવથી કરેલાં નમસ્કાર મનુષ્યને ભવસાગર તરવાનો લ્હાવો અર્પે છે. નમસ્કાર શાસ્ત્રોક્ત વિધાન પ્રમાણે બે પ્રકારના છે : (૧) દ્રવ્ય-નમસ્કાર (૨) ભાવ-નમસ્કાર.

દ્રવ્યનમસ્કારમાં મસ્તિક નમાવવું, હાથ જોડવા, સાષ્ટાંગ દંડવત પ્રણામ કરવા અને નમસ્કારનું સૂચન જેમાં થતું હોય તેવી કાયાની કોઈ ક્રિયા કરવાની હોય છે. મોઢેથી નમસ્કાર બોલવું એ પણ દ્રવ્યનમસ્કારનો ભાગ છે.

જ્યારે ભાવનમસ્કારમાં ચિત્તની શુદ્ધિપૂર્વક ઉપાસનાના દેવ પ્રત્યે અનન્ય, શ્રદ્ધા, ભક્તિ, વિનય અને બહુમાનની લાગણી રાખી તેમના આદેશને શિરોમાન્ય રાખી, સેવકવૃત્તિ ધારણ કરવી એ ભાવનમસ્કાર છે.

દ્રવ્યનમસ્કાર અને ભાવનમસ્કાર એ બંને એકબીજાના પૂરક નમસ્કાર છે. બંને હાથ જોડીને, માથું નમાવીને અને ઘૂંટણે પડીને પાંચે અંગ ભેગાં કરીને મોઢેથી 'નમો નમામિ' એવું ઉચ્ચારણ કરવામાં આવે છે. આ રીતે આપણે જ્યારે નમસ્કાર કરતાં હોઈએ ત્યારે ચિત્તની શુદ્ધતા મનને વિષયવાસનાથી દૂર, પૂર્ણ શ્રદ્ધા, વિનય, આદર અને બહુમાન, આજ્ઞાપાલન ભાવ જેવો ઉચ્ચતમ ભાવોથી નમસ્કાર કરાય તો શાસ્ત્રો દ્વારા સૂચવાયેલ ચિત્તશુદ્ધિ માટેનું પ્રથમ ચરણ આપણે સંપન્ન કરી શકીએ છીએ.

જુદા જુદા રાષ્ટ્રોમાં નમસ્કારની શિષ્ટાચાર દર્શાવતી પદ્ધતિ જુદી જુદી છે.

ભારતીય આર્ય પ્રણાલિ પ્રમાણે જૈન દર્શન મુજબ હાથની આંગળીના ટેરવાંઓ એકબીજાના આંતરે રાખીને બે હાથ જોડવા, મસ્તકને નમાવીને અને હજી વધુ શરીરને અર્ધું નમાવીને બે હાથ જોડી મસ્તક નમાવવું, એનાથી વધુ આગળ બે હાથ, બે ઘૂંટણ અને મસ્તક આ પાંચ અંગોને જમીન પર ધરતી પર લગાડવા એ પૂર્ણ નમસ્કારની સ્થિતિ છે. બે હાથ જોડી અંજલિબદ્ધ, અર્ધું શરીર નમાવી અધોવનત અને પાંચે અંગોને ઉપયોગમાં લઈ કરાયેલ નમસ્કારને પંચાંગ પ્રણિપાત કહેવામાં આવે છે. દર્શન-પૂજા વગેરે વખતે આ ત્રણે પ્રકારના નમસ્કારનો ઉપયોગ થાય છે. જો હાથ બરાબર ન જોડાયેલા હોય અથવા તો માથું નમાવ્યું ન નમાવ્યું કરીએ તો કાયિક નમસ્કાર અશુદ્ધ રીતે થયેલાં ગણાય છે. નમસ્કારનું સૂચન કરતાં કેટલાંક પદ વાક્યો છે તેનો બરાબર ઉચ્ચાર ન કરીએ તેમાં આવતાં કાનો, માત્રા, અનુસ્વાર જો આઘાપાછા થઈ જાય તો વાચિક નમસ્કાર અશુદ્ધ થયા ગણાય અને મનમાં શ્રદ્ધાના ભાવો ન હોય, હૃદયમાં ઉલ્લાસ ન હોય, સંસારની તૃષ્ણાના તરંગો મનમાં ઊઠતા રહે, ધ્યાન બરાબર ન હોય તો માનસિક નમસ્કાર અશુદ્ધ થયા ગણાય. જો કે શરૂઆતની આધ્યાત્મિક પ્રવૃત્તિમાં અશુદ્ધ નમસ્કાર થાય પણ જેમ જેમ પ્રયત્ન વધતો જાય તેમ તેમ નમસ્કાર શુદ્ધ બને છે. (કાયિક એટલે કાયાથી, વાચિક એટલે વાચન દ્વારા થયેલા નમસ્કાર)

શુદ્ધ નમસ્કાર મસ્તિક નમાવી કરવા માટે 'નમો અરિહંતાણં' આ સાત શબ્દોનું સ્મરણ પ્રથમ જિનશાસ્ત્રમાં કરાય છે. નમો શબ્દ નમસ્કારનું સૂચન કરે છે. મસ્તક નમાવી બંને હાથની આંગળીના ટેરવા એકબીજાના આંતરે રાખીને

કમળના ફૂલના ડોડાના આકારે જોડવાની ભક્તસમાજની આગવી પરંપરા છે. જે લુપ્ત ન થાય તે માટે આપણે સમાજના દરેક પ્રસંગોમાં વડીલોની મુલાકાત સમયે અને પરિચિતોને મળતી વખતે હાથ જોડી રામકબીર બોલીએ તો તેનો મહાવરો નાનાં બાળકોમાં વધશે. સદ્‌ગુરુ કબીરનું સ્મરણ થશે અને કબીરસાહેબના રામ એ આત્મારામ છે તેનું જ્ઞાન થશે. આત્મીય દર્શન માટે માનસિક નમસ્કાર ભાવ તરફ આપણે જવું પડશે. આપણે મળીએ છીએ ત્યારે કાયિક નમસ્કારના ભાવથી રામકબીર કહીએ છીએ. પ્રસંગોપાત 'નાદબ્રહ્મ' પુસ્તકની ગુરુગાદીએ પગે લાગીએ નમસ્કાર કરીએ છીએ ત્યારે આવો ભાવ જો પ્રગટે તો વાચિક, કાયિક અને માનસિક આમ ત્રણે પ્રકારના શુદ્ધ નમસ્કારથી રામકબીર શબ્દ ઉચ્ચારણ સહિત આપણે ભક્ત પરંપરાને ખૂબીથી જાળવી શકીએ. અનેક ધાર્મિક પરંપરામાં બોલાતાં શબ્દો જેવાં કે હરિ ૐ, જય પ્રભુ, જય સ્વામિનારાયણ, રામકબીર, જય શિવ, રાધા સ્વામી, રાધેકૃષ્ણ જેવા અનેક આત્મીય શબ્દો આત્મિકદર્શન માટે દરવાજે મારેલાં ટકોરા જેવા સાબિત થાય છે. જે પ્રભુ સમીપ પહોંચવાનું નામસ્મરણનું નાનું પણ વિરાટ કદમ છે. આવા વિરાટ કદમની તાલીમનું સિંચન ભક્તોના બાળ પરિવારમાં થતું રહેશે ત્યાં સુધી નમસ્કારરૂપી પાવન નૌકાથી સંસાર સમુદ્ર તરી જવાશે.

સૂર્યોદય પહેલાં, સૂર્યોદય સમયે, સૂર્યાસ્ત સમયે, સાયંકાળે, સંધ્યાટાણે સદ્‌ગુરુ કબીરસાહેબના નામવાળો 'રામકબીર' શબ્દ તેની ધારી અસર ઉપજાવે છે તેથી એ શબ્દોની દિનચર્યા વખતે સતત રટણ, મનોમન સ્મરણ થતું રહે તે માટે મહાવરો બાળકોમાં વધે તે માટે આરતી સમયે સંધ્યા ટાંણે, સૂતા પહેલાં સૌને અર્ધખુલ્લી આંખે, શ્વાસોશ્વાસની પ્રક્રિયા પર સતત ધ્યાન રાખી એકધારું થોડી મિનિટો માટે રામકબીર-રામકબીર-રામકબીરના નામનું સ્મરણ કરવાનો પ્રયોગ ચિત્તશુદ્ધિ માટે, મનની એકાગ્રતા માટે અને નામસ્મરણથી પ્રભુપ્રાપ્તિના પ્રથમ સોપાન માટે ખૂબ ઉપયોગી બની રહેશે.

આશા છે કે આપ સૌ ભક્ત પરિવારના સદ્દસ્યો, વડીલો આપના પરિવારમાં નામસ્મરણ દ્વારા નમસ્કારનો આ નાનો પરંતુ સાફલ્ય બક્ષે તેવો ઉપાય અજમાવવા, બાળકોમાં સંસ્કાર સિંચનની દિશા ચાતરવા સૌ આ પ્રયોગનું પ્રથમ ચરણ પૂર્ણ કરશે તો એ ઘણું થયું ગણાશે.

સૌને ફરીથી કાયિક, વાચિક, માનસિક રીતના નમસ્કાર સહિત રામકબાર.

❑

# ક્રાંતિના મસીહા – સદ્‌ગુરુ કબીર

માજી તંત્રી : **પંકજ રમણભાઈ ભક્ત**
મલેકપોર

સંત કબીર ભારતીય નભનું એક તેજસ્વી નક્ષત્ર છે. એમનું પ્રત્યેક પાસું ઝગમગતો અરીસો છે. એમની પાસે જઈને કોઈ પણ પોતાનું સ્વરૂપ જોઈ શકે છે અને પોતાના ચહેરાની ખરાબીઓને પારખી શકે છે.

અત્યંત પ્રાચીન, ઋગ્વેદિકકાળમાં કદાચ માનવ સમાનતાનું સ્તર હતું. આપણા ભારતીય પૂર્વ પુરુષોના જીવનમાં ચોક્કસ કોઈ એવી ધરાતલ હતી જેના પર માનવમાત્ર પ્રસન્નતાનો અનુભવ કરતા હતા. તે સમયે વર્ણ તથા જાતિના આધારે કોઈ નાનું-મોટું ન હતું.

આગળ વધીને ગુણ-કર્મને આધારે ચાર વર્ણોનું વિભાજન થયું, પરંતુ એમ કરીને ફક્ત બધાના કામ વહેંચી નાખવામાં આવ્યા. એના આધારે કોઈનામાં અહંકાર અને હીનતાની ભાવના ન હતી. પરસ્પરમાં અસ્પૃશ્યતાનો ભાવ ન હતો. સર રાધાકૃષ્ણને પોતાના ભારતીય દર્શનમાં લખ્યું છે કે 'ઋગ્વેદ કાળમાં કોઈ પણ વર્ગમાં ઉત્પન્ન થયેલ વ્યક્તિ વિદ્વાન તથા સદાચારનિષ્ઠ થઈ જવાથી બ્રાહ્મણ માનવામાં આવતા હતા. અને તે પુરોહિત (યજમાન-ગૉર) થઈ શકતા હતા. વેશ્યા પુત્ર વશિષ્ઠ, માછણ પુત્ર વ્યાસ, વાલ્મીકિ પુત્ર પરાશર, અજ્ઞાત પિતાનો પુત્ર સત્યકામ જાબાલ વગેરે પ્રમાણ સ્વરૂપ છે.'

આપણા પૂર્વજ આર્યોની ઉદારતાનું જ આ પરિણામ હતું કે એમના વિચાર તથા દર્શન આખા વિશ્વમાં છવાઈ ગયા હતા, અને ભારત જગદ્‌ગુરુના પદ પર વિરાજતું થઈ ગયું હતું. પરંતુ થોડાક દિવસ પછી ભારતીય પરંપરામાં એવો કોઢ રોગ લાગ્યો કે તે જાતે જ બરબાદ થઈ ગઈ.

બ્રાહ્મણોએ પોતાની પૂજ્યતાનો અયોગ્ય લાભ ઉઠાવ્યો અને આચરણહીન થઈને પણ સમાજ દ્વારા પૂજાવા માટે એવું વિધાન બનાવ્યું કે બ્રાહ્મણ નામધારી મોટા છે. કદાચ એમનામાં જ્ઞાન-આચરણ હોય કે ન હોય. બ્રાહ્મણોએ ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રોને નીચા સમજ્યા, ક્ષત્રિયોએ વૈશ્યો અને શૂદ્રોને નીચા સમજ્યા, તથા વૈશ્યોએ શૂદ્રોને નીચા સમજ્યા. આ રીતે જંનોઈ સંસ્કારથી રહિત શૂદ્રોને તથા મોચી-વાલ્મીકિ નામના અતિ શૂદ્રોને અત્યંત નીચા સમજવામાં આવ્યા અને એમની પાસેથી વિદ્યા-શિક્ષાનો પણ અધિકાર છીનવી લીધો. આ રીતે પોતાના જ

બંધુઓનો તિરસ્કાર કરીને એમને બધી રીતે દુર્બળ બનાવી દેવામાં આવ્યા. માટે ભારતીય સમાજ વ્યવસ્થાનો ઢાંચો ઢસળી (ચરમરા) ગયો અને તે સતત અધોગતિ તરફ થતો ગયો. સદ્‌ગુરુ કબીરના જીવનકાળ દરમિયાન પણ નાત-જાતનું ઝેર ફેલાયેલું હતું. આ બધું જોઈને કબીરસાહેબને ખરાબ લાગ્યું અને તેઓ બોલી પડ્યા :

*'એકે ત્વચા હાડ મલ મૂત્રા, એક રુધીર એક ગુદા ।*
*એક બુન્દ સે સૃષ્ટિ રચિ હૈ, કો બ્રાહ્મણ કો શૂદ્રા ॥*
*રજોગુણ બ્રહ્મા તમોગુણ શંકર, સતોગુણી હરિ હોઈ ।*
*કહહિં કબીર રામ રમિ રહિયે, હિન્દુ તુરુક ન કોઈ ॥*

બધાના શરીરમાં એક જ પ્રકારની ચામડી, હાડકાં, મળ, મૂત્ર, લોહી તથા માંસ છે. એક જ પ્રકારના રજ-વીર્યથી માનવ માત્રના શરીરની રચના છે. તો પછી એમાં કોણ બ્રાહ્મણ છે અને કોણ શૂદ્ર છે ? અમે તો માનવને પ્રખ્યાત ત્રણેય દેવતાઓના રૂપમાં જ જોઈએ છીએ. જેવી રીતે વધારે રજોગુણી લોકો માનો બ્રાહ્મણ છે. વધારે તમોગુણી મહાદેવ તેમજ વધારે સતોગુણી વિષ્ણુ છે. કબીરસાહેબ કહે છે કે આત્મારામમાં રમણ કરો, અહીં નથી કોઈ હિંદુ કે નથી મુસલમાન, પરંતુ બધા રામરૂપ છે.

સદ્‌ગુરુ કબીર કોઈ સંપ્રદાયના પક્ષપાતી ન હતા. હિંદુઓ અને મુસલમાનોની ભૂલો, અત્યાચારો તથા પરસ્પર વૈમનસ્યને જોઈને તેઓએ બન્નેને ઠપકો આપ્યો. પહેલા તો હિંદુ-મુસ્લિમના મહંતો, મુલ્લા-મૌલવીઓ તથા પંડા-પૂજારીઓને ખોટું લાગ્યું અને તેઓ એમનાથી અતિશય નારાજ થયા. પરંતુ જ્યારે એ લોકો સંત કબીરનું નિરાલાપણું સમજ્યા તો બન્ને શરમથી ઢીલા પડી ગયા અને એમાંથી કેટલાક સદ્‌ગુરુ કબીરના અનુયાયી બની ગયા.

સંસારમાં વિવિધ મત-મતાંતર છે. કોઈ નામજપ માટે જોર આપે છે તો કોઈ મૂર્તિપૂજા પર કોઈ રોજા નમાજ શ્રેયસકર માને છે તો કોઈ સંધ્યા તર્પણ. સંત કબીર માનવતાવાદી છે. એમની પૂજા-પદ્ધતિ સાર્વજનિક છે. તેઓ કહે છે :

*કર વિચાર વિકાર પરિહરિ, તરણ તારણ સોય ।*

અર્થાત્ વિચાર કરીને વિકારોનો, દોષોનો પરિત્યાગ કરનાર જ તરણ-તારણ છે. બધાથી મોટી પૂજા મન, વાણી તથા કર્મોની નિર્મળતા છે. જો મન, વાણી, કર્મ નિર્મળ થયા નથી તો બધી પૂજા-પદ્ધતિ નિસાર છે. અને એ નિર્મળ કરવાના પુરુષાર્થમાં લાગી ગયા પછી બીજું શું કર્તવ્ય બાકી રહે છે ?

❑

# શ્રી રામકબીર સંપ્રદાય – વિશ્લેષણ

ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત (બાવાજી)
ક્યુરા

સમસ્ત જગતના તમામ વિદ્વાનો સર્વ સંમત થઈને કહે છે કે સદ્‌ગુરુ કબીરસાહેબે કોઈ પણ પંથ કે સંપ્રદાય ભારતમાં કે ભારતની બહાર સ્થાપ્યો નહોતો. છતાં તેમના નામે અનેક પંથ અને અનેક સંપ્રદાયો આજે અસ્તિત્વમાં છે તે એક હકીકત છે. ડૉ. કી Kabir and his followers પુસ્તકમાં વિસ્તૃત વિશ્લેષણ કરતા જણાવે છે કે ભારતભરમાં કબીરવાણીનો પ્રભાવ સારા પ્રમાણમાં પથરાયો હતો. શીખ પંથ, દાદુ પંથ, લાલદાસી પંથ, બાબાલાલી પંથ, સાધ પંથ, ધરણીદાસ પંથ, ચરણદાસી પંથ, શિવનારાયણી પંથ, ગરીબદાસ પંથ, રામસાચી પંથ, પલ્ટુ પંથ, સતનામી સંપ્રદાય, સંતમત સત્સંગ મંડળ, પ્રાણનાકી પંથ અને રાધાસ્વામી સંપ્રદાય જેવા અનેક સમુદાયોએ કબીરવાણીનો સંદેશ ઝીલ્યો હતો અને કબીરવાણીને પ્રાણ સમાન ગણીને તેઓએ માનવમાત્ર પ્રભુના બાળક છે એવી ભાવનાનો અમલ કરવા સમુચિત પ્રયાસ કર્યો હતો. આ રીતે કબીરવાણી તો મહાન સરોવર સમાન રહી છે. તેમાંથી અનેક પંથ અને સંપ્રદાયોએ પ્રેરણાના પીયૂષ પીધાં છે.

કબીર પંથના પ્રકાંડ પંડિત બ્રહ્મલીન મુનિશ્રી સ્પષ્ટ કહે છે કે કબીર પંથ અને તેના અનેક ફાંટાઓ સદ્‌ગુરુ કબીરસાહેબની હયાતી બાદ અસ્તિત્વમાં આવ્યા છે. સૌ પ્રથમ એક સદી પછી સંત ધર્મદાસે બાંધવગઢના સ્થળે સં. ૧૬૭૬ની આસપાસ કબીર પંથની સ્થાપના કરેલી એવું વિદ્વાનો માને છે. ત્યાર પછી જ જેમ જેમ મતભેદ વધતા ગયા તેમ તેમ અનેક ફાંટાઓ અસ્તિત્વમાં આવતા ગયા. હંસકબીર નામની નવી શાખા તો છેક સં. ૧૮૫૬માં જંબુસરમાં નિહાલ દાજી નામના સંત દ્વારા અસ્તિત્વમાં આવી હતી. આ રીતે કબીર પંથ પણ અનેક રીતે વિભાજિત થતો ગયો હતો.

એક રામકબીર સંપ્રદાયનો ઇતિહાસ અનોખો છે. એના સ્થાપક જ્ઞાનીજી મહારાજ હતા. આ સંપ્રદાય કબીરસાહેબની હયાતીમાં જ ચાલુ થઈ ગયો હતો. કબીરવડની અલૌકિક ઘટના આ સંપ્રદાયના જન્મ પાછળ કામ કરી ગઈ હતી.

જ્ઞાનીજી મહારાજ કબીરવડની ઘટનાના સાક્ષી હતા. કબીરસાહેબના વ્યક્તિત્વથી પ્રભાવિત થઈને તેમણે શિષ્યપદ સં. ૧૪૬૬માં ગ્રહણ કર્યું હતું. ત્યાર પછી એમણે મધ્ય પ્રદેશના જંગલમાં બાર વર્ષ સુધી આકરી તપસ્યા કરી હતી. તેમના ગુરુબંધુ પદ્મનાભજી ગણાતા હતા. તેઓ પાટણના કુંભાર જ્ઞાતિમાં જન્મેલા. તેમના સહકારથી રામકબીર સંપ્રદાયનો ઉદ્ભવ થયો હતો. ઉદ્ભવ કાળ સં. ૧૪૬૭નો હોય શકે. કારણ કે બૉમ્બે ગેઝેટમાં ઉલ્લેખ છે તે હિસાબે કબીરસાહેબનો સીધો પ્રભાવ ગુજરાતમાં ઈ.સ. ૧૩૮૦ અને ઈ.સ. ૧૪૨૦ની વચમાં થયો હોવો જોઈએ. સં. ૧૪૬૭ એટલે ઈ.સ. ૧૪૧૧ તવારીખ બૉમ્બે ગેઝેટિયર સાથે મળતી આવે છે.

હા, બૉમ્બે ગેઝેટિયરની નોંધમાં એક ભૂલ રહી ગયેલી. તેમાં જ્ઞાનીજી તે જ કબીર એવું માની લેવામાં આવેલું. કબીરસાહેબનું ઉપનામ જ્ઞાનીજી હોવું જોઈએ એવો ખ્યાલ કરવામાં આવેલો. પરંતુ તે તવારીખ જ્ઞાનીજીના જીવન સાથે મળતી હોવાથી સંશોધકોએ એ ભૂલ સુધારી લેવાનો પ્રયત્ન કર્યો છે. જ્ઞાનીજી તો એક અલગ ગુજરાતી સંત જ હતા. તેઓ કબીરસાહેબના શિષ્ય બન્યા હતા. તે પહેલા પદ્મનાભજી શિષ્ય થયેલા તેથી પદ્મનાભજી કબીરસાહેબના ગુરુબંધુ ગણાય. આ રીતે બંને સંતોના સહકારથી રામકબીર સંપ્રદાયનો પ્રારંભ સં. ૧૪૬૭ એટલે કે ઈ.સ. ૧૪૧૧ની આસપાસ થયેલો ગણાય.

કબીરસાહેબ ગુજરાતમાં સં. ૧૪૬૫માં આવ્યા ત્યારે પાટણમાં પદ્મનાભજીનો સંપર્ક થયેલો. પદ્મનાભજી પ્રભાવિત થઈને કબીરસાહેબના શિષ્ય બની જાય છે. તે સમયે પદ્મનાભજીના ત્રણ પ્રધાન શિષ્યો : લોચનદાસ, નીલકંઠદાસ અને ધનરાજ પંડ્યા પણ હાજર હતા અને તેઓ સૌ પણ કબીરસાહેબના રંગે રંગાય ગયેલા. પદ્મનાભજી તો ઓછું ભણેલા હતા, છતાં તેઓ આધ્યાત્મિક રીતે ખૂબ આગળ વધેલા હતા. તેમના આ ત્રણ શિષ્યો ખૂબ વિદ્વાન હતા. જેમ રામકૃષ્ણ પરમહંસ માત્ર ચાર ચોપડી જ ભણેલા હતા છતાં તેઓ આધ્યાત્મિક રીતે ઘણા મહાન હતા. તેમના શિષ્યો વિવેકાનંદ આદિ સૌ કલકત્તા યુનિવર્સિટીના ગ્રેજ્યુએટ્સ હતા. સંત પદ્મનાભજીના એ ત્રણ શિષ્યોએ સમસ્ત ગુજરાત-સૌરાષ્ટ્રમાં કબીરસાહેબના વિચારનો સર્વોત્તમ પ્રચાર કર્યો હતો. લોચનદાસે દક્ષિણમાં આવીને સુરતમાં સ્થાન જમાવ્યું હતું. નીલકંઠદાસે સૌરાષ્ટ્રમાં જઈને દૂધરેજમાં આશ્રમ સ્થાપ્યો હતો. ધનરાજ પંડ્યાએ ઉત્તર ગુજરાતમાં રહી સારામાં સારો પ્રચાર કર્યો હતો. આ રીતે રામકબીર સંપ્રદાયની સ્થાપના દ્વારા કબીરસાહેબના ક્રાંતિકારી વિચારોનું પ્રવર્તન ગુજરાતમાં સં. ૧૪૬૭થી પ્રારંભ પામ્યું ગણાય.

દૂધરેજ આશ્રમની પરંપરામાં છઠ્ઠાબાવા થઈ ગયા. તેઓ સમર્થ સંત તરીકે પ્રસિદ્ધ હતા. તેમનું ખરેખરું નામ તો ષટપ્રજ્ઞદાસ હતું. તેઓ કબીરજીથી ખરેખર છઠ્ઠી પેઢીએ થયા ગણાય અને નીલકંઠદાસની પણ છઠ્ઠી જ પેઢીગણાય, તેથી તેમનું નામ છઠ્ઠાબાવા પડ્યું હતું. તેઓ વિદ્વાન પણ એટલા જ હતા. તેમના શિષ્યોમાં ભાણસાહેબ મુખ્ય ગણાય. કારણ કે ભાણસાહેબના શિષ્યએ ભાણસાહેબની હયાતી બાદ ભાણ સંપ્રદાય તરીકે અલગ સંપ્રદાય ચલાવ્યો હતો. એ જ રીતે ભાણ સંપ્રદાયમાં રવિસાહેબ સમર્થ સંત થઈ ગયા. તેમનું નામ પણ સાથે જોડી દેવામાં આવ્યું અને સૌરાષ્ટ્રમાં રવિ-ભાણ સંપ્રદાયની પરંપરા આજ દિન લગી ચાલુ રહી. ખરેખર એ પરંપરા રામકબીર સંપ્રદાયની જ ગણાય.

એ જ રીતે મધ્ય ગુજરાતમાં જીવણજી મહારાજ થઈ ગયા. તેઓ વિદ્વાન અને સમર્થ સંત તરીકે પ્રખ્યાતિ પામ્યા હતા. તેમણે રામકબીર સંપ્રદાયને ઉદા નામ પ્રદાન કર્યું હતું. ઉદા એટલે શ્રેષ્ઠ તેથી બ્રાહ્મણોની વિધિની જરૂરિયાત રહી નહીં. ભજનને જ તેમણે મહત્ત્વ આપ્યું તેથી જન્મ, મરણ કે લગ્ન પ્રસંગોએ ભજનો જ આજે પણ ગાવામાં આવે છે. જીવણજી મહારાજ કહેવાય છે કે ૫૦૦ વિરક્ત સાધુઓની ફોજ લઈને ફર્યા કરતા. એ રીતે તેમનો પ્રભાવ ઠેઠ સૌરાષ્ટ્ર સુધી પથરાયેલો હતો. તેમણે પુનિયાદમાં ગાદી સ્થાપી હતી. આજે તે ગાદી પર જગદીશચંદ્ર નામે મહંત કાર્યરત છે.

પદ્મનાભજીના શિષ્ય લોચનદાસે આશ્રમ સ્થાપી જે પરંપરા ચાલુ કરી હતી તે આજે નામશેષ થઈ ગઈ છે. સં. ૧૭૪૫થી તે પરંપરામાં જોગહરિ નામે સંત થઈ ગયા. તેઓ વાલ્મીકિ જાતિના હતા. તેથી ગુરુ પ્યારેદાસે સમાધિ લીધી પછી આશ્રમમાં ઉપદ્રવ શરૂ થઈ ગયો હતો. આસપાસના બ્રાહ્મણોએ હલ્લો કરીને જોગહરિને ખૂબ માર માર્યો હતો અને આશ્રમને લૂંટી લીધો હતો. તે આશ્રમમાં સંતવાણીના કિંમતી હસ્તલિખિત ગ્રંથો ઘણાબધા હતા તે સૌ લઈને જોગહરિ માંડવી ચાલ્યા ગયા હતા. તે વખતે માંડવીમાં રાજા હતા. તેમણે જોગહરિને આશ્રય આપ્યો હતો. સુરતથી ચાલ્યા ગયા પછી ત્રીજે જ દિવસે તાપી નદીમાં મોટી રેલ આવી હતી તેમાં આશ્રમ તણાઈ ગયો હતો. કંઈ જ બચ્યું ન હતું. પછી જોગહરિ ફરીથી સુરત આવ્યા હતા અને નિર્વાણસાહેબના અખાડામાં આશ્રય લીધો હતો. ત્યાં તે વખતના મહંત જગન્નાથદાસને તમામ સંતવાણીના હસ્તલિખિત ગ્રંથો સોંપી દીધા હતા. ત્યાર પછી તેમણે નર્મદાની પરિક્રમાનો નિર્ધાર કરી સુરત કાયમને માટે છોડી દીધું હતું.

આજે બેગમપુરા ખાંગડશેરીમાં જે મંદિર છે તેની કુલ ઓગણીસ પેઢી પૂરી

થઈ એમ કહેવાય છે. જ્ઞાનીજીના પુત્ર જ્ઞાનદેવે તે મંદિર સ્થાપ્યું હતું. છેલ્લે દયારામદાસ ઓગણીસમી પેઢીએ થઈ ગયા. એ પરંપરા આ પ્રમાણે છેઃ જ્ઞાનદેવ, સામદેવ, રામદેવ, વાસુદેવ, દ્વારકાદાસ, હરિરામ, ભગતરામ, વીરદાસ, નાના બાવા, ગોકળદાસ, સામદાસ, ભગતરામજી, ગોપાલદાસજી, નારણદાસજી, માધવદાસજી, કરસનદાસજી, નરસિંહદાસજી, ગોર્ધનદાસજી અને દયારામદાસજી. હવે અદ્યતન સમયમાં કોઈ મહંત નથી.

ભારત દેશ સ્વતંત્ર થયા પછી રામકબીર સંપ્રદાયમાં ઘણો ફેરફાર થઈ ગયો છે. મહાત્મા ગાંધીજીની ચળવળની અસર, અંગ્રેજી ભણતર વધવાથી આવેલું પરિવર્તન અને પરદેશની અવરજવર વધવાથી થયેલા ફેરફારો આખા સંપ્રદાયને નવા જ સ્વરૂપમાં મૂકી દે છે. તિલક, કંઠી ને માળાનું મહત્ત્વ લગભગ નામશેષ થઈ ગયું છે. વ્યવહારમાં જાતીય શુદ્ધતાનું પ્રમાણ નહીંવત રહ્યું છે. મોજશોખનું પ્રમાણ સારા પ્રમાણમાં વધ્યું છે. ખાવા-પીવાની ટેવ સાવ બદલાઈ ગઈ છે. હવે તો આખી દુનિયામાં વધતાઓછા પ્રમાણમાં સંપ્રદાયનો ફેલાવો થયો છે. એટલે વાણી-વર્તનમાં પણ મહદ્અંશે ફેરફારો થતાં જાય છે. છતાં 'રામકબીર' કહેવાનો વ્યવહાર ચાલુ રહ્યો છે તે એક સારી નિશાની છે. સંઘ ભાવના જાળવવા પ્રયત્નો ચાલે છે અને તેના માધ્યમ તરીકે ભજનની પ્રણાલિકાનો ઉપયોગ કરવામાં આવે છે તે એક આશાનું કિરણ જરૂર ગણાય. ગુજરાતી આપણી માતૃભાષા ગણાય અને તે જ્યાં સુધી દેશમાં કે વિદેશમાં જળવાશે ત્યાં સુધી રામકબીર સંપ્રદાય જીવંત રહેશે જ એમાં બે મત નથી. આવો છે શ્રી રામકબીર સંપ્રદાયનો જળવાયેલો ટૂંકો ઇતિહાસ !

**કબીરપંથ અને રામકબીર સંપ્રદાય વચ્ચેનો ફરક**

૧. કબીર પંથના સ્થાપક સંત ધર્મદાસ હતા જ્યારે રામકબીર સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજી હતા.

૨. કબીર પંથ બાંધવગઢ ઉત્તરભારતમાં સ્થાપાયો હતો, જ્યારે રામકબીર સંપ્રદાય કબીરવડમાં સ્થપાયો હતો.

૩. કબીર પંથની સ્થાપના સં. ૧૬૭૬માં થઈ હતી જ્યારે રામકબીર સંપ્રદાયની સ્થાપના સં. ૧૪૬૭માં થઈ હતી.

૪. કબીર પંથમાં માત્ર નિર્ગુણની જ ભક્તિ થાય છે, સગુણની ભક્તિ થતી જ નથી. જ્યારે રામકબીર સંપ્રદાયમાં બંનેનો સમન્વય થયો છે. નિર્ગુણ પોતે સગુણ સ્વરૂપે વ્યક્ત બને જ છે તો પછી બંનેની ભક્તિ કલ્યાણકારી નીવડે છે

એમ શા માટે ન માનવું ? તેથી સંપૂર્ણ સમજદારીથી સમન્વય થયો હોવાથી આજે પણ તે વલણ ચાલુ જ છે.

૫. કબીર પંથમાં માત્ર રામને જ મહત્ત્વ આપવામાં આવે છે, જ્યારે રામકબીર સંપ્રદાયમાં રામ તે જ કૃષ્ણ અને કૃષ્ણ તે જ રામ માનવામાં આવે છે. કબીર પંથમાં કૃષ્ણની ભક્તિ થતી જ નથી. જો કૃષ્ણની ભક્તિ કોઈ કરે તો તેની નિંદા કરવામાં આવે છે. આવા પ્રકારની રૂઢિ રામકબીર સંપ્રદાયમાં નથી.

૬. કબીર પંથમાં સતનામનો જપ કરવામાં આવે છે જ્યારે રામકબીર સંપ્રદાયમાં રામકબીરનો જપ થાય છે.

૭. કબીર પંથમાં કબીરસાહેબને જ સત્યપુરુષ-ઈશ્વર અથવા બ્રહ્મ માનવામાં આવે છે જ્યારે રામકબીર સંપ્રદાયમાં કબીરસાહેબને સદ્‌ગુરુ તરીકે પૂજવામાં આવે છે અને તે સદ્‌ગુરુએ રામ તથા કૃષ્ણનાં દર્શન કરાવ્યાં હતાં તેથી તે રામ તથા કૃષ્ણને ઈશ્વર કે બ્રહ્મ માની તેની પૂજા કરવામાં આવે છે.

૮. કબીર પંથમાં નમસ્કારની રીત જુદી છે. બંને હાથનો ખોબો કરી 'બંદગી સાહેબ' કે 'સત સાહેબ' બોલવાની પ્રથા છે. જ્યારે રામકબીર સંપ્રદાયમાં બંને હાથ જોડીને નમસ્કાર કરવામાં આવે છે અને 'રામકબીર' બોલવાની પ્રથા છે.

૯. કબીર પંથમાં અવતારનો વિરોધ કરવામાં આવે છે. જ્યારે રામકબીર સંપ્રદાયમાં સમન્વયવાદી વલણ હોવાથી રામ તથા કૃષ્ણને અવતાર માની તેઓની લીલાના ગુણકીર્તન ખૂબ પ્રેમપૂર્વક ગાવામાં આવે છે.

૧૦. કબીર પંથમાં વૈષ્ણવી સંસ્કારોનો અભાવ છે જ્યારે રામકબીર સંપ્રદાયમાં વૈષ્ણવી સંસ્કારો ખાસ નજરે પડે છે. કારણ કે રામકબીર સંપ્રદાયના સ્થાપક જ્ઞાનીજી મહારાજ પોતે વૈષ્ણવ હતા એટલું જ નહીં પણ એ જ પરંપરામાં થયેલા જીવણજી મહારાજ પણ ચુસ્ત વૈષ્ણવ હતા તેથી તે સંસ્કારો આજદિન પર્યંત સચવાય છે.

૧૧. કબીર પંથમાં સ્નાન, ચૌકા, આરતી જેવી વિધિઓનો કર્મકાંડ કરવામાં આવે છે જ્યારે રામકબીર સંપ્રદાયમાં એવો કોઈ પણ કર્મકાંડ સ્વીકારવામાં આવ્યો નથી. માત્ર ભજનને જ માધ્યમ તરીકે સ્વીકારીને વિધિઓ થાય છે.

૧૨. કબીર પંથમાં સંત કે મહંતનું મૃત્યુ થાય તો મંદિર પાસે તેને જમીનમાં દાટી તેના પર સમાધિ ચણવામાં આવે છે જ્યારે રામકબીર સંપ્રદાયમાં અગ્નિદાહ કરાય છે. કોઈ મહાન સંત હોય તો તેની સ્મૃતિ સાચવવા અસ્થિને કુંભમાં મૂકી

તેના પર તુલસીક્યારાની રચના કરવામાં આવે છે.

૧૩. કબીર પંથીઓ વૈદિક વિધિથી બ્રાહ્મણ પાસે લગ્ન, ગ્રહશાંતિ વગેરે કરાવે છે તથા બેન્ડવાજા વગડાવે છે. જ્યારે રામકબીર સંપ્રદાયમાં બ્રાહ્મણને બોલાવવામાં આવતા જ નથી. બલ્કે ત્યારે જો સંપ્રદાયના કોઈ આચાર્ય હોય તો તેને હાજર રહેવા માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવે છે. અને તેની હાજરીમાં ભજનો કરીને લગ્નની વિધિ કરવામાં આવે છે. આચાર્ય હાજર ન હોય તો તે માટે ચોક્કસ જગ્યાએ ગાદી બનાવી, તેના પર બીજકગ્રંથ મૂકી, તેના પર ફળફૂલથી પૂજા કરવામાં આવે છે.

૧૪. કબીર પંથમાં જુદી જુદી જ્ઞાતિના સભ્યો જોડાયેલા હોય છે. પાટિદાર, ક્ષત્રિય, કારીગરવર્ગના લોકો, ભીલ, કોળી, આદિવાસીઓ વગેરે જ્ઞાતિના લોકો હોય છે. તેઓ વચ્ચે રોટી બેટીનો કદી વ્યવહાર જણાતો નથી. જ્યારે રામકબીર સંપ્રદાયમાં ખાસ કરીને પાટીદારો જોડાયેલા હોવાથી તેઓ વચ્ચે રોટી બેટી વ્યવહાર ચાલુ રહ્યો છે.

૧૫. કબીર પંથમાં માત્ર સંતો કે મહંતો જ આચારશુદ્ધિના નિયમો પાળે છે જ્યારે રામકબીર સંપ્રદાયમાં આચારશુદ્ધિ સર્વ માટે છે. એવું માનવામાં આવે છે તેથી લોકો પણ તેનું પાલન કરવા પ્રયત્નશીલ રહે છે. જો કે હાલમાં તે વિષે થોડી મંદતા પણ પ્રવર્તે છે તે એક હકીકત છે.

૧૬. કબીર પંથમાં પોતાનો નાકના ટેરવાથી કપાળમાં ઊર્ધ્વ તિલકની એક લીટી ચંદનથી કરે છે. ટૂંકમાં માત્ર એક જ લીટીનું તિલક કરવામાં આવે છે જ્યારે રામકબીર સંપ્રદાયમાં કપાળની વચમાં ભ્રમરની ઉપર બે સમાંતર લીટીનું ચંદનથી તિલક કરવાની પ્રથા છે. હાલમાં તેવું તિલક કોઈ કરતું નથી તે એક હકીકત છે. છેલ્લાં પચાસ વર્ષમાં જે પરિવર્તન આવ્યું છે તે પરિવર્તનનું એ પરિણામ છે. રામકબીર સંપ્રદાયમાં પહેલેથી સમન્વયવાદી વલણ હોવાથી પરિવર્તન ખૂબ ઝડપથી થઈ રહ્યું છે એવું લાગે.

૧૭. તત્ત્વજ્ઞાન પરત્વે બંને શાખાઓ એક સરખું વલણ ધરાવતી નથી. કબીર પંથમાં કબીરસાહેબના જ તત્ત્વજ્ઞાનને મહત્ત્વ આપવામાં આવે છે. ત્યાં પ્રેમલક્ષણા ભક્તિ કે નામરૂપની ભક્તિને મહત્ત્વનું સ્થાન મળતું નથી. રામકબીર સંપ્રદાય કબીરસાહેબના તત્ત્વજ્ઞાનને મહત્ત્વ આપે છે પણ સાથે પ્રેમલક્ષણ ભક્તિ કે નામરૂપની ભક્તિને પણ એટલું જ મહત્ત્વ આપે છે. તેથી કબીરપંથમાં માત્ર કબીર બીજકનું સ્તવન કે દરરોજ મુખપાઠ કરવામાં આવે છે જ્યારે રામકબીર સંપ્રદાયમાં ભજન કે ભગવાનનું સ્તવન ગાવામાં આવે છે. બંને શાખાઓની

સરખામણી આ રીતે કરી શકાય પણ એટલું ચોક્કસ છે કે કબીર પંથનો સમસ્ત ભારતમાં જેટલો પ્રચાર ને વિસ્તાર છે તેટલો રામકબીર સંપ્રદાયનો નથી. બલકે તેના આઠમા ભાગનો પણ નથી. રામકબીર સંપ્રદાય તો માત્ર ગુજરાતમાં ફેલાયેલો છે. સંખ્યાની દૃષ્ટિએ તે બહુ નાનો છે. કબીર પંથ સંખ્યાની દૃષ્ટિએ બહુ મોટો છે. છતાં રામકબીર સંપ્રદાય એક આગવો સંપ્રદાય છે કે જે ભારતની તમામ પ્રજાનું ધ્યાન ખેંચે છે. વિધિમાં બ્રાહ્મણોની બાદબાકી થઈ હોવાથી રૂઢિચુસ્તતા પણ ઓછી. લગ્ન કે મરણની વિધિઓ પણ સાદી ને સરળ. ગમે તેવી તકરાર થઈ હોય પણ જો બંને જણા એકમએકને રામકબીર કહે તો ઝઘડાનો અંત આવી જાય. કોર્ટકચેરીનાં પગથિયાં ચડવા નહીં પડે. સાદાઈ ને સાદગી આ સંપ્રદાયની ખાસિયત ગણાય છે. તેને કારણે જે સરળતા જીવનમાં જણાય છે તે બીજા સમાજને ભૂષણરૂપ લાગે છે.

**કબીરસાહેબ ગુજરાતમાં ક્યારે આવ્યા હતા ?**

સદ્‌ગુરુ કબીરસાહેબ ગુજરાતમાં એકવાર નહીં, પણ અનેકવાર આવ્યા હોવા જોઈએ. કબીરસાહેબ કાશીમાં પ્રગટ થયેલા અને મોટા પણ ત્યાં જ થયેલા, તેથી તેમની ભાષા જૂની હિંદી ગણાય. કબીરસાહેબનું સાહિત્ય, ખાસ કરીને બીજક જૂની હિંદીમાં જ પ્રાપ્ત થાય છે. તે જૂની હિંદી ભાષામાં કેટલાક ગુજરાતી ભાષાના શબ્દો જેવા કે હીંડતે, જહિયા, તહિયા, હતા વગેરે બીજકની રચનામાંથી પ્રાપ્ત થાય છે. આ બધા શબ્દો આપણું સૌનું ધ્યાન ખેંચે છે. એક ભાષાના શબ્દો બીજી ભાષામાં ક્યારે પ્રવેશે ? ગાઢ પરિચય વિના તે બની શકે નહીં. કબીરસાહેબ અનેકવાર ગુજરાતમાં આવ્યા હોવા જોઈએ અને ગુજરાતી પ્રજા સાથે ગાઢ સંબંધમાં આવ્યા હોવા જોઈએ. તો જ ગુજરાતી ભાષાના શબ્દો તેમની વાણીમાં સહેજે વપરાતા થઈ શકે.

ગુરુ રામાનંદના મુખ્ય બાર શિષ્યોમાં રૈદાસ, ભક્ત પીપાજી અને કબીરસાહેબનો સમાવેશ થાય છે. ભક્ત પીપાજી તો રાજવી કુટુંબમાં જન્મેલા. ગાંગરોનગઢના તેઓ મહારાજા હતા. સં. ૧૪૧૦થી સં. ૧૪૭૦ સુધીનો તેમનો સમય નિશ્ચિત થયેલો છે. સંત કવિ અનંતદાસ સં. ૧૬૪૫માં 'પીપા પરિચરિ' નામનું પુસ્તક લખ્યું છે અને તેમાં ગુરુ રામાનંદ સાથે રૈદાસ અને કબીરસાહેબે દ્વારકાની યાત્રા કરેલી તેનું વિગતવાર વર્ણન પ્રાપ્ત થાય છે. ગુરુ રામાનંદે પોતાનો દેહ કાશીમાં સં. ૧૪૬૭માં છોડી દીધેલો તેથી તે યાત્રા સં. ૧૪૬૦ની આસપાસ થઈ હોવી જોઈએ એવું વિદ્વાનો માને છે.

બીજું કબીરવડમાં જે શિલાલેખ પ્રાપ્ત થયો છે તેમાં કબીરસાહેબ સં. ૧૪૬૫માં કબીરવડના સ્થળે આવેલા તે હકીકત જણાવેલી છે. તદુપરાંત, સંત નાભદાસે સં.૧૬૪૨માં 'ભક્તમાળ'ની રચના કરી છે અને તેમાં તત્વા ને જીવાની ટેવ પૂરી કરવા કબીરસાહેબ કબીરવડ પધાર્યા હતા એ કથા વર્ણવેલી છે. આ તત્વા ને જીવા બે સગા ભાઈઓ હતા અને જાતે બ્રાહ્મણ હતા. તેઓ શુક્લતીર્થમાં રહેતા હતા. તેમના પિતા સંત પ્રેમી હતા. નર્મદા પરિક્રમા કરનારા સાધુસંતો પહેલેથી જ શુક્લતીર્થમાં ચતુર્માસ ગાળતા. મંદિરોમાં રહેવાની સગવડ થઈ જતી. તે સમયે તો સાધુઓ ટોળામાં રહેતા ને ફરતા. તત્વાજીવાના પિતાશ્રી સંત પ્રેમી હતા એટલે તત્વાજીવા પણ સંતોને વારંવાર પગે લાગતા. પરંતુ આ બધા સંતો ઘરની બહાર ગાંજો પીતા, દારૂ પીતા અને માંસાહાર પણ કરતા જણાયા ત્યારથી તત્વા ને જીવાએ બળવો પોકાર્યો 'આ બધા સંતોને પગે લાગવાથી આપણને શો ફાયદો થાય ?' તેથી તેમણે જાહેરમાં ટેક લીધી કે આપણે તો તેને જ પગે લાગીશું કે જેના ચરણામૃતથી આ વડની સૂકી ડાળી સજીવન બને !

તત્વાજીવાની આ જાહેરાતથી સંતસમાજ ખળભળી ઊઠ્યો હતો, કારણ કે શુક્લતીર્થ તે સમયે યાત્રાનું ધામ ગણાતું હતું. ત્યાં વર્ષમાં ઘણી વાર મેળા ભરાતા. કહેવાય છે કે મેળામાં વેપાર કરવા અફગાનિસ્તાનથી પણ વેપારી લોકો આવતા. ઘણા બધા લોકોની અવરજવર મેળામાં થતી. તેથી તત્વાજીવાની ટેકનો પ્રચાર સારા પ્રમાણમાં થઈ શકેલો. સંતસમાજ ચિંતાતુર થઈ ગયેલો. ખરેખર સાચા સંતોનો અભય હતો. ટોળામાં એકાદ જણ સાત્ત્વિક જીવન જીવતો હશે. સમર્થ ને શક્તિશાળી સંતો ભાગ્યે જ જોવા મળતા તેથી સંતોની પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો. એવા સંતો તો હતા જ નહીં કે જેના પગો ધોઈને વડની સૂકી ડાળીને પાણી સીંચવામાં આવે તો તે ડાળી સજીવન થઈને પીલવાઈ ઊઠે. સંતો એક થયા ને પ્રશ્નનું નિરાકરણ કેવી રીતે કરવું તેનો વિચાર કરવા લાગ્યા. નહીં તો સંતને સમાજ સંઘરશે નહીં અને પોષણ મળતું બંધ થઈ જશે એવી લાગણી સંતસમાજમાં પ્રવર્તી હતી. ઉત્તર ભારતમાંથી આવેલી એક સંત મંડળીએ કાશીમાં કબીરદાસ નામે એક સમર્થ સંત રહે છે એવી માહિતી આપી એટલે સંતોનું બનેલું એક પંચ કાશીમાં જાય છે ને કબીરસાહેબને સાચી હકીકતથી વાકેફ કરવામાં આવે છે. સદ્‌ગુરુ કબીરસાહેબે તત્વાજીવાની ટેક પૂરી કરવા ને સંતોની લાજ રાખવા ગુજરાત આવવાનું નિમંત્રણ સ્વીકાર્યું હતું. આ બધી હકીકત તે સમયના સાહિત્ય કૃતિઓમાંથી આપણને પ્રાપ્ત થાય છે.

કબીરસાહેબ સૌ પ્રથમ પાટણમાં આવ્યા હતા. પાટણમાં એક આંબાવાડિયું

હતું તેમાં પદ્મનાભજી નામે એક સંત રહેતા હતા. તે આંબાવાડિયામાં પદ્મનાભજીએ સદ્‌ગુરૂ કબીરસાહેબને રાતવાસો રાખેલા. કબીરસાહેબથી પ્રભાવિત થઈ તેઓ શિષ્ય બની ગયેલા. પદ્મનાભજીના શિષ્યોમાં લોચનદાસ અને ધનરાજ પંડ્યા ઘણા વિદ્વાન ગણાતા હતા. તેઓ થકી ગુજરાત-સૌરાષ્ટ્રમાં કબીરસાહેબનો પ્રચાર સારી રીતે થયેલો. કબીરસાહેબ જ્યાં જ્યાં રાતવાસો કરતા ત્યાં ત્યાં સત્સંગ થતો અને કબીરસાહેબનો પ્રભાવ પણ પથરાતો જતો. આ રીતે સં. ૧૪૬૫માં તેઓ શુક્લતીર્થ પહોંચેલા. કહેવાય છે કે મેળાને કારણે ભારતભરમાં તત્વાજીવાની ટેકનો પ્રચાર થયેલો એટલે જ્યારે કબીરસાહેબ શુક્લતીર્થમાં આવ્યા હતા ત્યારે ઘણી મોટી મેદની એકત્ર થઈ હતી. તેમાં જ્ઞાનીજી મહારાજ પણ હાજર હતા.

લોચનદાસે તો સુરતમાં આશ્રમ સ્થાપયો હતો. આશ્રમની તે પરંપરામાં ત્રીજી પેઢીએ માણેકદાસ નામે સંત કવિ થઈ ગયા. તેમણે જે સાહિત્ય લખ્યું તેમાં તત્વાને જીવાની ટેકની કથા પણ પ્રાપ્ત થાય છે. દા.ત.

*ધન્ય ભક્તિ બખાનિયે તત્વા જીવાકી ટેક*
*આંગનમેં એક વૃક્ષ થે, સાધુ આયે અનેક*
*સાધુ આયે અનેક, ચરણામૃત સીંચવાયે*
*ઉરમેં બડો વિશ્વાસ, સચ્ચે સંતજબ આયે*
*માણેક મંગલ ગાવરી, સંત કબીર જબ આયે*
*તત્વા જીવા કે અંગના સુંકે વટવૃક્ષ જીવાયે.*

❋ ❋ ❋

*સૂકે વૃક્ષ નીલે હુવે, ઘટા છાઈ ઘનઘોર*
*મૂલ ગયે પાતાલમેં, શાખા ફેલે ચહુઓર*
*શાખા ફેલે ચહુઓર, સંત પ્રભાવ દિખલાયે*
*સોહી સુખે કાઠ, કબીર વટ કહેલાયે*
*તત્વા જીવાકી ટેકકો સાહેબ કબીર નિભાય*
*કબીર વટકી છાંયમેં માણિકદાસ લુભાય.*

સાવ સૂકી મરી ગયેલી વડની ડાળી તત્વા ને જિવાએ રોપેલી તે કબીરસાહેબના ચરણામૃતથી કેવી રીતે સજીવન થઈ ને તેમાંથી આ મહાન વડ આજે ઉદ્‌ભવ્યો એ વાત વિજ્ઞાનમાં કોણ સાચી માને ? કબીરવડની આ ઘટનાને અંધશ્રદ્ધામાં ખપાવીને હું પણ કૉલેજમાં જાણતો ત્યારે રાચતો હતો. છતાં એ

ઘટના ઇતિહાસની સત્ય હકીકત છે તેની જાણ મને પાછળથી થઈ. જેમ જેમ મને અભ્યાસમાં ઊંડે ઊતરવાની તક મળી તેમ તેમ મને ખાતરી થતી ગઈ કે કબીરવડની ઘટના કેવળ કલ્પના નથી પણ એક તદ્દન સાચી વાત છે. મારું ધ્યાન રંગ અવધૂતની બાવનીએ દોર્યું હતું. રંગ અવધૂત મહારાજ આપણા જમાનાના એક સમર્થ સિદ્ધ સંત તરીકે પ્રખ્યાત છે. તેમણે લખેલી બાવનીમાં એક પંક્તિ આવે છેઃ 'સૂકા કાષ્ઠને આણ્યા પત્ર'. આ લીટી પર મારું મન વિચાર કરવા લાગ્યું હતું. ડૉ. અધ્વર્યુ એક બુદ્ધિજીવી તેમના શિષ્ય ગણાતા હતા. બાવની અંગે તેમની સાથે ચર્ચા કરી ત્યારે ખબર પડી કે આ ઘટના દેશમુખના બગીચામાં બની હતી. તે વખતે લગભગ ત્રીસ જેટલા બુદ્ધિજીવીઓ હાજર રહી સાક્ષી બન્યા હતા. રંગ અવધૂત મહારાજ સાથે ત્રીસ જણાનો સંઘ મહારાષ્ટ્રની યાત્રા કરી રહ્યો હતો. ત્યારે દેશમુખ નામે એક મરાઠી બ્રાહ્મણ રંગ અવધૂત મહારાજને પોતાના સ્થાનમાં આવવાનું ખાસ નિમંત્રણ આપે છે. તેનું ઘર એક બગીચામાં હતું. તે બગીચો તેનો પોતાનો હતો. તેમાં એક ઔદુંબર તેના દાદાએ એક સંતના હાથે રોપેલ તે ઝાડ સાઠસિત્તેર વર્ષ પછી સાવ સુકાઈ ગયું હતું. તેને કાપવું કે નહીં તેની રાહ જોવામાં સમય વીતી રહ્યો હતો. રંગ અવધૂત મહારાજ તે બગીચામાં તે જ ઝાડ પાસે જઈને ઊભા રહે છે અને પોતાનું પાણીથી ભરેલું પાત્ર ઝાડના મૂળ પાસે ઠાલવી દે છે ત્યારે તરત જ તે ઝાડને નવાં પાંદડાંઓ ફૂટ્યાં હતાં. આ વાત વીસમી સદીમાં બની છે અને તેના સાક્ષી બુદ્ધિજીવીઓ જ છે. તો પછી છ સદી પહેલાં પણ કબીરવડની ઘટના ન બની હોય તેમ કેવી રીતે કહી શકાય ?

ત્રીજું, કબીરવડની ઘટના પછી પણ કબીરસાહેબ ગુજરાતમાં આવ્યા હતા. આગળ આપણે જોઈ ગયા કે જે સમયે કબીરવડની ઘટના બની તે સમયે જ્ઞાનીજી મહારાજ પણ હાજર હતા. આ જ્ઞાનીજી મહારાજ કબીરસાહેબના પ્રભાવ હેઠળ શિષ્ય બની જાય છે અને બાર વર્ષ સુધી મધ્ય પ્રદેશના જંગલોમાં ઉગ્ર તપશ્ચર્યા કરે છે. ત્યાર પછી તેઓ કબીરસાહેબની સહાયથી પંદરમી સદીના અંતે એક સર્વ ધર્મ પરિષદ — ભારતભરના સંતોનું એક મોટું સંમેલન બોલાવે છે. તેનો તમામ ખર્ચ મણિપુરના રાજા ભોગવે છે. આ બધી હકીકત પણ તે સમયના સાહિત્યમાંથી પ્રાપ્ત થાય છે.

આ રીતે કબીરસાહેબ ગુજરાતમાં એકવાર નહીં, પણ અનેકવાર આવ્યા હતા તેની ખાતરી આપણને થાય છે.

**કબીરસાહેબ ક્યારે થઈ ગયા ?**

સદ્‌ગુરુ કબીરસાહેબના વ્યક્તિગત જીવન વિષે ખાસ કંઈ જાણવા મળતું નથી. આપણા ઘણા સંતોએ પોતાના વ્યક્તિગત જીવનનો ઇતિહાસ ક્યાંય લખ્યો નથી અને બીજાને કહ્યો પણ નથી. એનું એક જ કારણ જણાય છે કે તેઓ વ્યક્તિ મટીને સમષ્ટિના બની ગયા હતા. તેઓ ખરેખર પરમાત્મામય થઈ ગયા હતા. તેઓ વિષે બીજાએ લખેલું લખાણ પણ મહામહેનતે શોધવું પડે છે. તે રીતે બહુ ઓછું જાણવા મળે છે. વળી તેમના શિષ્યો કે અનુયાયી દ્વારા જે લખાણ લખાયું હોય તે એક તરફી હોવાને કારણે સંશોધનકારોને સંતોષ થતો નથી. આવા કારણે કબીરસાહેબના જીવન વિશે ઘણું અંધારું જ પ્રવર્તે છે.

શિરડીના સાંઈબાબા વીસમી સદીમાં થઈ ગયા છતાં તેમના વ્યક્તિગત જીવન વિશે કોણ જાણે છે ? તેઓ ક્યાં જન્મેલા અને તેમનાં માત-પિતા કોણ હતાં તે વિષે કોઈને જ ખબર નથી.

સ. ૧૯૧૬માં તેમણે દેહ છોડેલો એટલી જ જાણ સૌને છે, પણ શિરડી ક્યાંથી આવેલા ને ક્યારે આવેલા તે વિષે કશી આધારભૂત માહિતી મળતી નથી. માત્ર ગવર્નમેન્ટ રેકોર્ડ એક જ પ્રાપ્ત થયો છે. જલગાંવ કોર્ટમાં તેમને સાક્ષી તરીકે હાજર રહેવું પડેલું તે પ્રસંગ. વકીલે તપાસ કરવા ઘણા પ્રશ્નો પૂછેલા પણ તેમણે એક જ જવાબ આપ્યા કરેલો. તમારું નામ શું ? તો કબીર. તમારા પિતાનું નામ શું ? તો કબીર. તમારી જાત શું ? તો કબીર. આ રીતે વકીલ થાકી ગયેલા અને તપાસ પડતી મૂકેલી. આ રીતે આપણા જમાનામાં થઈ ગયેલ વ્યક્તિ વિશે આપણે કશું જાણી શક્યા નથી તો કબીરસાહેબ તો છસો વર્ષ પહેલાં થઈ ગયા હતા. તેમને વિષે માહિતી ભેગી કરવી હોય તો ઘણી મુશ્કેલી અનુભવવી પડે તે સમજી શકાય એવી હકીકત છે.

આ દૃષ્ટિએ વિચાર કરીએ તો પશ્ચિમના લોકો ઇતિહાસ ન જાળવવા બદલ આપણને ઠપકો આપે છે. તેમાં ઘણું તથ્ય છે એમ જોવા જઈએ તો ઓગણીસમી સદીમાં કબીરસાહેબ તરફ કોનું ધ્યાન હતું ? પંથ વિદ્વાનો સિવાય બીજા વિદ્વાનો કબીરસાહેબ વિશે કશું જાણતા જ નહોતા. વિસમી સદીના પ્રારંભમાં જ ખ્રિસ્તી પાદરીઓએ કબીરસાહેબની અસમાનતા તરફ સૌનું ધ્યાન દોર્યું. ડૉ. વેસ્ટકોટ તથા ડૉ. કી જેવા વિદ્વાનોએ સંશોધનાત્માક અભ્યાસ કરીને જે સાહિત્ય પ્રગટ કર્યું હતું તે સૌનો આધાર બન્યું. ઈ.સ. ૧૯૧૪માં કવિવર રવીન્દ્રનાથ ટાગોરે Hundred poems of KABIR નામે પુસ્તક પ્રગટ કર્યું ત્યારે

સમસ્ત દુનિયાનું ધ્યાન ખેંચાયું અને ભારતના વિદ્વાનો કબીરસાહેબ તરફ વળ્યા.

કબીરસાહેબનો પ્રાગટ્ય દિન સાલ ઉજવે છે : સં. ૧૪૫૫ જેઠ સુદ પૂનમને ધ્યાનમાં રાખીને. પરંતુ સંશોધકોને આ તવારીખ માન્ય નથી. એ અંગે ઘણો વિવાદ હોવાનું જણાય છે.

૧. કલકત્તાના ગવર્નમેન્ટ ગેઝેટમાં એવી ચોંકાવનાર નોંધ કરવામાં છે કે ઈ. સ. ૧૦૦૦થી ૧૪૦૦ સુધી કબીરસાહેબ વિશે જુદી જુદી રીતે માહિતી પ્રાપ્ત થાય છે.

૨. કબીરવડમાં શિખાલેખ પ્રાપ્ત થયો છે તેમાં સં. ૧૪૬૫માં કબીરસાહેબ કબીરવડ પધારેલા એવી નોંધ છે.

૩. દક્ષિણ ભારતમાં વિષ્ણુ કાંચીનું પ્રાચીન મંદિર છે. તે મંદિરમાં એક સો સ્તંભોનો એક સભામંડપ છે. આ સભામંડપ તેરમી સદીમાં ચૌલ રાજાએ બંધાવેલો. આ સભા મંડપમાં ત્રીજી લાઈનમાં જમણા હાથે થાંભલા પર બે પ્રતિમાઓ કોતરેલી છે તે બંને કબીરસાહેબની છે. એક બેઠેલી છે તો એક ઊભેલી છે.

૪. ગુરુ રામાનંદ સાથે રૈદાસ ને કબીરસાહેબે સં. ૧૪૬૦માં દ્વારકાની યાત્રા કરેલી તે સિદ્ધ હકીકત ગણાય છે.

૫. સંતશ્રી મહીપતિએ ચારસો વર્ષ પહેલાં જ્ઞાનેશ્વરી ગીતાની ભૂમિકા લખેલી. તેમાં જે ઉલ્લેખ છે તે સૌનું ધ્યાન ખેંચે છે. તેઓ હકીકત જણાવતા લખે છે કે જ્ઞાનેશ્વરીના પિતા વિઠ્ઠલપંત ગુરુ રામાનંદના શિષ્ય બન્યા હતા ઈ.સ. ૧૨૭૦માં ત્યારે કબીર સાહેબ ગુરુ રામાનંદના શિષ્ય સમુદાયમાં અગ્રસ્થાને હતા અને તેઓ પ્રત્યક્ષ હાજર પણ હતા.

૬. ડૉ. ઘોડબોલેએ નામદેવ અને જ્ઞાનેશ્વરની તીર્થયાત્રાનું વિગતે વર્ણન કર્યું છે. નામદેવ અને જ્ઞાનેશ્વર બંને સમકાલીન ગણાય છે. તેઓ બંને બનારસમાં સદ્‌ગુરુ કબીરસાહેબને મળે છે એવો ઉલ્લેખ ડૉ. ઘોડબોલે કરે છે. જ્ઞાનેશ્વરનો જન્મ ઈ. સ. ૧૨૭૫માં થયેલો. જો તેમને ૨૧ વર્ષની ઉંમરે જીવતી સમાધિ લીધેલી હોય તો આ યાત્રા પંદર-સોળ વર્ષની ઉંમરે જ કરી હોવી જોઈએ. એટલે ઈ. સ. ૧૨૯૦ની આસપાસ તેમણે કબીરસાહેબનાં દર્શન કર્યાં હોવા જોઈએ.

૭. મહિલા સંત જનાબાઈ મહારાષ્ટ્રમાં થઈ ગયાં. તેઓ નામદેવના સમવયસ્ક હતાં. તેમણે મરાઠી ભાષામાં અભંગો લખ્યા છે. પંઢરપુરની વિઠોબાની યાત્રાનું વર્ણન અભંગોમાં જણાય છે. એક અભંગમાં તેમણે કબીરસાહેબનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે.

*નાચતા નાચતા ગળલા પિતાંબર*
*સાવધ હોઈ દેવા, અસા બોલે કબીર*

અર્થાત હે દેવ, નાચ કરતા કરતા તમારું પહેરેલું પિતાંબર સરકી ને નીચે પડી ગયું છે, જરા સાવધ થઈને જુઓ તો ખરા ! એવું કબીરે ભગવાનનું ધ્યાન દોર્યું !

આ સાતે મુદ્દાઓ પર બરાબર વિચાર કરવામાં આવે તો સં. ૧૪૫૫ની તવારીખ આપણને ખોટી જ લાગે. જો પંથી વિદ્વાનોની તવારીખ સાચી માનીએ તો કબીરસાહેબ માત્ર પાંચ વર્ષની ઉંમરે ગુરુ રામાનંદ ને રૈદાસ સાથે દ્વારકાની યાત્રા કરવા આવેલા એવું માનવું પડે. માત્ર દસ વર્ષની ઉંમરે કબીરવડ પધારેલા એમ સાચું માનવું પડે. ગુરુ રામાનંદના વિઠ્ઠલપંત શિષ્ય બનાવ્યા ત્યારે કબીરસાહેબ હાજર હતા એમ જણાવ્યું છે તે હિસાબે ઈ. સ. ૧૨૯૦માં કબીરસાહેબ ત્રીસ-પાંત્રીસ વર્ષના તો હશે જ ને ? તેથી સં. ૧૪૫૫ (ઈ. સ. ૧૩૯૯) તવારીખ સાવ ખોટી ઠરે. જ્ઞાનેશ્વરની ભૂમિકાનું લખાણ આજનું હોત તો આપણે ખોટું માનત – પરંતુ આ તો ચાર સદી પહેલા લખાયેલું લખાણ છે તે ખોટું કેવી રીતે ઠેરવી શકાય ? આ બધાં કારણોસર કબીરસાહેબના પ્રાગટ્ય દિનનો નિર્ણય ચોક્કસપણે થઈ શકતો નથી.

છતાં તેમની મહાનતા વિષે કોઈ વિદ્વાન શંકા કરતો નથી. કબીરસાહેબ હિન્દુઓની દૃષ્ટિએ શ્રેષ્ઠ વૈષ્ણવ, મુસલમાનોની દૃષ્ટિએ પીર, શીખોની દૃષ્ટિએ ભગત, કબીરપંથીઓની દૃષ્ટિએ અવતાર, રાષ્ટ્રવાદીઓની દૃષ્ટિએ હિન્દુ-મુસ્લિમના વિધાયક, મહાન ક્રાંતિકારી અને માનવધર્મના સ્થાપક કહેવાય. દીનહીન લોકોના પક્ષકાર, પ્રગતિશીલ લોકોની દૃષ્ટિએ સમાજ સુધારક અને યુનિવર્સિટીના પદવીધારીઓની દૃષ્ટિએ વાણીના ડિરેક્ટર ગણાય. જો કે વિદ્વાનો તો કબીરસાહેબને અભણ ને નિરક્ષર જ ઠેરવે છે :

*માસિ કાગદ છૂયો નહીં, કલમ ગહી નહિ હાત*
*ચારેઉ યુગકો મહાતમ, મુખહિં જનાઈ બાત.*

આ કબીરસાહેબની સાખીને આધારે વિદ્વાનો કબીરસાહેબ સાવ નિરક્ષર હતા, તેમને લખતાં-વાંચતાં આવડતું ન હતું. તેઓ કોઈ સ્કૂલમાં ભણ્યા નહોતા એવું સિદ્ધ કરે છે. ડૉ. માતાપ્રસાદ ગુપ્ત જેવા મૂર્ધન્ય વિદ્વાન તેવા વિધાનને નિરાધાર ઠેરવી કબીરસાહેબને સ્વયંસિદ્ધ વિદ્વાન તરીકે વર્ણવે છે. કબીરવાણીમાં

ઊંડી ડૂબકી લગાવનારને તે હકીકત સાચી પણ લાગે. કબીરસાહેબની વાણીમાં જે તાર્કિકતા છે, જે નિર્ભિકતા છે, જે સચોટતા છે, જે સરસતા છે તે એવું માનવા આપણને પ્રેરે છે. તેઓ બહુશ્રુત વિદ્વાન તો હતા જ એમ કબીરવાણીના અભ્યાસીને જરૂર લાગે. તેઓ ભ્રમણશીલ હતા એટલે તેમની વાણીમાં અનેક પ્રાંતોના દેશી શબ્દો સહજ રીતે ચલણી બની ગયા હતા.

વળી કબીરવાણીના અભ્યાસીને કબીરસાહેબે કયો ધંધો કર્યો હતો તેનો પણ ખ્યાલ આવે છે. શબ્દ પ્રકરણના પદોમાં આવતી વણકરના ધંધાની પરિભાષા આપણું ધ્યાન ખેંચે છે.

*ચારી વેદ કૈંડા કિયો, નિરંકાર કિયો રાછ*
*બિનૈ કબીર ચૂનર્ઈ, નન્હી બાંધલ બાછ.*

કૈંડા એટલે કપડું તંગ રહે તે માટે બંને તરફ બાંધવામાં આવતી દાંડી. રાછ એટલે દોરી-રસ્સી-બંધ. બાછ એટલે વાંસનો કટકો-ટુકડો. નિર્ગુણ-નિરાકારીની ભક્તિરૂપી ચૂંદડી તૈયાર કરવા માટે ચાર વેદોરૂપી દાંડાનો આધાર લીધો છે. તે ચૂંદડી ઘટ્ટ રીતે વણી શકાય એવા હેતુથી બંને તરફ દાંડીથી તેને વળગાડવામાં આવે છે. નિરાકારની રસ્સીથી તેને બાંધેલ હોવાથી જેમ જેમ જરૂર જણાય તેમ તેમ તેને ખેંચવામાં આવે જેથી વણાટ ઘટ્ટ થઈ શકે. વણાટકામમાં કબીરસાહેબ પાવરધા થઈ ગયા હોવા જોઈએ એવું અનુમાન થઈ શકે. તેમણે પાલક માતપિતાનો વણકરનો ધંધો ઘણી સારી રીતે કર્યો હતો એમ સિદ્ધ થઈ શકે.

તેઓ નીચ જાતિમાં ઊછર્યા હતા એવું કબીરવાણી દ્વારા જાણી શકાય છે. જુલાહા શબ્દનો વારંવાર પ્રયોગ આપણું ધ્યાન ખેંચે છે. તે જમાનામાં જુલાહા જાતિ નીચી ગણાતી. ખાસ કરીને હિન્દુમાંથી વટલાયેલા મુસલમાનોની તે જાતિ હતી. તે જાતિ ઘણે ભાગે વણાટકામમાં રોકાયેલી રહેતી. લોકવાયકા અનુસાર નીરૂ ને નીમા તે જાતિના હતા અને સદ્‌ગુરુ કબીરસાહેબનાં તે માતાપિતા પાલક માતાપિતા તરીકે પ્રસિદ્ધ બન્યાં હતાં.

કહેવાય છે કે ગુરુ રામાનંદના વ્યક્તિત્વમાં પણ સદ્‌ગુરુ કબીરસાહેબને શિષ્ય બનાવ્યા પછી ફેરફાર થયો હતો. કંઈક અંશે વૈષ્ણવોની સાંપ્રદાયિકતા ગુરુ રામાનંદમાં જણાતી હતી તે કબીરસાહેબના સંપર્કથી દૂર થઈ હતી. સાધારણ ગણાતી જનતામાં ભક્તિનો પ્રચાર કબીરસાહેબના પ્રવેશ પછી ખૂબ વેગવાન બન્યો હતો. સદ્‌ગુરુ કબીર સાહેબના ક્રાંતિકારી વિચારો ગુરુ રામાનંદના

સમુદાયમાં ખૂબ જ આકર્ષિત બન્યા હશે. જરૂર જણાય ત્યાં હિન્દુઓના આચારવિચારોનું અને જરૂર જણાય ત્યાં મુસલમાનોના આચાર- વિચારોનું ખંડન કરીને હિન્દુ-મુસલમાનની એકતાની ભૂમિકા પણ તૈયાર કરી હતી. ગુરુ રામાનંદનો યશ કબીરસાહેબને કારણે વિશેષ પ્રમાણમાં ચોગરદમ ફેલાયો હતો. એક ઉક્તિ ખૂબ જ પ્રચલિત બની હતી :

*જાતિપાંતિ પૂછ નહીં કોઈ,*
*હરિકો ભજે સો હરિકા હોઈ.*

આ રીતે કબીરસાહેબના વ્યક્તિગત જીવનની ઝાંખી કબીરવાણીના આધારે થઈ શકે છે.

**કબીરસાહેબ સુરત આવેલા ?**

હા, સદ્‌ગુરુ કબીરસાહેબનાં પાવન પગલાં સુરતની ધરતી પર પડેલાં તેની ખાત્રી તે સમયની અને ત્યાર પછીની કેટલીક સાહિત્ય કૃતિઓ કરાવરાવે છે. સુરત આવવાનું આમંત્રણ સંત નિર્વાણ સાહેબે આપ્યું હતું. જ્યારે તેમણે નર્મદા-કિનારે જઈ સદ્‌ગુરુ કબીરસાહેબને આમંત્રણ આપ્યું ત્યારે તેઓ નિર્વાણ મહારાજ તરીકે જ ઓળખાતા હતા. આ સંત સમર્થ ને શક્તિશાળી હતા. આખા દક્ષિણ ગુજરાતમાં તેઓ પ્રતાપી મહાપુરુષ તરીકે ખ્યાતિ પામ્યા હતા. તે અંગેની સૌ વિગતો 'મિરાતે સિકંદરી', 'ભારત મંડળનો ઇતિહાસ', 'સુરત માંડવીનું દેશી રાજ્ય', 'સુરતની તવારીખ', 'સુરત સોનાની મુરત', 'દક્ષિણ ગુજરાતનો ઇતિહાસ' વગેરે ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે.

સંત નિર્વાણ મહારાજ મૂળ રાજસ્થાનથી પધાર્યા હતા. તેમનું પહેલાનું નામ લક્ષ્મીદાસ હતું. તેમના ગુરુનું નામ કેશવદાસ હતું. ગુરુ કેશવદાસે લક્ષ્મીદાસને સુરત જવાની આજ્ઞા કરી ત્યારે 'જા, આજથી તું નિર્વાણ નામથી ઓળખાશે' 'તારો જયજયકાર થશે !' એવો આશીર્વાદ આપ્યો હતો. તે સમયે સમસ્ત ગુજરાત મુસલમાનોના હાથમાં આવી ગયું હતું. સુરતમાં ત્યારે નવાબ હતો. તે અને તેના અધિકારીઓ ક્રૂર ને ઘાતકી કાર્યો કરતા હતા. સાધુઓની હત્યા પણ થતી. તેઓ કોઈ સંતને કે સાધુને શહેરમાં આવવા દેતા નહીં. શહેરની ફરતે ભારે પહેરો રહેતો.

રાજસ્થાનથી આવનાર માટે ત્યારે એક જ માર્ગ હતો. બૌધાન પાસેથી ત્યારે તાપી નદી ઊતરી શકાતી, તેથી તે માર્ગે આગળ જતાં બારડોલી આવવું

પડતું. ત્યાંથી સરભોણ ડુંગરી જવું પડતું. ત્યાં કેટલાક દિવસ સુધી સંત નિર્વાણ મહારાજે મુકામ કરેલો. નિર્વાણ મહારાજ જ્યાં ધ્યાનમગ્ન બની જતા તે સ્થાન સરભોણ ડુંગરી પાસે આજે પણ મોજૂદ છે. તેમની ગાદીના કેટલાક સાધુઓની સમાધિ પણ તે સ્થાનમાં દૃશ્યમાન થાય છે. તે જાહેર રસ્તાની પાસે હોવાથી રસ્તેથી પસાર થતા મુસાફરોને પણ સંત નિર્વાણનાં દર્શન કરવાનું મન થતું. તે સ્થાનની આસપાસ કણબી પાટીદારોની વસ્તી હતી. એકવાર ઘણા બધા યાત્રિકો ત્યાંથી પસાર થતા ત્યારે તે જગ્યાએ તેઓ રાતવાસો રહ્યા હતા અને સંત નિર્વાણ મહારાજનું આતિથ્ય પામ્યા હતા. એક નાની સરખી તપેલીમાં ભાત રાંધ્યો હતો તે ભાત ત્યાં એકત્ર થયેલી જમાતને પીરસ્યો હતો છતાં તેમાંથી ભાત ઓછો થતો ન હતો તે સર્વ યાત્રિકોએ જોયું હતું. ત્યારથી સંત નિર્વાણ મહારાજનો ખૂબ પ્રચાર થવા પામ્યો હતો. આ સંત નિર્વાણ મહારાજના ભક્તોમાં કણબી પાટીદારોની સંખ્યા તેથી જ વધારે પ્રમાણમાં હતી.

તે સ્થળેથી સંત સુરત તરફ આવ્યા ત્યારે પણ સાથે કણબી પાટીદારોનો સંઘ આવ્યો હતો. સિપાહીનો પહેરો હતો એટલે સંત નિર્વાણ મહારાજ સિવાય તમામ કણબી પાટીદારોનો શહેરમાં પ્રવેશી શકેલો. સંતને તો શહેરમાં જવા જ દેતા નહોતા. છતાં પોતાની યૌગિક શક્તિ વડે તેઓ સિપાહીઓને અભાન બનાવી શહેરમાં પ્રવેશેલા અને સંઘની સાથે ભળી ગયેલા. આજે જ્યાં રૂઘનાથપુરામાં ચોથિયા શેરી આવેલી છે ત્યાં તે સમયે નવાબનું થાણું હતું. એટલે ત્યાં મુકામ કરવા માટે તેમણે સંઘને વિદાય આપી હતી. ત્યાર પછી નવાબે તો તેમની ખૂબ જ આકરી કસોટી કરી હતી. પરંતુ તમામ પ્રકારની કસોટીમાંથી તેઓ પસાર થઈ ગયા હતા અને નવાબને ચમત્કારોથી મહાત કરી દીધો હતો. આ રીતે સમસ્ત સુરત શહેરમાં તેમની બોલબાલા થઈ હતી. નવાબની શક્તિ કામ આવી ન હતી. નવાબ પણ છેવટે નમી પડ્યો હતો અને તેમને શહેરમાં આશ્રમ બાંધવા માટે જગ્યા આપી હતી તેનો દસ્તાવેજી કરાર આજે પણ પ્રાપ્ત થઈ શક્યો છે. વળી સુરતના નવાબને ચેતવ્યાનો સમય ભાટના ગ્રંથોમાંથી વિ.સં. ૧૫૩૭માં મળી આવે છે. એ જ પ્રમાણે સુરતના લોક કવિ દુલારામની 'નિર્વાણચરિત્ર પ્રકાશ'ની નોંધ પણ તેની સાથે મળતી આવે છે. 'સુરત સોનાની મુરત' ગ્રંથમાં પણ સંત નિર્વાણ મહારાજ સુરતમાં સં. ૧૫૩૭માં આવ્યા હતા તેવો ઉલ્લેખ છે.

કબીરવડની ઘટનાનો પડઘો આખા ભારતદેશમાં પડ્યો હતો. સંત નિર્વાણ મહારાજને પણ વાત જાણીને આનંદ થયો હતો, તેથી કબીરસાહેબનાં દર્શન કરવા તેઓ પણ નર્મદા નદીને કિનારે જાય છે. સદ્‌ગુરુ કબીરસાહેબે જ્ઞાનીજી મહારાજને

દીક્ષા સં. ૧૪૬૬માં આપી હતી એવું કહેવાય છે. ત્યાર પછી કે તે સમયની આસપાસ સંત નિર્વાણ મહારાજ નર્મદાકિનારે સદ્‌ગુરુ કબીરસાહેબનાં દર્શને આવ્યા હોવા જોઈએ.

બંને સમર્થ ને મહાન શક્તિશાળી ખૂબ જ પ્રતાપી મહા પુરુષો હતા એટલે તેઓ ખૂબ જ પ્રેમથી એકમેકને ભેટ્યા હતા અને એકમેકનો આત્મિક પરિચય ખૂબ જ ગાઢ બની જવા પામ્યો હતો.

*મહારાજ નિરબાનસે ભેટ્યા સંત કબીર*
*સ્થૂળ દો એક પ્રાન થે, અભેદ સંત શરીર.*

અર્થાત્ સ્થૂળ શરીર ભલે બંનેના જુદાં જુદાં હતાં છતાં તેમનો જાણે એક જ પ્રાણ હતો એવી રીતે અભેદભાવે બંને ભેટ્યા હતા. એવી એકતાનો અનુભવ કર્યા પછી તરત જ નિર્વાણ મહારાજે કબીરસાહેબને આમંત્રણ પાઠવ્યું હતું.

*સાહેબ બડે દયાનિધિ, રખો સંતનકો ટેક*
*પ્રેમે એક દિન આઈયો, લિખો નિરબાન વિવેક.*

અર્થાત્ હે સાહેબ, આપ તો દયાના દરિયા છો ! અમારા જેવા સંતની ટેક નિભાવવા અમારા રહેઠાણમાં એકવાર તો પધારવાની કૃપા કરજો ! નિર્વાણની આટલી માંગણી જરૂર લક્ષમાં લેજો !

આમંત્રણને માન આપી સદ્‌ગુરુ કબીરસાહેબ સુરત શહેરમાં સં. ૧૪૬૭માં પધાર્યા હોવા જોઈએ. સં.૧૪૬૫માં કબીરવડની ઘટના માટે તેઓ આવ્યા હતા તે નિશ્ચિત વાતને ધ્યાનમાં રાખીએ તો તેઓ ગુજરાતમાં બેથી ત્રણ વર્ષ સુધી ફર્યા હશે એવું અનુમાન કરી શકાય. સુરતના લોકકવિ દુલારામ નોંધે છે :

*અટલ નાતા સંતકા બચન હિત ગુરુપીર*
*પ્રેમે આયે નિરબાન ઘર સાહેબ સંત કબીર.*

અર્થાત્ સંતનો સંબંધ કાયમનો હોય છે અને વચન પણ અવિચલ હોય છે. સંત નિર્વાણ મહારાજના ધામમાં તેથી જ કબીરસાહેબ પ્રેમપૂર્વક પધાર્યા. નિર્વાણ મહારાજના અખાડામાં ત્યારે ધૂન મચી હતી. આનંદનો કોઈ પાર રહ્યો ન હતો. ત્યાં ઉપસ્થિત જનસમૂહમાં જોકે દિવ્ય દૃષ્ટિવાળા એકાદ બે જ હતા. તેમાં મઘા તેલીનું નામ ગણાવી શકાય. નિર્વાણ મહારાજની કૃપાથી તેને દિવ્યદૃષ્ટિ પ્રાપ્ત થઈ હતી. તેણે કબીરસાહેબની અનંત શક્તિને પારખી લીધી હતી. નિર્વાણ

મહારાજ તો ખરેખરા પરમાનંદમાં મગ્ન બની ગયા હતા. બીજાઓને તો આશ્ચર્ય થતું હતું. તેઓ નિર્વાણ મહારાજને સગુણવાદી માનતા હતા, જ્યારે કબીરસાહેબને તેઓ નિર્ગુણવાદી સમજતા હતા. સગુણ બ્રહ્મના પૂજારી નિર્ગુણ બ્રહ્મના ગાયકને કેવી રીતે ભેટે તે તેઓને આશ્ચર્યકારક લાગતું હતું. સગુણ નિર્ગુણનો ભેદ સામાન્ય જનસમાજને આ રીતે બે મહાન સમર્થ સંતોના મિલનના મહત્ત્વને સમજવામાં દીવાલરૂપ બની ગયો હતો. તેથી ત્યાં ચડભડાટ જરૂર થયો હશે તેથી સંત નિર્વાણ મહારાજે પોતે એક પદ રચ્યું હતું.

*કબીરાસે કૈસે દિલ લુભાયો ?*
*સાધુ, તેરે દિલમેં અચરજ આયો !*
*કબીરાસે ગુરુ કૈસે નાતા, નિર્ગુનકે ગીત ગાયો*
*હમતો સિરગુણ રામકે પ્યારે, યહી ભેદ દુ:ખદાયો.*

અર્થાત્ નિર્વાણને કબીરનું આકર્ષણ કેવી રીતે થયું તે બાબતે સંતોમાં મોટું આશ્ચર્ય છે ! એક બાજુ કબીર તો નિર્ગુણવાદી ને બીજી બાજુ નિર્વાણ તો સગુણવાદી એ દેખીતો ભેદ બધાના દુ:ખનું કારણ બની ગયો !

ખરેખર સંત હૃદયમાં આવો ભેદ હોતો નથી. મનની ભૂમિકા પર એવા ભેદો કામ કરતા જરૂર જણાય પણ જેઓ મનથી પર થઈ જાય છે તેઓનો ભેદ ઓગળી જવાથી અભેદનો જ અનુભવ થાય છે. કબીરસાહેબના મિલનથી નિર્વાણ મહારાજની દશા એવી થઈ હતી. સામાન્ય લોકો મનની ભૂમિકાને વટાવી શકતા નથી. તેઓ ભેદથી પીડાતા હોય છે અને સાચું દર્શન પણ કરી શકતા નથી. જ્યાં પ્રેમનું સામ્રાજ્ય હોય ત્યાં ભેદ રહે જ કેવી રીતે ? બંને સંતો પ્રેમાધીન હતા. પ્રેમથી આકર્ષાયેલા ને પ્રેમથી જ ભેટેલા. સગુણ-નિર્ગુણના ભેદથી તેઓ એકદમ પર હતા. તેથી નિર્વાણ મહારાજે ખુલાસો કરતા લખ્યું –

*ભેદા ભેદ ચતુરાઈ છાંડે, સંતસે મેરી સગાયો*
*ચરણ કમળ ચાહું સંતકા પ્રેમસે રહુ લિપટાયો*

અર્થાત્ બુદ્ધિની ચાતુરી ભેદ ને અભેદની ચર્ચા કર્યા કરે પણ મારામાં તે ચતુરાઈ હતી જ નહીં ! હું તો ખરેખર સંત સાથે એકરૂપ થઈ ગયો છું અને તેમનામાં રહેલ ભગવત્ સ્વરૂપના ચરણકમળને વંદન કર્યા કરું છું. હું તો પ્રેમથી એકરૂપ બની ગયો છું ! તેથી અંતે નિર્વાણ મહારાજ એ પદમાં વિનંતિ કરતા કહે છે :

*સાહેબ મોરે દિલમેં બસો આદિ અદલ કબીર*
*ન્યારે મત નિરબાનસે પ્રગટ રહો ગુરુ પીર.*

અર્થાત્ હે સાહેબ કબીર, તમે મારા દિલમાં સદૈવ વસજો ! તમે જ આદિ ને અચળ છો ! આ નિર્વાણથી કદી પણ અલગ થશો નહીં ! તમે સાક્ષાત પ્રગટ ભગવાન છો !

નિર્વાણ મહારાજની પ્રાર્થનામાં કબીરસાહેબમાં રહેલ ભગવત્ સ્વરૂપનો આપણને પણ પરિચય થાય છે. નિર્વાણ મહારાજ પોતે નિર્ગુણવાદીમાં સગુણ બ્રહ્મના કેવી સુંદર રીતે દર્શન કરી શકાય તેનો પણ ખ્યાલ કરવા જેવો છે. તેથી જ વિદાય વખતે કબીરસાહેબે નિર્ગુણ મહારાજને નિર્ગુણ સાહેબ તરીકે સંબોધ્યા હતા અને તે જ દિવસથી નિર્ગુણ મહારાજ નિર્ગુણ સાહેબ તરીકે ખ્યાતિ પામ્યા હતા. બંને મહાન સમર્થ સંતોના મિલનની ફલશ્રુતિ એવી જ હોય તેમાં આશ્ચર્ય શું ?

## આપણા વડવાઓનું મૂળ

શ્રી રામકબીર સંપ્રદાયના આપણા વડવાઓ પાટીદાર કહેવાય. સમસ્ત પાટીદાર સમાજનું મૂળ પંજાબ પ્રાંત ગણાય. પંજાબમાં સરહદી પ્રદેશમાં તેઓ રજપૂત કુળમાં જન્મેલા. રજપૂત ક્ષત્રીય કુળમાં જે જે જન્મ લેતું તેને તો સરહદ પર રક્ષણ કરવાની જ જવાબદારી ભાગે આવતી. તેથી આપણા વડવાઓ સરહદનાં ગામોમાં વસતા અને તે સરહદોનું કાયમ રક્ષણ કરતા.

તેઓ દૈવયોગે એક દિવસ સંતોના સમાગમમાં આવ્યા ને સત્સંગનો રંગ ધીમે ધીમે તેઓને લાગ્યો. તેઓ વિચાર કરવા લાગ્યા કે આપણે શું કાયમ લડ્યા જ કરવાનું ? શું નિરાંતે જીવવાનું ક્યારે પણ નહિ ? આ વિચાર સંતો સમક્ષ રજૂ થયો ત્યારે સંતોએ યુદ્ધ છોડી દેવામાં આવે તો જ નિરાંતે જીવવાનો મોકો પ્રાપ્ત થાય એવું સૂચન કર્યું. જો યુદ્ધ છોડી દેવામાં આવે તો રાજ્ય તરફથી વેતન બંધ થાય તો જીવવું મુશ્કેલ થઈ પડે. માટે ખરેખર શું કરવું જોઈએ તે અંગે તેઓએ ગંભીરતાપૂર્વક સંતો પાસેથી માર્ગદર્શન મેળવ્યું. સંતોએ યુદ્ધ છોડી જમીન ભાડે મેળવવી અને ખેતી કરવી, કારણ કે ખેતી ખૂબ નિર્દોષ ગણાય. જે પાકે તે પર જીવનધોરણ નભાવવું. યુદ્ધના કાર્ય કરતા તો ખેતીનું કાર્ય વધારે પુણ્યશાળી ને ફળદાયી નીવડે. કારણ કે ખેતીનો પાક ઘરમાં આવે તે પહેલાં નાનાં નાનાં જીવજંતુઓ, પંખીઓ અને પશુઓના પેટમાં પણ અનાજના દાણા જાય. પછી જ

મહેનત કરનારના ભાગે તે આવે. આ રીતે જાણેઅજાણે પુણ્યકર્મ થયા જ કરતું હોય તે શું ખોટું ? માટે ખેતી કરવાનો સર્વે વડવાઓએ નિર્ણય કર્યો હતો. આ રીતે તેઓ સૌ રાજ્યના નોકર મટી કુદરતના નોકર બન્યા હતા.

સરહદનાં ગામોમાં વસનારા જાણે છે કે આક્રમણો અવારનવાર થયા જ કરતા હોય છે, તેથી તે વિભાગમાં ખેડૂતોને પણ સહન કરવું જ પડતું હોય છે. ઊભા પાકને બાળી મૂકવાના પ્રસંગો પણ બન્યા જ કરતા હોય છે. છેલ્લે રહેવાના ઘરોને પણ આક્રમણખોરો બાળી મૂકતા હોય છે. આક્રમણખોરોમાં દયા હોતી નથી. ગમે તે હિસાબે ખાનાખરાબી થાય તો જ લોકો પણ જલદી શરણાગતિ સ્વીકારે એવો સિદ્ધાંત હોવાથી જેમ બને તેમ વધારે નુકસાન કરવામાં જ તેઓ રમમાણ રહેતા હોય છે. એટલે યુદ્ધ છોડી સુખચેનની ઇચ્છાથી ખેતી કરવા લાગેલા આપણા વડવાઓ તો જાણે ઊલમાંથી ચૂલામાં પડ્યા હોય તેવી લાગણી અનુભવવા લાગેલા. તેથી સંતોની સહાય ફરીથી તેમણે લીધી. સંતોએ સ્થળાંતર કરવાનું સૂચન કર્યું. જ્યાં આક્રમણ થતું જ નહિ હોય તેવા સ્થળે જઈ ખેતી કરવી ને વસવું એવો નિર્ધાર કર્યો.

પંજાબ પ્રાંતની પડોશમાં તો રાજસ્થાન આવેલું, એટલે સૌ પ્રથમ રજપૂત લોકોનો સમૂહ રાજસ્થાનમાં ખસ્યો. રાજસ્થાનમાં રાજ્ય તરફથી ખેતી કરવા જમીન ભાડે મળે તો વસવું એવો ઇરાદો હતો. પરંતુ ન તો કોઈ રાજ્ય તરફથી એવી સગવડ મળી કે ન તો કોઈ મોટા જમીનદારે જમીન આપવાની તૈયારી બતાવી. જો કે વરસાદ પણ ખૂબ અનિયમિત હોવાથી ખેતી માટે અનુકૂળતા રાજસ્થાનમાં લાગી નહિ, તેથી તેઓ ખસતા આખરે ગુજરાતમાં ચરોતરના પ્રદેશમાં જઈ પહોંચ્યા હતા. ચરોતરના આ પ્રદેશમાં વરસાદની નિયમિતતા ઠીક લાગી. વળી તે સમયે આખું ગુજરાત મુસલમાનોના હાથમાં આવી ગયું હતું. ચરોતરમાં ત્યારે તો મુસલમાન સૂબો વહીવટ કરતો હતો. તેણે જોયું કે આ લોકોનો સમૂહ ખૂબ મહેનતુ ને સાહસિક લાગે છે. ચરોતરની ખાલી પડેલી પડતર જમીન એ લોકોને આપવામાં આવે તો રાજ્યની આવકમાં સારો વધારો થઈ શકે, તેથી આ લોકોને સૂબાએ ભાડે જમીન આપવાની તૈયારી બતાવી. આ લોકો તો તૈયાર જ હતા. ભાડું નક્કી કરી અહીં જ વસવાટ કરવાનો આખરી નિર્ણય આપણા વડવાઓએ કરેલો.

ભાડું નક્કી કરવામાં આવ્યું અને જેને જેટલી જમીન જોઈએ તેટલી જમીન પણ ફાળવવામાં આવી. વરસ દિવસે આ ભાડું કોણ ઉઘરાવી આપે તે સમસ્યા ઊભી થઈ. આપણે ગુજરાતીમાં ભાડે જમીન રાખી એમ કહીએ ત્યારે મુસલમાનો

પટે જમીન રાખી એવું કહે. ભાડે એટલે પટે. આ રીતે પટે જમીન જે જે ખેડવા લાગ્યા તે તે પાટીદાર કહેવાયા. અને જે પટ ઉઘરાવી આપી તે પટેલ કહેવાયા. તેને રાજ્ય તરફથી મફત જમીન ખેડવા માટે મળતી. આ રીતે ગુજરાતી ભાષામાં પાટીદાર અને પટેલ એ શબ્દો નવા ઉમેરાયા.

પંજાબ પ્રાંતના બે પ્રદેશોમાંથી રજપૂત લોકોનો આ સમૂહ ગુજરાતના ચરોતરના પ્રદેશમાં આવીને સ્થાયી થયો હતો. જે લોકો લવ પ્રદેશમાંથી આવ્યા હતા તે લેઉવા કહેવાયા ને જે લોકો કરવ પ્રદેશમાંથી આવ્યા હતા તે કડવા કહેવાયા. આ રીતે 'લેઉવા' ને 'કડવા' એ શબ્દો પણ ગુજરાતી ભાષાને મળ્યા કહેવાય. એમ જોવા જઈએ તો આ બે પ્રાદેશિક નામો હતાં. આજે આપણે જેમ અમદાવાદથી આવનારને અમદાવાદી કહીને બોલાવીએ છીએ અને સુરતથી આવનારને સુરતી કહીને સંબોધીએ તેમ એ બંને પ્રાદેશિક નામો જ ગણાય. પાછળથી ધીમે ધીમે જાતિવાચક બનતા ગયા. બંને જૂથો અલગ જ રહ્યાં. એકતા થઈ હોત તો જુદું ચિત્ર હોત. પરંતુ બંને જૂથો અલગ અલગ પાટીદારોની જાતિ બની. બાકી ખરેખર તો બંને જૂથો રજપૂત ક્ષત્રિયો જ હતા. એક જ જાતિના હતા. પંજાબના આ બંને પ્રદેશો આજે ભારતના તાબામાં નથી. તે પાકિસ્તાનના તાબામાં છે. ઘણે ભાગે જેને ગુજરાનવાલા જિલ્લો કહેવામાં આવે છે તે વિભાગના આ બંને પ્રદેશો ગણાય. આ રીતે રાજસ્થાનથી અલગ પડેલું જૂથ આંજણા પટેલ કહેવાય છે તે પણ પ્રાદેશિક નામ જ ગણાય. આંજણા એ રાજસ્થાનનો વિભાગ છે. આ ત્રણે જૂથો એક જાતિમાંથી પાટીદાર બન્યા પછી અલગ અલગ છૂટા પડ્યા હતા તે ઐતિહાસિક ઘટના આપણને આજે એકતા નિર્માણ કરવાની ફરજ પાડી રહી છે. આજે નહીં તો કાલે પણ પાટીદારોનાં જૂથો ફરીથી એક થશે જ એવી આશા જન્મે છે.

આપણા વડવાઓ એ રીતે રજપૂત ક્ષત્રિય કોમના ગણાય. સંતોને કારણે આહારવિહારમાં સમૂળગો ફેરફાર થઈ જવાથી વ્યવહારશુદ્ધિ આ પાટીદારોમાં ઊડીને આંખે વળગે એવી હતી. તેથી રજપૂતો કરતાં પાટીદારો સાવ નોખા પડી જતા હતા. ચરોતરમાં આવીને વસ્યા પછી થોડી નિરાંત પ્રાપ્ત થઈ અને થોડું સુખ પણ વધ્યું એટલે યાત્રા કરવાની ઇચ્છા થઈ. બળદગાડાં જોડી કેટલાંક કુટુંબો કાશી વિશ્વનાથની યાત્રાએ નીકળ્યા હતા. ખાસ કરીને લેઉવા કુટુંબો પૈકીમાંથી જ આ લોકો હતા. તે સમયે મહેમદાબાદ થઈ એ રસ્તો જતો. રસ્તામાં રાતવાસો કરવો જ પડતો. મહેમદાબાદમાં ત્યારે મહમદશાહ નામે એક સિદ્ધ ફકીર રહેતા હતા. તેઓ સાચા ખુદાના બંદા હતા. તેમની જગ્યામાં આ બધા ગાડાંવાળાઓએ મુકામ

કરેલો. રાત્રે જમી કરીને આ ફકીરે સત્સંગ કરેલો. લોકોએ ગંગાસ્નાનની ઇચ્છા પ્રદર્શિત કરેલી એટલે ફકીર પોતાનો ચીપિયો જમીન પર ઠોકીને જમીનમાંથી ફુવારો ઉડાડેલો. ફકીરે કહેલું કે આ પણ ગંગાનદી જ છે. કરી લો સ્નાન અને ઘરે જઈ આરામ કરો. શા માટે કષ્ઠ વેઠીને કાશી જઈ રહ્યા છો ?' જે કુટુંબો પ્રભાવિત થયેલા તે કુટુંબોએ ખરેખર સ્નાન કરેલું અને કાશીની યાત્રા કરવાનું મોકુફ રાખેલું. પણ જેઓ પ્રભાવિત નહોતા થયા તેઓ યાત્રાએ ગયેલા.

જે કુટુંબો પ્રભાવિત થયેલા તે પાછા વળેલા ને તેમણે ફકીરની આજ્ઞા પ્રમાણે કેટલાક નિયમોનું પાલન કરવા માંડેલું, તેથી તે જૂથ અલગ પડી ગયેલું તેને મતિયા પાટીદાર તરીકે આજે આપણે ઓળખીએ છીએ. કેટલાક મુસલમાન સંસ્કારો તે લોકોમાં ભારત આઝાદ થયું ત્યાં સુધી જણાતા હતા. બીજા જૂથોને આ સંસ્કાર પસંદ પડતા નહોતા. તેથી તે જમાનામાં તે સર્વે કુટુંબોને નાત બહાર મૂકવામાં આવેલા. આ રીતે તે જૂથને અલગ પડવાની પણ ફરજ પડેલી.

એ જ રીતે ભક્ત પાટીદારોનું એક જૂથ લેઉવામાંથી છૂટું પડેલું. સદ્‌ગુરુ કબીરસાહેબ ગુજરાતમાં આવેલા ત્યારે ચરોતરમાં રહેનારા કેટલાક કુટુંબો પર કબીરસાહેબનો પ્રભાવ પડેલો. તે સમયે બ્રાહ્મણો વિધિઓ કરાવતા. તે બ્રાહ્મણોને લાગ્યું કે આ રીતે આ બધા મુસલમાન થઈ જશે તો આપણો ધંધો અટકી જશે તેથી તેઓએ વિરોધ કરાવડાવેલો. એટલે જે લોકો કબીરસાહેબથી પ્રભાવિત થયેલા તે લોકોને પણ નાતબહાર ને ગામબહાર મૂકેલા તેથી ભક્ત પાટીદારોનું જૂથ પણ અલગ પડેલું. આ જૂથ ચરોતરમાં ખૂબ જ નાનું હતું. તેથી તે લોકોએ વડોદરામાં ઉદ્‌ભવેલા મોટા જૂથ સાથે ભળી જઈ સંતોષ અનુભવેલો.

ધીમે ધીમે ચરોતરની જગ્યા પણ નાની પડવા લાગી એટલે કેટલાંક જૂથો સૌરાષ્ટ્ર તરફ સ્થળાંતર કરી ગયેલા. કેટલાંક જૂથો દક્ષિણ તરફ ધીમે ધીમે ખસતા ખસતા પહોંચી ગયા હતા. પરંતુ એક જૂથ એવું રહ્યું કે તેણે સમયના પરિવર્તન સાથે સ્થળાંતર કદી કર્યું જ નહીં. ચરોતર છોડ્યું જ નહીં. તે જૂથ ચરોતરિયા પાટીદાર તરીકે ઓળખાયું. આ રીતે સમસ્ત પાટીદાર સમાજ રજપૂતમાંથી બનેલો છે અને રજપૂતના લોહીમાં જે બે મુખ્ય ગુણો છે તે આ પાટીદાર સમાજમાં જેવા ને તેવા સચવાઈ રહેલા છે તે હકીકત તરફ સંશોધકો આપણું ધ્યાન દોરે છે. તે ગુણો છે સાહસિકતા ને જોમ જુસ્સાના. આ બે ગુણોને કારણે જ સમસ્ત પાટીદાર સમાજ આખી દુનિયામાં પ્રસરી જવા પામ્યો છે. પંજાબથી ચાલુ થયેલું સ્થળાંતર હજુ આજે પણ ચાલું જ રહ્યું છે. તેનામાં રહેલો જોમ જુસ્સો તેના સંઘ બળમાં વધારો કરનારો છે અને દુનિયાના બજારમાં તેને અલાયદું સ્થાન

અપાવનારો છે. તેની સાહસિકતા દુનિયામાં સર્વત્ર જોવા મળે છે, તેથી આર્થિક રીતે પણ તે સમાજ સદ્ધરતા ટકાવી રહ્યો છે.

પાટીદાર સમાજના આટલાં જૂથો આજે જુદાં જુદાં નામે ઓળખાય છે–

| | |
|---|---|
| ૧. ચરોતરિયા પાટીદાર | ૨. લેઉવા પાટીદાર |
| ૩. કડવા પાટીદાર | ૪. ભક્ત પાટીદાર |
| ૫. મતિયા પાટીદાર | ૬. આંજણા પાટીદાર |

આજે તો વિજ્ઞાનનો યુગ છે. આપણે સહુ પણ વિદેશમાં આવીને વસ્યા છીએ. આપણા સમાજમાં ભણતરનું પ્રમાણ પણ સારા પ્રમાણમાં વધ્યું છે. બાળકોને દુનિયાના વિશાળ મંચ પર પોતાનો દાવ રમવાનો મોકો મળશે ત્યારે આપણે પણ વિશાળ ને ઉદાર હૃદયના થવું પડશે. સાહસિકતા અને આપણામાં રહેલો જોમ જુસ્સો આપણી મર્યાદા ન બની જાય તેની તકેદારી પણ રાખવી પડશે. તે ગુણો આપણી શોભા વધારનારા થાય તેવું આપણે વિચારવું પડશે. આપણા ભણેલાંગણેલાં બાળકોને આપણું જૂથ નાનું ને સાંકડું લાગી રહ્યું છે. તેથી તેઓને લગ્નજીવનમાં પસંદગી કરવાનો મોટો અવકાશ મળે તે માટે સમસ્ત પાટીદાર સમાજે એક થવા પ્રયત્ન કરવા જોઈએ એવી આવશ્યકતા ઊભી થઈ છે. તેવું બનશે તો બાળકો પણ સુખી થશે. નહીં તો આપણને ન ગમે તેવા લોકો સાથે તેઓ ભાગી જઈ આપણી નિરાશામાં વધારો કરશે, જે આપણને શોભાસ્પદ લાગશે નહીં. ખરેખર આપણે એક હતા ને ફરી એક થવાનો શા માટે સંકોચ અનુભવીએ ?

## કબીરસાહેબ વેદ વિરોધી નહોતા

દરેક પંથવાળા પોતાના ગુરુ બીજા બધા કરતા વિશેષ ને મહાન છે એવું સાબિત કરવા સતત પ્રયત્નશીલ હોય છે. કેટલાક કબીરપંથીઓ તરફથી કબીરસાહેબને વેદ વિરોધી ઠરાવવાનો સતત પ્રયત્ન કરવામાં આવે છે ત્યારે આશ્ચર્ય થાય છે. તે દ્વારા કબીરસાહેબને સૌથી અનોખા ઠેરવી મિથ્યા ગૌરવમાં રાચે છે. તેઓ ખાસ કરીને નીચેની પંક્તિઓ ટાંકતા હોય છે :

*જાકો મુનિવર તપ કરૈ, વેદ થકે ગુણ ગાય*
*સોઈ દેઉં સિખાપના, કહિ ન કોઈ પતિઆય*

અર્થાત્ જે પરમાત્માને માટે મુનિવરો આકરી તપશ્ચર્યા કરે છે અને જેનાં ગુણ ગાતાં વેદો થાકી જાય છે તેને હું સીધી રીતે સમજાવી દઉં છું, પણ તેમાં

લોકોને વિશ્વાસ જ ક્યાં છે ?

*એક શબ્દ ગુરુદેવકા તાકા અનંત વિચાર*
*થાકે મુનિવર પંડિતા, વેદ ન પાયા પાર !*

અર્થાત્ જે પરમ તત્ત્વને કબીરસાહેબે એક જ શબ્દમાં સમજાવી દીધું તેના પર મોટા મોટા મુનિઓ ને પંડિતો અનંત પ્રકારે વિચાર કરી કરી થાકી જાય છે અને વેદો પણ જેનો પાર પામી શક્યા નથી !

*વેદ નકલ હૈ જો કોઈ માનૈ, જો સમજે તો ભલો જામાનૈ*

અર્થાત્ જો કોઈ વેદને સંસારની નકલ સમજે છે તે બરાબર સમજતો ન ગણાય કારણ કે વિવેકી મનુષ્યો વેદની હિતકારી વાતને બરાબર સમજે છે.

ઉપરોક્ત એકે વચન સદ્દગુરુ કબીરસાહેબને ખરેખર વેદ વિરોધી ઠેરવી શકે એમ નથી. 'યતો વાચો નિવર્તતે અપ્રાપ્ય મનસા સહ' એ વેદ વચનમાં સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે કે વૈખરી વાણી પરમ તત્ત્વનું વર્ણન કરવામાં પાછી પડે છે. તેથી નેતિ નેતિ કહીને વેદ તેના ગુણ ગાય છે. વેદ તેનો પાર ન પામે એમ કહેવાથી કબીરસાહેબ વેદ વિરોધી ઠરી શકે નહીં. વૈખરી વાણીની જે મર્યાદા છે તે એ શબ્દો દ્વારા અભિવ્યક્તિ થઈ છે. વેદ માટેની વિરોધની કોઈ લાગણી એમાં વ્યક્ત થતી જ નથી. સંસારમાં સારીનરસી બધી ચીજ હોય છે, તેમ વેદમાં પણ સારીનરસી બધી વાતો છે, તેથી તેને એટલે કે વેદને સંસારની નકલ માનનાર વેદને બરાબર સમજતો નથી એમ કહેવાય. જે વિવેકી પુરુષો છે તે વેદની ભલી વાતોને યોગ્ય રીતે સમજે છે તેથી તેવા પુરુષો વેદને સંસારની નકલ કહેતા નથી. તેથી માત્ર વિવેકનો જ પ્રશ્ન અગત્યનો છે. ઉતાવળ કરીને ખોટું અર્થઘટન કરવાથી કબીરસાહેબને ભારોભાર અન્યાય કરવામાં આવી રહ્યો છે તે બરાબર ન કહેવાય. જો કબીરસાહેબને વેદ વિરોધી માની લઈએ તો કબીરવાણીના ઘણા વચનો વેદમતને ટેકો આપનારા છે તે સૌ ખોટાં ઠરે તેનું શું ? દા.ત.

*ચારિ વેદ કૈંડા કિયો, નિરંકાર કિયો રાછ*
*બિનૈ કબીરા ચૂનરી, નન્હી બાંધલ બાછ.*

આ પંક્તિઓમાં સદ્દગુરુ કબીરસાહેબે નિર્ગુણ નિરાકારની ભક્તિરૂપી ચૂંદડી તૈયાર કરવા માટે વેદનો આધાર સ્વીકાર્યો છે. કૈંડા એટલે કપડું તંગ રહે તે માટે બંને તરફ બાંધવામાં આવતી દાંડી. રાછ એટલે દોરી. બાછ એટલે વાંસનો કટકો.

જો ચૂંદડી ઘટ્ટ રીતે તૈયાર કરવી હોય તો બંને તરફ દાંડીથી તેને વળગાડવામાં આવે છે. નિરાકારની દોરીથી તેને બાંધી દઈ જેમ જેમ જરૂર જણાય તેમ તેમ તેને ખેંચવામાં આવે છે. જેથી વણાટ ઘટ્ટ થઈ શકે. કબીરસાહેબે વણકરના ધંધાની પરિભાષા વાપરીને વેદમતનો વિરોધ નથી કર્યો, પણ વેદમતની પુષ્ટિ કરી છે.

*સાહેબ સોં સબ હોત હૈ બંદે તે કછુ નાહિ*
*રાઈ તે પરબત કરે પરબત રાઈ માંહિ*

સૃષ્ટિ, સ્થિતિ ને પ્રલય એક પરાત્પર બ્રહ્મને કારણે જ થાય છે. એ વેદમત અહીં કાવ્યમય રીતે વ્યક્ત થયો છે તેની કોણ ના કહી શકશે ? એક પરમાત્મા જ સર્વ સમર્થ છે. માનવ તેની આગળ સાવ અલ્પ એક બાળક સમાન છે. પરમાત્માની અનંત શક્તિ ધારે તે કરી શકે. જળની જગ્યાએ સ્થળ પણ કરી શકે અને સ્થળની જગ્યાએ જળ કરી શકે. એક કણમાંથી મોટો પર્વત પણ કરી દે અને એક મોટા પર્વતને એક કણમાં ફેરવી શકે. તેની આગળ શું અશક્ય છે ?

*સબ ગવૈ અનુમાનસે અપને, તવ ગતિ લિખિ ન જાવે*
*કહે કબીર કિરપા કરી જનપર, જ્યોં હૈં ત્યોં સમજાવે.*

અર્થાત્ હે પ્રભુ ! જગતના તમામ ધર્મો અને તેના અનુયાયીઓ પોત પોતાની મતિ અનુસાર અનુમાન કરીને આપનું વર્ણન કરે છે. પરંતુ ખરેખર તો તમે અવર્ણનીય છો ! તમારી પાસે મન કે વાણી તો પહોંચી શકતા જ નથી. તેથી હે પ્રભુ ! તમે અમારા પર કૃપા કરો અને તમે જેવા હોય તેવા અમારી સમક્ષ પ્રગટ થઈ અમને તમારાં દર્શન કરાવી દો. સદ્‌ગુરુ કબીરસાહેબની આ વિનમ્ર માંગણી પણ વેદમતને જ પુષ્ટિ આપનારી છે—

*નાયમાત્મા પ્રવચનેન લભ્યઃ ન મેધયા ન બહુના શ્રુતેન ।*
*યમેવૈષ વૃણુતે તેન લભ્યઃ તસ્યૈષાહત્મા વિવૃણુતે તનુસ્વામ ॥*

અર્થાત્ આત્માની પ્રાપ્તિ કેવળ શાસ્ત્રોના અભ્યાસથી, તીવ્ર મેધા બુદ્ધિ શક્તિથી કે વિશેષ પાંડિત્યથી થતી નથી. એ તો પરમાત્મા જેના પર પોતાની પસંદગી ઉતારે છે તેના પર તેની પૂરેપૂરી કૃપા ઊતરે છે અને તેને જ પરમાત્માનાં યથાર્થ દર્શન થઈ જાય છે. કબીરસાહેબ પણ તે જ સંદર્ભમાં ઉપરોક્ત પંક્તિ દ્વારા પરમાત્માની કૃપા લોકો પર વરસે તે માટે વિનમ્ર પ્રાર્થના કરે છે. એ પ્રાર્થના પરમાત્માનાં દર્શન કરવા માટે જ તો છે !

*લાલી મેરે લાલકી જિત દેખોં તિત લાલ*
*લાલી દેખનમેં ગઈ મૈં ભી હો ગઈ લાલ !*

અહીં લાલ એટલે પોતાનો વ્હાલો પ્રિયતમ. વ્હાલો પ્રિયતમ પણ પરમાત્મા સિવાય બીજું કોણ હોય શકે ? પ્રિયતમનું અપ્રિતમ સૌંદર્ય જોવા જતાં જીવ – પ્રિયતમ – અપાર સૌંદર્યમાં એકરૂપ થઈ જાય છે તે અદ્વૈતનો અનુભવ ઉપરોક્ત પંક્તિમાં સદ્‌ગુરુ કબીરસાહેબે બહુ સરસ ને સચોટ રીતે વ્યક્ત કર્યો છે. શું વેદમતથી તે વિરોધી ગણાય ખરો ? ભારતની સમજુ કોઈ પણ વ્યક્તિ એકી અવાજે કહેશે કે ના ભાઈ, આ તો વેદમતને સ્પષ્ટ ટેકો જ આપે છે. વિરોધની ગંધ આવતી નથી ! પરમાત્માને પ્રિયતમ માનીને પ્રીતિ કરવી જોઈએ એ વિચારસરણી શુક્લ યજુર્વેદમાં વ્યક્ત થઈ છે –

*પ્રિયાણાં ત્વં પ્રિયપતિં હવામહે !*
(શુ. ય. ૨૩/૧૯)

પ્રેમ લક્ષણા ભક્તિનું મૂળ વેદમાં છે જ. ઋગ્વેદમાં વળી થોડી જુદી જુદી રીતે તે વ્યક્ત થયું છે :

ઓહ્મ ગાવ ઇવ ગ્રામમ્ યુયુધિરિવાશ્વાન્
વાશ્રેવ વત્સં સુમના દુહાના
પતિરિવ જાયાં અભિનોન્યે તું ધર્તા
*દિવિ સવિતા વિશ્વાનર: ।*
(ઋ.૧૦/૧૪૯/૪)

એનું ગુજરાતી કવિતામાં આ રીતે ભાષાંતર થઈ શકે–

*ગાય જાયે જેમ કોઢે દોડી વત્સની પાસ,*
*યુદ્ધ પત્યા પછી ઘરભણી શૂરવીર જાયે ખાસ !*
*પત્નીને મળવા પતિ વિલંબ વિના જેમ જાય,*
*સુખના સાગર સમા પ્રભુ ભક્ત સંગ જોડાય !*

અર્થાત્ કોઢમાં બાંધેલ વાછરડા પાસે ગાય જેમ દોડતી જાય, યુદ્ધના અંતે શૂરવીર જેમ ઘર તરફ ખૂબ ઉતાવળે જાય, બહાર ગયેલો પતિ જેમ પત્નીને મળવા ખૂબ અધીરો થઈ જાય તેમ પ્રેમભક્તિ કરતા પાસે જવા સુખના સાગર જેવા પ્રભુ

ખૂબ ઉતાવળા થઈ જાય છે ! વેદની આ પંક્તિઓ કબીરસાહેબમાં કેટલી સહજ રીતે વ્યક્ત થાય છે : 'હરિ મોર પીવ મૈં રામકી બહુરિયાં' અર્થાત્ પ્રભુ મારા પિયુજી છે ને હું પ્રભુની પ્રિયા છું. એથી પણ સરસ અભિવ્યક્તિ આ પંક્તિમાં થઈ છે :

*જલ ઉપજી જલહી સોં નેહા રટત પિયાસ,*
*મૈં ઠાડિબિરહિન મગ જોઉં પ્રિયતમ તુમરિ આસ.*

અર્થાત્ પાણીમાં જન્મીને પાણીથી પ્રેમ હોવા છતાં હે પ્રીતમ ! હું તરસે મરતી પાણી માટે પોકાર કરી રહી છું. ઊભી ઊભી હું વિજોગણ તમારી વાટ જોયા કરું છું કેમ કે હે નાથ ! મને કેવળ તમારા જ મિલનની ઝંખના છે. એવી તો અનેક પંક્તિઓ છે, જે કબીરસાહેબ વેદમતને જ ટેકો આપે છે એવું પુરવાર કરી શકે.

ભગવાનને પતિ-પ્રિયતમને બદલે માતા-પિતાના રૂપે પણ ભક્તથી ભજી શકાય એવો વેદમત છે : ત્વં ત્રાતા તરણે। ચેત્યો ભૂ: પિતા માતા સદ્મિન્માનુષાણામ્। (ઋગ્વેદ ૬/૧/૫) અર્થાત હે તારણહાર ભગવાન, ત્રણે તાપથી તમે જ સાચું રક્ષણ કરો છો તેથી તમે મનુષ્યમાત્રનાં માતા-પિતા છો ! સદગુરુ કબીર સાહેબ પણ એ જ ભાવથી વેદમતની પુષ્ટિ કરતા હોય તેમ ગાય છે–

*નિરગુન હૈ સો પિતા હમારો, સિરગુન હૈ મહતારી*
*કિસકો વંદુ, કિસકો નિંદુ, દોનો પલડા ભારી.*

અર્થાત્ પરમાત્માનું નિર્ગુણ સ્વરૂપ અમારા પિતા સમાન છે અને સગુણ સ્વરૂપ અમારી માતા સમાન છે. અમે બંને સ્વરૂપોને વંદન કરીએ છીએ. અમે એકની નિંદા કરી શકીએ નહીં. બંને વિના અમારું અસ્તિત્વ શક્ય બનતું જ નથી. કબીર સાહેબના આવા શાસ્ત્ર સંમત વિધાયક વિચારોને વેદ વિરોધી કેવી રીતે ઠેરવી શકાય ? આ સૃષ્ટિનો સર્જક ઈશ્વર, પરાત્પર બ્રહ્મ, પરમાત્મા, કબીરસાહેબ કહે છે કે બીજે ક્યાં નહિ પણ પ્રત્યેકના હૈયે છુપાયેલો છે ત્યારે આપણને તરત શ્રીમદ્ ભાગવદ ગીતાના અઢારમાં અધ્યાયનો શ્લોક યાદ આવે છે–

*ઈશ્વર: સર્વભૂતાનામ્ હદ્દેશે અર્જુન તિષ્ઠતિ ।*
*ભ્રામયન સર્વભૂતાનિ યંત્રારૂઠાનિ માયયા ॥*

અર્થાત્ સરળગીતામાં સદ્‌ગુરુ યોગેશ્વરજીએ તેનું આ પ્રમાણે ગુજરાતી ભાષાંતર કર્યું છે–

*ઈશ્વર સૌના હૃદયમાં અર્જુન વાસ કરે*
*તેના બળથી કર્મ સૌ આ સંસાર કરે.*

એવા જ ભાવથી કબીરસાહેબ પણ કહે છે–

*રિદય ઝરૂખે બૈઠકે સબકા મુજરા લેત*
*જૈસી જિસકી ચાકરી તૈસા તિસકો દેત*

કબીરવાણી એક દર્શનશાસ્ત્રીની માફક નિજી અનુભવના આધારે સનાતન સત્યની સરસ રીતે માંડણી કરે છે અને સાધકને સદૃષ્ટાંત તેની સમજણ આપી ભ્રામક ખ્યાલોનું જોરદાર રીતે નિરસન કરે છે. કબીરવાણીના અભ્યાસીને કબીરસાહેબ શાસ્ત્રવાણીની અવગણના કરતા કદી જણાતા નથી બલકે કોઈક વાર શાસ્ત્રવાણીમાં રહેલી દુર્બોધતાને સરળ પણ બનાવી દેતા હોય છે. તેથી કબીરસાહેબે કહ્યું છે :

*બેદ કિતાબ કીન કિન્હ જૂઠા*
*જૂઠા જો ન વિચારૈ*

(ક.વ.પૃ.૩૪૪)

અર્થાત્ વેદ અને કુરાનને કોણે જૂઠા કહ્યા ? જૂઠા તો તે છે જે ઈશ્વરનો બરાબર વિચાર નથી કરતા. વિવેકી પુરુષો જીવનું હિત શેમાં રહેલું છે તે બરાબર સમજતા હોય છે. તે લોકોના મનમાં કોઈ ગ્રંથિ નથી હોતી. ખરેખર તો મનની ગ્રંથિઓનું ભેદન થાય ત્યારે જ તો વિવેક જ્ઞાન જાગતું હોય છે. ગ્રંથિથી પીડાતા લોકો સારુંનરસું શું તે બરાબર યોગ્ય સમયે પારખી શકતા નથી. તેઓ ક્યારેક સારાને નરસું ગણી લેતા હોય છે અને ક્યારેક નરસાને સારું ગણી ગોટાળો કરતા હોય છે. તેથી પંક્તિઓનો અર્થ વિવેકી પુરુષો ખૂબ જ સાવધાનીપૂર્વક કરતા હોય છે ને તેઓ અનુભવી પુરુષોના વચનોને શાસ્ત્ર સંમત ગણી તેને ટેકો આપતા હોય છે.

'ત્રૈગુણ્યા વિષયા વેદા' કે 'વેદવાદરતા:' જેવા શબ્દો શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણે વાપર્યા છે તેથી શ્રીકૃષ્ણને શું વેદ વિરોધી કહી શકાશે ? બલકે વેદના જ્ઞાનકાંડનો સાચો અર્થ કે જે વિસરાઈ ગયો હતો તેને તે દ્વારા તેઓ પ્રદર્શિત કરે

છે એમ કહેવું વધારે યોગ્ય ગણાય. વેદના ક્રિયાકાંડને જ વળગી રહેનારાને માટે તેઓ 'વેદવાદરતા:' શબ્દ પ્રયોજે છે. વેદનો વિષય માત્ર ત્રિગુણમથી સૃષ્ટિનું વર્ણન કરવાનો નથી., પણ એ ત્રણે ગુણો પર વિજય પ્રાપ્ત કરી જીવ પોતાના શરીરમાં રહેલા આત્મ દેવને કેવી રીતે જાણી શકે અને શરીરની બહાર રહેલા પરાત્પર સર્વ વ્યાપક પરમ તત્ત્વનો સાક્ષાત્કાર પણ કરી શકે તે જણાવવાનો પણ છે. અલબત્ત તે બધી ગૂઢ વાતો માર્મિક રીતે જણાવે તેથી તેનો અર્થધ્વનિ પકડવામાં બુદ્ધિ જરૂર કસવી પડે છે. સદ્ગુરુ કબીરસાહેબની રીતો પણ તેવી જ છે. માત્ર બે લીટીમાં ઘણું બધું કહી દેવાની ત્રેવડ તેમનામાં હતી તેથી તેમની ભાષા બધાંને સમજ ન પડે તે સ્વાભાવિક છે. બાકી શ્રીકૃષ્ણ ભગવાનની માફક તેઓ પણ વેદવિરોધી ન હતા એટલું સૌએ સમજી લેવાની જરૂર છે.

❑

# ગુરુ ગુન લીખો ન જાય

નટુભાઈ ગો. પટેલ
બારડોલી

વીજળી સર્વત્ર હોય છે, પણ જ્યાં સુધી સ્વીચ અને બલ્બનો સંપર્ક ન થાય ત્યાં સુધી આપણને એનો કોઈ લાભ પ્રાપ્ત થતો નથી. પરમાત્મા અત્ર તત્ર સર્વત્ર છે. તે નિરાકાર-વ્યાપક છતાં તેની સાથેના સંબંધ – પ્રેમદોર વિના આપણે તેના ગુણ લાભ, સુખ, નિર્મળ આનંદ પ્રાપ્ત કરી શકતા નથી. કબીરસાહેબ કહે છે :

*સબ ઘટ મેરી સાંઈઆ સુની સેજ ન કોઈ,*
*બલિહારી તા ઘટ કી, જા ઘટ પરગટ હોઈ.*

પરમાત્મા સૌની અંદર અપ્રગટ સ્વરૂપે બિરાજમાન છે, પરંતુ તેને આપણે બાળક બુદ્ધિને લઈ સમજી શકતા નથી. તે ગરીબ, તવંગર, કાળા-ગોરા, કોમ, નામ-જાતના કે ઊંચનીચ દેશ-વિદેશના સીમાડાથી પર છે. આ ભેદ તો આપણે ઊભા કર્યા છે. એના દરબારમાં સૌ સમાન છે. જેટલા પ્રેમભાવથી આપણે સ્મરણ ધ્યાન કરીએ છીએ એનાથી અનેક ઘણી કૃપા રહેમ દર્શાવી તે આપણને સૌ કાર્યોમાં મદદ કરે છે. પણ આ રાહ પર યાત્રા કરવા માટે પૂર્ણ રાહબર અતિ આવશ્યક છે તેના વિના કોઈ આ યાત્રા પૂર્ણ કરી શકે નહિ.

*ગુરૂ બિન કૌન બતાવે વાટ*
*બડા વિકટ યમઘાટ ...... ગુરૂ બિન.*
*ભ્રાંતિ કી પહાડી નદીયાં બીચમેં*
*ક્યોં ઊતરના યહ ઘાટ .... ગુરૂ બિન.*

પરમાત્માએ મનુષ્ય દેહ અનુગ્રહ કરી આવાગમનના ચક્રમાંથી છોડાવવા આવ્યો છે. આપણે આ દુનિયામાં આવી એ વાત જ જન્મની અસહ્ય યાતનામાં વિસરી ગયા. અને આંખે જે ભ્રાંત જગતની ચીજવસ્તુઓ જોઈએ છીએ તેને સાચી માની પરમાત્માને પ્યાર કરવાને બદલે તેની બનાવેલી ચીજવસ્તુને પ્યાર કરવા લાગી ગયા. શંકરાચાર્યે એથી જ કહ્યું હતું :

*બ્રહ્મ સત્ય જગત મિથ્યા ।*

જેમ માણસ સ્વપ્નમાં સારીય દુનિયાની ચીજ-વસ્તુ જુએ છે, પણ આંખ ખૂલતાં તે હોતી નથી એવી જ આપણી પણ સ્થિતિ છે. આપણી આંખ કોણ ખોલી શકે ? આંધળાને આંધળો શી રીતે દોરી શકે ? જેની આંખ ખૂલી છે તે જ માર્ગદર્શન આપીને સત્યનો રાહ ચીંધી શકે. તો આ દુનિયામાં એવું કોણ છે જે આપણને પ્રભુપ્રતિના માર્ગે લઈ જઈ તેને મેળવી આપી આવાગમનના ચક્રને ભેદીને આપણે જ્યાંથી આવ્યા છીએ ત્યાં પહોંચાડી શકે. તો તે શબ્દભેદી વિદ્યમાન સદ્‌ગુરૂ જ એવી એક વ્યક્તિ છે જે આપણને ધૂરધામ સુધી લઈ જઈ શકે.

ભૂતકાળમાં ગમે એવો મોટો વૈદ્યરાજ કેમ ન થઈ ગયો હોય પણ તે આપણને રોગમુક્ત ન કરી શકે. જરૂર એના ઉપાયમાંથી આપણને માર્ગદર્શન મળી શકે. જેઓએ શબ્દ અથવા નામની કમાઈ કરી નામરૂપ થયા હોય એવા શબ્દભેદી ગુરૂ જ આપણને મુક્તિ અપાવી શકે.

શબ્દના બે પ્રકાર છે. એક વર્ણનાત્મક અને બીજો ધૂનાત્મક. વર્ણનાત્મક શબ્દ તે છે જેને આપણે મુખથી બોલી શકીએ, કાનથી સાંભળી શકીએ, હાથથી લખી શકીએ, જેનો ઇતિહાસ છે. ધૂનાત્મક શબ્દ તે છે જેમાંથી સારી સૃષ્ટિનું સર્જન થયું છે.

*શબ્દે ધરતી શબ્દે આકાશ શબ્દે શબ્દે ભયો પ્રકાશ;*
*સઘલી સૃષ્ટિ શબ્દકે પીછે, ઘટઘટ શબદ આ છે.*

જ્યારે કશું ન હતું ત્યારે શબ્દ હતો. શબ્દ જ પરમાત્મા હતો અને એમાંથી જ સારી સૃષ્ટિનું સર્જન થયું. એ શબ્દમાંથી જ ઉત્પત્તિ અને પ્રલય-મહાપ્રલય સમયે એ શબ્દમાં જ સૃષ્ટિ વિસર્જિત થાય છે. એટલે જ કહેવાયું છે કે :

*ઉત્પત્તિ પરલવ શબ્દે હોવૈ ।*

આ શબ્દની કબીરસાહેબ વાત કહે છે જે સારી સૃષ્ટિમાં રામબાણ છે અને જે ઘટેઘટમાં અચરાચરમાં વ્યાપ્ત છે. જે એ શબ્દની કમાઈ કરી શબ્દમય બની જાય છે. એ જન્મમરણથી મુક્ત બની જાય છે, ને મનુષ્ય જન્મ સાર્થક કરી જાય છે. તો આ શબ્દની કમાઈની રીત કોણ બતાવી શકે ? માત્ર એક સદ્‌ગુરૂ જ એવી હસ્તી છે, જે નામ કમાઈ કરી નામરૂપ બની ગઈ હોય તે જ આપણને એ રીત બતાવી શકે ? એટલા માટે કબીરસાહેબ કહે છે :

*સબ ધરતી કાગદ કરું, લેખની સબ વનરાય ।*
*સાત સમુંદર કી મસી કરું, ગુરુ ગુન લીખા ન જાય ॥*

પરમાત્માના ગુણ અને શક્તિ અપાર અને અસીમ છે તેમ સંતસદ્‌ગુરુની શક્તિ પણ અમાપ અને અસીમ છે. કોઈ બાળક માને કહે કે હું તને બરાબર જાણું છું, ઓળખું છું, તો તે સત્યથી કેટલું વેગળું છે ? માના પ્રેમ અને હૃદયને કેવી રીતે સમજી શકે ? કે શી રીતે એનું વર્ણન કરી શકે ? એવી જ રીતે માનવ દેહમાં છુપાયેલા સતપુરુષને આપણે કેવી રીતે જાણી સમજી શકીએ ? કબીરસાહેબ એટલે જ સદ્‌ગુરુના ગુણગાનનો રસાસ્વાદ પૃથ્વી જેવડો કાગળ પર અને સારાય જંગલના વૃક્ષની કલમ અને સમુદ્રના પાણી જેટલી સહી બનાવી લખવા બેસીએ તો તે સર્વ સાહિત્ય ઊણાં ઊતરે છે.

કબીરસાહેબના કહેવાનું તાત્પર્ય એ છે કે સદ્‌ગુરુ એ પરમાત્માનું પ્રગટરૂપ છે. શબ્દ અને સદ્‌ગુરુ સુરત-આત્માને નિજધામ પહોંચાડવાનાં સાધનો છે. તેઓ બાહ્ય દેહરૂપે માનવ છે અને અંદરથી પરમાત્મા-માલિક છે. આમ સદ્‌ગુરુ માલિક અને મનુષ્ય બંને છે.

જેવી રીતે પાણીના ત્રણ સ્વરૂપો છે – બુંદ, લહર અને સમુદ્ર છે. એવી રીતે શબ્દ, સદ્‌ગુરુ-પરમાત્મા, માલિકના ત્રણ સ્વરૂપો છે. એટલા માટે સદ્‌ગુરુની શોધ આ દુનિયામાં આવી કરવી જોઈએ. એ માટે જીવન સમર્પણ કરવું પડે તો તે પણ ઓછું છે તે સમજાવતા કબીરસાહેબ કહે છે :

*શર કટાયે ગુરુ મિલે તો ભી સસ્તા સોદા જાણ*

આ જીવન ન્યૌછાવર કરતાં પણ જો આપણને પૂર્ણ સંત સદ્‌ગુરુ શબ્દભેદી જો જીવંત મળી જાય અને આપણા રાહબર બને તો આ વેપારમાં આપણને જ ફાયદો-નફો છે.

સંત તુલસીદાસજી પણ ગુરુનું મહત્ત્વ સમજાવતા કહે છે :

*ગુરુ ગોવિંદ દોનો ખડે, કિસકો લાગું પાય;*
*બલિહારી ગુરુ દેવ કી જિન ગોવિંદ દીયો બતાય.*

ગુરુ અને પરમાત્મા બંને સામે આવે તો એમનું અભિવાદન-સત્કાર કરવામાં મનુષ્યની મતિ મૂંઝાય છે. શું કરું ? પરમાત્માને પહેલાં વંદન કરું કે ગુરુને ? તુલસીદાસજી સમસ્યાના ઉકેલ માટે પોતાનો મત દર્શાવતા કહે છે કે ભાઈ તું

પહેલા ગુરુને પાયે પડ કેમ કે તેઓએ જ તને પરમાત્માના દરબાર સુધી પહોંચાડ્યા છે.

આમ કબીરસાહેબને અનેક સંતમહાત્માઓએ પોતાની રચના દ્વારા 'ગુરુ ગુન લીખા ન જાય'ને અનુમોદન આપવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે.

આપણા અમૂલ્ય વારસારૂપ શ્રીમદ્ભાગવત ગીતાના અધ્યાય-૪ શ્લોક ૩૪માં પણ શ્રીકૃષ્ણ સ્વમુખે જ્ઞાની ગુરુની સેવા કરવાની વાત કરે છે.

*તદ્વિધ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નન્ન સેવયા ।*
*ઉપદેશ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનઃ તત્ત્વદર્શિનઃ ॥*

તું એવા જ્ઞાનીને દંડવત્ પ્રણામ, સેવા અને પ્રશ્નો પૂછીને જાણ. તત્ત્વજ્ઞાની તને એ જ્ઞાનનો ઉપદેશ કરશે. આમ પરમતત્ત્વને પામવા અને આત્માને પરમાત્મા સાથે મેળવવા માટે સદ્ગુરુ શરણ સિવાય બીજો કોઈ ઉત્તમ માર્ગ નથી. ગુરુ સેવા સમર્પણ અને પ્રેમ વિના આપણને કોઈ લબ્ધિ આ માર્ગમાં પ્રાપ્ત થતી નથી.

ગુરુ સેવા તે ભક્તિ કમાઈ.

ગુરુની તન, મન, ધન અને સુરતની સેવા કરવી જોઈએ. તનની સેવાથી આપણામાં રહેલા અહંભાવનો ક્ષય થાય છે. સૌમાં સમાન ભાવ જોવાની શક્તિ ધીમેધીમે વિકસે છે. રંકરાયમાં સમભાવ જાગે છે. મનની સેવાથી સતત સ્મરણ અને ગુરુના રૂપનું ધ્યાન ધરવાની આદત થાય છે, જેને પરિણામે દુનિયા પરનો મોહપ્યાર છૂટે છે ને પરમાત્માની ભક્તિમાં આપણું મન લીન થાય છે. ધનની સેવા કરવાથી આપણો એના પરથી સ્વામીત્વનો ભાવ નાશ થાય છે. કબીરસાહેબ એ દ્વારા શિષ્યના ધનની અપેક્ષા રાખતા નથી તેથી તેઓ કહી શકે છેઃ

*મર જાઉં પણ માગું નહિ અપને તન કે કાજ ।*
*પણ પર હિત કે કારણે, મોહે ન આવે લાજ ॥*

હું મૃત્યુને ખુશીથી સ્વીકારીશ પણ શિષ્યનું ધન મારા માટે લઈશ નહિ. પરંતુ જો એથી શિષ્યનું હિત થતું હોય તો તે સ્વીકારવામાં મને કોઈ લાજશરમ નથી. ધન સ્વીકૃતિ દ્વારા તેઓ તેના ધનનો સદુપયોગ-સાધુસંગતની સેવામાં વિનિયોગ કરાવે છે અને એ ધનનો દુર્વ્યય થતો અટકાવવાની વાત સમજાવે છે. એમના શિષ્ય બલ્ખબુખારાના બાદશાહ હતા છતાં એમણે તેમની પાસેથી પાઈ-પૈસો લીધો ન હતો. આખું જીવન કાંત્યું, વણ્યું અને કપડું રંગી વેચી જીવન વિતાવ્યું એ આપણ સૌને સુવિદિત છે.

સદ્‌ગુરુ કબીરસાહેબને સૌથી વ્હાલી સેવા તે મુરત શબ્દની છે તેથી તેઓ નામની કમાઈ કરી પોતાના જીવનને નિર્મળ કરવાની વાત કરે છે. જ્યારે મન નિર્મળ થાય છે ત્યારે જ તે પરમાત્માના દરબારમાં માથું ઊંચું રાખી શકે છે એટલે કબીરસાહેબ કહે છેઃ

*લૂંટ શકે તો લૂંટ લે રામનામ નીત લૂંટ ।*
*અંતકાલ પછતાઓગે જબ તન જાયેગા છૂટ ॥*

આપણા સૌના દિલમાં લોભરૂપી કૂતરો બેઠો છે અને તે ક્યારેય શાંત રહેતો નથી. એની ધનભૂખ જેટલું મળે તેટલું એને ઓછું પડે છે. એને બ્રેક મારતા કબીરસાહેબ કહે છે કે જો તારે લૂંટ ચાલવવી જ હોઈ કમાઈ કરવી જ હોય તો ધનની નહિ, પણ રામનામના કમાઈની અઢળક લૂંટ ચલાવ, જો તું એમ ન કરીશ તો જ્યારે આ દુનિયામાંથી વિદાય લેવાનો સમય આવશે ત્યારે અત્યંત પસ્તાવો અને દુઃખ થશે કે પરમાત્માએ મને મનુષ્ય દેહ પરમાત્માની ભક્તિ માટે આપ્યો અને એણે હીરા જેવો દેહ કોલસા જેવો બનાવી દીધો.

કબીર સાહેબ શા માટે રામનામ જપ-સ્મરણની વાત કરે છે ? તે સમજાવતા કહે છે : આપણા થકી અનેક મન, વચન અને કર્મથી દોષ થતા હોય છે ને સ્ફટિક જેવા નિર્મળ આત્મા પર અનેક પડળો કર્મના ચડતા હોય છે અને અનેક જન્મોથી તો તેનું દહન કરવાનો એક જ સરળ અને શ્રેષ્ઠ ઉપાય તે છે : નામ સ્મરણ. કબીરસાહેબ કહે છે :

*જબ નામ હૃદયે ધર્યો, ભયો પાપકો નાશ ।*
*જૈસે ચીંગી આગકી પડી પુરાની ઘાસ ॥*

જ્યારે નામરૂપી ચિનગારી આ દેહમાં પ્રજ્વલિત થાય છે ત્યારે આપણા જન્મોજન્મનાં કર્મો છે તે બળીને ખાખ થઈ જાય છે. તે સમજાવતા કહે છે જેમ ઘાસની ગમે તેવી મોટી ગંજી કેમ ન હોય ? પણ એમાં એક અગ્નિની ચિનગારી પડતાં તે બળીને રાખ થઈ જાય છે તેમ મનુષ્યમાં નામની કમાઈ થતાં તેનાં કર્મો બળીને ખત્મ થાય છે અને પરમાત્માને મળવાને તે કાબિલ બની શકે છે. કબીરસાહેબ કહે છેઃ

*આત્મ અંશ રામ દી.*

આત્મા એ પરમાત્માનો અંશ છે અને એ જ્યારે પરમાત્માને મળે છે ત્યારે જ તેના આવાગમનના ફેરા પૂર્ણ થાય છે.

સ્વામીજી મહારાજ કહે છે:

> ધામ અપને ચલો ભાઈ !
> પરારે દેશ ક્યોં રહના ॥
> કામ અપના કરો જાઈ ।
> પરાયે કામ નહિ ફંસના ॥

મનુષ્ય જન્મ પ્રાપ્ત કર્યા પછી મુક્તિ એ જ એનું લક્ષ્ય હોવું જોઈએ. આત્માનો દેશ તે ધૂરધામ પરમાત્માનું નિવાસસ્થાન છે. ત્યાં પહોંચવાનો હરદમ પ્રયત્ન કરવો જોઈએ. એ માર્ગ કોણ ચીંધી શકે ? એ રાહના રાહબર કોણ બની શકે ? એક સંત સદ્દગુરુ જ એ માટે સમર્થ છે અને તેથી જ કબીરસાહેબ કહે છે:

## ગુરુ ગુન લીખા ન જાય !

ગુરુ ગુનનો મહિમા અનેક સંતોએ ગાયો છે. અને સહજાબાઈ તો એટલે સુધી કહે છે:

> હરિ કિરપા જો હોય તો, નાહીં હોય નો નાહીં ।
> પૈ ગુરુ કિરપા દયા બિનુ, સકલ બુદ્ધિ બહી જાહી ॥
> રામ તજું પણ ગુરુ ન બિસરું, ગુરુ કે સમ હરિકું ન નિહારું ।
> હરિને જનમ દિયો જગમાંહી, ગુરુને આવાગમન છૂટા હી ॥

સહજો બાઈ ગુરુ ગુનનો મહિમા ગાતાં કહે છે કે પ્રભુની કૃપા થાય તો થાય પણ ગુરુ કૃપા વિના મારી બધી જ બુદ્ધિ નકામી થઈ જાય. એટલે તો કહે છે કે રામને તજું પણ ગુરુને ભૂલું નહિ. ગુરુને પરમાત્માની સમાન પણ તેઓ ગણવા તૈયાર એટલે માટે નથી કે પરમાત્માએ આપણને આ સંસારમાં મોકલ્યા છે, જ્યારે સદ્દગુરુ આ સંસારરૂપી જેલમાંથી છોડાવનાર છે.

પાંચમી પાદશાહી ગુરુ અમરદાસજી મહારાજ ગુરુ ગુનનું વર્ણન કરતાં કહે છે :

> સભિ સિઆણા છોડ કે ગુરુ કી ચરણી પાહુ ।

હે જિવાત્મા, તું તારું બધું ડહાપણ હોશિયારી છોડીને સદ્દગુરુના શરણમાં જા, તે તને પરમાત્માની પ્રાપ્તિ કરાવશે. ગુરુ ચરણ વિના પરમાત્માની પ્રાપ્તિ આકાશ કુસુમવત છે.

ગુરુનું શરણ એટલે એમના કહ્યા પ્રમાણે જીવન જીવવું. એક ગુલામને પૂછવામાં આવે કે ભાઈ તું શું ખાઈશ ? તો ગુલામ કહેશે તમે આપો તે. શું પહેરીશ ? તો કહેશે તમે આપો તે. ક્યાં રહીશ ? તો કહો ત્યાં. તું શું કરીશ ? તમે કહેશો તે. આમ સંત સદ્દગુરુનું સંપૂર્ણ શરણ સ્વીકાર્યા વિના આત્મકલ્યાણ અશક્ય છે. ગુરુ શિષ્યને હરપળે સર્વ રીતે રક્ષણ અને મદદ કરતા હોય છે, પણ શિષ્યને તેની સમજ ન હોવાને કારણે ગુરુ ગુનથી તે વંચિત રહે છે. આ વિષય આઘાત છે તેને પામવું દુષ્કર છે. એટલે જ કબીરસાહેબ કહે છે:

*ગુરુ ગુન લીખા ન જાય ।*

અસ્તુ.

❑

# સંસારમાં એવી રીતે રહેવું જેમ કમળ કીચડમાં રહે છે

**શ્રીમતી નિરૂપમા જે. ભક્ત.**
હરારે, ઝીમ્બાબવે/આફ્રિકા

**પ્રેમી સજ્જનો !**

ખરેખર સંત મહાત્માઓની જે શિક્ષા છે, જો માણસો તેનાં પર મનન કરે, વિચાર કરે, અને વિચાર કરીને ધારણ કરે તો તેઓ આ જ જીવનમાં મુક્ત થઈ શકે છે. આપણા સંત-મહાત્માઓ સમય સમય પર આવ્યા અને માનવને તેમણે જ્ઞાન માટે પ્રેરણા આપી, માનવને તેમણે જગાડ્યા. કબીરદાસજી વધારે ભણેલા નહોતા, પણ તેમની જે વાતો છે. બધી જ અનુભૂતિ છે. તે કહે છે :

*॥ ચલન ચલન સબ કોઈ કરે મોહિ સંદેશા ઓર ! ॥*
*॥ નામ ન જાને ગાંવ કા, પહુંચેગા કેહિ ઠોર ॥*

આખી દુનિયા કહે છે કે પરમાત્માને માનો, પરમાત્માની ભક્તિ કરો, તે ઈશ્વરની શક્તિને માનો, પણ કબીરસાહેબ કહે છે કે શું ઈશ્વરની શક્તિને જાણો છો ? જ્યારે કયા ગામે જવું છે તે ગામનાં નામની ખબર જ નથી. રસ્તાની જાણકારી નથી તો તમે પહોંચશો કેવી રીતે ? જેમ અમે તમારા શહેરમાં આવ્યા તો જોયું ન હોવાથી રસ્તામાં પૂછતા પૂછતા આવ્યા. જેણે રસ્તો જોયો હતો તેણે બતાવ્યો. તેવી રીતે સંત પણ કહે છે કે જાણકારને સાથે લેવો જોઈએ ત્યારે જ ખરી જગ્યાએ પહોંચી શકશો. બધાં જ કહે છે કે પરમાત્મા સર્વ વ્યાપક છે. કોઈ કહે છે કે નિરાકાર છે. કોઈ કહે છે કે સાકાર છે.

બધાની પોત પોતાના મનની કલ્પના છે, જેમ આ નાંગલ ડેમને જોવા માટે ઘણાં લોકો આવે છે. આ ડેમ ભારતમાં પ્રસિદ્ધ છે. તેના વિશે લોકો પૂછે છે. પરંતુ જ્યાં સુધી જોઈ નથી લેતા ત્યાં સુધી મનમાં કલ્પનાઓ ઊઠતી રહે છે, પણ જ્યારે પ્રત્યક્ષ જોઈ લેશે તો બધી જ કલ્પનાઓ દૂર થઈ જશે. આપણા સંતો પણ કહે છે કે આત્મજ્ઞાન પ્રાપ્ત કરવા માટે છળકપટ ન રાખવું જોઈએ.

*નિર્મળ મન જન સો મોહી પાવા ।*
*મોહિ કપટ છલ છિદ્ર ન ભાવા ॥*

ભગવાન રામ પણ કહે છે કે જે માણસો છળકપટ કરે છે તેઓ મને સારા નથી લાગતા. ભક્તિમાર્ગમાં એવું ન હોવું જોઈએ. પહેલી વાત તો ઘરમાં છળકપટ ન હોવું જોઈએ. રાજ્યમાં પણ ન હોવું જોઈએ. અને ભક્તિમાર્ગમાં તો છળકપટ ઝેર જેવું છે. જ્યારે કોઈ દરદીનો રોગ અસાધ્ય થઈ જાય છે અને એ ડૉક્ટરની વાત નથી માનતો તો રોગ વધતો જાય છે. એટલે રોગ ઘટાડવા માટે દવા પણ ખાવી પડશે. એટલે આપણા સંતોનો સારાંશ (પરેજી) ચરી એ છે કે ભક્તિ-માર્ગમાં છળકપટ ન હોવું જોઈએ. આત્મજ્ઞાનને જાણવાની કોશિશ કરવી જોઈએ. જેઓ શોધે છે તેમને જરૂર મળે છે. ભૌતિક વસ્તુઓ માટે માનવ કેટલો પ્રયત્ન કરે છે, કેટલો પુષ્કળ પરિશ્રમ કરે છે અને આત્મજ્ઞાન માટે જો આત્મજ્ઞાનની ચર્ચા કરો તો કહેશે કે અમે તો બધું જ જાણીએ છીએ. ભાઈ, તમે કેવી રીતે જાણો છો. મારી તો સમજણમાં નથી આવતું. પોતાની મેળે આ વસ્તુ નથી જાણવામાં આવતી. જુઓ, જ્યારે બાળકને નિશાળમાં મોકલીએ છીએ તો તેને દાખલ કરવો પડે છે. જો તેને ભણાવવો છે તો જરૂર સ્કૂલમાં મોકલવો પડશે. જ્યાં ભક્તિમાર્ગની ચર્ચા થાય છે ત્યાં માનવ સિક્કો મારી દે છે. કહે છે કે અમે તો સંસારી છીએ, અમે તો કામકાજથી જુદા નથી થઈ શકતા. નવરાશ જ નથી મળતી. એક સજ્જન અમને તેમના ઘરે લઈ ગયાં. ત્યાં ઘણાં ભણેલાંગણેલાં લોકો હતા. મહારાજજીએ તેમને સત્સંગ સંભળાવ્યો તો તે કહેવા લાગ્યા અમે તો સંસારી છીએ. જે કાંઈ થાય તે કરીએ છીએ. મેં કહ્યું તમે ઘણી સારી વાત કરી. શું તમે ગૃહસ્થીઓ, સંસારીઓ જ્યારે મોત આવે છે ત્યારે ભગવાનને પ્રાર્થના કરો છો કે ભગવાન ! આ અમારાં બાળકોને અનાથ ન કરો. આ પરિવાર સુખી પરિવાર છે. તેને દુઃખી ન કરો. મોતની સામે કોઈનું ચાલતું નથી. એ તો એકદમ આવીને લઈ જાય છે. એ વખતે નથી કહી શકતા કે અત્યારે મારી પાસે સમય નથી. ઘણું કામ બાકી છે એટલે જ સંતો એ કહ્યું છે કે–

*રહના નહિ દેશ વિરાના હૈ*
*યહ સંસાર કાગઝ કી પૂડિયા,*
*બૂંદ પડે ધૂલ જાના હૈ...... રહના નહિ.*

સંસાર એક ધર્મશાળા છે, જેમ લોકો ધર્મશાળામાં આવે છે અને ચાલ્યા

જાય છે. ખરેખર આપણા કેટલાયે મિત્રો ચાલ્યા ગયા અને જાય છે. પરંતુ છતાં મોહમાયા લાગેલી જ રહે છે. આપણને જવાની ચિંતા જ નથી થતી. આ જ તો માયા છે. જેવી રીતે કરોળિયો જાતે જાળું બનાવે છે અને છેવટે તેમાં જ ગૂંચવાઈને મરી જાય છે એવી જ દશા આપણી પણ છે. ત્યારે સંતો કહે છે કે પરિવારમાં સંસારમાં એવી રીતે રહો જેમ કે કાદવમાં કમળ રહે છે. કમળની હયાતી કીચડમાં જ છે, પણ તે જુદું રહે છે. તેવી જ રીતે સંસારમાં રહો પણ મનને પરમાત્મામાં જોડીને રાખો. હરિ ૐ તત્સત્

(જગતજનની શ્રી માતાજીનાં લખાણમાંથી)

❑

# જીવન ઘડતર

**છીતુભાઈ ગોરધનભાઈ ભક્ત**
અંભેટી-રૂપણ

શરૂઆત સદ્‌ગુરુ સાહેબની એક પ્રેરક સાખીથી કરું છું. જે વ્યક્તિના જીવનમાં સૌ પ્રથમ કર્તવ્યરૂપ દિશાસૂચક છે.

*સંગતિ તે સુખ ઉપજૈ, કુસંગતિ તે દુઃખ હોય,*
*કહૈં કબિર તહૅ જાઈયે, જહૅ સત સંગતિ હોય.*

ગાંધીજીએ પણ કહ્યું છે કે શિક્ષણ સંસ્કારોના બીજ સત્સંગથી ખીલે છે ને કુસંપથી કરમાય છે.

જીવન ઘડતરમાં સત્સંગ એ ખૂબ જ મહત્ત્વનો ને અનિવાર્ય કાર્યક્રમ બને છે. જીવનની પાયમાલી માટે કોઈ પ્રયત્નની જરૂર નથી. નિમિત્તો મળતા આપોઆપ પાયમાલ થઈ જવાય છે. જ્યારે જીવનના ઘડતર માટે જાગૃત અવસ્થા જાળવી, સાચા સત્સંગી બનતા રહો, પ્રચંડ પુરુષાર્થ જરૂરી બને છે.

બંગાળના પ્રસિદ્ધ સાહિત્યકાર શરદબાબુએ કહ્યું છે કે જેની પાસે જીવન છે, તેની પાસે વાણી નથી, ને જેની પાસે વાણી છે, તેની પાસે જીવન નથી. વાત સાચી છે. આજે વાક્‌ચાતુર્યમાં માણસે વિચાર, વાણી અને જીવન-આચાર વચ્ચે વિરોધાભાસ કે વિસંવાદિતાઓ પેદા કરી દીધા છે. પરિણામે ઘણા ઝઘડા કે મતમતાંતરોનું મૂળ આ જ લાગે છે. આથી સમસ્યાઓના ઉકેલ માટે સાચા શિક્ષણ અને સંસ્કારો દ્વારા વાણીને જીવન વચ્ચેના સુસંગત સંસ્કારો સંબંધો પ્રસ્થાપિત કરવા માગીએ છીએ.

આપણા બોલચાલ, વર્તનવહેવાર પ્રેરક હોવા જોઈએ. કહેવાય છે ને કે શબ્દ સળગાવી પણ શકે શણગારી પણ શકે છે. શબ્દ ભડકો પણ કરી શકે ને ભડકાને ઠારી પણ શકે છે. મહાભારતમાં દ્રૌપદી માત્ર એટલું જ બોલી કે આંધળાના તો આંધળા જ હોય ને ? આ શબ્દો ઉપર તો અહંકારી દુર્યોધને દુઃખદ એવું મહાભારતનું યુદ્ધ પેદા કર્યું, એ ઐતિહાસિક ઉદાહરણ આપણે જાણીએ છીએ. આપણા સદ્‌ગુરુ શ્રી કબીરસાહેબ પણ નીચેની સાખી દ્વારા આ જ ચેતવણી આપે છે કે :

*શબ્દ સઁભારે બોલિએ, શબ્દક હાથ ન પાઁવ,*
*એક શબ્દ કર ઔષધી, એક શબ્દ કરૂ ઘાવ*

માણસના જીવનમાં ઘડતરનું મૂલ્ય શું ? એવું રશિયા દેશના એક મહાન સંત ટૉલ્સ્ટૉયને કોઈએ પૂછ્યું, ત્યારે ટૉલ્સ્ટૉયે કહ્યું કે લોઢાનો એક નાનો ટુકડો વેચીએ તો એક રૂપિયો ઉપજે, ને તેમાંથી જ ઘોડાની નાળ બનાવીને વેચીએ તો પાંચ રૂપિયા ઉપજે, ને તે જ લોઢામાંથી ઘડિયાળની ઝીણી ઝીણી કમાન બનાવીને વેચીએ તો સેંકડો હજારો રૂપિયા ઊપજે. લોઢું તો એનું એ જ છે, ને એટલું જ છે. પરંતુ જેવું ઘડતર કરો તેવું મૂલ્ય અંકાય. માણસના જીવનનું પણ આવું જ ને ? જેટલું જીવન ઘડતર વધે એટલું જ તેનું મૂલ્ય પણ ઊંચું જાય.

આદર્શ વિદ્યાર્થી જીવનનાં લક્ષણો જોઈએ તો તે પ્રસન્ન હોય, ખેલદિલ હોય, સત્યવક્તા હોય, વિનમ્ર હોય, ઉદાર હોય, હિંમતવાન હોય, ધીરજવાન હોય, સહનશીલ હોય, ખંતીલો હોય, ન્યાયી ને આજ્ઞાંકિત હોય. આવાં લક્ષણો માનવના જીવનને ઘડવામાં ખૂબ જ ઉપયોગી ને અસરકારક સાબિત થાય છે. પરિણામ સ્વરૂપ જીવનનું મૂલ્ય પણ જરૂર ઊંચું લાવી શકાય.

જીવન ઘડતરમાં સંકલ્પો ને દૃઢમનોબળ પણ એટલા જ જરૂરી સમજવા જોઈએ. આપણે નિર્બળ નથી પરંતુ સબળ છીએ. દૃઢમનોબળ એટલે મનની મક્કમતા. આ મક્કમતા માટેનું એક દૃષ્ટાંત આપું તો એક છોકરાએ જ્યોતિષશાસ્ત્રીને પોતાની હસ્તરેખા બતાવતા પૂછ્યું કે હું કેટલું ભણી શકીશ ? ત્યારે શાસ્ત્રી કહે કે તારા હાથમાં તો અભ્યાસની રેખા જ નથી. તરત જ તે છોકરાએ બાજુમાં પડેલું દાતરડું લઈને પળવારમાં તેના જમણા હાથમાં રેખા ખેંચી દીધી ને લોહી નીકળવા માંડ્યું. પછી શાસ્ત્રીજીને હાથ બતાવીને કહે, હવે ? તો શાસ્ત્રી કહે કે હવે તું જરૂર ભણી શકીશ. આવો મક્કમ મનોબળવાળો છોકરો તે મહાન વ્યાકરણશાસ્ત્રી પાણીનિ થયો.

એટલે જેમ વડના નાના ખસખસ જેવડા બીજમાં વડલાનું વિશાળ વૃક્ષ છુપાયેલું છે, તેવી જ રીતે દરેક નાના બાળકમાં મહાન પ્રતિભા છુપાયેલી પડી છે. તેને ખીલવવાની જરૂર છે મક્કમ મનોબળ વડે, ને સાથે અપૂર્વ શ્રદ્ધા ને પુરુષાર્થ વડે તેને જગાડવાની જરૂર છે. સદ્‌ગુરુ કબીરસાહેબે કહ્યું છે કે :

*જૈસા ભોજન ખાઈએ, વૈસા હી મન હોય,*
*જૈસા પાની પીજિયે, તૈસી બાની સોય.*

વાવાઝોડામાં પણ પુરુષાર્થ કરો, મધમાખી ફૂલ ઉપર ચીટકી રહીને જેમ મધુર રસ પ્રાપ્ત કરે છે, તેમ માનવી પણ જીવનના ઝંઝાવાતી સંઘર્ષોમાં ચીટકી રહીને સતત પુરુષાર્થ કરે તો જીવનનો સાચો મધુર રસ જરૂર પ્રાપ્ત કરી શકે.

માનવી ઘણી વાર અપશુકન થયાની માન્યતામાં પુરુષાર્થહીન બને છે. નિરાશ કે હતાશ થાય છે. પરંતુ સમજણથી વિચારીએ તો આપણને અપશુકનો નડતા નથી, પરંતુ આપણી અંધશ્રદ્ધા જ આપણને નડે છે ને પાછળ પાડે છે.

માનવીના જીવનમાં જો કોઈ પાયાની બાબત હોય તો તે છે અપૂર્વ શ્રદ્ધા ને સંકલ્પબળ અને તેને માટેનો પુરુષાર્થ. તે વિના જીવતરમાં ચેતના કે ચિનગારી પેદા થતા નથી. શ્રદ્ધાહિન માનવી જેવો દિશાહીન કોઈ નથી. શ્રદ્ધામાંથી જ શક્તિ જન્મે છે.

સદ્દગુરુ કબીરસાહેબની ટકોર જોઈએ તો :

*ઘાટે પાની સબ ભરૈ, અવઘટ ભરે ન હોય,*
*અવઘટ ઘાટ કબીર કા, ભરૈ સૌ નિર્મળ હોય.*
*કબીર હરિ કે નામ સે, કોટિ વિઘ્ન હટિ જાય,*
*રાઈ માત્ર બૈ સન્દરા, દેતા હાઠ જલાય.*

અસત્યનો જય રોજ પ્રત્યક્ષ જોવાં છતાં સત્યનો જ હંમેશા જય થાય છે. એ દૃઢપણે માનવું, એનું જ નામ શ્રદ્ધા.

ઝડપથી બદલાતા જતા સમય વચ્ચે માનવી તેના જીવનના ઘડતર વિષે સજાગ ન રહે તો ચારે બાજુ ફૂંકાતા પવનના વાવાઝોડામાં ક્યાંય ઘસડાય જવાના નિમિત્તો આજે મોટા જોખમરૂપે પડકારી રહ્યા છે. તેમ ઘણી વાર વિચારતા લાગે છે. તેથી જીવનનું ઘડતર અને ચણતર કરતા રહીને, છે તેથીયે વધુ સારા નાગરિક બનવાની આશા સેવીએ. એ માટે આપણા જીવતર કે અંતરમાં અપૂર્વશ્રદ્ધા કેવી તે સમજવા કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું ઉદાહરણ જોઈએ તો : 'ઉપાડશે કોણ મારું કામ અસ્ત થતાં સૂર્યે પૂછ્યું, સાંભળી જગત નિરુત્તર રહ્યું, તેવામાં માટીનું નાનું કોડિયું બોલ્યું, મારાથી બનતું હું કરી છૂટીશ, ને પ્રકાશ ફેલાવીશ.'

જીવનમાં શ્રદ્ધા, સંકલ્પો ને પુરુષાર્થ પરાયણ બનવા મહદ્ અંશે આપણા અવગુણો કે કુટેવો અંતરાય રૂપ કે બાધારૂપ જણાય છે. તેની સામે મનની કેળવણી દ્વારા જીવનનાં લક્ષ્યો સિદ્ધ કરવા અંતે સદ્દગુરુ કબીરસાહેબ કેવી પ્રોત્સાહિત પ્રેરણા આપે છે કે :

*કામ તજે ક્રોધ ન જાઈ, ક્રોધ તજે તો લોભા,*
*લોભ તજે હંકાર ન જાઈ, માન બડાઈ શોભા.*
*મન બૈરાગી માયા ત્યાગી, શબ્દમે સુરત સમાઈ,*
*કહૈ કબીર સુનો ભાઈ સાધો, યહ ગમ બિરલે પાઈ.*

❑

# હંસન પાર ઉતારહીં ગુરુ ધર્મદાસ પરિવાર

પંથ શ્રી હજુર મુદ્દુંક મણિનામ સાહેબના લેખ હિન્દી ઉપરથી
ગુજરાતી : **કમલાબેન એમ. ભક્ત**
કેનેડા

શુદ્ધ સનાતન ધર્મની પરંપરામાં મોટા થયેલા ધની ધર્મદાસસાહેબ – પોતાના પ્રથમ પરમ પૂજ્ય ગુરુદેવથી આત્મ શાન્તિ માટે સાધના દ્વારા જે આનંદ અનુભવ થયો, તે ઉપાસનાનો આધાર ખૂબ જ લાભદાયક રહ્યો. એ શાલીગ્રામની ઉપાસનાથી મનની ચંચલતા અને ચિત્તની મનોવૃત્તિઓ એકાગ્ર થવા લાગી. પરંતુ જે આત્મ તત્ત્વનો બોધ થયા બાદ શુદ્ધ ચૈતન્યનો અખંડ પ્રકાશ હૃદયમાં હોવો જોઈએ, તે પૂર્ણરૂપે ન હોવાના કારણે મનમાં અશાન્તિનો અનુભવ નિરંતર થતો રહેતો હતો. એ શાન્તિની પ્રાપ્તિ માટે તત્ત્વદર્શી મહાપુરુષની તલાશમાં ધર્મદાસ સાહેબ નિરંતર લાગેલા રહેતા.

પૂર્વ જન્મના પુણ્યના પ્રતાપથી સંજોગવશ એમની આત્મતૃપ્તિને માટે શરીરધારી નિર્ભ્રાંત મહાપુરુષ સદ્‌ગુરુ કે સ્વરૂપમેં કબીરસાહેબના અનાયાસે દર્શન થયાં. એ દર્શનથી ધર્મદાસસાહેબના જીવનમાં નવો અનુભવ પ્રાપ્ત થયો. એમણે હૃદયમાં એ નિશ્ચય કરી લીધું કે આ જ મહાપુરુષ મારા જીવનમાં દિવ્ય આત્મજ્યોતિનો અનુભવ કરાવી શકશે. ઘણા જ નમ્ર વિનયથી ધર્મદાસસાહેબ સદ્‌ગુરુ કબીરસાહેબને પોતાના પરમ પાવન ભવન બાંધોગઢ લઈ ગયા. ત્યાં પોતે ઉપાસના પદ્ધતિ અનુસાર સેવા કરવાનો પ્રારંભ કરી દીધો. આત્મતત્ત્વની અનુભૂતિ માટે બંને મહાપુરુષો વચ્ચે સતસંગ થતો રહેતો હતો. સદ્‌ગુરુના સતસંગથી ધર્મદાસસાહેબના જીવનમાં નવો વળાંક આવ્યો. એમણે સદ્‌ગુરુ પાસે શિક્ષા-દિક્ષા પ્રાપ્ત કરી અને સનાતન ધર્મની પરંપરા અનુસાર સંધ્યાવંદન કર્યા કરતા હતા. એનાથી સરલ ને જ્ઞાન ગંભીર સંધ્યાવંદન કરવા માટે સદ્‌ગુરુને પ્રાર્થના કરતા. ધર્મદાસસાહેબની સરળતા, સૌમ્યતા, લગનશીલતા જોઈને કબીરસાહેબે ધર્મદાસસાહેબને સીધીસાદી સરલ ભાષા હિન્દીમાં સંધ્યાવંદન કરવા માટે પોતાની શબ્દાવલી અનુસાર સંધ્યાપાઠને ધર્મદાસસાહેબને અર્પણ કર્યું. જેનાથી ધર્મદાસસાહેબની પરંપરામાં આવેલા સમસ્ત ભક્ત સમાજ એવં સંત સમાજ નિરંતર સંધ્યાવન્દન કરતા આવ્યા છે.

*'નિર્વિકાર નિર્ભય તૂંહી ઔર સકલ ભય માંહી, સબ તેરી સાહેબી પર સાહેબ નાહીં.'*

અહીંથી શરૂ થાય

*'સત સત કે નામ સે સત્ય સાગર ભરા' સત્યકા નામ તિહું લોક છાજા.'*

ઇત્યાદિ પ્રારંભ થાય છે. પણ એનો અર્થ ખબર ન હોવાથી બધાને શબ્દાવલિ ખૂબ કઠિન લાગે. છતાં પણ સમાજ પોતાની શ્રદ્ધાભક્તિ તથા પૂર્ણ રુચિ લગનની સાથે કરે છે. અર્થ છે : બધે ચારે તરફ સત્યનો સાગર ભરેલો છે અને સત્યનું નામ ત્રણે લોકમાં છવાયેલું છે. તે સત્યને હૃદયમાં ધારણ કરીને સન્તજન આરતી કરી પ્રેમ સમાધિમાં મગ્ન થઈ જાય છે.

*'સન્તજન આરતી કરે, પ્રેમ તારી ધરે, ઢોલ નિશાન મૃદંગ બાજા, ભક્તિ સાંચી કિયા, નામ નિશ્ચય લિયા. શૂન્ય કે શિખર પર બ્રહ્માંડ ગાજા.'*

અર્થ છે : સત્યના ધ્યાનમાં શૂન્ય શિખરમાં ઢોલ અને મૃદંગ આદિ વાજા વાગે છે. જે અનહદ નાદને સાંભળી સાધક મગ્ન થઈ જાય છે અને સત્યનો ઝંડો ત્યાં ફરકવા લાગે છે. જે સાચી ભક્તિ કરે છે અને નિશ્ચયપૂર્વક સત્યનામને ગ્રહણ કરે છે, એને શૂન્ય શિખર પર ગગન મંડળમાં અનહદ શબ્દ સંભળાય છે. આ સાધના કોઈ કોઈ ગુરુભક્તના હાથમાં લાગે છે. જે નિરંતર અભ્યાસી છે તે જ એનો લાભ લે છે.

*'સત્ય કબીર સર્વજ્ઞ સાહિબ મિલે, ભજો સત્યનામ કયા રંક રાજા.'*

તેને સર્વજ્ઞ સત્ય કબીરસાહેબનાં દર્શનનો લાભ મળે છે. રંક હોય કે રાજા આ સત્યનામની ભક્તિ તો સર્વે કોઈ કરી શકે છે. સત્યનામના સુમિરણથી જે જે સાધકને મનમાં સત્યનામના અર્થ સ્વરૂપ સદ્‌ગુરુ કબીરસાહેબના સુમિરનમાં સુરતિ લાગી જાય છે, તે જીવન મુક્તિનો આનંદ લેતાં અન્તમાં વિદેહ મુક્તિનો લાભ પ્રાપ્ત કરે છે.

*'હમ દીન દુની દરવેશા, હમ કિયા સકલ પરવેશા,*
*હમ દુવાં સલામત લેખા, હમ શબ્દ સ્વરૂપી પેખા.'*

સદ્‌ગુરુ કબીરસાહેબનું વચન છે, કે અમે કોઈ મતને માનનારા એકદેશી ફકીર નથી પણ સત્યના ઉપાસક હોવાના કારણે દુનિયાભરના સર્વભોમ

સત્યધર્મના ફકીર છીએ. એટલા માટે અમારો બધી જગ્યાએ પ્રવેશ છે. જે મને શબ્દના સ્વરૂપથી જુએ છે અને અમે આશીર્વાદથી સહીસલામત રાખીએ છીએ.

*'હમ રૂન્ડ મુન્ડમેં ફિરા, હમ ફિકર ફકીરા,*
*હમ રમે કૌન કીનાલ, હમ ચલે કૌન કી ચાલ.'*

અમે રૂન્ડ અને સારા શરીરમાં વ્યાપ્ત છીએ. અમે તે ફકીર છીએ કે જેણે સમસ્ત ફકીરને ખાઈ ગયો છું. અર્થાત્ અમારું જીવન હંમેશાં ચિન્તા રહિત રહે છે. અસંગ હોવાને કારણે અમે કોઈ માયાદિકની સાથે રમણ કરતાં નથી અને નિરાલા હોવાને કારણે કોઈની નકલ કરતાં નથી.

*'હમ સર્વાંગી સહજે રમે, હમરી વારન પાર, વારભી હમહીં પારભી હમહીં,*
*નાના દરિયા તીર, સકલ નિરંતર હમ રમે, હમ ગહરે ગંભીર.'*

અમે પૂર્ણ સ્વરૂપે સહજ ભાવથી વિચારીએ છીએ. અમારો અંત કોઈને મળતો નથી. અમે બધે વ્યાપક સ્વરૂપે અંદર બહાર છીએ. આ પંક્તિમાં સદ્ગુરુ શુદ્ધ ચૈતન્યનો બોધ કરાવતાં ધર્મદાસસાહેબને અવિનાશી તત્ત્વનો પરિચય આપતાં કહે છે, કે અમે બધામાં નિરંતર સમભાવથી રમણ કરીએ છીએ. અમે ઊંડા ને ગંભીર છીએ. કારણ નિર્વિશેષ ચૈતન્ય બધી જગ્યાએ સમાનરૂપથી વિદ્યમાન રહે છે. એ જ શુદ્ધ ચૈતન્યનો બોધ કરાવવા માટે સદ્ગુરુ કબીરસાહેબ ધર્મદાસસાહેબની યોગ્યતા જોઈને બોધ કરાવ્યો છે. અને એ પણ કહ્યું, અમે ગહેરાથી પણ ગહેરા અને ગંભીરથી પણ ગંભીર છીએ.

*'ખાલિક ખલક ખલક કે માંહિ, યોં ગુરુ કહૈં કબીર.'*

આખા સંસારમાં માલિક સમાયેલો છે. સદ્ગુરુ કબીરસાહેબ એ પરમતત્ત્વનો બોધ એક સીધીસાદી ભાષા દ્વારા ધર્મદાસસાહેબની પરંપરાવાંળા બધા આત્મ જિજ્ઞાસુઓને બોધ કરાવે છે.

*'સત્યનામ કી આરતી નિર્મલ ભયા શરીર,*
*ધર્મદાસ લોકો ગયે, ગુરુ બહિંય મિલે કબીર.'*

સત્યનામની આરતી સંધ્યાવન્દના પરમ પ્રતાપથી જન્મોજન્માન્તરનું દૂષિત હૃદય નિર્મળ થઈ ગયું. એટલા માટે ધર્મદાસસાહેબ કલ્યાણકારી સત્યની ઉપાસના

કરતાં પરમધામ સત્યલોકમાં ચાલ્યા ગયા. કારણ એમનો હાથ પકડીને લઈ જવાવાળા સદ્‌ગુરુ કબીરસાહેબ એમને મળી ગયા. જે કોઈ પણ શ્રદ્ધાળુ, મુમુક્ષુ, કલ્યાણાર્થી ભક્તને પણ સદ્‌ગુરુ કબીરસાહેબ જેવા કરુણા વરૂણાલય મળી જાય તો એની સદ્‌ગતિમાં કોઈ પ્રકારનો સંદેહ રહે નહિ.

*'ધર્મદાસ લોકે ગયે છોડી સકલ સંસાર,*
*હંસન પાર ઉતારહીં ગુરુ ધર્મદાસ પરિવાર.'*

સંસારના બધાં બંધનોને છોડી ધર્મદાસસાહેબ સત્યલોક ચાલ્યા ગયા. હવે હંસોને પાર કરવાવાળા ગુરુ ધર્મદાસજીના પરિવાર નાદ અને બિંદ વંશ છે. 'નાદ બિન્દ મિલિ પંથ ચલાઈ.'

આ પ્રમાણે નાદ અને બિન્દ એમ બે પ્રકારનો વંશ મનાય છે. એ બન્ને ધર્મદાસસાહેબનો પરિવાર છે. જો સાધકગણ ધર્મદાસસાહેબ જેવી ભક્તિ કરે અને સદ્‌ગુરુની શિક્ષા અને સત્યનામના અર્થ સ્વરૂપ સત્યપુરુષનું નિત્ય નિરંતર ધ્યાન કરે અને આચારવિચાર, રહની, ગહની તથા ત્યાગ તપથી પોતાની જીવનયાત્રાને ચલાવે તો એની સદ્‌ગતિ અવશ્ય થાય છે.

*'સત્ય સુકૃત લૌલી હૈ, જ્ઞાન ધ્યાનમેં સ્થિર,*
*અજાવન વહ પુરુષ હૈ, સો ગહી લાગોં તીર.'*

સત્ય અને પુણ્યથી પ્રેમ લગાવી અને જ્ઞાન તથા ધ્યાનમાં સ્થિર થઈ અજન્મા સત્યપુરુષને હૃદયમાં ધારણ કરે તો તે સંસાર કિનારે લાગી જાય છે. અર્થાત્ એની સદ્‌ગતિ જરૂર થાય છે.

*'સત્ય સત્યકા ભયા પ્રકાશા, જરા મરણ કી છૂટી આશ,*
*શબ્દ ન વિનસે વિનસે દેહી, કહહીં કબીર હમ શબ્દ સનેહી.'*

હૃદયમાં સત્ય સત્યનો જ પ્રકાશ હોવાથી બુઢાપાને મોતની શંકા નથી રહેતી. અર્થાત્ જેને વૃદ્ધાવસ્થાએ મોત થાય છે. એ શરીરના ઉપર આસક્તિ થતી નથી, કારણ એને સત્યનો અનુભવ હોવાથી સત્ય સ્વરૂપ ચૈતન્ય આત્મા જ જન્મ-મરણથી રહિત છે એવું નિશ્ચય થઈ જાય છે. અને મોત પ્રતિ કોઈ પણ પ્રકારનો ભય રહેતો નથી. શરીરનો નાશ થવાથી પણ સત્ય સ્વરૂપ શબ્દનો વિનાશ થતો નથી. સદ્‌ગુરુ કબીરસાહેબ કહે છે, કે અમે સત્ય શબ્દ સ્વરૂપી આત્મા ચૈતન્યના પરમ પ્રેમી છીએ.

'પાંચ તત્ત્વ તીન ગુણ પેલે રમિત રહે શબ્દસો ખેલે,
કહહીં કબીર સો હંસ હમારા, બહુરન દેખે યમ કા દ્વારા.'

કબીરસાહેબ કહે છે, જે પાંચ તત્ત્વ અને ત્રણ ગુણની જાલને તોડી નિરંતર સત્ય શબ્દમાં રમણ કરે છે, તે અમારા હંસ પાછા ચોરાસીમાં આવતાં નથી. શરીરની આશક્તિ રહી નથી, અનાશક્ત પુરુષ જ મુક્તિના અધિકારી હોય છે.

'રહુ રે કાલ પરાધિયા દૂર્બલ તૌર શરીર, સત્ સુકૃત કી નાવ હૈ,
ખેવે સત્ય કબીર, ભવ ભંજન દુ:ખ પરિહરણ,
અમ્મર કરન શરીર, આદિ યુગાદિ આપ હો,
ગુરૂ ચારો યુગ કબીર.'

રે અપરાધી કાલ તારી શક્તિ તુચ્છ છે. સત્યને ધર્મની નાવ પર બેઠેલા હંસોને તું નહીં પકડી શકે. એને તો સત્ય કબીરસાહેબ જ પાર લગાવશે. ધર્મદાસજીસાહેબ કહે છે, હે સદ્ગુરુ આપ બધાના આદિ છો. ચારો યુગોમાં ગુરૂરૂપથી વર્તમાન છો. આમ જન્મમરણથી છોડાવવાવાળા દુ:ખોથી દૂર કરવાવાળા બંદી છોડ છો. આપની દયાથી અમે અમરપદ પ્રાપ્ત કર્યું છે. આમ ધર્મદાસસાહેબને સદ્ગુરુ કબીરસાહેબે આત્મબોધ કરાવ્યું. ધર્મદાસ જે નિત્ય નિરંતર સંધ્યાવન્દન કરતા હતા તે પરંપરા આજે પણ ચાલી આવે છે.

❑

# કબીરદાસજીનો રહસ્યવાદ

—જયશ્રી એમ. ભક્ત
કપુરા

સંત કબીર પોતાની સામાન્ય પરંતુ અલંકારિક ભાષાના માધ્યમથી એવું તત્ત્વદર્શન બતાવી ગયા છે જે જીવનના વિભિન્ન પક્ષોને સ્પર્શે છે અને માર્ગદર્શન આપે છે. અધ્યાત્મ ક્ષેત્રમાં આ શૈલી બીજે ક્યાંય જોવા નથી મળતી.

*एक अचम्भा देखा रे भाई,*
*ठाडा सिंह चरावै गाई ।*
*पहले पूत पीछे भई माई,*
*चेला के गुरु लगै पाई ।।*
*जल की मछली तरुवर व्याई;*
*पकडी बिलाई मुर्गा खाई ।।*
*बैलही डारी मुनि घर लाई,*
*कुत्ता कूलै गई बिलाई ।।*

કબીરદાસ કહે છે, મેં એક આશ્ચર્ય જોયું : સિંહ ઊભો ઊભો ગાય ચરાવી રહ્યો હતો. પહેલાં પુત્ર જન્મ્યો, પછી માતાએ જન્મ લીધો. ગુરુ ચેલાના ચરણ સ્પર્શ કરી રહ્યા હતા. પાણીમાં રહેતી માછલીએ ઝાડ પર પ્રસવ કર્યો. મરઘો બિલાડીને પકડીને ખાઈ ગયો. બળદને પછાડીને મુનિ ઘેર લાવ્યા. કૂતરા સાથે બિલાડી પ્રેમ કરી રહી હતી.

સ્વભાવ-સંસ્કાર એક પ્રકારનો સિંહ છે. કુટેવ પડે તો વિનાશ વેરે છે. જો એને સાધવમાં આવે તો ગાય ચરાવવા જેવું ભોળપણ પણ બતાવે છે. પછી નુકસાનની જગ્યાએ લાભ કરે છે.

આત્મા માતા છે અને મન પુત્ર, પણ આત્મજ્ઞાન મનને સંસ્કારી બનાવ્યા પછી થાય છે. આ રીતે પુત્ર પહેલાં જન્મ્યો અને માતા પછી. આત્મજ્ઞાન ગુરુ છે અને સંસ્કારનું જ્ઞાન ચેલો. સંસારજ્ઞાન પછી આત્મજ્ઞાન થાય છે. આ રીતે ગુરુ

ચેલાના ચરણ સ્પર્શ કરે છે. બુદ્ધિ માછલી છે, તે જ્યારે બ્રહ્મલોકમાં પ્રવેશ કરે છે ત્યારે ઉપયોગી ઈંડા આપે છે. મરઘો વૈરાગ્ય છે અને બિલાડી માયા. આ રીતે મરઘો બિલાડીને ખાઈ જાય છે. બળદ આળસુ મન છે. એને સાધક ખભા પર નાખીને ઘેર લઈ આવે છે. સંસ્કાર કૂતરો છે અને તિતીક્ષા બિલાડી. સાધનાનો પ્રતાપ જુઓ, બંને દુશ્મની છોડીને મિત્રતા કરે છે.

*धरति ऊलटि आकासहि जाई ।*
*चिऊंटी कें मुख हस्ति समाई।।*
*बिन पौने जहं परवत उडै ।*
*जिव जन्तु सव विरछा वुडै ।।*
*सुखे सरवर उटै हिलोर ।*
*बिन जल चकवा करे किलोल ।।*

ધરતી ઉપર ગઈ અને આકાશ નીચે આવ્યું. કીડીના મોંમાં હાથી સમાઈ ગયો. પવન વગર જ પર્વત ઊડવા લાગ્યો. જીવજંતુ ઝાડમાં ડૂબવા લાગ્યાં. સૂકા સરોવરમાં મોજાં ઊછળવા લાગ્યાં. ચક્રવાક પાણી વગર જ કિલ્લોલ કરવા લાગ્યો.

મોહમાયાનાં કર્મ સાધનામય જીવનમાં ઊલટાઈ જાય છે. દૃશ્ય જગત અદૃશ્ય જગતમાં સમાઈ જાય છે. આ સંસાર હાથી છે. જ્યારે આત્મા જાગે છે ત્યારે એમાં આખો સંસાર વિલીન થઈ જાય છે. પર્વત જેવો દેખાતો માયામોહ વગર પ્રયત્ને, વગર પવને જ ઊડી જાય છે. જમીનમાં છેદ કરીને પતન તરફ જતો ગુણકર્મ-સ્વભાવ આત્માના આનંદરૂપી વૃક્ષમાં ડૂબી જાય છે. આ ભૌતિક જીવન નીરસ અને દુઃખ દરિદ્રથી ભરેલું છે. એ સૂકા સરોવરમાં અંતઃકરણ આનંદના હિલાળા લે છે. ચિત્તરૂપી ચક્રવાકને જ્યારે આત્મજ્ઞાનનું અમૃત મળી જાય છે ત્યારે તે કિલ્લોલ કરવા માંડે છે.

(સાભાર : 'યુગશક્તિ ગાયત્રી' માંથી)

❑

## વાવડ

**'રામ' શબ્દ પર્શિઅન ભાષાનો ખૂબ જ લોકપ્રિય અને પ્રચલિત શબ્દ છે.**

ઉર્દૂ ભાષા જેમ મુસ્લિમોની માતૃભાષા છે એમ પર્શિઅન અને અરેબિક ભાષા પણ મુસ્લિમોની જ માતૃભાષા છે અને ઉર્દૂભાષા એમાંથી જન્મેલી છે.

એ પર્શિઅન અને અરેબિક ભાષામાં 'રામ' શબ્દ ખૂબ જ પ્રચલિત છે એ જાણીને કટ્ટર કોમવાદી અને વંદેમાતરમના વિરોધી મુસ્લિમો તથા હિન્દુ વિરોધી બિનસંપ્રાદાયિક કોમવાદી હિન્દુઓને કદાચ ચક્કર આવશે !

'રામ' શબ્દ પર્શિઅન અને અરેબિક ભાષામાં અનાદિકાળથી વપરાશમાં છે એ માહિતી કોઈ હિન્દુવાદીએ નથી આપી પરંતુ જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (દિલ્હી)ના પ્રોફેસર એ. ડબલ્યુ. અઝહરે આપી છે. તેઓ 'ગાંધી નેશનલ સેન્ટર ફોર આર્ટ્સ એન્ડ કલ્ચર'માં 'ધી રામાયણ ઇન પર્શિઅન' વિષય પર પ્રવચન કરતા હતા એમાં એમણે આ માહિતી આપેલી.

પ્રો. અઝહરે કહ્યું હતું કે, 'રામ શબ્દ પર્શિઅન ભાષાની ઉત્પત્તિ જેટલા જૂના વખતથી પર્શિઅનમાં વપરાય છે. એ ભાષામાં આ શબ્દ નામ તરીકે ક્રિયાપદ તરીકે, વિશેષણ તરીકે, વગેરે ઘણા અર્થમાં વપરાય છે.'

'રામ' શબ્દ એમણે સંખ્યાબંધ કંડિકાઓ પર્શિઅન ભાષામાં કહી હતી. એમણે કહ્યું હતું કે, 'પર્શિઅન ભાષામાં રામ વફાદાર, આજ્ઞાંકિત, નફિકરો, વિવેકી, સરળ વગેરે અર્થમાં વપરાય છે અને પુરાતન ઇરાનમાં રામ મહિનાના ૨૧મા દિવસના દેવતા ગણાતા હતા.'

જૂની પર્શિઅન ભાષામાં રામ શબ્દ કરારનામા અર્થમાં વપરાતો હતો એમ જણાવીને પ્રો. અઝહરે કહ્યું હતું કે, 'પર્શિઅનમાંથી એ શબ્દ એરેબિક ભાષામાં વપરાવા લાગ્યો હતો ને અબુ નિવાસ નામના એરેબિકના કવિએ એનો બહુ ઉપયોગ કર્યો છે.'

વધુમાં પ્રો. અઝહરે કહ્યું હતું કે, 'ઇરાન, અફગાનિસ્તાન, ઉઝબેકીસ્તાન, મધ્ય એશિયાના દેશો વગેરેમાં ૪૦ કરતાં વધુ સ્થળોના નામની આગળ કે પાછળ રામ શબ્દ અથવા એનું સહેજ બદલાયેલું રૂપ આવે છે.' (આ બધા દેશો મુસ્લિમ ધર્મ દેશો છે.)

અહિંના કોમવાદી મુસ્લિમો અને હિન્દુ વિરોધી મુસ્લિમ કોમવાદી બિનસાંપ્રદાયિક હિન્દુઓ ચોંકીને બેભાન થઈ જાય એવી માહિતી પ્રો. અઝહરે આપી હતી કે, પર્શિઅન ભાષામાં સંક્ષિપ્ત અને વિસ્તૃત રૂપે કાવ્ય સ્વરૂપે અને અકાવ્ય સ્વરૂપે ૫૦ કરતાં વધુ રામાયણો અસ્તિત્વમાં છે. વધુમાં એમણે કહ્યું હતું કે, 'એરેબિક ભાષામાં ત્રણ રામાયણ લખાયેલા હસ્તપ્રત રૂપે આજે પણ સંગ્રહાયેલા પડ્યા છે.'

(સૌજન્ય : ગુજરાત સમાચાર, ડિસેમ્બર, '૯૨)

❑

# સદ્‌ગુરુ સંત કબીર અને રમુજીલાલ મહારાજ

ધીરુભાઈ પ્ર. ભક્ત
M.Sc. M.S. University
Mc Allan, TX

મનુષ્ય માત્ર પ્રકૃતિની માયામાં એટલો બધો મોહ પામ્યો છે કે જેમ ભમરો કમળની ફૂલની સુગંધમાં એટલો બધો મશગૂલ બને છે કે તેને સાંજ પડી સૂરજ આથમી જવાનો સમય થયા છતાં ફૂલની વાસ લેવાનું છોડતો નથી અને અંતે તેનું મૃત્યુ થાય છે. તેવી જ રીતે મનુષ્ય પણ વિષય વાસના, સુખ, વૈભવ ભોગવવામાં વધુ ને વધુ મેળવવાનો મોહ તથા લોભ લાગતા પોતાનો મોટા ભાગનો સમય તે પ્રાપ્તિમાં જ વ્યતિત કરે છે. સંત કબીરસાહેબની એક સુંદર સાખીમાં કહ્યું છે :

મન મરે માયા મરે મર મર જાત શરીર
આશા તૃષ્ણા ના મરે કહ ગયે દાસ કબીર

મનુષ્યને ખૂબ જ આશા તૃષ્ણા હોય છે અને તેથી તેને ગમે તેટલું મળે પણ સંતોષ થતો નથી. પોતે મૃત્યુ પામવાનો હોય છતાં પણ તેની આશા તૃષ્ણા ડુંગર જેવી હોય છે અને આ જન્મ ખોટી રીતે વેડફાઈ જાય છે.

મોક્ષ માર્ગી સદ્‌ગુરુ રમુજીલાલ મહારાજે વ્યાસ શુકસંવાદમાં એક ભજનમાં ગાયું છે કે :

માનવી જીવનમાં રાખ ઓછી આશ.... ટેક
આશા જન્મે ત્યાં વસે નિરાશા, આશામાં ઊંડા નિશ્વાસ
આશા એ મોહને બંધનનું મૂળ છે, આશા ભીડે ગળે ફાંસ
આશાના તારે બાંધેલો માનવી, સદા કરે વિશ્વમાં વાસ,
આશાનો માર્યો, તાર્યો તરેના, પરમ તજી થાય નર્ક વાસ
આશાનો કીડો ફોરે છે કાળજાં, પાપ મગ્ન રાખે ઉદાસ,
પાપ-પુણ્ય ધર્મા-ધર્મ, મિથ્યામાની સર્જે એ ઘોર વિનાસ ... માનવી
આશા ન રહે તો તૃષ્ણાને સ્થાન ક્યાં ? પામે વૈરાગ્ય વિકાસ,
અનાશક્ત ગૃહસ્થી ત્યાગી યોગી સમ, રે મોક્ષ લક્ષ્યે ઉત્સાહ...

*પરમહંસ કાં પિંજર પુરાયો ? તજી ઉડ્ડયન આકાશ.*
*વ્યાસ પરોક્ષ મોક્ષ પંથે પ્રયાણ કર, ત્યાં સુખ શાશ્વત નિવાસ.*
(વ્યાસ શુક સંવાદમાંથી)

લોખંડની બેડીઓ તોડવી શક્ય બને પરંતુ મનુષ્ય એક વખત આશારૂપી કોમળ સ્નેહના તારથી બંધાયા પછી રેશમના કોસેટાની માફક અનેક તારથી બંધાયે જ જાય છે. આ જગત શિકાર અને શિકારીથી ભરપૂર છે. જન્મ લેનારને કાળ નાશ કરે છે. કાળને મહાકાળ અને મહાકાળને નાશ કરવા કાળાતિત સમર્થ છે. આમ દરેક એકબીજાનું ભક્ષ્ય બને છે.

કબીરસાહેબે પણ ગાયું છે કે :

*'સાધો યહ મુરદેકા ગામ'*
*પીર મરે પયગમ્બર મરગૌ, મર ગૌ જિન્દા યોગી,*
*રાજા મરે ગૌ પરજા મરે ગૌ, મર ગૌ વૈદ્ય ઔર રોગી,*
*ચંદા મરિ હૈ સૂરજ મરિ હૈ, મરિ હૈ ધરનિ આકાશ,*
*ચૌદહ ભુવન કે ચૌધરિ મરિ હૈ, ઈન હું કી ક્યા આશા,*
*નવી ભી મરે ગૌ દશભી મરેગૌ, મરે ગૌ સહસ અઠાસી,*
*તૈતિસ કોટિ દેવતા મરિગૌ, મરી હાલ કી ફાંસી,*
*નામ અનામ રહત હૈ નિતહી, દુજા તત્ત્વ ન હોઈ,*
*કહ હિં કબીર સુનો ભાઈ સાધો, ભટક મરો મત કોઈ.*

કબીરસાહેબ કહે છે કે જગતમાં બધું જ નાશવંત છે. આજે નહિ તો કાલે નાશ નિશ્ચિત છે, જે તત્ત્વ નામ કે અનામથી પર છે. ક્ષર છે કે અક્ષરથી જે પર છે તેનો જ તું વિચાર કર, તેની પ્રાપ્તિ એ જ તારું ધ્યેય હોવું જોઈએ અને તે જ મોક્ષ પદ છે.

(લેખકના મેગેઝીન 'જ્યોત'માંથી સાભાર)

●●



મધ્યકાલીન ભારતીય ભક્તિ આંદોલનનું એક ઉન્નત શિખર એટલે કબીરસાહેબ. એમની વાણી સમગ્ર ભારતીય સાહિત્યને, કહો કે વિશ્વ સાહિત્યનો એક અમર વારસો છે. એમની કવિતા એટલે અનિર્વચનીય આધ્યાત્મિક અનુભૂતિની પ્રભાવક અભિવ્યક્તિ. દેશ-પરદેશના વિદ્વાનો એમની આ વાણીનાં અર્થઘટનો અને મૂલ્યાંકનો કરતા રહ્યાં છે. શ્રી ગોવિંદભાઈ ભક્તે કબીરસાહેબના સાખી શબદ અને રમૈનીમાં વિભાજિત રચનાજગતનું ભારતીય અને વિદેશના વિદ્વાનોએ તથા કબીરસાહેબના ભક્તચિંતકોએ જે રીતે મૂલ્યાંકન અને અર્થઘટન કર્યું છે, તેની કાળજીથી પસંદગી કરી આ ગ્રંથ તૈયાર કર્યો છે. માત્ર કબીરપંથીઓને જ નહિ, કબીરસાહિત્યનો આસ્વાદ કરવા ઈચ્છતા સહૃદયો માટે પણ આ ગ્રંથ મૂલ્યવાન બની રહેશે.

- ભોળાભાઈ પટેલ

(ગુજ. યુનિ.ના હિન્દી વિભાગના નિવૃત્ત અધ્યક્ષ. જાણીતા લેખક છે. ભારત તેમજ વિદેશમાં ઘણાં પુરસ્કારો એનાયત થયાં છે.)

આ પુસ્તકમાં દેશ-પરદેશના વિદ્વાન લેખકો દ્વારા લખાયેલા વિવિધ લેખોથી વાચકથી માંડી વિદ્વાન વિચારકોને કબીરસાહેબને વિવિધ દ્રષ્ટિકોણથી જોવાનો લહાવો મળે છે. છસો વર્ષ પહેલાં ધાર્મિક, સામાજિક, રાજકીય જે પરિસ્થિતી હતી અને આજના સંદર્ભે વિશ્વમાં જે ધાર્મિક અને સામાજિક ગેરસમજ છે તેના વિશ્લેષણ વિવેચનો આવકારદાયક છે. સંખ્યામાં ખૂબ જ ઓછા એવા છ લાખની સંખ્યાના કબીરપંથીઓને આ પુસ્તક ખૂબ જ દિશાસૂચક બની રહેશે.

શ્રી ગોવિંદભાઈ ભ. ભક્તે બી.એસ.સી.ની ઉપાધિ ગણિતશાસ્ત્રમાં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી ૧૯૬૦માં અને એમ.એસ.સી.ની ઉપાધિ આંકડાશાસ્ત્રમાં ગુજરાત યુનિવર્સિટીમાંથી ૧૯૬૨માં મેળવી. યુ.એસ.એ. જતા પહેલાં ૧૯૬૨થી ૧૯૬૮ સુધી અધ્યાપક તરીકે એસ.બી. ગાર્ડા અને બ.સ. બારીઆ સાયન્સ કોલેજ, નવસારીમાં સેવા આપી છે. છેલ્લા ત્રણ દાયકાથી રીઅલ એસ્ટેટ વ્યવસાયમાં સ્થાયી થઈ હાલમાં સંયુક્ત કુટુંબ સાથે નિવૃત્તિનો સમય વાંચન, લેખન, યુવાપ્રવૃત્તિ, સિનિયર સિટીઝન મંડળો, સામાજિક કે સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં વ્યસ્ત રહે છે. યુવાનો અને લોસ એંજેલસ તથા ઓરેંજ કન્ટ્રીના ઈન્ડો-અમેરિકન સમાજ સાથે પ્રવૃત્તિમગ્ન રહે છે. રામકબીર ભક્ત સમાજ યુ.એસ.એ.ના એક સ્થાપક સભ્ય અને તેના બોર્ડ ઓફ ડાયરેક્ટરના સભ્ય છે. તેમને કેલિફોર્નિયા સ્ટેટ એસેમ્બ્લી સર્ટીફીકેશન પ્રાપ્ત થયું છે. UCCA તરફથી એશિયા અમેરિકન સ્ટડી સેન્ટરનો 'પાયોનિયર રેકગ્નીશન એવોર્ડ' તેમના એશિયન અમેરિકન સમાજના વિકાસમાં તેમના અપ્રતિમ યોગદાન બદલ મળ્યો છે. તેમણે 'Patels : A Gujarati Community History in the US' નામનું પુસ્તક લખ્યું છે. તેમની વિદ્વત્તતા અને ભક્ત સમાજ/પટેલ જ્ઞાતિના ઈતિહાસ લેખનના અને અન્ય યોગદાનોના સન્માન રુપે સમાજે તેમનું બહુમાન કર્યું છે. શ્રી રામકબીર ભક્ત સમાજ ઓફ સધર્ન કેલિફોર્નિયાએ તેમને સન્માનપત્ર એનાયત કર્યું છે.